।। શત્રુંજય મંડન શ્રી આદિનાથાય નમઃ ।।

# નવકાર પ્રભાવ




**સંપાદક**

**ચીમનલાલ કલાધર**

**પ્રેરણા-માર્ગદર્શન-આશીર્વાદ**

નવકાર મંત્રના પરમ સાધક

**પૂજ્ય શ્રી જયંતભાઇ 'રાહી'**

**પ્રકાશક**

જૈન સાહિત્ય મંદિર

એ-૧૦૧, રામકૃષ્ણ એપાર્ટમેન્ટ,
છેડા રોડ, મ્હસકરવાડા,
જોશી હાઇસ્કૂલ પાસે,
ડોંબીવલી (પૂર્વ), પીન-૪૨૧ ૨૦૧.
ફોન : (૯૫૨૫૧) ૨૪૨૦૮૦૧
મો. ૯૮૧૯૬૪૬૫૩૩

**પ્રકાશન વર્ષ**

સં. ૨૦૬૪ / સન ૨૦૦૮

**મુદ્રક**

રાજુલ આર્ટસ્
(ઘાટકોપર)
ફોન : ૨૫૧૧ ૦૦૫૬, ૨૫૧૪ ૯૮૬૩

**છુટક મૂલ્ય : રૂા. ૧૦૦/-**




## નવકાર મહિમા

'રતન માહિ સારો હીરો, નીરોગી નરમાંહિ,
શીતલ માંહિ ઉસીરો, ધીરો વ્રતધરમાંહિ;
તિમ સવિ મંત્રમાં સારો, ભાખ્યો શ્રી નવકાર,
કહ્યા ન જાયે રે એહના, જેહના છે બહુ ઉપકાર...'

–ઉપાધ્યાય યશોવિજયજી

'વાંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર,
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતા જય જયકાર;
સકલમંત્ર શિર મુકુટ મણિ, સદ્ગુરુ ભાષિત સાર,
સો ભવિયા મન શુદ્ધ શું, નિત્ય જપીએ નવકાર...'

–કુશલલાભ વાચક

'દશમે અધિકારે મહામંત્ર નવકાર,
મનથી નવિ મૂકો, શિવસુખ ફલ દાતાર;
એ જપતાં જાયે દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો ચૌદ પૂરવનો સાર...'

–મહોપાધ્યાય વિનયવિજયજી

'લાખ એક જાપ જન પુણ્યે પૂરા જપે,
પદવી પામે અરિહંત કેરી;
અશોકવૃક્ષ તલે, બાર પર્ષદ મલે,
ગડગડે દુંદુભિ નાદ ભેદી...'

–કીર્તિવિમલજી

'હોય બહુ ફળ દાયક ઇહ-પરલોકે સાર,
સિદ્ધિ સઘળી એહમાં ચૌદ વિદ્યા આધાર;
બહુ ભેદે ધ્યાઓ કમલ કર્ણિકાકાર,
વળી રહસ્ય ઉપાંશુ-ભાષ્ય જાપ ત્રિણ સાર...'

–જ્ઞાનવિમલસૂરિ


શ્રુત શુભેચ્છક

**શ્રીમતી હંસાબેન રમેશભાઇ મહેતા** (નવી મુંબઇ)

# નવકાર પ્રભાવ ગ્રંથના પ્રાગટ્ય સમયે...

સંપાદકની કલમે...

**શ્રી શત્રુંજય ગિરિરાજ**ની છત્રછાયામાં આવેલ **પાલિતાણા** મારું ગામ. આ પાવન ભૂમિમાં જ મારો જન્મ. મારા માતા–પિતાનો ઉદાત્ત ધર્મ સંસ્કારનો વારસો મને મળ્યો અને આ મહાન તીર્થભૂમિમાં જ મારું શ્રેષ્ઠ કહી શકાય એવું જીવન ઘડતર થયું. મારો શૈક્ષણિક અને ધાર્મિક અભ્યાસ પણ આ પવિત્ર ભૂમિમાં થયો. પાલિતાણાથી આવીને છેલ્લા ૩૦ વર્ષથી પ્રથમ **મુંબઇમાં** અને પછી **ડોંબીવલી**માં સ્થાયી થયો છું. છતાં **જન્મભૂમિ પાલિતાણા**ને શે ભૂલાય ? જે ભૂમિના કાંકરે કાંકરે અનંત આત્માઓ સિદ્ધગતિને પામ્યા હોય, જે ભૂમિની અણુએ અણુ અતિ પવિત્રતમ હોય, જે ભૂમિની સ્પર્શના માત્રથી ગાઢ નિકાચિત કર્મો પળવારમાં નષ્ટ થતાં હોય તે તીર્થ શ્રેષ્ઠ ભૂમિ મારું વતન હોય, આ પાવન ધરાને હું જીવનના છેલ્લા શ્વાસ સુધી કેમ વિસરી શકું ભલા ? માદરે વતનનું ગૌરવ કરતાં એટલે જ કવિ **'આદિલે'** લખ્યું છે :

**'વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ :' અરે, આ ધૂળ પછી ઉમ્રભર મળે ના મળે !'**

મુંબઇમાં હું લેખન અને પત્રકારત્વ ક્ષેત્રે સતત કાર્યરત રહ્યો છું. જૈન સાહિત્યમાં અત્યંત રસ–રુચિ હોવાથી આ ક્ષેત્રમાં સારું એવું ખેડાણ મેં કર્યું છે. મુંબઇના અખબારી ક્ષેત્રમાં **'જન્મ ભૂમિ'**માં **'જૈન યુગ'** કોલમ, **'ગુજરાત સમાચાર'**માં **'જૈન જગત'** કોલમ અને **'સંદેશ'** માં **'નમો જિણાણં'** કોલમનું વર્ષો સુધી સંપાદન કરી જૈન સમાજ અને શાસનની સેવા કરવાની અમૂલ્ય તક મેં સૂપેરે બજાવી છે. **જન્મભૂમિ, ગુજરાત સમાચાર, સમકાલીન** જેવા મુંબઇના અગ્રગણ્ય દૈનિકોના સ્થાનિક સંવાદદાતા તરીકે પણ મેં સેવા બજાવી છે. મુંબઇના ધાર્મિક, સાહિત્યિક, સામાજિક કાર્યક્રમોના મારા અહેવાલો પણ આ અખબારોમાં અવારનવાર પ્રગટ થતાં રહ્યા છે. જૈન ધર્મ અને સાહિત્ય પરના મારા અનેક અભ્યાસી લેખો પણ આ અખબારોમાં અને અન્ય સામયિકોમાં પ્રગટ થતાં રહ્યા છે.

જૈન સાહિત્યમાં મને રસ લેતો કરવામાં મારા માતા–પિતાએ આપેલ ઉદાત્ત ધર્મ સંસ્કારે મહત્વનો ભાગ ભજવ્યો છે. આ ઉપરાંત **'સુઘોષા'** માસિકના સંપાદક **પૂ. સોમચંદભાઇ ડી. શાહ** (પાલિતાણા) અને **'પ્રબુદ્ધજીવન'** ના તંત્રી **પૂ. ડૉ. રમણલાલ ચી. શાહ** (મુંબઇ)ને હું કેમ ભૂલી શકું ? **પૂ. સોમચંદભાઇ**ની અને **પૂ. ડૉ. રમણભાઇ**ની તાલીમથી જ જૈન સાહિત્ય ક્ષેત્રે હું સજ્જ બની શક્યો છું. આ બંને પૂજનીય મહાનુભાવોના ઉપકારને હું જીવનપર્યંત વિસરી શકું તેમ નથી. આ બંને ઉપકારી મહાનુભાવો સાથે મારા ત્રીજા ઉપકારી છે નવકાર મંત્રના પરમ સાધક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**. તેમણે મારી સાહિત્ય પ્રવૃત્તિઓને જબરજસ્ત પ્રોત્સાહન આપ્યું છે. મારા પ્રકાશનોમાં તેમણે તન–મન–ધનથી સહયોગ આપી આ ક્ષેત્રમાં મને ટકાવી રાખ્યો છે એટલું જ નહિ મારી ધર્મ સાહિત્ય પ્રવૃત્તિઓનો વ્યાપ વધે તે માટે તેમણે સતત ચિંતા અને કાળજી રાખી છે. મને વખતોવખત ઉપયોગી માર્ગદર્શન આપી મારી જીવન નૈયાને તેમણે પૂરી સ્થિરતા બક્ષી છે. મારા પ્રત્યેનો તેમનો પ્રેમ, લાગણી અને સદ્ભાવ ક્યારેય ભૂલી શકાય તેમ નથી.

છેલ્લા એક દાયકાથી જૈન સાહિત્ય મંદિર–ડોંબીવલીના નેજા હેઠળ **નવકાર મહામંત્ર, શ્રમણ ભગવાન મહાવીર, શત્રુંજય મહાતીર્થ, શંખેશ્વર મહાતીર્થ, સમ્મેતશિખર મહાતીર્થ** જેવા દળદાર પ્રકાશનો મેં પ્રગટ કર્યા છે અને જૈન સમાજમાં આ પ્રકાશનોને ખૂબ જ સુંદર આવકાર મળ્યો છે.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદથી આ **'નવકાર પ્રભાવ ગ્રંથ'** આપ સૌના કરકમલમાં મૂકવા હું સદ્ભાગી બન્યો છું. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની પ્રેરણાથી આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં આપ સૌ નવકાર આરાધકોનો પ્રચંડ પ્રતિસાદ મળ્યો છે અને એથી આ પ્રકાશન માટેની મારી તમામ ચિંતાઓ દૂર થઇ છે અને મારું કાર્ય તદ્દન સરળ બન્યું છે. આપ સૌના આવા ઉમદા, ઉદાત્ત અને ઉષ્માભર્યા સહયોગથી જ આ વિરાટ કાર્ય હું પાર પાડી શક્યો છું. એ માટે આપ સૌનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. **'નવકાર પ્રભાવ ગ્રંથ'**ની સાહિત્ય સામગ્રીથી આપ સૌની નવકાર પ્રત્યેની શ્રદ્ધામાં સવિશેષ વૃદ્ધિ થશે તો મારો આ પ્રયાસ સાર્થક થયેલો ગણાશે. આપ સૌ વધુને વધુ નવકારનિષ્ઠ, નવકારમય બનીને આપનું શ્રેય સાધો એવી શુભકામના. છેલ્લે...

'ધન ધન શાસન જિન તણું, લળી લળી નમું નિતમેવ;
જેથી ઇહ ભવ ઉજળો, પરભવ સુખ સ્વયમેવ...'

–ચીમનલાલ કલાધર

શ્રુત શુભેચ્છક
(સ્વ.) પૂજ્ય માતુશ્રી જશવંતીબેન કરશનજી મહેતા
(કચ્છ માનકુવા–મુલુન્ડ)ના સ્મરણાર્થે ◆ હસ્તે : શ્રીમતી હંસાબેન રમેશભાઇ મહેતા (નવી મુંબઇ)



**પૂ.મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા.**

પરમ મંગળકારી દ્વાદશાંગી સાર સ્વરૂપ નવકાર મંત્રનું અહર્નિશ આરાધન કરીને આપણા મહાપુરુષોએ એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે ત્રણ લોકમાં નવકાર સારભૂત અન્ય કોઇ મંત્ર નથી, માટે તેનું પ્રતિદિન પરમ ભક્તિથી સ્મરણ કરવું જોઇએ. આ અભિપ્રાયને માન્ય રાખીને જૈન સંઘમાં શાસ્ત્રનો ઉપદેશ દેતાં, વિદ્યાભ્યાસ કરતાં-કરાવતાં, કોઇપણ પ્રકારનું ધર્માનુષ્ઠાન કરતાં તેમજ જાગવાના સમયે, ભોજન-સમયે, શયન-સમયે, નગરાદિ પ્રવેશ સમયે કે કોઇપણ પ્રકારનું સંકટ ઉપસ્થિત થયે નવકાર મંત્રનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરવામાં આવે છે. નવકાર મંત્રનું રહસ્ય પ્રકાશવા માટે આચાર્યોએ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકારૂપી વિવેચન ગ્રંથો લખ્યા છે, માહાત્મ્ય-સૂચિક કૃતિઓ નિર્માણ કરી છે તથા ચમત્કારિક સ્તોત્રો, કલામય કાવ્યો અને નાના મોટા અનેક પ્રકારના પદો ઉપરાંત રાસ અને કથાઓની પણ વિપુલ પ્રમાણમાં રચના કરી છે. વળી તેના કલ્પો અને યંત્રો પણ બનાવ્યા છે, એટલે નવકાર મંત્ર સંબંધી જેમને વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેમને માટે પુષ્કળ સામગ્રી પડેલી છે. અહીં એટલું સ્પષ્ટીકરણ કરવું ઉચિત લેખાશે કે આ સામગ્રી કાંઇ એક જ સ્થળે નથી પણ જુદાં જુદાં અનેક સ્થાનોમાં અત્રતત્ર વિખરાયેલી પડી છે અને કેટલીક બહુમૂલ્ય વસ્તુઓની બહુ શોધ કરવા છતાં પત્તો લાગતો નથી. દાખલા તરીકે જૈન સાહિત્યમાં **'નમસ્કાર-લઘુ-પંજિકા'**નો ઉલ્લેખ આવે છે અને બહુ પ્રયત્ન પછી અમે તેની એક નકલ મેળવીને જોવા પામ્યા છીએ પણ લઘુપંજિકા નામ એવું સૂચન કરે છે કે તેની એક બૃહત્-પંજિકા પણ હોવી જોઇએ. તે ક્યાં ? વળી જૈન સાહિત્યમાં **'નમસ્કારાવલિ'** ગ્રંથનું નામ આવે છે, તે હજી સુધી પ્રાપ્ત થયેલ નથી. શ્રી માનતુંગસૂરિએ 'भत्तिब्भर-अमर-पणयं' શબ્દથી શરૂ થતું એક મહાચમત્કારિક સ્તોત્ર બનાવેલું છે. તે કેટલાક સ્થળે ૩૫ ગાથાઓવાળું પ્રાપ્ત થાય છે અને કેટલાક સ્થળે ૩૩ ગાથાઓવાળું પ્રાપ્ત થાય છે પરંતુ તેનો ભાવ સમજવા માટે જે **ટીકા-સાહિત્ય** જોઇએ તે ઉપલબ્ધ થતું નથી. કેટલાક પ્રયાસ પછી ઉત્તર અને પૂર્વ પ્રદેશમાંથી તેની એક **લઘુઅવચૂરિ** પ્રાપ્ત થઇ છે અને પ્રાચીન પ્રતિઓના સંગ્રહમાંથી તેના પર રચાયેલી સંસ્કૃત ટીકાનો છેલ્લો ભાગ હાથમાં આવ્યો છે, તેમાં જણાવ્યું છે કે આ સ્તોત્ર ૩૧ ગાથાનું છે, એટલે ૩૫ ગાથાઓમાંની ૪ ગાથાઓ ક્ષેપક છે. આ ટીકા પરથી એવું સ્પષ્ટ જણાય છે કે શ્રી માનતુંગસૂરિએ **'ભક્તામર સ્તોત્ર'**ની રચના કરીને બેડીઓ તોડવાનો જે ચમત્કાર કરી બતાવ્યો તેવો જ ચમત્કાર નવકાર મહામંત્ર બોલીને પણ કરી બતાવ્યો હતો. વિક્રમના પંદરમા શતકમાં થયેલા શ્રી સિંહતિલકસૂરિ મંત્ર શાસ્ત્રમાં વિશારદ હતા. તેમણે સૂરિમંત્ર સંબંધી **'મંત્ર-રાજ રહસ્ય'** નામનો ૬૩૩ ગાથા પ્રમાણ એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ રચ્યો છે. તેની પ્રતિઓ આજે ઉપલબ્ધ છે પણ તેના પર મંત્રશાસ્ત્રના અનેક ગૂઢ રહસ્યોથી ભરપૂર **'લીલાવતી'** નામની ટીકા રચાયેલી છે, તેમાં પણ નવકાર મંત્ર સંબંધી ઘણું વિવેચન હોવાનો સંભવ છે. પરંતુ ઘણો પ્રયત્ન કરવા છતાં તેના દર્શન થયા નથી. દિગંબર સંપ્રદાયમાં પણ આ વિષયમાં તેવી જ સ્થિતિ પ્રવર્તે છે, છતાં એટલું કહી શકાય કે તેમના આચાર્યોએ મંત્રપરંપરાને જાળવી રાખવાનો ઘણો સારો પ્રયાસ કર્યો છે અને તેથી આચાર્ય સિંહનંદી જેવા નવકાર મંત્ર ઉપર એક હજાર શ્લોક પ્રમાણ સુંદર ગ્રંથની રચના કરી શક્યા છે.

નવકાર મહામંત્રના વિષય ઉપર આગમ અને આગમોત્તર જૈન સાહિત્યમાં બે હજારથી વધુ વર્ષના કાળ દરમિયાન અનેક આચાર્ય ભગવંતો, મુનિવર્યો અને વિદ્વાનોએ મંત્રો, સ્તોત્રો, પ્રશસ્તિઓ વગેરે રચીને વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, હિન્દી અને ગુજરાતી ભાષાઓમાં વૈવિધ્યપૂર્ણ અનેક રચનાઓ મળી આવે છે. જિજ્ઞાસુઓ, આરાધકો આ મહામંત્ર પ્રત્યે અપ્રતિમ શ્રદ્ધા કેળવે અને તેઓને આ મહામંત્રનું પરમ ગૂઢ, અનિર્વચનીય

અને અનુભવગમ્ય સ્વરૂપ છે તે સત્વર પ્રાપ્ત થાય એવી મંગલ કામના.

**કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય**ના સમકાલીન **આચાર્ય શ્રી જયશેખરસૂરિ** હતા. તેઓએ સતત તેર વર્ષ સુધી નવકાર ઉપર વિષયાંતર કર્યા વગર વ્યાખ્યાનો આપ્યા હતા. શાસ્ત્રોમાં તો કહ્યું છે કે સર્વકાળના અરિહંતો એક પછી એક અનુક્રમે વર્ણન કરવા લાગી જાય તો પણ નવકારના પ્રથમ પદે રહેલા અરિહંતના અનંતા ગુણોનાં એક ગુણનું પણ વર્ણન પૂરું થાય નહીં. તાત્પર્ય કે નમસ્કારનો મહિમા સર્વ વાણીથી પણ પૂરો વર્ણવાય તેમ નથી, તો પણ શાસ્ત્રોમાં જે વિશેષ ગાથાઓ વડે નવકારનો મહિમા ભાવના કરવા માટે વર્ણવ્યો છે તે અહીં સંક્ષેપમાં કહીશું. નમસ્કાર મંત્રનો મહિમા મનમાં વિસ્તરે અને દૃઢ થાય એ માટે આ રીતે ભાવના કરવી.

(૧) આ પંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરે છે અને બધા મંગલોમાં પ્રથમ મંગલ છે.

(૨) નવકારથી શત્રુ મિત્ર થાય છે, ઝેર અમૃત થાય છે, જંગલમાં મંગલ થાય છે, ચોરો ચોરી કરી શકતા નથી, જ્યોતિષની દૃષ્ટિએ ખરાબ ફળ આવતું હોય તો તે સારું થઇ જાય છે. પારકાના ખરાબ મંત્રોની આપણા પર અસર થતી નથી, પિશાચ વગેરે ખરાબ કરવાને બદલે સહાય કરતા થઇ જાય છે. સર્પો, સિંહો, વાઘ વગેરે ઉપદ્રવ કરી શકતા નથી, આપત્તિ સંપત્તિ માટે થાય છે, દુ:ખ સુખ માટે થાય છે, કેદમાંથી મુક્તિ મળે છે.

(૩) ગયા જન્મમાં પુણ્યાનુબંધી પુણ્ય જેણે ઉપાર્જન કર્યું છે અને ભાવિ જન્મમાં જેનું મહાન પુણ્યાનુબંધી સ્મરણ કરે છે, એ ભવિષ્યમાં કદી પણ નરક કે તિર્યંચગતિમાં જતો નથી. એટલું જ નહીં, પણ ઉત્તરોત્તર ચઢિયાતી સારી ગતિઓ, સુખો વગેરે પામીને અંતે મોક્ષમાં થોડાક જ ભવમાં જાય છે.

(૪) ઇંદ્ર, ચક્રવર્તી, વાસુદેવ વગેરેની સમૃદ્ધિઓ તો નવકારના મહાન પ્રભાવથી સરળતાથી મળે છે. જેના પ્રભાવથી તીર્થંકરની સમૃદ્ધિ મળે તેવા પ્રભાવ આગળ તો ઇંદ્ર આદિની સમૃદ્ધિનો કોઇ હિસાબ જ નથી.

(૫) ત્રણે ભુવનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવની દૃષ્ટિએ જે કાંઇ સારી વસ્તુ કોઇને પણ મળેલી દેખાય છે, તે બધો નવકારનો જ પ્રભાવ છે.

(૬) સર્વ આપત્તિઓથી રહિત નવકારરૂપ મહાન વાહનમાં જેઓ બેઠેલા છે તેઓ લીલાથી મોક્ષને પામે છે.

(૭) જેવી રીતે નક્ષત્રમાળામાં ચંદ્રમા શ્રેષ્ઠ છે તેવી રીતે સર્વ પુણ્ય સમુદાયમાં (પુણ્યસમુદાયની પ્રાપ્તિમાં) નવકાર શ્રેષ્ઠ છે.

(૮) સૂત્રોમાં પણ પુણ્યના નવ કારણોમાં નવકાર જ શ્રેષ્ઠ કારણ દર્શાવવામાં આવ્યું છે.

(૯) જેવી રીતે મકાનને આગ લાગતાં માણસ મહામૂલ્યવાન ઝવેરાત લઇને તરત નીકળી જાય છે એવી રીતે મરણ સમયે ચૌદ પૂર્વધરો પણ નવકાર રત્નને ચિત્તમાં રાખી પરલોકમાં ચાલ્યા જાય છે.

(૧૦) જેવી રીતે તલનો સાર તેલ છે, પુષ્પનો સાર સુગંધ છે અને દહીંનો માખણ છે એવી રીતે સર્વ આગમોનો સાર નવકાર છે. કોઇક જ ધન્ય જીવ તેની ઉપાસના કરે છે.

(૧૧) મરણ સમયે કોઇ તિર્યંચ પણ નવકાર સાંભળે તો તેની અવશ્ય સદ્‌ગતિ થાય છે, તો પછી મનુષ્યની સદ્‌ગતિ થાય એમાં આશ્ચર્ય જ શું છે ?

(૧૨) જે વખતે આપણે નવકારનું ધ્યાન, સ્મરણ વગેરે કરતા હોઇએ અથવા નવકાર સાંભળતા હોઇએ તે વખતે આ ભાવના કરવી : (અ) ખરેખર ! મારા સર્વ અંગો અમૃતથી સિંચાઇ ગયા. (બ) ખરેખર ! કોઇ મહાન પુણ્યાત્માએ નિષ્કારણ બંધુ થઇને મને નવકાર આપ્યો કે નવકાર સંભળાવ્યો. (ક) આ નવકારનું સ્મરણ, શ્રવણ વગેરે ખરેખર જ મહાન પુણ્ય છે, મહાન શ્રેય છે અને મહાન મંગલ છે.

(ડ) ખરેખર ! મને દુર્લભ વસ્તુનો લાભ થયો, બધા પ્રિયજનો મને મળ્યાં, મારા આત્મામાં તત્ત્વનો પ્રકાશ થયો, મને સારભૂત વસ્તુ મળી, મારા બધા દુ:ખો ટળી ગયા, પાપો તો દૂર જ ભાગી ગયા, હું સંસારના પારને પામ્યો. (ઇ) મેં પૂર્વે જે કાંઇ પ્રશમ વગેરે ગુણોનું સેવન કર્યું, દેવ-ગુરુની આજ્ઞા પાળી, નિયમો કર્યા, તપ તપ્યાં તે બધા આજે સફળ થયા, મારો જન્મ આજે સફળ થયો.

(૧૩) માતાના ઉદરમાં હોય ત્યારે અને જન્મ વખતે જો માતા મનમાં નવકાર ગણાતી હોય તો તે બાળક ભવિષ્યમાં મહાન પુણ્યશાળી થાય છે.

(૧૪) આપત્તિમાં નવકારનું સ્મરણ કરે તો આપત્તિ સંપત્તિરૂપ થાય અને સંપત્તિમાં નવકારનું સ્મરણ કરે તો સંપત્તિ વધે.

(૧૫) નવકારના એક અક્ષરથી સાત સાગરોપમ પ્રમાણ, એક પદથી પચાસ સાગરોપમ પ્રમાણ અને સંપૂર્ણ એક નવકારથી પાંચસો સાગરોપમ પ્રમાણ પાપો નાશ પામે છે.

(૧૬) વિધિપૂર્વક એક લાખ નવકાર ગણનાર તીર્થંકર નામકર્મ બાંધે છે. એમાં કોઇ સંદેહ નથી.

(૧૭) આઠ કરોડ, આઠ લાખ, આઠ હજાર આઠસો આઠ નવકાર ગણનાર ત્રીજે ભવે મોક્ષ પામે છે.

(૧૮) હે નવકાર ! તું જ મારા માતા, પિતા, નેતા, બંધુ, મિત્ર, ગુરુ, દેવ, પ્રાણ, સ્વર્ગ, મોક્ષ વગેરે છે, હે નવકાર ! તું શાશ્વત મંગલ છે.

(૧૯) આ લોકની સર્વ ઇષ્ટ વસ્તુઓ, પરલોકની સર્વ ઇષ્ટ વસ્તુઓ અને મોક્ષ પણ લીલાથી આપનાર હે ! નવકાર! ફક્ત તું એક જ છે !

(૨૦) મહાન પુણ્યાનુબંધી પુણ્યથી જે આ નવકાર પામ્યો, તેની નરક અને તિર્યંચ ગતિઓ અવશ્ય રોકાઇ ગઇ.

(૨૧) પંચ નમસ્કારની સાથે જેના પ્રાણ જાય, તે જો મોક્ષ ન પામે તો અવશ્ય દેવપણું પામે.

(૨૨) આ નવકારના પ્રભાવથી આ સંસારમાં મનુષ્ય કદાપિ નોકર, ચાકર, દાસ, દુ:ખી, નીચ-કુળવાળો કે અંગોમાં ખોડખાપણવાળો થતો નથી.

(૨૩) હાથની આંગળીઓના ૧૨ વેઢા ઉપર જે ૯ વાર (૧૨ x ૯ = ૧૦૮) નવકાર ગણે તેને ભૂત, પ્રેત વગેરે છળી શકતા નથી.

(૨૪) બધા મંત્રોમાં નવકાર પરમ મંત્ર છે, બધા ધ્યેયોમાં નવકાર પરમ ધ્યેય છે અને બધા તત્ત્વોમાં નવકાર પરમ પવિત્ર તત્ત્વ છે.

(૨૫) આ સંસાર સમુદ્રમાં ડુબતા જીવો માટે નવકાર જેવી કોઇ સારી નૌકા નથી.

(૨૬) જ્યાં સુધી જીવ નવકાર ન પામે, ત્યાં સુધી એના શારીરિક કે માનસિક દુ:ખોનો નાશ કેવી રીતે થાય ?

(૨૭) નવકાર દુ:ખ હરે છે, સુખ કરે છે, ભવસમુદ્રનું શોષણ કરે છે અને આલોક અને પરલોકના બધા જ સુખોનું મૂળ નવકાર છે.

(૨૮) ખાતાં, પીતાં, સૂતાં, જાગતાં, નગરપ્રવેશ વગેરેમાં ભય હોય ત્યારે, આપત્તિમાં તાત્પર્ય કે સર્વ કાર્યોમાં નવકારનું સ્મરણ કરવું જોઇએ.

(૨૯) બીજા બધા મંત્રો અશાશ્વત છે જ્યારે કેવળ એક નવકાર જ શાશ્વત છે.

(૩૦) સાપ ડસે ત્યારે તેનું ઝેર જેમ ગારુડમંત્ર તત્કાળ ઉતારે છે. તેમ પાપવિષને નવકાર મંત્ર તત્કાળ દૂર કરે છે.

(૩૧) શું આ નવકાર કામકુંભ છે ? ચિંતામણિ રત્ન છે ? કે કલ્પવૃક્ષ છે ? નહીં, નહીં, એ બધા કરતાં અધિક છે, કારણ કે કામકુંભ વગેરે તો એક ભવમાં જ સુખ આપે છે, જ્યારે નવકાર તો સ્વર્ગ અપવર્ગ (મોક્ષ) પણ આપે છે.

**કલ્યાણ થાઓ**

**સર્વ વિશ્વમાં શાંતિ પ્રગટો ! થાઓ સૌ કોનું કલ્યાણ;**
**સર્વ લોકમાં સત્ય પ્રકાશો ! દિલમાં પ્રગટો શ્રી ભગવાન !**



# શિરોમણિમંત્ર નવકાર

**વિદ્વદ્વર્ય પૂ. મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ**

માનવજીવનમાં મંત્રનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. આધ્યાત્મિક, આધિભૌતિક તથા આધિદૈવિક, એવા ત્રણ પ્રકારનાં દુ:ખો પૈકી કોઇ પણ દુ:ખથી જગતના પ્રાણીઓ હંમેશા નાના પ્રકારના દુ:ખોને અનુભવતા હોય છે. આ દુ:ખોમાંથી બચાવી લેવાની આપણી કલ્પનામાં પણ ન આવે એવી અદ્ભૂત દિવ્ય શક્તિ મંત્રાક્ષરોમાં ભરેલી હોય છે તેથી જ મંત્રયોગ ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. मननात् त्रायते यस्मात् तस्मान्मन्त्रः प्रकीर्तितः । અર્થાત્ મનન કરવાથી જે અક્ષરો આપણું રક્ષણ કરે તે અક્ષરોને મંત્ર કહેવામાં આવે છે.

આવા મંત્રાક્ષરોમાં પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર સૌથી શ્રેષ્ઠ મંત્ર છે. ભગવાન મહાવીરદેવથી માંડીને રચાયેલા આજ સુધીના વિપુલ સાહિત્યમાં નવકાર મહામંત્રનો અચિંત્ય અને અપાર મહિમા ઠામ ઠામ વર્ણવેલો છે. જૈનોના બધા વિભાગોમાં આ મંત્રનો મહિમા સૌથી શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે. આ મંત્ર જૈનોમાં ઘેર ઘેર પ્રસિદ્ધ છે. જૈનધર્મનું કંઇ પણ શાસ્ત્રીય જ્ઞાન ન ધરાવતો હોય તેવો પણ પ્રત્યેક જૈન ઓછામાં ઓછું **'નવકાર મહામંત્ર'** જેટલુ તો જ્ઞાન ધરાવતો જ હોય છે અને સુખ આદિ તમામ પ્રસંગોમાં આ મંત્રનું સ્મરણ કરતો હોય છે. આ મંત્રનું સ્મરણ પરમ લાભદાયક છે, એમ બધા જ જૈનો પૂરાપૂર્વથી માનતા આવ્યા છે અને માને છે.

નવકાર મહામંત્રની આટલી બધી ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠા શા કારણથી છે, એનો વિચાર કરતાં એમાં બે કારણો મુખ્યતયા જણાય છે. એક તો એની શબ્દયોજના જ એવી છે કે જે પરમ કલ્યાણ અને અભ્યુદયને સાધે છે. બીજું તેના અર્થરૂપે વાચ્ય જે પંચ પરમેષ્ઠિઓ છે તે જગતમાં સૌથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આત્માઓ છે. તેઓથી વધારે ઉત્તમ બીજા કોઇ આત્માઓ વિશ્વમાં છે જ નહિ.

જૈન પ્રવચનના સમગ્ર શ્રુતજ્ઞાનનો ભંડાર દ્વાદશાંગી ગણાય છે. જેમ ગૃહસ્થના ઘરમાં વિશ્વમાં સારભૂત રત્નાદિ વસ્તુઓ તિજોરીમાં ભરેલી રહે છે તેમ દ્વાદશાંગી એ ગણધર ભગવંતોની પેટી છે કે જેમાં જગતની સારભૂત તમામ વિદ્યાઓ ભરેલી છે. તેથી દ્વાદશાંગીને **'ગણિપિટક'** પણ કહેવામાં આવે છે. ચૌદ પૂર્વ એ બારમા અંગનો જ એક પેટા વિભાગ છે. આ ચૌદ પૂર્વમાં જગતની એટલી બધી વિદ્યાઓ સમાઇ જાય છે કે ચૌદપૂર્વધરોને **શ્રુત કેવળી** પણ કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનના બળથી જગતના અતિન્દ્રિય ભાવોને જાણવાનું તેમનામાં એટલું બધું અલૌકિક સામર્થ્ય હોય છે કે આપણને તો તેઓ કેવળજ્ઞાની સર્વજ્ઞ ભગવંત જેવા લાગે. આ મહાપુરુષોએ પણ નવકાર મંત્રને ચૌદ પૂર્વનો સાર કહ્યો છે અને મરણાદિ પ્રસંગે એનું જ સ્મરણ કરવાનું વિધાન કર્યું છે. એના અક્ષરો ભલે બહુ અલ્પ છે, પણ બારે અંગના સારભૂત અર્થનો તેમાં સંગ્રહ આવી જતો હોવાથી ચૌદપૂર્વધર શ્રુતકેવળી **ભગવાન ભદ્રબાહુસ્વામી**એ પણ એને **'મહાન અર્થવાળો'** જણાવ્યો છે અને તેનો અપાર મહિમા ગાયો છે. શ્રુતજ્ઞાનના પારગામી અને શબ્દશક્તિના સમગ્ર રહસ્યને જાણનારા મહાપુરુષો પોતે જ નમસ્કાર મંત્રને જે આટલું બધું અપાર મહત્ત્વ આપે છે, એ જ એમ કહી આપે છે કે નવકાર મંત્રના અક્ષરોની સંકલના બીજા મંત્રાક્ષરો કરતા એવી કોઇ વિશિષ્ટ પ્રકારની છે કે જેથી તેને મહામંત્રનું સ્થાન મળ્યું છે.

एसो पंच-नमुक्कारो, सव्व-पावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥

પંચ પરમેષ્ઠિને કરેલો આ નમસ્કાર સર્વ પાપોનો મૂળમાંથી નાશ કરી નાખે છે અને સર્વ મંગળ-હિતકર વસ્તુઓમાં જે ઉત્કૃષ્ટ મંગળ છે. આ ચૂલિકા નમસ્કાર મંત્રના સંપૂર્ણ સામર્થ્યને સંક્ષેપમાં પણ સ્પષ્ટ રીતે જણાવી દે છે.

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય** જેવા સમર્થ મહાપુરુષે પોતાની **માતા પાહિની** કે જેમણે દીક્ષા લીધી



**એક નવકારપ્રેમી ભાઇ તરફથી-**હૈદ્રાબાદ (આંધ્ર પ્રદેશ)

હતી, તેમના કાળ સમયે **'તમારા પુણ્ય નિમિત્તે હું ક્રોડવાર નવકાર મંત્રનો જાપ કરીશ'** એ પ્રમાણે પુણ્ય કહ્યું હતું. આવા મહાજ્ઞાની પુરુષો પણ નવકારમંત્રનો આશ્રય લે છે એ જ એમ કહી આપે છે કે એની અક્ષર સંકલનામાં એવું કોઇ અચિંત્ય સામર્થ્ય રહેલું છે કે આત્માને અનાદિ કાળથી વળગેલા અનંત પાપના થરોને અને પાપી વાસનાઓને નવકાર મંત્ર જડમૂળમાંથી નષ્ટ કરી નાખે છે. આલોકના સુખો, પરલોકના સુખો તેમજ મોક્ષનું શાશ્વત સુખ પણ એ મેળવી આપે છે.

આ મંત્રની અર્થસંકલના પણ એવી ઉત્તમ છે કે જગતના સર્વકાળના સર્વશ્રેષ્ઠ આત્માઓ એના વાચ્યરૂપે છે. એના અર્થનો આપણે વિચાર કર્યા કરીએ તો પણ એ પરમેષ્ઠિઓના ગુણોના સ્મરણ અને ચિંતનના પ્રભાવે તન્મય થઇને આપણે પરમાત્મા બની જઇએ. આધ્યાત્મિક શાસ્ત્રનો નિયમ છે કે **'જે માણસ જેનું અહર્નિશ ચિંતન કરે છે તે તદ્રૂપ બની જાય છે.'** પરમાત્માનું સતત સ્મરણ અને ધ્યાન કરવાથી પરમાત્મા સાથે આપણા આત્માનું અનુસંધાન થાય છે અને તેથી આપણા આત્મામાં પરમાત્માની તમામ શક્તિઓ પ્રગટ થવાથી આપણે પરમાત્મારૂપ થઇ જઇએ છીએ. આ પ્રમાણે શબ્દ તથા અર્થ બંને દૃષ્ટિએ વિચારતા નવકારની મહામંત્રતા છે.

અહીં મહત્ત્વનો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે **'નવકાર મંત્રનો અપાર મહિમા છે'** એમ બધા જ કહેતા આવ્યા છે અને કહે છે, તો પછી આપણને બધાને એનો અનુભવ કેમ થતો નથી ? આનો ઉત્તર પણ સામાન્ય રીતે જ આપવામાં આવે છે કે એકાગ્રતા, ભક્તિ તથા વિધિપૂર્વક એનો જાપ કરવામાં આવતો નથી તેથી નવકાર મંત્રનો જાપ કરવા છતાં ઇષ્ટ ફળ મળતું નથી. આ ઉત્તર તદ્દન સત્ય છે, છતાં કેટલીક વિશેષ વિચારણાની ખાસ જરૂર છે કે એકાગ્રતા કેમ આવતી નથી ? વ્યગ્રતા પાછળ શા કારણો ? વ્યગ્રતા કેવી રીતે દૂર થાય ? એવી કઇ બાધક વસ્તુઓ નડે છે કે જે આપણી સાધનામાં વિઘ્ન નાખે છે ? શું કરવામાં આવે કે જેથી મંત્રાક્ષરોમાં ગુપ્ત રહેલું અચિંત્ય સામર્થ્ય પ્રગટ થાય ? નવકાર મંત્રના ભક્તિમાન સાધકોની અને ઉપાસકોની આ મોટામાં મોટી મુંઝવણો છે. આ સંબંધમાં ઉઠતા અનેક પ્રશ્નો અને તેના ઉત્તરો વિષેના યથામતિ વિચારોને વિસ્તારથી લખવા માટે પુષ્કળ સમય જોઇએ. અત્યારે અત્યંત મર્યાદિત સમયમાં આ લેખમાં એ વિચારોને લખવાનું મારે માટે અશક્ય છે પરંતુ નવકારના સાધકોએ એટલી વાત ખાસ સમજી લેવી જોઇએ કે 'ફળપ્રાપ્તિની પ્રતિસમય ઝંખના એ જ ફળપ્રાપ્તિમાં તથા નવકાર મંત્રની ઉપાસનામાં મોટું વિઘ્ન બની જાય છે.' કારણ કે મંત્રાક્ષરોમાં ગુપ્ત રહેલી અચિંત્ય શક્તિને પ્રગટ કરવા માટે જાપ ઉપરાંત બીજા અનેકાનેક નિયમોને જીવનમાં ઉતારવા પડે છે. મોટા ભાગના સાધકો એ નિયમોને જાણતા જ હોતા નથી. ઘણાં ખરા જાણનારા પણ અનેક કારણોને લીધે એ નિયમોને અમલમાં મૂકી શકતા નથી એટલે નવકારનો અપાર મહિમા સાંભળીને એકદમ આકર્ષાઇને 'નવકારનો જાપ કરવાથી શીઘ્રમેવ ઇષ્ટ ફળ મળી જશે.' એવી આકાંક્ષાઓથી જેઓ નવકારનો જાપ કરવા પ્રવૃત્ત થાય છે અને ફળની જ અધીરાઇને જેઓ સેવ્યા કરે છે તેવા મનુષ્યોને જ્યારે ઇષ્ટ ફળ શીઘ્ર મળતું નથી ત્યારે પ્રારંભમાં નમસ્કાર ઉપર તેમને જે તીવ્ર શ્રદ્ધા હોય છે તેમાં ઘટાડો થવા લાગે છે અને તેથી નવકારથી મળતું જે ઇષ્ટ ફળ તે નજીક આવવાને બદલે ઉલટું દૂર દૂર ખસતું જાય છે. એટલે નવકારના સાધકોએ ફળ ઉપર દૃષ્ટિ સ્થાયી રાખવા કરતાં નવકાર ઉપર દૃષ્ટિ સ્થાપિત કરવાની જ ખાસ જરૂર છે. `कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' કર્તવ્ય કરવાનો જ આપણને અધિકાર છે, ફળ ઉપર અધિકાર નથી એટલે આપણું પરમ કર્તવ્ય તો નવકારની ઉપાસના કરવી એ જ છે, એનું ફળ આપવાનું કાર્ય નવકારને જ સોંપી દેવું જોઇએ. કેવી રીતે ક્યારે અને શું ફળ આપવું કે જેથી આપણું શ્રેય થાય એની જવાબદારી આપણે નવકારને સોંપી દેવી જોઇએ.

'આ જીવનમાં નવકારમંત્ર જપવાનું પરમ ભાગ્ય પ્રાપ્ત થયું.' એ જ મોટામાં મોટું ફળ છે, એમ માનીને નવકારના સાધકોએ નવકારની ઉપાસનામાં જ લયલીન થઇ જવું જોઇએ, કારણ કે જગતમાં પ્રભુના નામસ્મરણથી બીજો એકેય મોટો લ્હાવો નથી. જેને પ્રભુના સ્મરણમાં રસ લાગ્યો છે તેને કશી બીજી વાત ગમતી પણ નથી. એવો

મનુષ્ય નવકારમંત્રને ગણે છે, એમ કહેવા કરતાં નવકાર મંત્રને ગણ્યા સિવાય એનાથી રહી જ શકાતું નથી. એમ કહેવું વધારે સુંદર છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ સાધકોને માટે ખાસ જરૂરી છે. ભક્તો ભક્તિમાં પણ મુક્તિનો જ આનંદ અનુભવતા હોય છે.

મંત્રની ઉપાસનામાં નિષ્ઠાની ખાસ જરૂર છે કારણ કે 'जप वक्तायां वाचि, मानसे च' એ ધાતુ ઉપરથી જાપ શબ્દ બનેલો છે. આ એક શાસ્ત્રસિદ્ધ અને વિજ્ઞાનસિદ્ધ હકીકત છે કે આપણે જે શબ્દોનો ઉચ્ચાર કરીએ છીએ તે શબ્દો સમગ્ર જગતમાં વ્યાપી જાય છે. જેમ શાંત સરોવરમાં પથ્થર નાખવાથી પાણીમાં કુંડાળા પ્રગટ થાય છે અને જો જોરથી ફેંકવામાં આવ્યો હોય તો એક કુંડાળામાંથી બીજા અનેક કુંડાળા ઉત્પન્ન થઇને એક કિનારાથી બીજા કિનારા સુધી વ્યાપી જાય છે, તે પ્રમાણે શબ્દોનો ઉચ્ચાર કરવાથી પણ આંદોલનો પ્રગટ થાય છે અને તે સમગ્ર વિશ્વમાં વ્યાપી જાય છે. હવે જો આંદોલનો નિર્બળ હોય તો ખાસ કંઇ જ કરી શકતા નથી, પણ પ્રબળ હોય અને વ્યવસ્થિત રીતે ફેલાયા કરે તો આ આંદોલનો જગતના દ્રવ્યોમાં-વાતાવરણમાં પ્રવેશ કરીને તદ્દન કલ્પનાતીત અને ચમત્કારિક પરિવર્તન કરી શકે છે માટે સાધકે મંત્રાક્ષરના જપમાં એવી રીતે તન્મય થઇ જવું જોઇએ કે સમુદ્રમાં માછલાંને જેમ દશે દિશાઓમાં પાણીનો જ અનુભવ થયા કરે છે તેવી રીતે મંત્રાક્ષરોનો એવી વ્યવસ્થિત રીતે જાપ ચલાવવો જોઇએ કે જેથી મંત્રાક્ષરોના આંદોલનો પોતાની સર્વ બાજુએ વ્યાપી જાય અને પોતે જાણે મંત્રાક્ષરોના ધ્વનિના મહાસાગરમાં ડૂબી ગયો હોય એવું તેને ભાન થાય. આવી રીતે જાપ કરવામાં આવશે ત્યારે નવકાર મંત્રના જાપના દિવ્ય ચમત્કારોનો સાધકને આપોઆપ અનુભવ થવા લાગશે.

નવકાર મંત્ર એ માત્ર પૌદગલિક અક્ષરરૂપ છે, એમ માનવાનું નથી. એમાં તો અક્ષરરૂપે ખરેખર પરમેષ્ઠિઓ રહેલા છે તેથી **'જાપ જપતી વખતે પરમેષ્ઠિના સાનિધ્યનો આપણને અનુભવ થાય છે'** એવી ભાવનાથી જાપ કરવો જોઇએ. મંત્ર એ પોતે જ અક્ષરાત્મક દેવ છે અને મંત્રના પોતાના પણ અનેક અધિષ્ઠાયક દેવો હોય છે એટલે મંત્રના ભક્તિપૂર્વક કરેલા વ્યવસ્થિત જાપથી મંત્રના અધિષ્ઠાયક દેવો સુધી તે આંદોલનો પહોંચે છે અને તે દેવો સાધકને અનેક રીતે સહાય કરે છે માટે જ મંત્રાક્ષરોને પણ સાક્ષાત્ દેવ અને દેવાધિષ્ઠિત માનીને જ ઉપાસના કરવાની છે. મંત્રાક્ષરોમાં પણ આવું દૈવત ખાસ કરીને ગુરુના મુખથી આપણને મંત્ર મળે તો જ પ્રાપ્ત થાય છે. એ કારણે જે સદ્ગુરુના દર્શનથી આપણને પરમ આનંદ પ્રાપ્ત થતો હોય, જેમના ઉપર આપણને અનન્ય ભક્તિ હોય, તેવા ગુરુદેવ પાસે મંત્રાક્ષરોનો પાઠ મેળવવો જોઇએ, એમ કરવાથી મંત્રમાં ચૈતન્ય પ્રગટ થાય છે. આ ઉદેશથી જ નમસ્કાર મંત્ર આદિ ભણવા માટે શાસ્ત્રોમાં ઉપધાન તપની વિધિ ફરમાવેલ છે.

૧૮ દિવસના પૌષધ સાથે સાડાબાર ઉપવાસના તપ સાથે પ્રથમ ઉપધાન કરવું. 'भवेद् वीर्यवती विद्या, गुरुवक्त्रसमुद्भवा'

વિનય-બહુમાનપૂર્વક ગુરુના મુખેથી જે વિદ્યા પ્રાપ્ત થઇ હોય તે વિદ્યા વીર્યવાળી-વિશેષતયા ફળ આપનારી થાય છે. આ વિધિથી મંત્રમાં ચૈતન્ય પ્રગટ થાય છે અને અમુક સંખ્યામાં જાપ થયા બાદ તેનો અનુભવ પણ થવા લાગે છે.

****

## નવકાર મહિમા

**જેમ પર્વતમાં મેરુ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, સુગંધોમાં ચંદન, વનોમાં નંદન, પશુઓમાં મૃગપતિ (સિંહ), પક્ષીઓમાં ગુરુડ, તારાઓમાં ચંદ્ર, નદીઓમાં ગંગા, દેવતાઓમાં ઇન્દ્ર, સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર, સુભટોમાં વાસુદેવ, નાગોમાં શેષનાગ, શબ્દોમાં અષાઢી મેઘની ગર્જના, રસોમાં ઇક્ષુરસ, ફૂલોમાં અરવિંદ, ઔષધિમાં અમૃત, રાજાઓમાં રઘુનંદન, સત્યવાદીઓમાં હરિશ્ચન્દ્ર, ધર્મોમાં દયાધર્મ, વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત અને દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે. એ પ્રમાણે સર્વ મંત્રોમાં શ્રી નવકાર મંત્ર સારભૂત અને શ્રેષ્ઠ છે. એના ઉપકારો હજારો મુખેથી કહેવાને કોઇ સમર્થ નથી.**

# નમસ્કાર નિષ્ઠ કેવો હોય ?

**પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ**

વિશ્વોપકારી શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના સામર્થ્યની સર્વ નય અને નિક્ષેપાથી યથાર્થ પ્રરૂપણા કરવાને બદલે, અમારા દેવ વીતરાગ છે, એ કંઇ જ આપે નહિ, આ એક જ સત્યની પ્રરૂપણાનું ફળ એ નિષ્પન્ન થયું, કે શ્રી પંચ પરમેષ્ઠિ સાથેનું સાચું સગપણ આપણે બાંધી ન શક્યાં.

અનંત કરુણાવંત શ્રી તીર્થંકર દેવોએ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનની ભયાનકતા જોઇ અને જાણીને જીવને તેમાં સપડાતો બચાવવા માટે જે પ્રરૂપણા કરી છે, તેનો જે પ્રવાહ તે આપણાં શાસ્ત્રો છે. માંગવાથી જે આપે તે દાની ખરો, પણ દાનવ્યસની નહિ. શ્રી તીર્થંકર દેવો દાનવ્યસની છે. એટલે તેમની ભક્તિ કરનારને ઇષ્ટ ફળ મળી રહે છે. આ દિશામાં સ્યાદ્વાદગર્ભિત યોગ્ય પ્રરૂપણા થાય એટલે આપણામાં શ્રદ્ધા-વિશ્વાસનું તત્ત્વ વધે. આપણી ભક્તિમાં ઔપચારિકતાને બદલે ભાવ વધે, દેખાવ ઘટે, માયા જાય અને આપણે સત્ત્વવંત બનીએ.

સત્ત્વ દાનવૃત્તિથી પ્રગટે છે. દાનવૃત્તિ સ્વાર્થના ઇન્કારથી પ્રગટે છે. સ્વાર્થને ઇન્કારવાનું સત્ત્વ પરમ સત્ત્વવંત શ્રી પંચ પરમેષ્ઠિની ભક્તિથી પ્રગટે છે. પરમ દાનવ્યસની શ્રી અરિહંત પરમાત્માના ઉપાસકોની જે તાસીર અને તસ્વીર શાસ્ત્રોમાં છે, તેવા પુણ્યશાળીઓ આજે ઓછા દેખાય છે. તેનું કારણ મુખ્યતયા વસ્તુનો સર્વ બાજુનો ઉપદેશ આપવામાં સેવાયેલી ઉપેક્ષા છે. શિયાળને સિંહવૃત્તિનો ઉપદેશ આપવાથી કશો અર્થ સરતો નથી, તેમ સત્ત્વહીનને વીતરાગતાનો ઉપદેશ આપવાથી ભાગ્યે જ ચોક્કસ પરિણામ આવે છે. જેઓ સત્ત્વવંત છે, તેઓ દાનશૂરા હોય જ. યાચકની શોધમાં તેમને જે આનંદ આવે, તે બીજે ન આવે. પરિગ્રહ એ પાપ છે, તે સાચું પરંતુ નિષ્પરિગ્રહવૃત્તિ દાનવૃત્તિથી જ પ્રગટે છે, એ પણ સાથે-સાથે કહેવાવું જોઇએ.

અસાર પદાર્થ ઉપર યથાર્થ ચિંતનના અભાવે જે વૈરાગ્ય જાગે છે, તે આત્માના ઘરનો નથી હોતો પણ શુષ્ક હોય છે. ખાડો ખોદીને ઉભાં કરેલાં ઝાડ જેવો હોય છે. જે પ્રતિકૂળ નિમિત્તરૂપી પવનના એક જ ઝપાટામાં ધરાશાયી થઇ જાય છે. માટે અસાર શું ? અને સંસાર શું ? તેનો વિચાર વિવેકપૂર્વક અને અનેકાન્ત દૃષ્ટિથી કરવો જોઇએ. હાટ હવેલીને અસાર કહી દેવા માત્રથી જ કાંઇ ચોક્કસ હેતુ નથી સરતો એટલે એમ કહેવું જોઇએ કે હાટ-હવેલી જડની આકૃતિઓ છે. તેને ગમે તેટલો ભાવ આપશો, તો પણ સામો પ્રતિભાવ નહિ મળે. માટે ભાવ તેને આપો જ્યાંથી વળતો પ્રતિભાવ મળતો હોય. અર્થાત્ જે સચેતન હોય. જડ પદાર્થને જીવ તરફ મુદ્દલ રાગ નથી એ હકીકત પણ વિવિધ દૃષ્ટિકોણથી રજૂ કરવી જોઇએ. આ રીતે અનેકાન્ત ગર્ભિત પ્રરૂપણાથી સાત્ત્વિકતા પ્રગટ થાય છે.

જીવનમાં સરળતા, નિર્દંભતા આદિ ગુણોને પોષનારી સાત્ત્વિકતા હતી. તો ઉત્તમ ગુરુના મુખે શ્રી નવકાર સાંભળીને તન્મય બની ગયેલ ભીલ-ભીલડી બીજે ભવે રાજારાણી બની ગયાં. તેમ ઉત્તમ સામગ્રીનો જોગ થાય અને તે સામગ્રીનો ઉત્તમ માર્ગે ઉપયોગ કરવાની સારી વૃત્તિ રહે તો આત્મવિકાસ જરૂર થાય. શ્રી નવકાર શક્તિ ઉપર અફર વિશ્વાસ મૂકનારને એ સર્વથા પરહિત અને સર્વપુણ્ય સહિત બનાવે જ છે. વિશ્વાસ મૂકવા માટે પણ સત્ત્વ જોઇએ છે. સમગ્ર દ્વાદશાંગી જાણનાર યોગ્ય વ્યક્તિને જેમ સંવેગ અને વૈરાગ્ય જાગે છે, જાગેલો વધે છે, અને નિર્મળ બને છે.

શ્રી નવકાર પાસે પૌદગલિક વસ્તુઓ માંગવી-એ જેમ મિથ્યાત્વ છે, તેમ શ્રી નવકારથી પૌદગલિક વસ્તુ ન મળે, એમ બોલવું એ પણ મિથ્યાત્વ છે. હવે જેને આપણે નમીએ છીએ, તે પંચ પરમેષ્ઠિ મહાન છે, અસાધારણ ગુણોના સ્વામી છે. તે આપણે જેમ જેમ જાણીશું તેમ-તેમ આનંદ અને પ્રેમ વધતો જશે. જિનાલયના શિખરનું દર્શન, શ્રી જિનરાજની પૂજા વગેરે જોવાથી ચિત્તને આનંદ થાય,

તો તે ધર્મ છે. તાજ મહાલ હોટલ જોવાથી ચિત્ત પ્રસન્ન થતું હોય, તો તે ધર્મ નથી. કેમકે જડ પ્રત્યેનો રાગ એ ચિત્ત પ્રસન્નતાનું કારણ નથી. જેને જોવાથી રાગ-દ્વેષાદિ વધે, શુદ્ધિ વધવાને બદલે ઘટે, તે પદાર્થો દર્શનીય લાગે, તો સમજવું કે દૃષ્ટિમાં મિથ્યાત્વનું ઝેર છે. શ્રી જિનરાજની પૂજા, સુપાત્રની ભક્તિ, ધર્મ-શ્રવણ, શાસ્ત્રાભ્યાસ એ બધાથી ચિત્તને સમાધિ પ્રાપ્ત થાય છે.

ચિત્તની પ્રસન્નતા એટલે શું ? શાસ્ત્રીય ભાષામાં કહીએ તો કષાયની મહદ્તા, સંકલેશની ક્ષીણતા એ ચિત્તની પ્રસન્નતાનાં લક્ષણો છે. ચિત્તના બે દોષ છે : (૧) રાગ અને (૨) દ્વેષ. આ બેમાં રાગ મુખ્ય છે. તેમાંથી લોભ આદિ દોષો જન્મે છે. દૂધપાક - પૂરી ખાવાથી ચિત્ત પ્રસન્ન થતું લાગે, તો તે યથાર્થ પ્રસન્નતા નથી ગણાતી, પણ રસલોલુપતા ગણાય છે. ક્ષણિક આનંદ એ મૌલિક આનંદ નથી, આત્માના ઘરનો આનંદ નથી. સાચો આનંદ ક્ષણિક હોતો નથી, પણ ચિર સ્થાયી હોય છે. સાચો આનંદ વાસનાઓનો ક્ષય થવાથી પ્રગટે છે. વાસનાની વૃદ્ધિને આનંદ માનવો તે અજ્ઞાન છે.

એક રાજા જંગલમાંથી પસાર થઇ રહ્યો હતો. ત્યાંની કુદરતી સંપત્તિ જોઇને તેનું મન પ્રસન્ન થયું. પાછા ફરતાં તેણે ત્યાં બધું વેરાન થયેલું જોયું એટલે તેને વૈરાગ્ય થયો. દુનિયા ક્ષણિક છે એવું લાગ્યું. તેમ આપણું જે બધું આજે રળિયામણું દેખાય છે તે પણ અસ્ત થવાનું છે. જેમને કુદરતી દ્રશ્યો જોઇને વૈરાગ્ય થાય, એવા પુરુષોને વિરલ માન્યા છે. સંધ્યાના રંગ, સાગરના તરંગ, તરણાનું નૃત્ય, ઝરણાનું સંગીત એ બધાં કુદરતી દ્રશ્યો છે.

અમુક વસ્તુઓ એવી છે કે એને જોવાથી આપણા ચિત્તને આનંદ થઇ જ જાય છે. એવી વસ્તુઓને જોવામાં ધર્મ માન્યો છે. એવી વસ્તુઓમાં ચૈત્ય, પ્રતિમા, સંઘ, રથયાત્રા, સ્નાત્રપૂજા વગેરેનો સમાવેશ થાય છે. નમસ્કારને ધર્મ એટલે માટે કહીએ છીએ કે-પંચ પરમેષ્ઠિને નમવાથી ચિત્તને આનંદ પણ થાય છે અને પ્રયોજન પણ ફળે છે. ફળ બે પ્રકારનાં છે ઇહલૌકિક અને પારલૌકિક. શાસ્ત્રો ભારપૂર્વક કહે છે કે આ શ્રી નવકારને ઉપયોગપૂર્વક ગણવાથી આ લોકના સુખો મળે છે. તેમજ પરલોકમાં ઉત્તમ ગતિ મળે છે. વળી આ લોકનાં સુખ ભોગવતી વખતે આસક્તિ થતી નથી. એવો તેનો અચિન્ત્ય પ્રભાવ છે. પરલોકમાં ઉત્તમકુળ, ઉત્તમ જાતિ, ઉત્તમ ગુરુ વગેરે ઉત્તમ સામગ્રીનો જોગ કરાવીને પરંપરાએ મુક્તિ પણ શ્રી નવકાર આપે છે.

દુનિયામાં ત્રણ પ્રકારનાં માણસો છે : (૧) ઉત્તમ (૨) મધ્યમ અને (૩) અધમ. મુમુક્ષુને ઉત્તમ માન્યા છે. ઉત્તમમાં પણ બે વર્ગ છે. એક મોક્ષને ઇચ્છનારો તે ઉત્તમ. જે બીજાને મોક્ષ પમાડવા ઇચ્છે છે, તેમ જ પમાડે છે તે ઉત્તમોત્તમ છે. મધ્યમ કક્ષાનો માણસ એ છે કે જે આ લોકના અલ્પ આયુષ્યનો ભોગ પાછળ ઉપયોગ નથી કરતો, પણ તપ ત્યાગ પાછળ કરે છે. અધમ તે છે-જે 'આ ભવ મીઠા, તો પરભવ કોણે દીઠા' એ નીતિને અનુસરીને આ લોકનાં જ સુખ મેળવવા આંધળો પ્રયત્ન કરે છે. હિંસાદિ અધમ માર્ગે પણ ધન મેળવવા મથે છે. જેની જે કક્ષા હોય છે, તે મુજબ તે જીવતો હોય છે. નમસ્કારમાં રુચિ તેમ જ પ્રીતિ અધમ કક્ષાના જીવોને ભાગ્યે જ જાગે છે. એટલે તેવાઓને જ્ઞાની ભગવંતોએ નમસ્કારના અધિકારી માન્યા નથી.

શ્રી નવકાર અનુપમ કલ્પતરુ છે. જે એનું ધ્યાન કરે છે, તેને વિપુલ સુખ આપે છે. કલ્પતરુ જે નથી આપી શકતું. તે આ શ્રી નવકારરૂપી કલ્પતરુ આપે છે. કલ્પતરુ આત્મિક સુખ ન આપી શકે. નવકાર આપી શકે. આવું સાંભળીને શ્રી નવકાર ગણવા છતાં તે ન ફળે, તો શું મૂકી દેવો ? ન ફળે, એ વાત જ ખોટી છે, આવી શંકા રહે, તો માનવું કે શ્રદ્ધા સ્પર્શી નથી. જે માણસ રાજાને સલામ ભરે, તે માણસ ખાલી હાથે પાછો ફરે તે હજુ બને, પણ મંત્રશિરોમણિ શ્રી નવકાર એના સાચા શરણાગતને ન્યાલ ન કરે, તે શક્ય નથી. જ્ઞાનીઓ કહે છે, કે શ્રી નવકાર ગણનામાં તમે સર્વોત્તમ તત્ત્વની સેવા કરો છો અને છતાં શંકા રહે કે ફળશે કે કેમ ? તો તેને તમારો દોષ માનજો. શ્રી નવકાર મંત્ર છે, પદ સ્વરૂપ છે. તેના અક્ષરોનું ધ્યાન ધરો અને પછી જુઓ કે તે ફળે છે કે નહિ. આત્મિક આનંદ અનુભવાય છે કે નહિ. આવી રીતે ગણાયેલો એક નવકાર પણ ફળે છે. નવકારના

અક્ષરો આંખ સામે આવવા જોઇએ. પ્રકાશ વડે એ ઝળહળતા વંચાવા જોઇએ. તે-તે વર્ણમાં એ વંચાવા જોઇએ. **'નમો અરિહંતાણં'** શ્વેત વર્ણમાં, **'નમો સિદ્ધાણં'** લાલ વર્ણમાં. આવો જાપ મનશુદ્ધિ માગી લે છે. કાયા કરતાં વાણીનું કાર્ય અને વાણી કરતાં મનનું કાર્ય ઘણું કઠિન છે.

મહેનતવાળું કામ કાયાનું છે, વાણીનું છે, કે મનનું છે ? કાયાથી ગમે તેટલું તપ કરશો, ગમે તેટલી દ્રવ્ય-પૂજા અગર આવશ્યક-ક્રિયા કરશો, પણ જો તેમાં મન નહિ ભળેલું હોય, તો તે શાસ્ત્રોક્ત ફળ નહિ આપે. તેમ શ્રી નવકારનો **જાપ પણ મન વગર કરશો તો નહિ ચાલે. 'વીર વીર' નો જાપ જપતાં શ્રી ગૌતમ સ્વામીજી કેવળ વર્યા. એવા જાપને આદર્શ જાપ કહેવાય છે.**

મન એ અરણિનું લાકડું છે. ઘર્ષણ થવાથી તે સળગે છે. તેમ આપણા મનને શ્રી નવકારના અક્ષરો સાથે ઘસીએ છીએ. એટલે તેમાંથી મહામંગળકારી અગ્નિ પ્રગટે છે. જે કર્મોરૂપી કાષ્ટને બાળવામાં અજોડ છે. શ્રી નવકારના અક્ષરો સાથે મનને ઘસવું એટલે એકાગ્રતા અને ઉપયોગપૂર્વક અનન્ય ચિત્તે શ્રી નવકારનો જાપ કરવો. ***

## નવકાર મંત્રનો પ્રભાવ અચિંત્ય અદ્‌ભૂત....!

**પૂ. મુનિશ્રી ઉદયરત્નસાગરજી મહારાજ સાહેબ**

આ જગતમાં ભાગ્યે જ કોઇ એવો જૈન હશે કે જેને નવકારમંત્ર કંઠસ્થ નહિ હોય. દુર્લભ એવો આ મનુષ્ય જન્મ અને એમાંય જૈન કુળમાં જન્મેલા પુણ્યશાળી આત્માને ભવદુ:ખમાંથી છોડાવનાર કોઇ હોય તો તે આપણો નવકાર મહામંત્ર જ છે. જૈન શાસ્ત્રકારોએ એટલે જ આ મહામંત્રનો મહિમા ગાતા કહ્યું છે કે-

नवकारओ अव्वो सारो, मंतो न अत्थि तिमलोए ।
तम्हा हु अणुदिणं चिय, पढियव्वो परमभत्तीए ॥

ત્રણ લોકમાં નવકારથી સારભૂત અન્ય કોઇ મંત્ર નથી. તેટલા માટે તેને પ્રતિદિન પરમ ભક્તિથી ભણવો જોઇએ, ગણવો જોઇએ.

આવા મહામંગળકારી અને મહાચમત્કારી નવકાર મહામંત્રનો પ્રભાવ આજે પણ અચિંત્ય, અદ્‌ભૂત અને અમાપ છે. આ મહામંત્રને પામવા, અનુભવવા, સાક્ષાત્કાર કરવા સાધકોએ નીચેની પાંચ વસ્તુઓને આત્મસાત કરવી જરૂરી છે. તે છે : **(૧) શ્રદ્ધા (૨) સમર્પિતતા (૩) સ્નેહ (૪) સાતત્ય** અને **(૫) સ્થિરતા.**

**(૧) શ્રદ્ધા :** સકલ, ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે. શ્રદ્ધાનું મૂળ જ્ઞાન, જ્ઞાનનું મૂળ ભક્તિ અને ભક્તિનું મૂળ ભગવાન છે. સાધકોને ગુરુ અને શાસ્ત્રવચનો પર પૂર્ણ શ્રદ્ધા હોવી જોઇએ. આવી શ્રદ્ધાથી સાધક પોતાનું શ્રેય સાધી શકે. અને એટલે જ આપણા જિનાગમોમાં કહ્યું છે सदहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं' અર્થાત્ શ્રદ્ધાવાળો જીવ જ અજરામરપદ પામે છે.

**(૨) સમર્પિતતા :** સમર્પિતતાનો અર્થ છે અનાત્મપદાર્થોમાં આત્મબુદ્ધિનું વિસર્જન અને આત્મભાવમાં નિમજ્જન. તેને શરણાગતિ પણ કહે છે. પરમાત્મા પાસે આત્મ સમર્પણ કરવું, શરણાગતિ સ્વીકારવી એ જ સાધકનું ધ્યેય હોય છે. આવી સમર્પિતતા સાધકને પરમપદ સુધી પહોંચાડી શકે છે.

**(૩) સ્નેહ :** જેના હૃદયમાં સમસ્ત જીવરાશિ પર સ્નેહ હોય, તેમના કલ્યાણની ભાવના હોય તે જ સાધક 'સવિ જીવ કરું શાસનરસિ'ની ભાવનાને ચરિતાર્થ કરી શકે છે. પરમાત્મા તો પ્રેમથી સભર છે, સર્વ જીવોને આત્મસમ જોનારા છે. તેથી તેના જેવા બનવા માટે આપણે જગતના સર્વ જીવોનું સતત કલ્યાણ ઇચ્છતા ઇચ્છતા આપણું શ્રેય સાધીએ.

**(૪) સાતત્યતા :** સાતત્યતા એટલે એકાગ્રતા. નવકાર જાપમાં કે પરમાત્માના ધ્યાનમાં સાતત્યતા ન જળવાવાથી કે એકાગ્રતા ન રહેવાથી તેનું ફળ સાધકને મળી શકતું નથી. કોઇપણ પ્રકારના અવરોધ કે અંતરાય આવે, ગમે તેવી પ્રતિકૂળતા કે મુશ્કેલ સ્થિતિ હોય તો પણ જે સાધક પોતાના જાપમાં કે ધ્યાનમાં વિચલિત થતો નથી તે તેનું ફળ મેળવીને જ રહે છે. આપણા શાસ્ત્રકારોએ એટલે જ જાપ સાધનામાં સાતત્યતા-એકાગ્રતા ઉપર વિશેષ ભાર મૂક્યો છે.

**(૫) સ્થિરતા :** આપણા ચિત્તને ચંચલ અને મનને માકડા જેવું કહ્યું છે. જો ચિત્ત જ સ્થિર ન હોય તો ભગવદ્ કૃપા ક્યાંથી મળી શકે ? નવકાર જાપમાં કે પરમાત્માના ધ્યાનમાં ચિત્તની સ્થિરતા અનિવાર્ય છે. સાધકોએ પોતાની સાધનામાં ચિત્તની સ્થિરતાની ટેવ કેળવવી આવશ્યક છે. સાધનાનું પ્રથમ પગથિયું જ ચિત્તની સ્થિરતા છે તે ન ભૂલવું જોઇએ.

આમ ઉપરની પાંચ વસ્તુઓને આપણે આપણા જીવનમાં સ્થાન આપીએ તો આપણે માનવમાંથી મહામાનવ, મહામાનવમાંથી દેવ અને દેવમાંથી દેવાધિદેવ પણ બની શકીએ.

❒ ❒

**માતુશ્રી ખીમઇબાઇ ટોકરશી છાડવા (મોટી ખાખર-ચેમ્બુર)**
**હસ્તે : શ્રી ગગુભાઇ ટોકરશી છાડવા પરિવાર**



# નવકાર મહામંત્ર વિશે તમે શું જાણો છો?

વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ



શ્રી નવકાર મંત્ર વિષે શું આ તમે જાણો છો કે– શ્રી નવકાર મંત્રનો એકએક અક્ષર એક એક તીર્થ સમાન છે. આથી અડસઠ મહાન તીર્થો શ્રી નવકારમાં સ્થિત છે ?

શ્રી નવકારના મંત્રના એક એક અક્ષરમાં હજાર હજાર વિદ્યાઓ સમાયેલી છે અને આ રીતે અડસઠ હજાર અવકાશગામિની જેવી વિદ્યાઓ મંત્રાધિરાજમાં સમાયેલી છે ? શ્રી નવકાર મહામંત્રનો અષ્ટસિદ્ધિઓ સાથે સંબંધ છે ?–કે પાંચે પરમેષ્ઠિને એક સરખો સમાન નમસ્કાર કેમ ? શ્રી નવકાર મંત્રમાં ૩૧ લઘુ અક્ષર, ૭ ગુરુ અક્ષર અને ૭ જોડાક્ષર છે અને આ અક્ષરોના ગણિતની પણ ખૂબી છે ?

માત્ર નમો ના **'ન'** અક્ષરથી ચારસો પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે ? અભવ્ય ઉપર નવકાર મંત્ર કેવી અસર કરે છે ? શાશ્વત પદાર્થ સાથે બીજા શાશ્વત પદાર્થનો શો સંબંધ હોઇ શકે ? શ્રી શત્રુંજય અને નવકાર મહામંત્રનો શો સંબંધ છે ? જુદી જુદી દિશાઓમાં આ મંત્રાધિરાજ ગણવાથી કઇ જુદી જુદી વિશિષ્ટ અસરો થાય છે ?

શ્રી નવકાર છેલ્લા ચૂલિકાના ચાર પદ જ સ્પર્શે છે ? માત્ર ચૂલિકાનું ધ્યાન કરવાની વિધિ પણ છે ? શ્રી અરિહંતના પ્રથમ પદ સાથે સર્વજ્ઞતા સંકળાયેલી છે ? શ્રી સિદ્ધ ભગવાનના પદ સાથે શાશ્વત સુખ સંકળાયેલું છે ? આચાર્ય ભગવાનના ત્રીજા પદ સાથે આચાર ગુણ સંકળાયેલ છે ?

શ્રી ઉપાધ્યાય ભગવાનના ચોથા પદ સાથે જ્ઞાન ગુણ સંકળાયેલો છે ? અને સાધુ ભગવાનના પાંચમા પદ સાથે સંયમમાં પરાક્રમ સંકળાયેલું છે ? શ્રી નવકાર મંત્રનું પ્રથમ પદ મિથ્યાત્વનું નાશ કરે છે ? શ્રી નવકાર મંત્રનું બીજું પદ લોભકષાયનો નાશ કરે છે ? શ્રી નવકાર મંત્રનું ત્રીજું પદ માયા કષાયનો નાશ કરે છે ? શ્રી નવકાર મંત્રનું ચોથું પદ માનકષાયનો નાશ કરે છે ? શ્રી નવકાર મંત્રનું પાંચમું પદ ક્રોધકષાયનો નાશ કરે છે ? શ્રી નવકાર મંત્રનું પ્રથમ પદ શ્રવણેન્દ્રિયનું ઊર્ધ્વીકરણ કરી શબ્દવિષયને જીતે છે ? શ્રી નવકાર મંત્રનું બીજું પદ ચક્ષુરિન્દ્રિયનું ઊર્ધ્વીકરણ કરી રૂપવિષયને જીતે છે ? શ્રી નવકાર મંત્રનું ત્રીજું પદ ઘ્રાણેન્દ્રિયનું ઊર્ધ્વીકરણ કરી ગંધવિષયને જીતે છે ? શ્રી નવકાર મંત્રનું ચોથું પદ સ્પર્શેન્દ્રિયનું ઊર્ધ્વીકરણ કરી સ્પર્શ વિષયને જીતે છે ? અને આ રીતે પાંચે ઇન્દ્રિયોના વિષયોને આ મંત્રાધિરાજ જીતે છે ? નમો શબ્દમાં **અણિમા** સિદ્ધિ છે જેના વડે સાધક અણુ જેવો હલકો બની નાનો અને હળવો બને છે ? અરિહંતાણં પદમાં **મહિમા** સિદ્ધિ છે જેના વડે સાધક પૂજા પ્રશંસા યોગ્ય બને છે ? સિદ્ધાણં પદમાં **ગરિમા** સિદ્ધિ છે ? આયરિયાણં શબ્દમાં **લઘિમા** સિદ્ધિ છે ? ઉવજ્ઝાયાણં શબ્દમાં **પ્રાપ્તિ** સિદ્ધિ છે જેના વડે ચંદ્રસૂર્યાદિ દૂરના પદાર્થોને સ્પર્શી શકાય છે ? સવ્વસાહૂણં શબ્દમાં **પ્રાકામ્ય** સિદ્ધિ છે જેના વડે બીજાના કાર્યો સિદ્ધ કરાવી શકાય છે ? પંચ નમુક્કારોમાં **ઇશિત્વ** સિદ્ધિ છે ? જેના વડે કાળ, અવકાશ અને પરમાણુ ઉપર પ્રભુત્વ આવે છે ? મંગલાણં પદ શ્રી નવકારના જાપથી **વશિત્વ** સિદ્ધિ લાવે છે ? કે શ્રી નવકારના એક અક્ષર જાપથી સાત સાગરોપમનું સ્થિતિવાળું પાપ નાશ પામે છે ? એક પદથી પચાસ સાગરોપમની સ્થિતિવાળું પાપ નાશ પામે છે ? શ્રી નવકારના નવ પદથી પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે ? જે એક લાખ નવકાર વિધિ સહિત ગણે છે તે તીર્થંકર નામકર્મ બાંધે છે ?

આઠ ક્રોડ આઠ લાખ આઠ હજાર આઠસો ને આઠ નવકાર જે ગણે છે તે ત્રીજે ભવે અવશ્ય મોક્ષે જાય છે ? ક્રોડ પૂજા = ૧ સ્તોત્ર; ક્રોડ સ્તોત્ર = ૧ જાપ; ક્રોડ જાપ = ૧ ધ્યાન; ક્રોડ ધ્યાન = ૧ લય. શ્રી નવકાર મંત્રમાં કંઠ,

તાળુ, મૂર્ધન્ય, અંતઃસ્થ, ઉપધ્માનીય, વર્ત્સ્ય વિગેરે સર્વ ધ્વનિઓ ઉત્પન્ન થાય છે ? શ્રી નવ નવકારના જાપમાં સત્તાવીસ શ્વાસોશ્વાસ થવા જોઇએ પણ જાપ સિદ્ધ થતાં જાપ સમય દરમિયાન શ્વાસોશ્વાસ બંધ રહે છે ? કે શ્રી નવકાર મંત્રને મહાશ્રુતસ્કંધ કહેવાય છે ? અને તેથી તેને અભિધાન, સંબંધ, મંગળ અને પ્રયોજન આ ચાર છે ? જેમાં પ્રયોજન ચૂલિકા છે ?

સમસ્ત નવકારમાં પ્રણવબીજ વ્યાપ્ત છે ? પરમેષ્ઠિ શું વસ્તુ છે ? પરમ = ઉત્કૃષ્ટ સ્વરૂપ અને ષ્ઠિન્ = સ્થિત. અરિહંત અને સિદ્ધનું આપસમાં અંતર શું છે ? દ્વૈત નમસ્કાર અને અદ્વૈત નમસ્કાર શું છે ? જાપમાં સંભેદ અને અભેદ પ્રણિધાન શું છે ? કે ઐહિક ફળની ઇચ્છાથી કરાતો આ મંત્ર જાપ પ્રણવ સહિત કરાય છે ? શ્રી અરિહંતને પ્રથમ નમસ્કાર શાથી ? નહિ તો કૃતજ્ઞતાલોપ, સદ્‌વ્યવહારલોપ, તીર્થલોપ અને તત્ત્વલોપ.

આ મંત્રાધિરાજને પંચ પરમેષ્ઠિ મંત્ર ન કહેવાતા નવકાર મંત્ર શાથી કહેવાય છે ? સર્વ મંત્રધ્વનિનું ઉત્પત્તિસ્થાન આ મંત્રાધિરાજ કઇ રીતે છે ? મુનિજીવનમાં નવકારનું સ્થાન શું છે ? શ્રાવકની દિનચર્યામાં શ્રી નવકારનું સ્થાન શું છે ? શૃંગાર આદિ નવે રસ શ્રી નવકારમાં કઇ રીતે ઘટે ? શ્રી નવકારના જાપથી મગજની રક્તવાહિનીઓ (Brain-nerves), શરીરના રક્ત-કોષો કરોડ (Blood-cells), કરોડરજ્જુ (Spinal Chord) અને છેલ્લે આપણી આસપાસ રહેલ લેશ્યા (Electro-magnetic field) પર શું શું સુંદર અને શુભ અસરો થાય છે ?

નમો શબ્દમાં **'न'** કે **'ण'** જોઇએ ? ગણિતાનુયોગ અને નવકારનો શો સંબંધ છે ? પ્રસ્તાર, ભંગસંખ્યા, નષ્ટઉદિષ્ટ, આનુપૂર્વિ, અનાનુપૂર્વિ, પરિવર્તનાંક ચક્ર. શા માટે અરિહંતાણં ? બીજું વિશેષણ કેમ નહિ ? નમો = ક્રિયા; પંચપરમેષ્ઠિ = જ્ઞાન; ચૂલિકા = કર્મક્ષય (મોક્ષ), સવ્વ શા માટે માત્ર પાંચમા પદમાં ? 'અંત્ય દીપક' નમો શા માટે પાંચ વાર ? આવા તો અનેક પ્રશ્નો મંત્રાધિરાજ વિષે સાધકના મનમાં ઊઠે છે. તેના જવાબ પુસ્તકોમાંથી નથી મળતાં, વ્યક્તિ પાસેથી નથી મળતાં, પણ એક અગાધ અજ્ઞેય (The vast beyond)ની સાધનામાંથી તે જડે છે. આથી જ આ પ્રશ્નોના ઉત્તરો શોધવા જન્મોજન્મનો પુરુષાર્થ જોઇએ છે, સાધના જોઇએ છે. આ એક એક પ્રશ્ન તો આજે આપણી સમક્ષ માત્ર ચિંતનના એક એક મુદ્દારૂપે આવ્યો છે પણ સાધના જ્યારે ફૂલશે અને ફાલશે ત્યારે એક એક ચિંતનનો મુદ્દો જીવંત સત્ય (Living Reality) બનીને આપણી સમક્ષ આવશે. અને આપણે તેમાં ઓતપ્રોત બની જઇશું. આ પ્રશ્નોના ઉત્તરો આપવાનો અધિકાર આપણો ક્યાંથી ?

## મહામંત્ર નવકાર !

- નવનીત છે ચૌદ પૂર્વનું, મહામંત્ર નવકાર;
  અંતરભાવે ભવિ ભજે, પામે સુખ શ્રીકાર.
- દ્વાદશાંગીના સારરૂપ, મહામંત્ર નવકાર;
  તેની ભજના કોઇ'દિ, સફળ નહિ જનાર.
- ચાર કષાય ટાળી કરી, તન-મન શુદ્ધ કરનાર;
  ઉપશમ રસનો કંદ છે, મહામંત્ર નવકાર.
- નાશ કરી સૌ પાપનો, મહામંગલ દેનાર;
  શુદ્ધ શ્રદ્ધાથી માનજો, એ મહામંત્ર નવકાર.
- ઈષ્ટ ફળને આપતો, મહામંત્ર નવકાર,
  અનિષ્ટ સૌ અળગા કરી, શિવપદને દેનાર.
- સર્વ મંત્ર શિરોમણિ, મહામંત્ર નવકાર;
  સારભૂત એ મંત્રનો, જપતા જય જયકાર.
- અનંત ગુણનો વૃંદ છે, મહામંત્ર નવકાર;
  ગુણ તેના ગણતા સદા, કોઇ ન પામે પાર.
- વિકાર બાળે, વિલાસ ટાળે, મહામંત્ર નવકાર;
  સંયમ રોમે રોમે પ્રગટે, જીવનનો શણગાર.
- મન-વાણી-કાયાને સાધે, મહામંત્ર નવકાર;
  આરાધે અંતરમાં જિનને, જીતે આ સંસાર.

# નવકાર મંત્રની દસ વિશેષતાઓ




પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહ

એક વસ્તુ બીજી વસ્તુથી જે ગુણને લીધે જુદી પડે છે, તેને વિશેષતા કહેવામાં આવે છે. આંબા અને લીમડામાં વૃક્ષત્વ સમાન હોવા છતાં તે દરેકને પોતાની વિશેષતા છે અને તેના લીધે જ એક આંબો, તો બીજો લીમડા તરીકે ઓળખાય છે. **અન્ય મંત્રો અને નમસ્કારમંત્રમાં મંત્રત્વ સમાન છે, પણ નમસ્કાર મંત્ર પોતાની અનેકવિધ વિશેષતાઓને કારણે એ બધા મંત્રોમાં જુદો તરી આવે છે.**

નમસ્કાર લોકોત્તર મંત્ર છે, એ એની **પહેલી વિશેષતા** છે. જે મંત્રોનો ઉપયોગ સામાન્ય રીતે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, મોહન, મારણ, રોગનિવારણ કે ધનપ્રાપ્તિ આદિ લૌકિક કાર્યો માટે થાય, તે લૌકિક કહેવાય અને જેનો ઉપયોગ આત્મશુદ્ધિ કે મોક્ષ પ્રાપ્તિ જેવા લોકોત્તર કાર્યો માટે થાય, તે લોકોત્તર કહેવાય. અહીં કદાચ પ્રશ્ન થશે કે, 'નમસ્કારમંત્રનો ઉપયોગ પણ આકર્ષણાદિ કાર્યો માટે થાય છે, તો તેને લૌકિક કેમ ન કહેવાય ?' તેનો ઉત્તર એ છે કે, 'નમસ્કાર મંત્રનું મુખ્ય પ્રયોજન આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ છે, તેથી તે લોકોત્તર જ ગણાય. આકર્ષણાદિ કાર્યો તેના વડે સિદ્ધ થાય છે ખરા, પણ તે એનું મુખ્ય પ્રયોજન નથી.'

વચ્ચે એક કાળ એવો આવી ગયો કે લોકો મંત્રનો આવા કાર્યો માટે ખૂબ ઉપયોગ કરવા લાગ્યા અને એમ કરતાં ધર્મના ધોરી નિયમો પણ ભૂલી ગયા. શાકત, બૌદ્ધ વગેરે મંત્રવાદીઓ દ્વારા પ્રવર્તાયેલા મત્સ્ય, માંસ, મદિરા, મુદ્રા તથા મૈથુન એ પાંચ પ્રકારે તો હાહાકાર મચાવી દીધો અને મંત્ર-તંત્રશાસ્ત્રનું નામ વાયડું કરી નાખ્યું. તેની અસર ઓછા-વતા અંશે આજ સુધી પહોંચે છે. કેટલાક શિક્ષિત લોકોની મંત્ર-યંત્ર-તંત્ર પર મુદલ શ્રદ્ધા બેસતી નથી તેનું કારણ એ છે કે તેની મથરાવટી ખૂબ મેલી પડી ગઇ છે અને તેના નામે એવાં એવાં કાર્યો થયાં છે કે જે આપણને નિતાંત ઘૃણા ઉપજાવે. અહીં સંતોષ લેવા જેટલી વાત એ છે કે નમસ્કારમંત્રના કલ્પો વગેરેમાં આકર્ષણાદિ કાર્યોનું વિધાન ભલે કરેલું હોય, પણ એવાં કાર્યો માટે તેનો ખાસ ઉપયોગ થયો નથી, અથવા તો અતિ અલ્પ પ્રમાણમાં જ થયો છે અને તેણે તેનું લોકોત્તરપણું મહદ્અંશે ટકાવી રાખ્યું છે. તેનું જ એ પરિણામ છે કે આજે પણ લોકોને તેના માટે પરમ શ્રદ્ધા અને આદરની લાગણી છે.

**નમસ્કારમંત્રને લોકોત્તર કહેવાનું એક કારણ એ પણ છે કે તે અરિહંત જેવા લોકોત્તર મહાપુરુષ વડે કહેવાયેલો છે અને ગણધર જેવા લોકોત્તર મહાપુરૂષ વડે શબ્દ સંકલના પામેલો છે.** મંત્રશક્તિમાં યોજકોની શક્તિનો અંશ ઉતરે છે, એ વાત લક્ષ્યમાં લેતા નમસ્કારમંત્રની લોકોત્તરતા વિષે કોઇપણ જાતની શંકા રહેતી નથી. **શ્રી ભદ્રબાહુસ્વામી 'આવશ્યકનિર્યુક્તિ'**માં પંચનમસ્કાર કરવાનો હેતુ સમજાવતાં કહે છે કે :

> मग्गो अविप्पणासो, आयारो विणयया सहायत्तं ।
> पंचविहं नमोक्कारं, करेमि एएहिं हेऊहिं ॥

'માર્ગ, અવિપ્રણાશ, આચાર, વિનય અને મોક્ષ પ્રાપ્તિમાં સહાયકતા આ પાંચ હેતુઓથી હું પાંચ પ્રકારનો નમસ્કાર કરું છું. અહીં 'માર્ગ' થી મોક્ષમાર્ગનું સૂચન છે કે જેનું પ્રવર્તન અરિહંત દેવો વડે થાય છે. અરિહંત દેવોએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યકચારિત્રને મોક્ષનો માર્ગ કહ્યો અને તેને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો, તેથી તેઓ પરમ પૂજ્ય અને પરોપકારી બન્યા અને તે જ કારણે તેમને પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે. અહીં 'અવિપ્રણાશ' શબ્દથી 'અવિનાશિતા' અભિપ્રેત છે કે જેનો ખ્યાલ સિદ્ધ ભગવંતો આપી રહ્યા છે. દેવેન્દ્ર, ચક્રવર્તીઓ વગેરેના પદોનો તથા સુખોનો અંત આવે છે, પણ સિદ્ધ ભગવંતના અનુપમ સુખનો કદી અંત આવતો નથી. તેમનું સુખ સાદિ-અનંત છે, એટલે કે તેનો પ્રારંભ થયો છે, પણ કદી છેડો આવનાર નથી. તેઓ આપણને આ પદે પહોંચવાની પ્રેરણા કરી રહ્યા છે,

તેથી જ તેમને બીજો નમસ્કાર કરવામાં આવે છે.

આ રીતે આચાર્ય ભગવંતોથી આચારની પ્રાપ્તિ થાય છે, ઉપાધ્યાય ભગવંતોથી વિનયની-જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને સાધુ ભગવંતોથી મોક્ષપ્રાપ્તિમાં વિવિધ પ્રકારની સહાય મળે છે, તેથી જ તેમને અનુક્રમે ત્રીજો, ચોથો અને પાંચમો નમસ્કાર કરવામાં આવે છે. **આ પરથી જોઇ શકાશે કે નમસ્કારમંત્ર આત્મશુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિ માટે જ યોજાયેલો છે, તેથી તે લોકોત્તર મંત્રની પૂરી યોગ્યતા ધરાવે છે.** આજ સુધીમાં અનંત આત્માઓએ નમસ્કારમંત્રનો આશ્રય લીધો છે, તે એના લોકોત્તરતાના કારણે જ લીધો છે, એ ભૂલવાનું નથી. **'પંચનમુક્કારફલથુત્ત'** માં કહ્યું છે કે-

> पत्ता पाविस्संती पावंति य परम पयपुरं जे ते ।
> पंचनमुक्कारमहारहस्सं सामत्थजोगेणं ॥

'પરમપદપુર એટલે મોક્ષનગર કે સિદ્ધશિલા. તેને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વ પંચનમસ્કારરૂપી મહારથના સામર્થ્યયોગે જ જાણવું.' આ શબ્દો વાંચ્યા-સાંભળ્યા પછી કોઇને નમસ્કાર મંત્રની લોકોત્તરતા માટે જરાપણ શંકા રહેવી જોઇએ નહી. અન્ય મંત્રોમાં જેમની સાધના કે આરાધના કરવાની છે, તે દેવ-દેવીઓ વિશિષ્ટ શક્તિથી વિભૂષિત હોવા છતાં આખરે તો સંસારી આત્માઓ જ છે, એટલે રાગ, દ્વેષ, સ્પૃહા આદિથી યુક્ત હોય છે, જ્યારે નમસ્કારમંત્ર વડે જેમની આરાધના થાય છે, એ પંચપરમેષ્ઠિ વીતરાગી અને નિઃસ્પૃહી છે. તેમની અચિંત્ય શક્તિ આગળ દેવ-દેવીઓની શક્તિ કંઇ વિસાતમાં નથી. આને આપણે નમસ્કારમંત્રની **બીજી વિશેષતા** કહી શકીએ.

અહીં કોઇ એમ માનતું હોય કે દેવ-દેવીઓ કરતાં અધિક શક્તિ પહેલા બે પરમેષ્ઠિઓમાં સંભવી શકે, પણ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુઓમાં સંભવી શકે નહિ, તો એ માન્યતા સુધારવા જેવી છે. **'શ્રીદશવૈકાલિકસૂત્ર'** ના પ્રારંભમાં કહ્યું છે કે–

> धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
> देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥

(અહીં સાધુધર્મનો અધિકાર છે, એટલે તેનો સંબંધ સાધુ સાથે જોડવાનો છે.) જે સાધુઓ અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મને ઉત્કૃષ્ટ મંગલરૂપ માને છે અને તે ધર્મમાં જ-તે ધર્મના પાલનમાં જ સદા પોતાનું મન જોડાયેલું રાખે છે, તેમને દેવો પણ નમે છે.

અહીં વિચારવાનું એ છે કે જો ધર્મનિષ્ઠ સાધુઓ શક્તિ અને સામર્થ્યમાં ચડિયાતા હોય તો જ દેવો એમને નમે કે એમને એમ નમે ? જો અહીં એમ કહેવામાં આવે કે તેમની પૂજ્યતા પ્રકટ કરવા માટે દેવો આ પ્રમાણે નમે, તો પૂજ્યતા એમને એમ પ્રાપ્ત થતી નથી. જ્યારે આત્માની શક્તિનો પરમ પ્રકાશ લાધે છે, ત્યારે જ પૂજ્યતા પ્રકટે છે, એટલે દેવો તેમને પરમ શક્તિમાન કે સામર્થ્યવાન માનીને જ તેમને નમે છે. અહીં એ પણ સ્પષ્ટ થવાની જરૂર છે કે અહિંસા શક્તિ, સંયમશક્તિ તથા તપશક્તિ એ કોઇ નાની શક્તિઓ નથી. એ અખિલ બ્રહ્માંડને ડોલાવી શકે છે અને દેવ-દેવીઓને પણ કાન પકડાવી શકે છે. તાત્પર્ય કે આચાર્યાદિ અન્ય ત્રણ પરમેષ્ઠિમાં પણ દેવ-દેવીઓ કરતાં અધિક શક્તિ સંભવે છે.

હજી પણ એક વસ્તુ પાઠકોના ધ્યાનમાં લાવવાની રહી. એકલા અરિહંત, એકલા સિદ્ધ, એકલા આચાર્ય, એકલા ઉપાધ્યાય કે એકલા સાધુની શક્તિ જ્યારે આ પ્રમાણે દેવ-દેવીઓ કરાતં અધિક છે, ત્યારે એ પાંચેનો સમવાય થતાં એ શક્તિનું પ્રમાણ કેટલું વધી જાય ? આ વિશ્વમાં કોઇ મંત્ર એવો નથી કે જેમાં આ રીતે પાંચ મહાન શક્તિઓ એકી સાથે કામ કરતી હોય એટલે નમસ્કારમંત્રની આ વિશેષતાનો સ્વીકાર કરવો જ રહ્યો.

અન્ય મંત્રો કામના કરવાથી એટલે કે વિશિષ્ટ સંકલ્પ આદિ કરવાથી ઘણા પ્રયત્ને ફલદાયી થાય છે, જ્યારે નમસ્કાર મંત્ર નિષ્કામ ભાવે જપવા છતાં અલ્પ પ્રયાસે ફલદાયી થાય છે અને તે સાધકની સર્વ કામનાઓ પૂરી કરે છે. આ તેની **ત્રીજીવિશેષતા** સમજવી. કહ્યું છે કે–

> इक्को वि नमुक्कारो, परमेट्ठीणं पगिट्ठी भावाओ ।
> सयलं किलेसजालं, जलं व पवणो पणुव्वेइ ॥

'પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠિઓને કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાખે, તેમ સકલ કલેશજાલને છેદી નાખે છે.'

અહીં કલેશજાલથી આત્માને કલેશ ઉપજાવે તેવાં સર્વ પ્રકારનાં કષ્ટો, તેવી સર્વ પ્રકારની ચિંતાઓ તથા તેનો કારણભૂત એવો કર્મસમૂહ સમજવાનો છે. અન્ય મંત્રોમાં કોઇને કોઇ દેવ તેનો અધિષ્ઠાયક હોય છે અને તે વશ થાય કે પ્રસન્ન થાય, તો જ એ મંત્ર સિદ્ધ થયો ગણાય છે. તાત્પર્ય કે ત્યાર પછી જ તે પોતાનું ફળ આપે છે, પરંતુ એ દેવોને વશ કરવાનું કે પ્રસન્ન કરવાનું કામ સહેલું હોતું નથી. અનેક પ્રકારના અટપટા ઉપાયો કામે લગાડ્યા પછી કે કઠિન અનુષ્ઠાનો કર્યા પછી જ તેમાં સફળતા મળે છે. તેમાં ભયસ્થાનો પણ ઘણાં રહેલાં છે. કંઇ ફેર થયો કે આડું પડ્યું તો સાધક પોતાનો પ્રાણ ગુમાવે છે અથવા અન્ય કષ્ટ ભોગવે છે. અથવા ચિત્તભ્રમ આદિનો ભોગ બનીને ખૂવાર થાય છે, પરંતુ નમસ્કારમંત્રનો કોઇ એક અધિષ્ઠાયક દેવ નથી. વધારે સ્પષ્ટ કહીએ તો તેનો અધિષ્ઠાયક દેવ થઇ શકે એમ નથી. સમ્યકત્વધારી અનેક દેવો તેના સેવક થઇને રહેલા છે અને તે અનન્ય ભાવે આરાધના કરનારના સર્વ મનોરથો પૂરા કરે છે. આને નમસ્કારમંત્રની **ચોથી વિશેષતા** સમજવી જોઇએ. લોકોત્તર વસ્તુઓનું આકર્ષણ કરવું, એ નમસ્કાર મંત્રની **પાંચમી વિશેષતા** છે. તે અંગે કહ્યું છે કે–

> आकृष्टिं सुरससम्पदां विदधति मुक्तिश्रियो वश्यता-
> मुच्चाटं विपदां चर्तुगति भुवां विद्वेषमात्मैनसाम् ।
> स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्स संमोहनं,
> पायात् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽऽराधना देवता ।।

'તે પંચપરમેષ્ઠિ નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા તમારું રક્ષણ કરો કે જે સુખસંપદાઓનું આકર્ષણ કરે છે. મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચાર ગતિમાં થનારી વિપત્તિઓનું ઉચ્ચાટન કરે છે, આત્માના પાપો પ્રત્યે વિદ્વેષણ કરે છે, દુર્ગતિ પ્રત્યે ગમન કરવાને પ્રયત્ન કરતા જીવોનું સ્તંભન કરે છે, એટલે કે તેમને અટકાવે છે અને જે મોહનું પણ સંમોહન કરે છે, એટલે કે તેને મુંઝવે છે.'

અન્ય મંત્રો ઉચ્ચારણમાં ક્લિષ્ટ કે કઠિન હોય છે, તેમજ અત્યંત ગૂઢાર્થવાળા હોય છે, ત્યારે નમસ્કારમંત્ર ઉચ્ચારણમાં સરળ છે અને તેના અર્થ પણ અતિ સ્પષ્ટ છે, તેથી બાળકથી માંડીને વૃદ્ધ પર્યંત સહુ કોઇ તેને સરળતાથી બોલી શકે છે તથા તેનો અર્થ સમજી શકે છે. આ તેની **છઠ્ઠી વિશેષતા** છે. નમસ્કારમંત્રની **સાતમી વિશેષતા** એ છે કે પ્રણવ (ૐકાર), હ્રીં કાર, અર્હં વગેરે શક્તિશાળી બીજો તેમા છૂપાયેલાં છે. અને એથી જ એક પ્રાચીન ગાથામાં કહેવાનું છે કે-

> पणवहरियारिहा इअ मंतह बीआणि सप्पहावाणि ।
> सव्वेसिं तेसिं मूलो, इक्को नवकारवरमंतो ।।

અર્થાત્ નમસ્કાર એ અતિ ઉચ્ચ કોટિનો મંત્ર હોવાથી જ તેને **'વરમંત્ર'**, **'પરમમંત્ર'** અને **મહામંત્ર** કહેવામાં આવ્યો છે. ઉપરોક્ત ગાથા જ તેના પ્રમાણરૂપ છે. નમસ્કારમંત્ર સર્વ મંત્રોનું ઉત્પત્તિસ્થાન છે, એ જ એની **સાતમી વિશેષતા** છે. '**सर्वमन्त्ररत्नानामुत्पत्याकरस्य**' એ શબ્દ વડે આ વસ્તુ સૂચિત કરવામાં આવી છે.

અન્ય મંત્રોમાં **નમોઃ** કે **નમઃ** પદ આગળ કે પાછળ એક અથવા બે વાર આવેલું હોય છે, પણ નમસ્કારમંત્રમાં **નમો** પદ પાંચ વાર આવેલું છે, એ તેની **આઠમી વિશેષતા** છે. આ **નમઃ** પદ ધર્મશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર તથા તંત્રશાસ્ત્રની દૃષ્ટિએ ઘણું મહત્વનું છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ એ વિનયનું પ્રતીક છે, મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ એ શોધનબીજ છે, એટલે શરીર, મન અને આત્માની શુદ્ધિ કરનારું છે તથા તંત્રદૃષ્ટિએ એ શાંતિક-પૌષ્ટિક ક્રિયાનો સંકેત કરનારું છે, એટલે તેનાથી સર્વ ઉપદ્રવોની શાંતિ હોય છે અને ધન-ધાન્યાદિની વૃદ્ધિ થાય છે. નમસ્કારમંત્રની **નવમી વિશેષતા** એ છે કે તેનું ઉચ્ચારણ કરતાં અડસઠ તીર્થની યાત્રા થઇ જાય છે. તેનો એક અક્ષર એક તીર્થ બરાબર છે, એ રીતે અડસઠ અક્ષરો અડસઠ તીર્થ બરાબર ખરા કે નહિ ?

**નમસ્કારમંત્રની આ વિશેષતાઓ પર સાધકે અવશ્ય મનન કરવું જોઇએ.**

◆ ◆ ◆ ◆




ત્રણ લોકમાં જેનો અચિંત્ય મહિમા ગવાયો છે એવા અત્યંત પ્રભાવશાળી નવકાર મંત્રને લોકોના દુ:ખોને દૂર કરનારો અને સુખોને ઉત્પન્ન કરનારો સર્વશ્રેષ્ઠ મહામંત્ર માનવામાં આવ્યો છે.

નવકાર મંત્રની સાધના કરનાર સાધક **અષ્ટસિદ્ધિ** એટલે કે **આઠ પ્રકારની સિદ્ધિ** પ્રાપ્ત કરી શકે છે તેમ આપણા ધર્મશાસ્ત્રોમાં દર્શાવાયું છે. નવકાર મંત્રનો મહિમા ગાતા તેથી જ કહેવાયું છે કે-**'આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતાર...'**

નવકાર મંત્રની સાધનાથી પ્રાપ્ત થતી આ આઠ સિદ્ધિઓ આ પ્રમાણે છે.

(૧) નવકાર મંત્રના `नमो' પદમાં अणिमा નામની સિદ્ધિ રહેલી છે. આ **અણિમા સિદ્ધિ** એટલે શરીરને અતિ નાનુ બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો સોયના નાકામાં પણ પ્રવેશ કરી શકે તેવી નાની કાયા બનાવી શકે છે.

(૨) નવકાર મંત્રના `अरिहंताणं' પદમાં `महिमा' નામની સિદ્ધિ રહેલી છે. આ **મહિમા સિદ્ધિ** એટલે શરીરને અતિ મોટું બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો મેરુ પર્વત જેવડું મોટી શરીર બનાવી શકે છે.

(૩) નવકાર મંત્રના `सिद्धाणं' પદમાં गरिमा નામની સિદ્ધિ રહેલી છે. આ **ગરિમા સિદ્ધિ** એટલે શરીરને અતિ ભારે બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો પોતાના શરીરને પહાડ જેટલું વજનદાર બનાવી શકે છે.

(૪) નવકાર મંત્રના `आयरियाणं' પદમાં लघिमा નામની સિદ્ધિ રહેલી છે. આ **લઘિમા સિદ્ધિ** એટલે શરીરને અતિ હલકુ બનાવી દેવાની સિદ્ધિ. આ સિદ્ધિવાળો પોતાના શરીરને પવનથી પણ હલકુ બનાવી શકે છે.

(૫) નવકાર મંત્રના `उवज्झायाणं' પદમાં प्राप्ति નામની સિદ્ધિ રહેલી છે. આ **પ્રાપ્તિ સિદ્ધિ** એટલે પૃથ્વી પર ઉભા ઉભા જ મેરુ પર્વતના શૃંગને સ્પર્શ કરી શકે તેવી સિદ્ધિ. કેટલાક એમ માને છે કે આ સિદ્ધિથી અહીં બેઠાં ચંદ્રમાને સ્પર્શ કરી શકાય છે.

(૬) નવકાર મંત્રના `सव्वसाहूणं' પદમાં प्राकाम्य નામની સિદ્ધિ રહેલી છે. આ **પ્રાકામ્ય સિદ્ધિ** એટલે ભૂમિમાં પણ જળની જેમ ઉન્મજ્જન-નિમજ્જન કરવાની સિદ્ધિ.

(૭) નવકાર મંત્રના `पंच्चनमुक्कारो' પદમાં इशित्व નામની સિદ્ધિ રહેલી છે. આ **ઇશિત્વ સિદ્ધિ** એટલે ચક્રવર્તી તથા ઇન્દ્રની ઋદ્ધિ વિસ્તારવાની સિદ્ધિ.

(૮) નવકાર મંત્રના `मंगलाणं' પદમાં वशित्व નામની સિદ્ધિ રહેલી છે. આ **વશિત્વ સિદ્ધિ** એટલે ગમે તેવા ક્રુર જંતુઓને પણ વશ કરવાની સિદ્ધિ.

`नमो' પદનો અર્થ નમવું અથવા તો નમ્રતા ધારણ કરવી તેવો થાય છે. નમો એ મનોવૃત્તિનો ધર્મ છે. નમવાની મનોવૃત્તિ સર્વથા સૂક્ષ્મ મનાયેલી છે તેથી `नमो' પદનું ધ્યાન अणिमा સિદ્ધિ પ્રાપ્ત કરાવી શકે છે.

`अरिहंताणं 'પદનો અર્થ છે જેઓ પૂજા અને પ્રશંસા કરવા યોગ્ય છે તે **અરિહંત પરમાત્મા.** અહીં પૂજા અને પ્રશંસાનો હેતુ અરિહંતોનું મહત્ત્વ અને મહિમા છે. એવા મહિમાથી યુક્ત અરિહંતોનું ધ્યાન ધરવાથી महिमा સિદ્ધિની પ્રાપ્તિ થઇ શકે છે.

જેઓ કામ, ક્રોધ, દ્વેષ આદિ અંતરંગ શત્રુઓનો વિનાશ કરે છે તેઓ **અરિહંત** કહેવાય છે. શત્રુઓનું દમન અથવા નાશ કરવો એ મહત્ત્વનું કાર્ય છે. એવું મહત્ત્વનું કાર્ય કરનાર શ્રી અરિહંતોનું ધ્યાન કરવાથી महिमा સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.

`सिद्धाणं' એ પદ ગુરુ માત્રાઓથી બનેલું છે અને પોતાના સ્વરૂપથી જ ગુરુભાવ એટલે ગરિમાનો સૂચક છે. તેથી તેનું ધ્યાન અથવા જાપ गरिमा સિદ્ધિની પ્રાપ્તિ કરાવી

શકે છે. સિદ્ધિપદ એટલે મોક્ષ. મોક્ષમાં ગયેલા જીવો સિદ્ધ કહેવાય છે. સિદ્ધિપદ બધાથી મોટું છે તેથી સિદ્ધિપદમાં સ્થિર થયેલ મહાત્માઓના ધ્યાનથી गरिमा સિદ્ધિની પ્રાપ્તિ થઇ શકે છે.

`आयरियाणं' એ પદમાં આચાર્યોને ઉદ્દેશીને કહેવાયું છે કે આચાર્યોનો એ સ્વભાવ છે કે ઉપદેશ વગેરે દ્વારા બીજાઓને પ્રતિબોધ કરવો. તેથી લોકમાં રહેલ ઉપદેશ્ય વર્ગ તરફ તેઓ સદૈવ લાઘવ સ્વભાવથી જોનારા છે. લાઘવ સ્વભાવથી જોનાર આચાર્યોના ધ્યાનથી लघिमा સિદ્ધિની પ્રાપ્તિ થઇ શકે છે. આચાર્યો સમસ્ત જગતને શિક્ષા-શિક્ષણ દેવાવાળા છે અને તેઓની આગળ સમસ્ત જગત લઘુ એટલે કે શિક્ષા-શિક્ષણ લેવા યોગ્ય છે. આચાર્યોનું શિક્ષાદાનપણું તેઓને ગુરુ માનવાથી તથા જગતનું શિક્ષા ગ્રહણપણું પોતાને લઘુ માનવાથી સંભવી શકે છે. આચાર્યોનું આરાધન લઘુભાવને જ હૃદયમાં રાખીને થઇ શકે છે. તેથી `आयरियाणं' પદના ધ્યાન અને જાપથી `लघिमा' સિદ્ધિની પ્રાપ્તિ થઇ શકે છે.

`उवज्झायाणं' પદ ઉપાધ્યાયનો નિર્દેશ કરે છે. જેઓની પાસે રહીને શિષ્યો અધ્યયન કરે છે તેઓને ઉપાધ્યાય કહેવામાં આવે છે. જેઓ સાધુઓને સિદ્ધાંતનું અધ્યયન કરાવે છે અને જેમના સાન્નિધ્યમાં રહેવાથી શ્રુતનો લાભ થાય છે તેઓને ઉપાધ્યાય કહેવામાં આવે છે. આ રીતે આરાધનારૂપે સામીપ્યકરણથી શ્રુતનો લાભ કરાવનાર `उवज्झायाणं' પદના ધ્યાન અને જાપથી `प्राप्ति' નામની સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.

`सव्वसाहूणं' પદમાં સાધુ ભગવંતોની વાત છે. સાધુ ભગવંતોને કોઇપણ જાતની કામના હોતી નથી. તેઓ હંમેશા પૂર્ણ ઇચ્છાવાળા હોય છે. પૂર્ણકામ હોવાના કારણે તેઓનું ધ્યાન કરનારને `प्राकाम्य' સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે.

`पंच्चनमुक्कारो' શબ્દનો અર્થ પંચ પરમેષ્ઠિને નમસ્કાર થાય છે. સર્વથી શ્રેષ્ઠ એવા સ્થાન પર સ્થિત થનારા, સર્વોત્તમ સ્થાન પર રહેનારા એ પંચ પરમેષ્ઠિ આપણા સર્વના ઇશ છે, સ્વામી છે. એથી ઇશ સ્વરૂપ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાથી તેમનું ધ્યાન અને જાપ કરવાથી `इशित्व' નામની સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે.

`मंगलाणं' પદનો અર્થ છે મંગલરૂપ. આ સંસારમાં ધર્મ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે એથી `मंगलाणं' પદનાં ધ્યાનથી ધર્મનું ધ્યાન અને આરાધના થાય છે. ધર્મની આરાધનાના પ્રતાપે દેવતાઓ પણ વશીભૂત થઇને સાધકોને પ્રણામ કરે છે. તો પછી અન્ય પ્રાણીઓ વશીભૂત થાય તેમાં આશ્ચર્ય શું ? એથી `मंगलाणं' પદનો જાપ `वशित्व' સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે.

જેનાથી અભિષ્ટ ફળની પ્રાપ્તિ થાય તેનું નામ મંગળ છે. મનુષ્યના અભિષ્ટની સિદ્ધિ ત્યારે જ થઇ શકે કે જ્યારે તેના સંબંધમાં આવનાર સર્વ પ્રાણી તેને અનુકૂળ હોય. સર્વ પ્રાણીનું અનુકૂળ હોવું તેનું નામ જ `वशित्व' છે અને તેથી मंगलाणं પદનું ધ્યાન वशित्व સિદ્ધિને પ્રાપ્ત કરાવી શકે છે.

આમ નવકાર મંત્રની આઠ સિદ્ધિઓ કઇ છે અને તેની પ્રાપ્તિ કઇ રીતે થઇ શકે છે તેનું સંક્ષિપ્ત વિવરણ આપણે જોયું. એક વાત ખાસ લક્ષ્યમાં રાખવા જેવી છે કે નવકાર મંત્રની આ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સાધકનું હૃદય વિશ્વમૈત્રીથી ભરપૂર હોય છે એટલે તે જગતના કોઇ પણ પ્રાણીને પોતાનો વૈરી કે દુશ્મન ગણતો નથી અને તેથી તેના ઉપર કોઇ વિઘાતક પ્રયોગ અજમાવતો નથી. એ તો તેનું પણ કલ્યાણ થાઓ એમ જ ઇચ્છે છે. આમ છતાં ધર્મ કે શાસનરક્ષાના વિકટ પ્રસંગે કોઇ પ્રયોગ કરવાની જરૂર જ પડે તો તે નિષ્કામભાવે કરે છે અને તે પ્રયોગ કરવા માટે પ્રાયશ્ચિત પણ ગ્રહણ કરે છે.

## પદો–સંપદા–અક્ષરો

- નવકારના પદો નવ છે.
- નવકારની સંપદાઓ આઠ છે.
- પ્રથમ પાંચ પદોના અક્ષરો પાંત્રીસ છે.
- ચૂલિકાના ચાર પદોના અક્ષરો તેત્રીશ છે.
- સંપૂર્ણ નવકારના અક્ષરો અડસઠ છે.

# નમસ્કાર મંત્રમાં ઉચ્ચાર શુદ્ધિ

**પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ સાહેબ**

**નવકાર મંત્ર એ આપણો મહામૂલો મંત્ર છે. પ્રસ્તુત લેખમાં પૂજ્યશ્રીએ નવકાર મંત્ર શુદ્ધ કંઇ રીતે બોલી શકાય તેનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે. સુજ્ઞ વાચકોને આ લેખ ગમશે જ. અને એથીય મહત્વની વાત તો એ છે કે આ લેખ વાંચી તેઓ આ મહામંત્ર બોલતી વખતે પોતાની કોઇ અશુદ્ધિ રહી જતી હોય તો તે સુધારી લેવાનો અવશ્ય પ્રયત્ન કરશે. —સંપાદક**

**(૧) નમો અરિહંતાણં :** પ્રથમ **'નમો'** પદ બોલ્યા પછી **'અ'**નો સ્પષ્ટ ઉચ્ચાર થાય એ રીતે **'અરિ'**બોલવું. **'નમોરિ'** એવો ખોટો ઉચ્ચાર ન થઇ જાય એની સાવધાની રાખવી.

**'અરિ'** બોલ્યા પછી **'હ'** ઉપર બરાબર ભાર દઇને **'હંતાણં'** બોલવું. વર્ગીય વ્યંજન પૂર્વે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન સ્પષ્ટ થાય એ રીતે શબ્દની અંદર રહેલા અનુસ્વાર (●) સ્પષ્ટ બોલવા. દા.ત., **અરિહન્તાણં, પઞ્ચ, મઙ્ગલાણઞ્ચ.**

**'હંતાનં'** એવું અશુદ્ધ બોલવું નહિ. **'હંતાણં'**નો છેલ્લો અક્ષર **'ણં'** બોલતી વખતે બે હોઠ ભેગા કરવા. જ્યાં જ્યાં શબ્દના છેલ્લા અક્ષર ઉપર અનુસ્વાર આવે ત્યાં ત્યાં સર્વત્ર બે હોઠ ભેગા કરવા. અક્ષરના માથે મુકાતા મીંડાને **'અનુસ્વાર'** કહેવાય છે. **(અરિ-હન્તાણમ્)**

**(૨) સિદ્ધાણં :** આમાંના જોડાક્ષર **'દ્ધા'** **(દ્ + ધા)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રથમ **'સિ'** ઉપર ભાર દઇને **'સિદ્'** બોલ્યા પછી તરત **'ધાણં'** બોલવું. જોડાક્ષર (સંયુક્ત વ્યંજન)નો પૂર્વનો અડધો (ખોડો) અક્ષર બોલ્યા પછી, પછીના પૂર્ણ અક્ષરથી બોલવાની શરૂઆત કરાય. આ વાત સામાન્યથી સર્વત્ર સમજી લેવી. **(સિદ્-ધાણમ્)**

**(૩) આયરિયાણં :** વચમાં અટક્યા વિના આ આખું પદ સાથે જ બોલવું. **'યાણં'**ને બદલે **'આણં'** એવું અશુદ્ધ બોલવું નહિ. આ પદમાંનો એકે એક અક્ષર છૂટો ને સ્પષ્ટ બોલવો. **'આરિયાણં'** એવું અશુદ્ધ ન બોલાઇ જાય એની સાવધાની રાખવી.

**(૪) ઉવજ્ઝાયાણં :** આમાંના જોડાક્ષર **'જ્ઝા'** **(જ્ + ઝા)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'વ'** ઉપર ભાર આવે એ રીતે **'ઉ-વજ્'** બોલ્યા પછી તરત **'ઝાયાણં'** બોલવું. **(ઉ-વજ્-ઝાયાણમ્).**

**'મજ્ઝ'** શબ્દમાં રહેલા જોડાક્ષર **'જ્ઝ'**માંના **'જ્'** અને **'ઝ'** બંને તાલવ્ય હોવાથી બંનેનું ઉચ્ચારણ તાળવાની મદદથી થાય છે, પરંતુ પૂર્વના **'જ'**નું શુદ્ધ ઉચ્ચારણ ઉપરના દાંતના પાછળના ભાગે જીભનો સ્પર્શ થવાથી થાય છે, જ્યારે પછીના **'ઝ'**નું શુદ્ધ ઉચ્ચારણ જીભનો વચ્ચેનો ભાગ ઊંચો થઇને તાળવે ચોંટવાથી થાય છે.

**'મજ્ઝ'** શબ્દમાં તો જોડાક્ષર **'જ્ઝ'** પછી **'અ'** સ્વર આવે છે, પણ જો **'ઉ'** સ્વર આવતો હોય (દા.ત. **'જ્ઝુ'**) તો એના ઉચ્ચારણ વખતે જીભ તાળવામાં થોડીક પાછળ ખસે છે. વ્યંજન પછીના સ્વરનો પણ પ્રભાવ વ્યંજનના ઉચ્ચાર ઉપર પડે છે.

**'જ્-ઝ'**ના ઉચ્ચારણ સ્થાનના ભેદની આ વાત ઉચ્ચારણ શુદ્ધિમાં સહાયક હોવાથી ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

શુદ્ધ ઉચ્ચારો શીખવા-શીખવવા માટે **'ઉ-વજ્-ઝાયાણં'** એમ ત્રણ વિભાગ કરીને બોલાય, પણ સૂત્ર બોલતી વખતે આખો શબ્દ સાથે જ બોલાય. વાસ્તવમાં એક આખા શબ્દનું અખંડ ઉચ્ચારણ થવું જોઇએ.

**(૫) સવ્વ-સાહૂણં :** આમાંના જોડાક્ષર **'વ્વ'** **(વ્ + વ)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'સ'** ઉપર ભાર દઇને **'સવ્'** બોલ્યા પછી **'વ'** બોલવો અને પછી તરત **'સાહૂણં'** બોલવું.

**(સવ્-વ-સાહૂ-ણમ્)**

**'સાહૂણં'** શબ્દના **'હૂ'**માં દીર્ઘ ઉકાર છે. હ્રસ્વ સ્વરની ૧ માત્રા અને દીર્ઘ સ્વરની ૨ માત્રા હોવાથી દીર્ઘ સ્વર સહેજ લંબાવીને બોલાય. સહેજ લંબાવીને **'હૂ'** બોલ્યા પછી તરત **'ણં'** બોલવું. જેમ કે, **સાહૂ-ણં. 'હૂ'** પછી જે નાની લીટી (ડેશ) છે તે **'ણં'** અક્ષરને છૂટો પાડવા માટે નથી, પણ દીર્ઘ સ્વરને સહેજ લંબાવીને બોલાય એવું સમજાવવા માટે છે. આ પ્રમાણે આગળ પણ સર્વત્ર સમજી લેવું. સ્વરમાત્રા એટલે સ્વરના ઉચ્ચારણમાં લાગતો સમય. **'સવસાહૂણં'** કે **'સવસાહૂણાં' (બે 'વ્વ'**ને બદલે એક **'વ'** અને **'ણં'** ને બદલે **'ણાં'**) એવું અશુદ્ધ ન બોલાઇ જાય એની સાવધાની રાખવી.

(૬) **નમુક્કારો :** આમાંના જોડાક્ષર **'ક્કા' (ક્ + કા)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'મુ'** ઉપર ભાર આવે એ રીતે **'ન-મુક્'** બોલ્યા પછી તરત **'કારો'** બોલવું. **(ન-મુક્-કારો)**

(૭) **સવ્વ-પાવપ્પણાસણો :** આમાંના **'સવ્વ'** શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ કલમ ૫ માં બતાવ્યા પ્રમાણે કરવું. આમાંના જોડાક્ષર **'પ્પ' (પ્ + પ)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે એની પૂર્વના **'વ'** ઉપર ભાર આવે એ રીતે **'પા-વપ્'** બોલ્યા પછી તરત **'પણાસણો'** બોલવું. **(સવ્-વ-પા-વપ્-પણાસણો) 'પાવ-પણાસણો'** એવું અશુદ્ધ બોલવું નહિ.

(૮) **સવ્વેસિં :** આમાંના જોડાક્ષર **'વ્વે' (વ્ + વે)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'સ'** ઉપર ભાર દઇને **'સવ્'** બોલ્યા પછી તરત **'વેસિં'** બોલવું. **(સવ્-વેસિમ્) 'સવ્વેસં'** (**'સિં'**ને બદલે **'સં'**) એવું અશુદ્ધ બોલવું નહિ.

(૯) **હવઇ :** આ શબ્દમાં અંતે રહેલો **'ઇ'** સ્વર હ્રસ્વ હોવાથી હ્રસ્વ જ લખાય અને હ્રસ્વ જ બોલાય. હ્રસ્વ **'ઇ'**ના સ્થાને દીર્ઘ **'ઈ'** લખાય પણ નહિ અને બોલાય પણ નહિ.

(૧૦) **મંગલં :** આ શબ્દના અંતે રહેલા **'લ'** ઉપર પ્રાકૃત ભાષાના નિયમાનુસાર અનુસ્વાર (ઘનબિંદુ) જ લખાય. અનુસ્વારને બદલે **'મ' (મંગલમ્)** પ્રાકૃતમાં લખાય નહિ. **'મંગલં'** શબ્દમાં **'લ'**ને બદલે **'ળ' (મંગળં)** લખાય પણ નહિ અને બોલાય પણ નહિ.

◆ ◆ ◆

## પૂર્ણયોગ નવકાર

### પૂ. આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબ

- નવકારમાં તીર્થ, તીર્થંકર અને તીર્થંકરનો માર્ગ આ ત્રણેય છે. પ્રભુએ આપવા જેવું બધું જ આપી દીધું. શું બાકી રહ્યું ? કેટલો ઉપકાર...
- નવકાર યાત્રા શોભાયાત્રા નહી, શોધન યાત્રા છે. સંસ્કાર, સમૃદ્ધિ, સદ્‌ગુણ, સદાચાર, સ્વાસ્થ્ય અને સમાધિની યાત્રા છે.
- ચિત્ત ન લાગતું હોય તો ઉચ્ચારપૂર્વક નવકાર બોલો, વાંચો, નિર્વિકલ્પ રૂપે ગણો. સાક્ષાત્ અરિહંત પરમાત્મા સાથે જોડાણ થશે.
- ડૉક્ટર રોગને બહાર કાઢે, તેમ નવકારના અક્ષરો વિભાવને દૂર કરે છે, આઠેય કર્મોને દૂર કરે છે.
- આ નવકારમાં યોગીઓનો યોગ, ધ્યાનીઓનું ધ્યાન, જ્ઞાનીઓનું જ્ઞાન, ભક્તોની ભક્તિ અને આરાધકોની આરાધના સમાવિષ્ટ છે.
- મંત્ર તેને જ ફળે છે જેનું હૃદય મંત્ર અને મંત્રદાતા પર વિશ્વાસ ધરાવતું હોય. નવકારમાં પ્રભુની તાકાત જોવા શ્રદ્ધાની આંખ જોઇએ. ચામડાની આંખથી અક્ષરો સિવાય કશું જ નહિ દેખાય.
- નવપદની આરાધનાથી કર્મ ખપ્યા કે નહી ? તે શી રીતે ખબર પડે ? કર્મ ઓછાં થવાની નિશાની કષાય હ્રાસ છે. કષાયો ઘટતાં જાય, આવેશ મંદ પડતો જાય, મન પ્રસન્ન રહે એ કર્મો ઘટ્યાની નિશાની છે. ખેદ, સંકલેશ, ગુસ્સો, આવેશ, વિહ્‌વળતા વગેરે વધતાં જાય તો સમજવું કર્મ વધી રહ્યા છે.
- ત્રણે કાળમાં નવકાર મંત્ર શાશ્વત છે. દુનિયામાં બધા શબ્દો ફરે પણ નવકાર મંત્રના શબ્દો ત્રણે કાળમાં ફરે નહીં.

# નવકાર મંત્રનો ઉચ્ચારણ વિધિ

પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ સાહેબ

વૈદિક મંત્રોની ઉચ્ચારણ પદ્ધતિ ચોક્કસ પ્રકારની છે. અને તે બરાબર જળવાઇ રહે તે માટે નીચેના ક્રમને અનુસરવામાં આવે છે. પ્રથમ કેવલ મંત્રોચ્ચાર શીખવવામાં આવે છે, જેને સંહિતા-પાઠ કહેવામાં આવે છે. પછી પદચ્છેદપૂર્વક મંત્ર-પાઠ શીખવવામાં આવે છે, જેને પદ-પાઠ કહેવામાં આવે છે. પછી બે પદો બોલવાં, બે પદો છોડી દેવાં, પછીનાં બે પદો બોલવા અને પછીનાં બે પદો છોડી દેવાં. એ રીતે જે પાઠ શીખવવામાં આવે છે, તેને ક્રમ-પાઠ કહેવામાં આવે છે. આ ત્રણે રીતે પાઠ લેવાથી તેમાંના દરેક શબ્દો બરાબર યાદ રહે છે અને તેના ઉચ્ચાર વિધિમાં ફેર પડતો નથી. પછી જટા, રેખા, શિખા, માળા, ધ્વજ, દંડ, રથ અને ધન એ આઠ પ્રક્રિયાઓથી એ મંત્ર બોલતાં શિખવાય છે અને તેમાં અનુક્રમે, ઉત્ક્રમ, વ્યુત્ક્રમ, અભિક્રમ અને સંકમ એ પંચસંધિનો પ્રયોગ કરવામાં આવે છે, તેથી એ મંત્ર સ્મરણપટમાં શુદ્ધ સ્વરૂપે સદાને માટે જળવાઇ રહે છે. આવી કોઇ પદ્ધતિ જૈન-સૂત્રોનાં ઉચ્ચાર કરવા માટે અસ્તિત્વમાં હતી કે કેમ ? તે આપણી સામે પ્રશ્ન છે અને તેનો ઉત્તર અહીં આપવામાં આવે છે.

જૈન ધર્મનો પ્રથમ આચાર જ્ઞાનપ્રાપ્તિનો છે અને તેના માટે જે આઠ નિયમો ઘડવામાં આવ્યા છે, તેમાંના છઠ્ઠા નિયમમાં એવું સ્પષ્ટ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સૂત્રના દરેક વર્ણનો ઉચ્ચાર શુદ્ધ કરવો. તાત્પર્ય કે જેઓ સૂત્રપાઠ અશુદ્ધ બોલે છે, તે જ્ઞાનાચારનો ભંગ કરે છે અને તેથી દોષપાત્ર થાય છે.

સૂત્ર-જ્ઞાન આપવા માટે જૈન શાસ્ત્રકરોએ છ અંગ માનેલાં છે, તે આ પ્રમાણે : (૧) સંહિતા એટલે તેનો ઉચ્ચારવિધિ શીખવવો. (૨) પદ એટલે સૂત્રના પદો જુદાં પાડી બતાવવાં. (૩) પદાર્થ એટલે દરેક પદનો અર્થ શીખવવો. (૪) પદ-વિગ્રહ એટલે સામાસિક પદોને છૂટાં પાડી બતાવવાં. (૫) ચાલના એટલે અર્થ સંબંધી પ્રતિકૂળ તર્ક કરવો. (૬) પ્રત્યવસ્થાન એટલે તે તર્કનો ઉત્તર આપવો. અને જે અર્થ શીખવ્યો છે, તે તે બરાબર છે એમ સિદ્ધ કરી આપવું. એટલે કોઇ એમ માનતું હોય કે જૈન-સૂત્રો તો ગમે તેમ બોલી શકાય, કારણ કે તે માટે ચોક્કસ નિયમો અસ્તિત્વમાં નથી, તો એ માન્યતા ભૂલ ભરેલી છે.

જૈન-સૂત્રોની ઉચ્ચારણવિધિ માટે **અનુયોગ દ્વાર સૂત્રમાં કહ્યું છે કે–**

**'सुत्तं उच्चारेअव्वं अक्खलिअं अमिलिअं अवच्चामेलियं पडिपुण्णं पडिपुण्णघोतं कंठोट्ठविप्पमुक्कं गुरुवायणोवगयं ।'**

'સૂત્રનો ઉચ્ચાર અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત, પરિપૂર્ણ, ઘોષયુક્ત, કંઠોષ્ઠવિપ્રમુક્ત અને ગુરુવાચના પ્રમાણે કરવો.'

અસ્ખલિતાદિ વિશેષણોનો ખુલાસો ટીકાકારોએ આ પ્રમાણે કર્યો છે. પત્થરોથી યુક્ત ભૂમિમાં જેમ હળ બરાબર ચાલતું નથી અને ઉપર કે નીચે જાય છે, તેમ ઉચ્ચારની બાબતમાં ન થઇ જવા દેવું તે અસ્ખલિત. એક જાતના ધાન્યમાં બીજી જાતનું ભેળવી દેવાની જેમ એક સૂત્રમાં બીજા સૂત્રનો પાઠ મેળવી દેવો તે મિલિત અને તેમ ન થવા દેવું તે અમિલિત અથવા પદ અને વાક્યનો યોગ્ય વિચ્છેદ કરવો તે અમિલિત.

વિવિધ શાસ્ત્રોનાં પદ વાક્યરૂપ ઘણાં પલ્લવોથી મિશ્રિત તે વ્યત્યામ્રેડિત. જેમકે **'धम्मो मंगलमुक्किट्ठमत एकनवते कल्पे मतोऽन्ये मदर्थाश्च गुणाः, नह्याभ्यामर्थं परिच्छद्य प्रवर्तमाने जीवा द्विविधाः'** વગેરે.

**'अस्थानच्छिन्नग्रथितं वा'** અથવા સૂત્રને અસ્થાને છોડી દેવું અને તેમાં બીજા સૂત્રના પાઠને મૂકી દેવો તે વ્યત્યામ્રેડિત. જેમકે **प्राप्तराजस्य रामस्य राक्षसा निधनं गताः** અહીં **प्राप्तराजस्य रामस्य** પછી જે પાઠ હોવો જોઇએ તે છૂટી ગયો છે ને બીજા શ્લોકનો **राक्षसा निधनं गताः** એ પાઠ

**સ્વ. સ્નેહપ્રભા નવીનચંદ્ર ફોફલીયા** (કચ્છ ભૂજપુર-ચેમ્બુર)
હસ્તેઃ શ્રી નવીનચંદ્ર મૂલચંદ ફોફલીયા

દાખલ થઇ ગયો છે.

અહીં ભેરી કંથા વગેરેનાં ઉદાહરણ વિચારવા યોગ્ય છે. ભેરીનું ઉદાહરણ એવું છે કે 'શ્રી કૃષ્ણ મહારાજાને એક દેવતાએ પ્રસન્ન થઇને ચંદનની ભેરી આપી હતી. તે ભેરી છ મહિને એક જ વાર વાગતી અને તેનો અવાજ બહુ દૂર સુધી સંભળાતો. આ ભેરીના અવાજથી છ મહિનામાં થયેલા રોગો દૂર થતા. અને ભવિષ્યમાં છ માસ સુધી નવા રોગો થતા નહિ. એક વાર દાહજ્વરથી પીડાતો કોઇક વણિક એ ભેરીનો અવાજ સાંભળવા માટે આવ્યો. પણ રસ્તામાં વિલંબ થઇ જવાથી ધારેલા સમયે પહોંચી શક્યો નહિ. એથી તે ભેરીના રક્ષણ કરનારને કહેવા લાગ્યો કે 'ભાઇ ! જો તું મને આ ભેરીમાંથી ચંદનનો એક ટુકડો આપે તો મોં માગ્યું ધન આપું.' આથી ભેરીના રક્ષકે તેને ભેરીનો એક ટુકડો આપ્યો અને બીજા કાષ્ટથી તેટલો ભાગ પૂરી નાખ્યો. એ પ્રમાણે ભેરીના રક્ષકે બીજાને પણ કેટલાક ટુકડા આપ્યા. હવે જ્યારે તે ભેરી છ મહિને વગાડવામાં આવી ત્યારે તેનો અવાજ થોડે દૂર સુધી જ સંભળાયો. અને તેથી કોઇના રોગ મટ્યા નહિ. આ બાબતમાં તપાસ કરવામાં આવી. ત્યારે જણાયું કે ભેરીરક્ષકે આખી ભેરીને સાંધીને નકામી કરી નાખી છે. આથી તે રક્ષકને કાઢી મૂકયો. અને શ્રી કૃષ્ણે અઠ્ઠમનો તપ કરી ફરી તે દેવને આરાધ્યો. દેવે આવીને પુનઃ તેવી જ ભેરી આપી. પછી તે ભેરીનું રક્ષણ કરનાર બીજો સારો પ્રામાણિક માણસ રાખ્યો.' તે એનું યત્નથી રક્ષણ કરવા લાગ્યો. તેથી શ્રીકૃષ્ણને પણ તે ભેરીનો યોગ્ય લાભ મળ્યો.

◆ ◆ ◆ ◆

## શ્રી નવકાર કેમ ગણાય ?

શુદ્ધ થઇને, શ્વેત વસ્ત્રો પહેરીને,
સાનુકૂળ ભૂમિતલ પ્રમાર્જીને,
આસન બાંધીને,
પૂર્વ યા ઉત્તર દિશા સન્મુખ બેસીને,
સુતરની શ્વેત માળા લઇને,
શ્વેત કટાસણું પાથરીને,

ઉણોદરીવ્રતના પાલનપૂર્વક, ચિત્તને '**શિવમસ્તુ સર્વ જગતઃ**'ની ભાવના વડે વાસિત કરીને, દૃષ્ટિને નાસિકા અગ્રે સ્થાપીને, ધીરે ધીરે તેનો પ્રત્યેક અક્ષર આખા શરીરમાં ફરી વળે તેવી રીતે આપણે શ્રી નવકારનો જાપ કરવો જોઇએ. જાપનો સમય એક જ રાખવો જોઇએ. માળાની સંખ્યા પણ ચોક્કસ રાખવી જોઇએ. એટલે કે પાંચ માળા ગણવાના નિયમવાળો પુણ્યશાળી આત્મા છ ગણી શકે પણ પાંચથી ઓછી નહી જ.

જાપ માટેની માળા બદલવી ન જોઇએ. જાપ સમયે શરીર હાલવું ન જોઇએ. કમ્મર વળી જવી ન જોઇએ.

માનસજાપમાં હોઠ બંધ રહેવા જોઇએ તેમજ દાંત ખૂલ્લા રહેવા જોઇએ. ઉપાંશુજાપમાં હોઠનો ફફડાટ વ્યવસ્થિત રહેવો જોઇએ. ભાષ્યજાપમાં ઉચ્ચાર તાલબદ્ધ રહેવો જોઇએ. જાપ પૂરો થાય તે પછી ઓછામાં ઓછી પાંચેક મિનિટ સુધી આંખો બંધ કરીને તે સ્થળમાં બેસી રહેવું જોઇએ.

એમ કરવાથી જાપજન્ય સત્ત્વની સ્પર્શનાનો અદ્‌ભૂત યોગ સધાય છે અને ક્યારેક ભાવસમાધિની અણમોલ પળ જડી જાય છે.

જાપ માટેનાં ઉપકરણોને પૂરેપૂરા બહુમાનપૂર્વક પવિત્ર જગ્યામાં રાખવાં જોઇએ. ઉપકરણો પ્રત્યેનો આપણો ભાવ શ્રી નવકાર પ્રત્યેના આપણા ભાવ ઉપર તથા પ્રકારની અસર પહોંચાડે જ છે.

જીભ એકલી જ નહિ, પરંતુ મન બરાબર શ્રી નવકાર ગણતાં શીખી જાય તે તરફ આપણું લક્ષ્ય રહેવું જોઇએ. એટલે મોટો ભાઇ, નાના ભાઇને કવિતા શીખવાડે તેમ આપણે મનરૂપી આપણા લઘુબંધુને સદ્‌ભાવપૂર્વક શ્રીનવકાર શીખવાડવો જોઇએ. મન શ્રી નવકારમાં પરોવાય છે એટલે બધી ઇન્દ્રિયો પણ તેમાં ઓતપ્રોત થાય છે.

શરીર ભીંજાયા સિવાય ન રહે તેમ શ્રી નવકારમાં પ્રવેશેલો પ્રાણ પણ શુભ ભાવ વડે ભીંજાય જ. જો ન ભીંજાય તો સમજવું કે આપણા પ્રાણનો અધિક ભાગ શ્રી નવકારની બહાર રહે છે.

શ્રી નવકારની બહાર જન્મ, જરા અને મૃત્યુ છે. શ્રીનવકારની અંદર શાશ્વત સુખનો મહાસાગર છે. શાશ્વત સુખ પ્રત્યેનો આપણો યથાર્થ પક્ષપાત આપણને સહુને વહેલા-વહેલા શ્રીનવકારના અચિંત્ય અંતસ્તેજના પક્ષકાર બનાવશે.



# નવકાર મંત્ર અને સમાધિ

**પૂ. આચાર્ય દેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

નવકાર મંત્ર એ જિનશાસનનો સાર છે, કેમકે જિન શાસનની આરાધનાથી સારરૂપે ઉચ્ચ સમાધિ પ્રાપ્ત કરવાની છે, અને નવકારથી સમાધિ પ્રાપ્ત થાય છે.

જીવનમાં સમાધિ એ અતિ મહત્ત્વની વસ્તુ છે. વીતરાગ અરિહંત પરમાત્મા એ જ મારા ઇષ્ટ દેવ છે, નિર્ગ્રન્થ સાધુ ભગવંતો એ જ ગુરુ, અને સર્વજ્ઞકથિત ધર્મ એ જ મોક્ષમાર્ગ...આ શ્રદ્ધા કરીને ધર્માત્મા બન્યા તો ધર્મનાં સાક્ષાત્ ફળ તરીકે સમાધિ અનુભવવાની છે, અને તે જીવનવ્યાપી બનાવવાની છે, માટે **'આરુગ્ગ-બોહિલાભ'** પછી **'સમાહિવરમુત્તમં દિન્તુ'** માગીએ છીએ. સમાધિનાં ઉંચાં મૂલ્ય સમજાય તો લાગે કે સમાધિના જેવું બીજું સુખ નથી, બોલીએ છીએ ને, **'જ્ઞાનસમું કોઇ ધન નહિ, સમતા સમુ નહિ સુખ, જીવિત સમ આશા નહિ, લોભ સમું નહિ દુઃખ'**. આમાં **'સમતા'** કહી તે સમતા-સમાધિ એકરૂપ ગણીને કહેલી સમજવાની છે. તો ઉત્કૃષ્ટ સુખ છે, અને તે ધર્મ-સાધનામાં પ્રત્યક્ષ એટલે તરતના ફળ તરીકે મેળવવાની છે. માટે કહેવાય કે ધર્મનું પ્રત્યક્ષ ફળ સમાધિરૂપ ઉત્કૃષ્ટ સુખ છે. આ સમાધિ એટલે શું ? ગુફામાં કે બીજે જઇને સમાધિ ચડાવે છે તે નહિ. કેમકે એ સમાધિમાં તો માત્ર નિષ્ક્રિયતા છે, ત્યાં આંતરશત્રુઓ પર વિજય નક્કી નથી.

એક બાવો હતો. કોઇ રાજાનો અસાધારણ ઘોડો જોઇ એના મનને થયું કે 'આ ઘોડો જો મને મળી જાય, તો પછી ઠેઠ હિમાલય, અને પછી કાશ્મીર, પછી વિંધ્યાચળ વગેરે જુદે જુદે સ્થળે જઇ ધ્યાનસમાધિ લગાવી શકું, એ માટે બાવો રાજા પાસે જઇ પહોંચ્યો.

રાજા સંત-સાધુનો પૂજક છે. તરત પ્રણામ કરી પૂછે છે 'કહિયે, આપકી મેં ક્યા સેવા કરું ?' બાવો કહે છે 'સેવા કરેંગે ?' 'અવશ્ય'. 'તો તેરા પ્રધાન અશ્વ દે દે.' 'મેં દૂસરાં અચ્છા અશ્વ દૂં તો ?' 'નહીં નહીં, વહી પ્રધાન અશ્વ દે'. રાજા પૂછે છે, 'ઉસસે આપ ક્યા કરેંગે ?' બાવો કહે છે, 'મેં હિમાલય, કાશ્મીર, વિંધ્યાચલ વગૈરેહ સુંદર સ્થાનોં મેં જા કર ધ્યાન કરુંગા.' રાજાએ જોયું કે આ બાવાજી ભૂલ્યા પડ્યા લાગે છે. રાજા કહે છે, 'તબ બાવાજી ! ક્ષમા કીજિયે, યૂં તો પીછે ધ્યાન અશ્વકા હી મુખ્ય હો જાયગા.' વાત સાચી છે જ્યારે એમ જ લાગ્યું કે ઘોડો હોય તો સારાં સારાં ધ્યાન થઇ શકે, પછી એ ચોરાઇ ન જાય, ભાગી ન જાય, એ માટે મનને સાવધાન રાખવાનું, ઘોડાનું ધ્યાન બરાબર રાખવાનું. માયા ચીજ એવી છે કે જે પરમાત્માના ધ્યાનને મોળું પાડી દે છે.

તો પછી પ્રશ્ન એ...થાય છે કે મંદિરમાં સારાં ઉપકરણ ન લઇ જવા જોઇએ, કેમકે ધ્યાન એમાં રહે. તેનો ઉત્તર એ છે કે એક બીજી દૃષ્ટિ કેમ ભૂલ્યા ? ત્યાં તો ઘોડો હોય તો જ ધ્યાન થાય એ માન્યતા છે, ત્યારે અહીં ભક્તિ કરવી છે એ સારી ચીજ પાસે છે, લઇ જઇને કરવી એવું દેવાધિદેવ પ્રત્યે બહુમાન છે. આવો મહાન ફરક છે. ભક્તિને ભગવાન પર હૈયામાં એટલું બધું બહુમાન છે કે એમની ભક્તિ પોતાની સારામાં સારી ચીજ-ઉપકરણ, વેશ વગેરેથી કર્યા વિના રહેવાય જ નહીં. હા, એ પ્રશ્ન જરૂર છે કે પાછું ધ્યાન એનું મુખ્ય કાર્ય પરમાત્માનું ધ્યાન મોળું પડી જાય. આ માટે આટલું હૃદયમાં લખી રાખવાનું છે કે ભગવાનની ભક્તિ સારામાં સારી વસ્તુ-સરંજામથી શા માટે કરવાની છે ? એટલા જ માટે કે ભગવાન સૌથી સારા છે. કહો જો, મોટા કિંમતી હીરામાણેક કરતાં પણ ભગવાન કેટલા સારા ? તૂલ્ય ? બમણા ? દસ ગુણા ? ના. અનંત ગુણા સારા.

**હીનાબેન ઉમેદચંદ્ર ફોફલીયા (કચ્છ ભૂજપુર-ચેમ્બુર)**
**હસ્તેઃ અ.સૌ. પ્રવીણાબેન ઉમેદચંદ્ર ફોફલીયા**

માટે જ મોટી ઝવેરાતની સુંદર આંગી જોઇને 'આંગી બહુ સારી' એ અનુમોદના કરવાની સાથે એ ભાવના જરૂર કરજો કે 'વાહ ! કેમ ન હોય ? મારા ભગવાન વિશ્વશ્રેષ્ઠ છે, એમને સારામાં સારી આંગી હોય જ. આંગી બહુ સારી, પણ ભગવાનના તો અનંત ગુણ સારા છે. વિશ્વદયાના ભરેલા, અનંતગુણોના સ્વામી. ઇન્દ્રોને પણ પૂજ્ય, ભયંકર ભવમાંથી મુક્ત કરનારા, સદ્‌ગતિના દાતા...વાહ ! કેવા અનુપમ પરમાત્મા !' આ ભાવના પણ સાથે જ કરવાની છે, કે જેથી ચિત્ત આંગીનું નિમિત્ત પામી મુખ્ય પ્રભુ ઉપર લાગી જાય.

હવે જો આ ભાન જાગૃત છે કે ભગવાન સર્વશ્રેષ્ઠ છે. તો એમની આગળ સારી ચીજ વસ્તુ તુચ્છ લાગશે, તેથી એ ચીજો ભગવાનના ધ્યાનમાં દખલ નહિ કરી શકે. મનને બેઠું છે કે ચીજ વસ્તુ તો લલાટમાં લખ્યાં પ્રમાણે મળવા-ટકવાની છે, પણ આવા ભગવાન ક્યાં મળે ? જગતના માલ એ માલ નથી, માર છે, એવું ધર્માત્માને હૈયે સચોટ વસેલું હોય, નહિતર મહા પુણ્યે ધર્મકાર્યમાં હજારો-લાખો-કરોડો શી રીતે ખર્ચી શક્યા હશે ? એ સમજતા હતા કે આ લાખો-કરોડો તિજોરીમાં પડ્યા માલ નથી માર છે, આત્માને પ્રત્યક્ષમાં કેટલાય રાગ-દ્વેષ-મોહ, મદ-મત્સર, હિંસા-જૂઠ વગેરેના સોટા લગાવે છે, અને પરલોકમાં નરક-નિગોદ સુધીની કારમી વિટંબણા-ત્રાસ રિબામણના સોટા લગાવનારા છે ! માટે જગતના માલ એ માલ નથી, માર છે. એ મારથી બચવા માટે એને ધર્મક્ષેત્રમાં વહેવડાવી દઇ સાચા માલ કેમ ન બનાવી દઉં ?'

મહાપુરુષોએ શું આ સમજ વિના, શું હિસાબ વિના, શું ધન ધર્મમાર્ગે વહેવડાવ્યું હશે ? પેથડશાનો બાપ એક નગરમાં ગયો ત્યાં જોયું તો સંઘ ભેગો થયો હતો, ને ધર્મશાળા બંધાવવા માટે ટીપ થતી હતી, પરંતુ ખેંચાખેંચ ચાલતી હતી. તેથી પેથડશાનો પિતા સંઘને વિનંતી કરે છે, 'આ ધર્મશાળા બંધાવવાનો લાભ મને આપો !' ત્યાં કેટલાક જુવાનિયા કહે છે, 'શું અહીં સંઘ બંધાવી શકે એમ નથી તે તમને લાભ આપે ?' આ એમ નથી કહેતો કે 'બંધાવી શકો કે નહિ એ તમારાં આ લક્ષણ. આ રીતભાત પરથી દેખોને ? ના, મારા પાંચસો નહિ, અઢીસો. અઢીસો નહિ, સવાસો...આ બંધાવવાનાં લક્ષણ છે ?' આવું કાંઇ આણે ન કહ્યું, કેમકે ધર્મનો લાભ લેવા આગળ આવ્યો છે, પણ સાથે સંઘ-અવજ્ઞાનું પાપ લેવા નહિ. આ તો કહે છે, 'સંઘ એક તો શું દશ ધર્મશાળા બંધાવી શકે છે. પરંતુ મને લાભ આપવા સંઘ દયા કરે એ મારી સંઘને પ્રાર્થના છે.' જુવાનિયા કહે છે, 'તે શું તમે સોનાની ધર્મશાળા બંધાવી દેવાના હતા ?'

વિચારજો, જગતના માલને માર સમજ્યા નહિ, તો અહીં જબાન અટકી પડે. આ તો ભયંકર માર સમજનારો છે એટલે મોકો મળતાં એ માલને ધર્મક્ષેત્રે વહેવડાવી દેવા કૂદી પડે છે ! કહે છે, 'સંઘની દયા છે, તો મારે સોનાની ધર્મશાળા બંધાવી દેવાનું નક્કી.' આપણે તો કહી દીધું, પરંતુ ડાહ્યા માણસોને લાગ્યું કે આ સોનાની ધર્મશાળા તો બહારવટિયાઓને એક જાતના આમંત્રણરૂપ થશે, એટલે કહે છે 'બરાબર, તમારી ભાવના સાચી અને ઘણી ઉંચી ! પરંતુ સોનાની નહિ સાદી ધર્મશાળા બંધાવી દેજો.' આ કહે છે, 'ના રે ના, એ તો જે બોલ નીકળ્યા તે નીકળ્યા વીતરાગના સેવકનું વચન મિથ્યા ન થાય. આવો મહાન લાભ મને ક્યાંથી મળે !' 'શું ! જૂઠ બોલવાનું મન થાય ત્યાં વિચારવું કે 'વીતરાગના સેવકનું વચન ફેરફારવાળું ન હોય.'

ત્યાં આવી રકઝક ! છેવટે ગુરુ મહારાજની દરમિયાનગીરીથી કેશરની ધર્મશાળા બનાવી આપવાનું નક્કી થયું. નવી ઇંટો પાડવાની માટીમાં ભારોભાર કેશર નખાયાં, ને ધર્મશાળા તૈયાર થઇ ! આજે પણ એના ખંડિયેરમાંની ઇંટોમાં કેશરના તાંતણા જણાય છે તે લોકો પાણીમાં નાખીને પરખે છે ! 'જોઇ ઉદારતા ! જગતના માલને માલ તરીકે સમજ્યા હોત તો હાથેથી છૂટત નહિ. રાજા સંપ્રતિ, કુમારપાળ, વસ્તુપાળ, વિમળશા, ધનાપોરવાડ, જગડુશા, દયાળશા, ભામાશા વગેરેની ઉદારતા વિચારો !

બાવો ભૂલો પડ્યો છે, ધ્યાનની અનુકૂળતા માટે ઘોડો જોઇએ છે. રાજાને એની દયા આવે છે, કહે છે, 'મહારાજ ! ઐસા અમુક હી ઘોડા ચાહિયે યું કરેંગે ઔર કદાચિત્ વો મિલ ભી ગયા, તબ ધ્યાન પરમાત્મા કા નહીં, ઘોડે કા બન જાયગા. 'કોઇ ઉસે લે ન જાય, વહ ચલા ન જાય, ઉસકો

ખાનેકા અવસર હુઆ...' ઇત્યાદિ ધ્યાન રહા કરેગા.'

રાજાએ વાત તો મુદ્દાની સમજાવી. પણ બાવાને ગળે શાની ઉતરે ? મનમાં માયાએ ઘર કર્યું છે, એટલે સાધ્ય ને બદલે સાધનમાં અટવાઇ ગયો છે, ધ્યાનની મુખ્યતાને બદલે ઘોડાની મુખ્યતા કરી રહ્યો છે.

આ ધ્યાન રાખવાનું છે કે સાધ્ય માટે સાધન જરૂરી હોય. પણ સાધન એવું મુખ્ય ન થઇ જાય કે સાધ્ય વિસ્મૃત યા ગૌણ જ થઇ જાય. સાધ્ય તે સાધ્ય. સાધનનો પ્રયોગ કરતાં પણ નજર સામે સાધ્યને સિદ્ધ કરવાની વસ્તુ મુખ્ય હોય, બાવાએ માન્યું કે સારો ઘોડો પાસે હોય તો જુદા જુદા સ્થળે જઇ ધ્યાન સારું કરી શકાય પણ આ માનવામાં સારા ઘોડાનો આગ્રહ હોવાથી પછી ધ્યાન કરવા બેસશે તોય હૈયામાં ઘોડો મુખ્ય થશે, પરમાત્મા ગૌણ. સાધ્ય સિદ્ધ કરવા સાધન વિના ન ચાલે એ વાત બરાબર છે, પરંતુ સાધ્યને વિસરાવી દે એટલી હદ સુધી તો સાધનની જંજાળમાં ન પડાય ને ! અગ્નિ વિના રસોઇ ન થાય એમ સમજ્યા એટલે અગ્નિ ઊભો કર્યો. પરંતુ મુખ્ય દૃષ્ટિ રસોઇ પર રહે છે, ને અડધો પડધો અગ્નિ સળગતાં ઉપર રસોઇનું ભાંડું તરત ચઢાવાય છે. મસાલા ચૂલામાં નહિ પણ રસોઇમાં નખાય છે, સાધ્ય તરફ લક્ષ છે માટે ભાત કરવો છે માટે ચૂલામાં લાકડાં ઓછાં રખાય છે, અને દાળ કરવી છે તો લાકડાં વધુ ઘલાય છે. મતલબ દૃષ્ટિ સાધ્ય પર રહે છે. ભાત કે દાળ ચઢવા આવ્યા કે નહિ એ જ મુખ્ય જોવાય છે.

એમ ચીજ-વસ્તુ-ઉપકાર સારી ધર્મ ક્રિયાનું સાધન છે, પણ એમાં એવા ભૂલા તો ન જ પડી જવાય કે સાધ્ય ધર્મક્રિયા કરતાં દૃષ્ટિ વધારે એના ઉપર રહ્યા કરે. ધર્મક્રિયા પણ મનની શુભ એકાગ્રતા અને શુભ ભાવવૃદ્ધિનું સાધન છે, તો ત્યાં પણ એકલું ધર્મક્રિયા કરો એટલુ ન જોવાય. મુખ્ય તો આ ધર્મક્રિયા કરતાં કરતાં શુભ એકાગ્રતા ને ભાવવૃદ્ધિ થતી આવે છે ને ? એ જોતા રહેવું પડે. એમ શુભ ભાવનાની વૃદ્ધિ એ આત્માની ધનમૂર્ચ્છા, ભોગાસકિત, રાગ-દ્વેષ-કામ-ક્રોધ-હિંસા-અસત્ય-અનિતિનાં વલણ વગેરે દોષોનો હાઁસ કરવા માટે છે, તો એ દોષત્યાગ સાધ્ય બન્યું. માટે ધર્મક્રિયામાં શુભ ભાવની વૃદ્ધિ થઇ એટલાથી સંતોષ ન મનાય, એનું સાધ્ય દોષ હાઁસ નજર સામે જોઇએ. ધર્મમાં ઉલ્લાસ અનુભવતાં અનુભવતાં એ જોતા રહેવું જોઇએ કે માનવ જીવનના કલંકભૂત દોષો ઓછા થતા આવે છે ને ?

રાજાએ બાવાને દયાથી ઘોડો ન આપ્યો. બાવો કહે છે, 'નહિ દેતા હૈ ? દેખ લેના.' કહીને બાવો ગયો ગામ બહાર, સમાધિ લગાવી ! શરીર જડ-નિષ્ક્રિય બની ગયું. વાવંટોળથી ધીમે ધીમે એના પર ધૂળનો ધફો ચઢી ગયો. કેટલાક દિવસ એમ રહ્યો. એવામાં પવનથી ધૂળ ઉતરી. કોઇએ જોયો એને, જાણકારને બોલાવી સમાધિ ઉતરાવી. ત્યારે પહેલું વાક્ય એ શું બોલ્યો જાણો છો ? એ જ, 'કે ઘોડો દેતા હૈ યા નહીં ?' કહો, આ સમાધિ કેવી ? આપણે આવી સમાધિ નથી જોઇતી. જિનશાસનના સારભૂત સમાધિ એવી જોઇએ છે કે જેમાં દુન્યવી ઇષ્ટના હર્ષોન્માદ અને અનિષ્ટના ઉદ્વેગ આપણને પીડે નહિ, સ્પર્શે નહિ. નવકારમાં આ સમાધિ ભરી પડી છે, માટે કહેવાય છે, કે **'નવકાર એ જિનશાસનનો સાર છે.'**

પૂછો, નવકારમાં સમાધિ શી રીતે ભરી પડી છે ?

(૧) નવકાર મહામંત્રમાં એવા પવિત્ર, પતિતપાવનકારી, **૬૮ અક્ષરો** ગોઠવાયેલા છે કે શાસ્ત્ર કહે છે કે એનો માત્ર પહેલો અક્ષર **'ન'** બોલતાં સાત સાગરોપમની પાપકર્મની સ્થિતિ તૂટે છે ! **'નમો અરિહંતાણં'** બોલતાં ૫૦ સાગરોપમની કર્મસ્થિતિ તૂટે છે ! **સંપૂર્ણ નવકાર** બોલી રહેતાં ૫૦૦ સાગરોપમની પાપ-સ્થિતિ તૂટે છે ! સ્થિતિ તૂટવા સાથે રસ પણ મંદ પડે છે તેથી એ પાપકર્મની અસમાધિ કરાવવાની શક્તિ તૂટે છે, એટલે સમાધિને અવકાશ મળે છે. જો એક વારના નવકારથી આમ તો અનેકવારના નવકારથી કેટલો લાભ ?

(૨) બીજી રીતે જોઇએ તો નવકારથી પુણ્ય વધે છે, એ સમાધિપ્રેરક સગવડ-સામગ્રી આપે છે, તેથી સમાધિ સુલભ બને છે.

(૩) વળી એક નક્કર હકીકત છે કે ચિત્ત ગમે તેટલું વિહવળ થયું હોય, અસમાધિમાં પડ્યું હોય તો પણ ક્રમશ:

નવકારના પ્રત્યેક અક્ષર અને પદ ઉપર મન કેન્દ્રિત કરી ચલાવવાથી પેલી અસમાધિ ભુલાઇને સમાધિને સ્થાન મળે છે.

(૪) ત્યારે નવકારમાં પરમેષ્ઠિને નમસ્કાર જે કરાય છે તે ભારે વિનયકર્મ છે, તેનાથી તેવા દુષ્ટ કર્મોનું નિયમન, અપનયન, દૂરીકરણ થાય છે. તે થઇ જવાના લીધે સમાધિ સુલભ બને છે.

(૫) નવકારમાં અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ ભગવંતોનું પ્રણિધાન થાય છે. એક અરિહંત માત્રમાં એકવાર પણ લાગેલું ચિત્ત પ્રબળ કર્મક્ષય કરી ભવ્ય સ્ફુર્તિ આપે છે, તો પછી પાંચે ય પરમેષ્ઠિમાં પરોવાતા ચિત્તના ફળનું પૂછવું જ શું ? એનાથી સુંદર સમાધિ મળે જ.

(૬) નવકારમંત્રમાં પંચ પરમેષ્ઠિના ગુણો યાદ કરવાથી એ ગુણોની મમતા જાગે છે, ને એ ગુણોમાં ક્ષમા, સમતા, મહાવિરાગ, આત્મરમણતા વગેરે છે, એમ એની યાદ આપણને સમાધિનું પ્રોત્સાહન આપે એ સ્વાભાવિક છે.

(૭) પરમેષ્ઠિને નમસ્કાર એ પરમેષ્ઠિના ગુણોની અનુમોદના, એની અભિલાષા અને પ્રાર્થનાની મહાન સાધના આપે છે, એ પણ સમાધિને પ્રેરનાર બને છે, ઇત્યાદિ.

આ બધું સૂચવે છે કે નવકારમાં સમાધિ ભરી પડી છે. માત્ર એને પ્રાપ્ત કરતાં આવડવું જોઇએ, પામવાની ગરજ જોઇએ, એનો પ્રબળ પુણ્યાર્થ જોઇએ.

કર્મના ઉદય આપણા કાબૂમાં નથી પણ સમાધિ આપણા હાથમાં છે. જીવનમાં સમાધિની મોટી કિંમત છે...

તેવા પ્રસંગ ઉપસ્થિત થાય, પણ હૃદયમાં અસમાધિ અર્થાત્ હર્ષ કે ઉદ્વેગના આંદોલનો ન ઉછળે અને સમાધિ, સ્વસ્થતા, સ્થિતપ્રજ્ઞતા જળવાઇ રહે એ કરવાની જરૂર છે. સારા ભાવિનું નિર્માણ એના ઉપર થાય છે. વર્તમાન કર્મ-ઉદય આપણા હાથમાં નથી, કાબૂમાં નથી, કેમકે એ બંધાઇ ચુકેલાં પૂર્વકર્મને આધિન છે. પરંતુ ભાવિ કેવું સર્જવું, શુભ કે અશુભ એનો આધાર વર્તમાનમાં આપણે સમાધિ રાખીએ કે અસમાધિ, એના ઉપર છે, સમાધિ આપણા હાથમાં છે. વર્તમાનમાં અશાતા આવે, અપમાન આવે, ગરીબી આવે, એ કાંઇ આપણા કાબૂમાં નથી કે એને અટકાવી શકીએ જ. પરંતુ સમાધિ આપણા કાબૂમાં છે. એને રાખવી કે ગુમાવવી એ આપણા માનસિક પુરુષાર્થ ઉપર અવલંબે છે. આપણે અસમાધિ શા સારુ કરીએ ? ભગવાન જિનેશ્વર દેવોએ તત્ત્વવ્યવસ્થા એવી સુંદર આપી છે, અનંત કાળનું એવું મજેનું ભાન કરાવ્યું છે, ચૌદ રાજલોકના ભાવો એવા યથાર્થ બતાવ્યા છે, કે એનો વિચાર રાખીએ તો સમાધિ જાળવવી સહેલી બને છે. 'ભાવિ ભાવ પ્રબળ છે' એમ વિચારીએ તોય સમાધિ બની રહે છે.

સમાધિમાં તો સુખ પણ અનન્ય છે. અસમાધિવાળાને લાખો કરોડોથી જે સુખ નથી, તે સમાધિવાળા ગરીબને પણ છે. પુણિયા શ્રાવક પાસે ક્યું ધન હતું ? કઇ શ્રીમંતાઇ હતી ? કશી નહિ, છતાં સમાધિ સુંદર હતી. તે રાજા શ્રેણિક કરતાં વધુ સુખી હતો, સ્વસ્થ હતો ! સમાધિ છે એટલે તો હવે-વિષાદની સતામણી નથી. જે કાંઇ બીજાની દૃષ્ટિએ ઓછું પણ મળ્યું છે તેય ઘણું લાગે છે. આપત્તિ આવતાં, કર્મના નિર્ધારિત ઉદય સમજી કોઇ વિષદ તૈયારી કરવાની નથી. તાત્પર્ય, સમાધિમાં મનમાં મન મસ્ત રહે છે, ત્યારે, અસમાધિમાં બેવડો માર છે, એક તો કર્મનાં દુઃખ ઉપરાંત શોક-ઉદ્વેગનું દુઃખ વધી જાય છે. અને બીજું એની આકુલવ્યાકૂલતામાં તથા એનાથી ઝટ છૂટવાની લાલસામાં કઇ જૂઠ, અનીતિ, માયા, પ્રપંચ, રોષ, રોફ, વગેરે દુર્ગુણો-દુષ્કૃત્યો દાખલ થઇ જાય છે. એથી ભાવિ દુઃખ નક્કી થાય છે. આમ બેવડો માર પડે છે. હર્ષની અસમાધિમાં પણ મદમત્સર, અકડાઇ-અતડાઇ, સ્વાર્થાંધતા-સમારંભ, વગેરેની બાકી રહેતી નથી. વિચાર કરી જુઓ કે માનવ માનવ મટી દાનવ કેમ બને છે ? સદ્ગુણો કમાવાની તક વેડફી નાખી દુર્ગુણો કેમ અપનાવે છે ? એટલા જ માટે કે અસમાધિ એને વિડંબી રહી છે.

નવકારમંત્રથી અપૂર્વ સમાધિ મળે છે. સમાધિ જીવનનો સાર છે, પ્રત્યક્ષ લાભ છે, સદ્ગતિની દૂતી છે, ને વીતરાગતાની નિસરણી છે. માટે નવકાર સ્મરણ દ્વારા એ ખૂબ કમાઇ લેવી જોઇએ. ◆ ◆



# નવકાર જાપ અંગે માર્ગદર્શન

**પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ**

અનંત ઉપકારી જ્ઞાની ભગવંતોએ આત્મકલ્યાણના પંથે વ્યવસ્થિત વિકાસ સાધવા માટે શ્રી નવકાર મહામંત્રનો જાપ જરૂરી જણાવેલ છે. શ્રી નવકાર મહામંત્રનો જાપ એટલે...આપણા પરિણામો, વિચારોને, આરાધકભાવને પોષક વિશિષ્ટ શક્તિવાળા વર્ણોના સતત ઉચ્ચારણની પવિત્ર ક્રિયામાં સાંકળી લઇ મોહની સંસ્કારોની પકડ ઢીલી પાડવાની મહત્વપૂર્ણ ક્રિયા.

**◆ શ્રી નવકારના જાપની મહત્તા :**

આ દૃષ્ટિએ ખરેખર શાસ્ત્રોમાં શ્રી નવકાર મહામંત્રના જાપને અભ્યંતર તપના ચોથા ભેદ રૂપ સ્વાધ્યાયમાં અંતર્ગત જણાવ્યો છે. શ્રી મહાનિશીથ આદિ મહામહિમાશાલી અર્થ ગંભીર આગમોમાં પણ જ્ઞાનાવરણીય કર્મની વિષમતાએ સૂત્રપૌરુષીની મર્યાદા ન જાળવી શકનાર પુણ્યાત્મા મુનિભગવંતો માટે શ્રી નવકાર મહામંત્રના અમુક સંખ્યાના જાપથી આરાધક ભાવ જાળવવાનું વિધાન ફરમાવ્યું છે.

**સામાન્યત:** પાક્ષિક-ચાતુર્માસિક અને સાંવત્સરિક આલોચનાના પ્રાયશ્ચિત તરીકે દરેક આરાધકે ઉપવાસ-છઠ્ઠ અને અઠ્ઠમ તપની આજ્ઞાનું પાલન અવશ્ય કરવા લાયક છે પરંતુ આ તપસ્યા કરવાની કાયાશક્તિ સર્વથા જેને ન હોય તેવાઓને પણ ૨૦, ૪૦ અને ૬૦ નવકારવાળી (બાંધી) ગણીને પણ શાસ્ત્રીય મર્યાદા જાળવવા રૂપે પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે. આવા અનેક કારણોથી શ્રી નવકાર મહામંત્રનો જાપ અત્યંત મહત્વની ધર્મક્રિયા જણાય છે આથી તેનું મહત્વ યોગ્ય બંધારણ આદિ જ્ઞાની-ગુરુની નિશ્રાએ વ્યવસ્થિત રીતે સમજવાની જરૂર છે.

**◆ જાપ અંગે બંધારણની જરૂર :**

શ્રી તીર્થંકર પરમાત્માએ જગતના પ્રાણીઓના એકાંત કલ્યાણ માટે નિર્દેશેલી ધર્મની કોઇપણ ક્રિયા જ્ઞાની ભગવંતોની યોગ્ય નિશ્રા તેમજ તેમણે જણાવેલી મર્યાદા પ્રમાણે કરવાથી જલ્દી અને વિશેષ રૂપમાં યથાર્થ ફળ આપનારી નિવડે છે, કેમકે દ્રવ્યક્રિયામાં ભાવક્રિયાનું પડી રહેલું બીજ વિધિપૂર્વક યોગ્ય રીતે જ્ઞાની ગુરુની નિશ્રાએ આ સેવન કરવાના બળે વિકસિત થઇ યોગ્ય ફળ જન્માવી શકે છે. તેથી શ્રી નવકાર મહામંત્રનો જાપ ક્લિષ્ટ કર્મોના પડળને ભેદી નાખવામાં વજ્ર સમાન તપના અભ્યંતર ભેદ તરીકેની મહત્વની ધર્મક્રિયારૂપ ગણી-સમજુ આરાધક પુણ્યાત્માઓએ ગુરુગમ અને વ્યવસ્થિત જાણકારીના અભાવે વર્તમાનમાં ચાલુ નવકારવાળીના મણકા ફેરવવા રૂપ દ્રવ્યક્રિયામાં ભાવનું ઓજસ ભેળવવા માટે નીચે જણાવાતી શાસ્ત્રીય મર્યાદાઓને ચોક્કસ રીતે લક્ષ્યમાં લઇ યથાશક્તિ મર્યાદાઓને જીવનમાં અપનાવવા પ્રયત્ન કરવો.

**◆ જાપના મૌલિક તત્ત્વો :**

સામાન્યત: મંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે દરેક મંત્રોનું જુદા જુદા અનુષ્ઠાનના બળે વિવિધ શક્તિઓના અનુભવ માટે અમુક નિશ્ચિત આસન, દિશા, કાળ, માળા, મુદ્રા આદિનું બંધારણ જરૂરી જણાય છે. આસન, માળા, દિશા આદિના ફેરફારથી મંત્રની શક્તિનો પ્રવાહ જુદી જુદી દિશાઓમાં ચોક્કસ રીતે વાળી શકાય છે. મંત્રશાસનના મૌલિક બંધારણની માર્મિકતા જાણનારાઓ માટે આ એક પરમ અનુભવ સત્ય છે. આ ઉપચારથી એમ પણ સ્પષ્ટ થાય છે કે નિશ્ચિત બંધારણની જાળવણી ન હોય તો ગમે તેટલી શક્તિ મંત્રમાં હોય તો પણ ચોક્કસ ભૂમિકા વિના તે શક્તિનું અવતરણ શક્ય નથી.

**◆ શ્રી નવકાર મહામંત્ર આરાધવાની**

**ક્રમિક આદર્શ પ્રક્રિયા-સોપાન પહેલું :**

દરરોજ આરાધના શરૂ કરતાં પહેલાં મન, વચન, કાયાની શુદ્ધિ માટે નીચેની બાબતો આરાધકે ધ્યાનમાં રાખવી.

- શ્રી નવકાર મંત્રના મહિમા વિષેના સ્તોત્રો, શ્લોકો વિગેરેમાંથી થોડાક પસંદગીના શ્લોકો યાદ કરી તેનો મહિમા ગાવો.
- **'ચત્તારિ મંગલં'** અને મૈત્રી આદિ ચાર ભાવનાથી વાસિત થવું.
- મૈત્રી આદિ ચાર ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી માટે યોજવાનું જ્ઞાની પુરુષો બતાવે છે. સામાન્ય રીતે મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ચાલતા હોય છે. અનાદિકાળથી જીવને મોહજન્ય સુખ દુ:ખની વિચારણા હોય છે. તે મોહજન્યભાવ પલટાઇ મૈત્રી આદિ ભાવનાથી પરમાર્થ વિષયક બનાવાથી મનનાં સંકલ્પ-વિકલ્પ મંદ પડી જાય છે આથી મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ભાવવી.
- વળી યોગશાસ્ત્ર (પ્રકાશ સાતમાં)માં ધ્યાન કરવા માટે ધ્યાતાના લક્ષણો બતાવ્યા છે. તેમાં-

परम्प्यात्मवत् पश्यन् सर्वत्र समतां श्रयन् ।<br>
नरेन्द्रे वा दरिद्रे वा तुल्य-कल्याण-कामनः<br>
अमात्र-करुणा-पात्रं भव-सौख्य-परामुखः ।।

**અર્થ :** બીજા જીવોને પોતાના આત્માની જેમ જોનાર સર્વ સ્થાને સમતાને ધારણ કરનાર રાજા અને દરિદ્ર બંનેના કલ્યાણને સમાન રીતે ઇચ્છનાર-સર્વ જીવો ઉપર કરુણાવાળો-ભાવ=સંસાર સુખેથી (વિરક્ત) ઇત્યાદિ લક્ષણો પ્રાપ્ત કરવા માટે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાથી આત્માને ભાવિત કરવો તે ઘણું જરૂરી છે.

- શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતનો તથા શાસનપતિ શ્રી વર્ધમાનસ્વામી પ્રભુનો થોડો જાપ કરવો અને પછી આરાધના શરૂ કરવી.

### ◆ સોપાન બીજું :

- બેસવાનું આસન ઉનનું સફેદ રંગનું રાખવું.
- પદ્માસન આદિ આસનોમાંથી નક્કી કરેલ અનુકૂળ આસને બેસવું.
- આરાધના વખતે જે જગ્યાએ બેસવાનું નક્કી કર્યું હોય તે ચોક્કસ જગ્યાએ જ દરરોજ બેસવાનું રાખવું. કદાચ બહાર જવું પડે તો પણ આસન સાથે લઇ જવું.
- દિશા પૂર્વ અગર ઉત્તર તરફ બેસવું, પણ જિનમંદિરમાં પ્રભુ સન્મુખ બેસવું.
- માળા ગુરુ પાસે પ્રતિષ્ઠિત કરાવવી. માળા સ્ફટીકની અગર સુતરની રાખવી. તે માળાથી ફક્ત નવકાર મહામંત્રનો જ જાપ કરવો.
- જાપ માટે ઓછામાં ઓછી જે સંખ્યા નક્કી કરી હોય તે જાળવી રાખવી. તે સંખ્યાના જાપમાં એક પણ દિવસ ખાલી ન જવો જોઇએ.
- ધૂપ (ગાયના ઘીનો), દીપ, ઉચિત સ્થાન વિગેરે સાચવવું.
- આરાધના માટે ચોક્કસ સમય નક્કી કરવો.
- શક્ય હોય ત્યાં સુધી તે જ સમયે આરાધના કરવી. આરાધના માટે ત્રણ સંધ્યા અને બ્રાહ્મમુહૂર્ત શ્રેષ્ઠ સમય છે.

### ◆ સોપાન ત્રીજું :

- કાળા ઉપર સફેદ અક્ષરો હોય તેવું છાપેલું કાર્ડ સામે રાખી વાંચવું. એક વખત ૬૮ અક્ષરો વંચાય ત્યારે એક જાપ થશે.

આ મંત્ર બાલ્યાવસ્થામાં સામાન્ય રીતે પ્રાપ્ત થયેલો હોવાથી સાહજિક ઝડપને રોકી કાર્ડમાંના અક્ષરો વાંચતી વખતે જે અક્ષર વંચાતો હોય તે અક્ષર ઉપર જ દૃષ્ટિનો ઉપયોગ પણ રાખવો, કારણ કે...અતિ પરિચિત હોવાથી દૃષ્ટિનો ઉપયોગ मो વાંચતી વખતે रि ઉપર અને ता વાંચતી વખત न ઉપર જશે. એ રીતે ઉપયોગ આગળ-પાછળ અને જપનું ઉચ્ચારણ આગળ પાછળ થઇ જાય છે. આવી આવી ગરબડ ન થાય માટે નાનું બાળક વાંચતું હોય તેવી રીતે...न...मो...अ...रि...हं...ता...णं છુટું છુટું વાંચવું. ધીમે ધીમે અભ્યાસ પાડ્યા પછી ઉતાવળથી વાંચતાં પણ ઉચ્ચારણ અને દૃષ્ટિનો ઉપયોગ સાથે રહેશે. આ રીતે વાંચીને જાપનો અભ્યાસ ચાલુ રહેતા સામાન્ય રીતે ત્રણ થી છ મહિનામાં અક્ષરો આંખો બંધ કરીને પણ દેખાવા માંડશે. ઉપરની રીત મુજબ નિયમિત કરવા ઉપરાંત આંખો બંધ કરીને અક્ષર નજર સમક્ષ લાવવા બીજા પ્રયોગો પણ છે.

આખો બંધ કરીને સામે કાળા રંગનું પાટીયું ધારવું, પછી હાથમાં ચાકનો કકડો લઇ તેના ઉપર નमो એમ ધારણાથી લખવું. તે લખેલ દેખાય એવો પ્રયત્ન કરવો. ન દેખાય તો ફરી-ફરીને પ્રયત્ન ચાલુ રાખવો. તે પછી 'अरिहंताणं' લખવું. ફરી-ફરીના પ્રયત્નથી તે પણ દેખાશે. આ રીતે નવે પદ માટે પ્રયત્ન કરવો. દરરોજ પંદર મિનિટ આ રીતે અક્ષરો જોવા માટે પ્રયત્ન કરવો.

પહેલી રીત પ્રમાણેનો જાપ ચાલુ રાખવો. આંખો બંધ કરીને સફેદ હીરાનો ઢગલો ધારવો પછી ધારણાથી તેમાંથી હીરા લઇ ન બનાવવો. એ રીતે બધા અક્ષરો ધારણાથી બનાવવા આથી બધા અક્ષરો હીરા જેવા-ચળકતા દેખાશે. આમાં પણ પહેલી રીતનો જાપ ચાલુ રાખવો. અક્ષરો દરેકના સ્પષ્ટ દેખાવા શરૂ થયા પછી બીજી આગળની રીતો વધુ અનુકૂળ પડે છે. અક્ષર ન દેખાય તો પણ આગળની રીતો જાપ માટે ઉપયોગી છે પરંતુ અક્ષરો દેખાવવાનું શરૂ થયા પછી આરાધનામાં ઝડપી વિકાસ થાય છે.

**◆ સોપાન ચોથું :**

શ્રી તીર્થંકર દેવની પ્રતિમા પણ આંખો બંધ કરીને જોઇ શકાય તે માટે પણ પ્રયત્ન કરવો અને આ પ્રક્રિયા શીખવા માટે શ્રી શંખેશ્વરજી જેવા તીર્થ-સ્થળમાં જઇ અઠ્ઠમ અથવા ત્રણ આયંબીલ કરી પ્રતિમાજી બંધ આંખે નજર સમક્ષ આવી શકે એ માટે પ્રયત્ન કરવો. બંધ આંખે પ્રતિમાજી દેખાયા પછી પરમાત્માના પૂજાના અંગો પર નીચે પ્રમાણેના ક્રમથી નવકારના પદો જોવા પ્રયત્ન કરવો. થોડા સમયમાં ચકમકતા સ્ફટીક જેવા અક્ષરો દેખાવા લાગશે. પરમાત્માના અનુગ્રહ પ્રભાવે આરાધનામાં સ્થિરતા આવશે, અદ્‌ભૂત શાંતિ અનુભવાશે. શ્રી નવકારની આરાધના સમયે નીચે દર્શાવેલા ક્રમથી પ્રભુ-પૂજા કરવામાં આવે તો ત્રણ નવકાર પૂર્ણ થાય અને બે વાર પ્રભુ-પૂજા પણ થાય.

| | | |
|---|---|---|
| (૧) | જમણા પગના અંગુઠે | णमो अरिहंताणं |
| (૨) | ડાબા પગના અંગુઠે | णमो सिद्धाणं |
| (૩) | જમણા ઢીંચણે | णमो आयरियाणं |
| (૪) | ડાબા ઢીંચણે | णमो उवज्झायाणं |
| (૫) | જમણા કાંડે (હાથે) | णमो लोए सव्वसाहूणं |
| (૬) | ડાબા કાંડે (હાથે) | एसो पंचनमुक्कारो |
| (૭) | જમણા ખભે | सव्वपावप्पणासणो |
| (૮) | ડાબા ખભે | मंगलाणं च सव्वेसिं |
| (૯) | શિખા ઉપર | पढमं हवइ मंगलं |
| (૧૦) | લલાટ ઉપર | णमो अरिहंताणं |
| (૧૧) | કંઠ ઉપર | णमो सिद्धाणं |
| (૧૨) | વક્ષસ્થલ (છાતી) ઉપર | णमो आयरियाणं |
| (૧૩) | નાભિ ઉપર | णमो उवज्झायाणं |
| (૧૪) | અંજલિમાં | णमो लोए सव्वसाहूणं |
| (૧૫) | જમણા પગના અંગુઠે | एसो पंचनमुक्कारो |
| (૧૬) | ડાબા પગના અંગુઠે | सव्वपावप्पणासणो |
| (૧૭) | જમણા ઢીંચણે | मंगलाणं च सव्वेसिं |
| (૧૮) | ડાબા ઢીંચણે | पढमं हवइ मंगलं |
| (૧૯) | જમણા કાંડે (હાથે) | णमो अरिहंताणं |
| (૨૦) | ડાબા કાંડે (હાથે) | णमो सिद्धाणं |
| (૨૧) | જમણા ખભે | णमो आयरियाणं |
| (૨૨) | ડાબા ખભે | णमो उवज्झायाणं |
| (૨૩) | શિખા ઉપર | णमो लोए सव्वसाहूणं |
| (૨૪) | લલાટ ઉપર | एसो पंचनमुक्कारो |
| (૨૫) | કંઠ ઉપર | सव्वपावप्पणासणो |
| (૨૬) | વક્ષસ્થલ (છાતી) ઉપર | मंगलाणं च सव्वेसिं |
| (૨૭) | નાભિ ઉપર | पढमं हवइ मंगलं |

**◆ સોપાન પાંચમું :**

- શ્રી નવકારના પદોને અષ્ટદલ કમળમાં ગોઠવી કમળબંધ જાપ કરવો. પ્રથમ પદ કર્ણિકામાં-મધ્યભાગમાં બીજા આઠ પદો પાંખડીમાં યથાસ્થાને ગોઠવી એક નવકાર ગણવો.

● હવે આપણી સન્મુખ એક પ્રતિમા કલ્પવી તેના જમણા પગના અંગૂઠા પર એક કમળ કલ્પવું અને એમાં નવે પદોની કલ્પનાથી સ્થાપના કરવી.

● બીજું કમળ ડાબા પગના અંગૂઠા ઉપર કલ્પીને સ્થાપવું અને નવે પદો ગોઠવવા. એ રીતે હૃદય સુધી ૧૨ કમળ બદ્ધ નવકાર થશે. આ પ્રમાણે નવ વખત જાપ કરવાથી ૧૦૮ શ્રી નવકાર (એક માળા) થશે.




◆ **શ્રી નવકાર કેમ ગણાય ?**

શ્રી નવકારના જાપમાં એકાગ્રતા જરૂરી છે. આ એકાગ્રતા લાવવા માટે પ્રાથમિક ભૂમિકાએ નિમિત્ત કારણો પણ કામ કરતા હોય છે આથી શ્રી નવકારના આરાધકે નીચેની કેટલીક બાબતો હૈયાથી સમજી અમલમાં મૂકવા પ્રયત્ન કરવો.

● શુદ્ધ થઇને, શુદ્ધ શ્વેત વસ્ત્રો પહેરીને સાનુકૂળ ભૂમિતલ પ્રમાજવું.

● આસન બાંધીને-આસન એક જ જગ્યાએ રાખવું, શ્વેત કટાસણું વાપરવું.

● નવકારના જાપ માટે દિશા પણ એક જ રાખવી, પૂર્વ યા ઉત્તર સન્મુખ બેસવું.

● જાપનો સમય એક જ રાખવો.

● ૧૮ અભિષેકવાળી અભિમંત્રિત સુતરની શ્વેતમાળા વાપરવી. જાપવાળી માળા એક જ રાખવી, બદલવી નહીં.

● ચિત્તને '**શિવમસ્તુ સર્વ જગતઃ**'ની ભાવના વડે વાસિત કરવું.

● શ્રી નવકારનો જાપ શરૂ કરતાં પૂર્વે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું તથા શાસનપતિશ્રી મહાવીર પ્રભુનું તેમજ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજીનું નામ ત્રણ વાર લેવું.

● શ્રી નવકારનો જાપ કરતાં આંખો બંધ રાખવી, અગર ધ્યાન નવકારના પટ સામે રાખવું અથવા દૃષ્ટિને નાસિકાના અગ્રે સ્થાપવી.

● ધીરે ધીરે શ્રી નવકારનો પ્રત્યેક અક્ષર આખા શરીરમાં ફરી વળે તેવી રીતે શ્રી નવકારનો જાપ કરવો જોઇએ.

● નવકારવાળી કેટલી ગણવી છે, તેની સંખ્યા પણ ચોક્કસ રાખવી જોઇએ એટલે કે પાંચ માળા ગણવાના નિયમવાળો પુણ્યશાળી આત્મા પાંચથી વધુ માળા ગણી શકે, પણ પાંચ માળાથી ઓછી નહીં જ.

● નવકારવાળી ગણતી વખતે ડાબો હાથ માળાને અડકવો જોઇએ નહીં.

● જાપ વખતે શરીર હાલે નહીં, કમર વળે નહીં તથા બગાસુ આવે નહીં તેનું ધ્યાન રાખવું.

● માનસજાપમાં હોઠ બંધ રહેવા જોઇએ, તેમ દાંત ખુલ્લા રહેવા જોઇએ.

● ઉપાંશુજાપમાં હોઠનો ફફડાટ વ્યવસ્થિત રહેવો જોઇએ.

● ભાષ્યજાપમાં ઉચ્ચાર તાલબદ્ધ રહેવો જોઇએ.

● જાપ પૂરો થાય તે પછી ઓછામાં ઓછી પાંચેક મિનિટ સુધી આંખો બંધ કરીને તે સ્થળમાં બેસી રહેવું જોઇએ. આમ કરવાથી જાપ-જન્ય સત્ત્વની સ્પર્શનાનો અદ્‌ભૂત યોગ સધાય છે અને ક્યારેક ભાવ સમાધિની અણમોલ પળ જડી જાય છે.

● જાપ માટેના ઉપકરણોને પૂરેપૂરા બહુમાનપૂર્વક, પવિત્ર જગ્યામાં રાખવા જોઇએ.

● ઉપકરણો પ્રત્યેનો આપણો સદ્‌ભાવ હોય છે તે, શ્રી નવકાર પ્રત્યેના આપણા ભાવ ઉપર તથાપ્રકારની અસર પહોંચાડે જ છે માટે જાપના ઉપકરણો પ્રત્યે અત્યંત

આદર રાખવો અને વિનય સાચવવો.

- જીભ એકલી જ નહિ, પરંતુ મન બરાબર શ્રી નવકાર ગણતાં શીખી જાય તે તરફ આપણું લક્ષ્ય રહેવું જોઇએ.
- મોટાભાઇ નાનાભાઇને કવિતા શીખવાડે, તેમ આપણે મન રૂપી આપણા લઘુબંધુને સદ્‌ભાવનાપૂર્વક શ્રી નવકાર શીખવાડવો જોઇએ.
- મન શ્રી નવકારમાં પરોવાય છે એટલે બધી ઇન્દ્રિયો પણ તેમાં ઓતપ્રોત થાય છે.
- તરનારનું શરીર ભીંજાયા સિવાય ન રહે, તેમ શ્રી નવકારમાં પ્રવેશેલા પ્રાણો પણ શુભ ભાવ વડે ભીંજાય છે, જો ન ભીંજાય તો સમજવું કે આપણા પ્રાણોનો અધિક ભાગ શ્રી નવકારની બહાર રહે છે.
- શ્રી નવકાર ગણતી વખતે નીચેની ભાવના સતત ભાવવી.

**◆ જાપની પાત્રતા કેવળવવાના ઉપાયો :**

નવકારના આરાધકે નીચેના ગુણોને ખૂબ મહત્વના માની તેને જીવનમાં ઉતારવા માટે શક્ય પ્રયત્ન કરવાથી જીવનમાં પાત્રતા કેળવાય છે. અંતે તો જીવનમાં કેળવાયેલી પાત્રતા એજ સર્વ સદ્‌ગુણોને ટકાવનાર વધારનાર અને સાનુબંધ બનાવનાર એક અજોડ જડીબુટ્ટી છે.

(૧) કોઇને પણ નિંદનીય માનવો નહિ, પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ ભવસ્થિતિ ચિંતવવી.

(૨) કોઇપણ એક અસાધારણ ગુણને વરેલ આત્મા પ્રત્યે પણ હૃદયમાં બહુમાન ધારણ કરવું. ગુણનો અંશ પણ કોઇપણ જગ્યાએ જોવા મળે તો આનંદિત થવું.

(૩) લોક સંજ્ઞાને છોડી દેવી, શાસ્ત્ર સંજ્ઞાને કેળવવી.

(૪) હિતકર વચન નાના બાળકનું હોય તો પણ ગ્રહણ કરવું.

(૫) દુર્જન પ્રત્યે દ્વેષ ન કરવો, બીજા ઉપર દ્વેષ બુદ્ધિ આરાધક માટે અનિષ્ટ છે, કેમકે તત્ત્વજ્ઞાન પ્રાપ્તિમાં નીચે મુજબ અદ્વેષ આદિ આઠ અંગો છે.

(અ) **અદ્વેષ** એટલે બીજા જીવો અથવા તત્ત્વો ઉપર અરુચિનો અભાવ.

(આ) **જિજ્ઞાસા** એટલે તત્ત્વને જાણવાની ઇચ્છા.

(ઇ) **શુશ્રુષા** એટલે તત્ત્વને સાંભળવાની ઇચ્છા.

(ઇ) **શ્રવણ** એટલે તત્ત્વને સાંભળવું.

(ઉ) **બોધ** એટલે સાંભળેલ તત્ત્વોની જાણકારી.

(ઊ) **મીમાંસા** એટલે જાણ્યા પછીનું તત્ત્વનું મનન.

(એ) **પ્રતિપતિ** એટલે મનન પછી તત્ત્વનો સ્વીકાર અર્થાત્ તત્ત્વનિશ્ચય આ આવું જ છે એવો નિર્ણય.

(ઐ) **પ્રવૃત્તિ** એટલે તત્ત્વ નિર્ણય પછીનું તદનુસાર અનુષ્ઠાન.

આ રીતે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે અષ્ઠાંગી છે. તેની પ્રાપ્તિમાં અદ્વેષભાવ એ પ્રથમ હેતુ છે તેથી કોઇપણ જીવ પ્રત્યે દ્વેષ ન કરવો-એ રહસ્ય છે.

(૬) પોતાના કાર્યો માટે પારકી આશા સેવવી નહિ.

(૭) સ્વજન સંબંધીઓ સાથે પણ મર્યાદિત વ્યવહાર રાખવો. સર્વ સંયોગ સંબંધને બંધન રૂપ જાણવા.

(૮) કોઇ સ્તુતિ કરે તો ફુલાવવું નહિ, નિંદા કરે તો કોપાયમાન થવું નહિ.

(૯) સદાચારી, ધાર્મિક પુરૂષોની સેવા કરવી.

(૧૦) તત્ત્વની જીજ્ઞાસા રાખવી.

(૧૧) જીવન પવિત્ર રાખવું.

(૧૨) કષ્ટ વખતે સ્થિર-ધીર-રહેવું.

(૧૩) નિર્દંભ જીવન ગાળવું.

(૧૪) ઇન્દ્રિયોના અનુકૂળ વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવો.

(૧૫) સંસારનું વીરુપપણું ચિંતવવું.

(૧૬) શરીર, ધન, વૈભવ આદિની મૂર્છા ઉતારતા રહેવું.

(૧૭) દેવ-ગુરુ પ્રત્યે ભક્તિ વધારવી.

(૧૮) સ્વાધ્યાય, ધ્યાન, જાપ માટે શાંત અને પવિત્ર સ્થાન પસંદ કરવું.

(૧૯) સમ્યકત્વ દઢ કરવું.

(૨૦) પ્રમાદને આધિન ન થવું.

(૨૧) આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવા સદા ઝંખના રાખવી.

(૨૨) વય, સદાચાર અને જ્ઞાનથી વૃદ્ધ પુરૂષોને અનુસરવું.

(૨૩) કુવિકલ્પો છોડવા.

(૨૪) પુદગલ પ્રત્યેની મમતા ઘટાડવા પ્રયત્નશીલ થવું વગેરે બાબતો આરાધકો માટે જરૂરી છે.

આ ઉપરાંત ગુરુજન નિશ્રા અને વિવેકપૂર્વક વૈરાગ્ય જરૂરી છે.

**◆ જાપની શક્તિનો અનુભવ ક્યારે ?**

જ્ઞાનીઓએ ધર્મના અન્ય સાધનો કરતાં શ્રી નવકાર મહામંત્રને આશયશુદ્ધિ માટે વધુ ઉપયોગી જાણી તેના સંસ્કાર અસ્થિમજ્જાગત દઢ કરવા માટે વારંવાર અને ગમે તેવી સ્થિતિમાં તેને ગણવાની ભલામણ કરી છે, પરંતુ ઉત્તમ સુંદર ચીજ પણ વ્યવસ્થિત રૂપે ઉપયોગમાં લેવાય તો તેના જ વાસ્તવિક ફળને યોગ્ય રીતે મેળવી શકાય.

એટલે `अतिपरिचियादवज्ञा'ની જેમ શ્રી નવકાર મહામંત્ર માટે બનવા પામ્યું હોઇ આરાધકો તેની વ્યવસ્થિત ઉપયોગની દિશા કંઇક અંશે ભૂલી જવાના કારણે અત્યાધિક પ્રમાણમાં શ્રી નવકારનો જાપ કરવા છતાં આજે કેટલીકવાર તેની સામાન્ય શક્તિઓ પણ નથી દેખાતી, પરિણામે મહામંત્ર અને સકલ દિવ્યશક્તિના નિધાનરૂપે બિરદાવાયેલા પણ શ્રી નવકાર મહામંત્ર પ્રતિ આરાધકોની જગતના અન્ય તુચ્છ મંત્રો પ્રતિ રખાતી વિવેક બુદ્ધિ=આદર વૃત્તિ જેવી પણ વિવેકબુદ્ધિ નથી રહેતી. માટે એકડે એક ઘૂંટવાની જેમ શ્રી નવકાર મહામંત્રને જાપની પ્રાથમિક ભૂમિકાથી આરાધનાની અત્યંત ઉપયોગીતા હોઇ નિયમ, આસન, સમય, સંખ્યા આદિ કેટલીક પ્રાથમિક બાબતો દરેક આરાધકે આત્મશક્તિના વિકાસની માંગણી કરવા માટે આદરપૂર્વક અપનાવવી ઘટે.

આધુનિક કેટલાક પ્રયોગોથી પણ આ વાત સાબિત થઇ છે કે, નિયત જગ્યાએ, નિયત સમયે અને નિયત સંખ્યામાં ધારાબદ્ધ જાપ કરવાથી, અમુક પ્રકારનું, અમુક ચોક્કસ વાતાવરણ બંધાય છે, જેમાં પ્રવેશનાર ભયંકર આચાર વિચારવાળો પણ ચમત્કારિક રીતે તે વાતાવરણના પવિત્ર સંસ્કારોથી ઘડીભરને માટે રંગાઇ જાય છે. કેટલાંક વર્ષો પહેલાં અનુભવી વિદ્વાન વ્યક્તિ પાસેથી જાણવા મળેલ છે કેઃ-

◆ નક્કી કરેલ જગ્યાએ, નક્કી કરેલ સમયે માત્ર પાંચ જ મિનિટ પોતાના ગમે તે (અરિહંત, રામ, કૃષ્ણ, ઇશુ કે અલ્લાહ વિગેરે) ઇષ્ટદેવના જાપનો લાગલગાટ (એક પણ દિવસની ખામી પડવા દીધા સિવાય) બાર વર્ષ સુધી કરવામાં આવે તો-

◆ રોજના ફક્ત પાંચ જ મિનિટના જાપમાં નિયત આસન અને નિયત સમયનું બળ મળવાથી ત્યાંના વાતાવરણમાં જાપના અક્ષરોના આંદોલનનું એવું વિદ્યુત બળ પેદા થઇ સ્થાયી રૂપે બન્યું રહે છે કે-

◆ ભયંકર બદમાશી, લુંટફાટ કે ચારસોવીસને છાજે તેવા કુકર્મને કરનારાને ગમે તેવી લાલચ આપીને આસન ઉપર બેસાડવામાં આવે તો સમય-સંખ્યા અને આસનની નિયતતા જળવાયાથી બંધાયેલા વાતાવરણ તે ગુંડાના માનસ પર એવો પ્રભાવ પાડશે કે-તે ગમે તે કોમ કે ધર્મનો હશે, છતાં આપોઆપ વગર પ્રેરણાએ આપણે જેનો જાપ બાર વર્ષ સુધી કર્યો હશે તે જ જાપ તે ગૂંડાના મુખમાંથી નીકળવા માંડશે !

આ છે આધુનિક વૈજ્ઞાનિક સત્ય ! આ છે સ્થાન સમય અને સંખ્યાની ચોકસાઇ જાળવવાનો મહિમા !! આ છે શબ્દશક્તિના વિદ્યુત તરંગોનો અનુભવ !!! માટે મોક્ષે ગયેલ અનંતાનંત પુણ્યાત્માઓના વિશુદ્ધ આત્મબળના વાહકરૂપે દિવ્ય-શક્તિ નિધાન અને અનાદિસિદ્ધ શ્રી નવકાર મહામંત્રના અડસઠ વર્ણોનો જાપ સમય, સ્થાન, સંખ્યા, માળા અને દિશાની નિયમિતતા, વ્યવસ્થા અને મર્યાદાને જાળવવાપૂર્વક કરી અખૂટ આત્મશક્તિઓના સ્ત્રોતને વહેતો કરવાનું કામ હસ્તામલકની જેમ ગુરુગમથી સહેલું કરવાની આરાધકોની પવિત્ર ફરજ છે.

**શ્રી નવકાર મહામંત્રના જાપ અંગે જરૂરી માહિતી**

કોઇપણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો વિધિપૂર્વક આરાધના જરૂરી છે. ખેડૂત જો વિધિપૂર્વક વાવવા આદિની ક્રિયા કરે છે, તો જ ધાન્યરૂપી ફળ પ્રાપ્ત કરી શકે છે, તે માટે શ્રી નવકાર મહામંત્રના જાપની સફળતા માટે શ્રી નવકાર મહામંત્રના જાપની વિધિ સંક્ષિપ્ત સ્વરૂપે પણ સમજી લેવી જરૂરી છે, તેથી નીચેનું લખાણ ધ્યાનપૂર્વક વાંચી અમલમાં મુકવા પ્રયત્ન કરવો હિતાવહ છે. **જાપ કરનારાઓએ નીચેની પાંચ બાબતો લક્ષ્યમાં લેવી.**

**(૧) નિશ્ચિત સમય (૨) નિશ્ચિત આસન (૩) નિશ્ચિત દિશા (૪) નિશ્ચિત માળા (૫) અને નિશ્ચિત સંખ્યા.** ખાસ આગાઢ કારણ વિના આ પાંચ બાબતોમાં વારંવાર ફેરફાર ન કરવો. આ સંબંધી માંત્રિક-રહસ્યાવેત્તા પૂ.આ. શ્રી મલ્લિષેણસૂરીશ્વરજી મ.સાહેબ ફરમાવે છે કે-

**दिक्-काल-मुद्रा-ऽऽ सन-पल्लवानां;**
**भेदं परिज्ञाय जपेत् स मन्त्री ।**
**न चान्यथा सिध्यति तस्य मन्त्रं;**
**कुर्वन् स तिष्ठतु जाप्य-होमम् ।।**

**(भैरव-पद्मावतीकल्प परि. ३ गा. ४)**

ભાવાર્થ : મંત્રની સાધના કરનારે દિશા-કાલ-મુદ્રા-આસન અને પલ્લવો (મંત્રની આદી અંત કે મધ્યમાં આવતા બીજાક્ષરો)ના ભેદ-વ્યવસ્થાને જાણીને જાપ કરવો જોઇએ, અન્યથા મંત્રને જપતો રહે કે હોમ કરતો રહે, પણ મંત્ર સિદ્ધ ન થાય.

આ રીતે સામાન્ય મંત્ર માટે જરૂરી બંધારણની વાત ઉપરથી મહામંત્ર અને મંત્રાધિરાજ તરીકે જગજાહેર શ્રી નવકાર મહામંત્ર માટે વ્યવસ્થિત આસન-કાળ-દિશા આદિના વિવેકની અત્યંત જરૂરિયાત સ્પષ્ટ સમજાય છે.

**(૧) નિશ્ચિત સમય :**

શ્રી નવકાર મંત્ર ક્યા સમયે ગણવો ? શ્રી નવકાર મહામંત્રના જાપથી આત્મશક્તિની ખીલવણી માટે સવાર-બપોર અને સાંજની ત્રણ સંધ્યાનો સમય અત્યંત શ્રેષ્ઠ છે. શ્રી નવકાર મહામંત્રનો જાપ વિખરાઇ ગયેલ અલૌકિક સ્વરૂપનું અનુસંધાન કરવા માટે જરૂર પંચપરમેષ્ઠિ ભગવંતોના અપૂર્વ તાદાત્મ્યને પ્રાપ્ત કરવારૂપ હોય છે. તે શબ્દમાંથી ફલિત થતી સંધિકાળની અપૂર્વ શક્તિનો લાભ મેળવવા સંધ્યાના સમય તરીકે નિયત સમય સવારના ૬, બપોરના ૧૨ અને સાંજના ૬ની આગળ-પાછળ ૨૪-૨૪ મિનિટ સુધી હોય છે, એટલે બને ત્યાં સુધી તો ૬-૧૨-૬નો જ સમય નક્કી રાખવો ઘટે. તે કદાચ ન સધાય તો ૨૪-૨૪ મિનિટ આગળ પાછળની છે, તેમાંથી નિયત કરવો. ત્રણે સંધ્યાએ એટલે કે સૌથી શ્રેષ્ઠ ૬ વાગે, બપોરે ૧૨ વાગે અને સાંજે ૬ વાગે જ્ઞાની ભગવંતોએ નિર્દેશ્યો છે, જાપનો સમય સવારે અનુકૂળ ન આવે તેમણે નીચેની વાત ધ્યાનમાં લેવી:

◆ શ્રી નવકાર મહામંત્રનો જાપ સવારે બ્રાહ્મમુહૂર્ત (રાત્રિની પાછલી ચાર ઘડી) અર્થાત્ સવારે ૪ વાગ્યાથી સૂર્યોદય સુધીના શ્રેષ્ઠ સમયમાં કરવો જોઇએ. છેવટે સૂર્યોદયથી એક કલાક સુધી મધ્યમ અને સવારના ૧૦ વાગ્યા સુધીનો સામાન્ય સમય ગણીને તે સમય જાપ માટે અનુભવીઓએ નિયત કર્યો છે.

◆ દિવસના ૧૦ વાગ્યાથી સૂર્યાસ્ત પછી અઢી ઘડી (૧ કલાક) સુધીનો સમય સામાન્ય રીતે જાપ માટે યોગ્ય નથી આથી નિષિદ્ધ છે. આ વાત વિશિષ્ટ, વ્યવસ્થિત અને ધોરણસરના જાપ માટે જાણવી, પણ ચાલુ દૈનિક સ્મરણ અગર સવા લક્ષાદિ જાપના અનુષ્ઠાન તથા જાપની મર્યાદાને આ વાત લાગુ પડતી નથી.

◆ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ ગમે ત્યારે અને વારંવાર કરવાનું શાસ્ત્રીય વિધાન સંસ્કારોની જાગૃતિ અને તે જાપની વિશિષ્ટ પરિણામોની કેળવણીની અપેક્ષાએ સાર્થક સમજવું, પણ જાપની પ્રાથમિક ભૂમિકાએ તો આત્મશક્તિ જાગૃત કરવા માટે ઉપર જણાવેલ સમયની મર્યાદા જાળવવી જરૂરી છે.

◆ પ્રાથમિક ભૂમિકાએ જાપ કરનારે અમુક સમય (પાછલી ચાર ઘડી રાત્રિથી દિવસના ૧૦ વાગ્યા સુધી ગમે

તે) નિશ્ચિત કરી રાખવો જોઇએ, તે સમયે ગમે તેવા કામને પણ પડતું મૂકીને જાપ કરવાની તત્પરતા કેળવવી ઘટે, તેમ કરવાથી જાપની શક્તિઓનો ધીમો પણ મૌલિક સંચાર જીવનમાં અનુભવવા મળે છે. ટૂંકમાં જાપની પ્રાથમિક શક્તિઓના અનુભવ માટે સમયની ચોકસાઇ જાળવવી જરૂરી છે.

**(૨) નિશ્ચિત આસન**

શ્રી નવકાર મહામંત્ર ગણવા માટે કેવા આસનનો ઉપયોગ કરવો ? શ્રી નવકાર મહામંત્રના જાપ માટે શ્વેત, સફેદ શુદ્ધ ઉનનું આસન રાખવું તેમજ એક જગ્યા નિશ્ચિત રાખવી. એક જ સ્થાન ઉપર શ્રી નવકાર મહામંત્રના જાપથી વિશિષ્ટ કોટિનું વાતાવરણ સર્જાય છે. જ્યાં ત્યાં શ્રી નવકાર મહામંત્રનો જાપ ઐચ્છિક રીતે કરતાં રહેવાથી જાપના આંદોલનો બરાબર વાતાવરણ સર્જી ન શકે અને શક્તિ જ્યાં ત્યાં વિખરાઇ જાય, તેથી ખાસ જરૂરી કારણ સિવાય જાપનું સ્થળ ફેરવવું નહિ. અનિવાર્ય કારણે સ્થાનાંતર કરવું પડે તો પણ શ્વેત, શુદ્ધ ઉનનું આસન એક જ રાખવું. ગમે ત્યાં એક જ આસન પર વ્યવસ્થિત રીતે જાપ ચાલુ રહેવો જોઇએ.

**(૩) નિશ્ચિત દિશા**

શ્રી નવકાર મહામંત્રના જાપ માટે કઇ દિશા યોગ્ય ? મંત્રની જુદી જુદી શક્તિઓ દિશાના હેરફેરથી ઉપજતી હોવાનું મંત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તેથી શ્રી નવકાર મહામંત્રના જાપ માટે પૂર્વ અને ઉત્તર દિશા જ્ઞાનીઓએ વિહિત કરી છે. તેમાં પણ સવારના ૧૦ વાગ્યા સુધીના જાપ માટે પૂર્વ દિશા અને સૂર્યાસ્તથી અઢી ઘડી (૧ કલાક) પછીના જાપ માટે ઉત્તર દિશાનું વિધાન છે. રોજ જાપ નિશ્ચિત કરેલી દિશામાં મુખ રાખીને જ કરવો. ખાસ કારણ વિના વારંવાર દિશાનો ફેરફાર ન કરવો.

**(૪) નિશ્ચિત માળા**

શ્રી નવકાર મહામંત્ર ગણવા માટે પ્રાથમિક જાપ (ઓછામાં ઓછો ૧૨૫૦૦ નવકારનો) નવકારવાળીથી જ કરવો જોઇએ.

માળા શ્વેત-શુદ્ધ સુતરની લેવી પણ જે ગૂંથવાની ઓછી મહેનત પડે તે હેતુથી અંદર જૂનું કપડું ભરી ઉપર થોડુંક ગૂંથીને બનાવેલ સુતરના મણકાવાળી હોય, તે અશુદ્ધ અને જાપ માટે અગ્રાહ્ય જાણવી. બજારમાં સસ્તા ભાવે વેચાતી સુતરની માળાઓ લગભગ બધી અશુદ્ધ હોય છે, પણ જે માળાના મણકા અંદરથી ઉપર સુધી અખંડ સુતરથી ગૂંથીને જ બનાવેલ હોય તેવી માળા જાપ માટે વિહિત જાણવી.

ખરી રીતે તો સુતરની કોકડી-સોયો અને બીજા જે કંઇ સાધન હોય તો દરેકને ૪૧ નવકારથી અભિમંત્રિત કરી શુદ્ધ વસ્ત્ર પવિત્ર દેહપણે એકેક નવકાર મહામંત્ર પદના ઉચ્ચાર સાથે એકધારા સળંગ દોરાથી (અંદર નીચેથી ઉપર સુધી) ગૂંથીને તૈયાર કરેલ મણકાવાળી માળા જાપ માટે શ્રેષ્ઠ કહેવાય ! તેવી માળાથી કરાતો જાપ ઝણઝણાટી ઉપજાવે અને આત્માની અંદર વહેતા શક્તિઓના ધોધને ઝીલવાનો અનુભવ કરાવે. આમ છતાં જેટલી શકય હોય તેટલી પવિત્રતા જાળવવા માટે ગૂંથાયેલ માળા માટે તત્પરતા રાખવાથી તરમતાએ જાપની અપૂર્વ શક્તિ સહજ રીતે અનુભવાય છે.

- અસલી સ્ફટિકની માળા શ્રેષ્ઠ છે, પણ નકલી સ્ફટિક (જે આજે મોટા ભાગે બજારમાં જોવા મળે છે.)ની માળા કરતાં તો ઉપર બતાવી તેવી સુતરની માળા અત્યંત શ્રેષ્ઠ જાણવી.
- ચાંદીની માળા ગૃહસ્થો માટે ઉત્તમ ખરી ! પણ તેમાં લાકડા પર ચાંદી મઢીને અગર નક્કર ચાંદીના મણકા હોય તો ! અન્યથા અંદર મીણ કે લાખ જેવી અશુદ્ધ ચીજ ભરેલ સસ્તા ભાવની પ્રચલિત ચાંદીની માળા કરતાં પૂર્વોક્ત સુતરની માળા સર્વ શ્રેષ્ઠ છે.
- ટૂંકમાં શ્રી નવકાર મહામંત્રના જાપ માટે શુદ્ધ સુતરની અસલી સ્ફટિકની અને નક્કર ચાંદીની માળા શાસ્ત્રીય મર્યાદાથી વિહિત જાણવી. ચંદનની માળા પણ શ્રી નમસ્કાર મહામંત્રના જાપ માટે સર્વશ્રેષ્ઠ ગણાય છે, પરંતુ તે માળા શુદ્ધ ચંદનની હોવી જોઇએ.

**પ્લાસ્ટીકની માળા ગણવી નહિ....!**

વર્તમાનમાં અણસમજથી બહુ પ્રચલિત થઇ ગયેલ

પ્લાસ્ટિક અને રેડીયમના પ્રકાશવાળી માળા તો નિતાંત વર્જનીય છે. કેમ કે પ્લાસ્ટીક પોતે જ અત્યંત અશુદ્ધ-અપવિત્ર દ્રવ્યોના મિશ્રણરૂપ છે. પ્લાસ્ટિક બનાવનાર કંપનીઓ તથા વૈજ્ઞાનિકો સાથે પત્રવ્યવહાર દ્વારા મેળવેલ માહિતીના આધારે ચોક્કસ જાણવા મળ્યું છે કે

પ્લાસ્ટિક એ ઝાડનો રસ હોવા છતાં તેને શોધવામાં અને આજના મોહક સ્વરૂપમાં લાવવા માટે છૂટે હાથે સૂકાં હાડકાંનો ભૂકો, બળદના આંતરડાનો રસ વિગેરે ખૂબ જ અશુદ્ધ દ્રવ્ય વપરાય છે.

તેથી પ્લાસ્ટિકની માળા સદંતર ત્યાગ કરવા ધ્યાન રાખવું તથા નવકારવાળી મૂકવા માટે પણ પ્લાસ્ટિક, એલ્યુમિનિયમ કે સ્ટીલની કોઇપણ જાતની ડબીનો ઉપયોગ કરવો નહિ.

## માળા કઇ રીતે ગણશો ?

શ્રી નવકાર મહામંત્રનો જાપ ઉપર બતાવ્યા મુજબ વિશિષ્ટ માળાથી કરવામાં પણ એક બહુ મહત્વની વાત જાણવી જરૂરી છે. તે એ છે કે, માળા કઇ રીતે રાખવી ? અને કઇ રીતે મણકા ફેરવવા ?

કેમ કે જ્ઞાનીઓના બંધારણની મર્યાદા પ્રમાણે નિયત વિધિપૂર્વક કરાતી ક્રિયા પરંપરાએ પણ આંતરિક આત્મશુદ્ધિને જન્માવનારી થાય છે અને મંત્ર-શાસ્ત્રના ધોરણે એક જ મંત્રના જુદા જુદા મોહ, વશીકરણ, મારણ આદિ કાર્યોમાં કરાતા જાપમાં ભિન્ન ભિન્ન પલ્લવ, બીજ, આસન, દિશા આદિ ફેરવવાની સાથે મુદ્રાનો ફેરફાર એટલે કઇ રીતે મણકા ફેરવવા ? અને માળા કઇ રીતે રાખવી ? તેની વ્યવસ્થા પણ મહત્ત્વની છે.

એટલે આધ્યાત્મિક શક્તિઓના વિકાસાર્થે કર્મનિર્જરા દ્વારા આત્મશુદ્ધિના લક્ષ્યથી કરાતા શ્રી નવકાર મહામંત્રના જાપમાં પણ ગીતાર્થ જ્ઞાનીઓના વચનો અને શાસ્ત્રમર્યાદાથી ફલિત થતા અમૂક ચોક્કસ બંધારણને લક્ષ્યમાં લેવાની જરૂર છે.

## વર્તમાનકાળે શ્રી નવકારવાળી ગણવાની જુદી જુદી ઘણી રીતો જોવા મળે છે

(૧) અંગુઠા ઉપર માળા રાખી **તર્જની** (અંગુઠા પાસેની પહેલી આંગળી)થી ગણવાની.

(૨) **મધ્યમા** (સૌથી મોટી વચલી આંગળી, અંગુઠાથી બીજી) પર માળા રાખી અંગુઠો અને તર્જનીના સંયુક્ત સહકારથી ગણવાની. (આ રીત વધુ પ્રચલિત છે.)

(૩) અંગુઠા ઉપર માળા રાખી **અનામિકા** (પૂજાની આંગળી છેલ્લી ટચલી આંગળી પાસેની)થી ગણવાની.

આ સંબંધી કારણોની સમીક્ષામાં તે તે રીતે પાછળ વિવિધ તર્કો જાણવા મળ્યા છે જેમ કે:

પ્રથમ રીતના સમર્થનમાં પ્રવચનમુદ્રાની વાત, બીજીમાં કર્મશત્રુનું તર્જન કરવા સાથે માળા. પડી ન જાય તે માટે અંગુઠાનો ઉપયોગ અને છેલ્લી રીતમાં પૂજા માટેની પવિત્રતમ આંગળીથી જાપ બહુ શ્રેષ્ઠ હોવાની વિચારણા વિગેરે.

પરંતુ વાસ્તવિકતાના ધોરણે શાસ્ત્રીય અક્ષરો અને માંત્રિક અનુભવીઓની પરંપરાની ગવેષણા કરતાં નીચે મુજબ જાણવા મળ્યું છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ શ્રી નવકાર મહામંત્રના જાપની મૌલિક શક્તિનો વિકાસ-અધખુલી મુઠ્ઠીરૂપે ચાર આંગળીઓ વાળી, તર્જનીના વચલા વેઢા ઉપર માળા રાખી અંગુઠાના પહેલા ટેરવાથી (નખ ન અડે તે રીતે) મણકા ફેરવવા દ્વારા થાય છે.

આ પ્રમાણે શાસ્ત્રીય જાપની મર્યાદાના અંગ તરીકે અંગુષ્ઠથી નિયત રૂપે જાપ અતિ મહત્વની વસ્તુ છે, તે ધ્યાનમાં રાખી શ્રી નવકાર મહામંત્રનો જાપ સહુએ કરવો ઘટે.

વળી, એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે- **શ્રી નવકાર મહામંત્રના જાપમાં લેવાતી માળા વિશિષ્ટ કોટિના માંત્રિક સંસ્કારોવાળી જોઇએ.**

અર્થાત્ જે રીતે કારીગરને ત્યાં ઘડાઇને તૈયાર થયેલ પ્રભુમૂર્તિમાં વિશિષ્ટ પ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિની સામગ્રી ચોક્કસ વિધિ-વિધાન દ્વારા અધિકારી પુરૂષોના વરદ્ હસ્તે અંજનશલાકાના બળે અત્યુત્તમ ભાવનું સંચારણ થવા રૂપ પ્રાણપ્રતિષ્ઠાદિ સંસ્કારોની અપેક્ષા રહે છે.

તથા આવા માંત્રિક સંસ્કારોના બળે જ મૂર્તિ પ્રભુ-સ્વરૂપ બની દર્શન વંદન-પૂજાદિને યોગ્ય બને છે અને પ્રશસ્ત ભાવોલ્લાસ-નિર્જરાદિનું અંગ બને છે તેમજ અપ્રશસ્ત-અશુચિ વાતાવરણ કે મહત્વની આશાતના દ્વારા તે સંસ્કારોની અસ-રમાં પરિવર્તન થવાથી પુનઃ અઢાર અભિષેક આદિ કરાવવા પડે છે તથા ખંડિત મૂર્તિઓને ભૂગર્ભ કે જળાશયમાં પધરા-વતાં પહેલાં માંત્રિક સંસ્કારોથી સંચારિત પ્રાણતત્ત્વનું વિસ-ર્જન વિશિષ્ટ રીતે, માંત્રિક રીતે કરવું પડે છે.

તે મુજબશ્રી નવકાર મહામંત્રનું સ્મરણ જે માળા દ્વારા કરી પ્રબળ મોહના સંસ્કારોના અપસર્પણ કરવારૂપ મહત્વનું કાર્ય સાધવું છે. તે માળાના પણ માંત્રિક સંસ્કારોની અપેક્ષા સાધનાના માર્ગે વિહરતા મુમુક્ષુઓ માટે અત્યંત જરૂરી છે.

- ગમે તેવી માળા બજારમાંથી લાવી ગણવા માટે ઉપયો-ગમાં લેવી ઠીક નથી.
- જાપ માટે લેવાની માળા ૧૮ અભિષેક કરેલી, માળાના (આચાર દિનકર) પ્રતિષ્ઠા મંત્રથી પ્રતિષ્ઠિત અને સૂરિ-મંત્ર કે વર્ધમાન વિદ્યાથી અભિમંત્રિત જોઇએ. જે રીતે પાષાણની મૂર્તિ વિશિષ્ટ આત્મશક્તિ સંપન્ન મહાપુરૂષોના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા દ્વારા પ્રભુ-ભગવાન સ્વરૂપ બને છે, તે રીતે યોગ્ય અધિકારી મહાપુરુષના આત્મબળના વાહક વિશિષ્ટ માંત્રિક તત્ત્વના સંચારથી માળા એ મોહના સંસ્કારોને હટાવવા અમોઘ શક્તિશાળી સાધનરૂપ બની જાય છે.
- શ્રી નવકાર મહામંત્રનો જાપ જે માળાથી કરાતો હોય તે માળાથી અન્ય કોઇપણ દેવ દેવીનો મંત્રનો જાપ ન કરવો. જ્ઞાની-ગીતાર્થોએ તો અમૂક પ્રાથમિક ભૂમિકાવાળા આરા-ધકો માટે તો સાપેક્ષભાવે એવું પણ જણાવ્યું છે કે:
- શ્રી નવકાર મહામંત્ર ગણવાની માળાથી શ્રી નવકાર મહામંત્ર સિવાય શ્રી સિદ્ધચક્રજી કે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ આદિ શાસનની મર્યાદાનુસારનો કોઇપણ જાપ ધાર્મિક તપનું ગણણું વિગેરે પણ અમુક સમય સુધી ન કરવો હિતાવહ છે.

આ વાત સાપેક્ષ રીતે સાધકની પ્રાથમિક શક્તિઓના વ્યવસ્થિત વિકાસની માત્રાના ઘડતર માટે અત્યંત જરૂરી લાગે છે.

- શ્રી નવકાર મહામંત્રનો જાપ રોજ એક જ માળાથી કરવો. માળાની ફેરબદલી ન કરવાથી શક્તિઓના જે બીજકો માળાના મણકા પર અમુક ચોક્કસ રીતે આપણી આંત-રિક શુદ્ધિ કે ભાવની ભૂમિકાના બળે કેન્દ્રિત થયા હોય, તેનો ઉત્તરોત્તર સામૂહિક લાભ એક જ માળા ઉપર એક-ધારો અખંડપણે જાપ કરવાથી મળી શકે છે.
- કોઇની ગણેલી માળાથી શ્રી નવકાર મહામંત્રનો જાપ ન કરવો.
- તેમજ આપણી માળા બીજાને ગણવા આપવી નહિ.
- કોઇના હાથનો સ્પર્શ પણ આપણી માળાને થવા દેવો નહિ.

મંત્રશક્તિ વિશે ઉંડાણથી અવગાહન કરતાં એમ પણ જાણવા મળે છે કે-

- દરેક જીવન વિશેની શુભાશુભ કર્મપ્રકૃતિઓની પૌદ્ગલિક અસર બે હાથ અને બે પગના અગ્રભાગ આંગળીઓ અને દૃષ્ટિ દ્વારા બહારના વાતાવરણમાં ફેલાય છે.
- તેમાં પણ દૃષ્ટિથી તો વિશેષ રીતે આત્મા ઉપર રહેલ શુભાશુભ કર્મપ્રકૃતિની અસર વહેવાનું અનુભવીઓ દર્શાવે છે.
- તેથી અંતરંગ વિકાસની સહુની પોતપોતાની યથાયોગ્ય ભૂમિકાના આધારે જે અમૂક જાતના શ્રી નવકાર મહા-મંત્રના જાપ દ્વારા ઉપજેલ શક્તિબીજકો માળા ઉપર કેન્દ્રિત થયેલ હોય તે બીજાઓની દૃષ્ટિએ પડવાથી કે

બીજાના હાથનો સ્પર્શ થવાથી વિખરાઇ જાય તે સ્વાભાવિક છે. માટે બને તો શ્રી નવકાર મહામંત્રનો જાપ એકાંતમાં કરવો અને માળા પણ કોઇને બતાવવી નહિ, બહુ જ મર્યાદાપૂર્વક નિધાનની જેમ સાચવીને રાખવી.

પણ અધિકારી મહાપુરુષોની વિશિષ્ટ આત્મશક્તિનો લાભ મેળવવા માટે માળાને તેવા મહાપુરુષોની દૃષ્ટિતળે કાઢવા કે તેવાઓને પુનિત સ્પર્શથી પવિત્ર બનાવવાનું મહત્વ પણ ભૂલવા જેવું નથી જ !!!

આ રીતે શ્રી નવકાર મહામંત્રની અનંત શક્તિઓમાંથી આપણી યોગ્યતાનુસાર તે તે શક્તિઓને આપણા જીવનમાં સંચારિત કરવા સારું જાપમાં ઉપર જણાવેલ બીજાના સ્પર્શ, દૃષ્ટિપાત આદિ વર્જવાની વાત અત્યંત મહત્વની છે. આનું વધુ રહસ્ય ગીતાર્થ જ્ઞાનીઓ પાસેથી સમજવા જેવું છે.

ટૂંકમાં પ્રતિષ્ઠિત-અભિમંત્રિત અને અધિકારી મહાપુરૂષના હસ્ત સ્પર્શ કે વાસક્ષેપથી દિવ્યશક્તિઓના સંચારવાળી એક જ માળાથી એકાંતમાં વ્યવસ્થિત રીતે કરાતાં શ્રી નવકાર મહામંત્રના જાપ દ્વારા પ્રત્યેક આરાધકની વિકસતી આત્મશક્તિ નવકારવાળીના તે તે મણકાઓ ઉપર કેન્દ્રિત થાય છે.

પરિણામે અમુક સમય ગયા પછી આત્મશક્તિથી કેન્દ્રિત થયેલા તે મણકાવાળી માળાથી જાપ કરવાથી આત્મશક્તિઓનો ઝડપી વિકાસ થાય છે. તેથી શૂરા સુભટને લડાઇના મેદાનમાં ઝઝુમતાં શિરોહીની પાણીદાર તલવારની જેમ આરાધક પુણ્યાત્માને મોહના સંસ્કારોથી ઉપજતા સંકલેશ અવસરે આધ્યાત્મિક વિકાસના પંથે ધપાવવારૂપે સાચી સફળતા વરવા માટે અમોઘ હથિયારરૂપ શ્રી નવકાર મહામંત્રનો જાપ બની રહે છે.

તેથી જ શ્રી નવકાર મહામંત્રને ચૌદપૂર્વના સારરૂપ જ્ઞાની ભગવંતોએ બિરદાવ્યો છે. કેમકે સંકલેશ વખતે બીજા બધા સાધનો જ્યારે પોતાની અસમર્થતા જાહેર કરે ત્યારે પણ પોતાની અખૂટ શક્તિઓના પૂરતા જથ્થા સાથે આરાધક ભવ્યાત્માને પડખે રહી સંકલેશની નાગચુડમાંથી સહેલાઇથી તે છોડાવી દે છે. માટે માળા સંબંધી ચોકસાઇ ગુરૂગમથી બરાબર સમજી શ્રી નવકાર મહામંત્રનો જાપ કરવો ઘટે.

**(૫) નિશ્ચિત સંખ્યા**

જાપ કરનારે પોતાની વૃત્તિઓને જગતમાંથી ફેરવીને આત્માભિમુખ રાખવા માટે રોજ નિશ્ચિત કરેલ સંખ્યાને વળગી રહેવું જરૂરી છે.

- જેટલી સંખ્યાથી જાપ શરૂ કર્યો, તે ધોરણને રોજ નિયતરૂપે ટકાવી રાખવું ઘટે.
- મરજી પ્રમાણે કે બેદરકારીથી અવ્યવસ્થિત પણે સંખ્યાના ધોરણ વિના કરાતો જાપ શક્તિઓના કેન્દ્રને સર્જી શકતો નથી.
- આ રીતે માંત્રિક ધોરણને જાળવીને કરાતા જાપથી આંતરિક શક્તિઓના વિકાસની દિશા સફળ રીતે મેળવાય છે.

**નવકાર જાપ માટે આસન**

શ્રી નવકારના જાપ માટે ત્રણ આસન લાભદાઇ છે. તે છે : **(૧) સુખાસન (૨) સિદ્ધાસન** અને **(૩) પદ્માસન ।**

**(૧) સુખાસન :** જે જાપ ધ્યાન માટે એક સરળ આસન છે. લાંબા સમય સુધી બેસી શકાય છે. શરીર થાકતું નથી મનને પણ આરામ મળે છે.

**(૨) સિદ્ધાસન :** શ્રી નવકાર જાપ માટે આ આસન અતિ ઉત્તમ છે. ચંચળ મનને એકાગ્ર કરવામાં સરળતા રહે છે. શારીરિક, માનસિક વિકારો દૂર કરી આત્મિક શક્તિમાં વધારો કરે છે. બ્રહ્મચર્ય માટે સર્વોત્તમ છે.

**(૩) પદ્માસન :** અતિ પ્રસિદ્ધ આસન છે. આ આસનથી ચિત્તાનંદ બુદ્ધિનો વિકાસ થાય છે. ચિંતા-શોક-વિકાર દૂર કરી આધ્યાત્મિક વિકાસ સધાય છે. કષ્ટ સાધ્ય આ આસનમાં લાંબા સમયના અભ્યાસથી સ્થિરતા આવે છે.

◆◆◆◆



# જીવનમાં જાપનું મહત્વ

**પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**

મંત્રાક્ષરોની વારંવાર આવૃત્તિ કરવી એટલે કે રટણ કરવું, તેને જપ કહેવામાં આવે છે. આ રીતે જપ એ સ્મરણનું જ એક વિસ્તૃત કે વિશિષ્ટ સ્વરૂપ છે, પરંતુ તે પોતાની વિશેષતા ધરાવે છે. મંત્રવિદોએ તેનું નિરૂપણ આ પ્રમાણે કર્યું છે :

**जकारो जन्मविच्छेदः, पकारो पापनाशकः ।**
**तस्माज्जप इति प्रोक्तों, जन्मपापविनाशकः ॥**

'જકાર જન્મનો વિચ્છેદ કરનાર છે અને પકાર પાપનાશક છે, તેથી જ તેને જન્મ અને પાપનો વિનાશક એવો જપ કહેલો છે.'

જો જપ યથાવિધિ થાય અને યથાપ્રમાણમાં થાય તો સિદ્ધિ માટે કોઇ શંકા રહેતી નથી. મંત્રવિશારદોએ મક્કમતાથી કહ્યું છે કે **'जपात् सिद्धिर्जपात् सिद्धिर्जपात् सिद्धिर्न संशयः-'** જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, જપથી સિદ્ધિ થાય છે, તેમાં કંઇ સંશય રાખવો નહિ.'

પતંજલિ મુનિએ યોગદર્શનમાં પ્રણવમંત્રની સિદ્ધિ માટે **'तजपस्तदर्थ भावनम्'** સૂત્ર વડે તેનો જપ કરવાનું તથા તેની અર્થ ભાવના કરવાનું સ્પષ્ટ વિધાન કરેલું છે.

બ્રાહ્મણ-પરંપરા કે જે યજ્ઞયાગમાં અનન્ય શ્રદ્ધા ધરાવે છે, તેણે પણ **'जपयज्ञात् परो यज्ञो, नापरोऽस्तीह कश्चन'** વગેરે શબ્દો વડે જપની પ્રશંસા કરી છે અને તેને એક પ્રકારનો શ્રેષ્ઠ યજ્ઞ માન્યો છે. વળી **'जपश्रेष्ठो द्विजेश्रेष्ठोऽखिलयज्ञफलं लभेत्'** એ વચનોથી નિયમિત મંત્રજાપ કરનાર બ્રાહ્મણને દ્વિજશ્રેષ્ઠ કહ્યો છે તથા તેનું ફલ અખિલ યજ્ઞ જેટલું બતાવ્યું છે. ભગવદ્ ગીતામાં પણ **'यज्ञानां जपयज्ञोऽस्मि'** આદિ શબ્દો જપનું મહત્ત્વ દર્શાવનારા છે.

જૈન મહર્ષિઓએ પણ જપને ખૂબ મહત્વ આપ્યું છે અને તેને ધાર્મિક ક્રિયાનો એક મહત્ત્વનો ભાગ માન્યો છે. **'અનુયોગદ્વારચૂર્ણિ'** માં સામાયિક કરનાર શ્રમણોપાસકનાં ચાર પ્રકારનાં ઉપકરણોનો નિર્દેશ કરતાં **'जपमालिअत्ति'** એ શબ્દો વડે જપમાલિકાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જપ વિના જપમાલિકા સંભવે નહિ, વળી તેનું અપરનામ નવકારવાળી છે. એટલે કે તેનાથી મુખ્યત્વે નવકારમંત્રનો જ જપ કરવાનો છે. આથી જપ એ ધાર્મિક ક્રિયાનો એક મહત્ત્વનો ભાગ છે, એમ માનવું સમુચિત છે.

શ્રી હરિભદ્રસૂરિજીએ **'યોગબિંદુ'**માં જપને અધ્યાત્મ તરીકે ઓળખાવ્યો છે અને તેને ધાર્મિક પુરુષોનું એક પ્રધાન લક્ષણ કહ્યું છે. વળી જપ ક્યાં કરવો અને કેમ કરવો ? એ પણ ત્યાં દર્શાવ્યું છે. જો જપ એ મહત્ત્વની વસ્તુ ન હોય તો તેઓ આ પ્રકારનું વિધાન તથા વિવેચન શા માટે કરે ?

**'જપ'** શબ્દ માત્ર બે અક્ષરોનો જ બનેલો છે, પણ તેમાં અચિંત્ય શક્તિ ભરેલી છે. **'પંચનમુક્કારફલ'**માં કહ્યું છે કે—

**जो गणइ लक्खमेगं, पूएइ विहीए जिणनमुक्कारो ।**
**तित्थयरनामगुत्तं, सो बंधइ नत्थि संदेहो ॥**

'જે એક લાખ નવકારમંત્ર ગણે છે, એટલે કે તેનો જપ કરે છે અને શ્રી જિનેશ્વરદેવને વિધિપૂર્વક પૂજે છે, તે તીર્થંકર નામગોત્રને બાંધે છે એમાં કોઇ સંદેહ નથી.'

**'ઉપદેશતરંગિણી'**માં આ વસ્તુની વધારે સ્પષ્ટતા કરવામાં આવી છે જેમકે–

**यो लक्षं जिनबद्धलक्ष्यसुमनाः सुव्यक्तवर्णक्रमं ।**
**श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मन्त्रं जपेच्छ्रावकः ।**
**पुष्पैः श्वेतसुगन्धिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं ।**
**यः संपूजयते जिनः स विश्वमहितः श्रीतीर्थराजो भवेत् ॥**

'શ્રદ્ધાવાન્ અને ઇન્દ્રિયોને સારી રીતે જિતનારો એવો જે શ્રાવક શ્રી જિનેશ્વરદેવમાં લક્ષ્ય બાંધવા પૂર્વક સારા મનવાળો થઇને સ્પષ્ટાક્ષરે એક લાખ નવકારમંત્ર જપે છે

તથા શ્વેત અને સુગંધીવાળા એક લાખ પુષ્પોથી શ્રી જિનેશ્વર દેવનું પૂજન કરે છે, તે વિશ્વપૂજ્ય એવો તીર્થંકર થાય છે.'

તાત્પર્ય કે જપ એ કોઇ સામાન્ય વસ્તુ નથી, પણ અચિંત્ય શક્તિ ધરાવનારી એક અતિ મહત્ત્વની વસ્તુ છે.

**ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પંચપરમેષ્ઠિગીતા**'માં **'એહ જપે તે ધન્ય'** એ શબ્દો વડે નવકાર મંત્રના જપનું મહત્ત્વ સૂચવ્યું છે તથા ઉપાધ્યાય **શ્રી કુશલલાભજીએ 'નવકાર મંત્રના છંદ**'માં નિમ્ન શબ્દો વડે મંત્રજપનો મહિમા પ્રકટ કર્યો છે :

**વાંછિત પૂરે વિવિધ પરેં, શ્રી જિનશાસન સાર;**
**નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જય જયકાર.**

◆ ◆ ◆

**સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્‌ગુરુ ભાષિત સાર;**
**સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય જપીયેં નવકાર.**

◆ ◆ ◆

**નિત્ય જપતા નરક નિવારે, પામે ભવનો પાર;**
**સો ભવિયાં ભત્તે ચોખ્ખે ચિત્તેં, નિત્ય જપીયેં નવકાર**

◆ ◆ ◆

**નિત્ય જપીયેં નવકાર, સાર સંપત્તિ સુખદાયક;**
**સિદ્ધમંત્ર એ શાશ્વતો, એમ જહે શ્રી જગનાયક.**

◆ ◆ ◆

અહીં એ સ્પષ્ટતા કરવી ઉચિત છે કે જૈનધર્મે જપને એક પ્રકારની ધાર્મિક ક્રિયા તો માની જ છે, પણ તેનો સમાવેશ અભ્યંતર તપશ્ચર્યામાં કર્યો છે. **'पायांच्छत्त विणओ वैयावच्चं तहेव सज्झाओ'** આદિ વચનો અભ્યંતર તપના પ્રકારો બતાવે છે. તેમાં **'सज्झाओ'** શબ્દથી સ્વાધ્યાય સમજવાનો છે. આ સ્વાધ્યાય મોક્ષશાસ્ત્રનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રોના પઠન-પાઠન રૂપ પણ છે અને નમસ્કાર મંત્રાદિના જપરૂપ પણ છે. ક્રિયાકાંડમાં સ્વાધ્યાય શબ્દનો પ્રયોગ પ્રાયઃ આ અર્થમાં થાય છે. ૨૦૦૦ સ્વાધ્યાય કરવો, એટલે બે હજાર વાર મંત્રની ગણના કરવી.

જપ અને તપ શબ્દ ઘણી વાર જોડકારૂપે બોલાય છે, તે પણ જપ અને તપની આધ્યાત્મિક સાધનારૂપે સમાનતા સૂચવે છે.

જેમ દોરડું પત્થર પર વારંવાર ઘસાય તો પત્થર પર કાપા પડે છે, અથવા લોખંડના પતરા પર છીણીના ઘા વારંવાર થાય, તો તેમાં કાણું પડે છે, તેમ મંત્રનો જપ વારંવાર થાય તો તેનો આત્મા-પ્રાણ-મન પર ઉંડા સંસ્કાર પડે છે અને તેનાં ચોક્કસ પરિણામો આવે છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ જપ એક પ્રકારનું સૂચન (Suggestion) છે. તેનો વારંવાર પ્રયોગ કરવાથી આંતરમન (Subconsious mind) પર અસર થાય છે અને તેથી આંતરિક સૃષ્ટિમાં વિલક્ષણ ફેરફાર થાય છે. સૂચનો આપીને રોગ મટાડવાની પદ્ધતિ આજે અમલમાં છે અને સેંકડો ડૉકટરો કે પ્રોફેસરો એ રીતે રોગીઓના રોગો મટાડે છે. વળી હિપ્નોટીઝમની તંદ્રા દરમિયાન વિધાયકે કરેલાં સૂચનોની વિધેયના મન પર અજબ અસર થાય છે. દાખલા તરીકે વિધાયકના હાથમાં એક ઠંડો ચમચો હોય, પણ તે વિધેયને એવું સૂચન કરે કે, 'આ ચમચો અતિ ગરમ છે અને તેને અડતાં જ તારો હાથ દાઝી જશે' તો એ ચમચો તેના હાથને અડકતાં જ અતિ ગરમ લાગે છે અને તે એને તરત જ ફેંકી દે છે.

ફ્રેંચ પ્રોફેસર પોલ ગોલદીને (Poul Golden) છઠ્ઠી ઇંદ્રિય (The Six Sense)ના જાહેર પ્રયોગો દરમિયાન આ બાબતના આઠથી દશ પ્રયોગો કરી બતાવે છે. તે જોતાં માનવમન પર સૂચનની કેટલી જબ્બર અસર થાય છે, તે પ્રત્યક્ષ જોઇ શકાય છે. સને ૧૯૬૬માં મુંબઇ મહાનગરીમાં તેના પ્રયોગો બે વાર જોવાની તક અમને મળી હતી અને તેથી અમે અત્યંત પ્રભાવિત થયા હતા.

ત્યાર બાદ સને ૧૯૬૮માં યુરોપનો સુપ્રસિદ્ધ હિપ્નોટિસ્ટ પ્રો. મેક્સ કોલી મુંબઇ આવ્યો. તેણે આ જાતના પ્રયોગો મોટા પાયે ઘણા દિવસો સુધી કરી બતાવ્યા હતા અને તેથી સહુ કોઇ પ્રભાવિત થયા હતા. અમે તેની સાથે આ વિષય પર બે વાર વાર્તાલાપ કર્યો હતો.

ત્યાર પછી બીજા પણ પ્રોફેસરોના આ પ્રકારના પ્રયોગો જોવા મળ્યા છે. વળી સૂચન દ્વારા મનુષ્યની માન્યતામાં પણ ફેરફાર કરી શકાય છે. દાખલા તરીકે એક માણસને વારંવાર એમ કહેવામાં આવે કે તું નીરોગી નથી, પણ રોગી છે, તો

છેવટે તે પોતાને રોગી માનવા લાગે છે અને તે રોગનાં ચિહ્નો પણ તેના શરીરમાં દેખાય છે.

એક વાર ચાર ડૉક્ટરોએ આ વસ્તુની પરીક્ષા કરવા નિર્ણય કર્યો. પછી એક તંદુરસ્ત માણસને પસંદ કરી પ્રથમ ડૉક્ટરે કહ્યું: 'આમ તો તમારું શરીર ઠીક છે, પણ અંદર તાવ હોય એમ લાગે છે.' આ શબ્દો સાંભળતાં જ પેલો માણસ ચમક્યો ને કહેવા લાગ્યો કે 'ના, સાહેબ ! એવું બને નહિ. મને તાવની કોઇ જાતની અસર લાગતી નથી.' ડૉક્ટરે કહ્યું: 'મને જે દેખાય છે, તે કહ્યું. તેની થોડી વારમાં ખબર પડશે.' આથી પેલા માણસને શંકા પેદા થઇ કે 'રખે ! એમ પણ હોય.'

ત્યાર પછી થોડા વખતે બીજા ડૉક્ટરે તેને તપાસ્યો અને કહ્યું કે 'ભલા માણસ ! શરીરમાં આટલો તાવ છે, છતાં તમે બહાર કેમ હરોફરો છો ?' આ શબ્દો સાંભળી પેલા માણસને કંઇક ધ્રુજારી છૂટી અને તેણે કહ્યું: 'સાહેબ ! કોઇક કોઇક વખત તાવ આવી જાય છે, પણ તેની ખાસ અસર લાગેલી નહિ, એટલે હરુફરું છું.' ડૉક્ટરે કહ્યું: 'હું તમારા ફાયદા માટે કહું છું કે બે કલાક આરામ કરો અને તબિયત પર ધ્યાન આપો.' આ શબ્દો સાંભળી પેલો ખાટલામાં પડ્યો અને ખિન્ન મને વિચાર કરવા લાગ્યો કે, 'મને તાવ ક્યાંથી આવ્યો ? હું તો ખૂબ જ નિયમિત રહું છું, પણ શરીરનો ભરોસો નહિ. કોઇ અગમ્ય કારણથી આમ બન્યું હશે.'

થોડી વાર પછી ત્રીજો ડૉક્ટર તેના ખાટલા પાસે આવ્યો, ત્યારે તેના શરીરમાં તાવ ચડી ચૂક્યો હતો, એટલે ડૉક્ટરે થર્મોમીટર કાઢયું અને તાવ માપ્યો તો ૧૦૨ ડીગ્રી જણાયો. તેને તો હજી સૂચનની અસર જ જોવી હતી. એટલે તેણે કહ્યું: 'તમે તબિયત વિષે બેદરકાર રહ્યા છો. આ તાવ હજી વધી જશે અને તમને હેરાન કરશે. હું થોડી વાર પછી આવું છું તથા તે માટે ઉપચાર કરું છું.'

અને પેલા માણસનો તાવ ખરેખર વધવા લાગ્યો. થોડી વારમાં તો એ ૧૦૪ ડીગ્રી પર પહોંચી ગયો અને તે તાવથી હચમચવા લાગ્યો. આ વખતે ચોથો ડૉક્ટર આવી પહોંચ્યો અને તેણે તબિયત જોઇને કહ્યું: 'ખાસ વાંધો નથી. કોઇવાર તબિયત બગડી પણ જાય, પરંતુ તાવ ઉતરવા લાગ્યો છે અને તે થોડી વારમાં જરૂર ઉતરી જશે.'

પેલા માણસે કહ્યું: 'તે માટે જે કંઇ દવા આપવી હોય તે આપો.' પરંતુ ડૉક્ટરે કહ્યું: 'તમે થોડી જ વારમાં જરૂર સાજા થઇ જવાના છો, પછી દવાની જરૂર શી ?' એ સાંભળી પેલો માણસ આનંદમાં આવી ગયો અને પોતાને તાવની બિમારી લાગુ પડી હતી, એ વાત પણ ભૂલી ગયો.

થોડી વાર એ જ ડૉક્ટરે પાછા આવીને તેને તપાસ્યો તો તાવ ૧૦૦ ડીગ્રી નીચે ગયો હતો અને શરીરે પરસેવો વળી રહ્યો હતો, એટલે તેણે કહ્યું: 'તમે બહુ નશીબદાર છો ! તાવ કેટલો ઝડપથી ઉતરી ગયો ! હવે તો નામ માત્રનો છે અને દશ જ મીનીટમાં તમે તાવથી સદંતર મુક્ત થશો.'

પેલા માણસે કહ્યું: 'તમારી મોટી મહેરબાની.' અને દશ મીનીટ પછી ખરેખર તેનો તાવ ઉતરી ગયો.

તાત્પર્ય કે સૂચનની સારી અને ખોટી અસરો મનુષ્યના અંતરમન પર થાય છે અને તેનાં જેવા જ પરિણામો આવે છે. આ દૃષ્ટિએ જપથી એક અતિ મહત્ત્વની વસ્તુ પુરવાર થાય છે અને તે સારી તથા ખોટી એમ બંને પ્રકારની અસરો ઉત્પન્ન કરવામાં સમર્થ છે, એમ જાણી શકાય છે. જો મંત્રજપ શુભ આંદોલનોવાળો હોય તો તેની અસર સારી થાય છે અને અશુભ આંદોલનોવાળો હોય તો તેની અસર ખરાબ થાય છે.

એક વાર ભારતના કોઇ રાજાએ પોતાના એક સરદારને કેટલાક સૈનિકો સાથે ચીનમાં મોકલ્યો. ત્યાં એ સરદારે પોતાના રાજા તરફથી કેટલીક કિંમતી ભેટો ચીનના બાદશાહને આપી અને સાથે એક પત્ર પણ આપ્યો. એ પત્રમાં એવો ગૂઢાર્થ હતો કે આ સરદારને હાલ તમારે ત્યાં જ રોકી રાખવો, પણ ભારત પાછો ફરવા દેવો નહિ. ચીનનો બાદશાહ એ વસ્તુ સમજી ગયો અને તેણે સરદાર તથા સૈનિકોને રહેવા તથા ખાવપીવાની સુંદર સગવડ કરી આપી.

હવે કેટલાક દિવસ બાદ સરદારે પોતાના દેશમાં પાછા ફરવાની રજા માગી, ત્યારે બાદશાહે કહ્યું કે 'આટલા દિવસમાં તમે શું રહ્યા અને શું મોજ માણી ? મારો દેશ ઘણો મોટો છે. તેમાં હરો-ફરો અને આનંદ કરો.' આથી સરદાર થોડા

દિવસ વધુ રોકાયો અને આસપાસનાં સ્થાનો જોઇ આવ્યો. ત્યારબાદ ફરી રજા માગી તો બાદશાહે કહ્યું: 'તમે મારાથી છૂટા પડો એ મને ગમતું નથી. પરંતુ તમને એટલું જણાવું છું કે તમારા ઉતારાની સામે એક મોટો વડ છે, તેનાં બધાં પાંદડાં સૂકાઇ જાય, ત્યારે તમને અહીંથી જવાની રજા આપીશ.'

આ જવાબ સાંભળતાં જ સરદાર તથા સૈનિકોને મોટો આઘાત લાગ્યો. કારણ કે તેઓ જેમ બને તેમ વહેલાં સ્વદેશ ભણી ઉપડી જવા ઇચ્છતા હતા. તેમને હવે અહીં ગમતું ન હતું, પરંતુ બાદશાહના હુકમનું ઉલ્લંઘન થઇ શકે નહિ, એટલે તેઓ અત્યંત ખેદ પામીને એમ વિચારવા લાગ્યા કે, 'આ વડનાં બધાં પાંદડાં તરત સૂકાઇ જાઓ.' ◆

એમ કરતાં તે એમનો મંત્રજપ બની ગયો અને તેની અસર વડ પર થવા લાગી. એક મહિનામાં તો તેના બધાં પાંદડાં સાવ સૂકાઇ ગયાં અને તે તદ્દન વરવો બની ગયો. આ જોઇ બાદશાહને ભારે આશ્ચર્ય થયું. કારણ કે તેણે એમ ધારેલું કે આ કંઇ બનવાનું નથી અને તેઓ અહીંથી જઇ શકે એમ નથી. પરંતુ તે વચનથી બંધાયેલો હતો, એટલે સરદાર તથા તેના સૈનિકોને સ્વદેશ ભણી જવાની રજા આપી.

તાત્પર્ય કે શુભ અથવા અશુભ વિચારના આંદોલનો જડ-ચેતન વસ્તુ પર પોતાનો પ્રભાવ પાડે છે અને તેનું ચોક્કસ પરિણામ આવે છે. આ પરથી જપનું મહત્ત્વ સમજી શકાશે. જપ એ મંત્રસાધનારૂપી માલાનો મેરૂ છે, એ વાત પાઠકોએ ભૂલવાની નથી. ◆

## નવકારના અજવાળે

**ડૉ. રમણલાલ ચી. શાહ**

નવકારમંત્ર એ મહામંત્ર છે. મંત્રમાં અક્ષરનું ઘણું મહત્ત્વ હોય છે. સામાન્ય લખાણ કે વાતચીતમાં માત્ર અક્ષરનો જ નહિ, શબ્દોનો પણ વિસ્તાર હોય છે. મંત્ર અક્ષરની દૃષ્ટિએ સઘન હોય છે. પ્રત્યેક અક્ષરનું વિશિષ્ટ પ્રયોજન અને મહત્ત્વ હોય છે. મંત્રમાં અક્ષરનો અનાવશ્યક ઉપયોગ ન હોય. મંત્રના અક્ષરોને વેડફી નાખી શકાય નહિ. કારણ કે એથી મંત્રની શક્તિ ઘટે છે અને કાર્યસિદ્ધિમાં વિલંબ થાય છે અથવા તે નિષ્ફળ નીવડે છે. એટલા માટે અક્ષરને મંત્રદેવતાના દેહ તરીકે માનવામાં આવે છે. મંત્રની રચના મંત્રદ્રષ્ટાઓ કરતા હોય છે. તેઓ પ્રત્યેક અક્ષરનાં સ્વરૂપ, ધ્વનિતરંગ, સૂક્ષ્મ રંગ, રહસ્ય, શક્તિ ઇત્યાદિને પોતાના અતીન્દ્રિય અનુભવ દ્વારા જાણતા હોય છે. અને તેથી તેઓ મંત્રમાં પરિણામની દૃષ્ટિએ એટલે કે ઇષ્ટફલની દૃષ્ટિએ અક્ષરોનું સંયોજન કરે છે.

નવકારમંત્ર અનાદિ સિદ્ધ મનાયો છે. તે મંત્રસ્વરૂપ હોવાને કારણે તેમાં પણ પ્રત્યેક અક્ષરનું મહત્ત્વ સ્વીકારાયું છે. નવકારમંત્રનો એક એક અક્ષર ઘણા બધા અર્થો અને ભાવોથી સભર છે. અક્ષર ઉપરાંત તેના પ્રત્યેક શબ્દમાં પણ ઘણા અર્થો અને ભાવો રહેલા છે. એટલે જ નવકારમંત્રના શબ્દોના અર્થનું વિવરણ કરતાં જઇએ અને તે વિવરણનું પણ વિવરણ એમ ઉત્તરોત્તર કરતાં જઇએ તો ચૌદ પૂર્વ જેટલું લખાણ થાય. એટલા માટે જ નવકારમંત્રને ચૌદ પૂર્વના સાર તરીકે ઓળખાવવામાં કોઇ અતિશયોક્તિ થયેલી નથી. વળી મંત્રમાં અક્ષરોના ઉચ્ચારણમાં પ્રમાદ કે શિથિલતા ન ખપે. 'ચાલશે' એવી વૃત્તિ કે વલણ મંત્રસાધનામાં ન ચાલે. અક્ષર એ મંત્રદેવતાનો દેહ હોવાથી ઉચ્ચારણમાં જો ઓછું વત્તું થાય કે અક્ષરો ચૂકી જવાય તો તેથી મંત્રદેવતાનું શરીર વિકૃત થાય છે એવી માન્યતા છે. એ માટે બે વિદ્યાસાધકોનું દૃષ્ટાંત અપાય છે. ગુરુએ તેમને ગુપ્ત વિદ્યા આપી અને તેની આમ્નાય સાધનાની રીત પણ શીખવી. તે અનુસાર તેઓ બંનેએ વિદ્યાદેવીની સાધના કરી. પરંતુ એથી જે વિદ્યાદેવીઓ તેમને પ્રત્યક્ષ થઇ તેમાંની એક લાંબા દાંતવાળી દેખાઇ અને બીજી એક આંખે કાણી દેખાઇ. આથી તેમને આશ્ચર્ય થયું. તરત તેમને પોતાની ભૂલ સમજાઇ કે અક્ષરોના ઉચ્ચારણમાં કંઇક ફરક પડ્યો હોવો જોઇએ. તેઓએ ફરીથી મંત્રનો પાઠ અક્ષરની દૃષ્ટિએ બરાબર શુદ્ધ કર્યો. એથી વિદ્યાદેવીઓ ફરીથી પોતાના મૂળ સુંદર સ્વરૂપે પ્રગટ થઇ. મંત્રમાં અક્ષરો અને તેના સંયોજનનું તથા તેની પાઠશુદ્ધિનું કેટલું મહત્ત્વ છે, તે આ દૃષ્ટાંત પરથી સમજાશે.




આપણે મહાપુણ્યશાલી છીએ કે આપણને દુર્લભ એવો મનુષ્ય જન્મ મળ્યો છે. એમાંય વિતરાગ પ્રણિત જૈનધર્મ અને નવકાર જેવો મહામંત્ર આપણને પ્રાપ્ત થયો છે. આપણા માટે આ કંઇ નાની સૂની ઘટના તો નથી જ. પ્રત્યેક જૈનોએ નવકાર મંત્રને હૃદયમાં પ્રસ્થાપિત કરી તેના સતત સ્મરણમાં રહી જીવનને સાર્થક કરવું જોઇએ.

છેલ્લા દોઢ દાયકાથી નવકાર મંત્રના પરમ સાધક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** મુંબઇ અને દેશના અન્ય સ્થળોએ નિ:સ્વાર્થ ભાવે કોઇ પણ જાતની અપેક્ષા વિના નવકાર જાપ કરાવે છે. એટલું જ નહિ કેટલાક સ્થળોએ તો પોતાના સ્વદ્રવ્યથી આ નવકાર જાપ અનુષ્ઠાન કરાવી જૈન શાસનમાં એક નવી કેડી કંડારી રહ્યા છે. તેઓએ કોઇપણ જાતનું સન્માન કે ભેટ-સોગાદ નહિ સ્વીકારવાના આજીવન પચ્ચક્ખાણ લીધા છે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ની આવી નિ:સ્પૃહતા અને નિર્લેપતાનો જોરદાર પડધો પડે છે. અને એટલે જ તેમના જાપમાં હજારો ભાવિકો ઉપસ્થિત રહી નવકારમંત્રની આરાધના-ઉપાસના કરી કૃતાર્થ થાય છે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** આ નવકાર જાપ વિવિધ મુદ્રાઓથી અદ્દ્ભૂત રીતે કરાવે છે. તેનું સવિશેષ વિવેચન તસ્વીરો સાથે આ લેખમાં અમે આપી રહ્યા છીએ. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપની V.C.D. બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. અને દેશ-પરદેશમાં તેની ઘણી મોટી માગ ઉભી થઇ છે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપમાં ન આવી શકનાર આરાધકો આ V.C.D.દ્વારા ઘર બેઠાં નવકાર જાપ કરી શકે છે.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપમાં ઉપયોગમાં લેવાતી. વિવિધ મુદ્રાઓથી શા શા લાભો થાય છે અને આ મુદ્રાઓ વડે કરાવાતા જાપનો આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક અભિગમ શું છે તેની સંપૂર્ણ માહિતી અહીં પ્રસ્તુત છે.

મુદ્રાવિજ્ઞાન એ આધ્યાત્મિક સાધનાનું મહત્વનું સોપાન છે. આપણા મહાન જ્યોર્તિધરોના ઉંડા અધ્યયન, અવહગાહન અને સાધનાના પરિણામે આ મુદ્રાવિજ્ઞાનની આપણને અમૂલ્ય ભેટ મળી છે. નવકાર મહામંત્ર એ આપણો શ્રેષ્ઠ મહામંત્ર છે. અને આ મહામંત્રના જાપ અહીં દર્શાવેલ મુદ્રાઓના સંયોજનથી કરવામાં આવે તો તેનું સો ટકા પરિણામ આરાધકોને મળે છે. આ મુદ્રાઓ વડે કરાતા નવકાર જાપથી અનેક લોકોની શારીરિક અને માનસિક બિમારીઓ દૂર થઇ છે. એટલું જ નહિ આ મુદ્રાઓ વડે કરાયેલા નવકાર જાપથી આરાધકોના જીવનમાં અકલ્પનીય સુખદ પ્રસંગોનું નિર્માણ થયું છે. તો ઘણા આરાધકોએ અશક્યતાને શક્યતામાં ફેરવી દીધાની અનેક ઘટનાઓ બની રહી છે. આ કલિકાલમાં ન માની શકાય એવી અનેક પ્રેરક અને યાદગાર સત્ય ઘટનાઓ **'નવકારનો રણકાર'** માં આપ સૌ વાંચતા જ હશો.

નવકાર જાપના પ્રારંભ પહેલા ત્રણ વાર ૐ...હ્રીઁ...ૐ... નો ઉંડો શ્વાસ લઇ દરેક અક્ષરનો લંબાણ પૂર્વક દિવ્યધ્વનિ કરવો. આપણા ધર્મ શાસ્ત્રોમાં ૐ નું ખૂબ જ મહત્વ દર્શાવવામાં આવ્યું છે. આપણો શાસ્ત્રકારોએ કહ્યું છે કે નવકારમંત્ર સર્વ મંત્રરત્નોની ઉત્પતિનું સ્થાન છે. એટલે કે આપણી આર્યભૂમિમાં આજે જે પ્રભાવશાલી મંત્રો જોવા મળે છે તે બધાયે નમસ્કાર મહામંત્રમાંથી ઉદ્દ્ભવેલા છે. ૐકાર અથવા પ્રણવમંત્ર કે જે જિનશાસનમાં અતિ પ્રસિદ્ધ છે અને જેની ઉપાસના સમગ્ર વિશ્વમાં મોટા પ્રમાણમાં થાય છે. આ ૐકારની ઉત્પતિ પણ નવકાર મંત્રમાંથી થયેલી છે એટલે જ કહેવાનું છે કે-

**अरिहंता, असरीरा, आयरिय, उवज्झाय मुणिणो ।**
**पंचफ्खर निप्पण्णो ओंकारो पंच परमिट्ठी ।।**

અર્થાત્ ૐકાર મંત્ર પંચ પરમેષ્ઠિ સ્વરૂપ છે. કારણ કે તે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ (સાધુ)ના પ્રથમ અક્ષરથી બનેલો છે.

અરિહંતનો પ્રથમ અક્ષર 'अ' છે અને અશરીરી

(સિદ્ધ)નો પ્રથમ અક્ષર પણ 'अ' છે. તે બંનેની સંધિ કરીએ તો अ + अ = आ થાય છે. તેમાં आचार्यનો પ્રથમ અક્ષર 'आ' જોડીએ તો आ + आ = आ થાય છે. તેમાં ઉપાધ્યાયનો પ્રથમ અક્ષર 'उ' જોડીએ તો आ + उ = ओ થાય છે. અને તેમાં મુનિ (સાધુ)નો પ્રથમ અક્ષર 'म्' જોડીએ તો 'ओम्' એવો એકાક્ષરી મંત્ર બને છે. જૈન ધર્મમાં ॐ ને ૐ આ રીતે લખવામાં આવે છે. તેનો અર્થ એ છે કે ૐ ની ઉપર જે અર્ધચંદ્ર દર્શાવવામાં આવ્યો છે. તે સિદ્ધશિલાનું પ્રતીક છે. અને તેની પર જે બિન્દુ કરેલ છે તે સિદ્ધ પરમાત્માનું સર્વથી કર્મ રહિત સ્વરૂપ સૂચવે છે. આ પ્રમાણે ૐની આકૃતિ બનાવવાનો હેતુ એ છે કે ૐમંત્રનો જાપ કરવાથી જીવાત્મા આ લોકમાં સુખ-સંપત્તિ પામે છે અને પરલોકમાં સિદ્ધગતિ પામે છે.

આ વિશ્વ અનાદિ છે, જૈનધર્મ પણ અનાદિ છે અને સતત સ્મરવા યોગ્ય પંચ પરમેષ્ઠિ પણ અનાદિ છે. આ પરમેષ્ઠિના પ્રથમ અક્ષરોનું સંયોજન થવાથી 'ૐ' એવો એકાક્ષરી મંત્ર નિર્માણ થયો છે. એટલે ૐ પંચ પરમેષ્ઠિ જેટલો જ પવિત્ર અને પ્રભાવક છે.

આપણા મહર્ષિઓએ ૐકાર અર્થાત્ પ્રણવમંત્રનો મહિમા ગાતા કહ્યું છે કે કોઇ પણ મંત્રનો જાપ કરતા સર્વ પ્રથમ ૐ મંત્રનું ઉચ્ચારણ કરીને મંત્ર બોલવાથી તેની શક્તિ યથાર્થ પણે જાગ્રત થાય છે અને તેથી ઇષ્ટ કાર્યો શીઘ્ર સિદ્ધ કરી શકાય છે. ૐકારનું આવુ માહાત્મ્ય હોવાથી જ સર્વ મંત્રોની આદિમાં તેનું ઉચ્ચારણ શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે છે.

આત્મ શક્તિઓને મૌલિક તથા સ્વાભાવિક સ્વરૂપે પ્રગટ કરાવવામાં ૐકાર મંત્ર અત્યંત સાર્થક છે. આપણા મહર્ષિઓનો અનુભવ છે કે ૐકારમાં આત્મશોધનની અદ્ભૂત શક્તિ છે. તેથી જ આ મહામંત્ર તરફ આટલી વ્યાપક શ્રદ્ધા પ્રાચીનકાળથી સાધક વર્ગમાં ચાલી આવી છે. ૐ મંત્રની રચનામાં અક્ષરો એવી રીતે ગોઠવાયા છે, એવું સામજસ્ય રહેલું છે કે એનો વિધિપૂર્વક તાલબદ્ધતા સાથે જાપ કરવાથી ફેફસામાં પ્રાણવાયુનું આવાગમન એવી રીતે થાય છે કે શરીરના સઘળા અંગોપાંગની જીવન શક્તિ વધે છે, શરીરમાં સ્વસ્થતા આવે છે અને બગડેલું સ્વાસ્થ્ય ફરી સુધરી જાય છે.

ૐ મંત્રની જાણકારી પછી હવે આપણે 'હ્રીઁ' મંત્ર વિષે થોડું જાણીએ. જૈન ધર્મગ્રંથોમાં 'હ્રીઁ'ને ह्रीँ આ રીતે પણ ઓળખવામાં આવે છે.

'હ્રીઁ' મંત્રને માયાબીજ પણ કહે છે. હ્રીંકાર એટલે ત્રૈલોક્યાક્ષર. આ હ્રીઁકાર મંત્રમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીથી લઇ શ્રી મહાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરો સમાયેલા છે તેથી જ આપણા શાસ્ત્રમાં કહેવાયું છે કે–

**अस्मिन बीजे स्थिरता सर्व ऋषभाद्या जिनोत्तमाः।**
**वार्णैनिजैनिजैर्युक्ता, ध्यातव्यास्तत्र संगताः ॥**

અર્થાત્ આ હ્રીઁકાર બીજમાં પોતપોતાના વર્ણોથી યુક્ત એવા સર્વોત્તમ ઋષભાદિ ચોવીસ તીર્થંકર ભગવંતો છે. તેમનું વર્ણાનુસાર ધ્યાન ધરવું.

હ્રીંકાર મંત્ર પંચપરમેષ્ઠિમય છે, સિદ્ધચક્રમય છે, તત્ત્વત્રયીમય છે, ગુણમય છે, સર્વ તીર્થમય છે, પંચભૂતાત્મક છે, વળી જે લોકપાલોથી અધિષ્ઠિત છે. ચંદ્ર-સૂર્ય આદિ ગ્રહોથી પણ યુક્ત છે અને દશ દિક્પાલોથી સુરક્ષિત છે. હ્રીઁકાર મહા મંત્રાક્ષર હોઇ અનેક પ્રકારની દૈવીશક્તિથી તે ભરપૂર છે. તે સર્વકામના પૂર્ણ કરનાર મંત્ર છે. બધા મંત્રોમાં પહેલો અર્થાત્ મુખ્ય હોવાથી તે આદિ મંત્ર તરીકે પણ સંબોધાય છે. ત્રણેય લોકનું ઐશ્વર્ય ધરાવનાર હોવાથી ત્રૈલોક્યવર્ણ તરીકે પણ તેનું સંબોધન થાય છે. 'હ્રીઁ' ના પવિત્ર મંત્રોચ્ચાર દ્વારા તીર્થંકર પરમાત્મા આદિના ધ્યાનની સાથે સમગ્ર સૃષ્ટિ સમગ્ર ઉર્જા અને સમગ્ર દેવતાઓને આહ્વાન કરવામાં આવે છે.

આપણું શરીર પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વનું બનેલું છે. જેને પંચ મહાભૂત પણ કહે છે. આપણી પાંચેય આંગળીઓમાં આ પાંચેય તત્ત્વ સમાય જાય છે. એથી આપણી આ પાંચેય આંગળીઓ દ્વારા વિવિધ મુદ્રાથી ભાવપૂર્વક કરાતા નવકાર જાપથી અસાધ્ય રોગોનું પણ નિવારણ થયાના અસંખ્ય દાખલાઓ આજે

પણ જોવા મળી રહ્યા છે. વળી આપણા માનવ દેહમાં **(૧) સહસ્ત્રાર ચક્ર (૨) આજ્ઞાચક્ર (૩) વિશુદ્ધિચક્ર (૪) અનાહતચક્ર (૫) મણિપુર ચક્ર (૬) સ્વાધિષ્ઠાન ચક્ર** અને **(૭) મૂલાધાર ચક્ર** એમ સાત ચક્રો આવેલા છે. ઉપરથી મસ્તક ઉપરનું ચક્ર **સહસ્ત્રાર ચક્ર** છે. બીજુ ચક્ર કપાળમાં ભ્રૂમધ્યમાં **આજ્ઞાચક્ર** છે. ત્રીજુ ચક્ર ગળામાં **વિશુદ્ધિ ચક્ર** છે. ચોથું ચક્ર હૃદયમાં **અનાહત ચક્ર** છે. પાંચમુ ચક્ર નાભિમાં **મણિપુર ચક્ર** છે. છઠ્ઠુ ચક્ર નાભિથી અઢ્ઢી આંગળ નીચે **સ્વાધિષ્ઠાન ચક્ર** છે અને સાતમુ ચક્ર સૌથી નીચે **મૂલાધાર ચક્ર** છે.

આ સાતેય ચક્રોમાં નવકાર ગણવાની પ્રક્રિયા પણ આપણા શાસ્ત્રકારોએ બતાવી છે. આ પ્રક્રિયાથી આપણું અજાગૃત મન જાગૃત બની આપણું શ્રેય સાધી શકે છે. આ સાતેય ચક્રોમાં નવકાર ગણવાની પ્રક્રિયાની વિશેષ માહિતી ગુરુગમથી જાણી લેવી આવશ્યક છે.

## આપણી આંગળીઓ અને પંચ મહાભૂત તત્વોનું સ્થાન



| **આંગળીના નામ** | **તત્ત્વનું નામ** |
|---|---|
| અંગૂઠો (Thumb) | અગ્નિ (Fire-Son) |
| તર્જની (Index) | વાયુ (Air-Wind) |
| મધ્યમા (Centre) | આકાશ (Ether-Space) |
| અનામિકા (Ring) | પૃથ્વી (Earth) |
| કનિષ્ઠિકા (Little) | જળ (Water) |

### જાપ-ધ્યાન-પ્રારંભ...

નવકાર જાપના પ્રારંભ પહેલા ૐ હ્રીઁ ૐ ના મંત્રોચ્ચારના આંદોલિત તરંગોથી શરીરના સર્વ અંગો આંદોલિત થાય છે. અને પ્રાણાયામની ત્રણે અવસ્થા **પૂરક, કુંભક** અને **રેચક**ની પ્રક્રિયા શરૂ થાય છે. શરીર અને આસપાસનું વાતાવરણ, સજીવ-નિર્જીવ, જડ-ચેતન વગેરે પદાર્થો શુદ્ધ અને પવિત્ર બને છે. આસૂરી-વિનાશક-વિઘાતક દુષ્ટ તત્ત્વો દૂર ભાગે છે અને સાત્વીક વિચારધારાનો સંચાર થાય છે. આ આરાધનાથી શરીરમાં પરમ તેજોમય-ચેતનામય દિવ્ય શક્તિનું સંચારણ થવાથી સાધક આત્માની અનુભૂતિ પ્રાપ્ત થઇ શકે છે. માટે આ નવકાર જાપ ભાવપૂર્વક એક જ આસને, એક જ સમયે અને શક્ય હોય તો વહેલી સવારે નિયમિત કરીને પોતાના જીવનને ઉજમાળ કરવું જોઇએ.

**હવે પૂ.શ્રી જયંતભાઇ 'રાહી' દ્વારા વિવિધ મુદ્રાઓ દ્વારા કરાવાતા નવકાર જાપની સંક્ષિપ્ત માહિતી અહીં સુજ્ઞ વાચકો માટે પ્રસ્તુત કરતા આનંદ થાય છે.**

**(૧) જ્ઞાન ધ્યાન :-**

**મંત્ર જાપ : ૐ હ્રીં ૐ નમો અરિહતાણં.**

જ્ઞાનમુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને સર્વ પ્રથમ ઉંડો શ્વાસ લઇ ત્રણ વાર ૐ હ્રીઁ ૐનું લંબાણ પૂર્વક ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. જ્ઞાન મુદ્રામાં તર્જનીની ટોચને અને અંગુઠાની ટોચને ભેગી કરી બાકીની મધ્યમા, અનામિકા અને કનિષ્ઠિકા આંગળીઓ સાથે સીધી રાખવાથી આ જ્ઞાનમુદ્રા બને છે. આ મુદ્રામાં બંને હાથ ઢીંચણ પર રાખી ટટ્ટાર બેસવું આવશ્યક છે. આ મુદ્રામાં ૧૨ કે ૨૭ વાર ઉંડો શ્વાસ લઇ ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવાથી તેના દિવ્ય પ્રભાવે આપણી માનસિક એકાગ્રતા, યાદશક્તિ અને પ્રસન્નતા વધે છે. તથા મનમાં અપૂર્વ શાંતિની અનુભૂતિ થાય છે. આ મુદ્રામાં સ્નાયુ મંડળની સશકતતા વધવાથી આધ્યાત્મિકતા અને ધ્યાનમાં પ્રગતિ થાય છે. મગજને લગતા રોગ, ફીટ, પાગલપણું, અસ્થિરતા, ગભરામણ, બેચેની, ડિપ્રેશન, ઘડી ઘડી ચિડાઇ જવું વગેરે દૂર થાય છે. અનેક પ્રકારના માનસિક તણાવો દૂર કરી નિદ્રાનું પણ સમતોલપણું લાવે છે. જ્ઞાન ન ચઢતું હોય તો સ્વયં જ્ઞાન વધે છે. ક્રોધ દૂર થાય છે. આળસ, ભયથી મુક્તિ મળે છે. આ મુદ્રાથી મગજના જ્ઞાનતંતુઓ ક્રિયાવંત બને છે, જે આજના તાણ ભર્યા જીવનમાં સર્વશ્રેષ્ઠ ઔષધિરૂપ બની રહે છે. શ્રી નવકાર જાપની મુદ્રાઓ દ્વારા થતી આરાધનાની દિવ્ય શક્તિનો આજે હજારોની સંખ્યામાં લોકો લાભ લઇ સ્વસ્થ બની રહ્યાના અસંખ્ય પ્રસંગો સર્જાઇ રહ્યા છે.

### (૨) સમન્વય ધ્યાન :-

**મંત્ર જાપ : ૐ હ્રીં ૐ નમો સિદ્ધાણં.**

સમાન મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને સર્વ પ્રથમ ઉંડો શ્વાસ લઇને ત્રણવાર ૐ હ્રીઁ ૐ નું લંબાણપૂર્વક ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. સમાન મુદ્રામાં પાંચેય આંગળીઓની ટોચ મેળવીને હાથ સીધો રાખી બંને ઢીંચણ પર હાથ રાખવાથી આ સમાન મુદ્રા બને છે. આપણા શરીરમાં રહેલા પાંચ તત્ત્વોનું આ મુદ્રાથી સંયોજન કે સમન્વય થાય છે. તેથી આ મુદ્રાને સમન્વય મુદ્રા તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મુદ્રામાં ૧૨ કે ૨૭ વાર ઉંડો શ્વાસ લઇ ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવાથી એના દિવ્ય પ્રભાવે સર્વ પ્રત્યે સમન્વય ભાવ જાગે છે. આ મુદ્રાથી આપણા દેહ અને આભા મંડળમાં પ્રવેશેલ અનિષ્ટ તત્ત્વનું નિવારણ થઇ સાત્વિકતાનો વિકાસ થાય છે. આપણા મસ્તકમાં આવેલ પિનિયલ અને પિચ્યુટરી ગ્રંથિના સ્ત્રાવોનું નિયંત્રણ થવાથી આપણી શક્તિનો વિકાસ થાય છે. પાંચ પ્રાણવાયુમાંનો એક સમાન વાયુ છે, જે બીજા વાયુઓની સાથે સંપૂર્ણ શરીરમાં સ્થિત છે. સમાન મુદ્રા વડે કરાયેલ જાપથી સમાન વાયુ વ્યવસ્થિતપણે કામ કરીને શરીરને રોગથી દૂર રાખે છે. એટલું જ નહિ સમગ્ર વિશ્વ પ્રત્યે સમન્વય ભાવોનું આપણા જીવનમાં દિન-પ્રતિદિન નિરૂપણ થતાં પ્રાણી માત્ર પ્રત્યેની કલ્યાણની ભાવના પ્રગટ થાય છે.

### (૩) પ્રાણ ધ્યાન :-

**મંત્ર જાપ : ૐ હ્રીં ૐ નમો આયરિયાણં.**

પ્રાણ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને સર્વ પ્રથમ ઉંડો શ્વાસ લઇને લંબાણપૂર્વક ત્રણવાર ૐ હ્રીઁ ૐ નું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. પ્રાણ મુદ્રામાં અંગુઠાની ટોચ પર કનિષ્ઠિકાની ટોચ અને કનિષ્ઠિકાના નખ ઉપર અનામિકાની ટોચી રાખી અંગુઠાથી હલકુ દબાણ આપી બાકીની બે આંગળીઓ સીધી રાખી ઢીંચણ પર બંને હાથ રાખી ઉંડો શ્વાસ લઇ ૧૨ કે ૨૭ વાર ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવા. એના દિવ્ય પ્રભાવથી પ્રાણ શક્તિનો વિકાસ થાય છે. કરોડરજ્જુ સીધી રાખી પ્રાણમુદ્રા કરવાથી પ્રાણ ઉર્જા સક્રિય બની ઉર્ધ્વમુખી બને છે. જેનાથી ઇન્દ્રિય મન અને ભાવોમાં સૂક્ષ્મ પરિવર્તન આવી વ્યક્તિની ચેતના ઉર્ધ્વગામી બને છે. લોહી અને શ્વાસની પ્રક્રિયાના તમામ અવરોધો દૂર થાય છે. આ મુદ્રાથી જાણે શરીરમાં ડાયનેમો ચાલુ થયો હોય તેવી અનુભૂતિ થાય છે. રક્તનળીઓની રૂકાવટ દૂર થાય છે, જેથી રક્ત સંચારની શુદ્ધિ થાય છે. શરીરમાં વિટામિનોની ઉણપ દૂર થાય છે, જેથી સાધક શારીરિક અને માનસિક દૃષ્ટિએ શક્તિશાળી બને છે. આ મુદ્રાથી પગના ગોટલા દૂર થાય છે. આંખની બિમારી નષ્ટ થાય છે. માથાની કે અન્ય અંગોની ખામીઓ દૂર થાય છે. પેરેલીસીસ પછીની અનેક વિટંબણાઓ આ મુદ્રા કરવાથી ધીરે ધીરે લુપ્ત થાય છે. ઉપવાસ વખતે ખાવા-પીવાની ઇચ્છા પર નિયંત્રણ મેળવી શકાય છે. એટલે કે આ મુદ્રાથી

ભૂખ-તરસ છીપાય છે.

આ મુદ્રાથી એકાગ્રતાનો વિકાસ થવાથી શરીરમાં સ્ફૂર્તિ, આશા, ઉમંગ અને ઉત્સાહમાં વૃદ્ધિ થાય છે. જેથી સાધકોને આરાધનામાં નવો પ્રાણ પૂરાયો હોય તેવી અનુભૂતિ થાય છે. નવકાર મહામંત્રની દિવ્ય શક્તિ યુક્ત આ મુદ્રાએ અનેક ચમત્કારો સર્જી વિશ્વને એક અનોખા અને અજોડ અનુષ્ઠાનની ભેટ આપી છે.

### (૪) શંખ ધ્યાન :-

**મંત્ર જાપ : ૐ હ્રીં ૐ નમો ઉવજ્ઝાયાણં.**

શંખ મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને સર્વ પ્રથમ ઉંડો શ્વાસ લઇને લંબાણપૂર્વક ત્રણ વાર ૐ હ્રીઁ ૐ નું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. શંખ મુદ્રામાં ડાબા હાથના અંગૂઠાને જમણા હાથની હથેળીની મધ્યમા રાખી જમણા હાથની મુઠ્ઠી (ફક્ત જમણા હાથને ખૂલ્લો રાખો) વાળી લો. ડાબા હાથની તર્જની (૧લી આંગળી)ને જમણા હાથના અંગૂઠાની ટોચ મીલાવો. હવે ડાબા હાથની બાકીની આંગળીઓ જમણા હાથની મુઠ્ઠી પાછળ રાખી બંને હાથ આપણા નાભી કેન્દ્ર (પેટ) ઉપર રાખી ઉંડો શ્વાસ લઇ ૧૨ કે ૨૭ વાર ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવા. આ મુદ્રા વડે કરાતા નવકાર જાપના દિવ્ય પ્રભાવથી થાઇરોઇડ જેવા રોગ દૂર થાય છે. શરીરમાં રહેલ અનિષ્ટ તત્ત્વનું વિસર્જન થાય છે. અને ઇષ્ટ તત્ત્વનું આગમન થાય છે. નાભિ સાથે શરીરમાં રહેલી ૭૨૦૦૦ નાડીઓની વિશુદ્ધિ થાય છે. પાચન તંત્ર પર આ મુદ્રાથી ખાસ અસર થાય છે. પાચન ક્રિયા સુધરી ભૂખ લાગે છે. અને આંતરડાનું શુદ્ધિકરણ થાય છે. આ મુદ્રાથી અવાજમાં તોતડાપણું, અટકીને બોલવું અને લકવા પછી બોલવામાં સુધારો થાય છે. ટોન્સીલ અને ગળાના રોગો દૂર કરી અવાજને મધુરતા બક્ષે છે. આંતરડા, પેટ અને પેઢુના નીચેના ભાગના તમામ વિકારો ક્રમશઃ દૂર થતાં જાય છે. સંગીતક્ષેત્રે આગળ વધવાના મનોરથ સેવતી વ્યક્તિએ તો આ મુદ્રામાં નિત્ય નવકાર જાપ કરવાથી તેના અવાજ પર જાદુઇ અસરને તે ઉપજાવી શકે છે.

ૐ હ્રીઁ ૐના દિવ્ય ધ્વનિ અને ચમત્કારી સંયોજન સાથેની આ અદ્ભૂત નવકાર આરાધના નવી ચેતના, આશા અને વિશ્વાસ જગાવી રહી છે. આજે હજારો આરાધકોને તેના અમૃતફળ મળી રહ્યા છે.

### (૫) ધ્યાન ધ્યાન :-

**મંત્ર જાપ : ૐ હ્રીં ૐ નમો લોએ સવ્વસાહૂણં.**

ધ્યાન મુદ્રામાં સુખાસને કે પદ્માસને બેસીને સર્વ પ્રથમ ઉંડો શ્વાસ લઇને ત્રણ વાર ૐ હ્રીં ૐનું ઉચ્ચારણ કરી નવકાર જાપમાં પ્રવૃત્ત થવું. ધ્યાન મુદ્રામાં ડાબા હાથની હથેળી પર જમણા હાથની હથેળી મૂકી બંને અંગુઠાને એક બીજા સાથે મેળવી નાભિ નીચે (પલાઠી વચ્ચે) સ્થાપિત કરવાથી ધ્યાન મુદ્રા બને છે. આ મુદ્રાને વિતરાગ મુદ્રા પણ કહેવામાં આવે છે. આ મુદ્રામાં ઉંડો શ્વાસ લઇ ૧૨ કે ૨૭ વાર ધીરે ધીરે લયબદ્ધ રીતે નવકાર જાપ કરવા. આ મુદ્રા દ્વારા કરાતા નવકાર જાપના દિવ્ય પ્રભાવથી મનની ચંચળતા દૂર થઇ ધ્યાનમાં ઉચ્ચભૂમિકા, સમાધિ અને ચિત્ત પ્રસન્નતાનો પમરાટ ભળવાથી આત્મ સાક્ષાત્કાર સુધી પહોંચવાની પરમ શક્તિ મળે છે.

ધ્યાન ધરનારનું ઓરા મંડળ (આભા મંડળ) તેજોવલય પ્રભાવશાળી અને સવિશુદ્ધ બની રહે છે. આ આરાધનાથી આપણા શરીરની આજુબાજુ એવા દિવ્ય કવચનું નિર્માણ થાય છે કે અનિષ્ટ તત્ત્વો-વિચારો આપણી સાધનામાં વિક્ષેપ કરી શકે નહિ. વ્યક્તિનો ક્રોધિત સ્વભાવ શાંત થઇ એમાં પરિવર્તન આણી વ્યક્તિને ઉર્ધ્વગામી બનાવવાની તાકાત ફક્ત આ આરાધનામાં જ છે. માનસિક શાંતિ થોડાંક જ દિવસના અનુભવથી પ્રાપ્ત થતાં ગમે તે આફત કે ઉપાધિમાં મનની શાંતિ ટકી રહે છે. આવી પરમ પંચ પરમેષ્ઠિની આરાધના આપ સૌ ખૂબ જ ભાવપૂર્વક કરી સ્વ-પર કલ્યાણ સાધો એ જ અભ્યર્થના.

### વિજ્ઞપ્તિ :

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના મુદ્રાઓ દ્વારા કરાવાતા નવકાર જાપ અનુષ્ઠાનની વિશેષ સમજણ માટે **કવરપેજ નં. ૨** માં આપેલી તસ્વીરો જોવા ખાસ વિનંતી છે.

# શ્રી નવકાર બાળ અનુષ્ઠાન

**ચીમનલાલ કલાધર**

આજના યુગમાં આપણા બાળકોમાં દિન-પ્રતિદિન બાળ રોગોનું પ્રમાણ ચિંતાજનક સ્થિતિમાં વધી રહ્યું છે. એના માટે આજના ખાનપાન, આજની શિક્ષણ પદ્ધતિ અને આજનું ઘરનું વાતાવરણ જ મુખ્યત્વે જવાબદાર છે. તાજેતરમાં કેટલાક નિષ્ણાત તબિબોએ અને મનોચિકિત્સકોએ બાળકોમાં વધતા રોગો વિષે સંશોધન કરી જે તારણ બહાર પાડ્યા છે તે સૌને ચોંકાવી દે તેવા છે. આ નિષ્ણાતોના મત મુજબ જો આપણે આપણા બાળકોની સાવચેતી ભરી સંભાળ હવે નહિ રાખી શકીએ તો તેઓ કિડની, કેન્સર, હૃદયની બિમારી, ટી.બી., ડાયાબિટિઝ, મગજનો તાવ, ઝેરી કમળો, અસ્થમા, આંખોની ઝાંખપ જેવા વણનોતર્યા રોગોના કાયમી સાથી બનીને રહેશે. આજના સમાજનું મોટું દુષણ છે જંક ફૂડ. સ્કૂલે જતાં બાળકો જંક ફૂડની ટેવને કારણે પોતાના ઘરના, સાત્વીક ખોરાક પ્રત્યે અરૂચિ દાખવતા જોવા મળે છે. તે સ્થિતિ અનેક રોગને નોતરનારી છે. વળી આજે ઘર ઘરમાં ટેલિવિઝન, કમ્પ્યૂટર વગેરે હોવાના પ્રતાપે કાર્ટુનો, વિડિયોગેમ વગેરેમાં બાળકો સમયનો દૂરપયોગ કરે છે. સાથે સાથે ટ્યુશન કલાસિઝ, અને અન્ય પ્રવૃત્તિઓની સવારથી સાંજ સુધીની દોડધામમાં રહેતો બાળક માનસિક તાણનો શિકાર બને છે. આજના યુગમાં બાળકોની આ ગંભીર સમયસ્યાઓથી તેનું રક્ષણ કરવું એ આપણા સૌનું પરમ કર્તવ્ય બની રહે છે.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** એ ઘણા વર્ષના સંશોધન પછી આજથી પાંચેક વર્ષ પહેલા બાળકો માટે **શ્રી નવકાર બાળ અનુષ્ઠાન**ની શરૂઆત કરીને એક ઉપકારક કામ કર્યું છે. આ **શ્રી નવકાર બાળ અનુષ્ઠાન** બાળકોને નિયમિત કરાવવાથી તેમનું ચારિત્ર ઘડતર ઉચ્ચ કક્ષાનું બને છે, શારીરિક તકલીફો દૂર થાય છે અને જ્ઞાન-વિદ્યાના ક્ષેત્રે તેમની ગ્રાહ્ય શક્તિમાં સતત વૃદ્ધિ થતી રહે છે. તેના સફળ પ્રયોગે બાળકોમાં નવી ચેતના, નવો ઉત્સાહ પ્રગટાવ્યો છે. આજના બાળકોના ઉન્નત ભાવિ માટે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવતર પ્રયોગ **શ્રી નવકાર બાળ અનુષ્ઠાન**ની **'ઇતિહાસમાં'** અવશ્ય નોંધ લેવાશે તેમાં લેશ માત્ર શંકા નથી.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના **શ્રી નવકાર બાળ અનુષ્ઠાન** કરતાં પહેલા કેટલીક મહત્વની વાતો પર બાળકોએ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. જે નીચે પ્રમાણે છે.

◆ દરેક બાળકે રાત્રે સમયસર સૂઇ જવું અને વહેલી સવારે ઉઠીને ત્રણ નવકાર ગણી, માતા-પિતાને પગે લાગી પોતાનો અભ્યાસ ચાલુ કરવો.

◆ સતત એકધારું ત્રણ કે ચાર કલાક ન વાચતા વચ્ચે વચ્ચે દશેક મિનિટનો વિરામ લેવો. અને વિરામમાં નવકારનું સ્મરણ ચાલુ રાખવું.

◆ વાંચન-અભ્યાસ માટે ઘરના ઉત્તર પૂર્વનો ખુણો પસંદ કરવો. આ જગ્યા શુભ ઉર્જાના ખજાના રૂપ છે. તેનાથી આપણી ચેતનામાં છૂપાયેલા જ્ઞાનયોગની અનંત ઉર્જા જાગૃત થાય છે.

◆ પૂર્વ દિશામાં મુખ રાખી અધ્યયન કરવાથી સૂર્યની જેમ જ્ઞાનનો તેજસ્વી ઉદય થાય છે.

◆ દરેક બાળકે સવારે વહેલા ઉઠી સ્નાનાદિથી પરવારી નમસ્કાર મુદ્રામાં ત્રણ મિનિટ ધીરે ધીરે ઉંડો શ્વાસ લેવો પરંતુ તેનો ઉચ્છવાસ ઝડપથી કાઢવો. શ્વાસમાં તણાવને કારણે ભેગા થયેલા કાર્બન ડાયોકસાઇડને બહાર કાઢવાથી ઓક્સિઝનની ઉણપ આપોઆપ ભરાઇ જશે. અને રીલેક્સ્ થઇ આરામ સ્ફૂર્તિ અનુભવાશે.

એ પછી ત્રણવાર ઉંડો શ્વાસ લઇ ૐ હ્રીં ૐનો ધીરે ધીરે લંબાણપૂર્વક ઉચ્ચાર કરવો અને ત્યારપછી શ્રી પંચ

પરમેષ્ઠિ ભગવંતોની પાંચેય મુદ્રા નીચે પ્રમાણે કરવી.

◆ **અર્હમ્ મુદ્રા દ્વારા ૐ હ્રીં ૐ નમો અરિહંતાણંનો ત્રણવાર જાપ કરવો.**

◆ **સિદ્ધ મુદ્રા દ્વારા ૐ હ્રીઁ ૐ નમો સિદ્ધાણંનો ત્રણવાર જાપ કરવો.**

◆ **આચાર્ય મુદ્રા દ્વારા ૐ હ્રીઁ ૐ નમો આયરિયાણંનો ત્રણવાર જાપ કરવો.**

◆ **ઉપાધ્યાય મુદ્રા દ્વારા ૐ હ્રીઁ ૐ નમો ઉવજ્ઝાયાણં નો ત્રણવાર જાપ કરવો.**

◆ **મુનિ મુદ્રા દ્વારા ૐ હ્રીઁ ૐ નમો લોએ સવ્વ સાહૂણં નો ત્રણવાર જાપ કરવો.**

## બાળકોએ નિયમિત કરવાની પંચ પરમેષ્ઠિ મુદ્રાઓ વિષે

દરેક બાળકે નવકાર મંત્રનું શરણ લઇ વહેલી સવારે ઉઠીને સ્નાનાદિ ક્રિયા પૂર્ણ કરી માતા-પિતાને પ્રણામ કરી સૂર્યની સામેની દિશામાં બેસી પંચ પરમેષ્ઠિ મુદ્રાઓમાં નવકાર જાપ કરવાથી (દરેક મુદ્રાઓમાં જાપ કરતા માત્ર એક મિનિટ લાગશે. એટલે ટોટલ પાંચ મુદ્રામાં જાપ કરવામાં માત્ર પાંચ મિનિટ લાગશે.) શરીર સદૈવ નિરોગી રહેશે. બાળકની અભ્યાસની પ્રગતિ થતી રહેશે. બાળકનું ચારિત્ર ઘડતર ઉચ્ચ કક્ષાનું થશે. શારીરિક અને માનસિક દૃષ્ટિએ પણ તે વધુ શક્તિશાળી બનશે અને સરસ્વતી માતાની પરમ કૃપાને પાત્ર પણ તે થઇ શકશે.

### (૧) નમસ્કાર મુદ્રા :

નમસ્કાર મુદ્રામાં નવકાર જાપ કરતી વખતે સર્વ પ્રથમ ઉંડો શ્વાસ લઇ ૐ હ્રીઁ ૐ નું ઉચ્ચારણ ત્રણવાર કરવું. આ મુદ્રામાં બંને હાથની કોણી અને બંને હાથના કાંડા મેળવી વચ્ચે જગ્યા ન રહે અને દરેક આંગળી એક બીજાની સાથે મેળવતા નમસ્કાર મુદ્રા થાય છે.

આ મુદ્રામાં નવકાર જાપ કરવાથી સમગ્ર સૃષ્ટિ, સમગ્ર ચેતના અને સમગ્ર દેવતાઓને વંદના થાય છે. આ મુદ્રા શાંતચિત્તે કરવાથી શરીરના પ્રકંપન (ઝણઝણાટી)નો અનુભવ થાય છે.

### (૨) અર્હં મુદ્રા :

**મંત્ર જાપ : ૐ હ્રીઁ ૐ નમો અરિહંતાણં.**

અર્હં મુદ્રામાં બધી આંગળીઓની ટોચ તથા હથેળીને પરસ્પર દબાણ આપી **'શ્વાસ'** ભરી એ જ સ્થિતિમાં હાથ આકાશ તરફ બને તેટલા ઉંચા, કાનને સ્પર્શ કરતા રાખી ઉપરોક્ત મંત્ર ઉંડા શ્વાસે ત્રણ વાર બોલવો.

અર્હં મુદ્રામાં કરાયેલ નવકાર જાપથી પેટ, છાતી, પાંસળી, કરોડરજ્જુની સક્રિયતા વધે છે. શરીરના વિવિધ અંગો જેવા કે કાંડા, હથેળી, ખભા અને આંગળીઓ સશક્ત બને છે. આળસ, કંટાળો દૂર થઇ સ્ફૂર્તિનો અનુભવ થાય છે. માનસિક શાંતિ થતાં મગજમાંથી અનિષ્ઠતા દૂર થઇ ઇષ્ટતાનું આગમન થાય છે. આ મુદ્રાથી વિતરાગ ભાવનું નિર્માણ થાય છે. જેનાથી પ્રિય-અપ્રિય રાગ-દ્વેષના ભાવ દૂર થઇ તટસ્થપણું આવે છે. અર્હતા એટલે કે અનંત શક્તિ વધે છે.

### (૩) સિદ્ધ મુદ્રા :

**મંત્ર જાપ : ૐ હ્રીઁ ૐ નમો સિદ્ધાણં.**

સિદ્ધ મુદ્રામાં બંને હાથની આંગળીની ટોચ અને હથેળીને પરસ્પર દબાણ આપી શ્વાસ ભરી હાથને નમસ્કાર મુદ્રામાં જ ઉપર સીધા લઇ જવા. કીન્તુ બંને કાનને હાથની ભૂજાનો સ્પર્શ થાય તેનું ધ્યાન રાખવું. એ પછી ઉપર હથેલીઓને ખોલી સિદ્ધશીલાનો આકાર આપવો. પરંતુ બંને કાંડા એક બીજાને મળે તેમ રાખવા.

સિદ્ધ મુદ્રાના અભ્યાસથી સ્વતંત્ર વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. પ્રમાદ દૂર થઇ સ્ફૂર્તિ અનુભવી શકાય છે. આ મુદ્રાથી થતાં નવકાર જાપ તમામ વિષયોમાં સિદ્ધિ મેળવવાની પ્રગતિમાં મહાબળ પૂરું પાડે છે.

### (૪) આચાર્ય મુદ્રા :

**મંત્ર જાપ : ૐ હ્રીઁ ૐ નમો આયરિયાણં.**

આચાર્ય મુદ્રામાં બંને હાથ ખભા પાસે લઇ જઇ

હથેલી ખોલી અંગૂઠાનો સ્પર્શ ખભાને લાગે તેમ રાખી ૐ હ્રીઁ **ૐ નમો આયરિયાણં** ત્રણ વાર બોલી ધીરે ધીરે હાથ પૂર્વ સ્થિતિએ લાવવો.

આચાર્ય મુદ્રાથી ખભા, છાતી, પીઠ, ફેફસાના બધા અવયવો ગતિશીલ અને કાર્યશીલ બને છે. હથેળી, આંગળી, હાથની માંસ પેશીઓ સક્રિય થાય છે. આ મુદ્રાથી શ્રદ્ધા અને સમર્પણના ભાવ પ્રગટ થાય છે. હાથ જોડતા વિનય અને શ્રદ્ધાના ભાવ તેમજ હાથ ખોલતા સર્મપણના ભાવ પ્રગટ થાય છે. શુદ્ધ આચરણ પ્રતિ જાગૃતિ આવે છે. નિર્ભયતાના ભાવોનું નિર્માણ થાય છે. આત્મા વિશ્વાસ વધે છે.

### (૫) ઉપાધ્યાય મુદ્રા :

**મંત્ર જાપ : ૐ હ્રીઁ ૐ નમો ઉવજ્ઝાયાણં.**

ઉપાધ્યાય મુદ્રામાં બંને હાથ સીધા ઉપર લઇ જઇ બંને હથેળીઓ આકાશ તરફ ખોલો. બંને અંગૂઠાઓની ટોચ અને બંને તર્જનીની (૧લી આંગળીઓની) ટોચ મેળવો અને એના વચ્ચેના ભાગથી આકાશ તરફ અપલક દૃષ્ટિએ જોઇ ત્રણવાર ૐ હ્રીઁ ૐ નમો ઉવજ્ઝાયાણં બોલો. આ પ્રમાણેની વિધિના અભ્યાસથી અધ્યયન વૃત્તિ પ્રત્યે રૂચિ અને વિદ્યાગ્રહણ કરવાની શક્તિ વધે છે. શરીરમાં રહેલા વિકાર અને વિજાતીય દ્રવ્યોનું વિસર્જન થતાં મન-હૃદયની વિશાળતા વધી જાય છે. આંખોની રોશની, દૃષ્ટિની તીક્ષ્ણતા વધતા અભ્યાસમાં તલ્લીનતા આવે છે. સાથોસાથ શરીરમાં રહેલી અનેક ગ્રંથીઓના સ્ત્રાવ સંતુલિત થતાં રોજ નવી તાજગી અને પ્રસન્નતાની અનુભૂતિ થાય છે. એટલું જ નહિ આ મુદ્રામાં ભાવપૂર્વક નિત્ય આરાધના કરવાથી કોઇ કોઇ વાર મા સરસ્વતીના દર્શન-આભા પણ જોઇ શકાય છે.

### (૬) મુનિ મુદ્રા :

**મંત્ર જાપ : ૐ હ્રીઁ ૐ નમો લોએ સવ્વ સાહૂણં.**

મુનિ મુદ્રામાં હાથ ઉંચા કાનને સ્પર્શ કરતાં રાખી બંને હાથની અંજલિ બનાવી, ધીરે ધીરે હાથ નીચે જમીનને અડાડી નમીને પછી ખોલી નાખો. ત્યારબાદ બંને હથેળીઓ એકબીજા સાથે રાખી ૐ હ્રીઁ ૐ નમો લોએ સવ્વ સાહૂણં એ મંત્ર જાપ ઉંડા શ્વાસ લઇ ત્રણ વાર બોલવો.

મુનિ મુદ્રામાં કરાતા નવકાર જાપથી સમતા અને સહિષ્ણુતાના ભાવની વૃદ્ધિ થાય છે. દરેક જીવો પ્રત્યે મૈત્રી અને કરુણાના ભાવો જાગે છે. અહંકારની ભાવના દૂર થઇ મૃદુતા ઋજુતાના ભાવો આવે છે. દ્વેષ-ઇર્ષ્યા વગેરેથી થતાં શારીરિક, માનસિક રોગોથી મુક્તિ મળે છે એટલુ જ નહિ આ મુદ્રાના ભાવપૂર્વકના જાપથી સહજ વિદ્યા પ્રાપ્તિ, તેજસ્વીતા અને યાદ શક્તિ સતત વધતી જ રહે છે.

### વિજ્ઞપ્તિ :

**શ્રી નવકાર બાળ અનુષ્ઠાનની સમજણ માટે શ્રી** પંચ પરમેષ્ઠિની આ બધીય મુદ્રાઓની તસ્વીરો **કવર પેજ નં.** ૩ માં જોઇ લેવા ખાસ વિનંતી છે.

---

## મહામંત્ર નવકાર !

- **અનુભવ મિત્ર સમ ગણો, મહામંત્ર નવકાર;**
  **કૃપા થાય જો તેહની, તો થાયે બેડો પાર.**
- **બ્રહ્માસ્ત્ર સમાન જાણજો, મહામંત્ર નવકાર;**
  **વિકટ વેળાએ આપતો, સાધક સહાય અપાર.**
- **સર્વ શક્તિમાન જાણજો, મહામંત્ર નવકાર;**
  **આત્માને જાગૃત કરી, મિથ્યાત્વ હરનાર.**
- **જનની સમ છે પ્રેમવંત, મહામંત્ર નવકાર;**
  **ભલુ કરે જગ લાલનું, અહિત નહિ કરનાર**
- **નિકંદન કાઢે કષાયનું, મહામંત્ર નવકાર;**
  **નિષ્કષાયી આત્મા, કરી દેખાડે શિવદ્વાર.**
- **મહારસાયણ જાણજો, મહામંત્ર નવકાર;**
  **અધિક અધિક ઘૂંટયા થકી, સુવર્ણ સિદ્ધિ દેનાર.**
- **અશ્રદ્ધાવંત પણ જો ભણે, મહામંત્ર નવકાર;**
  **અંધ શ્રદ્ધા તેની ટળે, પામે શ્રદ્ધા સાર.**
- **જન્મ જન્મની પુંજીરૂપ, મહામંત્ર નવકાર;**
  **તેને રાખો સાથમાં, અશિવ ન આવે દ્વાર.**

આવશ્યક નિર્યુક્તિ આદિ પ્રાચીન શાસ્ત્રોના આધારે

# નમસ્કાર મહામંત્ર-આવશ્યક વિચાર

પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

**પ્રશ્ન :** 'શ્રી પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર' એ પદનો અર્થ શું ?

**ઉત્તર :** પરમપદે વિરાજમાન શ્રી અરિહંત, શ્રી સિદ્ધ, શ્રી આચાર્ય, શ્રી ઉપાધ્યાય અને શ્રી સાધુ એ પાંચ પરમેષ્ઠિઓને નમવાની ક્રિયાનું નામ શ્રી પંચ-પરમેષ્ઠિ નમસ્કાર છે.

**પ્રશ્ન :** એ પાંચને પરમેષ્ઠિઓ કેમ કહેવાય છે ?

**ઉત્તર :** પરમ અર્થાત્ ઉત્કૃષ્ટસ્થાનમાં સ્થિત હોવાથી, શ્રી અરિહંતાદિ પાંચેયને પરમેષ્ઠિઓ કહેવામાં આવે છે.

**પ્રશ્ન :** શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રને **'નવકાર મંત્ર'** કેમ કહેવાય છે ?

**ઉત્તર :** `नवसु पदेषु काराः क्रियाः यस्मिन् स नवकारः ।' `नव काराः क्रिया यस्मिन् स नवकारः ।' અર્થાત્-''જેના નવે પદોમાં (પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી દ્વારા ગણવારૂપ) ક્રિયામાં ભેદ છે અથવા જેમાં (ગણવારૂપ) નવ ક્રિયાઓ છે. તેને નવકાર કહે છે: એ કારણે શ્રી પંચપરેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું બીજું નામ **'શ્રી નવકાર મંત્ર'** પણ છે.''

**પ્રશ્ન :** શ્રી નવકાર મંત્રમાં **'નમો'** એ પદનો પ્રથમ અક્ષર **'न'** સમજવો કે **'ण'** સમજવો ?

**ઉત્તર :** પ્રાકૃતમાં આદિમાં 'નકાર' ના સ્થાનમાં 'ણકાર' આદેશ વિકલ્પે થાય છે, તેથી `णमो' એ બંને પદો શુદ્ધ હોવા છતાં 'ણકાર' એ (છંદ-શાસ્ત્રમાં નિષિદ્ધ) દગ્ધાક્ષર છે તેથી `नमो' પદનું ઉચ્ચારણ જ શુદ્ધ માનેલું છે. કેટલાક 'ણકાર' ને જ્ઞાનનો વાચક માની, દગ્ધાક્ષર હોવા છતાં તેને મંગલસ્વરૂપ માને છે અને `णमो' પદનું ઉચ્ચારણ કરે છે, પરંતુ તે બહુ પ્રચલિત નથી.

**પ્રશ્ન :** `नमः' એ પદનો સંક્ષેપમાં શું અર્થ છે ?

**ઉત્તર :** **'નમઃ'** એ નૈપાતિપદ દ્રવ્ય અને ભાવના સંકોચ (સંક્ષેપ) અર્થમાં વપરાયેલું છે. હાથ, પગ અને મસ્તકાદિ શરીરના અવયવોની ગ્રહણ, કંપન અને ચલનાદિ ક્રિયાઓને રોકવી, નિયમિત કરવી, એ દ્રવ્યસંકોચ છે અને વિશુદ્ધ મનનો નિયોગ (મનનું શુદ્ધ પ્રણિધાન) એ ભાવસંકોચ છે. અર્થાત્ **'નમઃ'** એ પદથી દ્રવ્ય અને ભાવ ઉભય પ્રકારના નમસ્કારનું દ્યોતન થાય છે.

**પ્રશ્ન :** `नमो अरिहंताणं' । એ પાઠની જગ્યાએ `अरहंताणं' અને `अरुहंताणं' પાઠ પણ મળે છે, તો એ ત્રણમાંથી ક્યો પાઠ સાચો છે ?

**ઉત્તર :** `नमो अरिहंताणं' એ જ પાઠ સાચો છે, તો પણ શ્રી અરિહંત પરમાત્માના જુદા જુદા ગુણોની અપેક્ષાએ અર્થથી ત્રણે પાઠો એક જ અર્થને કહેનારા છે, તો પણ પાઠભેદ ન થવાની ખાતર `नमो अरिहंताणं' । પદનું ઉચ્ચારણ જ શુધ્ધ માનેલું છે.

**પ્રશ્ન :** અરિહંત, અરહંત અને અરુહંત-એ ત્રણે પદોના અર્થોમાં શું તફાવત છે ?

**ઉત્તર :** પ્રથમ શ્રી 'અરિહંત' પદનો સંક્ષિપ્ત અર્થ વિચારીએ. `अरि ।' એટલે 'દુશમ્ન' તેને `हंत' એટલે 'હણનાર' એવો અર્થ થાય છે. એ સંબંધી શાસ્ત્રોમાં કહ્યું છે કે-

``अट्ठविहंपि य कम्मं, अरिभुयं होई सव्वजीवाणं ।
तं कम्ममरिहंता, अरिहंता तेण वुच्चन्ति ॥१॥''

''આઠ પ્રકારનાં કર્મ એ જ સર્વજીવોને અરિભૂત છે, તે કર્મરૂપ શત્રુઓનો નાશ કરનારા હોવાથી શ્રી 'અરિહંત' કહેવાય છે.''

અથવા

``रागद्दोसकसाए, इंदियाणि अ पंच वि ।
परिसहउवसग्गे, नामयंता नमोऽरिहा ॥१॥'

''રાગ, દ્વેષ, કષાય, પાંચ ઇન્દ્રિયો, પરિષહ અને ઉપસર્ગોને નમાવનારા શ્રી અરિહંતો નમસ્કારને યોગ્ય છે.''

અથવા

``इंदियविसयकसाये, परीसहे वेयणा उवसग्गे ।
एए अरिणो हंता, अरिहंता तेण वुच्चन्ति ॥१॥''

''ઇન્દ્રિય, વિષય, કષાય, પરિષહ, વેદના અને ઉપસર્ગ, એ દુશ્મન છે, એ દુશ્મનોને હણનારા હોવાથી શ્રી અરિહંત કહેવાય છે.''

આ ત્રણે ગાથાઓનો સમુચ્ચય અર્થ એ છે કે-''આ સંસારરૂપી ગહન વનમાં જીવોને અનેક પ્રકારનાં દુ:ખો દેવાવાળા રાગ-દ્વેષ-મોહાદિક દોષો છે, તેથી એ દોષોને ઉત્પન્ન કરનાર ઇન્દ્રિયોના વિષયો, ક્રોધાદિક કષાયો, બાવીસ પ્રકારના પરિષહો, અનેક પ્રકારની શારીરિક અને માનસિક વેદનાઓ તથા દેવ, મનુષ્ય અને તિર્યંચાદિના ઉપસર્ગો, એ જીવોના પારમાર્થિક શત્રુઓ છે. તેના યોગે જીવ અનંત ભવમાં ભ્રમણ કરાવનાર જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારનાં દુષ્ટ કર્મોનો બંધ કરે છે, તેથી જીવના જ્ઞાનાદિ ગુણોનું, મેઘથી જેમ સૂર્યમંડલનું આચ્છાદન થાય તેમ, આચ્છાદન થાય છે અને એ આચ્છાદન જ જીવને અરિભૂત છે. તેનું સર્વથા ઉન્મલન કરનારા હોવાથી **'અરિહંત'** કહેવાય છે.''

હવે બીજા શ્રી 'અરિહંત' પદનો વ્યુત્પત્તિસિદ્ધ અર્થ વિચારીએ. તે એ છે કે–

``अशोकादिअष्टमहाप्रातिहार्यरुपपूजामर्हन्तीति अर्हन्तः ।''

''સુરવરનિર્મિત અશોકવૃક્ષાદિ આઠ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને યોગ્ય છે, તે 'અર્હંત' છે.''

એ સંબંધી શાસ્ત્રોમાં કહ્યું છે કે–

``अरिहंति वंदण नमंसणाहं, अरिहंति पूयसक्कारं ।
सिद्धिगमणं च अरिहा, अरहंता तेण वुच्चंन्ति ॥१॥''

''વંદન-નમસ્કારાદિને જેઓ યોગ્ય છે, જેઓ પૂજા અને સત્કારને યોગ્ય છે તથા જેઓ સિદ્ધિગમનને યોગ્ય છે, તેઓ અરહંત (અર્હંત્) કહેવાય છે.''

**'શ્રી ચતુ:શરણપ્રકીર્ણક'**માં કહ્યું છે કે–

``थुइ-वंदणमरहंता, अमरिंदनरिंदपूयमरहंता ।
सासयसुहमरहंता, अरहंता हुंतु मे सरणं ॥१॥''

''જેઓ સ્તુતિ અને વંદનને યોગ્ય છે, અમરેન્દ્રો અને નરેન્દ્રોની પૂજાને યોગ્ય છે તથા શાશ્વત સુખને યોગ્ય છે, તે શ્રી અરહંત ભગવંતો મને શરણ આપનારા થાઓ.''

`अरहन्त' શબ્દનાં પ્રાકૃતમાં `अरहोन्त' અને `अरहान्त' રૂપો પણ બની શકે છે. તેનો ભાવ એ છે કે `रह' એટલે એકાન્ત સ્થાન અને `अन्त' એટલે ગિરિગુફાદિનો મધ્ય ભાગ, જેઓની દૃષ્ટિથી પર નથી અર્થાત્ જેઓ અતિ ગુપ્ત વસ્તુસમૂહને પણ જાણી શકે છે, તેઓ `अरहोन्त' કહેવાય છે. અથવા `रह' એટલે રથ (બાહ્ય પરિગ્રહ) અને `अन्त' એટલે વિનાશનાં કારણ (જરામૃત્યુ આદિ અવસ્થા) જેને નથી, તેને `अरहान्त' કહેવાય છે. અથવા `अरहंताणं' એ પ્રાકૃત પદનું સંસ્કૃતમાં `अरहयद्भ्यः' । એવું રૂપ થાય છે. તેનો અર્થ બે રીતે થાય છે. એક `अरहयद्भ्यः' એટલે `अत्यजद्भ्यः' । પ્રકૃષ્ટ રાગાદિના કારણભૂત મનોજ્ઞ વિષયોનો સંપર્ક થવા છતાં પણ, જેઓ પોતાના વીતરાગતાદિ સ્વભાવનો ત્યાગ કરતા નથી, તે અરહંત છે અને બીજો `अरहयद्भ्यः' એટલે `अगच्छदभ्यः' ગત્યર્થક ધાતુઓ પ્રાપ્ત્યર્થક પણ બને છે, તેથી વીતરાગતાદિ સ્વભાવને છોડી સરાગતાદિને કદી પણ નહિ પામનારા હોવાથી શ્રી અરહંત કહેવાય છે.

આ રીતે 'અરહંત' શબ્દના બીજા પણ નિર્યુક્તિસિદ્ધ અનેક અર્થો થાય છે, કિન્તુ વિસ્તારભયથી તે સઘળા અહીં આપવામાં આવતા નથી. પંડિત શ્રી ગુણરત્નમુનિજીએ એક સ્થળે શ્રી 'અરહંત' પદના ૧૧૦ અર્થ કરેલા છે.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પૃષોદરાદિકની પેઠે શ્રી અરહંત પદના ત્રણ સામાયિક અર્થો કર્યા છે. `अरिहननात्-रजोहननात् ।' તથા `रहस्याऽभावात् ।' ઉપરથી 'અરહંત' પદ સિદ્ધ થાય છે. તેનો અર્થ 'અરિહંત' પદનો અર્થ કર્યો, તેને લગભગ મળતો છે.

તેમાં પ્રથમ `अरिहननात्' અરહંતનો અર્થ એ છે કે-''સંસારરૂપ ગહન વનને વિષે મોહાદિક શત્રુઓને હણનાર હોવાથી 'અરહંત' છે.''

બીજો `रजोहननात् ।' અરહંતનો અર્થ એ છે કે-''જેમાં

વાદળાં સૂર્યમંડળને ઢાંકી મૂકે છે, તેમ ચાર ઘાતિકર્મરૂપી રજ આત્માના સ્ફટિક જેવા સ્વચ્છ જ્ઞાનાદિ ગુણોને ઢાંકી મૂકે છે, તે ઘાતિકર્મોરૂપી રજને દૂર કરનારા હોવાથી 'અરહંત' છે.''

ત્રીજો `रहस्याऽभावात्' અરહન્તનો અર્થ એ છે કે- ''નિરવશેષ જ્ઞાનાવરણીયાદિ કર્મનું પારતંત્ર્ય દૂર થવાથી અને કોઇથી પણ ન હણી શકાય એવું અત્યદ્‌ભૂત કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રગટ થવાથી લોકાલોકના સમસ્ત ભાવોને નિરંતર પ્રત્યક્ષપણે જાણનારા અને જોનારા શ્રી અરહન્ત ભગવંતોને રહસ્ય એટલે કોઇપણ ગુપ્ત વાતનો સર્વથા અભાવ છે અર્થાત્- જેઓના 'જ્ઞાનથી કાંઇ પણ છાનું નથી, તે અરહન્ત છે.''

હવે ત્રીજા 'અરૂહન્ત' પદનો સંક્ષિપ્ત અર્થ વિચારીએ. તે એ છે કે-''બીજ બળી જવા પછી જેમ અંકુર ઉત્પન્ન થતો નથી તેમ કર્મરૂપ બીજ સર્વથા દગ્ધ થઇ જવાથી જેઓને હવે ભવરૂપ અંકુર ઉગતો નથી, તેઓ શ્રી 'અરૂહન્ત' કહેવાય છે.''

**પ્રશ્ન :** ઉપર્યુક્ત લક્ષણોથી યુક્ત શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર કરવાનું પ્રધાન પ્રયોજન શું છે ?

**ઉત્તર :** સંસારરૂપ મહાભયંકર ગહન વનમાં ભ્રમણ કરી કરીને સંતપ્ત (દુઃખિત શ્રમિત) થયેલા જીવોને શ્રી અરિહન્ત ભગવંતો પરમ પદનો માર્ગ બતાવે છે, એ કારણે સર્વ જીવોના પરમોપકારી હોવાથી શ્રી અરિહન્ત પરમાત્માઓ પ્રથમ પદે નમસ્કાર કરવા યોગ્ય છે.

**પ્રશ્ન :** વ્યાકરણના નિયમાનુસાર `नमस् ।' શબ્દના યોગમાં ચતુર્થી વિભક્તિ આવવી જોઇએ, છતાં અહીં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કેમ કરાયો છે ?

**ઉત્તર :** પ્રાકૃતમાં ચતુર્થી વિભક્તિ થતી જ નથી, કિન્તુ ચતુર્થીના સ્થાને ષષ્ઠી વિભક્તિનો જ પ્રયોગ કરવામાં આવે છે, કહ્યું છે કે-

``बहुवयणेण दुवयणं, छट्ठिविभत्तीए भण्णइ चउत्थी ।
जह हत्था तह पाया, नमोत्थु देवाहिदेवाणं ।।१।।''

''પ્રાકૃતમાં દ્વિવચનના સ્થાને બહુવચનનો તથા ષષ્ઠી વિભક્તિ સ્થાને ચતુર્થી વિભક્તિનો પ્રયોગ થાય છેઃ જેમ કે `हस्तौ' અને `पादौ' ના બદલે `हत्था' અને `पाया' ને પ્રયોગ થાય છે, તથા ચતુર્થીના અર્થમાં `नमोत्थु देवाहिदेवाण ।' એ રીતિએ ષષ્ઠીનો પ્રયોગ થાય છે.

**પ્રશ્ન :** `नमो अरिहंताणं ।' એ પદમાં ષષ્ઠી વિભક્તિના બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેનું પ્રયોજન શું છે ?

**ઉત્તર :** બહુવચનનો પ્રયોગ કરવામાં ત્રણ મુખ્ય કારણો નીચે મુજબ છે.

(૧) 'અરિહંત' એક નથી કિન્તુ ઘણા (અનંતકાળની અપેક્ષાએ અનંત) છે, એ દર્શાવવા માટે-

(૨) વિષયબહુત્વ દ્વારા નમસ્કાર કરનારને ફલાતિશય (અતિશયફલ)ની પ્રાપ્તિ થાય છે, એ બતાવવા માટે તથા-

(૩) ગૌરવ બતાવવા માટે પણ બહુવચનનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આજ ત્રણ કારણો પછીના પદોમાંના પણ બહુવચનના પ્રયોગ માટે સમજી લેવા અને તેવા જ બીજા પણ સંભવિત કારણો પોતાની બુદ્ધિથી કલ્પી લેવા જેમ કે-'અદ્વૈતવાદનો વ્યવચ્છેદ' વિગેરે.

**પ્રશ્ન :** પ્રથમ પદનું ધ્યાન કેવી રીતે કરવું ?

**ઉત્તર :** પ્રથમ પદે વિરાજમાન શ્રી અરિહંત પરમાત્માઓનું ધ્યાન ચન્દ્રમંડળ સમાન શ્વેત વર્ણે કરવું જોઇએ.

**પ્રશ્ન :** `नमो सिद्धाणं' એ પદમાં શ્રી સિદ્ધોને નમસ્કાર કરવામાં આવ્યો છે તે સિદ્ધોનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર :** શ્રી સિદ્ધપદની નિર્યુક્તિ, વ્યુત્પત્તિ તથા રૂઢિ ઉપરથી નીચેના અર્થો નીકળે છે :-

(૧) `सितं वध्धमष्टप्रकारकं कर्म, ध्मात दग्धं यैरते सिद्धाः ।' અર્થાત્ ''જેઓએ ચિરકાલથી બાંધેલા આઠેય પ્રકારનાં કર્મરૂપી ઇન્ધનોના સમૂહને જાજવલ્યમાન શુક્લધ્યાન રૂપી અગ્નિથી બાળી નાંખ્યો છે, તેમને સિદ્ધ કહેવાય છે.''

(૨) `षिधु गतौ ।' એ ધાતુથી 'સિદ્ધ' શબ્દ બન્યો છે, તેથી એ અર્થ થાય છે કે-''અપુનરાવૃત્તિ દ્વારા (ફરી પાછું ન આવવું પડે તે રીતે) જેઓ મોક્ષપુરીમાં ગયા છે, તે સિદ્ધ કહેવાય છે.''

(૩) જેઓ સર્વથા કૃતકૃત્ય બની ગયા છે, અર્થાત્- જેઓનું કોઇપણ કાર્ય અપરિપૂર્ણ રહ્યું નથી, તેઓ સિદ્ધ

કહેવાય છે.

(૪) જેઓ જગજ્જનને શિક્ષા (ઉપદેશ) કરવાવાળા અનુશાસ્તા છે, તેઓ સિદ્ધ કહેવાય છે.

(૫) જેમનાથી ભવ્ય જીવોને ગુણસમૂહની પ્રાપ્તિ થાય છે, તે સિદ્ધ કહેવાય છે.

(૬) જેઓ પરમ મંગલ તત્ત્વનો અનુભવ કરનારા હોવાથી, તેમનું ધ્યાન કરનારને મંગળરૂપ બને છે, તે સિદ્ધ કહેવાય છે.

(૭) જેઓ નિત્ય, અપર્યવસિત અને અનન્ત સ્થિતિને પ્રાપ્ત થયેલા છે, તેઓ સિદ્ધ કહેવાય છે. ઉપર્યુક્ત સર્વ અર્થોનો સંગ્રહ કરનારો એક શ્લોક શાસ્ત્રોમાં નીચે મુજબ જણાવેલા છે–

``ध्मातं सितं येन पुराणकर्म, यो वा गतो निर्वृतिसौधमूर्ध्नि ।

ख्यातोऽनुशास्तां परिनिष्ठितार्थो, यः सोऽस्तु सिद्धः कृतमंगलो मे ।।१।।''

''જેઓએ પૂર્વબદ્ધ પ્રાચીન કર્મોને દગ્ધ કરી નાંખ્યા છે, જેઓ મુક્તિરૂપી મહેલના શિરોભાગને પ્રાપ્ત થયા છે, જેઓ જગજ્જીવોને (મુક્તિમાર્ગનું) અનુશાસન કરનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે અને જેઓનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થયા છે, તેવા મંગલરૂપ બનેલા શ્રી સિદ્ધ પરમાત્મા મને મંગલરૂપ થાઓ.''

**પ્રશ્ન :** શ્રી સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરવાનું પ્રયોજન શું છે ?

**ઉત્તર :** શ્રી અરિહંત પરમાત્માઓ જેમ ભવરૂપ અટવીમાં 'માર્ગદર્શક' હોવાથી ઉપકારક છે, તેમ શ્રી સિદ્ધ પરમાત્માઓ અવિનાશી એવા અનન્તચતુષ્ટય (અનન્તજ્ઞાન, અનન્તદર્શન, અનન્તચારિત્ર અને અનન્તવીર્ય) ને ધારણ કરનાર હોવાથી, ભવ્ય આત્માઓને અતિશય પ્રમોદ ઉત્પન્ન કરનાર છે. એ કારણે તેઓ ભવ્ય આત્માઓના અત્યંત ઉપકારક છે અને એથી તેઓ પણ નમસ્કાર કરવાને યોગ્ય છે.

**પ્રશ્ન :** શ્રી સિદ્ધ ભગવંતોનું ધ્યાન કેવા પ્રકારે કરવું જોઇએ ?

**ઉત્તર :** શ્રી સિદ્ધ પરમાત્માઓનું ધ્યાન ઉદય પામતા સૂર્યના વર્ણ સમાન રક્તવર્ણે કરવું જોઇએ.

**પ્રશ્ન :** `नमो आयरियाणं ।' એ ત્રીજા પદમાં શ્રી આચાર્યોને નમસ્કાર કરાયો છે, તેમનું સ્વરૂપ કેવું છે ?

**ઉત્તર :** `आ' । એટલે મર્યાદાએ चर्यते એટલે સેવાય, અર્થાત્- શ્રી જિનશાસનના ઉપદેશક હોવાથી, તે ઉપદેશની આકાંક્ષા કરનારા આત્માઓ વડે જેઓ વિનયપૂર્વક સેવા કરાય, તેઓ આચાર્ય છે. એ સંબંધમાં કહ્યું છે કે–

``सुत्तत्थविऊ लक्खण-जुत्तो गच्छस्स मेढिमूओ अ ।

गणपतत्तिविप्पमुक्को, अत्थं वाएइ आयरिओ ।।१।।''

''સૂત્ર-અર્થ ઉભયના જાણ, લક્ષણ યુક્ત, ગચ્છના નાયક હોવાથી ગચ્છને માટે મેઢિ (સ્થંભ) સમાન અને ગચ્છની તપ્તિ (ચિન્તા)થી સર્વથા વિમુક્ત એવા આચાર્ય 'અર્થ'નો ઉપદેશ આપે છે.'' અથવા `आ' એટલે મર્યાદાએ `चार' એટલે 'વિહાર' તે આચાર, તેને પાળવામાં સાધુ તે આચાર્ય, અથવા પાંચ પ્રકારના જ્ઞાનાચારાદિ આચારને પાળવામાં સાધુ એટલે ચતુર તે આચાર્ય તથા બીજાને તે આચાર પાળવાનો ઉપદેશ દેનાર હોવાથી અને સાધુ પ્રમુખને તે આચાર દેખાડનાર હોવાથી 'આચાર્ય' છે. એ સંબંધી **શ્રી આવશ્યક** સૂત્રાન્તર્ગત **નમસ્કાર નિર્યુક્તિમાં** કહ્યું છે કે–

``पंचविहं आयारं, आयरमाणा तहा पभासंता ।

आयारं दंसंता, आयरिण तेण वुच्चन्ति ।।१।।''

''પાંચ પ્રકારના આચારને સ્વયં આચરનારા, પ્રયત્નપૂર્વક બીજાની આગળ તે આચારને પ્રકાશનારા (ઉપદેશનારા) તથા સાધુ પ્રમુખને પાંચ પ્રકારના આચારને દેખાડનારા હોવાથી 'આચાર્ય' કહેવાય છે. અથવા `आ' એટલે ઇષત્ (અપરિપૂર્ણ) જે `चार' કહેતાં 'ચરણ' (ચારિત્ર) તેને પાળનાર, અર્થાત્-યુક્તાયુક્તના વિભાગનું નિરૂપણ કરવામાં અનિપુણ એવા વિનેય (શિષ્ય) પ્રત્યે સાધુ, યથાર્થ-શાસ્ત્રાર્થનાં ઉપદેશ દ્વારા ઉપકારક, તે આચાર્ય છે.

ઉક્ત લક્ષણવાળા આચાર્ય નિત્ય અપ્રમતપણે ધર્મનો ઉપદેશ આપે છે, વિકથાઓના ત્યાગી હોય છે, દેશ-કાલને ઉચિત ભિન્ન, ભિન્ન પ્રકારના ઉપાયો દ્વારા શિષ્યોને પ્રવચનનો અભ્યાસ કરાવે છે અને શ્રી તીર્થંકર દેવરૂપી સૂર્ય તથા સામાન્ય કેવળીરૂપી ચંદ્ર શ્રી જૈનશાસનરૂપી ગગનમંડળમાંથી અસ્ત

પામી ગયા બાદ, ત્રણ લોકમાં રહેલા પદાર્થોને પ્રકાશિત કરવા માટે જેઓ દીપકની ગરજ સારે છે, તે શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર કરવાનું સૌભાગ્ય ધન્યપુરુષોને જ પ્રાપ્ત થાય છે. એ સૂરિપુંગવોને કરેલો નમસ્કાર, શીઘ્રાતિશીઘ્ર ભવભયનો ક્ષય કરે છે.

**પ્રશ્ન :** શ્રી આચાર્ય ભગવંતોનું ધ્યાન કેવી રીતે કરવું ?

**ઉત્તર :** શ્રી આચાર્ય ભગવંતોનું ધ્યાન સુવર્ણના વર્ણ સમાન પીત વર્ણથી કરવું જોઇએ.

**પ્રશ્ન :** `नमो उवज्झायाणं' । એ પદથી શ્રી ઉપાધ્યાય ભગવાનોને નમસ્કાર થાય છે, તો શ્રી ઉપાધ્યાય ભગવાનોનું સ્વરૂપ શું છે ?

**ઉત્તર :** `उप ।' ઉપસર્ગ સમીપ અર્થમાં આવેલો છે. જેઓની સમીપમાં રહીને અગર આવીને શિષ્યજન અધ્યયન કરે છે, તેઓને ઉપાધ્યાય કહેવાય છે. અથવા જેઓ સમીપમાં રહેલા અગર આવેલા સાધુ આદિ જનોને સિદ્ધાન્તનું અધ્યયન કરાવે છે, તે 'ઉપાધ્યાય' કહેવાય છે. અથવા જેઓના સમીપપણાથી સૂત્રના અધ્યયન દ્વારા શ્રી જિનપ્રવચનનું અધિક જ્ઞાન તથા સ્મરણ થાય છે, તે ઉપાધ્યાય કહેવાય છે. એ સંબંધમાં શ્રી જિનાગમમાં કહ્યું છે કે–

``बारसंगो जिणक्खाओ, सज्झाओ कहिओ बुहेहिं ।
तं उवइसन्ति जम्हा, उवज्झाया तेण वुच्चंति ॥१॥''

શ્રી જિનેશ્વરદેવકથિત ''દ્વાદશાંગી (ના અધ્યયન)ને પંડિતપુરુષો સ્વાધ્યાય કહે છે. તેનો ઉપદેશ કરનારા હોવાથી 'ઉપાધ્યાય' કહેવાય છે.'' ``उप उपयोगेन आ समन्तात् ध्यायन्तीति उपाध्यायाः ।''

અર્થાત્-''જેઓ ઉપયોગપૂર્વક ધ્યાન કરે છે, તેમનું નામ ઉપાધ્યાય છે.''

**શ્રી આવશ્યક નિર્યુક્તિ**માં શ્રુતકેવલી ભગવાન **શ્રી ભદ્રબાહુસ્વામિજી મહારાજા**ઓ પણ ફરમાવ્યું છે કે–

``उत्ति उवओगकरणे, ज्झत्ति अ झाणस्स होइ निद्देसे ।
एएण होइ उज्झा, एसो अन्नोऽवि पज्जाओ ॥१॥''

''ઉવજ્ઝાય (ઉપાધ્યાય)નો 'ઉજ્ઝા' એવો પણ પર્યાય શબ્દ છે. તેમાં `उ' એ 'ઉપયોગકરણ' અર્થમાં વપરાયેલ છે અને `झ' એ 'ધ્યાન' અર્થનું કથન કરે છે, અર્થાત્ જેઓ ઉપયોગપૂર્વક ધ્યાન કરે છે, તેઓ 'ઉજ્ઝા' (ઉપાધ્યાય) કહેવાય છે. અથવા ``उप समीपे अधिवसनात् श्रुतस्यायो लाभो भवति येभ्यस्ते उपाध्यायाः ।''

અર્થાત્-''જેમની સમીપે નિવાસ કરવાથી શ્રુતનો આય, અર્થાત્ લાભ થાય છે, તેઓને ઉપાધ્યાય કહેવાય છે.'' અથવા `उपाधेरायो येभ्यस्ते उपाध्यायाः ।'

અર્થાત્-''જેમના દ્વારા ઉપાધિ (શુભ વિશેષણાદિયુક્ત પદવી)ની પ્રાપ્તિ થાય, તેમને ઉપાધ્યાય કહેવાય છે.''

અથવા ``उपहन्यते आधेर्मानस्या व्यथाया आयः प्राप्तिर्यैस्ते उपाध्यायाः ।'' યદ્વા ``उपहन्यते अधियः कुबुद्धरायः प्राप्तिर्यैस्ते उपाध्यायाः ।'' યદ્વા ``उपहन्यते अध्यायो दुर्ध्यान यैस्ते उपाध्यायाः ।''

''જેઓ દ્વારા (વડે) માનસિક પીડા, કુબુદ્ધિ અને દુર્ધ્યાન નાશ પામે છે, તે ઉપાધ્યાય છે.''

**પ્રશ્ન :** ઉક્ત લક્ષણોવાળા શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર કરવાનું શું પ્રયોજન છે ?

**ઉત્તર :** ઉક્ત લક્ષણોવાળા શ્રી ઉપાધ્યાય ભગવંતો શ્રી જિનોક્ત દ્વાદશાંગીનું અધ્યયન કરનારા હોવાથી તથા સૂત્ર અને અર્થ ઉભયનો વિસ્તાર કરવામાં રસિક હોવાથી તથા ગુરુ પરંપરાએ પ્રાપ્ત થયેલ શ્રી જિનવચનનું અધ્યાપન કરાવવામાં તત્પર હોવાથી, ભવ્ય આત્માઓ ઉપર મહાન ઉપકારને કરનારા છે. શિષ્યોને વિનય ગુણને શીખવાડનાર છે, એ કારણે પણ તેઓ ભવ્ય જીવો વડે નમસ્કાર કરવા લાયક છે.

**પ્રશ્ન :** શ્રી ઉપાધ્યાય ભગવાનોનું ધ્યાન કઇ રીતે કરવું ?

**ઉત્તર :** શ્રી ઉપાધ્યાય ભગવાનોનું ધ્યાન મરકતમણિ સમાન નીલ વર્ણથી કરવું જોઇએ.

**પ્રશ્ન :** ``नमो लोए सव्वसाहूणं ।'' એ પદનો અર્થ- 'લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ' એવો છે, તો એ સાધુઓનું શું સ્વરૂપ છે ? અર્થાત્-સાધુઓ કોને કહે છે ?

**ઉત્તર :** જેઓ જ્ઞાનાદિ શક્તિઓ દ્વારા મોક્ષમાર્ગને

સાધે તે સાધુઓ છે અથવા જેઓ ત્રસસ્થાવર સર્વ પ્રાણીઓ ઉપર સમાનબુદ્ધિને ધારણ કરનારા છે, તે સાધુઓ છે. એ સંબંધી શ્રી આવશ્યક નિર્યુક્તિ મહાશાસ્ત્રમાં પ્રતિપાદન કરેલું છે કે–

``निव्वाणसाहए जोगे, जम्हा साहन्ति साहुणो ।
समा य सव्वभूएसु, तम्हा ते भावसाहुणो ।।१।।''

''નિર્વાણસાધક યોગો (સંયમક્રિયાઓ) વડે જેઓ મોક્ષનું સાધન કરે છે અને સર્વ પ્રાણીઓ ઉપર સમવૃત્તિને ધારણ કરે છે, તે કારણે તેઓ 'ભાવ સાધુ' કહેવાય છે.''

**અથવા**

``विसयसुहनियत्ताणं, विसुद्धचारित्तिनियमजुत्ताणं ।
तच्चगुणसाहगाणं, सदा य किच्चुज्जयाण नमो ।।१।।''

સાધુઓ પાંચ ઇન્દ્રિયોના વિષયસુખથી નિવર્તેલાં હોય છે, વિશુદ્ધ મૂલ-ઉત્તર ગુણોને ધારણ કરનારા હોય છે, તથ્ય (સત્ય) ગુણોને સાધનારા હોય છે તથા મુક્તિ માર્ગમાં સહાય કરવાના કૃત્યમાં નિરંતર ઉદ્યમી હોય છે. તેવા સાધુપુરુષોને વારંવાર નમસ્કાર થાઓ !

**અથવા**

``असहाए सहायत्तं, करंति मे संजमं करिन्तस्स ।
एएण कारणेणं, नमामिऽहं सव्वसाहूणं ।।१।।''

''(ધર્મકૃત્યમાં) અસહાય એવા મને સંયમપાલનમાં સહાય કરનારા હોવાથી હું સર્વ સાધુઓને નમસ્કાર કરું છું.''

**પ્રશ્ન :** ઉક્ત ગુણવિશિષ્ટ સાધુઓને નમસ્કાર કરવાનું શું પ્રયોજન છે ?

**ઉત્તર :** સાધુપુરુષો મોક્ષમાર્ગમાં સહાયક હોવાથી, ભવ્ય આત્માઓને પરમ ઉપકારક છે, એ કારણે સર્વ સાધુઓને નિરંતર નમસ્કાર કરવો ઉચિત છે.

વળી જેમ ભ્રમર વૃક્ષનાં સુગંધિત પુષ્પો ઉપર બેસીને તેની થોડીક પરાગ ગ્રહણ કરે છે અને પછી બીજા પુષ્પ ઉપર ચાલ્યો જાય છે તથા ત્યાંથી થોડીક પરાગ લઇ અન્ય પુષ્પ ઉપર જાય છે. એ રીતે અનેક પુષ્પો ઉપર ભ્રમણ કરીને તથા પ્રત્યેકની થોડી પરાગ ગ્રહણ કરીને પોતાના આત્માને સંતોષિત કરે છે, કિન્તુ કોઇપણ પુષ્પને બાધા (કિલામણા) ઉત્પન્ન કરતો નથી. તેની જેમ સાધુઓ પણ ગૃહસ્થોનાં અનેક ઘરોમાં પરિભ્રમણ કરી બેંતાલીસ દોષરહિત શુદ્ધ આહારની ગવેષણા કરે છે અને સંયમ સાધક પોતાના શરીરનું પોષણ કરે છે. પાંચે ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયો અને તેના બસો બાવન (૨૫૨) વિકારોને વશ થતા નથી. અર્થાત્ શુભાશુભ વિષયોમાં રાગ દ્વેષયુક્ત પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. ષટ્કાય જીવોનું પોતાના પ્રાણથી પણ અધિક સંરક્ષણ કરે છે તથા બીજાઓ પાસે કરાવે છે. સત્તર ભેદોથી વિશિષ્ટ સંયમનું સમ્યગ્ આરાધન કરે છે. સર્વ જીવો ઉપર નિરંતર દયાના પરિણામ રાખે છે. અઢાર હજાર શીલાંગરૂપ રથ ઉપર આરૂઢ થઇને તેને અસ્ખલિતપણે ચલાવે છે. નવ પ્રકારની બ્રહ્મગુપ્તિ (બ્રહ્મચર્યની વાડો)નું પાલન કરે છે. બાર પ્રકારના તપમાં પુરૂષાર્થને ફોરવે છે. આત્માના કલ્યાણ તરફ સદા લક્ષ્ય રાખે છે તેમજ જનરંજન અને લોકપૂજનની કામનાથી સર્વથા વિરક્ત રહે છે તેવા સાધુ-સત્પુરૂષોને નમસ્કાર કરવો, એ સર્વથા સમુચિત છે.

**પ્રશ્ન :** સાધુઓનું ધ્યાન કઇ રીતે કરવું ?

**ઉત્તર :** સાધુઓનું ધ્યાન અષાઢી મેઘના સમાન શ્યામ વર્ણથી કરવું જોઇએ.

**પ્રશ્ન :** `नमो लोए सव्वसाहूणं ।' એ પદમાં `लोए ।' શબ્દનો સન્નિવેશ શા માટે કર્યો છે ?

**ઉત્તર :** `लोए ।' એ પદ મધ્ય મંગળને માટે છે. `लोकृ दर्शने ।' એ ધાતુથી 'લોક' શબ્દ બનેલો છે તથા સઘળા 'દર્શનાર્થક' ધાતુઓ 'જ્ઞાનાર્થક' હોય છે અને જ્ઞાન એ મંગળસ્વરૂપ છે. એટલા માટે મધ્ય મંગળ કરવાને અર્થે `लोए ।' પદ મૂકવામાં આવ્યું છે. `लोए ।' પદનો બીજો ભાવ એ છે કે-અઢી દ્વીપ પ્રમાણ લોકમાં સાધુઓ નિવાસ કરે છે, તે સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

**પ્રશ્ન :** આ શ્રી પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર સંક્ષેપથી કર્તવ્ય છે કે વિસ્તારથી ? જો સંક્ષેપથી કર્તવ્ય છે, તો કેવલ 'સિદ્ધિ' અને 'સાધુ' એ બે પદને જ નમસ્કાર કરવો જોઇએ, કારણ કે અરિહંત, આચાર્ય અને ઉપાધ્યાયનો 'સાધુ' પદથી સંગ્રહ થઇ જાય છે. અર્થાત્ શ્રી અરિહંતાદિ ત્રણમાં સાધુત્વનો ત્યાગ થતો નથી તથા જો વિસ્તારપૂર્વક નમસ્કાર કર્તવ્ય

હોય તો શ્રી 'ઋષભાદિ' ચોવીસ તીર્થંકરો, શ્રી 'પુંડરીકાદિ' (૧૪૫૨) ગણધરો આદિ પ્રત્યેકનું વ્યક્તિશઃ ઉચ્ચારણપૂર્વક ગ્રહણ કરવું જોઇએ. અર્થાત્-પૃથક્ પૃથક્ નામ લઇને સર્વને નમસ્કાર કરવો જોઇએ.

**ઉત્તર :** શ્રી અરિહંતને નમસ્કાર કરવાથી જે ફલની પ્રાપ્તિ થાય છે, તે ફલની પ્રાપ્તિ સાધુઓને નમસ્કાર કરવાથી થઇ શકતી નથી, જેમકે-રાજાદિને નમસ્કાર કરવાથી જે ફલની પ્રાપ્તિ થાય છે, તે મનુષ્યમાત્રને નમસ્કાર કરવાથી થઇ શકતી નથી. એ કારણે ફલની વિશેષતાને લઇને સાધુઓને નમસ્કાર કરવા છતાં શ્રી અરિહંતને પ્રથમ નમસ્કાર કરવો યોગ્ય છે.

**પ્રશ્ન :** પ્રથમ નમસ્કાર જે સૌમાં મુખ્ય હોય તેને કરવો જોઇએ. શ્રી અરિહંતાદિ પાંચે પરમેષ્ઠિઓમાં સર્વથા કૃતકૃત્ય હોવાથી શ્રી સિદ્ધો મુખ્ય છે, તેથી 'યથાપ્રધાન' ન્યાયને અનુસરીને પ્રથમ શ્રી સિદ્ધભગવંતોને નમસ્કાર કરવો જોઇએ અને પછી અનુક્રમે શ્રી અરિહંતાદિને નમસ્કાર કરવો જોઇએ.

**ઉત્તર :** શ્રી સિદ્ધોને જાણવાનું કાર્ય પણ શ્રી અરિહંતોના ઉપદેશ સિવાય અશક્ય છે તથા શ્રી અરિહંતો તીર્થના પ્રવર્તન દ્વારા ઘણા જીવો ઉપર ઉપકાર કરે છેઃ એટલું જ નહિ પણ શ્રી સિદ્ધના આત્માઓ પણ શ્રી અરિહંતોના ઉપદેશથી જ ચારિત્રનો આદર કરી, કર્મરહિત બની, સિદ્ધિગતિને પ્રાપ્ત કરે છે. એ કારણે શ્રી સિદ્ધોની પૂર્વે શ્રી અરિહંતોને નમસ્કાર કરવો, એ વ્યાજબી છે.

**પ્રશ્ન :** જો એ રીતે ઉપકારીપણાનો વિચાર કરીને નમસ્કાર કરવાનો હોય, તો આચાર્ય આદિને પ્રથમ નમસ્કાર કરવો ઉચિત છેઃ કારણ કે, કોઇ સમયે આચાર્ય આદિથી પણ શ્રી અરિહંત આદિનું જ્ઞાન થાય છે તેથી આચાર્ય આદિ પણ મહોપકારી બનતા હોવાથી, તેમને પ્રથમ નમસ્કાર કરવો જોઇએ.

**ઉત્તર :** આચાર્યાદિને ઉપદેશ આપવાનું સામર્થ્ય શ્રી અરિહંતોના ઉપદેશથી જ પ્રાપ્ત થાય છે, કિન્તુ સ્વતંત્ર રીતિએ થતું નથી અર્થાત્ સર્વ વસ્તુઓના પ્રથમ પરમાર્થજ્ઞાપક (પરમાર્થનું જ્ઞાન કરાવવાવાળા) શ્રી અરિહંતો જ છે. એ કારણે સૌથી પ્રથમ નમસ્કાર તેઓને જ કરવો જોઇએ. લોકમાં પણ પરિષદને નમસ્કાર કર્યા બાદ રાજાને પ્રણામ કરવાનો રીવાજ નથી, કિન્તુ રાજાને પ્રણામ કર્યા બાદ જ પર્ષદાને પ્રણામ કરવાનો રિવાજ છે તે જ રીતે અહીં પણ પર્ષદારૂપ શ્રી આચાર્ય આદિને નમસ્કાર કરીને રાજા રૂપ શ્રી અરિહંતને પછી નમસ્કાર કરવો તે યોગ્ય નથી કિન્તુ રાજારૂપ શ્રી અરિહંતને નમસ્કાર કર્યા બાદ પર્ષદા રૂપ આચાર્ય આદિને નમસ્કાર કરવો, એ યુક્તિયુક્ત છે. સંબંધમાં કહ્યું છે કે–

`पुव्वाणुपुव्वि न कमो, नेव य पच्छाणुपुव्वि एस भवे ।
सिद्धाइआ पढमा, बीआए साहुणो आई ।।१।।
अरहन्तुवएसेणं, सिद्धा नज्जन्ति तेण अरिहाई ।
नवि कोई परिसाए, पणमित्ता पणिमइ रण्णो ।।२।।

**પ્રશ્ન :** ''શ્રી નમસ્કાર મંત્રનો ક્રમ પૂર્વાનુપૂર્વી હોય તો 'સિદ્ધો' ને પ્રથમ નમસ્કાર કરવો જોઇએ અને પશ્ચાનુપૂર્વી હોય તો 'સાધુઓ' ને પ્રથમ નમસ્કાર કરવો જોઇએ.''

**ઉત્તર :** ''શ્રી અરિહંતોના ઉપદેશથી સિદ્ધાત્માઓનું જ્ઞાન થાય છે તથા પરિષદને પ્રણામ કરીને કોઇ રાજાને પ્રણામ કરતું નથી, એ કારણે રાજાના સ્થાને શ્રી અરિહંતોને જ આદિ નમસ્કાર કરવો યોગ્ય છે.''

**પ્રશ્ન :**

`एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ।।'

અર્થાત્-એ પાંચેને કરેલો નમસ્કાર સર્વ પાપનો પ્રણાશ (પ્રકર્ષ નાશ) કરનાર છે તથા સર્વ પ્રકારનાં મંગળોમાં પ્રથમ મંગળ છે.' એ ચાર પદોમાં નમસ્કારના ફળનું વર્ણન છે, આમ ફળના વર્ણનને મૂળ મંત્ર કહેવો, એ શું યોગ્ય છે ?

**ઉત્તર :** શ્રી નમસ્કાર મંત્રના છેલ્લાં ચાર પદો, એ શ્રી નમસ્કાર મંત્રની ચૂલિકા છે. ચૂલિકાને મૂળ મંત્રથી ભિન્ન ગણવી, એ યોગ્ય નથી. ફળનું વર્ણન, એ પણ શ્રી નમસ્કારનું જ વર્ણન છે. અન્યત્ર નામસ્તવ અધ્યયનાદિમાં પણ ફળવર્ણન સહિત સઘળાં પદો અધ્યયનરૂપ ગણાયાં છે. `पलप्रधानाः समारम्भाः ।' એ ન્યાયે જેના ફળનું જ્ઞાન નથી, તેમાં વિદ્વાનોની પ્રવૃત્તિ પણ થતી નથી. એ કારણે ચૂલિકા સિવાયનો શ્રી નમસ્કાર મંત્ર, એ અપૂર્ણ અને વિદ્વાનોની પ્રવૃત્તિ માટે

અયોગ્ય છે. શ્રી આગમ ગ્રંથોમાં પણ ચૂલિકા સહિત સમગ્ર શ્રી નવકાર મંત્રનું મહામંત્ર તરીકે પ્રતિપાદન કરેલું છે.

**પ્રશ્ન :** શ્રી નમસ્કાર મંત્ર, કોઇ પણ વર્તમાન આગમ સૂત્રમાં નવ પદ, આઠ સંપદા અને અડસઠ અક્ષર પ્રમાણ છે, એમ કહેલું નથી; પરંતુ શ્રી ભગવતી આદિ સિદ્ધાંતમાં શ્રી નમસ્કારનાં પાંત્રીસ અક્ષર પ્રમાણ પ્રથમ પાંચ જ પદો કહેલાં છે તેથી કેટલાક શ્રી નમસ્કાર મંત્રને નવપદાત્મક નહિ કિન્તુ પંચપદાત્મક જ માને છે, તો તે વ્યાજબી છે ?

**ઉત્તર : ભગવાન શ્રી વજસ્વામિજી** વિગેરે દશપૂર્વધરાદિ બહુશ્રુત, સંવિગ્ન અને સુવિહિત મહર્ષિઓએ છેદસૂત્રાદિની, વ્યાખ્યા પ્રસંગે શ્રી નમસ્કાર મંત્રને નવપદ, આઠ સંપદા અને અડસઠ અક્ષરાત્મક કહેલો છે. તેથી તેને પંચ પદાત્મક નહિ પણ નવ પદાત્મક માનવો તે જ વ્યાજબી છે. શ્રી **મહાનિશીથ** નામના **શ્રુતસ્કંધની** અંદર પદાનુસારી લબ્ધિને ધરનાર દશપૂર્વધર ભગવાન શ્રી વજસ્વામિજીએ શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધને અડસઠ અક્ષર અને નવપદાત્મક વર્ણવેલો છે.

શ્રી મહાનિશીથ સૂત્ર, શ્રી જિનમતમાં સમસ્ત પ્રવચનના પરમ સારભૂત તથા અતિશયવાળા મહાન અર્થોથી ભરેલું છે. શ્રી મહાનિશીથ સૂત્રને ભગવાન શ્રી હરિભદ્રસૂરિજીએ સ્વયં સ્વમતિ અનુસાર શોધીને લખેલું છે અને બીજા પણ શ્રી સિદ્ધસેન દિવાકર, વૃદ્ધવાદી, યક્ષસેન, દેવદત્ત, રવિગુપ્ત, નેમિચંદ્ર, જિનદાસ ગણિ, સત્યશ્રી આદિ યુગપ્રધાન અને શ્રુતધર સૂરિપુંગવોએ તેનું અતિશય બહુમાન કરેલું છે, તેથી શ્રી જિનમતમાં તે એક પરમ પ્રામાણિક સૂત્રગ્રંથ છે.

**પ્રશ્ન :** 'શ્રી પરમેષ્ઠિ-નમસ્કાર મંત્રનો ૧૦૮ વાર જાપ કરવો જોઇએ, કારણ કે શ્રી પંચ પરમેષ્ઠિના ગુણ ૧૦૮ છે.' એમ જે કહેવામાં આવે છે, તો તે શ્રી પંચ પરમેષ્ઠિઓના એકસો ને આઠ ગુણ ક્યા અને કેવી રીતે છે ?

**ઉત્તર :** શાસ્ત્રોમાં કહ્યું છે કે–

``बारसगुण अरिहन्ता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।
उवज्झाया पणवीसं, साहू सत्तवीस अट्ठसयं ।।१।।''

અર્થાત્ : ''શ્રી અરિહંતોના બાર ગુણ છે, શ્રી સિદ્ધોના આઠ ગુણ છે, શ્રી આચાર્યોના છત્રીસ ગુણ છે, શ્રી ઉપાધ્યાયોના પચીસ ગુણ છે અને શ્રી સાધુઓના સત્તાવીસ ગુણ છે. પાંચે પરમેષ્ઠિના કુલ ગુણ એકસોને આઠ છે.''

એ એકસો આઠ ગુણોનું વર્ણન વિસ્તારથી શ્રી નવપદ આરાધન વિધિ આદિ પુસ્તકોમાં ઘણી જગ્યાએ છપ્પાઇ ગયેલું છે, તેથી અહીં આપતા નથી.

**પ્રશ્ન :** પ્રધાનતાની અપેક્ષાએ શ્રી નમસ્કાર મંત્રના પાંચે પદોમાં જ્યેષ્ઠાનુજ્યેષ્ઠ ક્રમ રાખવામાં આવ્યો છે, તે જરા વિગતથી સમજાવો.

**ઉત્તર :** શ્રી અરિહંતોના ઉપદેશથી જ શ્રી સિદ્ધોનું જ્ઞાન થાય છે તથા ભવ્યાત્માઓ ચારિત્રનો આદર કરી કર્મરહિત થઇ સિદ્ધિને પ્રાપ્ત કરે છે તથા શ્રી આચાર્યાદિકને ઉપદેશ દેવાનું સામર્થ્ય પણ શ્રી અરિહંતોના ઉપદેશથી જ પ્રાપ્ત થાય છે, તેથી શ્રી અરિહંત પ્રથમ છે. દેશથી કૃતકૃત્યની અપેક્ષાએ સર્વથા કૃતકૃત્ય હોવાથી શ્રી સિદ્ધ બીજા છે. શ્રી આચાર્યોની શિક્ષા પ્રાપ્ત કરીને શ્રી ઉપાધ્યાયો સ્વકર્તવ્યનું પાલન કરે છે, તેથી આચાર્ય ત્રીજા છે તથા સાધુજન શ્રી આચાર્ય અને શ્રી ઉપાધ્યાય તરફથી દશવિધ યતિધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરી સ્વકર્તવ્યનું પાલન કરે છે, તેથી શ્રી ઉપાધ્યાય ચોથા છે અને શ્રી સાધુ પાંચમા છે. એ રીતે શ્રી અરિહંત આદિ પાંચેમાં ઉત્તર-ઉત્તરની અપેક્ષાએ પૂર્વપૂર્વની પ્રધાનતા દ્વારા જ્યેષ્ઠાનુજ્યેષ્ઠ ક્રમનો સ્વીકાર કરી પ્રથમ શ્રી અરિહંતોને, પછી શ્રી સિદ્ધોને, પછી શ્રી આચાર્યોને, પછી શ્રી ઉપાધ્યાયોને અને છેવટે શ્રી સાધુઓને નમસ્કાર કર્યા છે.

**પ્રશ્ન :** `एसो पंचनमुक्कारो ।' એ પદના બદલે કેટલાક `एसो पंचनमोक्कारो ।' એ પદ બોલે છે, તો બેમાં સત્ય શું સમજવું ?

**ઉત્તર :** સંસ્કૃતમાં `नमस्कार ।' શબ્દ છે. તેના પ્રાકૃતમાં બે રૂપો થાય છે : એક તો `नमोक्कार ।' અને બીજું `नमुक्कार ।' બેમાંથી એક પણ રૂપ અસત્ય નથી કીન્તુ બંને રૂપો વ્યાકરણના નિયમથી સિદ્ધ છે. તો પણ પાઠભેદ ન થાય એ કારણે `एसो पंचनमुक्कारो ।' એ એક જ પાઠ બોલવો વ્યાજબી લાગે છે. મંત્રાક્ષરોના ઉચ્ચારણમાં વારંવાર પાઠભેદ કરવો, એ ઉચિત નથી.

# નવકાર મંત્ર મહામંત્ર કેમ કહેવાય છે?

પૂ. આચાર્ય શ્રી મહાપ્રજ્ઞજી

નમસ્કાર મહામંત્ર ચૌદ પૂર્વોનો સાર છે. વિશ્વની બધી જ શાબ્દિક વિશિષ્ટતાઓ જ્ઞાનરાશિ ચૌદ પૂર્વોમાં સમાઇ જાય છે. આટલા મોટા સમુદ્રનું અવગાહન કરવું તે કોઇ નાનીસૂની વાત નથી. તેથી આ મહાસાગરને મહામંત્ર કહેવાય છે. આ મંત્ર જ નહિ. મહામંત્ર છે. તેને મહામંત્ર કેમ કહેવાય છે. તે આપણે સમજવું છે. નમસ્કાર મહામંત્ર એટલા માટે છે કે તે આત્માનું જાગરણ કરે છે. આપણી અધ્યાત્મયાત્રા તેનાથી પૂર્ણ થાય છે.

નમસ્કાર મહામંત્ર પાંચેય પદોમાં પાંચ પરમ આત્માઓ જોડાયેલા છે. કોઇ અલ્પશક્તિ જોડાયેલી નથી. વિશ્વની પાંચ મહાશક્તિઓ તેની સાથે જોડાયેલી છે. કેવળ આત્મા અને પરમાત્મા તેની સાથે જોડાયેલ છે. અર્હત્ પરમાત્મા છે. સિદ્ધ પરમાત્મા છે. આચારની ગંગામાં અવગાહન કરનાર અને એવા નંદનવનમાં રહેનાર જેની આસપાસ સૌરભ ફૂટે છે, તે પરમ આત્માનું જાગરણ કરનારા આચાર્યો તેની સાથે જોડાયેલા છે. સમગ્ર શ્રુતજ્ઞાનના ભંડારની અવગાહના કરી જ્ઞાનનો પ્રકાશ ફેલાવનારા ઉપાધ્યાયો તેની સાથે જોડાયેલા છે. સાધુઓ અથવા સાધકો, જેઓ આત્માનાં સમસ્ત આવરણોને દૂર કરીને પરમાત્માનો સાક્ષાત્કાર કરવા સતત પ્રયાસ કરી રહ્યા છે. વિશ્વના બધા જ પવિત્ર આત્માઓ કોઇ એક જ સંપ્રદાયના નથી, કોઇ વિશેષ ધર્મના નથી, કોઇ એક જાતિના નથી, બધાના છે અને તે બધા તેની સાથે જોડાયેલા છે.

નમસ્કાર મંત્ર મહામંત્ર હોવાનું બીજું કારણ એ છે કે આ એક માર્ગ છે. 'णमो अरहंताणं-अर्हत्' માર્ગ છે. હું બીજો પ્રયોગ એવો કરાવવા માગું છું કે અર્હતનું ધ્યાન પગ ઉપર કરાવવામાં આવે. કોઇને થશે કે અર્હતનું સ્થાન તો મસ્તક છે, તો પછી પગ ઉપર એમનું ધ્યાન શા માટે ? આ પ્રશ્ન છે. તેની મને ખબર છે. મારી પાસે તેનું સમાધાન પણ છે. મેં યોગ-સાધનાથી જે કંઇ અનુભવ કર્યો, આજનાં વૈજ્ઞાનિક સંશોધનો વાંચ્યાં, સાંભળ્યાં, એક્યુપંકચર ચિકિત્સાપદ્ધિતિમાં શોધવામાં આવેલાં સાતસો ચૈતન્યકેન્દ્રોનો વિષયમાં વાંચ્યું, યોગ અને આચાર્યો દ્વારા નિર્દિષ્ટ ચૈતન્યકેન્દ્રોનો અનુભવ કર્યો અને આજના શરીરશાસ્ત્રીઓ દ્વારા શોધાયેલ ગ્રંથિઓના સિદ્ધાંત અને સ્વરૂપને જોયાં, તો જાણવા મળ્યું કે શરીરનો કણેકણ પવિત્ર છે. પગનો અંગૂઠો પણ એટલો જ પવિત્ર છે, જેટલો શિરનો અગ્રભાગ. કોઇ તફાવત નથી. જ્યારે આપણે કહીએ છીએ હિમાલય બહુ જ મોટો છે તો તેની તળેટી પણ મોટી છે અને શિખર પણ મોટું છે. ગંગા જો પવિત્ર છે તો એનો પ્રત્યેક કણ પવિત્ર છે. એનું પ્રત્યેક બુંદ પવિત્ર છે. એની પ્રત્યેક ધારા પવિત્ર છે. ગંગા જો પવિત્ર છે તો જ્યાંથી તે ઉત્પન્ન થાય છે ત્યાં પણ તે પવિત્ર છે અને જ્યાં તે વહે છે ત્યાં પણ તે પવિત્ર છે. આપણા શરીરનો કણેકણ પવિત્ર છે. શરીરનો કોઇ ભાગ અપવિત્ર નથી. બધું જ પવિત્ર છે. આપણા શરીરમાં જો ચૈતન્યકેન્દ્રો છે. આપણા શરીરમાં પિચ્યુટરી અને પિનિયલ ગ્રંથિઓ છે તો આપણા હાથ પગમાં પણ એવાં, કેન્દ્રો છે. જે ગ્રંથિઓ શિરમાં છે તે હાથ-પગમાં છે. પગમાં અનેક ચૈતન્યકેન્દ્રો છે, પ્રાચીન કાળમાં એ વાત જાણીતી હતી કે જો કોઇ ધ્યાનસ્થ વ્યક્તિને જગાડવી હોય તો તેના પગના અંગૂઠાને વચ્ચેથી દબાવવો. તેથી તે ધ્યાનસ્થ વ્યક્તિ જાગી જાય છે. તેની સમાધિ તૂટી જાય છે. આ ઉલ્લેખ પ્રાચીન ગ્રંથોમાં મળી આવે છે. તેનું રહસ્ય સમજાતું નહોતું. એક્યુપંકચર પદ્ધતિના અધ્યયનથી આ રહસ્ય સ્પષ્ટ થઇ ગયું, પિચ્યુટરીનું જે કેન્દ્ર છે. એવું જ કેન્દ્ર પગના અંગૂઠામાં પણ છે. આ રહસ્ય બહુ જ લાભદાયી નીવડ્યું.

જ્યારે ધ્યાનનું ઊંડાણ હોય છે ત્યારે વ્યક્તિ દર્શનકેન્દ્રના ઊંડાણમાં ચાલી જાય છે અને સમાધિસ્થ થઇ

જાય છે. દર્શનકેન્દ્ર સમાધિનું બહુ મોટું કેન્દ્ર છે. તે ભ્રૂકૂટિઓની વચ્ચે આવેલું છે. જે વ્યક્તિ આ કેન્દ્રમાં સમાધિસ્થ થઇ જાય છે તેના જાગરણનો ઉપાય એ છે કે તેના પગના અંગૂઠાને દબાવવો. આ દબાણ દર્શનકેન્દ્ર સુધી પહોંચી જાય છે અને વ્યક્તિની સમાધિ તૂટી જાય છે. જેટલું આપણું શિર પવિત્ર છે તેટલા જ આપણા પગ પણ પવિત્ર છે. આપણે પગને અપવિત્ર કેમ માનીએ ? આપણી ગતિનું માધ્યમ છે પગના પંજા. જો પંજા ન ટકે તો ગતિ ન થઇ શકે. જે રીતે પગ ગતિ આપનાર છે તે રીતે અર્હત્ સમગ્ર અધ્યાત્મયાત્રાને ગતિ આપનાર છે. અર્હત્ માર્ગ છે. અર્હત પગ છે, અર્હત્ ગતિ છે અને ગતિ વધારનાર છે.

નમસ્કાર મહામંત્રમાં સમગ્ર માર્ગ સમાયેલો છે. મોક્ષ માર્ગનાં ચાર ચરણ છે-**સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર અને સમ્યગતપ.** અર્હત્ આ ચતુષ્ટયીનું સમન્વિત રૂપ છે. તેઓ માર્ગ છે. અર્હતનું સ્વરૂપ છે-અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અર્થાત્ અનંત આનંદ અને અનંત શક્તિ. ચારિત્ર અને આનંદ એક છે. સાધનાકાળમાં જે ચારિત્ર હોય છે તે સિદ્ધકાળમાં આનંદ બની જાય છે. બન્નેમાં કોઇ અંતર નથી. આ છે અર્હતનું સ્વરૂપ અને આ છે મોક્ષનો માર્ગ. આ નમસ્કાર મહામંત્રમાં માર્ગનું રહસ્ય છુપાયેલું છે. આપણી અધ્યાત્મયાત્રાનો સમગ્ર માર્ગ એમાં છુપાયેલો છે. આ મંત્ર માર્ગદાતા છે. એટલા માટે એ મહામંત્રની કોટિમાં આવે છે.

નમસ્કાર મંત્ર મહામંત્ર છે તેનું ત્રીજું કારણ છે-દુ:ખમુક્તિનું સામર્થ્ય. માણસનો બધો જ પુરુષાર્થ દુ:ખને મટાડવા અને સુખને મેળવવા માટેનો હોય છે. જેટલો પુરુષાર્થ, જેટલી પ્રવૃત્તિ, જેટલી ચેષ્ટા, અને જેટલી સક્રિયતા છે તે બે વાતો સાથે જોડાયેલી છે. પહેલી વાત છે દુ:ખને મટાડવું અને બીજી વાત છે સુખને પ્રાપ્ત કરવું.

કારખાનું ચલાવનારને પૂછવામાં આવે છે કે આટલો શ્રમ શા માટે ? તે કહે છે કે-દુ:ખ મટી જાય. પોતાનું દુ:ખ પણ દૂર થાય અને દુનિયાનું દુ:ખ પણ મટે. ખેડૂતને પૂછવામાં આવે છે, ખેતી કેમ કરો છો ? તે કહે છે, ભૂખનું દુ:ખ મટે. લોકોને અનાજ મળે. તેમનું પણ દુ:ખ ટળે. પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ આ બે હેતુ હોય છે: દુ:ખનો ઉચ્છેદ અને સુખની ઉપલબ્ધિ, દુ:ખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ. પરંતુ નમસ્કાર મહામંત્ર આપણી સુખ-દુ:ખની બધી કલ્પનાને જ બદલી નાખે છે. જ્યારે આપણે આ મહામંત્રની ખૂબ નજીક જઇએ છીએ. ત્યારે મનની સ્થિતિ કંઇક બીજી જ થઇ જાય છે. સમગ્ર દર્શન બદલાઇ જાય છે. બધી અવધારણા બદલાઇ જાય છે. એવું લાગવા માંડે છે કે જેને આપણે સુખ માની લીધું હતું. તે સુખ, સુખ નથી અને તે દુ:ખ દુ:ખ નથી. સુખ-દુ:ખનો ભ્રમ ભાંગી જાય છે, ઊંઘ ઊડી જાય છે અને માણસ જાગી ઉઠે છે. જાગ્યા પછી સ્વપ્નનું દર્શન બદલાઇ જાય છે. જાગનાર વ્યક્તિ સ્વપ્નની અવધારણાને યથાર્થ નથી માનતી. સ્વપ્નની અવધારણા જાગવાની અવધારણાથી ભિન્ન હોય છે. સુખ દુ:ખની કલ્પનામાં પરિવર્તન થઇ જાય છે.

ખંજવાળને કષ્ટપ્રદ માનવામાં આવે છે. ખંજવાળમાં કેટલો આનંદ આવે છે. તે ખુજલીના રોગથી પીડાતી વ્યક્તિને પૂછો: બુદ્ધિનો વિપર્યય, મતિનો વિપર્યય, ચિંતનનો એટલો વિપર્યય થઇ જાય છે કે વ્યક્તિ જે નથી એને માની લે છે અને જે છે તેને નથી માનતી. ઠીક છે, માણસે પદાર્થમાં સુખ માની લીધું છે. ખાવામાં સુખ થાય છે, પીવામાં સુખ થાય છે. વસ્તુઓને ભોગવવામાં સુખ થાય છે. ભૂખ લાગી હોય અને ખાવાનું ન મળે તો દુ:ખ થાય છે. તરસ લાગી હોય અને પાણી ન મળે તો દુ:ખ થાય છે. જે જોઇએ તે મળતું નથી તો દુ:ખ થાય છે. મેલેરિયાના તાવમાં કવીનાઇન ન મળે તો દુ:ખ થાય છે. શું કવીનાઇનની ગોળીઓ ખાવી એ સુખ છે ? એમાં કોઇ સુખ નથી આપણે ઊંડાણમાં ઊતરીને જોઇશું તો ખબર પડશે કે ભૂખ પોતે જ એક બીમારી છે. સંસ્કૃતમાં એનું નામ છે-જઠરાગ્નિપીડા. જઠરના અગ્નિથી થનારી પીડા. ભલા બીમારી પણ કોઇ સુખ હોઇ છે ? તો શું બીમારી માટે કોઇ દવા લેવી એ સુખની વાત છે ? ખાવાનો અર્થ છે એ જઠરના અગ્નિથી ઉત્પન્ન થનારી પીડાનું શમન કરવું. ખાવું એ પણ બીમારી છે. આપણી માન્યતા એવી થઇ ગઇ છે કે ક્યારેક થતી પીડાને આપણે માંદગી માની લઇએ છીએ અને રોજ થનારી પીડાને આપણે માંદગી

માનતા નથી. રોજ થનારી પીડાને આપણે માંદગી નહિ, સુખ માનીએ છીએ. ભૂખ બીમારી છે અને ખાવું એ પણ બીમારી છે.

એક વાત છે. ખરાબ વસ્તુ છૂટી જવાથી માણસને સુખ જ થાય છે, એવું નથી. ખરાબ વસ્તુ છૂટી જવાથી માણસને દુ:ખ પણ થાય છે. પેટમાં મળ ભરાયેલો છે. મળ વિજાતીય દ્રવ્ય છે. જ્યારે તે કાઢવામાં આવે છે ત્યારે એક વાર માણસને કમજોરી અને થાકનો અનુભવ થાય છે. ખરાબી નીકળી રહી છે, પણ માણસ કમજોર થઇ રહ્યો છે. એનું કારણ સ્પષ્ટ છે. જેને વર્ષોથી પાળી રાખ્યું છે, તેનાથી છૂટવાનું કોઇને ગમતું નથી. સંસ્કૃતમાં એક નીતિવાક્ય છે- **विषवृक्षोऽपि संवर्ध्य स्वयं छेत्तुं न साम्प्रतम्** પોતાના દ્વારા ઉછેરાયેલા વિષવૃક્ષને પણ કાપવું ઉચિત નથી. આ નીતિસૂત્ર એટલા માટે પ્રચલિત થયું હશે કે માણસ દુ:ખના વૃક્ષને ઉછેરતો આવ્યો છે. તેને ઉખાડીને ફેંકી દેવાની વાત તે વિચારતો નથી. કેટલું વિપરીત ! કેટલું આશ્ચર્ય ! આપણે બીમારીની દવા લઇએ છીએ અને તેને સુખ માની લઇએ છીએ, પરંતુ માણસ જ્યારે નમસ્કાર મંત્રની આરાધનામાં જોડાય છે ત્યારે યથાર્થમાં સુખની ચેતના જાગે છે. તે બહારની યાત્રાથી વિરમીને અંતરની યાત્રાનો પ્રારંભ કરે છે ત્યારે સુખીની ચેતના જાગૃત થાય છે. એ જાગરણમાં નવા નવા અનુભવ થવા લાગે છે, જે પહેલાં કદી થયા ન હોય. તે સમયે અલૌકિક આનંદનો અનુભવ થાય છે. એ લોકોત્તર સુખનો અનુભવ થાય છે જે પદાર્થથી ક્યારેય થઇ શકતો નથી.

જ્યારે આપણે નમસ્કાર મહામંત્રની આરાધના કરતી વખતે અંત:કરણના ઊંડાણમાં ઊતરીએ છીએ અને એને સાક્ષાત્ કરીએ છીએ ત્યારે અલૌકિક આનંદનું કિરણ ફૂટી નીકળે છે. આખો ય માર્ગ પ્રકાશથી ભરાઇ જાય છે અને ત્યારે સુખ-દુ:ખની બધી ધારણાઓ બદલાઇ જાય છે. મનુષ્ય હંમેશાં એમ માનતો રહ્યો છે કે પદાર્થથી જ ઇન્દ્રિયોને અને મનને સુખ મળે છે. આ ભ્રાંતિ તૂટી જાય છે. આ મૂર્ચ્છા સમાપ્ત થઇ જાય છે. તેને ભાન થઇ જાય છે કે પદાર્થથી મળનારું એવું એકે સુખ નથી કે જેની સાથે દુ:ખ જોડાયેલું ન હોય. પરંતુ આત્માનુભવની સાથે આત્મામાંથી નીકળતાં સુખનાં કિરણોની સાથે કોઇ દુ:ખ જોડાયેલું નથી. આ કેવળ સુખ છે. એમાં કોઇ મિશ્રણ નથી.

આપ અનુભવ કરી જોજો. જ્યારે ઉત્તેજના થાય છે ત્યારે ગાળો દેવામાં કેવું સુખ લાગે છે ! એમ લાગે છે કે ગાળો દેવામાં સ્વર્ગનું સામ્રાજ્ય મળી ગયું. પરંતુ જ્યારે તે ઉત્તેજનાનો પારો ઉતરી જાય છે ત્યારે મન પશ્ચાત્તાપથી ભરાઇ જાય છે. મન ગ્લાનિથી ભરાઇ જાય છે. ઇન્દ્રિય-સંવેદનાઓથી થનારી ઘટનાઓ પ્રત્યે પ્રારંભમાં આપણને મોહ હોય છે. અને દરેક વ્યક્તિ એમ વિચારે છે કે આવું ન કર્યું હોત તો સારું થાત. કરતી વખતે સુખનો અનુભવ અને કર્યા પછી દુ:ખનો અનુભવ થાય છે. આ કેવું સુખ છે જેની સાથે અનુતાપ જોડાયેલી હોય છે. પુદગલથી મળનારું એક પણ સુખ એવું નથી કે જેની સાથે અનુતાપ જોડાયેલો ન હોય, સંતાપની પરંપરા સંલગ્ન ન હોય.

ધ્યાન કરનારી કોઇ પણ વ્યક્તિએ એમ નથી કહ્યું કે મેં ધ્યાન ન કર્યું હોત તો સારું થાત. એનું કારણ એ છે કે સુખની જે અનુભૂતિ ધ્યાનથી મળે છે, તે આનંદ આપનારી છે. ધ્યાન અધ્યાત્મની યાત્રા છે. એમાં બીજાની કસોટી, બીજાનો માપદંડ અને બીજાનું ત્રાજવું કામ નથી લાગતું. પોતાની કસોટી, પોતાનો માપદંડ, પોતાનું ત્રાજવું જ એમાં કામ લાગે છે. જ્યાં પોતાનો અનુભવ જાગી જાય છે, પોતાની ચેતના જાગી જાય છે ત્યાં વ્યક્તિ પોતે જ કસોટી હોય છે. પોતે જ ત્રાજવું હોય છે. આ સ્થિતિ પ્રાપ્ત થતાં જ જૂની ધારણાઓ બદલાઇ જાય છે. માપદંડ બદલાઇ જાય છે. ત્યારે વ્યક્તિ પોતે પોતાને ખાલી કરવા લાગી જાય છે. ખાલી થવાની આ અવસ્થા જ નિર્વિકલ્પ અવસ્થા છે. જ્યારે આપણે મંત્રની સાધના દ્વારા, શબ્દને સહારે વિકલ્પથી ચાલતા ચાલતા નિર્વિકલ્પ સ્થિતિ સુધી પહોંચીએ છીએ ત્યારે ચૈતન્યનો નવો ધબકારો થાય છે. એટલા માટે નમસ્કાર મંત્ર મહામંત્ર છે.

નમસ્કાર મંત્ર મહામંત્ર હોવાનું ચોથું કારણ છે-એનાથી વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, બુદ્ધિનું ઊર્ધ્વારોહણ થાય છે. આપણી

શરીરરચનામાં જે બુદ્ધિનું સ્થાન છે, વૃત્તિઓનું સ્થાન છે, તેનાં કેન્દ્રો છે, તે બધાનું મોં નીચેની બાજુએ છે. વૃત્તિઓ નીચેની તરફ. બુદ્ધિ નીચેની તરફ. તેથી માણસનું ચિંતન નીચેની તરફ જાય છે. નીચે આપણું કામનાકેન્દ્ર છે, આપણી બધી બુદ્ધિ કામ-કેન્દ્ર તરફ જાય છે. આપણી ચેતનાનો સમગ્ર પ્રવાહ નીચેની તરફ જાય છે. જ્યારે આપણે નમસ્કાર મહામંત્રની આરાધના કરીએ છીએ અને શક્તિ કેન્દ્રથી પ્રારંભ કરીને સુષુમ્ણાના માર્ગથી જ્ઞાનકેન્દ્ર સુધી શ્વાસને લઇ જઇએ છીએ, તો તેનો અર્થ છે કે આપણે નીચેથી ઉપર તરફ આરોહણ કરી રહ્યા છીએ. તળેટીથી શિખર તરફ ચઢી રહ્યા છીએ. એ સ્થિતિમાં વૃત્તિઓનું મોં બદલાઇ જાય છે. તેઓ ઊર્ધ્વમુખી બની જાય છે. બુદ્ધિ જે નીચેની તરફ મોં કરીને લટકી રહી હતી. તે ઉપરની બાજુ મોં ફેરવી લે છે. આપણી બધી વાસનાઓ બુદ્ધિ અને વૃત્તિઓના ઊંધા મુખનો સહારો લઇને પોષાતી હતી. જ્યારે બુદ્ધિનું મોં બદલાઇ ગયું. વૃત્તિઓનું મોં બદલાઇ ગયું ત્યારે બિચારી કામનાઓ, વાસનાઓ સુકાવા લાગે છે અને ચેતનાનું ઊર્ધ્વારોહણ થવાનો પ્રારંભ થઇ જાય છે.

નમસ્કાર મંત્ર મહામંત્ર હોવાનું કારણ છે-વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ, બુદ્ધિનું ઊર્ધ્વીકરણ મંત્રનો એકેએક શબ્દ આત્મભાવનાનું ઊર્ધ્વીકરણ કરે છે. મેં ચાર કારણો રજૂ કર્યાં. એની સમાલોચના કરતાં કહી શકાય કે આ નમસ્કાર મંત્ર યથાર્થમાં મહામંત્ર છે.

◆◆◆◆◆

## નવકાર શરણ ભવજલ તરણ...

**પૂ. આચાર્યદેવ શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

એવો કોઇ જૈન આ દુનિયામાં ભાગ્યે જ હશે કે જેણે શ્રી નવકારનું નામ નહિ સાંભળ્યું હોય. અને એવા જૈન પણ બહુ જ ઓછા હશે કે જેમને શ્રી નવકાર મોંઢે નહિં હોય. કંઠસ્થ શ્રી નવકારને આપણે હૃદયસ્થ કરવાનો છે. વાણી વડે આપણે શ્રી નવકારનો જે જાપ કરીએ છીએ તે જાપને વાણીના પ્રદેશથી આગળ વધારીને મનમાં લઇ જવાનો છે.

આજના કાળમાં માણસોના મનની શાન્તિ ઓછી થઇ છે, 'અમને ઊંઘ નથી આવતી' એવી ફરિયાદો ઠેર ઠેર સાંભળવા મળે છે. માંદગી આવતાની સાથે માણસ બેબાકળો બની જાય છે, 'હાય બાપ, હવે શું થશે ?' થોડી પણ મુશ્કેલી આવતાં જેની તેની પાસે રોવા બેસી જાય છે. આ બધી નબળાઇઓ દૂર કરવાનો શ્રેષ્ઠ ઉપાય શ્રી નવકાર છે, શ્રી નવકારનો જાપ છે, શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ છે, તેમના ગુણોનું મનન છે, ઉપકારોનું ચિંતન છે.

શ્રી નવકારના ઉપયોગપૂર્વકના જાપમાંથી જન્મતાં આંદોલનો વિસ્તરીને ચિત્તશુદ્ધિનું જે કાર્ય કરે છે તે સૂર્યનાં કિરણો પણ કરી શકતાં નથી.

શ્રી નવકારનો આરાધક એટલે શ્રી અરિહંતનો શરણાગત. એક રાજાના શરણે જનારને પણ અનેક સુખ-સગવડો સાથે સલામતી સાંપડે છે, તો રાજાઓના પણ રાજા અને ઇન્દ્રોને પણ સદા પૂજ્ય એવા શ્રી અરિહંત પરમાત્માના શરણાગતના ક્યા કોડ અધૂર રહે ? અર્થાત્ સર્વ કોડ જરૂર પૂરા થાય જ.

આવા પરમ ઉપકારી શ્રી અરિહંત જેમના હૃદયમાં વસે છે, તે વિશ્વમિત્ર બને છે. સઘળા જીવોના હિતનો સાધક બને છે. પરમાર્થ સિવાય બીજો કોઇ 'સ્વાર્થ' તેના હૃદયમાં ટકી શકતો નથી.

શ્રી નવકારનો જાપ કરનારા સહુ પુણ્યશાળી આત્માઓએ આત્મનિરીક્ષણ કરીને એ નક્કી કરવું જોઇએ કે શ્રી અરિહંતની આજ્ઞામાં અમારાં મન અને હૃદય રંગાયાં છે કે નહિ ? જો રંગાયા હોય તો રાજી થવું અને એમાં જેટલા પ્રકારની ખામી હોય છે તે ખામીને ટાળવા પ્રમાદને છોડીને પ્રતિદિન હૃદયના સાચા ભાવ અને ચિત્તની જાગૃતિપૂર્વક પ્રયત્નશીલ બની શ્રી નવકારને શરણે જવું જોઇએ.

**'મારે તો તું સમરથ સાહિબ'** કહીને એના જ બની જવું જોઇએ. પછી આપણને કોઇ વાતે ઓછું નહિ આવે, આપણી પૂર્ણતાના પ્રચંડ પડઘા આપણા પ્રાણોમાં પડશે.

નમસ્કારનું શરણું એટલે જ પરિપૂર્ણતાનું શરણું, ભવજલ તરણું, એ ટંકશાળી સૂત્રને જીવનસૂત્ર બનાવીને આપણે સહુ નવકારના જાપમાં લીન બની વહેલા વહેલા પરિપૂર્ણતાના ચરમ શિખરે જઇ પહોંચીએ.

# સર્વ સિદ્ધિપ્રદાયક શ્રી નવકાર મહામંત્ર

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ।।**

જે જિનશાસનનો સાર છે, ચૌદ પૂર્વનો સંક્ષેપ છે એ નવકાર મહામંત્ર જેના હૃદયમાં વસે છે, તેને સંસાર કંઇ કરી શકતો નથી...અર્થાત્ સંસાર તેનું કશું જ બગાડી શકતો નથી. નવકારનિષ્ઠ તે આત્મા સહેલાઇથી સંસારનો પાર પામી જાય છે.

સમગ્ર સંસારની શક્તિ જેની આગળ તદ્દન વામણી છે. તે નવકાર મહામંત્રના સ્મરણ, ચિંતન અને ધ્યાનથી સર્વ પ્રકારના પાપોનો ક્ષય અને સર્વ પ્રકારના પુણ્યનો સંચય થાય તેમાં આશ્ચર્ય શું ?

પંચમંગલમય નવકારમંત્રની આરાધનાના પ્રભાવે આત્મા શુદ્ધ, બુદ્ધ અને સિદ્ધ બને છે. વિધિપૂર્વક એક લાખ વાર એની આરાધના વિશુદ્ધ ભાવ સાથે કરનાર આત્મા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.

નવકારમંત્રના એક અક્ષરની પણ ભાવપૂર્વક આરાધનાથી સાત સાગરોપમના સંચિત પાપકર્મોનો નાશ થાય છે અને પૂરા ૬૮ અક્ષરમય નવકારની આરાધનાથી પાંચસો સાગરોપમના સંચિત ઘોર પાપ-કર્મોનો ક્ષય થાય છે. આ છે નવકારમંત્રનો મહામહિમા અને અચિંત્ય પ્રભાવ...

આ અસાર સંસારમાં પરમ સારભૂત તત્ત્વ કોઇ હોય તો તે નવકાર મહામંત્ર છે. કારણકે સમગ્ર સંસારમાં સારભૂત પરમદેવ, પરમગુરુ અને પરમધર્મરૂપ જે તત્ત્વત્રયી તથા સમ્યકજ્ઞાન, સમ્યગદર્શન અને સમ્યકચારિત્રરૂપ જે રત્નત્રયી છે તે નવકારના નવપદોમાં અધિષ્ઠિત છે. માટે જ નવકારનો આરાધક-તત્ત્વત્રયી અને રત્નત્રયીરૂપ શુદ્ધ વ્યવહારધર્મ અને શુદ્ધ નિશ્ચયધર્મની આરાધના કરીને અસાર સંસારનો શીઘ્રમેવ પાર પામી જાય છે. સર્વ સાધના અને સર્વ સદ્ગુણોનું બીજ નમસ્કાર છે, માટે આ નવકાર ત્રણે લોકમાં અનુપમ છે, અદ્વિતીય છે, સર્વોત્તમ છે.

સર્વના સર્વ પ્રકારના પાપ-સમૂહનો સંપૂર્ણ રીતે નાશ કરવાનું અપ્રતિમ સામર્થ્ય નમસ્કારમાં રહેલું છે **'सव्वपावप्पणासणो'** આ પદ નવકારમાં રહેલી સર્વ પાપ-પ્રણાશક શક્તિને જ સૂચિત કરે છે. માટે જ જ્ઞાની પુરુષો નવકારને **'सर्व पापारि मंत्र'** તરીકે સંબોધે છે. સંસારનું મૂળ પાપ છે. જીવની સંસાર યાત્રાને દીર્ઘકાળ સુધી ચલાવનાર ઘોર પાપ કર્મોનો પણ નાશ નવકારથી થાય છે. પાપરૂપી મૂળનો નાશ થયા પછી સંસારરૂપી વૃક્ષ ટકી શકતું નથી, માટે **નવકાર એ-'સંસારોચ્છેદક' મંત્ર છે.**

નવકારમંત્રના સ્મરણ, ચિંતન અને અર્પણ ભાવનાથી સાધકના બાહ્ય સર્પાદિ વિષ સાથે વિષય-કષાયરૂપ વિષમ-વિષ પણ શીઘ્ર ઉતરી જાય છે, અને તેના આત્મપ્રદેશોમાં ક્ષમા, સમતારૂપી અમૃતનો સંચાર થાય છે. માટે **નવકાર એ 'વિષમ વિષહર મંત્ર' છે.**

જ્ઞાનાવરણીય, મોહનીય આદિ મુખ્ય આઠ કર્મો છે. જે આત્માના સચ્ચિદાનંદમય શુદ્ધ સ્વરૂપને ઢાંકવાનું, આચ્છાદિત કરવાનું કામ કરે છે. પૂર્ણ જ્ઞાનમય અને પૂર્ણ સુખમય સ્વરૂપ આત્માનું છતાં ઘોર અજ્ઞાનતા અને અસીમ દુ:ખોનો જે અનુભવ જીવને થાય છે તેમાં કારણરૂપ જ્ઞાનાવરણીય આદિ કર્મો છે. આ કર્મોનું સંપૂર્ણ રીતે ઉન્મૂલ કરવાની અજોડ શક્તિ નવકારમાં રહેલી છે. માટે **નવકાર એ 'કર્મ-નિર્મૂળમંત્ર' છે. 'કર્મ નાશકમંત્ર' છે.**

નવકાર એ સર્વ પ્રકારના ઉત્તમ મંત્ર, તંત્ર અને વિદ્યાઓનો ભંડાર છે. તેનું શુદ્ધિપૂર્વક આરાધન કરવાથી સાધકના આલોક અને પરલોક સંબંધી સર્વ મનોરથો, વાંછિતો સિદ્ધ થાય છે. સર્વ પ્રકારની રિદ્ધિ, સિદ્ધિ થાય છે. સર્વ પ્રકારની મહાસિદ્ધિઓ

નવકારના પ્રભાવથી સિદ્ધ થાય છે. માટે **નવકાર એ 'સર્વ સિદ્ધિપ્રદાયક' મંત્ર છે.**

મોક્ષના લક્ષ્ય સાથે જે સાધક નવકાર મંત્રની નિર્મળભાવે વિધિપૂર્વક આરાધના કરે છે. તેને આ નવકાર કેવળજ્ઞાન અને શિવસુખની ભેટ અવશ્ય કરે છે. માટે **નવકાર એ 'શિવ-સુખજનક' અને 'કેવલજ્ઞાન પ્રદાયક' મંત્ર છે.**

જીવ અનાદિ અનંતકાળથી ભવ-ભ્રમણ કરે છે. જન્મ, મરણ, આધિ, વ્યાધિ અને ઉપાધિના ઘોર દુઃખો અનુભવે છે. તેમાં મુખ્ય કારણ રાગ, દ્વેષ અને મોહ છે. આ ત્રિદોષની ઉત્કટતાને લઇને જ જીવનો નિર્મળ સ્વભાવ વિકૃત બન્યો છે, બની રહ્યો છે. જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલીને દેહ વગેરે પર-પદાર્થોમાં અહંકાર અને મમકારનો ભાવ કરે છે અને દેહ સ્વરૂપે જ પોતાને જાણે અને અનુભવે છે. ભવ-પરંપરાના મૂળ જેવા રાગાદિ ત્રિદોષનો સમૂળ નાશ નવકારમંત્રની આરાધનાથી અચૂક થાય છે.

નવકાર મંત્રના પ્રથમપદમાં પ્રતિષ્ઠિત શ્રી અરિહંત-પરમાત્માનું એક સાર્થક બિરૂદ છે :– 'जिणाणं जीवयाणं' જેમને પોતાના રાગાદિ શત્રુઓનો, દોષોનો સંપૂર્ણ નાશ કર્યો છે એ જ બીજાને એટલે કે શરણે આવેલા સાધકને પણ તેના રાગાદિ દોષો નિભાડી આપે છે.

જે સાધક નમસ્કાર ભાવ દ્વારા નવકારનું શરણ અંગીકાર કરે છે, પંચ પરમેષ્ઠિને સમર્પિત બને છે તે અંતરશત્રુઓ રાગાદિ ઉપર અવશ્ય વિજય પ્રાપ્ત કરે છે. રાગાદિં શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરાવનાર અને શ્રી જિનેશ્વર પરમાત્મા દ્વારા પ્રાપ્ત થયેલા નવકારને **'જૈન મંત્ર'** રૂપે ઓળખાવી જ્ઞાની મહાત્માઓ આપણા હૃદયમાં નવકારમંત્ર પ્રત્યે અજોડ-શ્રદ્ધા અને નિષ્ઠા જાગૃત કરવા પ્રેરણા આપે છે.

આત્માને પુનઃપુનઃ જન્મ ધારણ કરવા પડે તેવી તેની ભવસ્થિતિનો સદા માટે સમૂળ ક્ષય કરનાર **નવકારમંત્ર એ ખરેખર 'જન્મ-નિર્વાણ' મંત્ર છે, 'જન્મ નાશક' મંત્ર છે.** આત્માને પરમાત્મા બનાવનાર જેવો અન્ય કોઇ મંત્ર નથી. માટે જ **નવકાર 'મંત્રાધિરાજ' છે, સર્વ મંત્રોનો શિરતાજ છે, મંત્રસમ્રાટ છે.**

પંચ-પરમેષ્ઠિ સ્વરૂપ આ મહામંત્રને જે સાધક-આત્મા ભાવિત બનાવે છે, આત્મસાત્ કરે છે તે પણ પંચ પરમેષ્ઠિ પદને અવશ્ય પ્રાપ્ત કરે છે. કેવળજ્ઞાની-સર્વજ્ઞ ભગવંતો નવકારમંત્રના અથાગ માહાત્મ્યને જાણે છે ખરા, પણ વાણી દ્વારા તેને પૂર્ણપણે કહી કે બતાવી શકતા નથી.

મહાનિશિથસૂત્ર, આવશ્યકનિર્યુક્તિ વગેરે અનેક જિનાગમોમાં નવકારમંત્રના વિશદ્-સ્વરૂપનું વિવરણ થયેલું છે. જ્ઞાની ગીતાર્થ મહાપુરુષો તેનું અધ્યયન અને અવગાહન કરીને અપૂર્વ નિજાનંદ-પરમાનંદ અનુભવતા હોય છે.

◆◆◆◆

## મહામંત્રનું સદા સદૈવ શરણ હોજો !

- **જેનું સ્મરણ અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ છે, જે આ લોક અને પરલોકના સુખ આપવામાં કામધેનું સમાન છે અને જે દુષમ કાળમાં કલ્પવૃક્ષ સમાન છે તે મંત્રાધિરાજ નવકાર મહામંત્રનું સદા સદૈવ શરણ હોજો !**
- **સાત, પાંચ, સાત અને નવ અક્ષરના પ્રમાણવાળા પાંચ પદો જેમાં પ્રગટ છે તથા તેત્રીસ અક્ષરની જેમાં ચૂલિકા છે, તેવા મંત્રાધિરાજ શ્રી નવકાર મહામંત્રનું સદા સદૈવ શરણ હોજો !**
- **જેનાં પ્રથમ પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર દેવોએ પંચતીર્થી તરીકે કહ્યાં છે, જેનાં જિન સિદ્ધાંતના રહસ્યભૂત એવા અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે, જેની આઠ સંપદાઓને અત્યંત અનુપમ એવી આઠ સિદ્ધિઓ તરીકે વર્ણવેલી છે, એવા મંત્રાધિરાજ નવકાર મહામંત્રનું સદા સદૈવ શરણ હોજો !**

**શ્રી કાંતિલાલ મણિલાલ શાહ**
**૩૪૧/૭, લીલા નિવાસ, ચંદાવરકર લેન, માટુંગા, મુંબઇ–૪૦૦ ૦૧૯.**

# નવકાર-અક્ષરધ્યાનનો એક અનુભવસિદ્ધ પ્રયોગ

## પૂ.આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ

કાનપુરથી ગુજરાત તરફના વિહારમાં એક યુવાન મુનિ મળ્યા. એ પૂછે છે કે 'પ્રાણાયામ સાથે નવકારની રટણા થઇ શકે ?' એના ઉત્તરમાં કહ્યું તો ખરું કે 'આપણે ત્યાં દ્રવ્ય પ્રાણાયામ કરતાં ભાવ પ્રાણાયામનું મહત્ત્વ છે. એટલા જ માટે કે દ્રવ્ય પ્રાણાયામમાં શ્વાસ ઉચ્છવાસ લાંબા લેવા મૂકવાનું અને રોકી રાખવાનું આવે છે, અર્થાત્ પૂરક-રેચક-કુંભકનો હિસાબ રહે છે, અને એમાં ધ્યાન રાખવા જતાં મુખ્ય ધ્યેય-વિષય પર મન કેન્દ્રિત બનતું નથી. એટલે પ્રાણાયામ પકડતાં વિષય છૂટી જાય છે. તેથી જ કાયોત્સર્ગમાં ૮ શ્વાસોચ્છવાસ ૨૫ શ્વાસોચ્છવાસ વગેરેનું પ્રમાણ કહ્યું ત્યાં શ્વાસોચ્છવાસ તરીકે પ્રાણનું લેવા-મૂકવાનું ન કહેતાં **'પાયસમા ઉસાસા'** એ વચનથી ગાથાના એક પાદને ઉચ્છવાસ તરીકે લેવાનું કહ્યું. અર્થાત્ ૮ શ્વાસોચ્છવાસ એટલે ૮ પાદ ચિંતવવાના...ત્યાં જો ગાથાના પાદને બદલે પ્રાણવાયુના લેવા-મૂકવાની ગણતરીમાં મન પડે, તો ગાથા-પાદ પર મન લાગે નહિ. અલબત્ ભાવ પ્રાણાયામ એટલે કે બાહ્ય ભાવનું રેચક (કાઢી નાખવું), આંતરભાવનું પૂરક (પૂરવું), અને એ જ આંતરભાવનું કુંભક (દિલમાં રોકી રાખવું), એ હંમેશા જરૂરી છે. કેમકે જીવને, 'હું એટલે કાયા' માની એનાં માનપાન, સુખસગવડ, સગાસ્નેહી વગેરે 'બાહ્ય' ને જ બહુ માનવાની અને એમાં વાણી-વિચાર-વર્તાવથી લીન બનવાની યુગો-જુની આદત છે. એ લીનતામાં પોતાનો આત્મા અને એનાં હિતાહિતરૂપી 'આંતર' (આંતરિક) ને ભૂલી જવાય છે. તેથી એવી બાહ્ય લીનતાને અટકાવી આંતરિકમાં લીનતા ઊભી કરવાની અને ટકાવવાની જરૂર છે. આ ભાવપ્રાણાયામ સાધવો હોય તો દ્રવ્ય પ્રાણાયાય પર જોર ન દેવાય, નહિતર દ્રવ્ય પ્રાણ એ બાહ્ય ચીજ હોવાથી બાહ્ય ભાવમાં ભૂલા પડી જવાનું થાય. ત્યારે નવકાર-સ્મરણ એ આંતરિક વસ્તુ છે, આત્મહિતની વસ્તુ છે, એમાં શુદ્ધ હૃદયે લીન બનવામાં આંતરભાવ સધાય છે.

આમ કહ્યું ખરું, પરંતુ એ મુનિશ્રી કહે 'જુઓ ત્યારે હું વર્ષોથી રાતના પ્રાણાયામ સાથે નવકાર મંત્રના અક્ષરોની રટણા સાધું છું, એથી મારી ઉંઘ સહેજે ઓછી ૩-૪ કલાકની થઇ ગઇ છે. તેમ વાસનાઓ ઘણી ઘણી શાંત પડી ગઇ છે. દા.ત. મને મેવા-મિઠાઇ, ફરસાણ, દૂધ-દહીં-ઘી, સાકર વગેરેનાં આકર્ષણ ઉતરી ગયાં છે. એની કોઇ જ સ્પૃહા નથી થતી. દેહને ટેકારૂપે રોટલી અને દાળથી રોજ એકાસણાં કરૂં છું. દિવસમાં અનેકવાર ખાવાનું મન જ નહિ. એમ બાહ્ય માનપાનની કોઇ તમન્ના રહેતી નથી, તેથી ટપાલપટ્ટીય હું કરતો નથી, ભક્તો બનાવતો નથી, ગૃહસ્થોનો સંપર્ક મને ગમતો નથી. દિવસના સમયમાં આવશ્યક ક્રિયા અને શાસ્ત્ર સ્વાધ્યાય, તથા રાતના નવકાર રટણ એ મારું જીવન છે. આત્મા પરમાત્મા સિવાય બીજામાં મન જતું નથી. કપડાંનો ઠાઠ, ચીજવસ્તુનો મોહ વગેરેમાં હું પડતો નથી.

ત્યારે બ્રહ્મચર્યની બાબતમાં, મને સ્રીજાત પ્રત્યે કશું જ આકર્ષણ નથી. સવારના ૧૦ વાગ્યા સુધી કોઇ જ સ્ત્રીદર્શન નહિ. પછીય કદાચ મંદિરમાં અને માત્ર ગોચરીની વિનંતિ કરવા આવે એટલું જ દર્શન, એમાં ય સહેજ પણ વિકારનો ભાવ ન આવે એ માટે કુમારી કે યુવતીને હા-ના કહેવાની જરૂર હોય તો અવસરે 'બેટી' શબ્દથી સંબોધીને કહું છું. મને એક જણે ઠપકો આપ્યો કે 'તમે સાધુ થઇને 'બેટી' 'બેટી' શું કરો છો ?' મેં કહ્યું, 'ભાઇ એ મારા વ્રતની સલામતી માટે કહું છું. દીકરી સમજવાથી વિકાર જાગતો નથી.' આવી બધી તકેદારી અને પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરના ધ્યાનથી મારૂં મન પ્રશાંત થઇ ગયું છે. અને એથી નવકારમંત્ર પર મારી શ્રદ્ધા ખૂબ વધતી જાય છે. જો

**શ્રી ચીમનલાલ વૃજલાલ શાહ**
**૮૭, તારદેવ રોડ, ૫૭, મિલન, ૬ ઠ્ઠા માળે, મુંબઇ-૪૦૦ ૦૩૪. હસ્તેઃ શ્રી રાજુભાઇ**

નવકારની આવી આરાધનાથી વાસના વિકારો, રાગ-દ્વેષ, બાહ્યભાવ, અસંયમ અને આહારાદિ સંજ્ઞાઓ પાતળી પડી જતી હોય, અને અરિહંતદેવ અને એમના અતુલ-અનુપમ શાસન પર હૈયું ઓવારી જતું હોય, તો આ જીવનમાં બીજું જોઇએ પણ શું ? ૫-૭ વરસની આ આરાધનાથી આ ફળ જોતાં મને તો એમ થાય છે કે માત્ર રાતે નહિ કિન્તુ ચોવીસે કલાક અમૂક વરસ માત્ર સાધુચર્યા સાથે બધો જ સમય પ્રાણાયામની ધારે નવકારની આ આરાધનામાં લીન થઇ જાઉં.

મુનિશ્રીની આ સ્વાનુભવની હકીકત સાંભળી મેં પૂછ્યું 'તમારું ધ્યાન નવકારને બદલે પ્રાણાયામ પર વિશેષ નથી જતું ?'

એ કહે, 'ના વિશેષ તો નવકારના અક્ષર પર જ ધ્યાન રહે છે, ને તેથી જ મને આ બધા લાભ થયા હોવાનું માનું છું.'

ત્યારે સાંભળીને મને લાગ્યું કે 'તો પછી આમાં દ્રવ્ય પ્રાણાયામ કરતાં ભાવ પ્રાણાયામની સાધના જ મુખ્ય બની છે.' પછી એમને, પૂછવામાં આવતાં, પ્રાણાયમ સાથે નવકાર સ્મરણની જે પ્રક્રિયા બતાવી તેનો સાર આ પ્રમાણે છે :-

પહેલાં શ્વાસોચ્છવાસની ગતિ વ્યવસ્થિત કરવા માટે જ્યાં કાન પર બીજા અવાજ ન આવે એવા સ્થાને આંખ ધ્યાનસ્થ રાખીને ટટાર બેસી, હાથ જોડીને એકદમ ઝપાટાબંધ શ્વાસ બહાર કાઢવો અને તરત પાછો શ્વાસ અંદર ખેંચવો એવું ૫-૭ વાર કરવું. પછી વ્યવસ્થિત રીતે શ્વાસ અને ઉચ્છવાસ ધીમે ધીમે ચાલશે.

એ પછી ધ્યાનસ્થ આંખથી અંદરમાં નાભિ યા હૃદય પર નજર કરવી, અને નાભિ કે હૃદયને ઘેરા લીલા રંગના કમળ જેવું દેખવું. એમાં વચ્ચે કર્ણિકા, અને એની આસપાસ ૪ દિશા અને ૪ વિદિશા (ખૂણા)માં એમ ૮ પાંખડી જોવી. હવે આ નવ સ્થાનમાં નવકારના નવ પદનો એકેક અક્ષર અનુક્રમથી ઉપસાવવાનો છે. પેલા ઘેરા લીલા કમળમાં આ અક્ષર સળગતી ટ્યુબલાઇટ આ ચમકદાર મોતીની જેમ ચમકતા સફેદ ઉપસાવવાના તે આ રીતે–

પહેલાં શ્વાસ એકી સાથે જોસથી બહાર કાઢી નાખી પછી શ્વાસ અંદર લેતાં, પહેલાં કર્ણિકામાં **'નમો અરિહંતાણં'** પદના અક્ષર પછી અક્ષર શ્વાસની ધારા સાથે ઉપસાવવાના. અર્થાત્ શ્વાસ ધીરે ધીરે લેવાનું ચાલુ રાખી **'ન....મો....અ....રિ....હં....તા....ણં'** ધારવું. આ એટલા સમય સુધી કે શ્વાસ લેવાનું ચાલુ છે. તે છેલ્લો **'ણં'** અક્ષર ધરાય ત્યાં શ્વાસ લેવાનો પૂરો થાય. કદાચ **'ણં'** બોલ્યા પછી શ્વાસ હજી સહેલાઇથી વધુ લઇ શકાય તો **'ણં'** નો ટંકાર એટલો લંબાવવો. અક્ષરની ધારણા એ રીતે, કે વચલી કર્ણિકામાં ક્રમસર એકેક સફેદ અક્ષર જાણે અંદર છૂપાયેલો અદ્રશ્ય હતો, તે હવે ઉપસતો આવે ને દ્રશ્ય બને. એ વખતે કમળની આઠે પાંખડીઓ કોરી ઘેરી લીલી પડી હોય.

એ પછી તરત જ શ્વાસ ધીરે ધીરે બહાર કાઢતાં ઉપરની પાંખડીમાં **'ન....મો....સિ....દ્ધા....ણં'** એમ અક્ષર ક્રમશઃ ઉપસતા આવે. આ અક્ષરો ઉપસાઇ જાય અને શ્વાસ બહાર કાઢવાનું પુરું થાય. કદાચ અક્ષર વહેલા પૂરા થઇ જાય તો છેલ્લા **'ણં'** પર ઠહેરી શ્વાસ કાઢવાનું પુરું કરાય, પણ તે ચાલુ ગતિએ જ શ્વાસને બહાર નીકળવા દેવાનો.

એ પછી તરત જ જમણી બાજુની વચલી પાંખડી પર નજર લઇ જઇ શ્વાસ અંદર લેવાનું શરૂ કરાય, અને સાથે ક્રમશઃ **ન....મો.... આ....ય....રિ....યા....ણં'** અક્ષર એક પછી એક ઉપસતા આવે. પછી શ્વાસ મૂકતા જતાં ચોથા પદનો ક્રમસર એકેક અક્ષર જોવાનો. એવું સિદ્ધચક્રના ગટાના ક્રમે કમળની બાકીની પાંખડીઓમાં અક્ષર ધારણા કરવી.

આ રીતે એક પદ શ્વાસ લેતાં, ને એક પદ શ્વાસ મૂકતાં ધરાય. એમાં ય દરેક પદનો એકેક અક્ષર ક્રમસર ઉપસતો જોવાનો, ને દરેક શ્વાસ કે ઉચ્છવાસનું કાર્ય તે તે પદના છેલ્લા અક્ષરે પૂર્ણ થાય. એમ એક નવકાર પૂર્ણ થયે તરત જ બીજો નવકાર, એ પૂર્ણ થયે તરત જ ત્રીજો નવકાર...એમાં રોજ અભ્યાસ વધતાં શ્વાસ ઉચ્છવાસની ગતિ ધીમી ધીમી થતી આવે. મુનિશ્રી કહે-'એમ અભ્યાસ વધતાં આજે મને ૧૨ નવકાર પૂર્ણ કરતાં બાવન મિનિટ

લાગે છે.'

આમાં નવકારની સંખ્યા વધવાનો લોભ નથી કરવાનો કે 'મારે આટલા બધા નવકાર કરવા છે, કિન્તુ, એના એકેક અક્ષર પર સ્થિરતા વધારવાની છે, તે પણ નિયમિત શ્વાસ કે ઉચ્છવાસ સાથે.

**પ્રશ્ન :** શ્વાસોચ્છવાસની નિયમિત ગતિ રાખવામાં મન એમાં જવાથી નવકારમાં શી રીતે લાગે ?

**ઉત્તર :** એવું નથી. માત્ર પ્રક્રિયા બતાવવા માટે શ્વાસ-ઉચ્છવાસની નિયમિત ગતિ બતાવી એટલું જ, બાકી એ રીતે વ્યવસ્થિત અભ્યાસ થતાં ધ્યાન તો નવકારના અક્ષર પર જ રહે છે. એટલું જ નહિ, પણ જેમ જેમ નવકારના અક્ષર જોવાતા જાય છે. તેમ તેમ ભાવોલ્લાસ અને આ અક્ષરદર્શન-ચિંતન મળ્યાનો હર્ષોલ્લાસ વધતો જાય છે. કહો કે એ વધારવાનો તે એમ સમજીને કે 'આ પાપ ભરેલા જગતની વચ્ચે રહેતાં અહો ! મને આત્માને પાવનકારી મહાપવિત્ર નવકારમંત્રના અક્ષર ચિંતવવા મળે છે !'

અબ્રહ્મની વાસના વધારનારા આજના વાતાવરણમાં પોતાની વાસના ઘટાડી મનને શાંત પવિત્ર કરવા અને સ્વાભાવિક બ્રહ્મચર્યમાં રહેવા માટે આ પ્રાણાયામ સાથે નવકાર-અક્ષરનું ધ્યાન એક અદ્‌ભુત ઉપાય છે. સાથે ખાનપાન-મોજશોખ-પૈસાદિનો લોભ અને વાતવીસામાદિ બાહ્યભાવ વગેરેનાં આકર્ષણ પણ ઓછા થતાં આવે છે. એટલે આ બધી વાસનાઓથી પીડાતાને એનું જોર ઓછું કરવા માટે આ રીતનું નવકાર ધ્યાન મહા આશીર્વાદરૂપ છે.

આ તકે એટલું ખાસ ધ્યાનમાં રહે કે (૧) એક તો શાસ્ત્ર કહે છે તેમ સાધુ અને શ્રાવકપણાના આચાર બજાવ્યા પછી જ ધ્યાનને સ્થાન છે, તેમજ (૨) બીજું એ કે શાસ્ત્રસ્વાધ્યાય એ જીવનમાં અતિ જરૂરી ચીજ છે. કેમકે એમાં સંકલ્પ-વિકલ્પો ટળે છે, તત્ત્વ અને માર્ગનો બોધ મળે છે, જિનવચનની અને એ દ્વારા જિનેન્દ્રદેવની મહાન આરાધના થાય છે...માટે આચારોનું પાલન અને શાસ્ત્ર સ્વાધ્યાય ન ભૂલાય.

◆◆◆◆

## નવકારનો સાધક કેવો હોવો જોઇએ

**'શાંત-દાંત-ગુણવંત, સંતના સેવાકારી,**
**વારિત-વિષય-કષાય, જ્ઞાન-દર્શન-સુવિચારી,**
**સ્યાદ્વાદ્‌રસ-સંગ, હંસ પરિ શમરસ ઝીલઇં,**
**શુભ પરિણિમ નિમિત્ત, અશુભ સવિ કર્મ નઇં ખીલઇં,**
**તાદશ નર પરમેષ્ઠિ પદ-સાધનનાં કારણ લહઇં,**
**શાહ રામજી સુતરત્ન, નમિદાસ ઇણિ પરે કહઇં.'**

નવકાર મંત્રનો સાધક કેવો હોવો જોઇએ તેનું વર્ણન કવિ નમિદાસ શ્રાવકે ઉપરોક્ત પંક્તિઓમાં સુંદર રીતે કર્યું છે. તેમણે રચેલ **'પંચ પરમેષ્ઠિ મંત્રરાજ દયાનમાલા'**માં દર્શાવ્યું છે કે સાધક સ્વભાવે શાંત અને સ્વસ્થ મનવાળો હોવો જોઇએ. ઇન્દ્રિયોના વિષયોને કાબુમાં રાખનાર, ઇન્દ્રિય વિજેતા હોવો જોઇએ. દયા દાન, પરોપકાર ઇત્યાદિ ગુણોથી યુક્ત હોવો જોઇએ. સંત પુરુષો પ્રત્યે આદરભાવ ધરાવનારો અને તેમની સેવા-વૈયાવચ્ચ કરનારો હોવો જોઇએ. વિષય-કષાયને વારનારો અર્થાત્ સંસારના સુખ ભોગને તુચ્છ ગણનારો અને ક્રોધ-માન-માયા-લોભ રૂપી ચાર કષાયને ત્યાગનારો હોવો જોઇએ. સાચો સાધક જ્ઞાન-દર્શનનો આરાધક હોવો જોઇએ. દરેક કાર્ય સારી રીતે વિચારીને કરનારો હોવો જોઇએ. શ્રુતનો ઉપાસક અને જિનાજ્ઞાને માનનારો હોવો જોઇએ. સ્યાદ્વાદ રૂપી રસનો રસીયો હોવો જોઇએ. શમરસ અર્થાત્ શાંતિનો, સમતાનો રસ હંસની માફક ઝીલનારો હોવો જોઇએ. શુભ પરિણામનું નિમિત્ત મેળવી અશુભ કર્મોને છોલી નાખનારો હોવો જોઇએ. નવકારના સાધકના લક્ષણો કવિ નમિદાસે તેમની આ રચનામાં સરસ રીતે દર્શાવ્યા છે. સાધકના આ ગુણો સાધકને સાધનાના ઉચ્ચ શિખરે અવશ્ય પહોંચાડી શકે છે તે નિર્વિવાદ વાત છે.

પોતાની સાધનાની વિશેષ સાર્થકતા માટે સાધકે પોતાની નિદ્રાનું પ્રમાણ ઘટાડવું જોઇએ. ભોજન સાત્વિક અને પરિમિત લેવું જોઇએ. ધર્મ રૂપી અમૃતનું પાન કરવામાં સદાય તત્પર રહેવું જોઇએ. ગ્રહણ કરેલા વ્રત-નિયમોમાં દઢતા કેળવવી જોઇએ અને નવકારના સ્મરણ, ચિંતન, મનન અને નીજાભ્યાસમાં ચિત્ત એકાગ્રતાની સર્વોચ્ચ ભૂમિકાએ પહોંચવું જોઇએ. સાધકની સફળતાના આજ સૂત્રો તેનું શ્રેય સાધવામાં સહાયક બની શકે છે.

# નમસ્કારમંત્રગ્રહણ વિધિ

પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

જેમ સામાયિક કરવાનો વિધિ છે, ચૈત્યવંદન કરવાનો વિધિ છે, પ્રતિક્રમણ કરવાનો વિધિ છે, **તેમ નવકાર મંત્રની સાધના કરવાનો વિધિ છે.** એ વિધિ સાધકે બરાબર જાણી લેવી જોઇએ, એટલું જ નહિ પણ તેના પાલન માટે ખૂબ કાળજી રાખવી જોઇએ. જો વિધિનું યથાર્થ પાલન થાય તો જ સિદ્ધિ સમીપ આવે છે, અન્યથા દૂર રહે છે.

કોઇ મનુષ્યને રસોઇ બનાવવી હોય અથવા કપડાં સીવવાં હોય, અથવા સાયકલ કે મોટર ફેરવવી હોય તો શું એ વિધિનું પાલન કર્યા સિવાય બની શકે ખરું ? જ્યારે આવી સામાન્ય ક્રિયાઓ પણ વિધિનું પાલન કર્યા વિના સિદ્ધ થતી નથી, ત્યારે મંત્રસાધના જેવી એક મોટી ક્રિયા વિધિનું પાલન કર્યા સિવાય શી રીતે સિદ્ધ થઇ શકે ? અનુભવીઓ તો એમ જ કહે કે અવિધિએ થયેલું કાર્ય નષ્ટ જ સમજવું, એટલે કે તેની સિદ્ધિ કદી પણ થતી નથી.

વિધિનું પાલન બરાબર થવું જોઇએ. તેમાં કંઇ પણ કસર રાખીએ કે શિથિલતા દાખવીએ તો ઇષ્ટસિદ્ધિ થાય નહિ. વિધિતત્પરતા એ મંત્રસાધકનું મોટું લક્ષણ મનાયું છે, એટલે તેણે મંત્રસાધનાનો વિધિ જાણવા માટે તેમજ તેનું પાલન કરવા માટે તત્પર રહેવું જોઇએ. 'અમે પરિશ્રમ-પુરૂષાર્થ તો ઘણો કર્યો, પણ કંઇ ફલ દેખાયું નહિ.' આવી ફરિયાદ કરનારે સહુથી પહેલાં એ તપાસ કરવાની જરૂર છે કે તેમણે જે પરિશ્રમ કે પુરૂષાર્થ કર્યો તેમાં વિધિનું પાલન બરાબર થયું હતું કે કેમ ? વિધિનું પાલન બરાબર થયું હોય તો સાધના સફળ થવી જ જોઇએ અને તેનું વિશિષ્ટ ફલ દેખાવું જ જોઇએ.

અહીં એટલી સ્પષ્ટતા કરવી ઉચિત છે કે કાલદોષને લીધે ઘણાં મંત્રો અને ઘણી વિદ્યાઓની વિધિનો લોપ થઇ ગયો છે. અને 'आम्नायः खलु दुर्लभः' કહેવાનો વખત આવ્યો છે. છતાં જે કંઇ વિધિઓ સચવાઇ રહી છે, તે ઘણી મહત્ત્વની છે, તેથી તેને સમજવાનો તથા તેનું ચીવટાઇથી પાલન કરવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઇએ.

નવકાર મંત્રની સાધના પરત્વે પ્રથમ વિધિ મંત્રગ્રહણનો છે, તે યથાર્થ રીતે થાય તો જ સાધના આગળ વધી શકે અને તેનું ધાર્યું પરિણામ આવી શકે. આપણે માતા-પિતા કે વડીલો પાસેથી નવકાર મંત્ર સાંભળ્યો, તે કંઠસ્થ કરી લીધો અને તેની ગણના કરવા લાગ્યા. આ કામ તો ઘણું જ સારું થયું, કેમ કે શ્રાવકના કુલનો એ મુખ્ય આચાર છે, પરંતુ એક મંત્ર તરીકે તેની સિદ્ધિ કરવી હોય તો તેને સદ્ગુરૂ પાસેથી વિધિપૂર્વક ગ્રહણ કરવો જોઇએ અને પછી જ તેની સાધનામાં પ્રવૃત્ત થવું જોઇએ. મંત્ર વિશાદરોનું મંતવ્ય છે કે 'भवेद् वीर्यवती विद्या, गुरुमुखसमुद्भवा' ગુરુના મુખમાંથી નીકળેલી વિદ્યા વીર્યવતી હોય છે. તાત્પર્ય કે તેનું સામર્થ્ય ઘણું જ હોય છે અને તે વિશિષ્ટ ફલ આપે છે. મંત્રની બાબતમાં પણ આમ જ સમજવું.

શ્રી મહાનિશીથસૂત્રમાં પંચમંગલ મહાશ્રુતસ્કંધરૂપ નમસ્કાર-મંત્રના વિનયોપધાનનું સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે, તે પરથી નવકાર મંત્રગ્રહણનો વિધિ આ પ્રમાણે સમજાય છે :

(૧) નવકાર મંત્ર ગ્રહણ કરવા માટે સહુથી પ્રથમ એવો દિવસ પસંદ કરવો જોઇએ કે જ્યારે તિથિ, કરણ, મુહૂર્ત, યોગ અને લગ્ન પ્રશસ્ત હોય તથા ચંદ્રબલ અનુકૂળ હોય. શુભ મુહૂર્તે કરેલું કાર્ય આનંદ-મંગલકારી થાય છે અને તેમાં પ્રાયઃ સફલતા જ મળે છે. ટૂંકમાં અન્ય ધાર્મિક અનુષ્ઠાનોની જેમ આમાં પણ શુભ મુહૂર્ત અપેક્ષિત છે, તેથી તેનો નિર્ણય પ્રથમ કરી લેવો.

(૨) નવકાર મંત્રગ્રહણ એ એક પ્રકારની દીક્ષા છે, તેથી તેનો વિધિ પ્રશસ્ત સ્થાનમાં થવો જોઇએ. અહીં પ્રશસ્ત

સ્થાનથી જિનમંદિર, ઉપાશ્રય, જ્ઞાનમંદિર અથવા શેરડીનું વન, ડાંગર પાકતી હોય તેવું ખેતર, જ્યાં કમળ ખીલતાં હોય એવો બગીચો, જ્યાં પડઘો પડતો હોય એવું સ્થળ અથવા જ્યાં પાણી પ્રદક્ષિણા દેતું હોય તેવા જલાશયની પાસેનો પ્રદેશ સમજવો કે જ્યાં ભાગવતી દીક્ષા આદિ શુભ કાર્યો થાય છે.

(૩) મંત્રગ્રહણ કરવાનાં સ્થાને નંદિની સ્થાપના કરવી જોઇએ, અથવા તો તીર્થંકર ભગવંતની સુંદર છબી ઉંચા સિંહાસન પર પધરાવવી જોઇએ અને ત્યાં ઘીનો દીપક કરી ધૂપ વગેરે વડે સુગંધ પ્રગટાવવી જોઇએ. તેમજ એ સ્થાનને આસોપાલવના તોરણ વગેરેથી શણગારવું જોઇએ.

(૪) મંત્રગ્રહણના દિવસે સાધકે ઇષ્ટદેવતાપૂજન આદિ પોતાનું નિત્યકર્મ કરીને તથા માતા-પિતા, વડીલ વગેરેને પ્રણામ કરીને યોગ્ય વેશભૂષા, ધારણ કરવા પૂર્વક મંત્રગ્રહણના સ્થાને અતિ ઉલ્લસિત હૃદયે જવું જોઇએ. જેને પોતાના ધર્મ પર પ્રેમ નથી કે કુલાચાર માટે માન નથી, તેને કોઇ પણ મંત્ર સિદ્ધ થતો નથી, એમ મંત્રવિશારદોનું માનવું છે, તેથી નવકાર મંત્રની સત્વર સિદ્ધિની આશા રાખનારે જૈન ધર્મ પ્રત્યે ખૂબ પ્રેમ કેળવવો જોઇએ તથા સામાયિક, પ્રભુપૂજા આદિ નિત્યકર્મ પણ અવશ્ય કરવા જોઇએ.

(૫) મંત્રગ્રહણના સ્થાને પહોંચ્યા પછી ત્યાં વિરાજી રહેલ સમયજ્ઞ, દ્રઢ ચારિત્ર ગુણવાળા અને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરાવવામાં બદ્ધલક્ષ્ય એવા ગુરૂને ત્રણ વાર પંચાંગ પ્રણિપાત કરીને ક્રિયા કરવા તત્પર થવું જોઇએ.

(૬) આ વખતે જાતિમદ આદિ આઠ પ્રકારના મદોનો ત્યાગ કરવો જોઇએ, આશંકારહિત બનવું જોઇએ તથા શ્રદ્ધા, સંવેગ અને શુભ વિચારોથી આત્માને અતિ ઉલ્લસિત બનાવવો જોઇએ.

(૭) નવકાર મંત્ર આ લોક અને પરલોકના પૌદગલિક સુખો મેળવવાની ઇચ્છાથી નહિ, પણ આત્મકલ્યાણ માટે જ ગ્રહણ કરવાની ભાવના રાખવી જોઇએ. કોઇ પણ ધાર્મિક ક્રિયા સાંસારિક સુખના હેતુથી કરતાં નિયાણું બંધાય છે અને તેનું ફલ એ સુખ પૂરતું જ મર્યાદિત બની જાય છે, તેથી નિયાણાને મિથ્યાત્વ અને માયાના જેવું જ એક પ્રકારનું શલ્ય ગણવામાં આવ્યું છે અને તેને હેય કોટિમાં મૂકેલું છે.

(૮) આ દિવસે ભાવમંગલ તરીકે ઉપવાસની તપશ્ચર્યા કરવી જોઇએ, કદાચ તે પ્રકારની શક્તિ ન હોય તો એકાસણું કે આયંબિલની તપશ્ચર્યા તો અવશ્ય કરવી જોઇએ.

(૯) ત્યાં નંદિની સ્થાપના હોય તો ત્રણ વાર પ્રદક્ષિણા દેવાપૂર્વક ચૈત્યવંદન કરવું જોઇએ અને છબી પધરાવેલી હોય તો માત્ર ચૈત્યવંદન કરવું જોઇએ. ત્યારબાદ મૂર્તિ કે છબી પર દૃષ્ટિ તથા મન સ્થાપી અરિહંત પરમાત્માનો મહા ઉપકાર ચિંતવવો જોઇએ, કારણ કે આ મંત્રનું તેમના દ્વારા પ્રવર્તન થાય છે.

(૧૦) ત્યારબાદ ગુરૂને પંચાંગ પ્રણિપાત કરી બે હાથની અંજલિ બનાવી વિનયાવનત મસ્તકે નીચે પ્રમાણે વિનંતિ કરવી જોઇએ, **'હે ભગવન્ ! આપને હું ત્રિકરણશુદ્ધ પ્રણામ કરું છું અને આપની કૃપા ચાહું છું. આપ મને સંસારસમુદ્ર તરવા માટે નૌકા સમાન, સકલાગમ-રહસ્યભૂત, ત્રિકાલ મહિમાવંત, અચિંત્ય પ્રભાવશાલી એવા શ્રી નવકાર મહામંત્રનું દાન કરો.'**

(૧૧) ત્યાર પછી ગુરુની સમીપે જવું જોઇએ અને ગુરુ તેના જમણા કાનમાં અડસઠ અક્ષરથી યુક્ત, નવપદાત્મક, આઠ સંપદાઓથી સુશોભિત એવો નવકારમંત્ર સંભળાવે, તે સાધકે શુદ્ધ, નિર્મલ તથા સ્થિર મનવાળા થઇને સાંભળવો જોઇએ અને તે વખતે પ્રકૃષ્ટ પ્રમોદ ભાવના ધારણ કરવી જોઇએ.

(૧૨) આ રીતે નવકાર મંત્ર ગ્રહણ કર્યા પછી સાધકે બે હાથ જોડીને ગુરુને વિનયપૂર્વક કહેવું જોઇએ, **'હે ભગવન્ ! આપે ચિંતામણિ રત્નથી પણ અધિક એવો નવકાર મહામંત્ર આપીને મને ઘણો ઉપકૃત કર્યો છે. મારો આજનો દિવસ સફળ થયો છે. મારું જીવન ધન્ય બન્યું છે. હવે આપ અનુજ્ઞા આપો, એટલે હું આવતી કાલથી નવકાર મંત્રની આરાધના અંગે નિયમિત પ્રવૃત્તિ કરું.'**

(૧૩) ગુરુ તેની અનુજ્ઞા આપે ત્યારે સાધકે **'તહત્તિ'** કહી મસ્તકે અંજલી કરવી જોઇએ, તે એમ દર્શાવવાને કે આપની આજ્ઞા શિરોધાર્ય છે.

(૧૪) તે પછી નવકાર મંત્રની ભક્તિ અંગે સ્તુતિ, સ્તોત્ર. છંદ કે ગીત આદિ કંઇ પણ બોલવું જોઇએ, જેથી પ્રશસ્ત ભાવની વૃદ્ધિ થાય.

(૧૫) ત્યારબાદ ગુરુ સર્વમંગલનો પાઠ સંભળાવે, એટલે નવકાર મંત્રગ્રહણનો વિધિ પૂરો થાય.

(૧૬) તે પછી આ પ્રસંગ નિમિત્તે જે વસ્તુ એકત્ર કરી હોય તેને યથાસ્થાને પહોંચાડી સાધકે પોતાના નિવાસસ્થાને જઇ ત્યાં ધર્મધ્યાનાદિ પ્રવૃત્તિ કરવી જોઇએ.

**નવકાર મંત્ર ગ્રહણ વિધિ વિષે 'પંચનમસ્કૃતિદીપક'માં કહ્યું છે કે-**

**तद्विधाने पूर्वदिने गत्वा तु जिनमन्दिरे ।**
**प्रतिमाश्रुतमभ्यर्च्य कृत्वाऽनुगुरुपूजनम् ।**
**गुरोराज्ञां समादाय, गुरुहस्तं समुद्धरेत् ।**
**मस्तकेन्यस्य सद्भाग्यं, मत्वा गत्वान्तरे गृहे ।**
**तत्र मन्त्रं जपेत् यावत् कार्यसिद्धिर्न संभवेत् ।**
**तावत् तंत्रनियन्ता वा, यथातथ्येन योजयेत् ।।**

'મંત્રસાધના શરૂ કરવાના પૂર્વ દિવસે જિનમંદિરમાં જઇ જિનપ્રતિમા અને શ્રુતજ્ઞાનને પૂજીને પછી ગુરૂની પૂજા કરવી. પછી ગુરૂની આજ્ઞા લઇને ગુરૂનો હાથ લઇ પોતાના મસ્તક ઉપર મૂકવો. તે વખતે પોતે ભાગ્યશાળી છે, એમ માનીને ગૃહના એકાંત ભાગમાં જઇ ત્યાં કાર્યની સિદ્ધિ ન થાય ત્યાં સુધી મંત્રનો જપ કરવો. તે સમયે ત્યાં યથાર્થ રીતિએ તંત્રનિયંતા એટલે ઉત્તરસાધકની યોજના કરવી.

આ વસ્તુ ઉપરના વિધિનું સમર્થન કરનારી છે. ટૂંકમાં આ કે આવા પ્રકારનો મંત્રગ્રહણવિધિ કરવાથી સાધકના મન પર તેનો ઉંડો પ્રભાવ પડે છે અને તેને સાધના માટે અનેરું બળ પ્રાપ્ત થાય છે. વળી ગુણિયલ ગુરુના આશીર્વાદ મળતાં નવકાર મંત્રની સાધના નિર્વિઘ્ને પૂરી થવાની આશા બંધાય છે, એ પણ મહાન લાભ છે. તેથી આવો વિધિ કરીને જ મંત્રસાધના શરૂ કરવાનો આગ્રહભર્યો અનુરોધ છે.

◆◆◆◆

## પ્યારા પંચ પરમેષ્ઠિ

◆ **નમો અરિહંતાણં** પદથી વિહરમાન તીર્થંકર જઘન્ય ૨૦ અને ઉત્કૃષ્ટ ૧૭૦ જિનેશ્વર દેવોને નમસ્કાર થાય છે. અને સામાન્ય કેવલી જેમણે તીર્થંકર પદ પ્રાપ્ત કર્યા વિના કેવલજ્ઞાન અને કેવલદર્શનને પામેલ એવા જઘન્ય બે ક્રોડ કેવલી ઉત્કૃષ્ટ નવ ક્રોડ કેવલી ભગવંતોને અરિહંત પદથી વંદના થાય છે.

◆ **નમો સિદ્ધાણં** પદથી અનંતી ચોવીસીઓમાં અનંતા તીર્થંકર પરમાત્માઓ આઠ કર્મને ખપાવી સિદ્ધગતિને પામ્યા છે, તથા અનંતકાળના વહી ગયેલા પ્રવાહમાં જ્ઞાનદર્શન-ચારિત્રની આરાધના દ્વારા અને ૧૨ પ્રકારના તપથી આઠ કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિને પામેલા અનંત સિદ્ધોને નમસ્કાર થાય છે.

◆ **નમો આયરિયાણં** પદથી વિશુદ્ધ ચારિત્રધારી જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વિર્યાચાર એ પંચાચારનું યથાર્થ પાલન કરનાર સંઘના અગ્રેસર સંઘના નાયક ૩૬ ગુણે કરી સહીત આચાર્ય ભગવંતોને નમસ્કાર થાય છે.

◆ **નમો ઉવજ્ઝાયાણં** પદથી જિનેશ્વર દેવો કથિત જિનાગમોના જ્ઞાતા ચરણ સિતેરી, કરણ સિતેરીના ધરનાર સતત જ્ઞાન ધ્યાનમાં ઉદ્યમી એવા ઉપાધ્યાયોને નમસ્કાર થાય છે.

◆ **નમો લોએ સવ્વ સાહૂણં** પદથી આખા લોકને વિષે પાંચ મહાવ્રતધારી પાંચ સમિતિ, ત્રણ ગુપ્તી યુક્ત સંવર કરણી કરનાર ૨૭ સાધુજીના ગુણે કરી સહિત એવા સાધુ ભગવંતોને નમસ્કાર થાય છે.

# સકલ આગમનો સાર શ્રી નમસ્કાર મહામંત્ર

બાબુભાઇ કડીવાલા

**जिणासासणस्स सारो, चउदस पूव्वाण जो समुध्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ? ।।**

જિનશાસનનો સાર, ચૌદપૂર્વનો સમુદ્ધાર એવો નવકાર જેના મનમાં રહેલો છે, તેને સંસાર શું કરી શકે ? અર્થાત્ સંસાર તેનું કાંઇ પણ અહિત કરવાને સમર્થ નથી.

સકલ આગમનો શાસ્ત્રાભ્યાસ જેમ જેમ વધતો જાય છે. તેમ તેમ નવકારના વિશિષ્ટ અર્થો સમજાતા જાય છે. નમસ્કારનું ધ્યાન જેમ જેમ વધતું જાય છે, તેમ તેમ શાસ્ત્રના અંતરંગ રહસ્યો ખૂલતાં જાય છે. સકલ આગમનો સંક્ષેપ શ્રી નવકાર છે અને નવકારનો વિસ્તાર તે સમગ્ર દ્વાદશાંગી છે. નમસ્કારના જાપ અને ધ્યાનની સાથે શાસ્ત્રાભ્યાસ પણ વધારવો અત્યંત જરૂરી છે અને શાસ્ત્રાભ્યાસના પરમ રહસ્યોની પ્રાપ્તિ માટે શાસ્ત્રના પ્રણેતા પરમેષ્ઠિઓ પ્રત્યે વિનય, બહુમાન, નમસ્કાર અનિવાર્ય છે.

સકલ જિનશાસન અને જિન આગમનો સાર **'શુદ્ધ આત્મા'** છે અને શ્રી નવકાર-નમસ્કાર મંત્રમાં શુદ્ધ આત્મ સ્વરૂપને પામેલા અરિહંત-સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે. નમસ્કાર દ્વારા તે પરમ વિશુદ્ધ પરમાત્માનું પ્રણિધાન થવાથી નમસ્કારના આરાધકને પોતાના શુદ્ધ આત્મચૈતન્યનું જ્ઞાન તથા ભાન થાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવાનો પુરૂષાર્થ કરનારા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદનું પ્રણિધાન થવાથી આરાધકને શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિનો પુરૂષાર્થ કરવાનો ઉત્સાહ પ્રગટે છે. કહ્યું છે કે–

**'દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો,**
**ભાસ્યો આત્મ સ્વરૂપ અનાદિનો વિસર્યો.'**

નમસ્કાર મંત્રની આરાધનાથી શુદ્ધ આત્મ ચૈતન્યને વરેલા અરિહંત, સિદ્ધ ભગવંતોની સન્મુખ થવાય છે અને અરિહંત, સિદ્ધ ભગવંતોના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન થવાથી પોતાના આત્મામાં રહેલા તેવા જ શુધ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે અને પોતાના શુદ્ધ આત્મ ચૈતન્યનું જ્ઞાન થવાથી તે સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે તીવ્ર ઝંખના થાય છે, **सिद्ध मार्गसाधन साधवानेभ्यः श्री सर्वसाधुभ्यो नमः।।**

નિરંતર શુદ્ધ આત્મ ચૈતન્યને પ્રાપ્ત કરવાનો જ પુરૂષાર્થ કરનારા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના નમસ્કારમાંથી સાધકને શુદ્ધ આત્મ ચૈતન્યની પ્રાપ્તિના પુરૂષાર્થ પ્રગટે છે અને તે પુરૂષાર્થ છેવટે આત્મસ્વરૂપની પ્રાપ્તિ સુધી પહોંચાડે છે. દ્વાદશાંગી, જિનઆગમ, જિનશાસન, ચૌદપૂર્વ એ બધાનું ધ્યેય-લક્ષ્ય શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ છે અને નવકારનું ધ્યેય-લક્ષ્ય આવા વિશુદ્ધ આત્મ ચૈતન્યને પ્રાપ્ત થયેલા પરમેષ્ઠિઓના નમસ્કાર દ્વારા પોતાના શુદ્ધ આત્મ સ્વરૂપને નમસ્કાર કરવો તે છે. પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને કરેલો નમસ્કાર છેવટે પરમાનંદને પ્રાપ્ત કરાવે છે અને શુદ્ધ આત્મ ચૈતન્યને પ્રગટ કરે છે, કે જે સમગ્ર દ્વાદશાંગીનો સાર છે માટે જ **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ** સાડાત્રણસો ગાથાના સીમંધરસ્વામીના સ્તવનમાં નય, નિક્ષેપ, સપ્તભંગી, વ્યવહાર, નિશ્ચય, ઉત્સર્ગ, અપવાદ વગેરે સર્વ રીતે ભક્તિ કર્યા પછી ઉપસંહાર કરતાં છેવટે કહે છે કે–

**'તું પ્રભુ જો વસે હર્ષભર હીયલડે, તો સકલ પાપના બંધ તૂટે,**
**ઉગતે ગગન સૂરજ તેણે મંડલે, દહ દિશિ જિમ તિમિર પડલ ફૂટે.'**

હે કરુણાસાગર પરમાત્મા ! તું જો મારા હૃદયમંદિરમાં આનંદપૂર્વક વસે તો મારા સકળ પાપના બંધ તૂટી જાય, કારણ કે પાપરૂપી અંધકાર ત્યાં સુધી જ રહી શકે છે કે જ્યાં સુધી પરમાત્મારૂપ સૂર્યનો ઉદય થતો નથી અર્થાત્ જેમ સૂર્યનો ઉદય થતાં દશે દિશામાં અંધકારના પડળ ફૂટી જાય છે, તે રીતે પરમાત્મા રૂપ સૂર્યનો ઉદય જ્યારે જીવાત્માના હૃદયમાં થાય છે, ત્યારે સકળ પાપો પલાયન થઇ જાય છે.

કહેવાનો ભાવાર્થ એ છે કે પરમાત્માની ભક્તિ, નમસ્કાર, ઉપાસના, દર્શન, પૂજન, વંદન, સ્તવન, ધ્યાન, સ્મરણાદિ દ્વારા પરમરસનો અનુભવ થાય છે. ઇન્દ્રિયોના અને કષાયના રસો કરતાં અનેકગણો ચડિયાતો પરમાત્મ સ્વરૂપનો રસાનુભવ થાય ત્યારે, જગતના સર્વ રસ નીરસ બની જાય છે. ખરી રીતે તો પાંચ ઇન્દ્રિયોના અને કષાયના રસો તે રસ નથી, પણ આભાસ માત્ર છે, છતાં અનાદિ મિથ્યા મોહના કારણે જીવને

વિષયકષાયમાં રસ પડે છે અને તે રસ કરતાં અતિ ઉચ્ચ કોટીનો પરમાત્મ-ધ્યાનનો રસ પ્રાપ્ત થાય છે ત્યારે તુચ્છ રસો નાશ પામી જાય છે.

**'જશ પ્રભુ ધ્યાયો મહારસ પાયો, અવર રસે નવિ રાચું,**
**અંતરંગ ફરસ્યો દરિશન તેરો, તુજ ગુણ રસ સંગ માચું.'**

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા ઉપર્યુક્ત પંક્તિમાં કહે છે કે પ્રભુ, તારા ધ્યાનનો મહારસ આજે પીધો. હવે બીજા રસ ફિક્કા પડી ગયા. અંતરંગમાં તારા સ્વરૂપનું દર્શન મળ્યું, હવે તારા સિવાય મારે બીજું કાંઇ ન જોઇએ. તું જ મારું સર્વસ્વ છે, તું જ મારું સ્વરૂપ છે.

આ પ્રમાણે પરમાત્મ-સ્વરૂપનો ઉપલક્ષણાથી આત્મ-સ્વરૂપના પરમાનંદનો રસાસ્વાદ ચાખ્યા પછી જ જગતના બધા રસોમાંથી સાધકનું મન ઉઠી જાય છે.

તે જ વાત ૩૫૦ ગાથાના સ્તવનમાં જણાવતાં છેલ્લે કહે છે કે-

**'વેગળો મત હુજે દેવ મુજ મન થકી, કમળના વન થકી જેમ પરાગો;**
**ચમક પાષાણ જેમ લોહને ખીંચશે, મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો.'**

હે દીન દયાળ, શરણાગતવત્સલ, કૃપાસિંધુ પરમાત્મા ! તું મારા મનમાંથી જરા પણ ખસતો નહિ, તું નિરંતર મારા મનમંદિરમાં વસજે. જેમ કમળના વનથી પરાગ અલગ ન રહી શકે તેમ તારા સ્વરૂપની મહેંક નિત્ય મારા મનમંદિરમાં હોજો. તારું નિરંતર સ્મરણ કરવા માટે સમગ્ર આગમનો સાર '**નમો અરિહંતાણં**' મંત્ર નિત્ય મારા મનમંદિરમાં વસો તેવી હું તને વિનંતી કરું છું.

ધ્યાનનું પરમ આલંબન શ્રી નવકાર છે, કારણ કે તેમાં ધ્યેયરૂપે વિશુદ્ધ પંચ પરમેષ્ઠિઓ છે.

પરમ પૂજ્ય **શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ** ઉપમિતિ ભવપ્રપંચા કથામાં સમગ્ર દ્વાદશાંગીનો સાર શું છે તે જણાવતાં કહે છે કે-

**तस्मात् सर्वस्व सारोस्य द्वादशांगस्य सुंदर ।**
**ध्यानयोग परं शुद्धः स हि साध्यो मुमुक्षुणा ।।**

હે સૌમ્ય ! આ સમસ્ત દ્વાદશાંગ રૂપ જિન પ્રવચનનો સાર પરમ વિશુદ્ધ એવો ધ્યાનયોગ છે. મુમુક્ષુઓએ તે ધ્યાનયોગને સાધવો જોઇએ.

**मूलोत्तरगुणाः सर्वे सर्वा चेवं वहिष्क्रियाः।**
**मुनीनां श्रावकाणां च ध्यानयोगर्थमोरिताः ।।**

સર્વ મૂલ ગુણો અને સર્વે ઉત્તર ગુણો તથા સર્વ બાહ્ય ક્રિયા કે જે મુનિઓ અને શ્રાવકો માટે વિહિત છે, તે બધી ધ્યાનયોગ માટે પ્રરૂપિત કરવામાં આવી છે.

ઉપમિતિકારના આ વચનનો મર્મ ખાસ જાણવા યોગ્ય છે, તે સમજાયા પછી સર્વ ધ્યાન યોગના પરમ વિશુદ્ધ ધ્યેય પરમેષ્ઠિ ભગવંતોને જ તેમાં નમસ્કાર છે તે નવકારને દ્વાદશાંગીનો સાર (Essence of Agam) શા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ કહેલ છે તે સ્પષ્ટ સમજી શકાશે.

માટે પરમેષ્ઠિ-નમસ્કારને નિરંતર મનમંદિરમાં ધારણ કરવો, તે આપણું પવિત્ર લક્ષ છે. જેના ચિત્તમાં પરમેષ્ઠિ નમસ્કાર વસે છે, તે ધન્ય અને કૃતપુણ્ય છે તેનું જીવન પવિત્ર છે.

**'રતનતણી જિમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ્ય,**
**ચૌદ પૂર્વનું સાર છે, મંત્ર એ તેહને તુલ્ય;**
**સકલ સમય અભ્યંતર એ પદ પંચ પ્રમાણ,**
**મહાસુખ ખંધ તે જાણો ચૂલા સહિત સુજાણ.'**
**(ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. કૃત પરમેષ્ઠિ ગીતા.)**

જેમ રત્નની પેટીનો ભાર ઓછો હોય છે અને મૂલ્ય બહુ હોય છે, તેમ ચૌદપૂર્વના સારરૂપ આ નવકાર મંત્રને આત્મસાત્ કરવામાં કષ્ટ અલ્પ અને લાભ બહુ જ છે. જેટલું મૂલ્ય ચૌદપૂર્વનું છે, અપેક્ષાએ તેટલું જ મૂલ્ય શ્રી નવકારનું છે. સર્વ આગમોના આંતરિક રહસ્ય સ્વરૂપ આ નવકાર જ પ્રમાણરૂપ ગણાય છે.

પરમેષ્ઠિ ગીતાનું ઉપર્યુક્ત રહસ્ય જોતાં મનુષ્ય જીવનની કિંમતી પળોનો પૂર્ણ સદુપયોગ કરવા માટે શ્રી નમસ્કાર મંત્ર સર્વોચ્ચ સામગ્રી પૂરી પાડે છે. Namaskar is an entrance into abundant energy. આત્માના પૂર્ણ ચૈતન્યનું પ્રવેશ-દ્વાર શ્રી નવકાર છે.

Greatest art of life.

નમસ્કાર મંત્ર એ જીવનની શ્રેષ્ઠ કળા છે.

A key to cosmic secret.

નમસ્કાર એ આત્માના દિવ્ય ખજાનાની ગુપ્ત ચાવી છે.

Namaskar is the supermost secret Art of cosmos.

વિશ્વના અગમ્ય, અકલ્પનીય, અવર્ણનીય, અચિંતનીય ગુપ્ત રહસ્યોને પાર પામવાની દિવ્ય કળા છે શ્રી નવકાર મંત્ર. આવો પંચ પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યેનો નમસ્કાર ભાવ સૌ જીવાત્માના હૃદયમંદિરમાં નિરંતર વસો એ જ અભ્યર્થના.

◆◆◆

**કિરણ મહેતા એન્ડા કાું.**
**૬૫, મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઇ-૪૦૦ ૦૦૧.**

# શ્રી નમસ્કાર મંત્ર સાધના

આ જગતમાં નવકાર મંત્ર જેવો અન્ય કોઇ મંત્ર નથી. નવકાર મંત્રની શક્તિ અચિંત્ય છે. નવકાર મંત્રની સાધનાથી અતિ દુષ્કર કાર્ય પણ સિદ્ધ થયા વિના રહેતું નથી. નવકાર મંત્ર મંત્રોનો મંત્ર છે, અર્થાત્ જૈન શાસ્ત્રોમાં જેટલા મંત્રો છે તે સર્વ નવકાર મંત્રમાંથી જ ઉત્પન્ન થયેલા છે એથી જ નવકાર મંત્રને મંત્રાધિરાજ તરીકે ઓળખવામાં આવે છે. અમને **'શ્રી નવકાર મહામંત્ર કલ્પ'** નામનો એક પ્રાચીન ગ્રંથ મળી આવ્યો છે. તેમાં નવકાર વિષયક મંત્રોનું સુંદર નિરૂપણ થયેલું છે. પ્રસ્તુત ગ્રંથમાંથી સુજ્ઞ વાચકો માટે અહીં કેટલાક મંત્રો રજૂ કરતાં અત્યંત આનંદ થાય છે. **–સંપાદક**

**(૧) વિપત્તિ નિવારણ મંત્ર :**

ॐ ह्रीं नमो अरिहंताणं, ॐ ह्रीं नमो सिद्धाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो उवज्जायाणं, ॐ ह्रीं नमो लोए सव्वासहूणं, ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः स्वाहा ॥

આ મંત્રનો પરમેષ્ઠિ મુદ્રાએ ૧૦૮ વાર જાપ કરતાં દુષ્ટ મનુષ્યોનો અને ચોરોનો ભય ટળે છે. અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ વખતે આ જાપ કરવાથી તે તે ભયોનું નિવારણ થાય છે.

**(૨) લક્ષ્મી પ્રાપ્ત કરવાનો મંત્ર :**

ॐ ह्रीं नमो अरिहंताणं, सिद्धाणं, सूरिणं आयरियाणं, उवज्जायाणं, साहूणं मम ऋद्धि वृद्धि समिहितं कुरु कुरु स्वाहा ॥

આ મંત્રનો દરરોજ સવારે, બપોરે અને સાંજના સમયે પ્રત્યેક સમયે બત્રીસ વાર જાપ કરવાથી સર્વ પ્રકારની સિદ્ધિ અને લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

**(૩) વિદ્યા પ્રાપ્તિનો મંત્ર :**

ॐ ह्रीं असिआउसा नमोऽर्हं वाचिनि सत्यवाचिनि वाग्वादिनि पद पद मम वक्र व्यक्त वाचया हो सत्यंथुहि सत्यंथुहि सत्यंवद सत्यंवद अस्खलितप्रचारं तं देवं मनुजासुरसहसी ह्रीं अर्हं असिआउसा नमः स्वाहा ॥

આ મંત્ર સરસ્વતી દેવીની આરાધનાનો મંત્ર છે, સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી બપ્પભટ્ટસૂરિજીએ આ મંત્ર દ્વારા સરસ્વતી દેવીને પ્રસન્ન કરી હતી. આ મંત્રનો એક લાખ વાર જાપ કરવાથી સર્વ જાતની વિદ્યાઓની પ્રાપ્તિ થાય છે. મોટા વાદ-વિવાદમાં વિજય પ્રાપ્ત થાય છે અને જ્ઞાન-વિદ્યાનું દ્વાર આ મંત્રધારક માટે સદાય ખુલ્લુ રહે છે.

**(૪) રોગ નિવારક મંત્ર :**

ॐ नमो सव्वोसहिपत्ताणं, ॐ नमो खेलोसहि पत्ताणं, ॐ नमो जलोसहिपत्ताणं, ॐ नमो सव्वोसहिपत्ताणं स्वाहा ।

આ મંત્રની દરરોજ એક માળા ગણવાથી રોગની પીડા શાંત થાય છે અને વ્યાધિનું દર્દ ઓછું થાય છે.

**(૫) સર્વ સિદ્ધિદાયક મંત્ર :**

ॐ ह्रीं नमो अरिहंताणं, सिध्धाणं, सूरिणं उवज्जायाणं साहूणं मम ऋद्धि वृद्धि समीहित कुरु कुरु स्वाहा ॥

આ મંત્રનો દરરોજ સવારે, બપોરે અને સાંજના દરેક વખતે ૩૨ વાર જાપ કરવાથી દરેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્તિ થાય છે અને લક્ષ્મીનો લાભ થાય છે. ૨૧ દિવસ સવાર, બપોર અને સાંજે ત્રણે વખત એકેક (બે ઘડીનું) સામાયિક કરીને જાપ કરવાથી આ મંત્ર સિદ્ધ થાય છે. આખાયે સામાયિકમાં આ મંત્રનો જાપ કરવો જોઇએ. આ પ્રમાણે કરવાથી દ્રવ્યનો લાભ થાય છે અને સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

**(૬) મસ્તક વેદના દૂર કરવાનો મંત્ર :**

ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो

आयरियाणं, ॐ नमो उवज्जायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो नाणायं, ॐ नमो दंसणाय, ॐ नमो चारित्ताय, ॐ नमो तवाय, ॐ ह्रीं त्रैलोक्यवशंकरी ह्रीं स्वाहा ॥

આ મંત્ર સર્વ કાર્યોની સિદ્ધિ કરનાર છે. આંખમાં મીઠાના પાણીના છાંટા ઉડવાથી પીડા થતી હોય અથવા માથુ દુઃખતું હોય, આધાશીથી ચઢતી હોય તે વખતે સ્વચ્છ જલ મંત્રીને તેના છાંટા નાખીને પાણી પીવરાવવાથી માથાની તથા આંખની પીડા દૂર થાય છે. આ મંત્રને સાધ્ય કર્યા પછી જલ વગેરે મંત્રિત કરીને પાવાથી સઘળા પ્રયોજન સિદ્ધ થાય છે. પરંતુ અકાર્યને માટે આ મંત્રનો પ્રયોગ કરવો ઉચિત નથી, કારણ કે સમકિતવંત પ્રાણીઓએ સુકાર્ય તરફ જ દૃષ્ટિ રાખવી જોઇએ.

**(૭) તાવ નિવારણ મંત્ર :**

ॐ ह्रीं नमो लोए सव्व साहूणं, ॐ ह्रीं नमो उवज्जायाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो सिद्धाणं, ॐ ह्रीं नमो अरिहंताणं ॥

એક સફેદ શુદ્ધ ધોએલી ચાદર લઇને તેના એક ખૂણા પર મંત્ર બોલતા ગાંઠ વાળવાની માફક ખુણાને વાળીને ૧૦૮ વાર તે ખુણા પર તે પ્રમાણે મંત્ર બોલીને તે ચાદરને ગાંઠ વાળવી. પછી તે ગાંઠ વાળેલી ચાદર રોગીને ઓઢાડવી અને વાળેલી ગાંઠ રોગીના માથા તરફ રાખવાથી રોગીનો ચોથીઓ, એકાંતરો તથા વેલાજ્વર વગેરે ગમે તેવો તાવ ઉતરી જાય છે. જ્યાં સુધી તાવ ન ઉતરે ત્યાં સુધી ચાદર રોગીએ ઓઢી રખાવી. જ્યાં સુધી જપ કરે ત્યાં સુધી ધૂપ દેતા રહેવું પરંતુ નવા તાવમાં આ મંત્રનો પ્રયોગ ન કરવો. કારણ કે આ પ્રયોગ જુના તાવનો નાશ કરનાર છે.

**(૮) ચોર-વૈરી નિવારણ મંત્ર :**

ॐ ह्रीं नमो अरिहंताणं, ॐ ह्रीं नमो सिद्धाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो उवज्जायाणं, ॐ ह्रीं नमो लोए सव्वासाहूणं ॥

આ મંત્રનો પ્રથમ સવા લાખ જાપ કરી સિદ્ધ કર્યા પછી જરૂરત પડે ત્યારે થોડી વખત સ્મરણ કરવાથી તુરત જ કાર્યની સિદ્ધિ થાય છે. આ પિસ્તાલીશ અક્ષરની વિદ્યાનું સ્મરણ એવી રીતે કરવું જોઇએ કે સ્મરણ કરતી વખતે આપણને પોતાને પણ ન સંભળાય. દુષ્ટ અથવા ચોર વગેરેના ભય વખતે અથવા મોટી આપત્તિવાળા સ્થાનમાં આ વિદ્યાનું સ્મરણ કરવાથી તથા જલવૃષ્ટિ માટે તેનો જાપ ઉપાશ્રયમાં કરવાથી આપત્તિઓનું નિવારણ થાય છે. ચોરોની આપત્તિ વખતે આ મંત્ર ભણીને ચારે દિશામાં ફૂંક મારવાથી અને વિશેષ કરીને જે દિશામાં ચોર હોય તે દિશામાં ફૂંક મારવાથી તુરત ચોરની આપત્તિનો નાશ થાય છે.

**(૯) ભય નિવારણ મંત્ર :**

ॐ ह्रीं नमो भगवओ अरिहंता सिद्ध आयरिय उवज्जाय सव्वसाहूय सव्वधम्मतित्थयराणं, ॐ नमो भगवईए सुअदेवयाए, ॐ नमो भगवईए, संतिदेवयाए सव्वप्पवयण देवयाणं, दसण्हं दिसापालाणं, पचण्हं लोगपालागं, ॐ ह्रीं अरिहंत देवं नमः ।

આ મંત્રને સિદ્ધ કર્યા પછી વાદવિવાદ અથવા જય માટે ૧૦૮ વખત જાપ કરવાથી જય પ્રાપ્ત થાય છે. વળી આ મંત્રથી સાતવાર મંત્રીને વસ્ત્રના છેડે ગાંઠ બાંધીને તે વસ્ત્ર પહેરવાથી માર્ગમાં ચોર, સર્પ તથા સિંહ વગેરે જંગલી જનાવરોનો ભય ઉપસ્થિત થતો નથી.

**(૧૦) સર્વ કાર્ય સાધક મંત્ર :**

ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रूं असिआउसा स्वाहा ।

આ મંત્રનો પ્રથમ ઉચ્ચાર રહિત એક ચિત્તે સવા લાખ જાપ સિદ્ધ કર્યા પછી આ મંત્રથી મંત્રેલુ જલ છાંટવાથી તથા પાન કરવાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

**(૧૧) દ્રવ્ય પ્રાપ્તિ મંત્ર :**

अरिहंत सिद्ध आयरिय उवज्जाय साहू ॥

આ સોળ અક્ષરવાળી વિદ્યાનો ૨૦૦ વાર જાપ કરવાથી ચાર ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે. વળી આ મંત્રનો સવા લાખ જાપ કરવાથી, દ્રવ્યની પ્રાપ્તિ થાય છે અને

વિદ્યાધ્યયનમાં સહાયતા મળે છે.

**(૧૨) પ્રશ્નોત્તર દર્શક મંત્ર :**

ૐ नमो भगवई सुअदेवयाए सव्वसुअमायाए बारसंग पवयण जणणीय सरस्सईए सच्च वायणि सुयवउ अवतर अवतर देवी मम शरीरं पविस पुच्छं तस्स भविस्स जणमयहरिए अरिहंत सिरि सिरिए स्वाहा ।।

આ મંત્રને પ્રથમ સાધ્ય કર્યા પછી કોઇ પણ જાતનું ભવિષ્ય જાણવા માટે ૧૦૮ વાર જાપ કરીને પવિત્રપણે રાત્રે ભૂમિ શય્યા પર સૂઇ જવાથી ધારેલા પ્રશ્નનો જવાબ સ્વપ્નમાં મળે છે. મંત્રની શરૂઆત ૐ नमो अरिहंताणं, ૐ नमो सिद्धाणं, ૐ नमो आयरियाणं, ૐ नमो उवज्झायाणं, ૐ नमो लोए सव्वसाहूणं એ પાંચ પદ વધારીને ૧૦૮ વાર કાગળ પર લખીને રોગીના હાથમાં તે લખેલો કાગળ આપવાથી રોગીના સર્વ રોગ નાશ પામે છે.

**(૧૩) મહારક્ષા સર્વોપદ્રવશાંતિ મંત્ર :**

ૐ नमो अरिहंताणं शिखायां, ૐ नमो सिद्धाणं मुरवावरणे, ૐ नमो आयरियाणं अड़रक्षा, ૐ नमो उवज्झायाणं आयुधम्, ૐ नमो लोए सव्वसाहूणं मौर्वी, एसो पंच नमुक्कारो पादतले वज्रशिला, सव्वपावप्पणासणो वज्रमयः प्राकारश्चतुरदिंक्षु, मंगलाणं च सव्वेसिं खादिराङ्गखातिका, पढमं हवइ मंगलं प्राकोरोपरि वज्रमयं ढङ्कणम् । इति महारक्षा सर्वोपद्रव विद्रावणी ।।

ઉપરોક્ત મંત્ર પાઠમાં ૐ नमो अरिहंताणं એ પદનો ઉચ્ચાર કરીને શિખા સ્થાનમાં જમણો હાથ ફેરવવો જોઇએ. ૐ नमो सिद्धाणं એ પદનો ઉચ્ચાર કરીને મુખ પર હાથ ફેરવવો જોઇએ. ૐ नमो आयरियाणं એ પદનો ઉચ્ચાર કરીને શરીર પર હાથ ફેરવવો જોઇએ. ૐ नमो उवज्झायाणं એ પદનો ઉચ્ચાર કરીને પોતે ધનુષ્ય-બાણને જોઇ રહ્યો છે તેમ માને જાણે. ૐ नमो लोए सव्वसाहूणं એ પદનો ઉચ્ચાર કરીને પોતાના આયુષ્યને સ્થિર જાણે. एसो पंच नमुक्कारो એ પદનો ઉચ્ચાર કરીને મંત્ર જપનાર જે આસન પર બેઠેલ હોય તે આસન પર ચારે તરફ હાથ ફેરવીને મનમાં એવો વિચાર કરે કે હું વજશિલા પર બેઠો છું જેથી જમીન અથવા પાતાળમાંથી કોઇ પણ જાતનું વિઘ્ન ઉપસ્થિત ન થાય. सव्व पावप्पणासणा આ પદનો ઉચ્ચાર કરીને મનમાં એવો વિચાર કરે કે 'મારી ચારે તરફ લોહમય કિલ્લો છે.' આ વખતે પોતાના આસનની ચારે તરફ ફરતી ગોળ આડ બાંધી લેવી જોઇએ. मंगलाणं च सव्वेसिं આ પદનો ઉચ્ચાર કરીને મનમાં એવો વિચાર કરે કે 'લોહમય કોટની પાછળ ચારે તરફ ખેરના અંગારાથી ભરેલી ખાઇ ખોદેલી છે' અને पढमं हवइ मंगलं એ પદનો ઉચ્ચાર કરીને મનમાં એવો વિચાર કરે કે-'લોહમય કોટની ઉપર વજમય ઢાંકણું રહેલું છે.' આ મહારક્ષા (વિદ્યા) સર્વોપદ્રવોનો નાશ કરનાર છે.

**(૧૪) મહા કલ્યાણકારી મંત્ર :**

ૐ असिआउसा नमः આ મંત્રનો સવાલાખ જાપ કરવાથી આ મંત્ર સિદ્ધ થાય છે. આ મંત્ર સિદ્ધ થયેથી મહા કલ્યાણને કરવાવાળો તથા અનેક પ્રકારની સંપદાને આપવાવાળો થાય છે.

**(૧૫) ભયહર મંત્ર :**

ૐ नमो अरिहंताणं એ પદ નાભિમાં, ૐ नमो सिद्धाणं એ પદ હૃદયમાં ૐ नमो आयरियाणं એ પદ કંઠ વિષે, ૐ नमो उवज्झायाणं એ પદ મુખને વિષે, ૐ नमो लोए सव्वसाहूणं એ પદ મસ્તકને વિષે ચિંતવીને सर्वाङ्गेषुमां रक्ष रक्ष हिली हिली मातङ्गि स्वाहा ।

આ પ્રમાણે મનમાં ઉપર કહેલા પાંચે પદો ચિંતવીને આખા મંત્રનો ૧૦૮ વાર જાપ કરવાથી સર્વે જાતના ભયો દૂર થાય છે. દેવનાગરી લિપિમાં જે જે શબ્દો લખ્યા છે તે જ મંત્ર છે.

**(૧૬) સર્વ સંપતિદાયક ત્રિભુવનસ્વામીની વિદ્યામંત્ર :**

ૐ ह्रीं श्रीं ह्रीं क्लीं असिआउसा चुलु चुलु हुलु हुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा ।

આ ત્રિભુવનસ્વામી વિદ્યા છે. આ વિદ્યા ચમેલીના (જાઇના) ૨૪૦૦૦ ચોવીસ હજાર ફૂલ લઇને એકેક ફૂલ પર એકેક મંત્ર જપવાથી સિદ્ધ થાય છે. અને વિદ્યા સિદ્ધ

થયા પછી દરરોજ એકેક માળા જપવાથી પુત્ર તથા લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

**(૧૭) શુભાશુભ જાણવાનો મંત્ર :**

ॐ नमो अरिहा, ॐ भगवउ बाहुबलीस्स इह समणस्स अमले विमले निम्मल नाण पयासिणि ॐ नमो सच्च भासइ अरिहा सच्च भासइ केवलीणं एएणं सच्च वयेणं सच्च होउ से स्वाहा ।

આ મંત્રનું ધ્યાન રાત્રીના સમયે ઊભા ઊભા કાર્યોત્સર્ગમાં કરે અને નિદ્રા આવે તે વખતે ધ્યાન પૂર્ણ કરીને ભૂમિ પર સંથારે સૂઇ જાય તો સ્વપ્નમાં શુભાશુભ જે થવાનું હોય તે માલુમ પડે છે.

**(૧૮) કલેશનાશક મંત્ર :**

ॐ ह्रीं अमुकं दुष्टं साधय असिआउसा नमः ।।

આ મંત્રની એકવીસ દિવસ સુધી માળા ફેરવીને, જ્યારે કાર્ય પડે ત્યારે ૧૦૮ વખત જાપ કરવાથી શત્રુના ભયનો તથા કલેશાદિક આપત્તિનો ક્ષય થાય છે. ◆◆◆

# નવકાર મહામંત્ર અનાદિ છે

**પૂ.મુનિશ્રી તત્વાનંદવિજયજી મહારાજ સાહેબ**

ભૂતકાળમાં અનંત તીર્થંકરો થઇ ગયા છે, તે બધાએ નવકારમંત્રનું સ્વરૂપ પ્રકાશેલું છે. વર્તમાનકાળમાં મહાવિદેહાદિ ક્ષેત્રોમાં વીશ તીર્થંકરો વિહરમાન છે, તેમણે પણ નવકાર મંત્રનું સ્વરૂપ પ્રકાશેલું છે અને તે જ રીતે ભવિષ્યમાં જે જે તીર્થંકરો થશે, તે પણ એનું સ્વરૂપ પ્રકાશશે અને તેમના ગણધરો તેની સૂત્રરૂપે રચના કરશે, તેથી નમસ્કાર-મંત્ર અનાદિ સિદ્ધ કહેવાય છે. જૈનાચાર્યોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જેમ કાળ અનાદિ છે, જીવ અનાદિ છે અને જૈન ધર્મ અનાદિ છે, તેમ નમસ્કાર મંત્ર પણ અનાદિ છે.

નમસ્કાર મંત્રના સંબંધમાં **મહાનિશીથસૂત્રના** ત્રીજા અધ્યયનમાં જણાવ્યું છે કે 'નમસ્કારનું મૂલ-સૂત્ર' સૂત્રત્વની અપેક્ષાએ ગણધરો દ્વારા અને અર્થત્વની અપેક્ષાએ અરિહંત ભગવંત ધર્મતીર્થંકર ત્રિલોકપૂજ્ય શ્રી વીર જિનેન્દ્ર દ્વારા પ્રજ્ઞાપિત છે, એવો વૃદ્ધ સંપ્રદાય છે.

દિગમ્બર સંપ્રદાયના આચાર્યો પણ આવો જ મત ધરાવે છે. તેમણે એક સ્થળે કહ્યું છે કે :

अनादिमूलमन्त्रोऽयं, सर्वविघ्नविनाशनः ।
मंगलेषु च सर्वेषु, प्रथमं मङ्गल मतः ।।

'આ અનાદિ મૂળ-મંત્ર સર્વ વિઘ્નોનો વિનાશ કરનારો છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ મનાયેલો છે.'

તેમણે **'અધ્યાત્મ મંજરી'** નામક ગ્રંથમાં કહ્યું છે કે :

`इदं अर्थमन्त्रं परमार्थतीर्थपरम्पराप्रसिद्धं विशुद्धोपदेशदं ।'

'આ અભીષ્ટ સિદ્ધિકારક મંત્ર પરમાર્થથી તીર્થંકરોની પરંપરા તથા ગુરુઓની પરંપરાથી અનાદિકાળથી ચાલ્યો આવે છે અને વિશુદ્ધ ઉપદેશ આપનારો છે.'

તેમણે **'નમસ્કાર-દીપક'** ગ્રંથમાં કહ્યું છે કે :

मन्त्रस्थाऽऽख्या तु पश्चाङ्ग नमस्कारस्तु पञ्चकम् ।
अनादिसिद्धमन्त्रोऽयं न हि केनापि तत्कृतम् ।।

અને આ મંત્રનું નામ પંચાંગ-નમસ્કાર કે પંચ નમસ્કાર છે, તથા આ મંત્ર અનાદિ સિદ્ધ છે. તેની રચના કોઇએ કરી પણ નથી.

पूर्व ये वै जिना जातास्ते व यास्यन्ति यान्ति ।
चेत्यनेनैव हि मुक्त्यङ्गं मूलमन्त्रमनादितः ।।

ખરેખર ! પૂર્વકાળમાં જે જિનો થઇ ગયા છે, તેવા જિનો ભવિષ્યકાળમાં થશે અને વર્તમાનકાળમાં પણ થાય છે, એ કારણથી મૂલમંત્ર અનાદિકાળથી મુક્તિનું અંગ ગણાય છે.'

પરંતુ ષટખંડ જિનાગમની પ્રસ્તાવનામાં તેના સંપાદક મહાશયે વિસ્તૃત ચર્ચા કર્યા પછી નમસ્કાર મંત્ર પુષ્પદન્તાચાર્યે વિક્રમ સંવત ૧૪૪ એટલે ઇ. સન ૮૭માં રચ્યો હોય એવું અનુમાન દોર્યું છે. પરંતુ ઓરિસાની હાથીગુફામાં કલિંગ નરેશ ખારવેલના જે શિલાલેખ પ્રાપ્ત થાય છે અને જેમાં `नमो अरहंतानं । नमो सवसिधानं' એવો પાઠ પ્રાપ્ત થાય છે. તેનો સમય પ્રસિદ્ધ પુરાતત્ત્વવેત્તા **શ્રીમાન કાશીપ્રસાદ જાયસ્વાલે** અનેક પ્રમાણો આપીને ઇ.સ. પૂર્વેનો નિશ્ચિત્ત કરેલો છે, તેથી સંપાદક મહાશયની ઉપર્યુક્ત માન્યતા બાધિત થાય છે અને શ્રી નમસ્કાર-મંત્રના રચયિતા શ્રી પુષ્પદંત ઠરી શકતા નથી. ◆◆◆

# નવકાર જાપ માટેની પૂર્વ ભૂમિકા



**પૂ. આચાર્યદેવ શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

મકાનનો પાયો બરાબર મજબૂત હોય તો જ મકાન સ્થિર ટકી શકે અને તેમાં વસનારા મનુષ્ય નિર્ભયપણે વસવાટ કરી શકે. તે જ રીતે નમસ્કાર મહામંત્રના જાપમાં ચિત્તની સ્થિરતા કરવા માટે તેના પાયાના ગુણોને બરાબર દૃઢ બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. એટલે કે પાયાના ગુણોને બરાબર સમજી વિચારી તેને જીવનમાં ઉતારવા અહર્નિશ પ્રયત્ન કરવો જરૂરી છે. જો આ પ્રમાણે વિધિપૂર્વક મહામંત્રનો જાપ કરવામાં આવે, તો મહામંત્રના જાપનો મહિમા શાસ્ત્રોમાં જે રીતે વર્ણવામાં આવ્યો છે, તેનો ક્રમશઃ અનુભવ થયા વિના ન રહે.

શ્રી નવકાર જાપમાં પ્રગતિ ઇચ્છનાર સાધક માટે જાપની શરૂઆત કરતાં પહેલાં નવકાર મહામંત્રના મહિમાવાળા થોડાક પસંદગીના શ્લોકો દ્વારા નમસ્કાર મહામંત્રનો મહિમા હૃદયમાં સ્થાપિત કરવો જરૂરી છે. તે માટે શ્રી નમસ્કાર મહામંત્રના મહિમાગર્ભિત સ્તોત્રોમાંથી પોતાની રૂચિ મુજબ પસંદ કરી તેને કંઠસ્થ કરી લેવા, તેનો અર્થ પણ ધારી લેવો અને જાપની શરૂઆત કરતાં પહેલાં શુભ ભાવનાથી ભાવિત હૃદયવાળા થઇને, શાંત ચિત્તે અર્થની વિચારણાપૂર્વક શ્લોકોને સુમધુર રીતિએ બોલવા. નમુના માટેના થોડાંક પદ્યો અહીં જોઇએ.

धन्नोहं जेण मए, अणोरपारम्मि भवसमुदप्पि ।
पंचण्ह नमुक्कारो, अचिंतचिंतामणी पत्तो ।।१।।

હું ધન્ય છું કે મને અનાદિ અનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય ચિંતામણિ એવો પંચ પરમેષ્ઠિઓનો નમસ્કાર પ્રાપ્ત થયો.

जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।
जस्स मणे नवकारो, संसारी तस्स किं कुणइ ? ।।२।।

નવકાર એ જિનશાસનનો સાર છે, ચૌદ પૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. નવકાર જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરે ? અર્થાત્ કાંઇપણ કરવા સમર્થ નથી.

सेयाणं परं सेयं, मंगलाणं च परम मंगलं ।
पुन्नाणं परमपुन्नं, फलं फलाणं परम रम्मं ।।३।।

નવકાર એ સર્વ શ્રેયોમાં પરમ શ્રેય છે, સર્વ માંગલિકને વિષે, પરમ માંગલિક છે. સર્વ પુણ્યોને વિષે પરમ પુણ્ય છે અને સર્વ ફલોને વિષે પરમ રમ્ય ફળ છે.

थंभेइ जलं जलणं, चिंतियमित्तोवि पंच नवकारो ।
अरि-मारि-चोर-राउल-धोरुवसग्गं पणासेइ ।।४।।

પંચ નવકાર ચિંતવવા માત્રથી પણ જળ અને અગ્નિને થંભાવી દે છે, તથા અરિ, મારિ, ચોર અને રાજા સંબંધી ઘોર ઉપસર્ગોનો સંપૂર્ણપણે નાશ કરે છે.

हरइ दुहं कुणइ सुहं, जणइ जसंसोसए भवसमुद्दं ।
इहलोयपारलोइय-सुहाण मूलं नमुक्कारो ।।५।।

શ્રી નમસ્કાર મહામંત્ર દુ:ખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવસમુદ્રને શોષવે છે તથા આ નમસ્કાર આ લોક અને પરલોકનાં સઘળાં સુખોનું મૂળ છે.

नवकार-एक-अक्खर, पावं फेडेइ सत्तअयराणं ।
पन्नासं च पएणं, सागर-पणसय समग्गेणं ।।६।।

શ્રી નવકારમંત્રનો એક અક્ષર સાત સાગરોપમનું પાપ નાશ કરે છે, શ્રી નવકારમંત્રના એક પદ વડે પચાસ સાગરોપમનું પાપ નાશ પામે છે અને સમગ્ર નવકાર વડે પાંચસો સાગરોપમનું પાપ નાશ પામે છે.

जो गुणइ लक्खमेगं, पुएइ विहीइ जिणनमुक्करं ।
तित्थर-नामगोअं, सो बंधइ नत्थि संदेहो ।।७।।

જે એક લાખ વાર નવકારને વિધિપૂર્વક ગણે છે, તે શ્રી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે, તેમાં જરા પણ સંદેહ નથી.

इक्कोवि नमुक्कारो, परमेष्ठीमं पगिट्ठभावाओ ।
सयलंकिलेसजालं, जलं व पवणो पणुल्लेइ ।।८।।

પ્રકૃષ્ટ ભાવથી પરમેષ્ઠિઓનો કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જળને શોષવી નાખે, તેમ સકલ કલેશજાળને છેદી નાખે છે.

पंच नमुक्कारेणं समं, अंते वच्चंति जस्स दस पाणा ।
सो जइ न जाइ मुक्खं, अवस्स वेमाणिओ होइ ।।૯।।

અંત સમયે જેના દસ પ્રાણો પંચ નમસ્કારની સાથે જાય છે, તે મોક્ષને ન પામે તો પણ વૈમાનિક અવશ્ય થાય છે.

जे केइ गया मुक्खं, गच्छंति य केवि कम्ममलमुक्का ।
ते सव्वे च्चिय जाणसु, जिणनवकारप्पभावेणं ।।૧૦।।

જે કોઇ મોક્ષે ગયા છે અને જે કોઇ કર્મમળથી રહિત બનીને મોક્ષે જાય છે, તે સર્વ પણ શ્રી જિન-નવકારના જ પ્રભાવે છે, એમ જાણો.

एसो मंगल निलओ, भवविलओ सयलसंघ-सुहजणओ ।
नवकार परम मंतो, चिंतियमित्तो सुहं देइ ।।૧૧।।

પરમમંત્ર રૂપ આ નવકાર મંગલનું ઘર છે, તે સંસારનો વિલય કરનાર છે, સકલ સંઘને સુખ ઉપજાવનાર છે, ચિંતવવા માત્રથી સુખને દેનારો થાય છે.

पणव-हरिया-रिहा इह, मंतह बीआणि सप्पहावाणि ।
सव्वेसिं तेसिं मूलो, इक्को नवकार वरमंतो ।।૧૨।।

પ્રણવ એટલે ૐકાર, માયા એટલે હ્રીંકાર અને અર્હં વગેરે પ્રભાવશાળી મંત્રબીજ છે, તે સર્વનું મૂળ એક પ્રવર નવકાર મંત્ર છે. અર્થાત્ ૐ હ્રીં અર્હં વગેરે મંત્રબીજોના મૂળમાં શ્રી નવકારમંત્ર રહેલો છે.

ताव न जायइ चित्तेण, चिंतियं पत्थिअं च वायाओ ।
काओण समाढत्तं, जाव न सरिओ नमुक्कारो ।।૧૩।।

ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી કે જ્યાં સુધી શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારને સ્મરણવામાં નથી આવ્યો.

भोअण समए सयणे, विबोहणे पवेसणे भए वसणे ।
पंच नमुक्कारं खलु, समरिज्जा सव्वे कालम्मि ।।૧૪।।

ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, ભય વખતે, કષ્ટ વખતે, એમ સર્વ સમયે ખરેખર ! પંચ નમસ્કારને સ્મરણવો જોઇએ.

जं किंचि परमतत्तं, परम पयकारणं च जं किंचि ।
तत्थ वि सो नवकारो, झाइज्झइ परम जोगिहिं ।।૧૫।।

જે કાંઇ પરમતત્ત્વ છે અને જે કાંઇ પરમપદનું કારણ છે, તેમાં પણ તે નવકાર જ પરમ યોગીઓ વડે વિચારાય છે.

ओनमेव महामंत्र, समाराध्येह योगिनः ।
त्रिभोक्यापि महीयन्तेऽधिगताः परमां श्रियम् ।।૧૬।।

યોગી પુરુષો આ જ નવકારમંત્રનું સમ્યગ્ રીતિએ આરાધન કરીને પરમ લક્ષ્મીને પામી ત્રણે લોક વડે પૂજાય છે.

कृत्वा पाप सहस्राणि, हत्वा जन्तुशतानि च ।
अमुंमन्त्रं समाराध्याय, तिर्यंचोपि दिवं गताः ।।૧૭।।

હજારો પાપોને કરનારા તથા સેંકડો જંતુઓને હણનારા તિર્યંચો પણ આ મંત્રની સારી રીતિએ આરાધના કરીને સ્વર્ગને પામ્યા છે.

अहो पंचनमस्कारः, कोप्युदारो जगत्सु यः ।
संपदोऽष्टौ स्वयं धत्ते, दत्तेऽनन्तास्तु ताः सताम् ।।૧૮।।

અહો ! આ જગતમાં પંચ નમસ્કાર કોઇ વિશિષ્ટ ઉદાર છે, કે જે પોતે આઠ જ સંપદાને ધારણ કરે છે, છતાં સત્પુરૂષોને તે અનંત સંપદાને આપે છે.

त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरु पर ।
प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं मतिर्गतिः ।।૧૯।।

તું મારે ઉત્કૃષ્ટ માતા છે, પિતા છે, નેતા છે, દેવ છે, ગુરુ છે, ધર્મ છે, પ્રાણ છે, સ્વર્ગ છે, મોક્ષ છે, સત્ત્વ છે, તત્ત્વ છે, મતિ છે અને ગતિ છે.

मन्त्रं संसारसारं, त्रिजगदनुपमं, सर्वपापारिमन्त्रं ।
संसारोब्छेदमंत्रं, बिषमविषहरं, कर्मनिर्मूलमंत्रं ।
मंत्रं सिद्धिप्रदानं, शिवसुखजननं, केवलज्ञानमन्त्रं ।
मन्त्रं श्रीजैन-मन्त्रं, जप जप जपितं, जन्मनिर्वाणमन्त्रम् ।।૨૦।।

મહામંત્ર શ્રી નવકાર એ સંસારમાં સારભૂત મંત્ર છે, ત્રણ જગત્માં અનુપમ છે, સર્વ પાપોનો નાશ કરનાર છે, સંસારનો ઉચ્છેદ કરનાર છે, વિષમ પ્રકારના વિષને હરનાર

છે, કર્મને નિર્મૂલ કરાવનાર છે, સિદ્ધિને પ્રાપ્ત કરાવનાર છે. શિવસુખનું કારણ છે. કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર છે. આવા પ્રકારના અદ્‌ભૂત સામર્થ્યવાળા પરમેષ્ઠિ મંત્રને હે ભવ્યો ! તમો વારંવાર જપો. જાપ કરાયેલા આ નમસ્કાર મહામંત્ર જન્મ-મરણની જંજાળમાંથી જીવોને છોડાવનાર છે.

अर्हतो भगवंत इन्द्रमहिताः, सिद्धाश्च सिद्धिस्थताः ।
आचार्या जिनशासनोन्नतिकराः, पूज्या उपाध्यायकाः।
श्री सिद्धान्तसुपाठका, मुनिवरा रत्नत्रयाराधकाः ।
पंचैते परमेष्ठिनः, प्रतिदिनं कुर्वंतु वो मंगलम् ।।२१।।

ઇન્દ્રો વડે પૂજ્ય એવા અરિહંત ભગવંતો, સિદ્ધિસ્થાનમાં રહેલા સિદ્ધ ભગવંતો, જિનશાસનની ઉન્નતિ કરનાર પૂજ્ય આચાર્ય ભગવંતો, શ્રી સિદ્ધાંતને સારી રીતે ભણાવનારા ઉપાધ્યાય ભગવંતો અને રત્નત્રયને ધારણ કરનારા મુનિ મહંતોએ પાંચે પરમેષ્ઠિઓ પ્રતિદિન તમારું મંગળ કરો.

◆◆◆◆

## ચમત્કાર ત્યાં નમસ્કાર !

**પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

જગતમાં ભલે એમ મનાતું હોય કે ચમત્કાર ત્યાં નમસ્કાર, પણ જૈનને મન તો નમસ્કાર મંત્ર જ મોટામાં મોટો ચમત્કાર ગણાય. ઝૂકાવનારા મળે ત્યાં ઝૂકી જનારી દુનિયા ભલે એમ બોલતી સાંભળવા મળે કે જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર ! પણ જે નવકાર નિષ્ઠ છે, નવકારને જે સમજ્યો છે, જ્યાં ને ત્યાં સૌનો તિરસ્કાર કરવા જ ટેવાયેલી આ દુનિયામાં નમનીયને નમસ્કાર કરવાના સંસ્કાર સાંપડવા કેટલા દોહ્યલા છે, એનું જેને સતત ભાન છે, એના મોઢામાંથી તો એવા જ શબ્દો સાંભળવા મળે કે નમસ્કાર એ જ ચમત્કાર ! નમસ્કાર મંત્ર એટલે શું ? જે નમતા શીખવાડે, જે એવી રીતે નમતા શીખવાડે કે જેના પ્રભાવે પછી નમસ્કાર કરવાનું જ ટળી જાય. આવી શિક્ષણ શાળા એટલે મહામંત્ર નમસ્કાર. આ સંદર્ભમાં નમસ્કાર મંત્રને વિનયની વિદ્યાશાળા તરીકે નવાજી શકાય. ચારે તરફ નમાવવાની, તાડ જેવા અક્કડ રહેવાની અને વેંત જેટલી પણ વિનમ્રતાને વશ ન થવાની હવા આંધીની જેમ ફેલાઇ ચૂકી છે, ત્યારે આ વિદ્યાશાળાના વિદ્યાર્થી બનવા પહેલો પાઠ **'નમસ્કાર'** નો પાકો કરવો જ પડશે.

'નમસ્કાર' સંસ્કૃત ભાષાનો શબ્દ છે. આનું પ્રાકૃત ગુજરાતી રૂપ છે નવકાર મંત્ર ! આનું અર્થ ઘટન પણ ખૂબ જ સમજવા જેવું છે. નવા નકોર બનાવી દેવા જે સમર્થ હોય એ નવકાર મંત્ર ! અનાદિકાળથી આજની પળ સુધી સંસારમાં રઝળી-રખડીને આપણે એકદમ જૂના-જીર્ણશીર્ણ ખખડધજ બની ગયા છીએ. ક્રોધે આપણને કાળાભઠ્ઠ બનાવી દીધા છે. માન-માયાની સાંપણના ઝેર આપણા અંગેઅંગમાં વ્યાપી ચૂક્યા છે. તેમજ લોભની લાહ્યે આપણને લાલચોળ બનાવી દીધા છે. આ રીતે કષાયે જાણે આપણા રૂપ-સ્વરૂપ ઉપર જ કાળો કૂચડો ફેરવી દીધો છે. અને આપણે જાણે ઓળખાતા જ નથી. હવે નવા નકોર, નવયુવાન અને ટટ્ટાર બનવું હશે તો નવકાર નિષ્ઠ બનવું જ પડશે.

નમનીય પંચ પરમેષ્ઠિઓ તરફ દાખવેલા તિરસ્કારના ભાવે આપણું ધર્મ યૌવન લૂટતા રહીને આપણે જૂના-જીર્ણશીર્ણ બનાવતા રહેવામાં આજ સુધી જરાય કચાશ કે કમીના રાખી નથી. એથી જાણે આપણું અસલી રૂપ-સ્વરૂપ જ ખોઇ બેસીને આપણે વિકૃત ચહેરા-મહોરા ધરાવતા ઘૂમી રહ્યા છીએ. હવે નમનીયને નમસ્કાર કરવાના સંસ્કાર કેળવીશું તો જ 'નમસ્કાર મંત્ર' વિનયની વિદ્યાશાળા તરીકે આપણી ઉપર ઉપકાર કરી શકશે. તદુપરાંત 'નવકાર' નવ સંસ્કાર-નવ સંસ્કરણ રૂપે આપણું અસલી સ્વરૂપ મેળવી આપવામાં આપણને માર્ગદર્શક બની રહેશે. જેમ દવા એટલા માટે જ લેવાની હોય છે કે ભવિષ્યમાં પાછો દવા લેવાનો વખત જ ન આવે એ જાતનું આરોગ્ય સિદ્ધ થઇ જવા પામે. આજ રીતે 'નમસ્કાર' મંત્રના માધ્યમે નમસ્કારનું સેવન એટલા માટે જ કરવાનું છે કે ભવિષ્યમાં આપણે જ 'નમસ્કાર્ય'ની કક્ષામાં પ્રતિષ્ઠિત થઇ જતાં આપણા માટે કોઇને નમવાનું જ બાકી ન રહે. આ મૂળ મુદો-પાયાની આ વાત સમજી લઇએ તો જ 'નમસ્કાર'નું તત્ત્વ-સત્ત્વ સમજાયું ગણાય. આ પછી જ સાચા સ્વરૂપમાં 'નમસ્કાર નિષ્ઠ' બની શકાય. ❋❋❋

**સંપતરાજ, શકુંતલા, સુનીલ, ફાલ્ગુની અને મોનીલ પારખ**
**(જોધપુર / રાજસ્થાન-વાલકેશ્વર-મુંબઇ)**




સવારનો શાંત સમય હોય, ઘરની અંદર પ્રભુજીની સુંદર છબી પધરાવી હોય તે ઓરડીની પવિત્ર જગ્યા, ત્યાં છવાયેલું સ્નિગ્ધ આછું અંધારું હોય પૂર્ણ અજવાળાની એંધાણી આપતી ઉષા-આગમનની છટા, મંદ-મંદ પ્રકાશ પાથરતા ઘીના દીવાનો ઉજાસ, ચોમેર પ્રસરતી મહેકથી વાતાવરણને સુગંધિત કરતી ધીમી અગરવાટ...અને આવા પાવન મંગલ અને મધુર વાતાવરણ વચ્ચે બેઠેલા પરિવારના તમામ સભ્યો... તેમના હૃદય-કમળમાં રમતો નવકાર..એકાગ્રતાપૂર્વક થતો તેનો નિર્મળ જાપ...અને એવા જાપથી થતી દિવસની શુભ શરૂઆત...

...આ રીતે, જેના દિવસની શરૂઆત થઇ હોય તેનાં બધાં કામ સફળ જ હોય ! એટલું જ નહીં, પરિવારનાં તમામ મોટા-નાના સ્વજનોનાં હૈયાં સંપ, સ્નેહ ને હૂંફથી છલકાતાં હોય ! સંપ હોય ત્યાં સંપત્તિ આવે અને આવી જ સંપત્તિ સુખનું કારણ બને.

નક્કી સમયે અને નક્કી કરેલી જગ્યાએ, રોજ આમ જાપ થાય તો, તેના પાવન પરમાણુથી ચમત્કારિક અનુભવ ‘થાય જ થાય !’ આ રીતનો જાપ આમ તો ત્રિકાળ-ત્રણ સંધ્યાએ કરવાનો હોય છે. ત્રિકાળ જાપમાં કે ઇષ્ટસ્મરણમાં શુભ સંકેત છે. એ નામસ્મરણ જાપ-ધ્યાન દ્વારા ચોક્કસ લાભ થયા જણાયા છે.

आद्यैषा स्मृति-लाभाय, शक्ति-लाभाय मध्यमा ।
अन्तिमा शान्तिदा प्रोक्ता, त्रयी संध्या सुखावहा ।।

પ્રાત:કાળે કરેલું ઇશ્વરસ્મરણ, પૂજન, ધ્યાન, સ્તવનથી તે પછીના કલાકોમાં તે સ્મરણ ચિત્તન ભીતરમાં ચાલતું રહે છે. પ્રભુજીની સતત સ્મૃતિનો આ લાભ ઘણો મોટો છે. તે જ રીતે મધ્યાહ્નમાં પ્રભુજી સમક્ષ ધૂપ, દીપ, પુષ્પ, અક્ષત, નૈવેદ્ય ને ફળ અર્પણ કરવા દ્વારા તેમની પૂજા કરવાથી ચિત્તમાં સુકાયેલી શક્તિનો સ્રોત્ર ફરીથી સજ્જ બની જાય છે. અંગ પ્રત્યંગમાં ચૈતન્યનો સંચાર થાય છે. સાયંકાળે પરમ-કૃપાળુ પ્રભુનું સાન્નિધ્ય સેવ્યું હોય તો, તે પછીની સમગ્ર રાત્રિ શાન્તિપૂર્વક પસાર થાય છે. આમ. ત્રણેય સમયની ભક્તિથી સ્મૃતિ-લાભ, શક્તિ-લાભ અને શાન્તિ-લાભ થાય છે.

આમ તો, પ્રભુનું સ્મરણ તો, કોઇ પણ સમયે લાભ કરે. પરંતુ, ચોવીસ કલાકના અમુક કલાકો દરમિયાન, સ્વરોદય-શાસ્ત્ર એટલે કે નાડી-શાસ્ત્ર મુજબ, નાકના બે નસકોરા દ્વારા શ્વાસ લેવાય છે મૂકાય છે એ સાથે સંકળાયેલું છે. જમણી બાજુના ફોરણાંને સૂર્ય-નાડી એટલે કે ઇડા-નાડી કહેવાય છે. ડાબી બાજુના ફોરણાંને ચન્દ્ર નાડી એટલે કે પિંગળા-નાડી કહેવાય છે. બન્ને નાડી આમ તો ક્રમથી ચાલે અને ક્યારેક બન્ને સાથે પણ ચાલે. એને સ્વરોદયની ભાષામાં સુષુમ્ણા-નાડી કહેવાય છે. સુષુમ્ણા નાડી ચાલે ત્યારે તેને કૂર્મ-નાડી કે બ્રહ્મ-નાડી કહે છે. આ નાડી ખૂલી હોય, ત્યારે ચિત્તમાં જે રટણ થાય, તે અજ્ઞાતમન સુધી પહોંચે છે. આ ક્ષણોમાં ચિત્ત પ્રભુમય બને, ત્યારે મોટો લાભ થાય છે.

સુષુમ્ણા દ્વારા કૂર્મ-નાડીનું ઉદ્ઘાટન રાત-દિવસ મળી ચાર વખત થાય છે-સૂર્યોદય, પૂર્ણ મધ્યાહ્ન, સાંજે અને મધ્યરાત્રીએ. મધ્યરાત્રીએ આપણે નિદ્રાધીન હોઇએ એ સિવાયની ત્રણ શુભ-ક્ષણોએ આપણે પ્રભુધ્યાનમાં લીન થઇ શકીએ.

આદિ, અંત અને મધ્યમાં પ્રભુજીના સ્મરણ દ્વારા દાખલ થયા એટલે અહોરાત્રીમાં દાખલ થયા. એ સ્મૃતિમાં જે કાંઇ કામ થાય તે શુભ જ થાય. શુભ થાય તે લાભકારક બને. આમ શુભ અને લાભને આપનાર સ્મરણ આપણા જીવનમાં સતત રમતું રહે. દિવસના આ ત્રણેય સમયની પ્રાર્થનાનું ટાઇમ-ટેબલ સદાને માટે અનુકૂળ ન હોય તો દિવસ-રાત થઇને ગમે તે એક વાર દશેક મિનિટનો સમય લઇ, બાહ્ય જંજાળથી વિમુખ બની, પરમના સાન્નિધ્યમાં બેસવું જોઇએ.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પ્રાર્થનામાં આપણે પણ સૂર પુરાવીએઃ **'સંસાર સકલ કર્મે શાન્ત તોમાર છંદ'.**

અર્થાત્, અમારા જીવનભરનાં બધાં જ કામોમાં હે પ્રભુ ! તમારી ઇચ્છાનો સંચાર થાઓ. અમારાં કામો આપની ઇચ્છા મુજબ થાઓ. અમારી ઇચ્છાનો લય થાઓ, તમારી ઇચ્છાનો જય થાઓ.

## નવકાર-મહામંત્ર-મહિમા અષ્ટક

જેનો મહાન મહિમા, સઘળે ગવાય,
પુણ્યોદયે જન ભજે, સહુ કષ્ટ જાય;
શ્રી કલ્પવૃક્ષ મનવાંછિત, પુણ્ય કામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

શ્રી શ્વેતવર્ણ અરિહંત, સુ-રક્ત સિદ્ધ,
આચાર્ય પીત શુભ-વાચક નીલ બદ્ધ;
શ્યામાંગ દિવ્ય મુનિજી, અતિ પુણ્ય નામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

સમ્યક્ત્વ ભાવમય, દર્શન જ્ઞાન આપે,
ચારિત્ર જ્ઞાનબળથી, ભવ દુઃખ કાપે;
ચારિત્રથી તપ મળે શુભ મુક્તિધામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

ચક્રેશ્વરી વિમલદેવ કરે સહાય,
પુણ્ય કૃપામય સુદૃષ્ટિ, કદી પમાય;
સર્વોચ્ચ પંચપરમેષ્ઠિ પદે પ્રણામ
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ

સંગ્રામ-સાગર જલે, વિપિને મુંઝાય,
આપત્તિ સિંહ-અહિ-વ્યાઘ્રતણી જણાય;
ત્યાં દિવ્ય મંત્ર, અખૂટ કામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

દારિદ્ર-રોગ-જનનાં, સહુ કષ્ટ ટળે,
સંપત્તિ-પુત્ર-વનિતા, સુખમાર્ગે વાળે;
એવો મહાન નવકાર, સુહર્ષ ધામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

શ્રીપાળ, રાણી મયણા ધરણેન્દ્ર આદિ,
પલ્લિપતિ અમર, કંબલ-શંબલાદિ;
પામ્યાં બધાં રટણથી, શુચિ સિદ્ધિ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

એવો મહાન શુચિ મંત્ર મનુષ્ય પામે,
સંસારના ત્રિવિધ તાપ બધા વિરામે;
દેવેન્દ્ર કિન્નર રટે, મુખ અષ્ટ યામ,
મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ.

મહામંત્ર નવકારના પ્રભાવને સરળ અને સુગમ શૈલીમાં સ-રસ ભાષામાં અહીં વાચા આપી છે. શબ્દો સમજાય એવા છે. પરિવારના સભ્યો સાથે બેસી આ અષ્ટકનું ગાન કરે તો, ઘરમાં દિવ્ય વાતાવરણ પ્રસરે. **'મંત્રાધિરાજ ! પરમેષ્ઠિપદે પ્રણામ'** નો શબ્દઘોષ વિશેષ લાભકર્તા છે. પરિવારના આપસના સંબંધો સંપીલા, મધુર અને સુખમય રાખવા આવા અપાર્થિવ તત્ત્વની આવશ્યકતા હોય છે જ. આ અષ્ટકના શબ્દો પાછળના ભાવમાં ડૂબકી મારવાથી ભાવ લોકની ઝલક લાધે છે, રોજ-રોજ આવા શબ્દોના સેતુ દ્વારા અગોચર તત્ત્વ સાથે અનુસંધાન રચાય તે જરૂરી છે. અનુસંધાન માટે શબ્દો સહાયક છે. **કવિ મનોજ ખંડેરિયાએ** કહ્યું છે : **'મને સદ્ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા, ચરણ લઇ દોડવા બેસું, વરસોનાં વરસ લાગે.'**

અગમના એ લોકમાં ચરણ લઇને તો ક્યાં પહોંચાય ? શબ્દો એ સોગાદ છે, તેથી આવા શબ્દો દ્વારા શબ્દાતીત સાથે મેળાપ કરી લેવો જોઇએ.

***

**નિર્મલાબેન શામજીભાઇ છેડા (કચ્છ દેશલપુર-તારદેવ)**
**હસ્તે : શ્રી હિતેનભાઇ શામજી છેડા**




નવકાર મહામંત્ર એ ચૌદ પૂર્વનો સાર છે, અચિંત્ય ચિંતામણિ છે, દુનિયાની અકસીર ઔષધિ છે અને વિશ્વનો સર્વશ્રેષ્ઠ મહામંત્ર છે. નવકાર મહામંત્ર એ એક શાશ્વત સૂત્ર છે. દરેક ગણધર ભગવંતો અલગ અલગ સૂત્રની રચના કરે છે. એટલે અર્થની ઐક્યતા છતાં સૂત્રની ભિન્નતા હોય છે. **'નવકાર'**, **'કરેમિ ભંતે'** અને **'નમુત્થુણં'** આ ત્રણ સૂત્રો શાશ્વત છે, કાયમી છે, ત્રણે કાળમાં હતા અને રહેશે.

નવકારની વિશેષતા એ છે કે તેમાં વ્યક્તિને નમસ્કાર નથી. ગુણસભર વ્યક્તિઓની જાતિને-સમૂહને નમસ્કાર છે. **અરિહંત, સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ**...આ બધી ગુણાત્મક અભિવ્યક્તિઓ છે.

**'નમો અરિહંતાણં'** પદ દ્વારા નમસ્કાર એક કરવાનો... અને આ એક નમસ્કાર પહોંચે અનંતા અરિહંતોને...લાભ અનંતા અરિહંતોનો નમસ્કારને મળે...સસ્તું ભાડું અને સિદ્ધગિરિની યાત્રા જેવી આ વાત છે !

અરિહંતાદિ પાંચેયને **'પરમેષ્ઠિ'** કહેવાય છે. પરમ એટલે શ્રેષ્ઠ. આવા શ્રેષ્ઠ પદ પર રહેલા હોય તે **'પરમેષ્ઠિ'**. આવી ઉચ્ચતમ વ્યક્તિઓને નમસ્કાર થાય તે આપણને કેટલું ગેબી ફળ આપે ! વ્યક્તિ જેટલી ગુણમહાન તેને નમસ્કારનું ફળ પણ એટલું જ ઊંચું.

નમસ્કાર મહામંત્રની શરૂઆતમાં જ **'નમો'** પદ મુકાયું. 'અરિહંતાણં નમઃ' ન કહેતા 'નમો અરિહંતાણં' કહ્યું. તેની પાછળ ગર્ભિત રહસ્ય છે. 'નમો' એટલે 'નમવું', મન-વચન-કાયાથી નમવું, ખરા દિલથી, હૃદયથી નમવું.

હા ! નમવું સહેલું નથી, અહંકારની અક્કડ દિવાલ તોડવી પડે, જેને નમન કરાય છે તે મહાન છે, હું અધમ છું, તે ગુણસંપન્ન છે, હું પાપસભર છું, તે પુણ્યસંપન્ન છે, આવો આંતરસ્વીકાર કરવો પડે તો જ નમી શકાય.

બાહુબલીજીને અહંકારે નમવા ન દીધા...દીક્ષા બાદ બાહુબલીજી સાધનામાં લીન બન્યા. કેવળજ્ઞાન મેળવવા એક વર્ષ આહાર પાણીનો ત્યાગ કર્યો. તેમના શરીરની આસપાસ ઝાડીઓ વીંટાઇ ગઇ, પંખીઓએ માળા બાંધ્યા, આવી ઘોર સાધના છતાં તેમને કેવળજ્ઞાન ન થયું. કારણ ? અહંકાર હું મોટો, મારા નાના ભાઇઓને (જેમણે બાહુબલી પહેલા દીક્ષા લીધી હતી એટલે તેમને વંદન કરવા પડે) વંદન કેમ કરું ? કેવળજ્ઞાન થશે પછી જઇશ એટલે તેમને નમવુ ન પડે...પછી તો ભગવાન ઋષભદેવે મોકલેલ બ્રાહ્મી-સુંદરી સાધ્વીઓએ આવીને કહ્યું...**'વીરા ! મોરા ગજ થકી ઉતરો... કેવળજ્ઞાન તમારી રાહ જુએ છે !'**

બાહુબલીજી ચમક્યા !...ક્યો હાથી ? ક્ષણમાં ખ્યાલ આવી ગયો...અહંકારનો હાથી...અને તેઓ નાના ભાઇઓને નમવા...પગ ઉપાડે છે ત્યાં જ તેમને કેવળજ્ઞાન થઇ જાય છે. આ પ્રસંગ કહે છે...**'નમવું'** ધારીએ એટલું સહેલું નથી. 'નમતા' માથુ નીચે આવે છે અને હૃદય ઉપર...એ જ બતાવે છે કે બુદ્ધિને બાજુએ મુક્યા વિના અને શ્રદ્ધાનો સથવારો લીધા વિના 'નમન' શક્ય નથી. 'નમસ્કાર' એટલે સર્વસ્વનું શ્રદ્ધાપૂર્વક સમર્પણ. 'નમસ્કાર' એટલે આપણા દોષોનો આવિષ્કાર અને નમસ્કરણીય અરિહંતાદિના ગુણોનો સ્વીકાર. જે નમે છે તે જ મહાનતાના શિખરો સર કરી શકે છે. માટે જ નમસ્કાર મહામંત્રમાં પ્રથમ **'નમો'** પદ મૂક્યું છે. સાધનાની શરૂઆત નમ્રતાથી જ થાય છે.

હવે સવાલ એ થાય છે કે અરિહંતાદિ પંચ પરમેષ્ઠિને શા માટે નમવાનું ?...તેનો જવાબ છે...અરિહંતાદિ બનવા માટે, અને જ્યાં સુધી **'પરમેષ્ઠિ'**માં સ્થાન ન મળે ત્યાં સુધી તેમના જેવા ગુણોની આંશિક પણ પ્રાપ્તિ થતી રહે તે માટે નમવાનું છે.

નિયમ જ છે **'જેને નમો તેના જેવા બનો'**. વાસ્તવમાં, નમસ્કાર કોઇ વ્યક્તિને નથી પણ તેના આંતરગુણોની ખીલાવટને છે. એટલે નમસ્કાર દ્વારા ગુણોની અનુમોદના થઇ. જે વ્યક્તિના જે ગુણની અનુમોદના થઇ તે ગુણ આપણામાં ઓછે વત્તે અંશે આવ્યો જ સમજો. અરિહંતો પ્રચંડ પુણ્યના આસામી છે, આઠ પ્રાતિહાર્યથી શોભાયમાન છે. ચોત્રીશ અતિશય અને પાત્રીશ ગુણસંપન્ન વાણીના ધારક છે.

સિદ્ધો પરમ વિશુદ્ધિના સ્વામી છે, અનુપમ શાશ્વત સુખના ભોક્તા છે, જન્મ-જરા, મરણ-રોગ, શોક, દુઃખ વગેરેથી મુક્ત છે.

આચાર્ય ભગવંતો વિશુદ્ધ કોટિના આચાર સંપન્ન છે. શાસનના નેતા છે, રક્ષક છે.

ઉપાધ્યાય ભગવંતો સ્વયં વિદ્વાન હોય છે. સાધુઓના જીવનને જ્ઞાન અને આચાર દ્વારા તેઓ ઘડે છે. સમુદાયને-ગચ્છને આરાધનાથી ધબકતું રાખવામાં તેમનો સિંહફાળો છે.

સાધુ ભગવંતો કુસંસ્કારોને તોડવાની ઘોર સાધના કરે છે. ઇચ્છાઓ ઉપર કાબૂ મેળવવાની અને બધાનું બધું સહન કરવાની અનુપમ સાધના કરે છે.

આ પાંચે **'પરમેષ્ઠિ'** જગતના સર્વશ્રેષ્ઠ તત્ત્વરૂપ છે; સર્વોચ્ચ સ્થાને બિરાજે છે, પરમ પવિત્ર છે, શ્રેષ્ઠ ઉપાસ્ય છે, સર્વ મંત્રમય છે, સર્વ તંત્રમય છે, સર્વોષધિરૂપ છે અને પરમ મંગલસ્વરૂપ છે. આ પાંચે પરમેષ્ઠિને કરેલો નમસ્કાર જન્મોજન્મના પાપોના ખૂડદા બોલાવી દે છે ! ભવોભવના કર્મોના કચ્ચરઘાણ કાઢે છે ! અને દુ:ખ મુક્તિ અપાવે છે !

આત્માની શુદ્ધિ માટે અરિહંતનું શરણ સ્વીકારવાનું છે; રાગ દ્વેષને જીતવા સિદ્ધોનું શરણ લેવાનું છે. સંયમમાં શૂરા બનવા માટે અર્થાત્ પવિત્રતાને અખંડિત રાખવા માટે સાધુના શરણને અપનાવવાનું છે.

શાસ્ત્રોમાં પણ કહ્યું છે–

**नमस्कार समो मंत्र न भूतो न भविष्यति ।**

અર્થાત્ નમસ્કાર જેવો કોઇ મંત્ર થયો નથી અને થવાનોય નથી. આજે કાળ વિષમ છે, પુણ્ય ઘટ્યા છે. વિશ્વની-રાષ્ટ્રની-સમાજની-કુટુંબની પરિસ્થિતિઓ કલ્પી ન શકાય એટલી હદે વણસી છે. દરેકના મનમાં અશાંતિ અને ઉકળાટના જ દર્શન થાય છે. દિવસે દિવસે આર્થિક ભીંસનો ગાળીયો વધુ મજબૂત થતો જાય છે. કારમી મંદીએ પોતાનો પંજો ફેલાવ્યો છે. મોંઘવારીએ માજા મૂકી છે. ડગલે ને પગલે વિઘ્નો આડખીલીરૂપ બને છે. જ્યાં જઇએ ત્યાં એક માત્ર 'નિષ્ફળતા' જ આગળ આવીને ઉભી રહે છે. એક સંધાય ત્યાં તેર તૂટે છે, સગા અને વ્હાલાઓ પણ વિમુખ થતાં જાય છે. સર્વતોવ્યાપી આવી વિકટ પરિસ્થિતિમાંથી કોણ બચાવશે ?... કહેવું જ પડશે...એક માત્ર નવકાર જ આ બધી વિટંબણાથી આપણને બચાવશે. **જેના હૃદયમાં 'નવકાર' છે તેને કોઇ ભય નથી, દુ:ખ નથી, આફત નથી, વિઘ્નો કે અંતરાયો નથી. કેટલાય જૈનેતરો પણ પોતાની સાધનાના કેંદ્રમાં નવકારને સ્થાન આપતા જોયા છે, અનુભવ્યા છે.**

● કલ્યાણમાં રહેતા કચ્છી લોહાણા જ્ઞાતિના કલ્યાણજીભાઇ સારા જાણકાર છે. પોતાની સાધના દ્વારા લોકોના દુ:ખ, દર્દો દૂર કરે છે. સફળતાનું કારણ પૂછતાં તેઓ કહે છે કે મહારાજ ! તમારા જ નવકારનો આ પ્રતાપ છે. મારી પાસે બીજી કોઇ સાધના નથી, માત્ર નવકાર ઉપરની શ્રદ્ધાથી જ મારા કાર્યો થાય છે.

● પનવેલથી થોડે દૂર રહેતા એક જૈનેતર ભાઇ દિવ્ય શક્તિથી અસાધ્ય રોગોને દૂર કરી રહ્યા છે. તેમનાં સાધનાખંડમાં નમસ્કાર મહામંત્રનો પટ્ટ છે...

એક દીક્ષાર્થીબેનને દીક્ષાનું મુહૂર્ત નીકળ્યા પછી વળગાડ થયો. દીક્ષા કેન્સલ થઇ. જાણકાર મુસલમાનને બોલાવ્યો. એક ચબરખી મંત્રીને આપી અને કહ્યું આ ચબરખી પાણીમાં રાખી એ પાણી ૨૧ દિવસ પીવું. તેમ કરવાથી વળગાડ દૂર થયો. પાછળથી પૂછતાં તેણે કહ્યું ચબરખીમાં નવકાર જ લખેલ છે. પછી તો સારું થતાં તે બેને દીક્ષા પણ લીધી...

આપણને જન્મજાત નવકારમંત્ર મફતમાં મળી ગયો છે. એટલે તેની કિંમત નથી, જોઇએ એવી શ્રદ્ધા નથી. શાસ્ત્રમાં નવકારમંત્રની પ્રભાવકતાના અનેક પૂરાવાઓ મોજુદ છે.

**● શૂળીનું સિંહાસન થઇ જાય.**

**● અમરકુમાર ભડભડતી આગમાંથી ઉગરી જાય.**

**● ઘડામાં રહેલ સાપ ફુલની માળા બની જાય.**

**● તલવારો બુઠ્ઠી થઇ જાય.**

આજના કાળે પણ જામનગરના **ગુલાબચંદભાઇ**નું દૃષ્ટાંત મોજુદ છે. કેન્સર જેવી ભયાનક વ્યાધિ નવકારમંત્રના રટણાના પ્રભાવે તેમને મટી ગઇ.

જરૂર છે નવકારમંત્રનો શ્રદ્ધાપૂર્વક જાપ કરવાની. પણ સાગરોપમ સુધી નરકમાં જે ભયાનક વેદના ભોગવવી પડે છે તે જો એક નવકાર ગણવા માત્રથી દૂર થઇ જતી હોય તો ક્યો ડાહ્યો માણસ આ નવકાર ન ગણે ?

નવકાર જ આપણો સાચો મિત્ર છે, જીવનનો આધાર છે, અનન્યશરણ છે, ધર્મબંધુ છે. **પૂજ્યપાદ શ્રી ભુવનભાનુસૂરિ મહારાજ વારંવાર કહેતા નવરા બેઠાં શું ડોયરા છોલો છો ?... નવકાર ગણો, નવકાર.** જીવનના અંતિમ તબક્કા સુધી તેમણે આશ્રિતોને આ વાત કર્યા કરી અને નવકારમંત્રની પ્રભાવકતાને સિદ્ધ કરી.

અચિંત્ય ચિંતામણિરત્ન સમાન આ નવકારમંત્ર આપણા રોમેરોમમાં વસી જાય તો આ જીવન તો સાર્થક લેખાશે જ પરંતુ ભવાંતરની રખડપટ્ટી પણ નવકારમંત્રના પ્રભાવ અને પ્રતાપથી દૂર થશે તેમાં જરા પણ શંકા કરવાની જરૂર નથી. ◆◆◆

## સંસાર તારક, મોક્ષ પ્રાપક, સુખ સંપત્તિ સમાધિ નિમિત્તક

# મહામંત્ર નવકાર

**પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

સંસાર અનેકવિધ યાતનાઓથી આજે ભરપૂર બન્યો છે. સુખ દુ:ખના ખડકો સાથે જીવનનૌકા અથડાઇ રહી છે. દુ:ખમાં જીવ દીન બને છે, સુખમાં પાગલ બને છે. બેય અવસ્થામાં આર્તધ્યાન કરી કર્મથી ભારે બની અંતે ભવની યાત્રાએ જીવ ઉપડી જાય છે. એકેન્દ્રિયાદિ ભવોમાં, નરકાદિ ગતિમાં, નિગોદમાં અનંત યાતના ભોગવે છે. આ રીતે ભવચક્રની યાતનામાં રીબાતા જીવને છુટકારાનો કોઇ માર્ગ દેખાતો નથી. રખડતાં રખડતાં માનવભવના પગથીઆ સુધી આવેલા જીવને પણ પાછા આર્તધ્યાનાદિ દ્વારા કર્મથી ભારે બની સંસાર સમુદ્રમાં ડૂબવું પડે છે. આવી ભયંકર પરિસ્થિતિ છે સંસારમાં ફસાયેલા જીવની.

શું કરવું હવે ? કોના શરણે જવું ? કોનું આલંબન લેવું ? સંસારમાંથી તારનાર તપ અને સંયમના ઉગ્ર માર્ગે પ્રયાણ કરવાની તાકાત નથી. મહર્ષિઓના એ ઉગ્ર માર્ગે વિચારવાનું નાદાન જીવનું ગજું શું ?

છે કોઇ સાદી સરળ અને અલ્પ શ્રમવાળી આરાધના ? જેનાથી આ ભયંકર ભવચક્રમાંથી જીવોનો છૂટકારો થાય ? હા...છે, એ શ્રેષ્ઠ આરાધના છે, સંયમ-તપના ઉગ્ર પાલનથી અંતરંગ દુશ્મનોને હણી નાખનારા અરિહંત પરમાત્મા સાથે, સકળ કર્મનો ક્ષય કરી શુદ્ધ આત્મસ્વરૂપને પ્રાપ્ત કરનારા સિધ્ધ ભગવંતો સાથે, સંયમ અને તપથી આત્માને જેમણે ભાવિત બનાવ્યો છે તેવા મહર્ષિઓ જોડે સંબંધ બંધાવનાર અને એમના એ અનંતગુણો અને ઉગ્ર આરાધનાના અનુમોદક નવકાર જાપની.

ધનપતિ પણ આરાધી શકે, દરિદ્ર પણ આરાધી શકે, રોગી, નિરોગી, નિર્બળ, બળવાન, રાજા તથા રંક બધાય આરાધી શકે તેવી આ સુગમ, સરળ, સુંદર આરાધના છે.

એક વાત પૂછું ભાઇ ? તીર્થસ્થાપના કરવી. ચતુર્વિધ સંઘની સ્થાપના કરવી, રાજાઓ, રાજપુત્રો, શ્રેષ્ઠિપુત્રો આદિને ચારિત્ર આપી ઉદ્ધાર કરવો વગેરે વગેરે અરિહંતોના અનંત સુકૃતોમાંથી એકે સુકૃત કરવાની તાકાત તમારામાં છે ?

અનંતગુણના ભંડાર સિદ્ધ પરમાત્માનો એક ગુણ પણ તમારી પાસે છે ? આચાર્ય દેવની શાસનપ્રભાવના, પંચાચારના પાલનાદિની આરાધનાનું તમારું ગજું છે ? શ્રુતનાં અધ્યયન- અધ્યાપનની ઉપાધ્યાય ભગવંતોની પ્રવૃત્તિનો અંશ તમે કરી શકો તેમ છો ? અને સળગતા ખેરના અંગારાથી દાઝતી માથાની ખોપરીની ભારે વેદના સમતા ભાવે સહન કરવાની **ગજસુકુમાલ મુનિ**ની સાધનાના ક્રોડમાં ભાગની આરાધના તમે કરી શકો તેમ છો ? ના, તો હે મહાનુભાવ ! ત્રણે કાળના અનંત અરિહંતોના તીર્થોની સ્થાપના, સંઘસ્થાપનાદિ સુકૃતોની અનુમોદના, અનંત સિદ્ધોની આત્મસ્વરૂપની સ્થિરતા અને અનંત ગુણોની અનુમોદના, ત્રણ કાળના સર્વ આચાર્યોના પંચાચારનું પાલન કરવા કરાવવાની અનુમોદના, ઉપાધ્યાયોના-અધ્યાપનની અને સર્વ કાળના અઢી દ્વીપમાં રહેલા સર્વ સાધુઓના ભારે ઉપસર્ગ પરિષહ સહનાદિ ઉપરાંત સંયમ આરાધનાની અનુમોદનાનો મહાલાભ લઇ લો !

નવકારના જાપની સરળ અને સાદી આરાધના અરિહંતાદિ પંચપરમેષ્ઠિના અનંત સુકૃતની અનુમોદનાનો મહાન લાભ આપે છે.

હે ભાગ્યશાળી ! પ્રભુ મહાવીર કે પાર્શ્વનાથ ભગવાનની

ઘોર સાધના અને ઉપકાર જોઇ તારું મસ્તક નમતું નથી ? સિદ્ધ ભગવંતના શુદ્ધ આત્મ સ્વરૂપને વંદન કરવા તારું મન ખેંચાતું નથી ? બૌદ્ધ રાજાદિના પ્રતિબોધક **વજસ્વામી,** સાડા ત્રણ ક્રોડ શ્લોકના રચનાર કલિકાલ સર્વજ્ઞ આચાર્ય **શ્રી હેમચંદ્રાચાર્ય,** ગુરુ આજ્ઞા ખાતર તપેલી કડાઇમાં પ્રાણ સમર્પણ કરનારા આચાર્ય **શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ** વગેરે આચાર્યોના ચરણકમળમાં તારું શિશ ઝુકતું નથી ?

સેંકડો ગ્રંથો રચી જૈન શાસનના શ્રુતનિધિને સમૃદ્ધ કરનાર **યશોવિજયજી, વિનયવિજયજી** વગેરે ઉપાધ્યાયોના ચરણમાં ચિત્ત ચોંટતું નથી ? ઉગ્ર સંયમના પાલન સાથે છઠ્ઠ તપના પારણે માખી પણ ન ઇચ્છે તેવા આહારના આયંબીલથી કાયાને સૂકવી શરીરને હાડકાનો માળો બનાવી દેનાર તપસ્વી, સંયમી **ધન્ના અણગારના** પવિત્ર આત્માની કલ્પના કરતા પણ આંખમાં આંસુ સાથે કોનું મસ્તક નમતું નથી ?

તું સમજી લે, એક નવકારના પ્રથમ પદના જાપમાં માત્ર એક **મહાવીર ભગવાન** કે **પાર્શ્વનાથ ભગવાન** નહીં પણ ભૂતકાળના મહાવીર ભગવંત જેવા અનંતા **અરિહંતો**ને નમસ્કાર થાય છે.

નવકારના બીજા પદના જાપથી શુદ્ધસ્વરૂપી અનંતા સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાય છે. નવકારના ત્રીજા પદના જાપથી કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્ય** જેવા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના સર્વ આચાર્યોને નમસ્કાર થાય છે.

નવકારના ચોથા પદના જાપથી ભૂતકાળમાં થયેલા **યશોવિજયજી મહારાજ** જેવા અનંતા મહાન ઉપાધ્યાયોને નમસ્કાર થાય છે.

જૈન શાસનની રત્નખાણમાં માત્ર એક **ધન્ના અણગાર** નથી થયા. અનંતકાળના ભીતરમાં ધન્ના અણગાર જેવા અનંત સાધુરત્ન થયા છે. વર્તમાનમાં પણ તેમના જેવા સાધુઓ વિચરે છે અને ભવિષ્યમાં પણ અનંતા થશે. આ બધાને નમવાનો લાભ નવકાર મંત્રના પાંચમા પદથી મળે છે. માટે જે આ પાંચ પદના જાપ દ્વારા પંચપરમેષ્ઠિનો થતો નમસ્કાર સર્વપાપોનો નાશક બને છે અને તેઓથી જગતના સઘળા મંગળોમાં પ્રથમ મંગળનું સ્થાન આ નવકાર જ પ્રાપ્ત કરે છે.

જીવનમાં એને વણી લેજો. આત્મપ્રદેશોમાં એને ઓતપ્રોત કરી દેજો અને તે માટે જ્યારે ફુરસદ મળે કે તરત હાથના વેઢા ઉપર કે માળા લઇ આ પંચ પરમેષ્ઠિ મંત્રને જપવાનું શરૂ કરી દેજો. ભવચક્રમાંથી તારા આત્માને છોડાવી પરમપદના મંગલ સ્થાને પહોંચાડવા માટે આ મંગળને બરાબર આરાધી લો. સુજ્ઞ આરાધક ! આટલું બસ છે તારા માટે...!

◆◆◆◆

## નવકારમાં નવતત્ત્વ

| | | |
|---|---|---|
| જીવ | - | નવકાર સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ બતાવે છે. |
| અજીવ | - | નવકાર જડભાવ દૂર કરાવે છે. |
| પુણ્ય | - | નવકાર પુણ્યાનુંબંધી પુણ્ય જગાડે છે. |
| પાપ | - | નવકાર પાપને છોડાવે છે. |
| આશ્રવ | - | નવકાર આશ્રવને અટકાવે છે. |
| સંવર | - | નવકાર સંવરરૂપ વિવેક પ્રગટાવે છે. |
| નિર્જરા | - | નવકારથી કર્મ નિર્જરે છે. |
| બંધ | - | નવકાર આત્માને બંધનું ભાન કરાવે છે. |
| મોક્ષ | - | નવકારમાં પરિણામે મોક્ષની શક્તિ છે. |

## નવરસરૂપી નવકાર

૧ દુઃખી પ્રત્યે કરૂણારસ.
૨ પાપ દૃષ્ટિએ રૌદ્રરસ.
૩ સંસારની અસારતા એ ભયાનક રસ.
૪ મોહ દૃષ્ટિએ હાસ્યરસ.
૫ વિજાતિ દૃષ્ટિએ સ્નેહરસ.
૬ મૃત્યુભાવથી વૈરાગ્યરસ.
૭ સંસાર દૃષ્ટિએ અદ્‌ભૂતરસ.
૮ ભાવ દૃષ્ટિએ વાત્સલ્યરસ.
૯ આત્મભાવનાથી સમતારસ.




નવકારમંત્રને નિત્ય, શાશ્વત, અનાદિ સિદ્ધ, સનાતન, અવિનાશી તરીકે ઓળખાવવામાં આવે છે.

શું નવકારમંત્ર ખરેખર શાશ્વત છે ? એને 'શાશ્વત' કહેવામાં અતિશયોક્તિ તો નથી થતીને ? એને 'નિત્ય' કહેવામાં જૈનધર્મનું મિથ્યાભિમાન તો નથી રહ્યું ને ? નવકારમંત્રની ભાષા અર્ધમાગધી છે. અર્ધમાગધી ભાષા તો ત્રણ હજાર કે તેથી થોડાં વધુ વર્ષ જૂની છે. તો પછી નવકાર મંત્ર એથી વધુ જૂનો કેવી રીતે હોઇ શકે ? આવા આવા પ્રશ્નો થવા સ્વાભાવિક છે. પરંતુ એ વિશે શાંત ચિત્તે, પૂર્વગ્રહ રહિત થઇને, વિશ્વના વિશાળ ફલક ઉપર અને કાળના અનંત પ્રવાહના પરિપ્રેક્ષ્યમાં વિચાર કરવાથી આ બધા સંશયો ટળી જશે.

નિત્ય એટલે હંમેશનું, કાયમનું. જેનું અસ્તિત્વ કાયમ કે સતત રહ્યા કરે તે નિત્ય કહેવાય. શાશ્વત એટલે જેનો ક્યારેય નાશ થવાનો નથી. અનાદિ એટલે આદિ વગરનું, જેનો આરંભ ક્યારેય થયો નથી ને આરંભ ક્યારે થયો તે કહી ન શકાય એવું, આરંભ વિનાનું એટલે અનાદિ, અમુક કાળે તેનો આરંભ થયો એમ કહીએ તો તે અનાદિ ગણાય નહિ અને અસંગતિનો દોષ આવે. સનાતન એટલે પ્રાચીન કાળથી ચાલ્યું આવતું, અવિનાશી, નિશ્ચલ. આમ નિત્ય, શાશ્વત, સનાતન, અવિનાશી, અનાદિ એ બધા શબ્દો નજીક નજીકના અર્થવાળા છે.

નવકારમંત્રને નિત્ય, શાશ્વત અનાદિસિદ્ધ તરીકે એળખાવવામાં રહસ્ય પૂર્ણ યથાર્થ પ્રયોજન રહ્યું છે. નમવાની ક્રિયા આ વિશ્વમાં સર્વત્ર જોવા મળે છે.

મનુષ્યનું ઉત્તમાંગ તે એનું મસ્તક છે. પોતાના ભાવોને દર્શાવવા માટે, જેમ કે હા ના, સ્વીકાર અસ્વીકાર, સંતોષ અસંતોષ ઇત્યાદિ ભાવો દર્શાવવા માટે મસ્તકના હલનચલનની ક્રિયા કુદરતી રીતે થઇ જાય છે. સ્વીકાર માટે, વડીલો કે ગુરુજનો પ્રત્યે પૂજ્યભાવ દર્શાવવા માટે, પોતે ઉપકૃત થયા છે એવો ભાવ બતાવવા માટે મસ્તક નમાવવાની ક્રિયા આદિ કાળથી કે અનાદિ કાળથી ચાલી આવી છે. એવી ક્રિયા અમૂક કાળ પછી બંધ થઇ જશે એમ કહી શકાય નહિ. આમ વિશ્વમાં નમન કરવાન ક્રિયાનું નિત્યત્વ, સાતત્ય જોવા મળે છે. એટલા માટે નમસ્કારની સ્થૂલ ક્રિયા વિશ્વમાં શાશ્વત છે એમ કહી શકાય.

નવકારમંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યા છે. હવે કોઇ કદાચ પ્રશ્ન કરે કે નમવાની ક્રિયા આ વિશ્વમાં અનાદિ કાળથી ચાલી આવે છે એ સાચું, પરંતુ અરિહંત, સિદ્ધ વગેરે પંચ પરમેષ્ઠિ અનાદિ કાળથી ન હોય તો પછી નમવાની ક્રિયાનું કે નવકારમંત્રનું કોઇ પ્રયોજન રહેતું નથી. એના ઉત્તરમાં શાસ્ત્રકારો પંચ પરમેષ્ઠિની શાશ્વતતા તો સમજાવે છે, પરંતુ તે પહેલાં જે વડે આ વિશ્વ બનેલું છે તે મૂળભૂત દ્રવ્યોની નિત્યતા પણ સમજાવે છે.

આવશ્યક ચૂર્ણીમાં કહ્યું છે, `जहा पंच अत्थिकाया निच्चा एवं नमुक्कारो वि ।' અર્થાત્ જેમ પાંચ અસ્તિકાય નિત્ય છે તેમ નમસ્કારમંત્ર પણ નિત્ય છે. જૈનધર્મ પ્રમાણે આ વિશ્વમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યો છે. તેમાંથી ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ અસ્તિકાય (પ્રદેશોનો સમૂહ) ગણાય છે. સમગ્ર વિશ્વમાં આ પાંચે દ્રવ્યો ગુણથી નિત્ય છે, અનાદિ અને અનંત છે. તેનો ક્યારેય નાશ થયો નથી, થતો નથી અને થવાનો નથી. તેવી જ રીતે નવકારમંત્ર નિત્ય છે. તેનો ક્યારેય નાશ થવાનો નથી. આમ ચૂર્ણિકારે નવકારમંત્રની નિત્યતા પંચાસ્તિકાયનું ઉદાહરણ આપીને દર્શાવી છે.

**'નમસ્કારફલ પ્રકરણ'** માં કહ્યું છે :

**एसो अणाइकालो अणाइजीवो अणाइजिणधम्मो ।**
**तइया वि ते पढंता, इसुच्चियजिणनमुक्कारो ॥**

(આ કાળ અનાદિ છે, આ જીવ અનાદિ છે અને આ જૈન ધર્મ પણ અનાદિ છે. જ્યારથી એ છે ત્યારથી આ જિન નમસ્કાર (નવકારમંત્ર) ભવ્ય જીવો વડે ભણાય છે.)

આમ આ ગાથામાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જૈનધર્મ અનાદિ છે અને તે પ્રમાણે નવકારમંત્ર પણ અનાદિ છે.

જેવી રીતે અરિહંત પરમાત્માનું પદ અને સ્વરૂપ શાશ્વત છે તેવી જ રીતે સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સાધુ ભગવંતનાં પદ અને સ્વરૂપ પણ શાશ્વત છે, અનાદિ-અનંત છે. નવકારમંત્રમાં અરિહંત ઉપરાંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુને કરાતા નમસ્કારમાં પણ કોઇ એક જ નિશ્ચિત વ્યક્તિને નમસ્કાર નથી, પણ અનાદિ અનંત કાળના તે તે સર્વેને નમસ્કાર છે. એટલે જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે આ પંચ પરમેષ્ઠિ હોય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે સર્વેને નમસ્કાર છે. એટલા માટે જ કવિ કુશળ લાભે કહ્યું છે કે, 'નવકાર તણી કોઇ આદિ ન જાણે.' આમ નવકાર મંત્ર અનાદિ કાળથી સિદ્ધ થયેલો શાશ્વત મંત્ર છે. માટે જ કુશળલાભ વાચક નવકારમંત્રના છંદમાં એનો મહિમા વર્ણવતાં કહે છે :

**'નિત્ય જપીએ નવકાર, સાર સંપત્તિ સુખદાયક,**
**સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક.'**

કોઇકને કદાચ એમ પ્રશ્ન થાય કે નવકારમંત્ર અનાદિ છે તે તો સમજાય છે, પરંતુ તે નિત્ય છે, અનંત છે, શાશ્વત કાળ માટે રહેશે એમ કહેવાય ? કારણ કે આ અવસર્પિણીનો પાંચમો આરો પૂરો થયા પછી છઠ્ઠા આરામાં જો ધર્મ જ નહિ રહે, તો નવકારમંત્ર ક્યાં રહેશે ? છઠ્ઠો આરો પૂરો થયા પછી ફરી ઉત્સર્પિણી કાળ આવે ત્યારે માનો કે નવકારમંત્ર ફરીથી ચાલુ થાય તો પણ એટલો કાળ તો એનો વિચ્છેદ થયો એટલે કે એનું સાતત્ય તૂટ્યું એમ ન કહી શકાય ? તો પછી એની નિત્યતા, શાશ્વતતા ક્યાં રહી ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે નવકારમંત્રની નિત્યતા કે શાશ્વતતા જે કહેવામાં આવી છે તે ચૌદ રાજલોકની દૃષ્ટિએ કહેવામાં આવી છે. છઠ્ઠા આરામાં ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાંથી એટલો કાળ નવકારમંત્રનો વિચ્છેદ થશે, પરંતુ મહાવિદેહક્ષેત્ર કે જ્યાં સદાય ચોથા આરા જેવી સ્થિતિ પ્રવર્તે છે, જ્યાં કાયમ તીર્થંકર પરમાત્માઓ વિચરે છે અને જ્યાં મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, નિર્વાણ માટેનાં દ્વાર નિરંતર ખુલ્લાં જ છે ત્યાં નવકારમંત્રનો ક્યારેય વિચ્છેદ થતો નથી. ત્યાં શાશ્વતકાળને માટે નવકારમંત્ર વિદ્યમાન જ છે. માટે જ આવશ્યક ચૂર્ણિમાં કહ્યું છે :

**जदा हि भरहेरवएहिं वुच्छिज्जति ।**
**तथा वि महाविदेहे अवुच्छिन्नो ॥**

(જ્યારે ભરત અને ઐરાવતક્ષેત્રોમાંથી તે વિચ્છેદ પામે છે, ત્યારે પણ મહાવિદેહ ક્ષેત્રમાં તે અવિચ્છિન્ન રહે છે.)

મહાવિદેહક્ષેત્રમાં નવકારમંત્ર નિત્ય બોલાય છે, ભણાય છે. **'નમસ્કાર ફલ પ્રકરણ'** નામના ગ્રંથમાં એના કર્તા એટલે જ કહે છે :

**सट्ठिसयं विजयाणं पवराणं जत्थ सासओ कालो ।**
**तत्थ वि जिण नवकारो इय एस पढिज्जइ निच्चं ॥**

(એકસો સાઠ વિજયો (મહાવિદેહક્ષેત્રની) કે જ્યાં કાળ શાશ્વત છે ત્યાં પણ આ જિનનમસ્કાર નિત્ય ભણાય છે.)

સૈકાઓ પૂર્વે જ્યારે મુદ્રિત ગ્રંથો ન હો તો અને અભ્યાસ તથા સંશોધનની સર્વ સામગ્રી સુલભ ન હોતી, ત્યારે એક સંપ્રદાયમાં એવો મત પ્રર્વત્યો હતો કે નવકાર મંત્ર સૌ પ્રથમ **'ષટ્ખંડાગમ'** ગ્રંથમાં જોવા મળે છે. માટે એ ગ્રંથના રચયિતા પુષ્પ દન્તાચાર્યે નવકાર મંત્રની રચના કરી છે પરંતુ પૌરસ્ત્ય અને પાશ્ચાત્ વિદ્વાનોએ ગઇ સદીમાં હસ્તપ્રતો શિલાલેખ ઇત્યાદિના આધારે જે અધિકૃત સંશોધન કર્યા છે તે દર્શાવે છે કે નવકાર મંત્રના ઉલ્લેખો એથી પણ પ્રાચીન કાળમાં મળે છે. એટલે પુષ્પદન્તાચાર્યે નવકાર મંત્રની રચના કરી છે એવો મત હવે સ્વીકાર્ય રહ્યો નથી. આ તો ઉપલબ્ધ સામગ્રીની વાત થઇ પરંતુ કાળના પ્રવાહમાં નષ્ટ થઇ ગયેલી સામગ્રીનું પ્રમાણ અનેક ગણું છે. માટે જ કવિ કુશળલાભ વાચકે કહ્યું છે તેમ **'નવકાર તણી આદિ કોઇ ન જાણે.'**

આમ જિનશાસનના અને ચૌદ પૂર્વના સારરૂપ પંચમંગલ મહાશ્રુત મંત્ર શિરોમણિ નવકાર મંત્ર અનાદિ સંસિદ્ધ, નિત્ય, શાશ્વત અને અવિનાશી છે. ◆◆◆




**પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ**

**નમો અરિહંતાણં.**
**નમો સિદ્ધાણં.**
**નમો આયરિયાણં.**
**નમો ઉવજ્ઝાયાણં.**
**નમો લોએ સવ્વ-સાહૂણં.**
**એસો પંચ-નમુક્કારો.**
**સવ્વ-પાવ-પ્પણાસણો.**
**મંગલાણં ચ સવ્વેસિં.**
**પઢમં હવઇ મંગલં.**

પદ ૯, સંપદા ૮, ગુરુ અક્ષર ૭, લઘુ અક્ષર ૬૧, સર્વ અક્ષર ૬૮.

**શબ્દાર્થ**

**નમો**=નમસ્કાર, **અરિહંતાણં**=અર્હત્ ભગવંતોને, **સિદ્ધાણં**=સિદ્ધ ભગવંતોને, **આયરિયાણં**=આચાર્ય ભગવંતોને, **ઉવજ્ઝાયાણં**=ઉપાધ્યાય ભગવંતોને, **લોએ**=જગતમાના, **સવ્વસાહૂણં**=સર્વ મુનિમહારાજાઓને, **એસો**=આ, **પંચ**=પાંચ, **નમુક્કારો**=નમસ્કાર, **સવ્વ**=સર્વ, **પાવ**=પાપ, **પ્પણાસણો**=નાશ કરનાર, **મંગલાણં**=મંગલોમાં, **ચ**=અને, **સવ્વેસિં**=સર્વ, **પઢમં**=પહેલું, **હવઇ**=છે, **મંગલમ્**=મંગલ.

**ગાથાર્થ**

બાર ગુણે યુક્ત શ્રી અર્હત્ ભગવંતોને નમસ્કાર.
આઠ ગુણે યુક્ત શ્રી સિદ્ધ ભગવંતોને નમસ્કાર.
છત્રીસ ગુણે યુક્ત શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર.
પચીસ ગુણે યુક્ત શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર.
જગતમાના સત્તાવીસ ગુણે યુક્ત સર્વ સાધુ-મુનિરાજોને નમસ્કાર.

આ પાંચ-નમસ્કારો સર્વ-પાપોનો નાશ કરનાર છે. અને (જગતના) સઘળાં યે મંગલકારી સાધનોમાં ઉત્તમમાં ઉત્તમ (મુખ્ય) મંગલ છે.

**પંચ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રનો વિશેષાર્થ**

આ સૂત્રમાં બે ભાગ છે. પહેલાં પાંચ પદોમાં પાંચ પરમેષ્ઠિને નમસ્કાર છે અને બીજાં પદો ચૂલિકા (પરિશિષ્ટ) રૂપે છે. અને તેમાં પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાનું ફળ તથા તેનું માહાત્મ્ય સૂચવ્યું છે.

નમસ્કાર શબ્દનો પ્રાકૃત ભાષામાં નમોક્કાર-નમુક્કાર તથા મ નો વ કરવાથી નવક્કાર, નવકાર પણ થાય છે.

આ પાંચ આત્માઓ સિવાય જગતમાં કોઇ પણ વસ્તુ વધારે પવિત્ર કે વધારે ઉત્તમ પ્રકારની નથી જ. તેથી તેઓનું નામ **'પરમેષ્ઠિ'** એટલે ઉંચામાં ઉંચી પદવી ઉપર રહેલા એવો અર્થ થાય છે.

આ સૂત્ર સકલ જૈન આરાધનાઓનું કેન્દ્ર છે, તેથી જૈન શાસ્ત્રનો સાર છે. આમાંનો દરેક નમસ્કાર દરેક અધ્યયન છે. અને આખું સૂત્ર શ્રુતસ્કંધ છે, છતાં નંદી સૂત્ર વગેરેમાં બીજાં સૂત્રોની માફક જુદું સૂત્ર ન ગણાવતાં સર્વ સૂત્રોની આદિમાં હોવાથી સ્વતંત્ર અને સર્વ સૂત્રોમય હોવાથી, તેઓની સાથે ગણાયેલા છે. પ્રવાહથી નવકાર અનાદિ છે, અને તીર્થની અપેક્ષાએ શ્રી ગણધરકૃત છે.

આ સૂત્ર ઉપર પૂર્વે અનેક નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વગેરે ઘણા જ વિસ્તારથી વિદ્યમાન હતાં, અને આજે પણ આવશ્યક સૂત્રમાં સંક્ષેપથી છે. શ્રી વજ્રસ્વામી મહારાજે સર્વ સૂત્રોની આદિમાં મંગલ તરીકે તેને સ્થાપિત કરેલ છે જેથી સર્વ આગમ સૂત્રોની શરૂઆતમાં તે મંગલ તરીકે આવે છે.

તે જ પ્રમાણે શ્રી આવશ્યક મૂલ સૂત્રમાં અને અહીં પણ મંગલ તરીકે તેને પ્રથમ મૂકવામાં આવેલ છે. તે ઉપરાંત, ધાર્મિક ક્રિયાઓમાં પણ મંગલ તરીકે ઘણી વખતે આ સૂત્ર બોલાય છે. કોઇ પણ સૂત્ર તથા ક્રિયા કોઇ અજ્ઞ જીવને ન આવડતાં હોય, તો તે સૂત્ર અને તે ક્રિયાઓમાં લોગસ્સ,

અતિચારની આઠ ગાથાઓ વગેરે ઠેકાણે પણ આ સૂત્ર વપરાય છે.

આ સૂત્ર સર્વ મંગલોમાં શ્રેષ્ઠ મંગલ રૂપ હોવાથી સર્વ વિઘ્નો અને પાપોનો નાશ કરનાર છે. તેથી પવિત્રતા જાળવીને શ્રદ્ધાપૂર્વક જ્યારે અવકાશ મળે ત્યારે નિરંતર સ્મરણ કરનારનાં સર્વ ઉપદ્રવો નાશ કરવા તે સમર્થ છે. માટે ઉત્તમોત્તમ આરાધના છે. નવ લાખ નવકાર ગણનાર અવશ્ય નજીક મોક્ષગામી થાય છે.

**પંચ પરમેષ્ઠિના મુખ્ય ૧૦૮ ગુણો : (૧) અરિહંત ભગવંતોના બાર ગુણો :** ૧. અશોક વૃક્ષ, ૨. દેવોએ કરેલી પુષ્પની વૃષ્ટિ. ૩. દિવ્ય ધ્વનિ, ૪. ચામરો, ૫. આસન, ૬. ભામંડળ, ૭. દુંદુભિનાદ, ૮. છત્ર, ૯. અપાયાપગમાતિશય, ૧૦. જ્ઞાનાતિશય, ૧૧. પૂજાતિશય, ૧૨. વચનાતિશય.

**(૨) સિદ્ધ ભગવંતોના આઠ ગુણો :** ૧. અનંત જ્ઞાન, ૨. અનંત દર્શન, ૩. અનંત અવ્યાબાધ સુખ, ૪. અનંત ચારિત્ર, ૫. અક્ષય સ્થિતિ, ૬. અરૂપીપણું, ૭. અગુરુલઘુપર્યાય. ૮. અનંતવીર્ય.

**(૩) આચાર્ય ભગવંતોના છત્રીશ ગુણો :** ૫ ઇન્દ્રિયોને વિકાર તરફ જવા ન દેતાં તેને દબાવી રાખવી. બ્રહ્મચર્યવ્રતની નવ ગુપ્તિઓ. ૪ કષાયનો ત્યાગ. પાંચ મહાવ્રતોનું પાલન. ૫ સમિતિ અને ૩ ગુપ્તિનું પાલન. ૫ + ૯ + ૪ + ૫ + ૫ + ૫ + ૩ = ૩૬ એ છત્રીશ ગુણો.

**(૪) ઉપાધ્યાય ભગવંતોના પચીસ ગુણો :** ૧. આયારાંગ (આચારાંગ), ૨. સૂયગડાંગ (સૂત્રકૃતાઙ્ગ), ૩. ઠાણાંગ (સ્થાનાઙ્ગ), ૪. સમવાયાંગ (સમવાયાઙ્ગ) ૫. ભગવતી, ૬. નાય ધમ્મકહા (જ્ઞાતાધર્મકથા), ૭. ઉવાસગદશાંગ (ઉપાસકદશાઙ્ગ) ૮. અંતગડદશાંગ (અન્તકૃદ્દશાઙ્ગ) ૯. અનુત્તરોવવાઇ (અનુત્તરૌપપાતિક), ૧૦. પન્હ વાગરણ (પ્રશ્ન-વ્યાકરણ), ૧૧. વિવાગ (વિપાક-સૂત્ર) એ અગિયાર અંગ ભણાવવા તથા ૧. ઉવવાઇ સૂત્ર (ઔપપાતિક સૂત્ર) ૨. રાય-પસેણીય સૂત્ર (રાજ-પ્રશ્નીય સૂત્ર) ૩. જીવાભિગમ ૪. પન્નવણા (પ્રજ્ઞાપના) ૫. જંબુદ્દીવપન્નતિ (જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ) ૬. ચંદપન્નતિ (ચન્દ્રપ્રજ્ઞપ્તિ) ૭. સૂરપન્નતિ (સૂર્યપ્રજ્ઞપ્તિ) ૮. કપ્પિયા (કલ્પિકા) ૯. કપ્પવડંસિયા (કલ્પાવતંસિકા) ૧૦. પુફ્ફિયા (પુષ્પિકા) ૧૧. પુપ્ફ-ચૂલિયા (પુષ્પ-ચૂલિકા) ૧૨. વન્હિ દશા (વૃષ્ણિ દશા): એ બાર ઉપાંગો ભણાવવા, (૧૧ + ૧૨ = ૨૩) તથા ૨૪. કરણસિત્તરિ અને ૨૫. ચરણસિત્તરીનું પાલન અને શિક્ષા.

**(૫) સાધુ-મુનિરાજોના સત્તાવીસ ગુણો :** ૫ મહાવ્રત. ૧ રાત્રિ ભોજન વિરમણ. ૬ કાયના જીવોની વિરાધનાનો ત્યાગ. ૫ ઇન્દ્રિયોનો નિગ્રહ. ૧ લોભનો ત્યાગ. ૧ ક્ષમા. ૧ ચિત્તની નિર્મળતા. ૧ પ્રમાર્જના અને પ્રતિલેખના. ૧ સંયમ. ૩. સાવદ્ય મન-વચન કાયાનો રોધ. ૧. પરિષહ સહવા. ૧ ઉપસર્ગ સહવા. એ ૨૭ સત્તાવીસ. આમ ૧૨ + ૮ + ૩૬ + ૨૫ + ૨૭ = ૧૦૮. કુલ એકસો આઠ ગુણો પંચ પરમેષ્ઠીના છે.

## નવકાર મંત્ર કેમ ફળે ?

પ્રથમ નવકારનો શુદ્ધ પાઠ શ્રી સદ્‌ગુરુ ભગવંત પાસેથી ગ્રહણ કરવો. પ્રારંભમાં ઉચ્ચાર કરીને પાઠ કરતી વખતે નવકારના અક્ષરોમાં ઉચ્ચાર કરીને પાઠ કરતી વખતે નવકારના અક્ષરોમાં આત્માનો ઉપયોગ પરોવતા રહેવાની ટેવ પાડવી. સમયની અનુકૂળતા મુજબ નવકારનો ઉપયોગપૂર્વક શુદ્ધ પાઠ પ્રારંભમાં ૧૨ની સંખ્યામાં રોજ નિયમિત શરૂ કરવો. ઉપયોગપૂર્વક જપાયેલ એ બારની સંખ્યાને અનુકૂળતા મુજબ ૧૦૮ સુધી લઇ જવી. એ પછી અનુકૂળતા મુજબ એ સંખ્યાને ૩ બાંધી માળા (૩૨૪) સુધી લઇ જવી. આ બધો જ જાપ આંગળીઓના વેઢા પર જ કરવો. જાપ વખતે સીધા, ટટ્ટાર બેસવું. આંખ બંધ રાખવી. મનમાં પરમેષ્ઠિઓની આકૃતિ કે નવકારના અક્ષરો વગેરે જોવાની કોઇ આવશ્યકતા પ્રારંભમાં નથી. પ્રારંભમાં તો એટલું જ કરવાનું કે નવકારના અક્ષરોના જે વાચિક કે માનસિક ઉચ્ચાર, જે આપણે પોતે કરીએ છીએ તેમાંજ આપણું ચિત્ત વધુને વધુ પરોવાતું જાય. આ રીતે છ મહિના સુધી અખંડ રીતે ૩૨૪ સંખ્યા કરનારના જીવનનું સૌથી મહત્ત્વનું કાર્ય ફક્ત છ મહિનામાં સિદ્ધ થયાના ઘણા દાખલાઓ છે.

**–પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા.**

# ‘નમો અરિહંતાણં’માં પંચ પરમેષ્ઠિનો સમાવેશ

**પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ**

નવકાર તે સર્વ મહામંત્રો અને સર્વ પરમ વિદ્યાઓનું બીજ છે. તેમાં અનંત અર્થ ભર્યા છે. **‘નમો અરિહંતાણં’** આ એક પદથી પાંચેય પરમેષ્ઠિઓનું સ્મરણ થાય છે. સોનામાં ગમે તેટલી બારીક કારીગરી કરી શકાય છે, તેમ આ સૂત્ર અનંત અર્થથી ભરેલું છે. અરિહંતના સ્મરણમાં સિદ્ધનું સ્મરણ છે. અરિહંતો સિદ્ધ થવાનાં છે. તેથી દ્રવ્યથી તેઓ સિદ્ધ છે. એ રીતે અરિહંત પદમાં સિદ્ધપદ આવી જાય. અરિહંતો ગણધરોનાં ગુરુ અર્થાત્ આચાર્ય છે. તેથી તેમાં નમો આયરિયાણં પદ આવી જાય. આચાર્ય તીર્થંકર સમાન છે. સૂત્રની દેશના ઉપાધ્યાય આપે છે. તીર્થંકર તીર્થ સ્થાપતી વખતે પ્રથમ શિષ્યોને ત્રિપદી આપે છે, તેથી તેમાં ઉવજ્ઝાયાણં પદ આવી જાય. અરિહંત ભગવાન પોતે સાધુ પણ છે, તેથી અરિહંતોના નમસ્કારમાં સાધુઓને નમસ્કાર આવી ગયો. દીક્ષા લે ત્યારે અરિહંતો સાધુ કહેવાય. કારણ કે મહાવ્રતોનું પાલન કરે છે. એ રીતે **‘નમો અરિહંતાણં’** પદ દ્વારા એ પંચ પરમેષ્ઠીઓને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે. અને સર્વ મંગલની પ્રાપ્તિ કરાવે છે. પહેલા પદમાં નવે નિધાનો રહેલા છે. બધા યક્ષો આદિ તેનાં સેવકો છે. નવે ગ્રહો એને અનુકૂળ રહે છે. જગતમાં સર્વ દેવ અને દેવીઓ અને સઘળી રિદ્ધિ અને સિદ્ધિઓ એની પાછળ છે. આ સાત અક્ષરો આપણને સ્વાધીન છે. રાત-દિવસ તેની સાથે વસી શકાય છે.

ભાવિ તીર્થંકરો મહાવિદેહમાં છે. તેઓ આજે અહીં નથી, પણ સાત અક્ષર આપણને સ્વાધીન છે. સમગ્ર સંસારનાં દુઃખ દાવાનળને બુઝવવાની તાકાત એ સાત અક્ષરોમાં છે. જન્મ, જરા, મરણ, રોગ, શોક વગેરે આગ છે. આગ હોય ત્યાં સુધી તેનું નિવારણ સાથે જ જોઇએ, તેનું નિવારણ **‘નમો અરિહંતાણં’** છે. નવકારનાં સાત અક્ષરો આપણા બને, તો જગતની તમામ ઉત્તમ વસ્તુઓ આપણી બની જાય. સાધુનાં હૃદયમાં સમગ્ર સત્ત્વ વિષયક સ્નેહનું પરિણામ હોય છે. સમગ્રનાં હિતની વિચારણા હોય છે. તેનું સ્મરણ કરવાથી મહાન સુકૃત થાય છે. અરિહંતનાં સ્મરણમાં જીવમાત્રનાં હિતની ચિંતાનું સ્મરણ રહેલું છે. નવકાર ગણનાર દીન-દુઃખી ન હોય, એમ કહેવાય છે, તો તેનું રહસ્ય સમજવું જોઇએ. **‘નમો અરિહંતાણં’** આ પદના માધ્યમે પાંચેય પરમેષ્ઠિઓની સાધનામાં જેને સમગ્ર જીવરાશિનાં હિતની ચિંતા કરી હોય, તેનું સ્મરણ થાય છે. અને તે જ મહામંગળ છે. આવું મંગલ જેનાં હૃદયમાં વસે તેને દુઃખ ન રહે, તેને આર્તધ્યાન ન રહે, તેની દુર્ગતિ ન થાય, તે દીન ન બને, તેનામાં અહંકાર ન વ્યાપે.

અરિહંતોએ તીર્થની જે સ્થાપના કરી છે, તે પણ જીવોનાં હિત માટે જ. તેમને પોતાની સાધના વખતે આપણા આત્માની પણ ચિંતા કરી હતી. અસંખ્ય તીર્થંકરોના આત્માઓ દેવલોકમાં છે, તેઓ પણ આપણા હિતની ચિંતા કરી રહ્યા છે. એમનાં પ્રભાવે આપણે ધર્મની સન્મુખ થઇએ છીએ. બધાં દુઃખોનું મૂળ પાપ છે. તે પાપ નવકારનાં સ્મરણથી નાશ પામે છે. નવકારનાં જાપથી પાપ-સંતાપ, રોગ-શોક શમી જાય છે. રૂપાળો બાપ અને કદરૂપો છોકરો એટલે પાપનું ફળ દુઃખ. પાપ કરતી વખતે આપણને રૂપાળું લાગે છે. પણ તેનાં ફળ તરીકે દુઃખ કોઇને ગમતું નથી. દુઃખ કદરૂપો દીકરો છે. તેનો બાપ પાપ છે. અઢાર પ્રકારનાં પાપ રૂપાળાં લાગે છે, પણ તેનું પરિણામ સારું લાગતું નથી. અને સુખનો બાપ ધર્મ છે. **‘નમો અરિહંતાણં’** એ ધર્મ કરવાની કળા છે, તે કળા આવડી જાય તો સુખ શોધવા જવું પડે નહિ.

**‘નમો અરિહંતાણં’**થી મન સિદ્ધશિલા ઉપર પહોંચી જાય છે. **‘નમો અરિહંતાણં’**નો જાપ એ માટે નિસરણી છે.

**શ્રી લાલચંદજી છોગાલાલજી**
**(નાંદીયા / રાજસ્થાન-કોલાબા / મુંબઇ)**

હું જાપ કરું છું, એ અભિમાન નકામું છે. ઉત્તમ આલંબન મને જાપ કરાવે છે એમ માનવું, એ નમ્રતા છે. નમ્ર જ ઉપર ચડી શકે છે, અભિમાની નહિ, માટે જાપનાં આલંબનભૂત અક્ષરોને બરાબર પકડવા જોઇએ, તો જ તે આપણને ઊંચે લઇ જવા માટે લિફ્ટનું કામ કરે.

**નવકારને હજાર માણસ ભેગા મળીને ગણે તો તેનું બળ ઘણું વધી જાય છે. એક સાથે બે માણસ ગણે તો બળ દશગણું થાય છે. ત્રણ ગણે તો ૧૦૦ ગણું ચાર ગણે તો ૧૦૦૦ ગણું, એમ દશ-દશનો આંક વધારતા જવું, તો હજાર માણસ ભેગા મળીને ગણે, તો ફળ કેટલું વધી જાય ? અને બળ પણ કેટલું વધી જાય ? ચતુર્વિધ સંઘ સાથે મળીને કરે તેમાં ભાવ જુદો આવે છે, શ્રદ્ધા વધે છે.**

નવકારમાં તો જીવરાશિ આવી જ જાય, પણ તેને આરાધનાર વર્ગમાં પણ જીવરાશિનાં હિતનો વિચાર આવી જાય. જેનું નામ ગ્રહણ કરવા માત્રથી ભવ્ય જીવોનાં અશેષ દુ:ખો એકદમ દૂર થઇ જાય એટલો બધો પ્રભાવ નવકારનો છે. માટે આ મંત્ર જપીને સદગતિમાં જવાય છે.

નવકારની સાથે સંબંધ છે અક્ષરોનો-અર્થનો-પરમાર્થનો ! આપણા આત્માનો સંબંધ ધર્મ દ્વારા સમગ્ર જીવરાશિની સાથે છે. ધર્મને યાદ કરવાથી બધા જ યાદ આવી જાય છે. પ્રથમપદનો જાપ કરવાથી યોગ્ય જીવોનો ભવરૂપી દાવાનળ ક્ષણવારમાં શમી જાય છે. મુક્તિ-કન્યા સાથે લગ્ન કરવું હોય, તો સર્વ જીવરાશિની સાથે સંબંધ બાંધવો પડે. આ માટે પંચ પરમેષ્ઠિને સમાવતી **'નમો અરિહંતાણં'** પદની ઉપાસના-જાપ એક શ્રેષ્ઠ આલંબન છે.

◆◆◆

# નવકાર મંત્રનો અચિંત્ય પ્રભાવ

**પૂ. આચાર્યદેવ શ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

નવકાર મંત્રનો પ્રભાવ અચિંત્ય છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે–

**वाहिजलजलणतक्करहरिकरिसंगामविसहरभयाइं ।**
**नासंति तक्खणेणं जिणनवकारप्पभावेणं ।।**

**वाहि** એટલે વ્યાધિ, રોગ, આતંક. તેનો ભય નવકાર મંત્રની ગણના કરવાથી નાશ પામે છે. વર્તમાનકાળે પણ એવા દાખલાઓ જોવામાં આવે છે કે જે રોગ મટાડવામાં વૈદ્ય-હકીમો-ડોકટરો નિષ્ફળ ગયા હોય, તે રોગ માત્ર નવકારની નિયમિત ગણના કરવાથી જ મટ્યો હોય.

**जल** એટલે પાણી. તેનો ભય પણ નવકાર મંત્રની ગણના કરવાથી નાશ પામે છે. પાણીનું પૂર આવ્યું હોય કે ચારે બાજુ જળબંબાકાર થઇ ગયું હોય તે વખતે અંતરના શુદ્ધ ભાવથી નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવે તો તેનું રક્ષણ થાય છે.

**जलण** એટલે અગ્નિ. તેનો ભય ઉત્પન્ન થયો હોય, ત્યારે આ નવકાર મંત્ર મેઘવૃષ્ટિ જેવું કાર્ય કરે છે. નગરમાં આગ લાગી હોય, તે કૂદકે અને ભૂસકે આગળ વધી રહી હોય, સર્વ લોકો ત્રાસ પામીને ભાગતા હોય, ત્યારે નવકાર મંત્રનું આરાધન કરનારનાં હવેલી-હાટ આબાદ બચી ગયાં હોય, એવા દાખલાઓ શાસ્ત્રમાં નોંધાયેલા છે.

**तक्कर** એટલે તસ્કર, ચોર, લૂંટારુ, ધાડપાડુ. તેનો ભય પણ નવકાર મંત્રના પ્રભાવથી નાશ પામે છે.

**हरि** શબ્દના અનેક અર્થો થાય છે, પણ અહીં **हरि** શબ્દથી સિંહ સમજવાનો છે. સિંહનો ભય એટલે મહાભય. તેના પંજામાંથી મનુષ્ય છટકી શકે નહિ. પરંતુ નવકાર મંત્રની ગણના કરવાથી એ ભય પણ દૂર થઇ જાય છે.

**करि** એટલે હાથી. તે પણ મસ્ત બનીને સામો આવતો હોય તો અનેક મનુષ્યોને ચગદી નાખે છે કે સૂંઢવતી પકડીને ચીરી નાખે છે અથવા તો દડાની જેમ હવામાં ઉછાળી નીચે પટકે છે અને મારી નાખે છે. એ ભયનું નિવારણ પણ નવકાર મંત્રની ગણનાથી થાય છે.

**संगाम** એટલે સંગ્રામ, યુદ્ધ, લડાઇ. તે ફાટી નીકળતાં અનેક મનુષ્યોના જાનની ખુવારી થાય છે અને તેમના ઘરબાર નાશ પામે છે. પરંતુ આવા વખતે નવકાર મંત્રની અનન્ય મને ગણના કરી હોય તો આબાદ રક્ષણ થાય છે.

**विसहर** એટલે વિષધર, સાપ. તેનો ભય પણ સામાન્ય મનુષ્યોને ઘણો થરથરાવે છે, કારણ કે તેનો દંશ થતાં જ શરીરમાં ઝેર ચડવા લાગે છે અને થોડી વારમાં મૃત્યુ નીપજે છે. પરંતુ આવા વખતે નવકાર મંત્રની ગણના કરવાથી જેને સર્પદંશ થયો હોય, તેના પર નવકાર મંત્ર ભણીને પાણી છાંટવામાં આવે તો ઝેર ઉતરી જાય છે અને મનુષ્યનો બચાવ થાય છે. નવકાર મંત્રની ગણના કરવાથી આ પ્રકારના બીજા ભયો પણ નાશ પામે છે અને જ્યાં બચાવાની કોઇ બારી ન હોય ત્યાં બચાવનો માર્ગ ખુલ્લો થઇ જાય છે.

◆◆◆

# જાપ અને તેનો પ્રભાવ

**પૂ. આચાર્યદેવ શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

દરેક જીવને કોઇ ને કોઇ પ્રકારની ઝંખના હોય છે. એ ઝંખના જે પ્રકારની હોય છે, તે પ્રકારનો જાપ તેના જીવનમાં ચાલતો રહે છે. કીડી ભલે બોલી ન શકતી હોય, પણ તેની સંગ્રહવૃત્તિ દ્વારા આપણને ખ્યાલ આવે છે કે 'સંગ્રહ' એ તેના જીવનનો જાપ છે.

અમેરિકાના એક શહેરમાં એક પ્રભુભક્ત ધર્મગુરુ રહેતો હતો. રોજ મંદિરમાં જઇ ઘુંટણિયે પડી પ્રાર્થના કરતો. 'O God ! save me from sins.' હે પ્રભુ ! મને પાપથી બચાવ. આ પ્રાર્થના ધીમે ધીમે તેના જીવનમાં એવી વણાઇ ગઇ કે તેણે પોતાના ઘરમાં પોતાના ઇષ્ટ દેવની એક છબી ગોઠવીને તેની સન્મુખ બેસીને દરરોજ નિયમિતપણે ઉપરનો જાપ શરૂ કરી દીધો.

તેને રોજર નામે એક દીકરો હતો. સ્વભાવે તે નાસ્તિક જેવો હતો, એટલે પોતાના પિતાની આ ભક્તિને તે વેવલાઇ ગણતો હતો. પોતાના પુત્રના નાસ્તિક સ્વભાવથી તે ઘણો દુ:ખી હતો પણ તેને વિશ્વાસ હતો કે મારી આ પ્રાર્થના, એક દિવસ તેને જરૂર આસ્તિક બનાવશે. પૂરી શ્રદ્ધાથી દરરોજ નિયમિતપણે ચોક્કસ સમયે એક જ સ્થાનમાં બેસીને બરાબર ૩૦ મિનિટ સુધી તે હાથ જોડીને બોલતો 'O God ! save me from sins.'

સૂર્યના તાપથી જેમ ભેજ શોષાય છે, તેમ આ જાતના જાપના તપથી પાપ શોષાય છે અને જીવનમાં પવિત્રતાની ચાંદની પથરાય છે. પાપથી મુક્ત થવાની ભાવનાપૂર્વક જાપ કરતાં તેના જીવનમાં પવિત્રતા ખીલવા માંડી. એટલે તેના હૃદયમાં એ વિશ્વાસ પેદા થયો કે આ પ્રાર્થના યાને જાપમાં ગમે તેવા પાપીને પવિત્ર કરવાની તાકાત છે. પૂરી શ્રદ્ધાથી ત્રણ વર્ષ સુધી જાપ કર્યા પછી તેણે તેના પુત્રને જાપમાં જોડાવાનું કહ્યું. તેનો પુત્ર નાસ્તિક હતો તેથી તેણે કહ્યું કે પિતાજી તમારી પ્રાર્થનાનું પરિણામ નજરે નિહાળ્યા સિવાય હું પ્રાર્થના નહિ કરું.

પુત્રના જીવનમાં પ્રભુ ભક્તિની સ્થાપના કરવા માટે ઉત્સુક તે તત્કાલ નગરના મેયર પાસે ગયો અને વિનંતી કરી કે આપ મારી સાથે જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ પાસે ચાલો. મેયરે પૂછ્યું, 'કેમ ભલા, એવું તે શું કામ છે ?' તે ખુલાસો કરતાં બોલ્યો, 'હું આપને એટલા માટે તેડવા આવ્યો છું કે મારે જન્મટીપ યા ફાંસીની સજા પામેલા એક કેદીની એક કલાકને માટે જરૂર છે. જેલનો વડો એ અધિકારી આપની ભલામણથી મને એવો કેદી આપવા સહમત થશે એ વિશ્વાસે હું આપને તેડવા આવ્યો છું.'

'પણ એવા કેદીનું તમારે શું કામ છે ?' મેયરે પૂછ્યું 'મારે તેના પર પ્રાર્થના-શક્તિની અસર પાડવી છે.' તેના પવિત્ર જીવનથી વાકેફ મેયર તેને જેલના વડા પાસે લઇ ગયા અને એક કેદીની એક કલાક માટે માગણી કરી. 'પણ કેદી નાસીને ભાગી જાય તો ?' અધિકારીએ પૂછ્યું. 'એ જવાબદારી મારી. મેયરે કહ્યું.'

'એટલે ફાંસીના સજા પામેલ એક કેદીને લઇ ને તે પોતાને ઘેર આવ્યો, તેની સાથે મેયર તેમજ સાદા પોષાકમાં રહેલા એ પોલીસ અધિકારીઓ પણ હતા. કેદીને લઇને તે પોતાના પ્રાર્થનાખંડમાં ગયો. તેનો પુત્ર પણ ત્યાં હાજર થયો. જ્યાં બેસીને તે હંમેશાં પાપમુક્તિનો જાપ કરતો હતો ત્યાં કેદીને બેસાડ્યો, કેદી ત્યાં બેઠો કે તરત જ તેના ચિત્ત ચોપાસ નવું તેજ ઘૂમવા લાગ્યું. એક આંચકા સાથે તે બોલી ઉઠ્યો; 'O God ! save me from sins.'

રોજર, મેયર અને પોલીસ અધિકારીઓ આ શબ્દો સાંભળીને અચંબો પામ્યા. એક ક્રૂર હત્યારાના મોમાં પાપથી બચવાના શબ્દો ! તેમણે સહુએ જાપની શક્તિને પ્રણામ

**શ્રીમતી કલ્પનાબેન કિરણકુમાર**
**(નાંદીયા / રાજસ્થાન-કોલાબા / મુંબઇ) હસ્તે : શ્રી લાલચંદભાઇ શાહ**

કર્યા. જ્યારે હત્યારો કેદી ચોધાર આંસુએ રડી રહ્યો છે. તેના દિલમાં પાપનો પસ્તાવો ઉભરાઇ રહ્યો છે. પોતાની જાતને તે ફીટકારી રહ્યો છે.

પેલો પુત્ર પણ જાપમાં શ્રદ્ધાળુ એવા પિતાના પગમાં પડ્યો. પોતાની જડતા અને નાસ્તિકતા માટે માફી માગી. અને તે જ પળથી તેણે પિતાના પગલે જાપ શરૂ કરી દીધો. કેદીને લઇને મેયર અને પોલીસ અધિકારીઓ જેલમાં પાછા ફર્યા. કેદીના સારા વર્તનની મેયરની ભલામણથી તેને ફાંસીમાંથી મુક્તિ મળી. આવો અનુપમ છે, જાપનો પ્રભાવ !

શ્રી નવકારના આપણા જાપમાં જ્યારે સર્વસ્વ ન્યોછાવરીની ભાવના ભળશે ત્યારે તે જાપ સો ટચનો બનીને એનો પાપપ્રણાશક ધર્મ બજાવતો થશે. એ આપણને પ્રતિપળે યાદ રહેવું જોઇએ.

સામે જળાશય હોય, પોતે તરસથી પીડાતો હોય, છતાં ચાલીને જળાશયે જવાની આળસમાં જે માણસ જળાશય પાસે જાય નહિ અને તૃષાથી પીડાતો મોતને ભેટે તેને આપણે કેવો કહીએ ? આપણે પણ આવું તો નથી કરતાને ? આપણે પાપવૃત્તિથી પીડાઇએ છીએ એ હકીકત છે. તેનાથી છોડાવનારો શ્રી નવકાર આપણી સામે છે જ. આપણે તેને સમર્પિત ન થઇએ તો ઉપરના તૃષાતુરમાં અને આપણામાં કોઇ ફેર ન રહે. આપણે સૌ આજથી જ શ્રી નવકારને ભેટવા જઇએ, તેમાં ભાવથી સ્નાન કરીએ.

**પણ સદા એ સ્મરણમાં રાખીએ કે, મારે પાપથી છૂટવું છે, પાપકરણવૃત્તિથી મુક્ત થવું છે, માટે જ હું શ્રી નવકારનો જાપ જપું છું. શ્રી નવકારના ભાવપૂર્વકના નિયમિત જાપના પ્રભાવે સર્વ મંગળો હાજર થાય છે અને આત્માને તેની સારી અસર થતી રહે છે. શ્રી નવકારનો ગણનારો એથી જ વિશ્વમિત્ર ગણાય છે.** ❋❋❋❋

## અરિહંત પરમાત્માને પહેલા નમસ્કાર શા માટે ?

**પૂ. આચાર્યદેવ શ્રી જયંતસેનસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

પંચ પરમેષ્ઠિઓમાં સૌથી પ્રથમ સ્થાન અરિહંત પરમાત્મા છે. એ પછી સિદ્ધ પરમાત્મા છે. એમ કેમ ? સિદ્ધ પરમાત્માએ ઘાતી અને અઘાતી બધા કર્મોનો નાશ કર્યો છે પરંતુ અરિહંત પરમાત્માએ તો ફક્ત ઘાતી કર્મોનો જ નાશ કરેલો છે. તો પણ અરિહંત પરમાત્માને પહેલા અને સિદ્ધ પરમાત્માને તેમના પછી કેમ નમસ્કાર કર્યા છે ? કારણ એ છે કે અરિહંત પરમાત્મા તીર્થની સ્થાપના કરે છે અને મુક્તિનો માર્ગ દર્શાવે છે. સિદ્ધ પરમાત્માની ઓળખ પણ અરિહંત પરમાત્મા જ કરાવે છે. સિદ્ધપદ સાધ્ય છે અને એ સાધ્ય કરવાની સમજ અરિહંત પરમાત્મા જ આપે છે. એથી કરીને અરિહંત પરમાત્મા પ્રથમ પદમાં છે. એ જ આપણા માટે સૌથી પ્રથમ આરાધક છે.

જ્ઞાનીઓએ કહેલ છે કે સિદ્ધ અવસ્થા આત્માની ચરમ અને પરમ અવસ્થા છે. સિદ્ધાવસ્થા પછી આત્માનો કોઇ પર્યાય બાકી રહેતો નથી. જ્યાં સુધી આપણે એ અવસ્થાને પ્રાપ્ત કરી શકીએ નહિ ત્યાં સુધી તો પર્યાયો હંમેશા બદલાતા જ રહેશે. વારંવાર જન્મવું અને વારંવાર મરણ પામવું એમ થયા જ કરશે. એક દિવસ દુનિયા કહેશે કે જન્મ થયો અને બીજા દિવસે કહેશે કે મૃત્યુ થયું. આ જન્મ-મરણનું ચક્કર ત્યાં સુધી ચાલુ રહેશે કે જ્યાં સુધી મોક્ષ નહિ મળે. સિદ્ધપદ પ્રાપ્ત કર્યા પછી આ ચક્કર પોતાની મેળે જ છૂટી જશે. સિદ્ધ થઇ ગયા મતલબ કે સર્વ પ્રકારે પોતપોતાની મેળે જ જાતે સમાઇ ગયા. જ્યાં સુધી બંધન નહિ તૂટે ત્યાં સુધી સિદ્ધ સ્થિતિ નહિં થાય. એ માટે જો બંધનને તોડવું હોય તો 'નમો સિદ્ધાણં' નો જાપ આવશ્યક છે. નમો સિદ્ધાણં માં પાંચ અક્ષર છે. દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ એ ચાર ગતિમાં તો આપણે ઘણાય ફર્યા છીએ. હવે આ પાંચ અક્ષરોનો જાપ કરીને પાંચમી ગતિ તરફ આપણે આગળ વધવાનું છે. પાંચમી ગતિ 'મોક્ષ' છે. એ ગતિ પ્રાપ્ત કરવા માટે 'નમો સિદ્ધાણં' પદમાં લયલીન બની જવું જોઇએ.

અરિહંત પરમાત્મા શંકાઓનો નાશ કરનારા છે અને સિદ્ધ પરમાત્મા એ બધી શંકાઓનો નાશ કરીને સિદ્ધપદને પામ્યા છે. એમનું આલંબન લીધા પછી આપણા મનમાં કોઇ પણ પ્રકારની ભ્રાન્તિ ન રહેવી જોઇએ. આપણે એમની નજીક જવું છે એ માટે એમની પાસે જવા માટે નવકારનો મર્મ સારી રીતે ધ્યાનમાં લેવો જોઇએ. 'નમો સિદ્ધાણં' પદ આપણને સિદ્ધ સ્વરૂપનું દર્શન કરાવે છે. આપણામાં આત્મશુદ્ધિ કેટલી છે ? આપણા મનમાં મલિનતા અથવા ઉજ્જવળતા કેટલી છે ? એ વાતનું જ્ઞાન આપણને સિદ્ધ પરમાત્માના દર્શન અને ચિંતનથી થાય છે. સિદ્ધ પરમાત્માનું દર્શન આપણને આગળ વધવાની પ્રેરણા આપે છે.

નવકારમાં પાંચ પરમેષ્ઠિઓના પાંચ પદ છે, જેનાથી આપણને સિદ્ધિનો માર્ગ મળે છે. આપણે એ દેખીએ, એનું મનન-ચિંતન કરીએ અને પછી જે કાર્ય કરવાની પ્રેરણા મળે તે સંપન્ન કરીએ. નવકારનાં પહેલાં પાંચ પદોમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરેલા છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ. એ પાંચ પદોને આપણે રોજેરોજ જપીએ છીએ, પણ ધ્યાન નથી આપતા. હવે એના પર ધ્યાન આપો. નવકાર મંત્રની અંદર પ્રવેશ કરો. ◆◆◆



# શ્રી નવકારનું મંત્ર વિજ્ઞાન

પૂ. શ્રી સમણ શ્રુતપ્રજ્ઞજી

એક વિડંબણા છે ધર્મના ક્ષેત્રમાં અને જીવનના ક્ષેત્રમાં. એ વિડંબણા એ છે કે આજે સંસ્કૃતિ અને સભ્યતાઓ વધી રહી છે, પરંતુ જીવનના સંસ્કાર ક્ષીણ થઇ રહ્યા છે. આજે વિજ્ઞાન ખૂબ જ પ્રગતિ કરી રહ્યું છે, પરંતુ અધ્યાત્મ પંગુ બની રહ્યું છે. વિડંબણા એ પણ છે કે આજે બહિર્મુખતાની દૃષ્ટિ વિકાસ પામી રહી છે અને અન્તર્મુખતાનો ભાવ વિલીન થઇ રહ્યો છે. બાહ્ય દોટ અત્યંત વધી રહી છે, પરંતુ અંદરનું આકર્ષણ સુકાઇ રહ્યું છે. આ વિડંબણાને આપણે સમજવી પડશે. ધર્મના ક્ષેત્રે આ સૌથી ગંભીર વિડંબણા છે. આજે ધર્મ દ્વારા વ્યક્તિ પાદરી બને છે, યતિ બને છે, સંન્સાસી બને છે, સાધુ બને છે, પરંતુ 'માણસ' ક્યાંય દેખાતો નથી. આજે 'માણસ' ખોવાઇ ગયો હોય એમ લાગે છે. આજે સૌથી વધુ જરૂર છે માણસની, જો માણસ લુપ્ત થઇ જશે તો પછી માત્ર પશુનો સમાજ રહી જશે. આજે આપણે માણસની શોધમાં એક યાત્રા શરૂ કરીએ છીએ અને એ યાત્રા છે-**'નવકાર મહામંત્રની યાત્રા'**. નવકાર મહામંત્રની આ યાત્રામાં આજે આપણે મંત્ર વિશે થોડી ચર્ચા કરીએ.

મંત્રને સમજ્યા વગર કોઇપણ વ્યક્તિ શક્તિશાળી બની શકે નહી. મંત્ર શક્તિનું પ્રતીક છે. મંત્રનું બીજું નામ શક્તિ, અથવા કહો શક્તિનું બીજું નામ મંત્ર. કોઇ પણ વ્યક્તિએ જો શક્તિશાળી બનવું હોય, તો તેણે મંત્રને સમજવો પડશે. ધર્મની શરૂઆત થાય છે શક્તિથી. શક્તિ વગર વ્યક્તિ કંઇ કરી શકતી નથી. શક્તિ વગરની વ્યક્તિની કિંમત આગ વગરની રાખ જેટલી છે. શક્તિ પ્રગટ કરવાનો સીધો અને સરળ ઉપાય છે- મંત્ર.

મંત્ર શબ્દ **'મંતૃ'** ધાતુથી બનેલો છે. એનો અર્થ છે- ગુપ્ત બોલવું અથવા ગુપ્ત અનુભવ કરવો. પ્રત્યેક શબ્દ શક્તિશાળી હોય છે. શક્તિશાળી શબ્દોનું સમ્યક્ સંયોજન એટલે મંત્ર. શબ્દો દ્વારા મંત્રોની રચના થાય છે, પરંતુ દરેક શબ્દ મંત્ર બની શકે નહી. એના માટે જરૂરી છે મંત્રની સંયોજના. શબ્દોની સંયોજનામાં જ્યારે કોઇ ગરબડ થાય છે ત્યારે ત્યાં અનર્થ થવાની સંભાવના રહે છે. શક્તિ શક્તિ હોય છે. જો એના વાચક અક્ષરોની સંયોજના બરાબર થાય તો એ શક્તિ વરદાન બની જાય છે, અને જો સંયોજનામાં ભૂલ રહી જાય તો એ શક્તિ અભિશાપ બની જાય છે. માટે જ કહ્યું છે કે-

**अमंत्रमक्षरं नास्ति, नास्ति मूलमनौषधम् ।**
**अयोग्यः पुरुषो नास्ति, योजकस्तत्र दुर्लभः ॥**

એક પણ અક્ષર એવો નથી કે જેનામાં મંત્રની ક્ષમતા ન હોય, એક પણ મૂળ એવું નથી કે જેનામાં ઔષધનો ગુણ ન હોય અને એક પણ મનુષ્ય એવો નથી, કે જેનામાં યોગ્યતા ન હોય. દરેક માનવીમાં યોગ્યતા હોય છે. માત્ર તેની યોજના કરનાર જ દુર્લભ છે. સંયોજના કરવી એ જ સૌથી મહત્ત્વપૂર્ણ વાત છે. મંત્રોનો પરસ્પર સંબંધ શબ્દ દ્વારા જોડાય છે. શબ્દોનું જ્ઞાન જ્યાં સુધી ન હોય ત્યાં સુધી મંત્રોનું નિર્માણ થઇ શકે નહી, શબ્દોનું મહત્ત્વ અત્યંત છે. ભારતમાં એક પૂર્ણ દર્શન છે, જેનું નામ છે-'શબ્દાદ્વૈતવાદ' ભર્તૃહરિએ શબ્દને બ્રહ્મની ઉપમા આપી છે. કહ્યું છે કે, શબ્દ એટલે બ્રહ્મ. આ સમગ્ર બ્રહ્માંડ શબ્દોથી ભરેલું છે. શબ્દોના તરંગોથી સમગ્ર સંસાર છવાયેલો છે અને એ શબ્દો આપણને પ્રભાવિત કરે છે.

કેટલાક એવા મંત્ર છે જે અશાંત મનને શાંત કરે છે. કેટલાક મંત્ર વ્યથાઓ અને વેદનાઓને દૂર કરે છે. કેટલાક મંત્રો દ્વારા સંકટ, વિઘ્ન, બાધાઓ અને કષ્ટોનું નિવારણ થાય છે. કેટલાક મંત્રો દ્વારા આધ્યાત્મિક શક્તિઓનું જાગરણ થાય છે. મંત્ર એક સાધન છે. મંત્ર સાધના વિશે આજે

કેટલીક ભૂલભરેલી માન્યતાઓ પ્રવર્તી રહી છે. કેટલાકનું એવું માનવું છે કે જેને મારણ, ઉચ્ચાટન, સંતાપન, મોહન, અને વશીકરણ કરવું હોય એ જ મંત્રની સાધના કરી શકે. કેટલાક લોકો મંત્રસાધનાને ધતિંગ સમજે છે. ઘણાં અંધશ્રદ્ધાપૂર્વક મંત્રનો માત્ર આદર કરે છે. એક વર્ગ એવું પણ માને છે કે આધ્યાત્મિક વિકાસ માટે મંત્રનું અવલંબન શા માટે ? આ બધી માન્યતાઓ એકાંગી અને અર્ધસત્ય છે. હૃદયની પવિત્ર ભાવનાથી શુદ્ધ ઉદ્દેશ સાથે જો મંત્રની સાધના કરવામાં આવે તો એનો પ્રભાવ અવશ્ય પડે છે.

મંત્રનો આવિષ્કાર કોણ કરી શકે ? શબ્દોનું સમ્યક્ જ્ઞાન, એને પારખવાની શક્તિ તથા એનું સમ્યક્ સંયોજન કોણ કરી શકે ? ધ્યાન વગર શબ્દોનું સમ્યક્ જ્ઞાન થતું નથી. શબ્દોનું જ્ઞાન કરવા માટે સાધકે પોતાના અંતરમાં ઊતરવાનું હોય છે. તો જ એ સાધક શબ્દોને પારખવાની યોગ્યતા પામી શકે. જેમ એક ઝવેરી સોનાને પારખવાનું કામ કરે છે એવી રીતે એક ધ્યાની શબ્દોને પારખવાનું કામ કરે છે, અને પારખીને એનું સંયોજન કરે છે. પ્રાચીન સમયમાં યોગીઓ ધ્યાન સાધના દ્વારા જ બ્રહ્માંડમાં વ્યાપ્ત શબ્દોનું જ્ઞાન કરી મંત્રોની સંયોજના કરતા હતા.

મંત્ર એક શક્તિ છે. એ મંત્રશક્તિનો સદુપયોગ પણ થઇ શકે અને દુરુપયોગ પણ થઇ શકે. ભાવશુદ્ધિ વગરના અશુભ ભાવથી કરેલી મંત્રની આરાધના દુરુપયોગનું કારણ બને છે, અને ભાવશુદ્ધિ સાથે થયેલી મંત્રની આરાધના સદુપયોગનું કારણ બને છે.

મંત્રના મુખ્ય બે પ્રકારો છે- **(૧) લૌકિક મંત્ર** અને **(૨) આધ્યાત્મિક મંત્ર** લક્ષ્મીમંત્ર, ગાયત્રી મંત્ર, સર્પદંશનિવારક મંત્ર વગેરે મંત્રો લૌકિક મંત્રની શ્રેણીમાં આવે છે. નવકારમંત્ર, ઓમ વગેરે મંત્ર **આધ્યાત્મિક મંત્ર**ની શ્રેણીમાં આવે છે. **લૌકિકમંત્ર** એટલે દૈવિક મંત્ર. **આધ્યાત્મિક મંત્ર** એટલે પરમ પવિત્ર આત્મિક મંત્ર.

મંત્રોના હેતુઓને સ્પષ્ટ કરતાં **આચાર્ય મહાપ્રજ્ઞજી**એ પોતાનાં પ્રવચનોમાં સુંદર વર્ગીકરણ કર્યું છે. એમના કથનાનુસાર લૌકિકમંત્રનો ઉદ્દેશ છે- (૧) ઇચ્છાઓની પૂર્તિ (૨) વિઘ્ન-સંકટનિવારણ (૩) રોગનિવારણ વગેરે.

આધ્યાત્મિક મંત્રનો ઉદ્દેશ છે (૧) કર્મની નિર્જરા (૨) કષાયોની ઉપશાંતિ (૩) માનસિક શાંતિ (૪) મનની એકાગ્રતા (૫) પ્રતિકૂળ ગ્રહોના પ્રભાવથી મુક્તિ (૬) વિઘ્નનિવારણ વગેરે.

મંત્રશાસ્ત્ર પ્રમાણે મંત્રજપની મુખ્ય ત્રણ વિધિઓ પ્રચલિત છે-દીર્ઘ અભ્યાસની સિદ્ધિ પછી ચોથી અવસ્થા સહજરૂપે આવી જાય છે. (૧) ભાષ્ય : સ્થૂલ ઉચ્ચારણથી મંત્રોચ્ચાર કરવો. (૨) ઉપાંશુ-મંદ અવાજે મંત્રનું રટણ કરવું. (૩) માનસ-હોઠ બંધ કરી માત્ર મનથી મંત્રજપ કરવો. (૪) અજપાજપ- આમાં મંત્રને પ્રયત્નપૂર્વક જપવાની જરૂર નથી. જપ્યા વગર, નિરંતર, સહજ, સ્વભાવે જે જપ ચાલ્યા કરે તેનું નામ છે-અજપાજપ.

નવકારમંત્ર ચૌદ પૂરવનો સાર છે. સૌથી મહાન આધ્યાત્મિક મંત્ર છે. નવકારમંત્રની સદ્ભાવનાપૂર્વક આરાધના કરવાથી આપણા અંતરમાં સુષુપ્ત રીતે પડેલી શક્તિઓનું જાગરણ થાય છે. જૈનો નહીં, જૈનેતરો પણ આ મંત્રને મહત્ત્વ આપે છે. જે ધર્મ પાસે આટલો શ્રેષ્ઠ અને મહામૂલ્યવાન મંત્ર છે, છતાં એ તુચ્છ-વ્યર્થ આકર્ષણોમાં અટવાયા કરે, તો એથી મોટું કોઇ અજ્ઞાન નથી. અખંડ આસ્થા, અમિટ એકાગ્રતા, અને હૃદયના શુદ્ધ ભાવ સાથે જો આ મંત્રની સાધના, કરવામાં આવે તો અચિંત્ય એવો લાભ પામી શકાય છે. ◆◆◆◆

## મંત્ર સાધનામાં ધ્યાન અનિવાર્ય

મનુષ્યના શરીરમાં જે સ્થાન મસ્તકનું છે તે જ સ્થાન સાધનાકાળમાં ધ્યાન અને મનોયોગનું છે. આજે મંત્રનો સાક્ષાત્કાર નથી થતો એનું કારણ સાધનામાં શરીરની સ્થિરતા અને મનની એકાગ્રતા રહેતી નથી. ધ્યાન કેન્દ્રિત થતું નથી. જો ઉંડાણથી તપાસ કરીએ તો સંસારના પ્રત્યેક કાર્ય ધ્યાનના અભાવથી અધૂરા છે.

વિદ્યાર્થી ધ્યાનથી અભ્યાસ ન કરે તો નાપાસ થાય. વેપારી ધ્યાનથી વેપાર ન કરે તો દેવાળીયો થાય. ખેડૂત ધ્યાનથી ખેતી ન કરે તો ખેતરમાં પાક ન થાય. સ્કુટર, મોટર આદિ વાહન ચાલક ધ્યાનથી વાહન ન ચલાવે તો એકસીડન્ટ થઇ જાય. જીવનના હરકોઇ કાર્ય ધ્યાનથી સફળ થાય છે. તેમ મંત્ર સાધના ધ્યાનથી જ સિદ્ધ થાય છે.

**શાહ નીતિનકુમાર લાલચંદ**
**(નાંદીયા / રાજસ્થાન-કોલાબા / મુંબઇ) હસ્તે : શ્રી લાલચંદભાઇ શાહ**

# ? નવકાર મંત્ર વિષયક પ્રશ્નોત્તરી ?

**પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ**

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્ર એટલે શું ?

**ઉત્તર :** જીવન શુદ્ધિ માટે વિશિષ્ટ કોટિના નિર્મળ આત્મસ્વરૂપવાળા પાંચ પરમેષ્ઠિઓને જેમાં નમસ્કાર કરવામાં આવ્યો છે, તેવો-જૈનોનો મહામંત્ર.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રના પદો કેટલાં ? સંપદાઓ કેટલી ?

**ઉત્તર :** શ્રી નવકાર મહામંત્રમાં પદો નવ અને સંપદાઓ આઠ છે.

**પ્રશ્ન :** શ્રી નવકાર મંત્રની સંપદા એટલે શું ?

**ઉત્તર :** સમજવાની દૃષ્ટિએ અર્થ જ્યાં પૂરો થતો હોય તે સંપદા કહેવાય.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રની સંપદા કઇ કઇ ?

**ઉત્તર :** પહેલા પદથી સાતમા પદ સુધીની સાત સંપદા અને આઠમા અને નવમા પદની એક સંપદા એમ કુલ આઠ સંપદા છે.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રમાં ગુરુ કેટલા ?

**ઉત્તર :** સાત. તે આ પ્રમાણે છે : **દ્ધા, જ્ઝ, વ્વ, ક્કા, વ્વ, પ્પ, વ્વે.**

**પ્રશ્ન :** ગુરુ એટલે ?

**ઉત્તર :** જેને બોલતાં જીભ ઉપર જોર આવે તે.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રમાં બે વિભાગ છે, તે ક્યા ?

**ઉત્તર :** શરૂઆતના પાંચ પદ તે અધ્યયન અને છેલ્લા ચાર પદ તે ચૂલિકા.

**પ્રશ્ન :** અધ્યયન એટલે ?

**ઉત્તર :** કોઇપણ મોટા ગ્રંથનો મુખ્ય વિભાગ.

**પ્રશ્ન :** ચૂલિકા એટલે શું ?

**ઉત્તર :** શિખર, એટલે કે શ્રી નવકાર મંત્રની અદ્ભૂતશક્તિઓનું જેમાં વર્ણન છે.

**પ્રશ્ન :** પાંચ પદના અક્ષરો કેટલા ?

**ઉત્તર :** પાંત્રીસ (૩૫).

**પ્રશ્ન :** ચૂલિકા (છેલ્લા ચારપદ)ના અક્ષરો કેટલા ?

**ઉત્તર :** તેત્રીસ. (૩૩)

**પ્રશ્ન :** ચૂલિકાનો છંદ ક્યો ?

**ઉત્તર :** અનુષ્ટુપ્.

**પ્રશ્ન :** શ્રી નવકારમાં કુલ અક્ષરો કેટલા ?

**ઉત્તર :** અડસઠ.

**પ્રશ્ન :** શ્રી નવકારમાં ૧૪ સ્વરમાંથી કેટલા સ્વર છે ?

**ઉત્તર :** સાત.

**પ્રશ્ન :** તે ક્યા ક્યા ?

**ઉત્તર :** અ, આ, ઇ, ઉ, ઊ, એ, ઓ.

**પ્રશ્ન :** શ્રી નવકારમાં ૩૭ વ્યંજનમાંથી કેટલા વ્યંજનો છે ?

**ઉત્તર :** ઓગણીસ.

**પ્રશ્ન :** તે ક્યા ક્યા ?

**ઉત્તર :** ક, ગ, ચ, જ, ઝ, ઢ, ણ, ત, દ, ધ, પ, મ, ય, ર, લ, વ, સ, હ, અને અનુસ્વાર.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રના જાપમાં નવકારવાળી શી રીતે ગણવી ?

**ઉત્તર :** અર્ધખૂલી-મુઠી ઉપર (તર્જની આંગળીના વચ્ચેના વેઢા ઉપર) માળા રાખી અંગુઠાથી મણકા ફેરવવા.

**પ્રશ્ન :** નવકારના એક અક્ષરના જાપથી કેટલા પાપ જાય ?

**ઉત્તર :** નવકારના એક અક્ષરના જાપથી સાત સાગરોપમના પાપ જાય.

**પ્રશ્ન :** નવકારના એક પદના જાપથી કેટલા પાપ જાય ?

**ઉત્તર :** નવકારના એક પદના જાપથી પચાસ સાગરોપમના પાપ જાય. આ વાત સાધારણ અપેક્ષાએ પ્રથમ

**શ્રીમતી સપના નીતિનકુમાર**
**(નાંદીયા / રાજસ્થાન-કોલાબા / મુંબઇ) હસ્તે : શ્રી લાલચંદભાઇ**

પદની મુખ્યતાએ જાણવી, પણ હકીકતમાં જે પદના જેટલા અક્ષર તેને સાતથી ગુણી એક ઉમેરવાથી જે સંખ્યા આવે તેટલા સાગરોપમના પાપોનો ક્ષય શ્રી નવકારના એક પદથી થાય.

**પ્રશ્ન :** એક નવકારના જાપથી કેટલા પાપ જાય ?

**ઉત્તર :** એક નવકારના જાપથી પાંચસો સાગરોપમના પાપ જાય. તે આ રીતે.

શ્રી નવકારના અક્ષરો ૬૮. એક અક્ષરના જાપથી ૭ સાગરોપમના પાપ જાય.

તેથી ૬૮ X ૭ = ૪૭૬ સાગરોપમ થાય વળી તેમાં

૯ - પદના ૯ - સાગરોપમ

૮ - પદના ૮ - સાગરોપમ

૭ - ગુરુના ૭ - સાગરોપમ

૨૪

કુલ ૨૪ - સાગરોપમ ઉમેરવાથી ૫૦૦ થાય છે.

**પ્રશ્ન :** એક બાંધી નવકારવાળીના જાપથી કેટલા પાપ જાય ?

**ઉત્તર :** ૫૪૦૦૦ (ચોપન હજાર) સાગરોપમ પાપ જાય.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રની આરાધના શી રીતે થાય ?

**ઉત્તર :** શ્રી નવકાર મહામંત્રની આરાધના ત્રણ રીતે થાય.

(૧) અઢાર દિવસના ઉપધાનથી.

(૨) વીસ દિવસ ખીરના એકાસણાં કરી રોજ ૫૦૦૦ સફેદ ફૂલ નવકાર ગણી પ્રભુજીને ચઢાવવા સાથે એક લાખ નવકાર ગણવાથી.

(૩) નવ એકાસણાનો તપ કરવાથી.

**પ્રશ્ન :** નવકારનું સ્મરણ તીર્થંકરો કરે ખરા ?

**ઉત્તર :** ના. કેમ કે તીર્થંકરો પોતે અરિહંત છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તેમના કરતાં નાના છે. તેથી તીર્થંકરો ફક્ત નમો સિદ્ધાણં એટલું જ બોલે આ વાત માત્ર છેલ્લા ભાવની અપેક્ષાએ જાણવી.

**પ્રશ્ન :** શ્રી નવકાર મંત્ર કોણે બનાવેલ છે ?

**ઉત્તર :** કોઇએ બનાવ્યો નથી ! શાશ્વત છે ! દરેક તીર્થંકરોના શાસનમાં શ્રી નવકાર શબ્દથી અને અર્થથી (૬૮ અક્ષર પ્રમાણ) આવો, ને આવો જ હોય છે.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્ર પદ્ય છે કે ગદ્ય ?

**ઉત્તર :** બન્ને છે. એટલે કે શરૂઆતના પાંચ પદ ગદ્ય અને છેલ્લા ચાર પદ પદ્ય છે.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રનું આગમિક નામ શું ?

**ઉત્તર :** શ્રી પંચમંગલ-મહાશ્રુતસ્કંધ (સચૂલિક)

**પ્રશ્ન :** આ આગમિક નામનો અર્થ શો ?

**ઉત્તર :** પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવા રૂપે માંગલિક અને સઘળા આગમોની ઉત્પત્તિ માટે સ્કંધ એટલે થડ સમાન અને ચૂલિકા સહિત.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રનું સૈદ્ધાંતિક નામ શું ?

**ઉત્તર :** શ્રી પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર-મહામંત્ર.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રનું પારિભાષિક નામ શું ?

**ઉત્તર :** શ્રી નવકાર મહામંત્ર.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રનું વ્યાવહારિક નામ શું ?

**ઉત્તર :** શ્રી નવકાર મંત્ર.

**પ્રશ્ન :** અડસઠનો આંક શું સૂચવે છે ?

**ઉત્તર :** ૬ + ૮ = ૧૪ પૂર્વ એટલે નવકાર ૧૪ પૂર્વનો સાર છે. ૬ + ૮ = ૧૪ ગુણસ્થાનક. શ્રી નવકારના ધ્યાનથી ૧૪નું ગુણસ્થાનક (જેનાથી મોક્ષમાં જવાય છે) પ્રાપ્ત થાય છે. ૮ - ૬ = ૨.

એટલે કે જીવ અને કર્મ. શ્રી નવકારના ધ્યાન દ્વારા જીવથી કર્મ છૂટું થઇ જાય છે. ૬ X ૮ = ૪૮ એટલે કે શ્રી નવકારના ધ્યાનથી ૪૮ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૮૬ = ભાગફળ ૧, શેષ ૨, એટલે શ્રી નવકારના ધ્યાનથી ૮ કર્મમાં બંધાયેલ જીવને ૬ કાયની જયણાથી ૧ મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે, અને શુભ-અશુભ કર્મ શેષ તરીકે જુદા રહી જાય છે.

**પ્રશ્ન :** પાંચ પદના અક્ષરોની સંખ્યાનો આંક શું સૂચવે છે ?

**ઉત્તર :** પાંચ પદના કુલ ૩૫ અક્ષરો છે. ૩ + ૫ = ૮ પંચ પરમેષ્ઠિના ધ્યાનથી આઠ કર્મ છૂટી જાય છે. ૩ X ૫ = ૧૫ શ્રી પંચ પરમેષ્ઠિના ધ્યાનથી મનના ચાર વચનના ચાર, અને કાયાના સાત ભેદ મળી ૧૫ યોગની શુદ્ધિ થાય છે. ૫ - ૩ = ૨ શ્રી પંચ

પરમેષ્ઠિના સ્મરણથી જીવ અને અજીવનું સ્વરૂપ સમજાય છે. ૫ - ૩- ભાગફળ ૧ શેષ ૨ શ્રી પંચ પરમેષ્ઠિના જાપથી ૫ ઇન્દ્રિયોને મન-વચન-કાયાની શુદ્ધિના બળે કાબુમાં લેવાથી આત્માની શુદ્ધિ થાય છે, અને શેષ રહેલા શુભ અને અશુભ કર્મ છૂટી જાય છે.

**પ્રશ્ન :** ચૂલિકા (છેલ્લા ચાર પદ)ના અક્ષરોની સંખ્યા શું સૂચવે છે ?

**ઉત્તર :** ચૂલિકાના ચારપદોના અક્ષરોની સંખ્યા ૩૩ છે. ૩ + ૩ = ૬ ચૂલિકાના રહસ્યને સમજવાથી ૬ કાયની રક્ષા કરવાનું બળ મળે છે. ૩ X ૩ = ૯ ચૂલિકાને યોગ્ય રીતે સમજવાથી ૯ તત્ત્વની શ્રદ્ધા મજબૂત થાય છે.

૩ - ૩ = ૦ ચૂલિકાનું સ્વરૂપ ધ્યાનમાં રાખવાથી મન, વચન, કાયાથી કરાતા ત્રણ જાતના પાપ કરવાની વૃત્તિ નાશ પામે છે.

૩ ÷ ૩ = ૧ ચૂલિકાના પ્રભાવથી મન, વચન, કાયાથી પાપ કરવાની, કરાવવાની અને અનુમોદવાની ટેવ નાશ પામવાથી એક આત્મા શુદ્ધ રહે છે.

**પ્રશ્ન :** નવકારમાં ૧૪ સ્વરમાંથી કેટલા સ્વર નથી ?

**ઉત્તર :** સાત સ્વર નથી (આ) તે ક્યા ક્યા ? ઇ, ઋ, ૠ, લૃ, લૄ, ઐ, ઔ.

**પ્રશ્ન :** નવકારમાં ૩૭ વ્યંજનમાંથી કેટલા વ્યંજન નથી ?

**ઉત્તર :** પંદર વ્યંજન નથી (આ) તે ક્યા ક્યા ? ખ, ઘ, ઙ, છ, ઞ, ટ, ઠ, ડ, થ, ત, ફ, બ, ભ, શ અને ષ.

**પ્રશ્ન :** નવકારનો જાપ કઇ માળાથી કરવો ?

**ઉત્તર :** સૌથી સારી ઉત્તમ જાતિના સ્ફટિકની, તે ન મળે તો નક્કર ચાંદીની અથવા ચાંદી મઢેલ ચંદનની, તે ન મળે તો શુદ્ધ, અખંડ એક જ દોરાની ગૂંથેલી સુતરની.

**પ્રશ્ન :** શ્રી નવકાર મહામંત્રના જાપ માટે માળા કેવી લેવી ?

**ઉત્તર :** અઢાર અભિષેક કરેલી, નવકારવાળીના મંત્રથી પ્રતિષ્ઠા કરેલી અને આચાર્ય, ઉપાધ્યાય આદિ પદસ્થ મુનિ મહારાજના વાસક્ષેપથી મંત્રેલી.

**પ્રશ્ન :** શ્રી નવકારને ગણનારો દુઃખી હોય ?

**ઉત્તર :** ના. નવકારને ગણનારો દુઃખી ન હોય.

કેમ કે દુઃખ ખોટી સમજણમાંથી ઉપજે છે. શ્રી નવકારના સ્મરણથી સાચી સમજણ આવે છે. તેથી આપણાં કરેલાં કર્મો જ આપણને દુઃખી કરે છે. એ વાત મનમાં નક્કી થવાથી શ્રી નવકારને ગણનારો બહારના ખરાબ નિમિત્તો-ખરાબ પરિસ્થિતિથી દુઃખી થતો નથી. પણ આ બહાને કર્મનો ભાર હળવો થાય છે. અને શ્રી નવકારનો જાપ વધુ કરવાની તક મળી એમ જાણી રાજી થાય છે.

**પ્રશ્ન :** શ્રી નવકારના જાપનું ફળ શું ?

**ઉત્તર :** પાપ કરવાની વૃત્તિનો નાશ. અર્થાત્ પાપ કરવું જેટલું ભયંકર નથી. એના કરતાં પાપ કરવાની વૃત્તિ વધુ ભયંકર હોઇ 'શ્રી નવકારના જાપથી પાપ વૃત્તિનો સદંતર નાશ' શ્રી નવકાર મંત્રના જાપનું મુખ્ય ફળ છે.

**પ્રશ્ન :** શ્રી નવકારને ચિંતામણિ, કલ્પવૃક્ષ કામધેનુ આદિથી પણ વધારે મહિમાવાળો કેમ કહ્યો છે ?

**ઉત્તર :** ચિંતામણિ આદિ પદાર્થો મનની ધારણાઓ પૂરી પાડે છે, પણ પુણ્યનો ઉદય હોય તો જ ધારણાઓ પૂરી પાડે વળી એ ભૌતિક પદાર્થોને મેળવવાની લાલસા ઘટાડવાને બદલે વધારી મૂકે છે. પણ શ્રી નવકાર મહામંત્ર તો પુણ્ય ન હોય અને પ્રબલ પાપનો ઉદય હોય તો તે પાપને તોડી પુણ્ય વધારી જગતના ભૌતિક પદાર્થો મેળવી આપે છે, તેમજ તે ભૌતિક પદાર્થોની લાલસા પણ ઘટાડી દે છે. માટે શ્રી નવકાર ચિંતામણિ રત્ન આદિ કરતાં પણ ચડીયાતો છે.

**પ્રશ્ન :** કેટલા નવકાર ગણવાથી નરક-તિર્યંચની ગતિ બંધ થાય ?

**ઉત્તર** : નવ લાખ. શાસ્ત્રોમાં કહ્યું છે કે **'નવ લાખ જપતાં નરક નિવારે'** એટલે કે વિધિપૂર્વક ગુરુની આજ્ઞા પ્રમાણે નવ લાખ નવકાર-મહામંત્રનો જાપ કરવાથી નરક કે તિર્યંચગતિમાં લઇ જનારા પાપકર્મ કરવાની વૃત્તિનો નાશ થઇ જાય છે.

**પ્રશ્ન** : કેટલા નવકાર ગણવાથી તીર્થંકર નામ કર્મ બંધાય ?

**ઉત્તર** : એક લાખ. એટલે કે વિધિપૂર્વક અખંડ મૌન સાથે વીતરાગ પરમાત્માની શાસ્ત્રીય પદ્ધતિએ અષ્ટપ્રકારી પૂજા કરવા સાથે સાત્વિક આહાર-વિહારના ધોરણ પ્રમાણે એક લાખ નવકાર ગણવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે.

**પ્રશ્ન** : શ્રી નવકાર મહામંત્ર લખવાની પદ્ધિત કઇ ?

**ઉત્તર** : શરૂઆતમાં પાંચ પદોની આગળ અને પાછળ બે લીટી ઊભી કરવી. છઠ્ઠા પદની આગળ બે લીટી કરવી. નવમા પદની પછી બે લીટી કરવી. છઠ્ઠા પદની પછી અલ્પવિરામ (,) સાતમા પદની પછી એક ઊભી લીટી, આઠમા પદની પછી અર્ધવિરામ (;) કરવો. વળી નવકાર મહામંત્રની જોડણી જૂની દેવનાગરી (હિન્દી) લિપિને અનુસરતી લખવી.

**પ્રશ્ન** : શ્રી નવકાર મહામંત્ર બોલવાની પદ્ધતિ શી ?

**ઉત્તર** : શ્રી નવકારના શરૂઆતના પાંચ પદ સૂત્રાત્મક રીતે બોલવા એટલે કે શરૂઆતના કેટલાક અક્ષરો ઉંચા સ્વરે બોલી ત્યાર પછી કેટલાક અક્ષરો મધ્યમ સ્વરે બોલી છેલ્લા અક્ષરો ઉતરતા સ્વરે બોલવા. અને છેલ્લા ચાર પદો શ્લોકની જેમ પહેલી લીટી ઉંચા સ્વરથી, બીજી લીટી મધ્યમ સ્વરથી, ત્રીજી લીટી ઉતરતા સ્વરથી અને ચોથી લીટી નીચા સ્વરથી બોલવી.

**પ્રશ્ન** : શ્રી નવકાર એ મહામંત્ર કેમ ?

**ઉત્તર** : મંત્ર તેને કહેવાય કે જેનું સ્મરણ કરવાથી મનની પીડા ટળે, પણ દુનિયાના મંત્રો પુણ્યના ઉદયના આધારે ફળતા હોય છે, જ્યારે શ્રી નવકાર તો પુણ્યના ઉદયની ગેરહાજરીમાં પણ પાપને તોડીને મનને આર્તધ્યાનમાંથી બચાવે છે. માટે શ્રી નવકારને મહામંત્ર કહેલ છે.

**પ્રશ્ન** : શ્રી નવકાર મહામંત્રમાં કોની આરાધના છે ?

**ઉત્તર** : પંચ પરમેષ્ઠિઓની. કેમ કે પાંચ પરમેષ્ઠિઓના આદર્શને સામે રાખી તેની આજ્ઞા પ્રમાણે જીવનનું ઘડતર કરવાનું બળ શ્રી નવકારથી પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન** : મરતી વખતે નવકાર કેમ સંભળાવાય છે ?

**ઉત્તર** : શુભ ધ્યાન રહે તે માટે. કેમ કે મરતી વખતે હજારો વિંછીના ડંખની વેદના થતી હોય છે. તેથી ભલભલા જ્ઞાનીઓ પણ દૂર્ધ્યાન ન થઇ જાય તે માટે બીજા બધા શાસ્ત્રોને એક બાજુ રાખી માત્ર નવકારનું જ સ્મરણ કરતા હોય છે. માટે નવકારથી શુભધ્યાન ટકી રહે, તેથી મરતી વખતે ખાસ નવકાર સંભળાવાય છે.

**પ્રશ્ન** : શ્રી નવકારનું સ્મરણ ગમે ત્યારે ગમે તેવી સ્થિતિમાં કરી શકાય ખરું ?

**ઉત્તર** : હા. શ્રી નવકારનું સ્મરણ ગમે ત્યારે ગમે તેવી સ્થિતિમાં કરી શકાય કેમ કે નવકારનું સ્મરણ અશુભ સંસ્કારોને રોકવા માટે છે. આથી સ્મરણ ગમે ત્યારે થઇ શકે. સુવાવડ આદિ અશુચિ વાતાવરણમાં પણ હોઠ કે જીભ હલાવ્યા વિના નવકાર ગણી શકાય અને ખાસ કારણે ઉંચા સ્વરથી પણ નવકાર બોલી શકાય.

**પ્રશ્ન** : શ્રી નવકારના જાપ માટે જરૂરી બાબતો કઇ ?

**ઉત્તર** : જાપની પદ્ધતિ પ્રમાણે તો ઘણી બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. અને તે યોગ્ય જ્ઞાની ગુરુ પાસેથી જાણી લેવી, છતાં ટૂંકમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી. (૧) નિયત સ્થાન. (આસન) (૨) નિયત સમય. (૩) નિયત સંખ્યા. એટલે કે ચોક્કસ જગ્યાએ નક્કી કરેલા સમયે એક સરખી સંખ્યાના ધોરણે શ્રી નવકાર મહામંત્રનો જાપ કરવો જરૂરી છે. તેનાથી ટૂંક સમયમાં ચિત્ત-શાંતિનો અનુભવ થાય છે.

◆◆◆◆

**શ્રી પુખરાજજી ઉમેદમલજી ચૌહાણ** (લુણાવા / રાજસ્થાન-કાલબાદેવી)
**તેજરાજ પુખરાજજી ચૌહાણ • જિતેશ તેજરાજ ચૌહાણ, રિશી જીતેશ ચૌહાણ**



# નવકાર મંત્ર અને ચિત્ત પ્રસન્નતા

વસંતલાલ કાંતિલાલ ઇશ્વરલાલ

શ્રી નવકારમંત્રના જાપથી ચિત્તપ્રસન્નતાનો એક સઘન પ્રવાહ શરૂ થાય છે. આ ચિત્તપ્રસન્નતા તે એક અમૂલ્ય વસ્તુ છે. બાહ્ય સુખને આપણે જાણીએ છીએ પણ ચિત્તપ્રસન્નતાને આપણે જોઇ નથી, જાણી નથી અને અનુભવી નથી. સ્થૂલજગતના પદાર્થો અને પરિસ્થિતિમાંથી તે નથી આવતી પણ સાક્ષાત્ આત્મપદાર્થમાંથી તે વહી આવે છે.

**દુનિયાના કોઇ પદાર્થની તાકાત નથી કે ચિત્તપ્રસન્નતા તમને આપી શકે. શ્રી નવકાર મહામંત્ર જેવો સત્વર અને સાત્ત્વિક ચિત્તપ્રસન્નતા આપનાર એકે પદાર્થ નથી.**

દુનિયાની પરિસ્થિતિઓ બદલાય છે. પણ આ ચિત્તપ્રસન્નતાની પળોને તેની સાથે કોઇ સંબંધ નથી. **નાનો બાળક કે ઘરડો ડોસો જો ભાવથી પાંચ દસ મિનિટ પણ આ મંત્રાધિરાજનો જાપ કરે તો ચિત્ત પ્રસન્નતાનો પ્રવાહ અવશ્ય તેની ભીતરમાં શરૂ થાય છે.**

આ ચિત્તપ્રસન્નતાનું સ્વરૂપ શું છે તે પહેલા તો જોવું રહ્યું. મારી દ્રષ્ટિએ સાચો સાધક તો એ જ છે કે જે કહી શકે કે સાધના માર્ગે હું જે મેળવીશ તેની મને બહુ ચિંતા નથી, કારણ કે મેં જે અનુભવ્યું છે તેમાં જ મારી તૃપ્તિ છે. આ છે જીવની સાધના. **સાધક ઇચ્છે છે તે ભવિષ્યની સલામતી કે સુખસગવડ નહિ પણ વર્તમાન ક્ષણનો સાત્ત્વિક આનંદ.** ભાવિની અકળ વ્યવસ્થામાં તે દેવલોક નથી શોધતો-તે તો માત્ર એટલું ઝંખે છે કે આ જે ક્ષણ પસાર થઇ રહી છે તે ચિત્તપ્રસન્નતાપૂર્વક પસાર થાય-પછી બીજું એને કશું નથી જોઇતું. **બાહ્યસંજોગો પરિવર્તનશીલ છે. તે પર કોઇની ઇચ્છા સવાર થઇ શકતી નથી. આંતરવૃત્તિ પર મારું શાસન છે. આંતરસ્થિતિની પૂર્ણ ને શ્રેષ્ઠ કળા તે છે ચિત્તપ્રસન્નતા.**

મારું દ્રઢ માનવું છે કે-ચિત્તપ્રસન્નતા તે એક હયાત વસ્તુ છે. તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે. જેમ સૂર્ય ને ચંદ્રનું અસ્તિત્વ છે, પહાડ ને નદીનું અસ્તિત્વ છે, તેમ ચિત્તપ્રસન્નતા પણ એક નક્કર સત્ય છે. જો આ ચિત્તપ્રસન્નતા ન હોત તો ભગવાન બુદ્ધે મધરાતની નિગૂઢ શાંતિમાં, રત્નછત્ર નીચે સુવર્ણમય પલંગોમાં હોઠ પર મૃદુ સ્મિત લઇ સૂતેલાં રાહુલ ને યશોધરાને ન છોડ્યા હોત. જો આ ચિત્તપ્રસન્નતાની હયાતિ ન હોત તો જેના એક એક હાથની સોળ હજાર દેવો રક્ષા કરે છે તે ચક્રવર્તી સનતકુમારના શરીરમાં સોળ ભયાનક રોગોથી પીડાવું પસંદ ન કરત, ન તો છ ખંડ છોડત. જો આ ચિત્તપ્રસન્નતાની હયાતિ ન હોત તો ઉમાસ્વાતીજીએ કહ્યું ન હોત કે-

**नैवास्ति राजराजस्य यत्सुखं च देवराजस्य ।**
**तत्सुखमिहैव साधोर्लोकव्यापाररहितस्य ॥**

જે સુખ રાજરાજેશ્વર ચક્રવર્તીને નથી કે નથી દેવાધિપ ઇંદ્રને, તે સુખ લોકવ્યાપારરહિત સાધુને છે. આ શ્લોક જ ચિત્તપ્રસન્નતાના નક્કર સત્યનો સચોટ આધ્યાત્મિક દસ્તાવેજ છે. કોઇ પણ સંતપુરુષની જીવનસાધના જ આવા દસ્તાવેજોથી ભરેલી છે, જે નિઃસંશયપણે પુરવાર કરે છે કે બાહ્ય પરિસ્થિતિથી નિરપેક્ષ એક પ્રસન્ન આંતરદશા છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પણ કહ્યું છે કે-

**मोक्षोऽस्तु मास्तु यदि वा परमानन्दस्तु वेद्यते स खलु ।**
**यस्मिन्निखिलसुखानि प्रतिभासन्ते न किञ्चिदिव ॥**

ચાહે મોક્ષ પ્રાપ્ત થાઓ કે ન થાઓ પણ (આત્મજ્ઞાનથી) પરમાનંદનો અનુભવ તો અમને થાય છે, જેની પાસે સંસારના બધા સુખો તૃણતુલ્ય પણ નથી લાગતા. **ચિત્તપ્રસન્નતા એક વાસ્તવિક હકીકત છે. બાહ્ય સુખથી તદ્દન સ્પષ્ટપણે તે ભિન્ન છે, કારણ પ્રતિકૂળ સંજોગમાં પણ તે નિરંતર વૃદ્ધિ પામતી હોય છે. શ્રીમદ્ યશોવિજયજી** પણ આ સત્યનું સમર્થન કરે છે તે જુઓ.

સ્વર્ગનું સુખ તો દૂર છે, મોક્ષનું સુખ તો અતિ દૂર છે,

પણ સમતાનું સુખ-પ્રશમસુખ તો અમે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. અથવા તો **જ્ઞાનસાર**માં કહે છે કે-

**भूशय्या भैक्षमशनं जीर्णवासो गृहे वनं ।**

**तथापि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखं ॥**

ખરબચડી કર્કશ ધરતી સુવા માટે, ક્ષુધાશાંતિ માટે ભિક્ષાન્નના સુકા ટુકડા, દેહ ઓઢવા ફાટેલતુટેલ ચીંથરા, ઘોર જંગલમાં નિવાસ છતાં જો સાધુ નિઃસ્પૃહ હોય તો ચક્રવર્તીથી પણ અધિક સુખી છે.

શ્રી ભગવતીજીમાં પણ કહે છે કે-'હે ગૌતમ ! એક માસના પર્યાયવાળો શ્રમણ વાનવ્યન્તર દેવોના સુખને ઓળંગી જાય છે...બાર માસના પર્યાયવાળો શ્રમણ નિર્ગ્રન્થ અનુત્તરોપપાતિક દેવોના સુખને ઓળંગી જાય છે.'

**શ્રી ધર્મબિંદુમાં હરિભદ્રસૂરિજી**એ પણ લખ્યું છે કે-

**उक्तं मासादिपर्यायवृद्ध्या द्वादशमिः परम् ।**

**तेजः प्राप्नोति चारित्री सर्वदेवेभ्य उत्तमम् ॥**

ચારિત્ર્યવાળા સાધુ બાર માસના પર્યાયવડે સર્વ દેવો કરતાં ઉત્તમ એવું ઉત્કૃષ્ટ સુખ પામે છે.

આ રીતે જગદવંદ્ય ઉમાસ્વાતિજી, હેમચંદ્રાચાર્યજી, યશોવિજયજી, હરિભદ્રસૂરિજી જેવા જીવનની શ્રેષ્ઠ સંયમકળાના પારગામીઓ, ચિત્તપ્રસન્નતા જેવી વસ્તુ હયાત છે તે માટે પૂરતા આધ્યાત્મિક દસ્તાવેજો આપી રહે છે.

**મારા મનમાં શંકા નથી કે આ ચિત્તપ્રસન્નતા તે જ સર્વ સંતમહાત્માઓની જીવનસાધનાનું કેન્દ્રવર્તી બળ હતું.** તેઓ ઉત્કૃષ્ટ તપધ્યાન, વ્રતશીલાદિમાં જે અદ્‌ભૂત સાહસ ને પરાક્રમથી જીવનઐશ્વર્ય પ્રગટાવી શક્યા તેમાં આ ચિત્તપ્રસન્નતાનો અનુભવ તેમને ઉંચે જવાનું બળ અવશ્ય આપતા હશે. તેઓએ ક્યારેક વિચાર્યું હશે કે **એવું ક્યું સુખ છે જે ઇંદ્રને નથી-નથી ચક્રવર્તીને-છે એક માત્ર લોકવ્યાપારરહિત સાધુને ? તેઓએ જીવનની પ્રયોગશાળામાં વૈજ્ઞાનિક અખતરાઓ કરી જે પરિણામ ઇચ્છયું તે આ ચિત્તપ્રસન્નતા હતી તેમાં મને લેશ માત્ર શંકા નથી.**

સત્ય સાધકે સૌ પ્રથમ નિર્ણય એ કરવો રહ્યો કે **પ્રતિકૂળ સંજોગોના દુઃખ ને અનુકૂળ સંજોગોના સુખથી નિરપેક્ષ એક ચિત્તપ્રસન્નતા જેવો પદાર્થ હયાત છે તે એક વાસ્તવિક હકીકત છે, નર્યું સત્ય છે,** એને જે જોઇએ છે તે પ્રત્યક્ષ અનુભવ આ ચિત્તપ્રસન્નતાનો. ચિંતન, મનન, કથન, લેખન, શ્રવણ, બધાંથીએ તે થાકે છે. કારણ તેને જોઇ એ છે તે આ પ્રત્યક્ષ જીવંત અનુભવ. કેવળ નથી થાકતો માનવ એક આ આનંદથી. તે જ પ્ર = નિત્ય ણવ = નવીન છે.

જો આ સ્વતંત્ર આનંદતંત્ર હયાત ન હોત તો શ્રી અરવિંદ એક ઓરડામાં ચાલીસ વર્ષ ગોંધાઇ ન રહેત, ન શ્રી રમણ મહર્ષિ પથાલાલિંગમના અંધારા ભોંયરામાં કીડીમંકોડાના રાફડાથી ઘેરાઇ ને જાંઘ ફોલાવી દેત, ન શ્રી રામકૃષ્ણ મથુરાની નગ્ન વેશ્યાઓ વચ્ચે-'મા આનંદમયી'ના સ્મરણમાં ડૂબી શકત, ન શાલિભદ્ર રત્નકંબલોના ટુકડાથી પગ લૂછી ખાળમાં નાંખનાર દૈવી સમૃદ્ધિને એકાદ ક્ષણમાં છોડી શકત, ન મેતારજ મુનિ એક ક્રૌંચ પક્ષી ખાતર તેમની ખોપરી ફટવી દેત, ન ચંડકૌશિક નાગ માત્ર જમીનમાં મોં ઘાલી કીડીઓથી શરીરને ચાલણી જેવું થવા દેત. તેઓએ જે અતુલ પરાક્રમથી જીવનસમૃદ્ધિ Life-richness પ્રગટાવી તેની પાછળ કોઇ બળ તેમને અંતરમાં ઉંડે ને ઉંડે ખેંચી જતું, તેનું તે બળ તે આ ચિત્તપ્રસન્નતાનું જ હતું. આ સર્વ કાંઇ શક્ય બન્યું, કારણ કોઇક વિશિષ્ટ સ્વતંત્ર આનંદ હયાત છે તેમની તેમને ભાળ મળી હતી. તે પ્રત્યક્ષ અનુભવ થયો હતો. એ એકાંતની વિરલ મસ્તી તેમને એક પછી એક વિકાસના શિખરો સર કરાવતી ગઇ.

ભગવાન મહાવીરની મહત્તા કાનમાં ખીલા ઠોકાતા સહન કર્યા તેમાં નથી પણ તે ચિત્તપ્રસન્નતાપૂર્વક તેમણે સહન કર્યા તેમાં છે. જંબુસ્વામીએ આઠ સ્ત્રીઓ, શાલિભદ્રે બત્રીસ સ્ત્રીઓ ત્યજી દીધી તેમાં તેમની મહત્તા નથી પણ તે સ્ત્રીઓ છોડતી વખતે અનુપમ ચિત્તપ્રસન્નતાના પ્રબળતમ વ્હેણમાં તણાઇ ગયા હતા તેમાં જ તેમની મહત્તા છે. શ્રી હેમચંદ્રાચાર્યે ત્રણ કરોડ શ્લોક લખ્યા, હરિભદ્રસૂરિજીએ ૧૪૦૦ ઉપરાંત ગ્રંથો લખ્યા તેમાં તેમની મહત્તા નથી. પણ તેઓના સર્જનના મૂળમાં કોઇક અપ્રતિમ વેગ હતો, દુર્દમ્ય, ભીષણ આનંદાવેગ હતો તેમાં તેમની મહત્તા છે. આખરે જે

કાંઇ મૂલ્યવાન ને સ્થાયી છે, નિરંતર વૃદ્ધિ પામનાર છે તે આ આનંદ છે, જીવન પ્રયોગોનું પરિણામ. `The result of the experiments' તે જ છે. એ ચિત્તપ્રસન્નતા બાહ્ય સુખથી ભિન્ન છે. તે કદી ન ભૂલવું ઘટે. ચારિત્ર્ય પણ આ રસાનુભવની તાકાત છે, Enjoying Capacity છે. એટલું ખાસ ધ્યાન રાખવું ઘટે કે તે સાત્ત્વિક રસાનુભવ છે. તેમ વિષયસેવન કે અહંવૃત્તિ સાથે સીધો કે આડકતરો કશો સંબંધ નથી.

**હેલન કેલર** જેવી બહેરી, મૂંગી ને આંધળી સ્ત્રી જો જીવનસંધ્યાના આછા અજવાળે વીતેલ પંથયાત્રાના સારરૂપે એમ કહી શકે કે મારી એક પણ ક્ષણ જડ સ્થિરતામાં નથી ગઇ તો પછી તેને આવી કોઇક ચિત્ત પ્રસન્નતાની આંશિક ભાળ મળી કેમ ન હોય ?

**પંડિત સુખલાલજી**એ પણ લખ્યું છે કે, 'મૃત્યુને તટે લાવી દેતા બાહ્યઆંતર વિક્ષેપો વચ્ચે પણ જ્ઞાનની આરાધનામાં ક્યારેક મને અલૌકિક આનંદલોકનું દર્શન થયું છે.' વધુ ને વધુ પુરાવા તમને મળતા જશે કે આવો અલૌકિક આનંદલોક હયાત છે. આપણા બધા પ્રયોગો ત્યાં જવા માટેના છે. શ્રી અરવિંદ તેમના એક પત્રમાં લખે છે કે At that time I was experimenting to transfer each and every experience into the supramental Joy તે સમયે પ્રત્યેક નાના મોટા અનુભવને હું અતિમાનસ આનંદમાં-અપાર્થિવ આનંદમાં-રૂપાંતર કરવાનો પ્રયોગ કરતો હતો. તેમની આ પદ્ધતિ કાયમ ચાલુ રાખેલ જેથી તેમની સાધના દ્વારા જીવન પર કોઇ વિષમ ઘા (Wound) પડ્યા નથી એમ ટાગોર તેમના વિષે અંજલિ આપતા. શ્રી રામકૃષ્ણ પણ કહેતા કે 'મને કેટલીક વાર રાતે એટલો આનંદ આવતો કે હું આખી રાત આનંદમાં ને આનંદમાં આળોટ્યા કરતો.' આ બધા ઉતારાઓ એટલા માટે આપ્યા છે કે આપણને પ્રતીતિ થાય કે કોઇક ઊર્ધ્વચેતનામાથી એક રસધારા પ્રગટે છે, તે ચિત્તપ્રસન્નતા સર્વદા બાહ્યસંજોગોથી નિરપેક્ષ છે. તેનું ઉગમ સ્થળ અંતરની પવિત્રતામાં, ભાવની શુદ્ધિમાં છે, વિચારના ઊંડાણમાં છે, ચારિત્ર્યના બળમાં છે, જ્ઞાનની તેજસ્વિતામાં છે, જાગૃતિમાં છે, ઉત્થાનમાં છે.

◆◆◆◆

## શ્રી પંચ પરમેષ્ઠિના ઉપકારો

**પંચ પરમેષ્ઠિ તે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ. રાજાના તે અધિરાજા, મહારાજાના તે મહારાજા, ચક્રવર્તીના તે ચક્રવર્તી, રાષ્ટ્રપતિના તે રાષ્ટ્રપતિ, પંચ પરમેષ્ઠિ ને યાદ કરતા જીભ પવિત્ર થાય છે, મન સ્થિર થાય છે, કાયા સાર્થક થાય છે.**

***અરિહંત* ભગવંતો સર્વ જીવોને શાસનરસિ બનાવે છે. (શ્વેતવર્ણ)**
***સિદ્ધ* ભગવંતો સર્વ જીવોને પરમ આદર્શ આપે છે. (લાલવર્ણ)**
***આચાર્ય* ભગવંતો જીવન યોગ્ય સુંદર પંચાચાર આપે છે. (પીળોવર્ણ)**
***ઉપાધ્યાય* ભગવંતો સર્વ જીવોને જ્ઞાન પ્રકાશ આપે છે. (લીલોવર્ણ)**
***સાધુ* ભગવંતો સર્વ જીવોને મોક્ષ માર્ગમાં સહાયક બને છે. (કાળોવર્ણ)**

**આ રીતે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો આપણને એક જ ઉપદેશ આપે છે કે વિષયજનિત સંસારનું સુખ છોડવા જેવું છે. કર્મ સંયોગે દુ:ખ આવે તેને આનંદથી ભોગવવા જેવું છે. ખોટી રીતે જીવવાનો મોહ નહિ રાખવો. સાચી રીતે મરણ આવે તો ડર નહિ રાખવો. આથી શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોએ સાચો મોક્ષમાર્ગ, સાચી દિશા બતાવીને આપણા ઉપર અનંત ઉપકારો કર્યા છે. સમગ્ર વિશ્વમાં શ્રી પંચ પરમેષ્ઠિ ઉપકારી છે. શ્રી અરિહંત દેવ જગતના જીવોને માટે ધર્મતીર્થની સ્થાપના કરીને ધર્મમાર્ગનો બોધ કરે છે. સમગ્ર વિશ્વમાં સર્વકાળમાં સર્વ જીવોના હિતચિંતક હોવાથી તેઓ સર્વને માટે પરમ ઉપકારી છે. સર્વ ક્ષેત્રમાં પરમ પૂજ્ય છે, પરમ આદરણીય છે, ઇચ્છનીય છે, પરમ શ્રેષ્ઠ રૂપ પરમ પદધારી છે, પરમ સિદ્ધિ દાતા છે.**

**સર્વ મંત્રોમાં શ્રી પંચ પરમેષ્ઠિ મહામંત્ર સારભૂત અને શ્રેષ્ઠ છે એના ઉપકારો હજારો મુખે પણ કહેવાને કોઇ સમર્થ નથી. જેમ મહાસાગરના પાણીનું માપ કાઢવું અશક્ય છે તેમ આ શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનો જે વૈભવ છે તેનું માપ કાઢવા કોઇપણ મનુષ્ય સમર્થ નથી.**

**'સર્વ મંત્રોમાં સારો ભાખ્યો શ્રી નવકાર,**
**કહ્યા ન જાયે રે એહના જેહ છે બહુ ઉપકાર;**
**શ્વાસે શ્વાસે તારી આશા તું જ છે મારો વિશ્વાસ,**
**હે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંત તું પૂરજે મારી આશ.'**

**—પ્રફુલ્લ એચ. શેઠ (જામનગર)**

# 'असिआउसा' ગર્ભિત સત્તર મંત્રો

–પંડિતવર્ય શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

**અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય** અને **સાધુ** એ પાંચ પરમેષ્ઠિના પ્રથમ અક્ષરોને ગ્રહણ કરતાં '**अ सि आ उ सा**' એવી પંચાક્ષરી વિદ્યા ઉત્પન્ન થાય છે, જે મનુષ્યોના સર્વ મનોરથોને પૂર્ણ કરનારી છે અને મોક્ષમહાલયનું દ્વાર દર્શાવનારી છે. બીજ બુદ્ધિના ધારક એવા મુનિવરોએ શ્રુત સાગરમાંથી તેનો ઉદ્ધાર કરેલો છે.

કેટલાંક મંત્રાનુષ્ઠાનોમાં આ પાંચ અક્ષરોને પાંચ મંત્રબીજ ગણી તેનો અંગન્યાસ કરવામાં આવે છે. '**પંચનમસ્કૃતિદીપક**'માં કહ્યું છે કે– '**अथाङ्गन्यासः- तत्सिद्धयर्थमूअसिआउसा । 'अ' वर्ण नाभिकमले, 'सि' मस्तककमले, 'आ' कण्ठकजे, 'उ' हृदये, 'सा' मुखकमले ।** હવે અંગન્યાસનો અધિકાર કહીએ છીએ. તેની સિદ્ધિ માટે **असिआउसा** એ પાંચ મંત્રાક્ષરો અતિ ઉપયોગી છે. તેમાંના '**अ**' અક્ષરનો નાભિકમલમાં ન્યાસ કરવો, '**सि**' અક્ષરનો મસ્તકના ઉપરના ભાગમાં ન્યાસ કરવો, '**आ**' અક્ષરનો કંઠકમલમાં ન્યાસ કરવો, '**उ**' અક્ષરનો હૃદયકમલમાં ન્યાસ કરવો અને '**सा**' અક્ષરનો મુખકમલમાં ન્યાસ કરવો.

કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'**માં આ અક્ષરોનું ધ્યાન ધરવા જણાવ્યું છે. જેમ કે–

**नाभिपत्रे स्थितं ध्यायेदकारविश्वतोमुखम् ।**
**सिवर्णं मस्तकाम्भोजे आकारं वदनाम्बुजे ॥**
**उकारं हदयाम्भोजे साकारं कण्ठपंकजे ।**
**सर्वकल्याणकारिणि बीजान्यन्यान्यपि स्मरेत् ॥**

'નાભિકમલમાં રહેલા સર્વ વ્યાપી **अ** કારને ચિંતવવો, મસ્તક ઉપર **सि** વર્ણને ચિંતવવો, મુખકમલમાં **आ** વર્ણને ચિંતવવો, હૃદયકમલમાં **उ** વર્ણને ચિંતવવો અને કંઠમાં **सा** વર્ણને ચિંતવવો. તથા સર્વથા કલ્યાણ કરનારાં એવાં બીજા પણ મંત્રબીજો ચિંતવવાં.'

'**તત્ત્વાનુશાસન**' માં કહ્યું છે કે–

**हृत्पङ्कजे चतुःपत्रे, ज्योतिष्मन्ति प्रदक्षिणम् ।**
**'अ-सि-आ-उ-सा' क्षराणि ध्येयानि परमेष्ठिनाम् ॥**

'ચાર દલવાળા હૃદયકમલમાં જ્યોતિર્મય એવા **अ-सि-आ-उ-सा** અક્ષર પરમેષ્ઠિઓના આદ્ય અક્ષરોનું પ્રદક્ષિણામાં ધ્યાન કરવું જોઇએ.' તે આ રીતે :

| | | |
|---|---|---|
| | सि | |
| सा | अ | आ |
| | उ | |

તાત્પર્ય કે આ અક્ષરોનો અંગન્યાય થાય છે, તેમ તેનું ધ્યાન પણ ધરાય છે. વળી આ દરેક અક્ષરનું વિશિષ્ટ ફલ શાસ્ત્રોમાં નીચે પ્રમાણે વર્ણવ્યું છે :

**बन्दिमोक्षे च प्रथमो, द्वितीयः शान्तये स्मृतः ।**
**तृतीयो जनमोहार्थ, चतुर्थः कर्मनाशने ॥**
**पञ्चमः कर्मषट्केषु, पञ्चैव मुक्तिदाः स्मृताः ।**

'બંદિખાનામાં કેદ પડેલાને છોડાવવો હોય તો પ્રથમ અક્ષર એટલે **अ** નો જપ કરવો, શાંતિકર્મ કરવું હોય તો બીજા અક્ષર **सि**નો જપ કરવો અને લોકોનું આકર્ષણ કરવું હોય તો ત્રીજો અક્ષર એટલે **आ** જપવો, કર્મનો નાશ કરવો હોય તો ચોથો અક્ષર એટલે **उ** જપવો અને તાંત્રિક ષટકર્મમાં સિદ્ધિ મેળવવી હોય તો પાંચમો અક્ષર એટલે **सा** જપવો. જો પાંચેય અક્ષરોનો સાથે જપ કરવામાં આવે તો તે મુક્તિ આપનારો થાય છે.'

હવે **अ सि आ उ सा** એ પાંચ અક્ષરોના યોગથી બનતા કેટલાક મંત્રોનો નિર્દેશ કરીશું, જેથી તેનું મહત્ત્વ સમજાશે અને તેની સાધના કરવાનો ઉત્સાહ પ્રગટશે.

શ્રી જયંતીલાલ મોહનલાલ રાંકા
(સાદડીવાલા •• હાલ–ભાયખલા)

(૨) **'ॐ असिआउसा नमः'** એ સર્વ સિદ્ધિપ્રદ મહામંત્ર છે. તેનો વિધિસર સવા લાખ જપ કરવાથી સિદ્ધ થાય છે. સિદ્ધ થયેલો મંત્ર સર્વ પ્રકારની સંપત્તિને તથા સિદ્ધિને આપનારો થાય છે.

(૩) **'ॐ अर्हं असिआउसा नमः'** એ શાંતિદાયક મંત્ર છે અને સર્વ કલેશોનો નાશ કરે છે.

(૪) **'ॐ अर्हं असिआउसा नमो अरिहंताणं नमः'** એ પરમ કલ્યાણકારી મંત્ર છે. હૃદયકમલમાં ૧૦૮ વાર ધ્યાન કરવાથી એક ઉપવાસનું ફલ પ્રાપ્ત થાય છે.

(૫) **'ॐ ह्रीँ श्रीँ अर्हँ असिआउसा नमः'** એ સર્વકામદ નામનો મહામંત્ર છે અને તે કલ્પવૃક્ષની જેમ મનુષ્યની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે.

(૬) **'ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रँः असिआउसा नमः'** એ સર્વાર્થસિદ્ધિકરી વિદ્યા કહેવાય છે અને તે પણ ઉપરના મંત્રોની જેમ જ સર્વ કાર્યની સિદ્ધિ કરે છે. તે સવા લાખ જપથી સિદ્ધ થાય છે.

(૭) **'ॐ असिआउसा चुलु चुलु हुलु हुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा'** એ ચિંતામણિમંત્ર છે અને ૧૨૦૦ જપથી સિદ્ધ થાય છે.

(૮) **'ॐ ऍँ ह्रीँ श्रीँ क्लीँ ॐ अ सि आ उ सा नमः ।'**

આ મંત્ર ત્રિભુવનસ્વામિની વિદ્યા તરીકે પ્રસિદ્ધ છે અને તે મહાત્મા પુરુષોને પુણ્યવડે જ પ્રાપ્ત થાય છે.

પૂર્વસેવામાં આ મંત્રનો એક લાખ જપ કરવાથી અને ઉત્તરસેવામાં તેના દશાંશભાગે દશ હજારનો હોમ કરવાથી મહાસત્ત્વશાળીઓને આ મંત્ર સિદ્ધ થાય છે.

આ મંત્ર મેઘનું આકર્ષણ, ઘટનું સ્તંભન અને પ્રતિમાનું ચાલન કરી શકે છે અને મનુષ્યોના મનોવાંછિત પૂરે છે.

વશીકરણ અને આકર્ષણમાં આ મંત્ર સમર્થ છે, તેથી બધાને વશ કરી શકે છે.

(૯) ભૂતપ્રેતાદિના નાશ માટે નીચેનો મંત્ર ૪૨ વાર ભણવો : **'ॐ ह्रीँ अ सि आ उ सा प्रेतादिकान् नाशय नाशय ठः ठः ।'**

(૧૦) કોઇ ઝેરી જંતુ કરડયું હોય કે વિષપ્રયોગ થયો હોય તો નીચેના મંત્રનો અસ્ખલિત જપ કરવો: **'ॐ ह्रीँ अर्हं अ सि आ उ सा क्लीँ नमः ।'**

(૧૧) તાવ ઉતારવા માટે નીચેનો મંત્ર ૧૦૮ વાર ગણવો જરૂરી છે : **'ॐ नमो भगवते नमो अरिहंताणं नमो ओहिजिणाणं ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रँः अप्रतिचक्रे फट् विचक्राय ह्रीँ अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा ।'**

(**'ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं'** એ અક્ષરોને ઉલટા ક્રમથી જપતાં પણ તાવ ઉતરે છે.)

(૧૨) વિષુચિકા એટલે કોલેરા લાગુ પડ્યો હોય તો નીચેનો મંત્ર ૧૦૮ વાર બોલી પાણી અભિમંત્રિત કરવું અને તે દરદીને પાઇ દેવું. **'ॐ नमो भगवते, नमो अरिहंताणं, नमो जिणाणं, ह्राँ, ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः अ सि आ उ सा झ्रौँ झ्रौँ स्वाहा ।'**

(૧૩) વાદમાં જય મેળવવા માટે નીચેનો મંત્ર ઉપયોગી છે, **'ॐ हँसः ॐ ह्रीँ अर्हँ ऐँ श्रीँ अ सि आ उ सा नमः ।'**

(૧૪) આવો જે બીજો મંત્ર નીચે પ્રમાણે સમજવો: **'ॐ ह्रीँ अ सि आ उ सा नमोऽर्हँ वद वद वाग्वादिनी सत्यवादिनि मम वक्त्रे व्यक्तवाचा ह्रीँ सत्यं बृही सत्यं बृही सत्यं वदास्खलितप्रचारं सदेव मनुजा सुरसदसि ह्रीँ अ सि आ उ सा नमः ।'**

(૧૫) અગ્નિને શાંત કરવા માટે નીચેનો મંત્ર અતિ ઉપયોગી છે : **'ॐ नमो ॐ अर्हँ अ सि आ उ सा नमो अरिहंताणं नमः ।'**

(૧૬) 'ॐ ह्रीँ अर्हँ अ सि आ उ सा अनाहत विजये अर्हँ नमः ।' આ મંત્રને સિદ્ધ કરવાથી તથા દીવાળીના દિવસે ૧૦૮ વાર તેની ગણના કરવાથી જીવનપર્યંત સર્પનો ભય રહેતો નથી.

(૧૭) **'ॐ ह्रीँ वरे सुवरे असिआउसा नमः ।'** આ મંત્રની સતત ગણના કરવાથી સર્વ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.



# જેના હૈયે શ્રી નવકાર, તેને કેમ ગમે સંસાર ?

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

શ્રી નવકાર મંત્ર એટલો બધો મહિમાવંતો છે કે, એના સ્મરણથી દુ:ખ પણ ટળે અને કર્મનો યોગ પણ ટળે. આવું સાંભળ્યા પછી લાયક જીવને એમ ન થાય કે, નવકાર મંત્રનો આટલો બધો મહિમા શા કારણે છે ? એના અક્ષરોમાં અને એના શબ્દોમાં ક્યું સુન્દર તત્ત્વ રહેલું છે ? આ મંત્ર દ્વારા જેમને નમસ્કાર કરાય છે, તે કોણ છે અને કેવા છે ? એમાં જેમને નમસ્કાર કરાય છે, તે એવા તે કેવા સારા છે કે, જેમને નમસ્કાર કરવાના પ્રતાપે સર્વ પાપનો વિનાશ થઇ જાય ? આવા આવા વિચારો નવકાર મંત્રના મહિમાને માનનારાને અને ગાનારાને આવે કે નહિ ? જો મારામાં તાકાત આવે તો હું પણ એવો સારો બની જાઉં, એમ થાય કે નહિ ?

આ નમસ્કાર સર્વ પાપનો વિનાશ કરનારો છે એવું જાણનારો પોતાનું કોઇ પણ પાપ વધે, પોતાની પ્રવૃત્તિ કોઇ પણ પાપમાં આગળ ધપે, એવું ઇચ્છે ખરો ? અને પાપનો જેને સર્વથા ખપ ન હોય, પાપ માત્ર જેને ડંખતું હોય, તેને નવકાર મંત્રના સ્મરણાદિના બળે પાપસ્થાનકની સાધનામાં રાચવાની ઇચ્છા થાય ખરી ?

નવકાર મંત્રના સ્મરણાદિથી શું સારું ન મળે ? શ્રી જિને કહેલા ધર્માનુષ્ઠાનને આદરપૂર્વક આરાધનારો માત્ર મોક્ષ જ પામે એમ નહિ, પણ સંસારમાં એને જ્યાં સુધી ભ્રમણ કરવું પડે, ત્યાં સુધી એને સંસારમાં પણ સારામાં સારી સ્થિતિ મળ્યા કરે, એમાં આશ્ચર્ય નથી. પણ પાપ માત્રનો વિનાશ ઇચ્છનારને ઇચ્છા તો મોક્ષની જ હોય ને ? આવી ઇચ્છા જેને ન થાય અને જે વચમાં જ અટવાઇ પડે, તેનું શું થાય ? એવાને નવકાર તારે શી રીતે ? એવાઓ તો પોતોને માટે નવકારની પ્રાપ્તિને દુર્લભ ન બનાવી દે તો સારું, એમ કહેવું પડે !

તમને ખબર છે કે, તમારા ઉપર, તમારા આત્મા ઉપર કેટકેટલાં પાપોનો બોજ રહેલો છે ? આત્મા ઉપર રહેલાં સઘળાંય પાપોનો વિનાશ, એ જ તમારું ધ્યેય છે ને ? નવકાર મંત્ર તમે ગણો છો, તે સઘળાંય પાપોના નાશ માટે ગણો છો ને ? પાપનો વિનાશ પણ શા માટે જોઇએ છે ? સંસાર સુખનો લાભ અને ભોગ: આ બે તરફ નજર છે કે શ્રી અરિહંતે કહેલા ધર્મની પ્રાપ્તિ અને શ્રી અરિહંતે કહેલા ધર્મની આરાધના તરફ નજર છે ? આ જન્મમાં શ્રી અરિહંતે કહેલો ધર્મ મળી જાય, એ જ ઇચ્છા છે ને ?

'આ જન્મમાં શ્રી અરિહંતે કહેલો ધર્મ મળી જાય, તો મારો પરલોક સુંદર બને અને શ્રી અરિહંતે કહેલા ધર્મની પ્રાપ્તિથી મારી પરલોકની પરંપરા પણ સારી સર્જાય. એમ કરતાં કરતાં એક ભવ એવો આવી જાય કે, જે ભવમાં મારાં સર્વ પાપ નાશ પામી જાય. એથી હું કર્મના સંયોગથી સર્વથા રહિત બની શકું અને મારું શુદ્ધ સ્વરૂપ પ્રગટી જાય. એટલે હું સિદ્ધિપદનો સ્વામી બની જાઉં !' આવું જ નવકાર ગણનારના મનમાં હોય ને ? નવકારમંત્રના સ્મરણ અને શરણના ફળ તરીકે ઇચ્છે તો એ સર્વ પાપોના નાશને જ ઇચ્છે ને ? એટલે કે શ્રી સિદ્ધિપદને જ એ ઇચ્છે ને ?

તમે કોઇ પણ યોગ્ય ઠેકાણે પહોંચીને પૂછ્યું છે ખરું કે, નવકારમાં શું છે ? કે જેને લઇને નવકારનું આટલું બધું મહત્ત્વ છે ? નવકારમાં જે છે તે મેળવવા જેવું અને સાચવવા જેવું છે ? કે તમારા ઘરમાં જે છે તે મેળવવા જેવું અને સાચવવા જેવું છે ? બીજા બધા જ કરતા નવકાર

કિંમતી છે, એ જ મેળવવા લાયક છે અને એ જ સાચવવા લાયક છે, આવું જો લાગે, તો જ જે ભાવે નવકાર ગણાવો જોઇએ, તે ભાવે નવકાર ગણી શકાય. બાકી તો ગતાનુગતિકતાથી કે કે ઊલટા ભાવે જ નવકાર ગણાય. નવકાર જો ઊલટા ભાવે ગણવા માંડ્યો અને ઊલટા ભાવનો આગ્રહ થઇ ગયો, તો એવો ધક્કો લાગી જાય કે, કદાચ અનંતકાળ સુધી પણ નવકાર દુર્લભ બની જાય.

નવકાર ગણનારો તો જાણતો હોય કે આ નવકારથી જે પુણ્ય બંધાય તેનાથી સાંસારિક સુખની સામગ્રી તો મળે પણ એ કાંઇ જીવનનું લક્ષ્ય ન હોઇ શકે. સાંસારિક સુખની સામગ્રી મળી એટલે કાંઇ પાપ માત્રને નાશ થઇ જાય ? પાપ નાશ પામે અને પુણ્યથી મને સાંસારિક સુખની સામગ્રી મળે તો ય એ સામગ્રી મને પાપમાં ડૂબાવે નહિ એ મારે જોઇએ છે.' આવા વિચારવાળાને આ નવકાર ફળ્યો એમ કહેવાય.

જેને ચીજની કિંમત નથી હોતી, તેને માટે સારી ચીજ પણ લાભદાયી બનતી નથી. જેના પ્રભાવે સર્વ પાપનો નાશ થઇ શકે, તેના દ્વારા સાંસારિક સુખની સામગ્રી મેળવવાની આશામાં ડૂબી જનારા, સારી ચીજની કિંમત સમજ્યા કહેવાય ?

સારી ચીજથી સામાન્ય લાભ મળે, પણ મળવો જોઇતો લાભ ન મળે, તો તે ફળી કહેવાય ? ઉલટું, સારી ચીજથી મળતા સામાન્ય લાભમાં આપણે ફસાઇ જઇએ અને એવું કરી બેસીએ કે, જેને લઇને ભવાન્તરમાં એ સારી ચીજની પ્રાપ્તિ દુર્લભ બની જાય, તો આપણાને જે સારી ચીજ મળી, તે આપણે માટે નિષ્ફળ જ ગઇ, એમ કહેવાય ને ? અથવા તો આપણે તેને નુકસાનકારક બનાવી એમ પણ કહેવાય ને ?

નવકાર મંત્રની કિંમત કેટલી ? નવકાર મંત્ર માટે ચક્રવર્તીઓએ ચક્રવર્તીપણું છોડ્યું અને ઇન્દ્રો, ઇન્દ્રપણું છોડી શકતા નથી, પણ જો શક્ય હોત, તો ઇન્દ્રોએ ઇન્દ્રપણું છોડ્યું હોત. જેને સંસારનું સુખ જોઇએ, સંસારના સુખની જ જેને સ્પૃહા છે, તેને ચક્રવર્તીપણા અને ઇન્દ્રપણાથી વધુ શું મેળવવા જેવું છે ? ચક્રવર્તી એટલે છ ખંડના સ્વામી ! ઇન્દ્ર એટલે દેવતાઓના સ્વામી ! એ બધાની ભોગસામગ્રી કેવી અને ઋદ્ધિ-સિદ્ધિ કેવી ? પણ નવકાર મંત્રની જેને મન કિંમત છે, એને મેળવવા જેવું શું લાગે ? નવકાર મંત્ર દ્વારા જેમને હું નમસ્કાર કરું છું, તેમનામાં જે છે તે મારે જોઇએ છે, એમ જ એ કહે ! નવકારમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર છે. અરિહન્ત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ. આ પરમેષ્ઠિઓને નમસ્કાર કરનારને જોઇએ શું ? નવકાર મંત્રમાં સ્થાન પામવા સાધુપણું જોઇએ ! સાધુપણું પામીને સ્વાધ્યાય અને સંયમમાં લીન બનનારા જ, બની શકે તો સાચા ઉપાધ્યાય અને સાચા આચાર્ય બની શકે ! અને અરિહંતપણું પણ સાધુપણા વિના આવે જ નહિ ! સિદ્ધપણું પણ સાધુપણા વિના ન આવે !

નવકાર ગણનારની નજર સાધુપણું પામવા ઉપર જ હોય ને ! એને ચક્રવર્તીપણું કે ઇન્દ્રપણું વગેરે મેળવવા જેવું લાગે ખરું ? નવકારને ભાવથી પામેલો તો કહે કે, મારે ચક્રવર્તીપણું પણ નથી જોઇતું અને ઇન્દ્રપણું પણ નથી જોઇતું. આ બધી દુન્યવી દૃષ્ટિએ ઉંચામાં ઉંચી ગણાતી ચીજો છે, પણ મારે એ ન જોઇએ. મારે તો તે જોઇએ કે, જે મને પરમેષ્ઠિપણું પમાડે ! અન્તે જે મને સિદ્ધપણું પમાડે !

શ્રી નવકાર જેને મળી જાય અને શ્રી નવકાર મંત્રનો મહિમા જેના હૈયે વસી જાય, તેને લાગે કે-'હવે હું હળવો બની ગયો. આ મંત્ર મને મળ્યો, એટલે હવે મારો આત્મા કર્મના બોજે લદાયેલો રહેવાનો નહિ.' શ્રીનવકારનું રહસ્ય જેમ જેમ સમજાય, તેમ તેમ જીવને પોતાના બોજાનો ખ્યાલ આવે. અને, એ બોજો ઉતારવાનો આ સુંદરમાં સુંદર ઉપાય છે એમ લાગે. આ વિચારથી પણ એનો બોજ ઉતરી ગયો લાગે. એને હૈયે ટાઢક વળે. એ કહેશે કે-'હાશ, અનાદિકાળથી જે સમજાયું નહોતું એ હવે સમજાયું.' અનાદિકાળથી જે નહોતું મળ્યું એ હવે મળ્યું. પહેલાં મને શ્રી નવકાર મળ્યો

તો હશે, પણ તેને મેં આવી સમજણપૂર્વક સ્વીકાર્યો નહિ હોય. એટલે, એ મને મળ્યો તોય તે ના મળ્યા જેવો થયો. હવે આને એવો આત્મસાત્ કરી લઉ કે-આમાં જે પાંચ છે તેમાં હું પણ સ્થાન પામી જાઉં અને અંતે બીજા પરમેષ્ઠિ પદે પહોંચી જાઉં !' જૈન કુળમાં જન્મવાથી તમને શ્રીનવકાર મળી તો ગયો છે, પણ આવા પ્રકારનો ભાવ તમારે હૈયે પેદા થયો છે કે નહિ ?

કોઇ પૂછે કે-'શ્રી નવકાર મંત્રમાં શું છે ?' તો કહેવું કે-'સંસારમાં જે નથી તે બધું સારું શ્રી નવકારમાં છે. અને શ્રી નવકારમાં જે છે તે સમજાય, એટલે સંસારનું બીજું બધું ભૂંડુ લાગ્યા વિના રહે નહિ ! બીજું બધું ભુંડું લાગે, એટલે શું થાય ? એનાથી અળગા બનવાની મહેનત થાય !' શ્રી નવકારમંત્રમાં જે છે, તેના સિવાયનું શું શું છે ? આખો સંસાર ! તો તે તમને વળગેલો છે એમ લાગે છે ? બહુ ભારે લાગી ગયો છે સંસાર ? સંસાર એટલે ? વિષય અને કષાય. વિષયથી અને કષાયથી છૂટયા એટલે આત્મા ઉપરનો બોજ સર્વથા ઉતરી જતાં વાર કેટલી ?

'શું છે આ નવકારમાં, કે જેથી આનો આટલો બધો મહિમા છે ? શ્રી નવકારથી માત્ર પાંચને જ નમસ્કાર કેમ કરાય છે ?' આ પાંચને નમસ્કાર કરવાથી સર્વ પાપોનો વિનાશ શાથી થાય છે ? એ પાંચમાં એવું શું છે, કે જેથી એમને જ નમસ્કાર કરવાનું જ્ઞાનીઓએ કહ્યું અને એ પાંચને કરેલા નમસ્કારને સર્વ પાપોનો વિનાશ કરનારો કહ્યો ? આવો વિચાર તો આવવો જ જોઇએને ? આ વિચાર આવે અને શ્રી અરિહંતાદિને ઓળખવાની મહેનતમાં પડે અને શ્રી અરિહંતાદિને ઓળખવા માંડે, એટલે અનાદિકાળથી ચીટકીને બેઠેલો સંસાર હાલી ઊઠ્યા વિના રહે નહિ.

શ્રી નવકાર મંત્રમાં તો આખાય શાસનનું રહસ્ય ભરેલું છે. એક માત્ર શ્રી નવકાર મંત્રના સ્વરૂપ વિષે જો વિચાર કરવામાં આવે, તોય એમાં સઘળાય સારા વિચારો સમાવેશ પામી જાય એવું છે. એમાં મોક્ષની વાત છે. મોક્ષમાર્ગના સ્વતંત્ર પ્રરૂપકોની વાત પણ એમાં છે અને મોક્ષમાર્ગને અણીશુદ્ધ આરાધીને મોક્ષને પામેલાની વાત પણ એમાં છે. એટલું જ નહિ, પણ અન્ય સર્વ પુરુષાર્થને તજીને એક માત્ર મોક્ષમાર્ગની આરાધનાનો પુરુષાર્થ કરવામાં લાગી ગયેલા આત્માઓની વાત પણ એમાં છે. હવે બાકી શું રહી જાય છે ? આપણે વિચારીએ અને આપણે સમજીએ, એટલું જ બાકી રહે છે ને ? જેમ જેમ આપણે વિચારીએ અને જેમ જેમ આપણે સમજીએ, તેમ તેમ આપણને આપણે આ જીવનને પામીને કેવો પુરુષાર્થ કરવો જોઇએ, એનો ખ્યાલ આવે એવું છે !

## નવકાર મંત્ર ચિંતામણિ રત્ન

પાપ રૂપી પર્વતને ભેદવા વૃજ સમાન.
કર્મરૂપી વનને બાળવા દાવાનલ સમાન.
દુ:ખરૂપી વાદળોને વિખેરવા પ્રચંડ પવન સમાન.
મોહરૂપી શત્રુઓને હણવા સમશેર સમાન.
અજ્ઞાનરૂપી અંધકારને હટાવવા સૂર્ય સમાન.
કલ્યાણરૂપી કલ્પવેલડીના અવ્વંધ્ય બીજ સમાન.
સમ્યકત્વ રત્નને પ્રગટાવવા રોહણાચલ પર્વત સમાન.
ચિન્તાઓને ચકચૂર કરવા ચિંતામણિ રત્ન સમાન.

## નવકાર મંત્રની સાધનાથી ફળ પ્રાપ્તિ

નવકાર મહામંત્રની આરાધનાથી જીવનમાં ચાર પ્રકારના ફળની પ્રાપ્તિ થાય છે. સામાન્ય ફળ, મધ્યમ ફળ, ઉત્તમ ફળ, ઉત્તમોત્તમ ફળ.

**સામાન્ય ફળ** : વિઘ્નો ટળે છે, રોગ મટે છે, અને દોષ વિનાશ થાય છે.

**મધ્યમ ફળ** : બળ વધે છે, અનુકૂળતા મળે છે, અંત:કરણ શુદ્ધ થાય છે, વિચારો પવિત્ર બને છે.

**ઉત્તમ ફળ** : આત્મિક આનંદનો અનુભવ, મન પ્રફુલ્લિત બને, કામ, ક્રોધ, માન, માયા, રાગ, દ્વેષાદિ ભાવો મંદ પડે છે, ગુણોની વૃદ્ધિ, ધૈર્યભાવ ઉત્પન્ન થાય છે.

**ઉત્તમોત્તમ ફળ** : વિશ્વ કલ્યાણની ઉચ્ચ ભાવના, જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ, કર્મથી મુક્તિ, પરમાત્મા દર્શન, સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.

માતુશ્રી વેજબાઇ દામજી ખીમજી કારાણી (કચ્છ નારણપુર-મુંબઇ)
હસ્તે : વીણા ગિરિશ / નીતા નીતિન / લીના ભાવેશ કારાણી



# ચૌદ પૂર્વનો સાર નવકાર મહામંત્ર

**પૂ. આચાર્યદેવ શ્રી મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

શ્રી નવકાર મહામંત્ર ચૌદપૂર્વનો સાર છે. એનો અર્થ એ છે કે નવકારનો વિસ્તાર તે ચૌદપૂર્વ. કોઇપણ વિષયના સંક્ષેપ કે વિસ્તારની ખૂબી ઉપર જ તે વસ્તુનું મહત્ત્વ અંકાય છે. ચૌદપૂર્વનું અગાધજ્ઞાન માત્ર નવકારના નવપદોમાં કેમ સમાવી શકાય ? એ શંકાનું સમાધાન નીચેની કથામાં મળી રહેશે.

ચાર ગોઠીયા મિત્રો હતા. તેઓ ભણવા માટે કાશી ગયા. ત્યાં બાર વર્ષ રહીને દરેકે એક એક વિષયમાં નિપુણતા-માસ્ટરી મેળવી. એકે આયુર્વેદમાં, બીજાએ ધર્મશાસ્ત્રમાં, ત્રીજાએ નીતિશાસ્ત્રમાં અને ચોથાએ કામશાસ્ત્રમાં. ચારે મિત્રોએ વિચાર કર્યો કે આપણે આપણું જ્ઞાન જગત આગળ મૂકીએ અને ધન મેળવીએ. એ માટે ચારેએ નિર્ણય કર્યો કે દરેકે પોતપોતાના વિષય પર લાખ લાખ શ્લોક પ્રમાણ એક એક ગ્રંથ લખવો.

નિર્ણય મુજબ રાત દિવસ જહેમત ઉઠાવી તેઓએ ગ્રંથો તૈયાર કર્યા. પરંતુ જ્યાં સુધી એની કદર કરનાર ન મળે ત્યાં સુધી એ ગ્રંથોની કિંમત શું ? તેઓની નજર જિતશત્રુ રાજા તરફ ગઇ, તે રાજા વિદ્યાપ્રિય છે. તેની પાસે જઇએ. તે આપણી કદર કરશે.

ચારે પંડિતો ગ્રંથોના થોકડા ઉપાડી જિતશત્રુ રાજાના દરબારે પહોંચ્યા. રાજાએ આવકાર આપવા સાથે આગમનનું કારણ પૂછ્યું. પંડિતોએ સઘળી હકીકત જણાવીને કહ્યું કે, આપ વિદ્યાવ્યાસંગી છો. માટે બહુ મહેનતથી રચેલા અમારા ગ્રંથો સાંભળી આપ જરૂર અમારી કદર કરો. રાજન્ ! એક એક ગ્રંથ લાખ લાખ શ્લોક પ્રમાણ છે.

આ સાંભળી વિદ્વાન રાજા સમજી ગયો કે એક એક વિષય ઉપર લાખ લાખ શ્લોકો રચ્યાં છે. એટલે વિષયને વિસ્તારવાની શક્તિ તો આ પંડિતોમાં અજબ છે. પરંતુ એનો સંક્ષેપ કરવાની શક્તિ-કળા જોઉં તો ખબર પડે કે પંડિતોને પોતપોતાના વિષયનું જ્ઞાન કેટલું સંગીન છે. રાજાએ પંડિતોને કહ્યું-'રાજ્ય કારભારના અનેક કામોમાં હું ચાર લાખ શ્લોક ક્યારે સાંભળું ? માટે કંઇક સંક્ષેપ કરો તો વિચાર કરું.'

**પંડિતો** : અમે એનું અર્ધું કરી નાખીએ ?

**રાજા** : 'તોય બે લાખ શ્લોક સાંભળવાનો સમય મને ક્યાંથી મળે ?'

**પંડિતો** : સારું દસ દસ હજાર કરીએ ?

**રાજા** : એ પણ ઘણું વધારે કહેવાય.

**પંડિતો** : એક એક હજારમાં અમે એનો સાર લખી નાખીએ ?

રાજાએ વિચાર્યું કે એક લાખને એક હજારમાં ઉતારવાની શક્તિ છે. તો હજી જોઉં કે કેટલો સંક્ષેપ કરી શકે છે ?

**રાજા** : હજી કાંઇક ઓછું કરો.

**પંડિતો** : સો સો શ્લોકો ?

**રાજા** : હજી ઓછું કરો.

**પંડિતો** : દસ દસ શ્લોકમાં એનો સાર આપીએ ?

**રાજા** : તોય ચાલીસ શ્લોકો થાય. એટલું બધું યાદ ન રાખી શકું.

**પંડિતો** : ઠીક ત્યારે એક એક શ્લોકમાં અમારા ગ્રંથનો નિષ્કર્મ આપી દઇએ.

**રાજા** : 'બહુ સરસ ! પણ આટલી મહેનત કરીને તમે જે ગ્રંથો બનાવ્યા, તેનો નિષ્કર્મ તમે મને આપો તે હું કંઠસ્થ રાખી શકું તો સારું. ચાર શ્લોક યાદ રાખવા ભારે પડે, માટે તમે જો એક એક પાદમાં એને સંકોચી શકો તો મારે એકજ શ્લોક યાદ રાખવો પડે અને તે હું સહેલાઇથી યાદ રાખી શકું.

**પંડિતો** : ઠીક, અમે એક શ્લોકમાં અમારા ગ્રંથોનું તત્ત્વ તમને આપીએ છીએ તે સાંભળો, પંડિતો ત્યાંજ એક

એક પાદમાં પોતાના ગ્રંથોનું રહસ્ય બોલી ગયા.

**'जीर्णे भोजनमात्रेयः कपिलः प्राणिषु दया ।**
**बृहस्पतिरविश्वासः पांचालः स्त्रीषु मार्दवम् ॥**

આયુર્વેદશાસ્ત્રના પારગામી આત્રેય નામના પંડિતે પહેલા પાદમાં આયુર્વેદશાસ્ત્રનો સાર બતાવ્યો કે આરોગ્ય માટે પહેલા ખાધેલું ભોજન પચ્યા પછી જ નવું ભોજન કરવું. ધર્મશાસ્ત્રના વિશારદ પંડિત કપિલે બીજા પાદમાં ધર્મનો સાર પ્રાણીદયા બતાવી. અર્થ શાસ્ત્રમાં નિષ્ણાત પંડિત બૃહસ્પતિએ ત્રીજા પાદમાં અર્થ શાસ્ત્રનો સાર બતાવ્યો કે ધનના વિષયમાં કોઇનોય વિશ્વાસ ન કરવો. ચોથા પાંચાલ નામના પંડિતે પણ ચોથા પાદમાં કામશાસ્ત્રનો ટૂંકમાં સાર બતાવ્યો. ખૂબી તો એ છે કે એક એક પાદમાં લાખ લાખ શ્લોકના સાર સાથે પંડિતોનું નામ પણ આવી ગયું.

લાખો શ્લોકોનો સંક્ષેપ જેમ એક શ્લોક-સાર પાદમાં થઇ શક્યો, તેમ ચૌદપૂર્વનો સંક્ષેપ નવપદમાં કેમ ન થઇ શકે ? જેમ લાખો મણ ગુલાબમાંથી અત્તર કાઢ્યું હોય, એનું એક ટીપું આખા હોલને મઘમઘતો કરી દે છે. કારણ મણોબંધ ગુલાબનું સત્ત્વ એ એક ટીપામાં છે તેમ શ્રી નવકાર એ ચૌદપૂર્વનું અત્તર છે. એમાં આપણને દઢ વિશ્વાસ અને શ્રદ્ધા જોઇએ. આપણો રોજનો બધો જ જીવન વ્યવહાર પણ શ્રદ્ધા પર નભે છે, આપણે શ્રદ્ધાથી જ જીવીએ છીએ. મંત્ર, દેવ, ગુરુ, તીર્થ, નિમિત્તજ્ઞ, સ્વપ્ન અને ઔષધ આ સાત ચીજો મનુષ્યને, એની ભાવના-શ્રદ્ધા-વિશ્વાસ મુજબ ફળે છે. જેવી ભાવના તે મુજબ સિદ્ધિ મળે છે. ○○○

# નવકાર કેમ ફળે ?

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

શ્રી નમસ્કાર–મહામંત્રનો પ્રભાવ અચિંત્ય છે, અદ્‌ભૂત છે. શાસ્ત્ર કહે છે નવકારથી શું શું ઇષ્ટ નથી નીપજતું ? ને કેવી કેવી આપદા નથી મટતી ? મહા આપત્તિઓનું નિવારણ અને મહા સંપત્તિઓની પ્રાપ્તિ શ્રી નવકાર મંત્રથી થાય છે. પરંતુ સવાલ એ છે કે આપણે નવકારનાં ક્યાં ફળ આપણી જાત માટે માનવાના ? શું શું મળે એટલે આપણને લાગે કે આપણું નવકાર સ્મરણ ફળ્યું ? સામાન્ય રીતે એવું બને છે કે માણસની ધારણા હોય કે અમુક કાર્ય મારે બનવું જોઇએ, દા.ત. ધંધામાં લાભ, અમુક વેપાર, અમુક સોદો, અમુક હોદ્દો, લોકમાં યશ, સારું મકાન...વગેરે વગેરે બની આવવાની ધારણા હોય, ને એ નવકાર પર જોર મારતાં મારતાં બની આવે તો માણસના મનને એમ થાય છે કે મને નવકાર ફળ્યો. સવાલ આટલો છે કે આપણે નવકારના ફળ તરીકે આવા બાહ્ય સિદ્ધિનાં કાર્ય થવાનું માનીને ઊભા રહેવું ? કે એથી ઉંચાં કોઇ વિશેષ ફળ માનવાં ?

એટલું ધ્યાનમાં રહે કે માત્ર બાહ્ય કાર્યને ફળ માનવામાં કેટલીકવાર એવું બને કે પૂર્વનાં કોઇ આપણા તેવાં અંતરાયકર્મ હોય તો નવકાર બહુ રટવા છતાં કાર્ય ન બની આવે. પછી જો એટલી જ શ્રદ્ધા રાખી બેઠા હોઇએ કે 'નવકારથી કાર્યસિદ્ધિ થાય' તો તીવ્ર અંતરાયના ઉદયે કાર્ય ન બની આવતા નવકાર પરની શ્રદ્ધા ડગવા માંડે કે નવકાર ગણ્યા પણ કાર્ય ન થયું. માટે, ફળ તો એવું માનવું કે જે નવકારનાં આલંબને અવશ્ય બની આવે, તે જેની જ આ જીવનમાં બહુ જરૂર હોય તો એવાં ફળ ક્યાં છે ?

આનો જવાબ નવકારના પદોની અંદર જ સ્પષ્ટ મળે છે. 'એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો.' આ પાંચ નમસ્કાર સમસ્ત પાપોનો અત્યંત નાશ કરનારા છે. અર્થાત્ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કર્યાનું ફળ શું ? તો કે સર્વ પાપનાશ. 'પાપ' ક્યા ? જે પાપકર્મ–અશુભકર્મ બંધાવે એ પાપ. અશુભ કર્મ બંધાવનારાં પાપ છે મિથ્યાત્વ, રાગ–દ્વેષાદિ કષાયો, અવિરતિ, પ્રમાદ અને હિંસાદિ પાપ–વિચાર–વાણી–વર્તાવ.

આ સમસ્ત પાપોનો નાશ એ નવકાર–પંચનમસ્કારનું ફળ છે. જ્યારે નવકારસૂત્ર પોતે જ આ ફળ બતાવે છે તો પછી આપણે એ જ ફળની આકાંક્ષા રાખીએ કે બીજાં કોઇ ફળની ? અલબત્ નમસ્કારથી બીજાં લૌકિક ફળ મળે છે ખરાં, પરંતુ એ ઇચ્છવા–માગવા જેવી વસ્તુ નથી. ઇચ્છવા–માગવા જેવી વસ્તુ આ મિથ્યાત્વ–રાગ–દ્વેષાદિનો નાશ છે. માટે પંચપરમેષ્ઠિ નમસ્કારનું એ જ ખરેખરું ફળ માની એની જ કામના–ઝંખના આકાંક્ષા રાખવાની.

વાત પણ વ્યાજબી છે કે આવા ઉચ્ચ માનવ–અવતારે આપણાં મિથ્યાત્વ–રાગ–દ્વેષ આદિ નષ્ટ થઇ જાય, અરે ! સમૂળગાં નષ્ટ નહિ તોય અત્યંત ઓછા થઇ જાય, તો એના જેવી સિદ્ધિ–સમૃદ્ધિ બીજી કઇ હોય ? ધનના ઢગલા કે મોટા રાજ્યપાટની સિદ્ધિ મળે કિન્તુ જો આ મિથ્યાત્વાદિ પાપ ખખડધજ ખડાં છે, તો અહીં ઉન્માદ–અશાંતિ અને પરલોકે નરકાદિ દુર્ગતિઓમાં ભ્રમણ સિવાય બીજું શું જોવા મળે ? બ્રહ્મદત્ત ચક્રવર્તી પાસે છ ખંડનું અને ત્રિપૃષ્ઠ વાસુદેવ પાસે ત્રણ ખંડનું સામ્રાજ્ય હતું, પરંતુ રાગાદિ પાપો જાલિમ ઊભા હતાં, તો મરીને એ સાતમી નરકે ગયા. આવી નરકે લઇ જનારી સિદ્ધિ–સમૃદ્ધિને સાચી સિદ્ધિ–સમૃદ્ધિ શાની કહેવાય ? માટે, મિથ્યાત્વ–રાગાદિ પાપ નાશને જ સાચી સિદ્ધિ–સમૃદ્ધિ માની નમસ્કારના ફળમાં એ પાપનાશ જ ઇચ્છવાનો.

★★★

# પંચ પરમેષ્ઠિનું જગતમાં ઉંચુ આલંબન

પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી હેમભૂષણસૂરીશ્વરજી મહારાજ સાહેબ

અનન્ત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોનું ધર્મશાસન પામનારો જૈન, મહામંત્ર નવકાર ન ગણતો હોય તે લગભગ શક્ય નથી. જૈન પરિવારમાં નાનપણથી જ નવકાર ગણવાનું શીખવવામાં આવે છે. મહામંત્ર નવકારમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવે છે. પાંચેય પરમેષ્ઠિઓ પોતાની વિશિષ્ટ પ્રતિભા દ્વારા જગતનું ઉંચું આલંબન બને છે.

**શ્રી અરિહંત પરમાત્મા**માં વીતરાગ ભાવ છે. આપણે સૌ દુ:ખી છીએ કેમ કે રાગ અને દ્વેષ સતાવે છે. નાના મોટા નિમિત્તો મળે છે તેમ રાગ અને દ્વેષ ઉછળ્યા જ કરે છે. શ્રી અરિહંત પરમાત્મા સર્વોચ્ચ સુખના સ્વામી છે કેમ કે તેમનામાં રાગ અને દ્વેષનો એક અંશ પણ નથી-આપણે નવકાર ગણતી વખતે જ્યારે **नमो अरिहंताणं** બોલીએ ત્યારે રાગથી બચવાની ભાવના હોવી જોઇએ તેમ જ દ્વેષથી બચવાની ભાવના હોવી જોઇએ. આપણો સંસાર બે કારણે વધે છે: અનુકૂળતાના રાગથી અને પ્રતિકૂળતાના દ્વેષથી. આ બે પર કાબૂ આવે તો શાંતિ અને પ્રસન્નતા જીંદગીભર સાથે રહે.

**શ્રી સિદ્ધ પરમાત્મામાં** અદેહભાવ છે. આપણા હાથે આજે કેટલા પાપ થાય છે તેનો કોઇ હિસાબ થઇ શકે તેમ નથી. આ પાપોનું મૂળ આપણું શરીર છે. શરીર છે માટે ઘર છે, પરિવાર છે અને ધન-ધાન્ય આદિ સામગ્રી છે. શરીર પાસેથી ધર્મનું કામ લેતા આવડે ત્યાં સુધી શરીર સારું છે બાકી સંસાર પાછળ જોડાયેલું શરીર તો ક્યા પાપ ન કરાવે તે સવાલ છે. આ શરીર દ્વારા વધુમાં વધુ ધર્મ થાય અને ઓછામાં ઓછા પાપ થાય તે રીતે જીવન જીવવાનું છે. **नमो सिद्धाणं** બોલતી વખતે શરીરથી થનારાં પાપોથી છૂટવાની ભાવના હોવી જોઇએ.

**શ્રી આચાર્ય ભગવંતો** પંચાચાર દ્વારા પવિત્ર જીવન જીવે છે. આપણું જીવન અનીતિ, અધર્મ અને અનાચારના માર્ગે ચડેલું છે. સુખ સામગ્રીના ભોગવટામાં કોઇ મર્યાદા નથી. સંપત્તિના ઉપાર્જનમાં કોઇ સીમા બાંધી નથી. જે આવે તે બધું ખપે છે. પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આપણે બેફામ ફસાયા છીએ. **नमो आयरियाणं** પદ બોલતી વખતે આ ઇન્દ્રિયો પર સંયમ આવે એવી ભાવના વ્યક્ત કરવાની છે. સંયમ અને સંતોષ દ્વારા જે સુખ મળે છે તેનું વર્ણન શબ્દોથી થઇ શકે તેમ નથી.

**શ્રી ઉપાધ્યાયજી ભગવંતો** જ્ઞાનના ધારક પણ છે અને દાયક પણ છે. આપણા જીવનમાં ધર્મનું જ્ઞાન કેટલું ? વિચારવા જેવું છે. આપણે લોકો ધર્મનો અભ્યાસ કરવાનું લગભગ ભૂલી ગયા છીએ. ધર્મનો અભ્યાસ કરી ન શકે એ ધર્મનો અભ્યાસ કરાવી પણ ન શકે. ઉપાધ્યાય પદ દ્વારા ધર્મનો અભ્યાસ કરવાની પ્રેરણા લેવાની છે. **नमो उवज्झायाणं** આ પદ બોલો ત્યારે ધર્મનો અભ્યાસ કરવાની શક્તિ માંગજો. ધર્મનું જ્ઞાન જેમ વધે તેમ ધર્મની શ્રદ્ધા વધે. ધર્મની શ્રદ્ધા જેમ વધે તેમ ધર્મનું બળ વધે.

**શ્રી સાધુ ભગવંતો** સહનશીલતાનો અવતાર છે. દુ:ખ આવે તેમાં નારાજ અને નિરાશ થવાની આપણને ટેવ પડી ગઇ છે. દુ:ખને હસતાં મોઢે વેઠવાનું આપણે શીખ્યા જ નથી. દુ:ખ તો જૂનાં કર્મોને ખતમ કરવા આવે છે. દુ:ખ જો રાજી ખુશીથી વેઠવામાં આવે તો ઘણાં કર્મો ઓછાં થઇ જાય. આપણને દુ:ખ તો આવવાના જ, કેમ કે પાપો ઘણાં કર્યા છે અને કરીએ છીએ. **नमो लोए सव्वसाहूणं** આ પદ બોલો ત્યારે દુ:ખ સહન કરવાની શક્તિ માંગજો. આ પાંચ પરમેષ્ઠિઓની શક્તિને ઓળખીને તે પામવા જે નવકારનું સ્મરણ કરે છે તેના સઘળાય પાપો નાશ પામે છે અને તે વહેલામાં વહેલી તકે સિદ્ધપદ પામે છે. ❀❀❀

# નમસ્કારનો આશય

**પૂ. આચાર્યદેવ શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**'નમો'** આ પદ પંચ પરમેષ્ઠિ પ્રત્યેનો આંતરિક ઝુકાવ પ્રગટ કરનાર બીજ મંત્ર છે. **'નમો'** પદ દ્વારા આ મહામંત્રમાં પંચ પરમેષ્ઠિને નમન કરેલ છે. વિશ્વમાં પંચ પરમેષ્ઠિ આત્માઓની ઉચ્ચતા-મહાનતા સર્વોચ્ચ કક્ષાની છે. પરિણામે નમસ્કાર મહામંત્રની ઉચ્ચતા-મહાનતા પણ સર્વોચ્ચતાને પામે છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, આ પાંચ પરમેષ્ઠિ પદોમાં 'અરિહંત, સિદ્ધપદ' દેવતત્ત્વ છે, સિદ્ધપદો છે; જ્યારે 'આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ' ગુરુતત્ત્વ છે, સાધક પદો છે. **'સવિ જીવ કરું શાસન રસી'**ની ભાવનાથી તીર્થંકર બનનારા અરિહંત પરમાત્મા ઉપકારી તરીકે શિરમોર સ્થાને છે. જ્યારે સ્વરૂપ દશામાં રમણ કરનારા સિદ્ધ ભગવંતો વિશુદ્ધિની અપેક્ષાએ સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજે છે. યથાર્થવાદી એવા સાક્ષાત્ તીર્થંકરોની ગેરહાજરીમાં તેમનું પ્રતિનિધિત્વ કરનારા સસૂત્રપ્રરૂપક આચાર્ય ભગવંતો પંચ પરમેષ્ઠિમાં મધ્ય સ્થાનને શોભાવે છે. ગુરુતત્ત્વમાં મધ્ય સ્થાને રહેલા ઉપાધ્યાય ભગવંતો પિતા અને પુત્રની વચ્ચે 'મા'ની જેમ સાધુ અને આચાર્ય ભગવંતની વચ્ચે સેતુ રૂપ બને છે. તો પાંચમા પદે બિરાજમાન, દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધનામાં સદા ઉજમાળ રહેતા સાધુ ભગવંતો ઉપરના ચારે પદોનું પ્રવેશ દ્વાર છે. આ પાંચ પદોને એક વાર સાચા ભાવે નમસ્કાર કરવામાં આવે તો આત્માના સર્વ પાપોનો નાશ થાય છે. આત્મા સંસારથી છૂટી મોક્ષ સુધી પહોંચી શકે છે.

**'નમો અરિહંતાણં'** પદ દ્વારા અરિહંત પરમાત્માને કરેલો નમસ્કાર આત્માનાં અભ્યંતર શત્રુઓને દૂર કરીને નિર્ભયતાનું પ્રદાન કરે છે. **'નમો સિદ્ધાણં'** પદ દ્વારા સિદ્ધ ભગવંતોને કરેલો નમસ્કાર આત્માને આધ્યાત્મિક સિદ્ધિઓ પ્રાપ્ત કરાવે છે. **'નમો આયરિયાણં'** પદ દ્વારા કરેલો નમસ્કાર સાધકને સુવિશુદ્ધ આચાર-પાલનનું સામર્થ્ય પેદા કરી આપે છે. **'નમો ઉવજ્ઝાયાણં'** પદ જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમ ને ખીલવી શકે છે. જ્યારે **'નમો લોએ સવ્વસાહૂણં'** પદ સાધકના જીવનના અંતરાયો દૂર કરી સાધના પથને નિષ્કંટક બનાવે છે. આ છે શ્રી નમસ્કાર મહામંત્રની ફળશ્રુતિ ! આત્માનું શુભ, હિત અને સારુ કરનારા મંગલોમાં આ પાંચ પદો સમસ્ત વિશ્વમાં પ્રથમ સ્થાને બિરાજે છે.

શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા-પ્રભાવ તો અચિન્ત્ય છે. છતાં તેનાં મહિમા અને પ્રભાવને અનુભવતા આત્મા પાસે નિર્મળતા અને શ્રદ્ધાનું માધ્યમ હોવું જરૂરી છે. કષાયોને જીતવા દ્વારા અને વિષયોને નાથવા દ્વારા જે આત્મા જેટલી નિર્મળતા પ્રાપ્ત કરે છે તેને તેટલા અંશે મહામંત્રના મહામહિમ પ્રભાવનો અનુભવ થાય છે.

આ મહામંત્રનું સ્મરણ, જપન, મનન અને ધ્યાન ચોક્કસ અચિન્ત્ય ફળ આપે છે, છતાં તે મહામંત્રના અંતિમ ફળ મોક્ષને પ્રાપ્ત કરવા માટે સાધક આત્માએ તેના સ્મરણાદિથી ન અટકતાં સાધુ પદમાં સ્થાન મેળવવું પડે છે. ક્રમશઃ વિકાસ પ્રાપ્ત કરવા દ્વારા ઉપાધ્યાય-આચાર્ય પદમાં સ્થાન મેળવી અંતે સામર્થ્ય પહોંચે તો અરિહંત પદમાં અને અંતે સિદ્ધ પદમાં સ્થાન મેળવવાનો પ્રયત્ન કરવો જરૂરી બને છે. ભવભ્રમણનાં દુઃખથી બચવા માટે અને મુક્તિનાં સુખોને મેળવવા માટે શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવે પંચ પરમેષ્ઠિ રૂપ બની વહેલામાં વહેલા શાશ્વત સુખના સ્વામી બનીએ, એ જ એક શુભાભિલાષા...

❀❀❀

**રેખા રતિલાલ સાવલા** (કચ્છ ડેપા-ભૂલેશ્વવ)
**હસ્તે : રતિલાલભાઇ સાવલા**

# નવકાર મંત્ર છે સૌનો બેલી...!

**પૂ. આચાર્યદેવ શ્રી યશોવર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

યોગક્ષેમ એટલે શું ? જે પ્રાપ્ત નથી થયું તેની પ્રાપ્તિ કરાવે તેને યોગ કહેવાય ! જેમ કે, અમને સદ્‌ગુરુ અને ધર્મનો યોગ મળ્યો છે એટલે અપ્રાપ્તિની પ્રાપ્તિ તે યોગ. અને પ્રાપ્ત થયેલાનું રક્ષણ કરે તે ક્ષેમ ! L.I.C.ની ઓફીસમાં તથા તેની ડાયરીમાં **'योगक्षेम वहाम्यहम्'** લખેલ હોય છે. તે કહે છે કે તમારા યોગક્ષેમનું હું વહન કરું છું, વીમો ઉતરાવી દો તો રક્ષા થાય. સંસારમાં એમ કહેવામાં આવે છે કે વીમો ઉતરાવી લો. વીમો ઉતરાવ્યા પછી વાંધો નહિ. પણ તમે અહિં વીમો ઉતરાવી લીધો ? સંસારમાં વીમો ઉતરાવો તો પૈસા તમારા પરિવારને મળે પણ આપણે એવો વીમો ઉતરાવવો છે કે તેની મૂડી ભવાંતરમાં સાથે જ આવે. વીમો ઉતારવાની રીત આ પ્રમાણે છે દા.ત. આ જિંદગીમાં નવ લાખ નવકાર ગણવા છે એવી પ્રતિજ્ઞા લીધી. હમેશા પાંચ માળા અખંડ ગણો તો પાંચ વર્ષે પૂરા થાય. માની લો કે કોઇ વ્યક્તિ શુદ્ધ ચિત્તથી એક માળા રોજ કરે તો તે વીમો ૨૫ વર્ષે પાકે અને કદાચ તે વ્યક્તિ ૨૫ વર્ષ ન જીવે તો ય નવલાખ નવકારનો લાભ એ જીવ જ્યાં જાય ત્યાં સાથે જાય. નવકારનો એક અક્ષર સાત સાગરોપમના પાપનો નાશ કરે. નવકારનું એક પદ પચાસ સાગરોપમના પાપનો નાશ કરે અને પૂર્ણ નવકાર પાંચસો સાગરોપમનો નાશ કરે છે. નવકાર મંત્ર એ સર્વ મંત્રમાં શિરોમણિ મંત્ર છે. આપણને આ ગળથૂથીમાં આ મહામૂલો નવકાર મંત્ર મળ્યો છે. જૈન કુળે જન્મ્યાં એટલે જન્મતાં નવકાર સંભળાવ્યો. જૈનશાળામાં એ રહ્યો. યુવાનીમાં એ નવકાર જ સાથ અને શક્તિ આપે છે. વૃદ્ધાવસ્થામાં એ વિસામો અને સદ્‌ગતિનો એ સહારો છે. આવો અલૌકિક-અણમોલ આ નવકાર મહામંત્ર. એક દિવસ પણ નવકારમંત્રની માળા વિનાનો ન જવો જોઇએ નવકારનું સ્મરણ જે વ્યક્તિ ભાવથી કરે તેના ભવભવના દુઃખ ટળી જાય. તે નવકારનું સ્મરણ કરનારો નવકારમાં સ્થાન પામી જાય.

**નવકારમંત્ર છે સૌનો બેલી, ભવભવનો સંગાથી...એ ભવભવનો સંગાથી...**

**શરણું એનું સાચા દિલે, મન જોડી દો નવકારમાં, બોલો નમો અરિહંતાણં...**

**મંત્રમાં મંત્ર શિરોમણિ, નીત જપીએ નવકાર; ચૌદ પૂરવનો સાર છે, મહિમાં અપરંપાર.**

**વિઘ્ન ટળે વંછિત ફળે, ટળે વળી જંજાળ; અગ્નિ પણ જળરૂપ બને, સર્પ બને ફૂલમાળ.**

જિનશાસનનો સાર, ૧૪ પૂર્વનો જેમાં છે ઉદ્ધાર, એવો મહામંત્ર શ્રી નવકાર ! એ નમસ્કાર મંત્રની અંદર બીજા પદમાં બિરાજમાન સિદ્ધ ભગવાનને આપણા નમસ્કાર ! લોકના અગ્રભાગે અનંત-અનંત આત્મિક સુખમાં જેઓ સ્થિત થયા છે. જ્યાં પહોંચવાનું સર્વ સાધકોનું ધ્યેય છે. આપણું લક્ષ છે. આપણી જીવનયાત્રા ચાલુ છે. અલ્પવિરામ ક્યાંક આવે છે પણ પૂર્ણવિરામ ક્યાંય આવતું નથી. પૂર્ણવિરામ તો પરમાત્માના પદમા છે અને તે પંચમગતિ વરે ત્યારે જ થાય છે. ભગવાને ક્ષણના ચાર પ્રકાર બતાવ્યા છે. (૧) દ્રવ્યક્ષણ એટલે મનુષ્યનો ભવ (૨) ક્ષેત્રક્ષણ એટલે આર્યક્ષેત્રમાં જન્મ (૩) કાળક્ષણ એટલે ધર્મારાધનાનો સમય એટલે ચાતુર્માસ (૪) ભાવક્ષણ એટલે આત્માની જાગૃતિનો ભાવ...!! પ્રથમ ત્રણ ક્ષણ તો આપણને પ્રાપ્ત થઇ ગઇ છે, હવે બાકી છે જાગૃતિ...!!! એકેક ક્ષણ મહાન કિંમતી છે. ભગવાને ક્ષણની કિંમત બતાવી છે. તે ક્ષણમાંથી બને છે સેકંડ, મિનિટ, કલાક, દિવસ, રાત્રિ, અઠવાડિયું, પખવાડિયું, મહિના, વર્ષો અને યુગો...!!! ક્ષણ એટલે સમય. જે સમય ધર્મ પાસે છે એ જ સમય અધર્મી પાસે પણ છે. જે સમય સંસારીને મળે છે તે જ સમય ત્યાગીને પણ મળે છે. સમયને કોઇનો પક્ષપાત હોતો

**(સ્વ.) મિસરીમલજી જવાજી દોશી** (ભીનમાલ/રાજસ્થાન)
**હસ્તે : શ્રી માંગીલાલજી મિસરીમલજી દોશી**

નથી. પરંતુ સમયના ઉપયોગથી એ જ સમયથી કર્મો બાંધી શકે છે અને એ જ સમયથી કેવળજ્ઞાન અને કેવળદર્શન પામી શકે છે. સમયની વાવણી ક્યાં થાય છે ? સમયનું મૂલ્ય કેટલું અંકાય છે ? તેનો ઉપયોગ કઇ રીતે થાય છે ? તેના ઉપર જીવનની સફળતાનો આધાર છે. જીવનમાં Turning Point સોનેરી અવસર, અણમૂલી તક ક્યારેક જ મળે છે. ત્યારે જીવનની રોનક બદલાય જાય છે. વાલ્મિકી ચોરને નારદઋષિ મળ્યા ને જીવનમાં પરિવર્તન આવ્યું. અર્જુનમાળીને ૧૨ વ્રતધારી, સુશીલ, સદાચારી, શ્રદ્ધાસંપન્ન સુદર્શન શ્રાવક મળ્યાં ને ખૂનીમાંથી મુનિ બની ગયા. પરદેશી રાજાને કેશીસ્વામી જેવા સદ્‌ગુરુ મળ્યા ને તેમના ઉપદેશથી ભીતરનું પરિવર્તન થઇ ગયું. હવે કરવી છે આપણી વાત, આપણું ક્યારે પરિવર્તન થશે ? પરિવર્તન થાય કેવી રીતે ? એ સમજ મેળવવાના ત્રણ ઉપાય છે (૧) સંત દર્શન-સત્સંગથી. (૨) પોતાના અનુભવ અથવા ઠોકરથી (૩) સંતના ઉપદેશથી. જ્ઞાનીઓનું કહેવું છે કે માત્ર જાણકારીથી નહિ પરંતુ સમજણથી જ પરિવર્તન થાય. આમ સમજણ ને જાણકારી બન્નેમાં ઘણો ફેર છે. આપણે પણ અલૌકિક સંગીતમય નવકારમંત્રના ભાષ્ય જાપના સત્સંગથી પરિવર્તન પામવાનું છે.

◆◆◆

## યોગીનો આધાર શ્રી નવકાર

**પૂ. આચાર્યદેવ શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

હિમાલયના એ યોગીઓ પ્રસિદ્ધ નદીઓની પરિક્રમા કરવા નીકળ્યા હતા ! વારો હતો તાપી નદીનો...પરિક્રમા કરતા તાપીના તીરે વસેલા પ્રસિદ્ધ સુરત નગરમાં એણે પગ મૂક્યો...નગરમાં ક્યાં રહેવું ? એની જોગવાઇ પૂર્વથી જ થઇ ચૂકી હતી...તદનુસાર એ સ્થાને પહોંચ્યા. એ સ્થાન હતું જૈન પરિવારનું...યોગીઓનું સુંદર સ્વાગત થયું...ઉચિત ઔચિત્ય પણ જળવાયું.

હિમાલયથી આવેલા યોગી છે એ જાણથી એ જૈન પરિવાર સારો એવો પ્રભાવિત હતો...હિમાલયના બર્ફિલા પ્રદેશમાં રહેનારા આ યોગીઓ કેવી રીતે જીવન જીવતાં હશે ? ક્યાં રહેતાં હશે ? શું ખાતા હશે ? શું પીતા હશે ? આવી જાત જાતની જિજ્ઞાસા એ પરિવારના પ્રમુખ સદસ્યોના મનમાં ઘોળાયા કરતી હતી અને યોગીઓ સાથે વાતો કરવાની એક સારી તક મળી જતાં બધા પ્રશ્નો પૂછી પણ લીધા. છેલ્લો સવાલ હતો...

आप किसी गहरी आपत्तिमें आ जाओ उस समय आपकी सुरक्षा कैसे करते हो ?

જૈન પરિવારોની ઊંચી આગતા-સ્વાગતાથી પેલા યોગીઓ સુપેરે પ્રભાવિત અને પરિવાર ઉપર સ્નેહદૃષ્ટિવાળા અચૂક બની ગયા હતાં. આથી પૂછેલા પ્રશ્નોના જવાબ બહુ જ પ્રેમથી દેતાં આ છેલ્લા પ્રશ્નનો જવાબ પણ એવા જ સ્નેહથી દેતા કહ્યું,

एसे समय पर हमारी सुरक्षा के लिए हमारी गुरु परंपरा में आया हुआ एक मंत्रका स्मरण करते है । उसके स्मरण मात्र से हमारी आपत्ति विलीन हो जाती हैं ।

`स्वामीजी बताएंगे ? वह मंत्र कौन सा ?'

`नहीं ! वह मंत्र नहीं बता सकते हैं, क्योंकि बडा पवित्र मंत्र हैं' । `तो स्वामीजी हम भी तो जैन हैं, हमारा परिवार भी वैसे पवित्र है । आप एक बार भी सुनाओगे तो हम आपके अनुग्रही होंगे ।

જૈન પરિવારના સ્નેહની સામે એ યોગી ટકી ન શક્યા...એમણે કહ્યું.

`देखिये सिर्फ एक बार सुनाउँगा दोबारा नहीं',

`कोई बात नहीं स्वामीजी जैसा आप उचित समझे'

અને એ યોગીએ આંખ મીચી, હાથ જોડયા...એમના મુખેથી શબ્દો સરકવા લાગ્યા...णमो अरिहंताणं...णमो सिद्धाणं...पढमं हवई मंगलं...

મંત્ર બોલતાં યોગીની આંખો મીચાયેલી રહી પરંતુ મંત્ર સાંભળનારા જૈન પરિવારની આંખો ફાટી ફાટી રહી...અને એ ફાટી આંખે જ કહ્યું...

स्वामीजी ! यह मंत्र ? यह आपका बहुत बडा मंत्र ?'

`हां...! यह बहुत बडा एवं बहुत भाविक पवित्र मंत्र है ।

पर स्वामीजी यह तो हमारा नवकार मंत्र है हमारे सभी सदस्योको याद है, अरे ! हमारे छोटे बच्चें को भी याद है ।'

`नहीं...नहीं हो सकता । यह मंत्र तुम्हे याद नहीं हो सकता...' स्वामीजी हमारा यह गुड्डु भी यह मंत्र जानता है ।

અને ત્યાં જ નાના બાબાએ નવકાર સંભળાવ્યો...યોગી ફાટી આંખે જોતા રહ્યા એ બાળકને...મંત્ર પૂરો થતાં બાબાને ઊંચકી એકદમ પ્યાર કરવા લાગ્યા એ યોગી...અને પછી વિદાય લેતા બોલ્યા, `भाग्यवान ! आप बहुत बडे किस्मतवाले हो जो आपको यह मंत्र मिला है । आपको कोई आपत्ति या मुसीबत आ नहीं सकती । बडे प्रेम से श्रद्धा से इस महामंत्र का नित्य जाप करना ।



# નવકાર મંત્રની વિદ્યુત અસર

**કિરણભાઇ**

વારંવાર શ્રી નમસ્કાર મંત્રના જાપથી મન અને બુદ્ધિ ઉપરના પડળ દૂર થતાં, શાસ્ત્રની ભાષામાં કર્મ મળોનો ક્ષય થતાં, આત્મ પ્રકાશ અવશ્ય પ્રાપ્ત થાય છે. જેણે આ પ્રકાશ Light of Soulની ઝલક એકવાર અનુભવી છે, તે શ્રી નમસ્કાર મહામંત્રના જબ્બર બળને જાણે છે, તેની વિદ્યુત્ અસર Electromagnetic Effects ને સમજે છે.

શ્રદ્ધા, ભક્તિ અને એકાગ્રતાથી વિચારપૂર્વક, સમજણપૂર્વક, ભાવપૂર્વક જે સાધક શ્રી નમસ્કાર મંત્રનો જાપ કરે છે, એકાંતિક ભાવથી, સર્વ સમર્પણ વૃત્તિથી જે શ્રી પંચ પરમેષ્ઠિને શરણે જાય છે, મન વચન કાયાની પ્રત્યેક ક્રિયામાં, તેમનું સ્મરણ, ચિંતન કરે છે, તે સાધકના બુદ્ધિ, મન વાણી તથા દેહ વધુને વધુ પવિત્ર બને છે.

જાપમાં જેમ જેમ એકાગ્રતા વધતી જશે, તેમ તેમ જાપની આગળની ભૂમિકાઓ પ્રાપ્ત થશે. પછી પંચ પરમેષ્ઠિના આંતરજીવન સાથે સાધકનું તાદાત્મ્ય થશે. જ્યારે પંચ પરમેષ્ઠિનું સાચું સ્વરૂપ સાધકના હૃદયમાં પ્રકાશિત થઇ ઉઠે છે ત્યારે શ્રી નમસ્કાર મંત્રનો સંપૂર્ણ પરિચય પ્રાપ્ત થયો ગણાય. શ્રી નવકારનો પરિચય તે શ્રી પંચ પરમેષ્ઠિનો પરિચય છે. શ્રી નવકારની સાધના તે મોક્ષમાર્ગની સાધના છે. શું નવકાર ચિંતામણિ રત્ન છે ? શું નવકાર કલ્પવૃક્ષ છે ? ના ! ના ! બિચારા ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ શ્રી નવકાર પાસે ઝાંખા પડે છે ! ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ વડે એક જન્મનું અલ્પ સુખ પ્રાપ્ત થાય. શ્રી નવકાર વડે ભવ ભવાંતરનું અનંત સુખ પ્રાપ્ત થાય. શ્રી નવકાર પરમસુખ Infinite Bliss આપે છે. ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષ પાપકર્મોનો નાશ ન કરી શકે, એવું એકેય પાપ નથી કે જે શ્રી નવકાર વડે નાશ ન પામે !

સમ્યક્ શ્રદ્ધાપૂર્વક જાપ કરનાર સાધકને વિશેષ એકાગ્રતા પ્રાપ્ત થતાં પ્રત્યેક અક્ષર, પ્રત્યેક માત્રા ચેતનવંતી જણાશે, ત્યારે સમજાશે કે શ્રી નવકારના એક એક પદમાં ઘણા ગંભીર રહસ્યો રહ્યા છે. અનેક વિદ્યાઓ, જ્ઞાન-વિજ્ઞાનના અનેક આશ્ચર્યજનક બીજો શ્રી નવકારના પ્રત્યેક અક્ષરમાં ભર્યા છે. આજે આપણી સમજણમાં On our Level of Understanding શ્રી નવકાર ભલે અક્ષરોનો સમૂહ છે, બાકી સાચી રીતે શ્રી નવકાર તો પ્રકાશ, અપાર્થિવ પ્રકાશનો પુંજ છે.

શ્રી નવકારના આરાધકને જ્યારે આ પ્રકાશ પુંજની ઝાંખી થાય છે, ત્યારથી તેની સાધનાના ક્રમમાં એક વિશિષ્ટ ફેરફાર Dimensional Change આવે છે. ત્યારે તેને સમજાય છે કે કોઇ આશ્ચર્યજનક રીતે મારું સ્વત્વ શ્રી નવકાર સાથે સંકળાયેલું છે અને શ્રી નવકાર વિશ્વમાં જે પરમ સારભૂત છે તેની સાથે સંકળાયેલો છે. જગત્માં જે કંઇ પ્રશસ્ત છે, તે સર્વ નવકારમાં આવી જાય છે. મહાસમર્થ એવું જિનશાસન શ્રી જિનેશ્વર ભગવંતોનું છે. આ નમસ્કાર મહામંત્ર શ્રી અરિહંતદેવોએ કહ્યો છે અને સર્વ અરિહંતો શ્રી નવકારના મુખ્ય અંશરૂપ, અવયવ રૂપ છે. સિદ્ધ પરમાત્માઓ આ પંચનમસ્કારના શરણ વડે સિદ્ધિપદને પામ્યા છે.

**पत्ता पाविस्संती पावंति य परमपयपुरं जे ते ।**
**पंच नमुक्कार महारहस्स सामत्थ जोगेण ।।**

પરમપદ પુરને જેઓ પામ્યા છે, પામશે અને પામે છે, તે સર્વ પંચ નમસ્કાર રૂપી મહારથના સામર્થ્ય યોગે જ છે. શ્રી નવકારની સહાય વડે આત્મા સિદ્ધ બને છે અને સર્વ સિદ્ધો નવકારના મહત્ત્વના અંશ રૂપ છે. આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ શ્રી નવકાર મંત્રની જિનપ્રણિત સાધના સાધી રહ્યા છે, માટે પંચ પરમેષ્ઠિમાં સ્થાન પામ્યા છે. આ સર્વે પણ શ્રી નવકારના અંશરૂપ છે.

પાપકર્મોના સમૂલ નાશની પ્રક્રિયા શ્રી નવકારની અંતર્ગત છે. સ્વર્ગના શ્રેષ્ઠ સુખોની પ્રાપ્તિનો માર્ગ શ્રી

નવકારની અંતર્ગત છે. પ્રશસ્ત સર્વ કાર્યો શ્રી નવકારની અંતર્ગત છે. સર્વ શ્રેષ્ઠ ધર્મ શ્રી નવકારની અંતર્ગત છે. સાધનામાં આગળ વધ્યા પછી શ્રી નવકારની વિશાળતા Breadthની, ઉંચાઇ Heightની, ઉંડાણ Depthની, સમજણ પ્રગટે છે. શરૂઆતમાં સાધક શ્રી નવકાર સાથે તાદાત્મ્ય અનુભવતો નથી-નમસ્કારમાં ઓતપ્રોત થઇ શકતો નથી. He is completely unaware of his relation with नवकार । અહિં શ્રી નવકાર તેને માત્ર અક્ષરોનો સમૂહ લાગે છે, અને નમસ્કાર એક સ્થૂલ ક્રિયારૂપ સમજાય છે. જ્યારે તાદાત્મ્ય પ્રગટે છે, ત્યારે સાધક આ મહામંત્રના અંતરને સ્પર્શે છે અને શ્રી નવકારના રહસ્યને પામે છે. ત્યાર પછી જ શ્રી નવકારમાં રહેલી સર્વ અદ્‌ભૂત શક્યતાઓ Potentialities આવિર્ભાવ પામે છે. The magic effects of श्री नवकार really start after the awareness of this RELATION અને આ સંબંધ Relationની જેમ જેમ વિશેષ સૂક્ષ્મતાઓ સ્પર્શતી જાય, તેમ તેમ ધ્યાનનો અગ્નિ અવશ્ય કર્મ મળોને ભસ્મ કરે જ. આ કંઇ ઉપમા કે અલંકાર Poetry નથી. હકીકત Fact છે.

શ્રી નમસ્કાર મહામંત્ર પંચ પરમેષ્ઠિની આધ્યાત્મિક સમૃદ્ધિનો સાક્ષાત્કાર કરાવનારું શ્રેષ્ઠ સાધન છે. અનુભવી સાધક જાણે છે કે શ્રી નમસ્કાર મહામંત્ર શ્રી પંચ પરમેષ્ઠિની આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતીક છે. Symbol of Spiritual Splendour.

◆◆◆◆

## શ્રી વાચક જશની અનુભવ વાણી

સત્તરમાં સૈકામાં થયેલા પ્રકાંડ વિદ્વાન **મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ** ઉચ્ચ કોટિના અનુભવ સિદ્ધ જૈન સંત હતા. શ્રી નવકાર મહામંત્રના જાપ-ધ્યાન આદિમાં પ્રગતિ સાધવાની ઇચ્છા રાખનાર સાધકને **શ્રી વાચક જશની** અનુભવ વાણીનું વારંવાર અવગાહન કરવા જેવું છે. અહીં પ્રસ્તુત છે મહોપાધ્યાય યશોવિજયજીની અનુભવી અમૃતવાણી...

**'निन्द्यो न कोऽपि लोकः पापिष्ठेष्वपि भवस्थितिश्चिन्त्या ।**
**पूज्या गुणगरिमाढ्या, धार्यो रागो गुणलवेऽपि ।।१।।'**

કોઇ પણ લોકની નિન્દા ન કરવી. પાપીને વિષે પણ ભવસ્થિતિનું ચિંતન કરવું, ગુણોના ગૌરવથી પૂર્ણ એવા જનોની સેવા કરવી, લેશ ગુણવાળા પ્રત્યે પણ રાગ ભાવ ધારણ કરવો.

**'ग्राह्यं हितमपि बाला-दालापैर्दुर्जनस्य न द्वेष्यम् ।**
**त्यक्तव्या च पराशा, पाशा इव संगमा ज्ञेयाः ।।२।।'**

બાળક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું, દુર્જનના પ્રલાપ સાંભળીને દ્વેષભાવ ન કરવો, પારકી આશાનો ત્યાગ કરવો અને સર્વ સંયોગો બંધનરૂપ જાણવા.

**'स्तुत्या स्मयो न कार्यः, कोपोपि च निन्दया जनैः कृतया ।**
**सेव्या धर्माचार्या-स्तत्वं जिज्ञासनीयं च ।।३।।'**

બીજા માણસોએ કરેલી સ્તુતિવડે ગર્વ ન કરવો અને તેમણે કરેલી નિંદાવડે કોપ પણ ન કરવો. ધર્મગુરુઓનું સેવન કરવું, તત્ત્વને જાણવાની ઇચ્છા કરવી.

**'शौचं स्थैर्यमदंभो, वैराग्यं चात्मनिग्रहः कार्यः ।**
**दृश्या भगवतदोषा-श्चिन्त्यं देहादिवैरूप्यम् ।।४।।'**

શૌચ, સ્થિરતા, અદંભ, વૈરાગ્ય સેવવાં અને આત્માનો નિગ્રહ કરવો. ભવ એટલે સંસાર, તે દુ:ખરૂપ છે, વગેરે સંસારના દોષોનો વિચાર કરવો, દેહાદિકનું વિરૂપપણું ચિન્તવવું.

**'भक्तिर्भगवति धार्या, सेव्यो देशः सदा विविक्तश्च ।**
**स्थातव्यं सम्यक्त्वो विश्वस्यो न प्रमादरिपुः ।।५।।'**

ભગવાન ઉપર ભક્તિ ધારણ કરવી, એકાંત-પવિત્ર પ્રદેશનું નિરંતર સેવન કરવું, સમ્યક્‌ત્વને વિષે સ્થિર રહેવું અને પ્રમાદરૂપી શત્રુનો વિશ્વાસ નહિ કરવો.

**'ध्येयात्मबोधनिष्ठा, सर्वत्रैवागमः पुरस्कार्यः ।**
**त्यक्तव्याः कुविकल्पाः, स्थेयं वृद्धानुवृत्या च ।।६।।'**

આત્મબોધની નિષ્ઠાનું ધ્યાન કરવું. સર્વત્ર આગમને આગળ કરવું, કુવિલ્પોનો ત્યાગ કરવો અને વૃદ્ધોને અનુસરવું.

**'साक्षातकार्य तत्त्वं, चिद्रूपानन्दमेदुरैर्भाव्यम् ।**
**हितकारी ज्ञानवता-मनुभववेद्यः प्रकारोऽयम् ।।७।।'**

તત્ત્વનો સાક્ષાત્કાર કરવો તથા આત્માનંદ વડે પૂર્ણ થવું. જેને અનુભવ વડે જાણી શકાય છે તે આ પ્રકાર જ્ઞાનીઓને હિતકારી છે.

# માળા-નવકારવાળીમાં ૧૦૮ મણકા શા માટે?

**ચીમનલાલ કલાધર**

નવકાર મંત્રની સાધનામાં સાધકોને આગળ વધવા માટે માળા કે જેને આપણે નવકારવાળી કહીએ છીએ તેનું ભારે મહત્ત્વ છે. નવકારમંત્રની સાધના કરનારે રોજ અમૂક પ્રકારનો જાપ કરવાનો હોય છે. તેની સંખ્યા ૫૦૦ થી ઓછી હોતી નથી. આટલા મોટા જાપની ગણના કરમાળાથી કરવાનું કામ કપરું છે, અને તેમાં ભૂલ થવાનો સંભવ પણ છે તેથી તેના માટે માળા-નવકારવાળીનો ઉપયોગ કરવામાં આવે છે.

ભારતના લગભગ બધા જ ધર્મોમાં પ્રભુ સ્મરણ તથા મંત્રજાપ કરવા માટે માળાનો સ્વીકાર થયો છે. આથી એ વાતની તો અવશ્ય પ્રતીતિ થાય છે કે ઇષ્ટ સ્મરણ કે મંત્ર જાપ માટે માળા એક અત્યંત ઉપયોગી સાધન છે.

આ માળા-નવકારવાળી ૨૭ મણકાની, ૩૬ મણકાની અને ૧૦૮ મણકાની હોય છે. તેમાં ૧૦૮ મણકાની માળા-નવકારવાળી સર્વકાર્ય સિદ્ધ કરનારી મનાય છે. જૈન શાસ્ત્રકરોએ આ ૧૦૮ મણકાની માળા-નવકારવાળીને જ પસંદગી આપી છે.

માળા-નવકારવાળીમાં ૧૦૮ મણકા હોય છે. હવે પ્રશ્ન એ થાય છે કે આ માળા-નવકારવાળીમાં ૧૦૮ મણકા શા માટે ? તેનો ઉત્તર જૈન શાસ્ત્રકારો આપે છે કે નવકાર મહામંત્રમાં પાંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યા છે. પંચ પરમેષ્ઠિ ભગવંતોના મુખ્ય ગુણ ૧૦૮ છે. જેમાં શ્રી અરિહંત પરમાત્માના ૧૨ ગુણ, શ્રી સિદ્ધ પરમાત્માના ૮ ગુણ, શ્રી આચાર્ય ભગવંતના ૩૬ ગુણ, શ્રી ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણ અને શ્રી સાધુ ભગવંતના ૨૭ ગુણ મળીને કુલ ગુણોનો સરવાળો ૧૦૮ થાય છે. શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના ૧૦૮ ગુણ હોવાથી આપણી માળા-નવકારવાળીનાં મણકા પણ ૧૦૮ રાખવામાં આવ્યા છે. આપણા પરમોપકારી એવા શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના ૧૦૮ ગુણોને યાદ રાખવા આ ચૈત્યવંદન ખૂબ જ ઉપયોગી છે :

**'બાર ગુણ અરિહંત દેવ, પ્રણમી જે ભાવે,**
**સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુ:ખ-દોહગ જાવે,**
**આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય.**
**સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય,**
**અષ્ટોત્તર શત ગુણ મળી, એમ સમરો નવકાર,**
**ધીરવિમલ પંડિત તણો, નય પ્રણમે નીત સાર.'**

આમ પંચ પરમેષ્ઠિના ગુણો ૧૦૮ છે અને તેનો સરવાળો પણ ૯ થાય છે. અને નવકાર મહામંત્રના પદ પણ ૯ છે. ૯ નો આંકડો એ પૂર્ણ સંખ્યા છે, એટલે આ પૂર્ણ સંખ્યાનો વિસ્તાર જ છે. વળી ૯નો આંકડો ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ આ રીતે પણ મહત્ત્વનો છે :

**૯ ને ૧ વાર ૧૨ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.**
**૯ ને ૨ વાર ૬ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.**
**૯ ને ૩ વાર ૪ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.**
**૯ ને ૪ વાર ૩ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.**
**૯ ને ૬ વાર ૨ થી ગુણીએ તો ૧૦૮ આવે છે.**

આ ઉપરાંત ૧૦૮, ૮૧, ૭૨, ૬૩, ૫૪, ૪૫, ૩૬, ૨૭, ૧૮ વગેરે અંકનો સરવાળો ૯ જ આવે છે. આ જગતમાં ૯ના અંકનો ભારે મહિમા જોવા મળે છે. નવકારના ૯ પદ છે, તે રીતે ગ્રહો ૯ છે, સમસ્ત સંસારને સમજવાના તત્ત્વો ૯ છે, બ્રહ્મચર્યની વાડો ૯ છે, તેવી જ રીતે ઠાણાંગ નામના આગમમાં આવતા ૯ના પ્રત્યેક અંક સાથે નવકાર મંત્ર ગુઢ અને ગાઢ સંબંધ ધરાવે છે. આ ૯ નો અંક શબ્દમાં **'નવ'**

લખાય છે. આ નવ શબ્દને ઉલટાવીએ તો **'વન'** શબ્દ થાય છે. વન એટલે જંગલ, ભયંકર અટવી કે જ્યાં કોઇ જાતની સલામતી નથી. જ્યાં સાતે પ્રકારના ભય વચ્ચે મરતાં-મરતાં જીવવું પડે છે. આ ભયંકર વનમાં કાળી ચીસો પાડતા જીવને આંગળી ઝાલીને બહાર કાઢવાની અનુપમ શક્તિ જેનામાં છે તે નવકાર મહામંત્રના પ્રારંભમાં પણ નવ છે, એ તેની પરમ મંગળકારિતાનો સૂચક છે. મંત્ર શાસ્ત્રની દૃષ્ટિએ પણ ૧૦૮ના અંકનું ભારે મહત્ત્વ છે. એ દૃષ્ટિએ પણ પંચ પરમેષ્ઠિના ૧૦૮ ગુણોને ધ્યાનમાં રાખી માળા-નવકારવાળીમાં ૧૦૮ મણકા રાખવામાં આવ્યા હોવાનું ફલિત થાય છે. આપણું મન અતિ વિચિત્ર છે, મર્કટ સમું ચંચળ અને સ્વચ્છંદ છે. મન બાંધ્યું બંધાય તેમ નથી, પણ તેને વાળ્યું વળાય તેમ છે. આપણા જ્ઞાની ભગવંતોએ મનની ચંચળતાને ધ્યાનમાં લઇ મનને પંચ પરમેષ્ઠિમાં જોડવા માટે ૧૦૮ મણકાની આ માળા-નવકારવાળી આપણને ભેટ આપી છે તે આપણા સૌના માટે સૌભાગ્યની વાત ગણી શકાય.

આમ માળા-નવકારવાળીના ૧૦૮ મણકાનું રહસ્ય શું છે તે આપણે જોયું. આ માળા-નવકારવાળી ઘણા પ્રકારની આવે છે. તેમાં શંખની, રત્નની, સુવર્ણની, રૂપાની, સ્ફટિકની, મણિની, પત્તાજીવની, રતાંજણિની, ચંદનની, અને સુતરની મુખ્ય છે. તેમાં સુતરના દોરાની ગુંથેલી માળા-નવકારવાળીને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. આજે પ્લાસ્ટીક કે રેડીયમની માળા પણ બનવા લાગી છે. અને ઘણા લોકો તેનો ઉપયોગ કરે છે પરંતુ તે કામમાં લેવા જેવી નથી તેવો આપણા વિદ્વાન મુનિ ભગવંતોનો અભિપ્રાય છે.

આ માળા-નવકારવાળીના બે છેડા બાંધતી વખતે ત્યાં આ મણકા બીજા મૂકવામાં આવે છે અથવા એક જુદી જાતનો મોટો મણકો મૂકવામાં આવે છે. તેને મેરુ કહેવાય છે. જાપ કરતી વખતે આ મેરુનું ઉલ્લંઘન કરવું નહિ એમ શાસ્ત્રકારોએ સ્પષ્ટ આદેશ આપ્યો છે. એટલે ત્યાં મંત્ર જાપ કરવામાં આવતો નથી પણ ત્યાંથી માળા-નવકારવાળીને ફેરવી લેવામાં આવે છે અને જાપનું કામ આગળ ચાલે છે.

આપણે ત્યાં **આચાર દિનકર ગ્રંથ**માં માળા પ્રતિષ્ઠાનો વિધિ બતાવેલો છે, તેમાં માળાની પ્રતિષ્ઠાવિધિ કરવાનું અને તેને ગુરુના હસ્તે ગ્રહણ કરવાનું ફરમાવ્યું છે. પરંતુ આ વિધિ આજે પ્રચારમાં નથી. આપણા પૂર્વાચાર્યોને કદાચ એમ લાગ્યું હોય કે નવકારમંત્રની સાધના બને તેટલી સાદી અને સરળ રાખવી, એટલે કે તેનાં વિધિ-વિધાનોને વધારે જટિલ ન બનાવવા તેથી પણ આમ બન્યુ હોય.

પરંતુ એક વાત તો નિશ્ચિત જ છે કે તમે જાપ માટે જે માળા-નવકારવાળીની પસંદગી કરો તેનો ઉપયોગ અન્ય કોઇ જાપ કે મંત્ર સાધનામાં કરી શકાય નહિ. આ માળા-નવકારવાળીને ચાંદીની કે સુખડની ડબ્બીમાં સુરક્ષિત રાખવી જોઇએ. અને જ્યારે જાપ કરવાનો હોય ત્યારે જ તેનો ઉપયોગ કરવો જોઇએ. આ માળા-નવકારવાળીને બીજાનો સ્પર્શ ન થાય તે માટે ખાસ તકેદારી રાખવી જોઇએ.

આપણે જે માળા-નવકારવાળીના મણકે મણકે અરિહંત, સિદ્ધ વગેરે ભગવંતોના મન દઇને જાપ કરતાં હોઇએ ત્યારે આપણે આપણી દુનિયા, આપણો સંસાર, ભૂલી જઇએ તે જરૂરી છે. આ જાપ દરમિયાન આપણું મન સંપૂર્ણ પંચ પરમેષ્ઠિને સમર્પિત હોવું જોઇએ. બસ આજ વસ્તુને આપણે લક્ષમાં રાખીશું અને ચિત્તને જાપમાં એકાગ્ર બનાવીશું તો આપણી આ માળા-નવકારવાળી આપણા સૌ માટે અવશ્ય મુક્તિની વરમાળા બની રહેશે જેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી.

## નવકાર મહિમા

નવકાર મંત્રના પ્રભાવે આરાધકને ભવાંતરે પણ ઉચ્ચ જાતિ, કુળ, આરોગ્ય અને સંપત્તિ મળે છે તેમ આપણા ધર્મગ્રંથો કહે છે. નવકાર મંત્રના પ્રભાવે નયસાર ગ્રામપતિ પ્રભુ મહાવીર થયા. શ્રી પાર્શ્વનાથ ભગવાનના સેવકના મુખથી નવકારમંત્ર સાંભળી તેમાં લીન બનેલો બળતો સર્પ મરીને ભુવનપતિ નિકાયનો ધરણેન્દ્ર નામે ઇન્દ્ર થયો. નવકાર મંત્રના પ્રભાવે હિંસાજીવી અધમ આત્મા સમળી રાજકુમારી સુદર્શના નામે મહાશ્રાવિકા બની. નવકાર મંત્રના કંબલ અને શંબલ નામે દેવ થયા. નવકાર મંત્રના પ્રભાવે સ્ત્રીલંપટ શાળવી દેવલોકમાં દેવપદ પામ્યો.

# નવકાર મંત્ર સંબંધી શંકા અને સમાધાન

**પૂ. આચાર્યદેવ શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

**શંકા : નમસ્કાર મહામંત્રની રચના કોણે કરી ? તેની ઉત્પતિ ક્યારે થઇ ?**

**સમાધાન :** નમસ્કાર મહામંત્ર અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે, અર્થાત્ નમસ્કાર મહામંત્ર અનાદિ-અનંત છે. આથી નમસ્કાર મહામંત્રની રચના કોણે કરી એ પ્રશ્ન જ રહેતો નથી. નમસ્કાર મહામંત્ર શબ્દથી નિત્ય છે અને અર્થથી પણ નિત્ય છે=શાશ્વત છે. કોઇપણ તીર્થંકરના કાળમાં નમસ્કાર મહામંત્રના જે શબ્દો છે તે જ શબ્દો રહે છે. તેમાંથી એક પણ શબ્દ વધતો નથી કે ઘટતો નથી. તથા શબ્દોમાં ફેરફાર પણ થતો નથી. અર્થ પણ દરેક તીર્થંકરના કાળમાં એક સરખો જ રહે છે. જેવી રીતે દરેક ચોવીસીમાં લોગસ્સ સૂત્રના શબ્દોમાં ફેરફાર થઇ જાય તેમ નમસ્કાર મહામંત્રના શબ્દોમાં ફેરફાર ન થાય.

**શંકા : મૂળમંત્ર પાંચ પદોનો છે કે નવ પદોનો ?**

**સમાધાન :** મૂળમંત્ર નવપદોનો છે. છેલ્લા ચાર પદો ચૂલિકારૂપ છે. ચૂલિકા એટલે શિખર. જેમ પર્વત ઉપર તેનું શિખર હોય છે તેમ છેલ્લા ચાર પદો પ્રથમના પાંચ પદોના શિખરરૂપ છે. શિખર પર્વતથી જુદો હોતો નથી. શિખર પણ પર્વત સ્વરૂપ છે, અથવા પર્વતનો જ એક ભાગ છે. તેવી રીતે નમસ્કાર મહામંત્રના છેલ્લા ચાર પદો પણ નમસ્કાર મહામંત્ર સ્વરૂપ છે. આથી જ છેલ્લા ચાર પદો પણ ગણવાની લાયકાત મેળવવા માટે ઉપધાન કરવા પડે છે.

**શંકા : ચૂલિકાની રચના કોણે કરી ?**

**સમાધાન :** ચૂલિકાની રચના અર્થથી શ્રી અરિહંત ભગવંતોએ તથા સૂત્રથી શ્રી ગણધર ભગવંતોએ કરી છે. આથી જ શ્રાદ્ધદિન કૃત્યની ૧૫મી ગાથામાં નમસ્કાર મંત્રની રચના કરનારા અરિહંત-ગણધર વગેરેને પણ નમસ્કાર કરવો જોઇએ, એમ કહ્યું છે.

**શંકા : નમસ્કાર મહામંત્ર સર્વ પાપોનો નાશ કરે છે, તો કોના સર્વ પાપોના નાશ કરે છે ?**

**સમાધાન :** જે જીવ ભાવથી નમસ્કાર મહામંત્રનું ચિંતન-મનન કરે છે, એકાગ્રચિત્તે જાપ કરે છે તે જીવના સર્વ પાપોનો નાશ કરે છે.

**શંકા :** સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે, એ અર્થમાં પ્રથમ શબ્દનો શો અર્થ છે ?

**સમાધાન :** અહીં પ્રથમ શબ્દનો પહેલો વિદ્યાર્થી, પહેલું પગથિયું, પહેલું ઘર, એમ 'પહેલું' અર્થ નથી, કિન્તુ 'ઉત્કૃષ્ટ' અર્થ છે. સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. પંચ પરમેષ્ઠિ નમસ્કાર સર્વોત્કૃષ્ટ મંગલ છે.

**શંકા : પંચ પરમેષ્ઠિ નમસ્કાર સર્વોત્કૃષ્ટ મંગલ કેમ છે ?**

**સમાધાન :** મંગલના દ્રવ્ય અને ભાવ એમ બે ભેદ છે. દહીંનું ભક્ષણ વગેરે દ્રવ્યમંગલ છે. આ નમસ્કાર ભાવમંગલ છે. (૧) દ્રવ્યમંગલ કેવલ ભૌતિકસુખ અને ભૌતિકસુખના સાધનો આપે છે. ભાવમંગલ ભૌતિકસુખ અને ભૌતિકસુખનાં સાધનો આપવા સાથે શાંતિ પણ આપે છે. (૨) કેવળ દ્રવ્યમંગલથી મેળવેલા ભૌતિકસુખોથી પરિણામે આત્મા દુર્ગતિમાં જાય અને અનેક દુઃખો ભોગવે છે. આ ભાવમંગલ ભૌતિકસુખો આપવા સાથે વિરાગભાવ પણ આપે છે. એથી ભૌતિકસુખો ભોગવવા છતાં આત્મા દુર્ગતિમાં જતો નથી અને સમ્યગ્દર્શન આદિની આરાધના કરીને થોડા જ સમયમાં મોક્ષ પામે છે. (૩) જેને કેવળ દ્રવ્યમંગલથી ભૌતિકસુખો મળ્યા હોય તે જીવ દુઃખમાં સમાધિ ન રાખી શકે. આ ભાવમંગલથી જેને સુખો મળ્યાં હોય તે દુઃખમાં

**(સ્વ.) હીરજી સવરાજ દેઢિયાના આત્મશ્રેયાર્થે** (કોટડી મહાદેવપુરી-મઝગાંવ)
હસ્તે : રતિલાલ હીરજી દેઢિયા

સમાધિ રાખી શકે છે. (૪) દ્રવ્યમંગલ પુણ્યોદય હોય તો જ ફળે, અન્યથા ન ફળે. જ્યારે આ નમસ્કાર મંગલ તો નવા પુણ્યોદયને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે આ નમસ્કાર સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે.

**શંકા : પાંચ પદો દ્વારા નમસ્કાર કરવામાં આવે છે. તો ફક્ત પાંચ જ પદોનું રટણ કરવું જોઇએ, બાકીના પદો તો સાર જ કહે છે. આમ કરવાથી આમ થાય એમ વારંવાર કહેવાની જરૂર ખરી ? એક જ વાર કહેવાથી સમજમાં આવી જાય.**

**સમાધાન :** કોઇ પણ કાર્યમાં જે પ્રમાણે ઉત્સાહ અને શ્રદ્ધા હોય તે પ્રમાણે સફળતા મળે. કાર્યમાં ઉત્સાહ અને શ્રદ્ધા વધારવા માટે કાર્યનું ફળ આંખ સામે હોવું જોઇએ. કાર્યના ફળનું જેમ જેમ ચિંતન વધે, તેમ તેમ તે કાર્યમાં ઉત્સાહ અને શ્રદ્ધા વધે. માનશાસ્ત્રનો આ નિયમ છે કે જે વસ્તુનું મનમાં જેમ જેમ ચિંતન વધે તેમ તેમ તેના પ્રત્યે શ્રદ્ધા દૃઢ બનતી જાય. શુભ વસ્તુના ચિંતનથી શુભ શ્રદ્ધા વધે છે અને અશુભ વસ્તુના ચિંતનથી અશુભ શ્રદ્ધા વધે છે. આ વિષયને દર્શાવવા શાસ્ત્રમાં એક દૃષ્ટાંત આવે છે. તે આ પ્રમાણે છે.

એક બાળકની માતા મૃત્યુ પામતા તેના પિતાએ બીજું લગ્ન કર્યું. સાવકી માતા બાળકને સારી રીતે સાચવતી, સાવકી માતા જેવું જરાય જણાવા દેતી નહિ. થોડા દિવસ બાદ તેને પણ એક પુત્ર થયો. તે બંને વચ્ચે સમભાવ રાખતી હતી. બંને ભાઇઓમાં કોઇ જાણતું ન હતું કે સગુ શું ? ને સાવકું શું ? પણ સંસારમાં એવા પણ લોકો હોય છે કે જેમને પારકી ખોટી પંચાત કર્યા વિના ચેન ન પડે. આ બાળકને કોઇએ કહ્યું: આ તારી સાચી મા નથી, સાવકી મા છે. સાવકી માનો વ્યવહાર સાવકા પુત્ર સાથે સારો ન હોય. સાવકી મા સગો પુત્ર અને સાવકો પુત્ર એ બે વચ્ચે ભેદ રાખે, અરે ! કેટલીક માતા તો સાવકા દીકરાને કંઇક ખવરાવી દે. આ છોકરાને પહેલાં તો આ વાત ઉપર ભરોસો ન આવ્યો. પણ અનેકની પાસેથી તેણે આ પ્રમાણે સાંભળ્યું. તેણે લોકો પાસેથી તે પણ સાંભળ્યું કે સાવકી માતા પોતાના સગા પુત્રના હિત માટે સાવકા પુત્રને મારી પણ નાખે, મારી નાખવા કાંઇક ખવડાવી પણ દે.

આ રીતે અનેકના મોઢે અનેકવાર સાંભળવાથી છોકરાને વિશ્વાસ થઇ ગયો કે, આ મારી સગી મા નથી, તે મારા કરતાં એના પુત્રની સાર-સંભાળ વધારે લે છે. તે કાંઇ ખવડાવી ન દે એ માટે સાવધ રહેવું જરૂરી છે. આમ એને સાવકી માતા વિષે શંકા થઇ ગઇ. શંકાથી જોનારને કદી સાચું દેખાય નહિ. શંકાના કારણે એ છોકરાની ભૂખ અને ઊંઘ ઓછી થઇ ગઇ. મારી મા મને મારી નાખશે એમ દરરોજ અનેકવાર તે વિચારવા લાગ્યો. આથી શંકા શ્રદ્ધા રૂપે પરિણમી. આના કારણે તે છોકરો દિન પ્રતિદિન દુર્બળ બનતો ગયો. છોકરાને દુર્બળ બનતો જોઇને માને ચિંતા થઇ. તેણે છોકરાના પિતાને કહ્યું: આપણા મોટા દીકરાના શરીરમાં કંઇક રોગ હોવો જોઇએ, તેનો ખોરાક સાવ ઓછો થઇ ગયો છે. બહુ ઊંઘતો પણ નથી. તેનું મોઢું સદા ઉદાસ દેખાય છે. માટે વૈદ્યને બતાવવું જોઇએ., તેના પિતા તેને વૈદ્ય પાસે લઇ ગયા. વૈદ્યે શરીર તપાસીને કહ્યું: આને નબળાઇ સિવાય કોઇ રોગ નથી. નબળાઇ દૂર કરવા રોજ ગરમાગરમ અડદની રાબ ખવરાવવા કહ્યું.

બીજા દિવસે સવારે તે છોકરાને અડદની રાબ ખાવા આપી. રાબમાં અડદની દાળનાં ફોતરા હતા, પણ છોકરાને વહેમ પડ્યો કે, જરૂર માખીઓ મારીને દૂધમાં બાફી નાખી લાગે છે. આથી તે રાબ ખાતો નથી. અને બેઠો બેઠો રાબને અને માને જોયા કરે છે. માએ કહ્યું: જલ્દી ખાઇ લે. તારા માટે જ બનાવી છે. છતાં તેણે રાબ ખાધી નહિ, એટલામાં તેના બાપા આવ્યા. તેમણે પણ ગરમાગરમ રાબ ખાઇ જવા કહ્યું. છતાં ખાતો નથી. એટલે બાપાએ લાલ આંખ કરીને કહ્યું કે, સાંભળતો નથી ? જલ્દી ખાવા માંડ. તેણે ભયથી રાબ ખાવાનું શરૂ કર્યું. પણ કોળિયે કોળિયે ઝેરની જ ગંધ અને માખીઓનો જ સ્વાદ આવવા લાગ્યો. કેમ કે અનેક દિવસો સુધી મારી મા મને મારી નાખશે એવું ચિંતન કર્યું છે. જરૂર મને મારી નાખવા કાંઇક ખવડાવી દીધું છે. આથી હવે હું બચીશ નહિ. આવી શંકાના કારણે જ એને

થોડી જ વારમાં ઉલટીઓ થવા લાગી અને મરી ગયો.

આવી જ રાબ તેના સાવકા ભાઇએ ખાધી. તેનાથી તેનું શરીર પુષ્ટ બન્યું. કારણ કે તેને મા ઉપર દઢ વિશ્વાસ હતો.

અહીં છોકરો 'મારી મા મને મારી નાખશે' એમ દરરોજ ચિંતન કરતો હતો. તેથી તેની આ શ્રદ્ધા દઢ થવા લાગી, અને એક દિવસ તેને એનું ફળ મળી ગયું. એ પ્રમાણે નવકાર મંત્રના ફળનું જેમ જેમ ચિંતન વધે તેમ તેમ ફળ પ્રત્યે શ્રદ્ધા દઢ થવા લાગે. વર્તમાનમાં એક સાધકનો અનુભવ છે કે જ્યારે તે **'એસો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો'** એ પદોને મનમાં ગણે છે ત્યારે તેના આત્મામાં એવી શ્રદ્ધા જાગે છે કે હવે ચોક્કસ મારા બધા પાપોનો નાશ થઇ જશે. માટે છેલ્લા ચાર પદોનું પણ રટણ કરવું જરૂરી છે.

હવે આ વિષયને બીજી રીતે વિચારીએ. છેલ્લા ચાર પદો અપેક્ષાએ પંચ પરમેષ્ઠિ સંબંધી નમસ્કારની સ્તુતિરૂપ છે. કેમ કે તેમાં નમસ્કારના ફળનું વર્ણન છે. પંચ પરમેષ્ઠિ સંબંધી નમસ્કારની સ્તુતિ પરમાર્થથી પંચ પરમેષ્ઠિની સ્તુતિ છે. પંચ પરમેષ્ઠિની સ્તુતિ જેમ જેમ વધારે થાય તેમ તેમ કર્મનિર્જરા વધારે થાય. આ રીતે પણ છેલ્લા ચાર પદોનું પણ રટણ કરવું જરૂરી છે.

**શંકા : નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે તો કાઉસ્સગ્ગમાં નવકારનું ચિંતન કરવાનું ન કહેતાં લોગસ્સનું ચિંતન કરવાનું કેમ કહ્યું ?**

**સમાધાન :** નમસ્કાર મહામંત્રમાં સર્વ પ્રથમ અરિહંત છે. લોગસ્સ સૂત્રમાં નામના ઉચ્ચારણ પૂર્વક અરિહંતોને જ નમસ્કાર કરવામાં આવ્યો છે, તથા નમસ્કાર મહામંત્રમાં નામ વિના સર્વ સામાન્ય અરિહંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે. લોગસ્સસૂત્રમાં આ અવસર્પિણીમાં નજીકના ઉપકારી ૨૪ તીર્થંકરોને નમસ્કાર કરવામાં આવ્યો છે. એ અપેક્ષાએ નમસ્કાર મહામંત્ર કરતાં લોગસ્સ સૂત્રની પ્રધાનતા ગણાય. આથી કાયોત્સર્ગમાં મોટા ભાગે લોગસ્સ ગણવાનું વિધાન છે.

❀❀❀❀

## વિવિધ દષ્ટિકોણથી નવકાર મહામંત્ર

**પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.**

❀ મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ નવકાર મહામંત્ર સર્વ પાપરૂપી વિષનો નાશ કરનાર છે.

❀ યોગશાસ્ત્રની દૃષ્ટિએ નવકાર મહામંત્રમાં પદસ્થ ધ્યાન માટે પરમ પવિત્ર પદોનું આલંબન છે.

❀ આગમ સાહિત્યની દૃષ્ટિએ નવકાર મહામંત્ર સર્વશ્રુતમાં અભ્યંતર રહેલો છે તથા ચૂલિકા સહિત તે મહાશ્રુતસ્કંધની ઉપમાને પ્રાપ્ત થયેલો છે.

❀ કર્મસાહિત્યની દૃષ્ટિએ એ-એક અક્ષરની પ્રાપ્તિ માટે અનન્તાનન્ત કર્મસ્પર્ધાકોનો વિનાશ અપેક્ષિત છે તથા એક એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત અનંત કર્મરસાણુઓનો વિગમ થાય છે.

❀ ઐહિક-આલોક દૃષ્ટિએ આ જન્મની અંદર પ્રશસ્ત અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ તથા તેના યોગે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

❀ પરલોકની દૃષ્ટિએ મુક્ત તથા મુક્તિ ન મળે ત્યાં સુધી ઉત્તમ મનુષ્યકુળની પ્રાપ્તિ કરાવે છે, તેના પરિણામે જીવને થોડા જ કાળમાં બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.

❀ દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ પહેલાં બે પદો પોતાના આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે અને પછીના ત્રણ પદો શુદ્ધ સ્વરૂપની સાધક અવસ્થાના શુદ્ધ પ્રતીક રૂપ છે.

❀ ચરણકરણાનુયોગી દૃષ્ટિએ સાધુ અને શ્રાવકની સામાચારીના પાલનમાં મંગલ માટે અને વિઘ્નનિવારણ માટે તેનું ઉચ્ચારણ વારંવાર આવશ્યક છે.

❀ ગણિતાનુયોગની દૃષ્ટિએ નવકારના પદોની નવની સંખ્યા ગણિતશાસ્ત્રના નિયમ પ્રમાણે બીજી સંખ્યાઓ કરતાં અખંડતા અને અભંગતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે તથા નવની સંખ્યા નિત્ય અભિનવ ભાવોનો ઉત્પાદક થાય છે.

❀ ધર્મકથાનુયોગની દૃષ્ટિએ અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓનાં જીવનચિત્રો અદ્‌ભૂત કથાસ્વરૂપ છે. નમસ્કારનું આરાધન કરનાર જીવોની કથાઓ પણ આશ્ચર્યકારક ઉન્નતિને દર્શાવનારી છે તથા એ સર્વ કથાઓ સાત્વિકાદિ રસોનું પોષણ કરનારી છે.

❀ ચતુર્વિધ સંઘની દૃષ્ટિએ નવકાર મંત્ર સૌને એક સાંકળે સાંધનારો તથા બધાને સમાન દરજ્જે પહોંચાડનારો છે.



# નવકાર મંત્રના વિવિધ નામો



પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ સાહેબ

થોડા સમય પહેલાં **'નમસ્કાર-મંત્ર'** સંબંધી કેટલાક નિબંધો લખાવવામાં આવ્યા હતા, તેમાં એવું જોવામાં આવ્યું હતું કે આપણા શિક્ષિત વર્ગને પણ નમસ્કાર મંત્ર શું છે તેનો સ્પષ્ટ ખ્યાલ નથી. કેટલાકે લખ્યું હતું કે **નમસ્કારમંત્ર** એક પ્રકારની સ્તુતિ છે, તો કેટલાકે લખ્યું હતું કે નમસ્કાર મંત્ર એક પ્રકારની પ્રાર્થના છે, એટલે કે એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે નમસ્કાર મંત્રમાં કોઇની સ્તુતિ નથી કે કોઇને પ્રાર્થના કરવામાં આવતી નથી. પણ મંગલ નિમિત્તે સૂત્રપાઠ બોલીને પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવે છે. તેથી તે એક પ્રકારનું મંગલસૂત્ર કે નમસ્કાર સૂત્ર છે.

અહીં એ જાણી લેવું જરૂરનું છે કે જૈન શાસ્ત્રકારો સૂત્રસંજ્ઞા કે પાઠ તે કૃતિને જ લગાડે છે કે જેની રચના ગણધર ભગવંતોએ, પ્રત્યેક બુદ્ધોએ, ચતુર્દશ પૂર્વધરોએ કે અભિન્ન દશપૂર્વીઓએ કરેલી હોય. નમસ્કાર-મંત્ર સૂત્રરૂપે શ્રી ગણધર ભગવંતોએ પ્રકાશેલ છે, એટલે તેનું સૂત્રત્વ સિદ્ધ છે. પરંતુ આ સૂત્ર વારંવાર મનન કરવા જેવું હોવાથી તેમજ તેના આરાધન દ્વારા અનેક પ્રકારના ચમત્કારિક પરિણામો આવતાં હોવાથી લોક વ્યવહારમાં તેની પ્રસિદ્ધિ નમસ્કાર-મંત્ર તરીકે થઇ છે અને આજે સર્વત્ર તેને નમસ્કારમંત્ર તરીકે જ ઓળખવામાં આવે છે. આ નમસ્કાર મંત્રના વિવિધ નામો આ મુજબ છે.

**(૧) પંચ મંગલ :** આવશ્યક-નિર્યુક્તિ (ગા. ૧-૩.), મહાનિશીથ સૂત્ર તથા પ્રતિક્રમણની પ્રાચીન વિધિ દર્શાવતી ગાથાઓમાં આ નામ આવે છે.

**(૨) પંચ મંગલ-મહાશ્રુત-સ્કન્ધ :** આ શબ્દ-પ્રયોગ મુખ્યત્વે મહાનિશીથ સૂત્રમાં થયેલો છે.

**(૩) પંચ નમુક્કાર :** નમસ્કાર મંત્રનાં પાછલાં ચાર પદોમાં તથા આવશ્યક નિર્યુક્તિ અને કેટલાંક સ્તોત્રોમાં આ નામ જોવાય છે.

**(૪) પંચ નમોક્કાર :** શ્રી જયસિંહસૂરિએ ધમ્મોવએસમાલા વિવરણમાં આ નામનો વ્યવહાર કર્યો છે.

**(૫) પંચ-ણમોક્કાર :** ષટખંડાગમની ધવલા-ટીકામાં આ નામ જોવામાં આવે છે.

**(૬) પંચ-ણમોયાર :** મૂલાચારના ષડાવશ્યકાધિકારમાં આ નામ જોવામાં આવે છે.

**(૭) પંચ-નમસ્કાર :** ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, પાર્શ્વનાથ ચરિત્ર વગેરે અનેક સંસ્કૃત ગ્રન્થોમાં આ નામનો પ્રયોગ થયેલો છે.

**(૮) પંચ-નમસ્કૃતિ :** ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્રમાં તથા બીજી સંસ્કૃત કૃતિઓમાં આ નામ જોવામાં આવે છે.

**(૯) પરમેષ્ટિ-નમસ્કાર :** યોગશાસ્ત્ર, શ્રાવક ધર્મ-કૃત્ય પ્રકરણ, ઉપદેશ તરંગિણી આદિ ગ્રન્થોમાં આ નામ જોવા મળે છે.

**(૧૦) પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર :** યોગશાસ્ત્રમાં આ નામ પણ જોવાય છે.

**(૧૧) પંચ-પરમેષ્ઠિ-નમસ્ક્રિયા :** યોગશાસ્ત્રમાં આ નામ પણ જોવામાં આવે છે.

**(૧૨) પરમેષ્ઠિ-પંચક-નમસ્કાર :** શ્રી અભયદેવસૂરિએ ભગવતી સૂત્રની ટીકામાં આ શબ્દનો પ્રયોગ કરેલો છે.

**(૧૩) નમોક્કાર :** ધમ્મોવએસમાલામાં આ નામ પણ જોવામાં આવે છે.

**(૧૪) ણમોક્કાર :** મૂલારાધના વગેરે ગ્રંથોમાં આવું નામ જોવાય છે.

**(૧૫) નમસ્કાર :** વિચારમૃત સારસંગ્રહ વગેરે ગ્રંથોમાં આ નામ જોવા મળે છે.

**(૧૬) નવકાર :** શ્રાદ્ધ વિધિ-પ્રકરણ તથા કેટલાક સ્તોત્રોમાં આ નામ જોવામાં આવે છે.

**(૧૭) પંચગુરુ-નમસ્કાર :** દિગંબર સંપ્રદાયના સાહિત્યમાં આ નામ જોવામાં આવે છે.

**(૧૮) પંચગુરુ-નમસ્કૃતિ :** આ નામ પણ દિગંબર સંપ્રદાયના સાહિત્યમાં વિશેષ જોવામાં આવે છે.

**(૧૯) પંચ નમુક્કાર-મહામંત્ર :** ધમ્મોવએસમાલામાં આ નામ પણ જોવામાં આવે છે.

**(૨૦) પંચ નમુક્કાર-વરમંત :** સિરિ પયરણ-સંદોહમાં આ નામ પ્રાપ્ત થાય છે.

**(૨૧) પંચ ગુરુ મંત્ર :** દિગંબર સંપ્રદાયના સ્તોત્રોમાં આ નામ જોવામાં આવે છે.

**(૨૨) પરમિટ્ઠિ-પરમમંત :** શ્રાદ્ધ દિનકૃત્ય, યતિદિનચર્યા વગેરે ગ્રંથમાં આ નામ મળે છે.

**(૨૩) નવકાર-મહામંત્ર :** શ્રી હરખવિજયજીએ રચેલી સજ્ઝાયમાં આ નામ જોવામાં આવે છે.

**(૨૪) સિદ્ધમંત્ર :** શ્રી કુશળલાભે રચેલા છંદમાં આ નામ જોવાય છે. આ સિવાય બીજાં પણ કેટલાંક નામો હોવાનો સંભવ છે, પણ જે નામો જૈનસાહિત્યનું અવલોકન કરતાં અમારા જોવામાં આવ્યાં તે અહીં રજૂ કર્યા છે.

◆◆◆◆◆◆

## નવકાર અને અમૃત સંજીવની વિદ્યા

**-પૂ. સાધ્વીશ્રી મોક્ષરત્નાશ્રીજી મ.સા.**

નવકાર એવી રીતે ગણવો કે આ જીવનનો આ જ છેલ્લો નવકાર ગણવાનો છે. જાણે અંતિમ આરાધના કરતાં હોઇએ, અને આખું વિશ્વ ભૂલી જઇએ અને નવકારમાં તન્મય થઇ જઇએ તેવી રીતે નવકાર ગણવો. તન્મયતા એટલા માટે આવે છે કે પરલોક ક્યાંક બગડ્યો તો ? નારકીનાં દુઃખોનો પાર નહીં અને તિર્યંચમાં ગયા તો ભૂખ અને મારનો પાર નહીં. એ ભય જ નવકાર સાથે પ્રીતિ કરાવે છે. એવા ભય વડે કરેલી પ્રીતિવાળા પણ નવકારના આલંબનથી તરી ગયા છે, તો જેને પ્રીતિ ખાતર પ્રીતિ Love for Love થઇ ગયો છે, જે સમજણપૂર્વક નવકારને આલિંગન કરેઇ છે, અને કેવળ પાપના નાશ માટે જ એને નવકાર ગમે છે માટે જ, નવકારનો હાથ પકડ્યો છે, એનો આ ભવ, આલોક અને પરલોક મંગળમય બની સુધરી જાય છે. એને જરા અવસ્થા ક્યારેય આવતી નથી. તેઓ હમેંશા તરુણ રહે છે. સૂર્યોદય પહેલાંનો જે અરુણોદય હોય એવી લાલી એના મુખ પર બિરાજે છે. અને ગમે એવી ભ્રમણાઓ, માયાજાળ તેને છળી શકતી નથી. નવકારથી દૂર કરી શકતી નથી. ઇંગ્લીશમાં જેને નેપચ્યુન (Neptune) કહેવાય છે તે છલના અને ભ્રમણાનો સ્વામી છે. ઇંદ્રજાળનો માલિક છે. ઋષિ મુનિઓ જ્યારે તપ કરે છે ત્યારે તે તપમાંથી તપોભંગ કરાવવા માટે ઇંદ્ર પોતાની ઇંદ્રજાળ વડે ઘણી માયાઓ સાધકની આસપાસ ગોઠવી દે છે. ક્યારેક શામ, દામ, દંડ, ભેદ અને એ પણ ઓછું હોય ત્યારે સ્ત્રીઓની મોહિની દ્વારા સાધકનું પતન કરાવવા માટે આવા પરિબળો પોતાની પૂરી શક્તિ કામે લગાડતા હોય છે.

સાધકને નવકારથી ચ્યુત કરવા નાની મોટી, કહેવાતી સિદ્ધિઓ સામે ચાલીને વરે છે, વાક્સિદ્ધિ, સુવર્ણસિદ્ધિ વગેરે સિદ્ધિઓ સ્વયં વરે છે. સાધક આ વેળાએ કાળજુ ઠેકાણે રાખીને નવકારમાં જ લીન રહે, તો આવી ખૂબીઓ ખીલી ઉઠે અને જો તેમાં લોટી જાય, ભરમાઇ જાય, તો ખૂબીઓ ખામી બની જાય. અને નવકાર ભૂલાઇ જાય. અને આમાં અધૂરામાં પુરું હોય તેમ જનસાધારણની વાહવાહ અને મસ્કાબાજી જીરવવાને અશક્ત સાધક, જનસાધારણને સશક્ત કરવા પોતાનું પતન સ્હેજમાં નોતરી લે છે. ભટકેલો સાધક ભૂરાયા થયેલાં ઢોરની જેમ, જે આવે તેની પર વટ પાડવા કહેવાતી સિદ્ધિઓનો દૂર ઉપયોગ કરે છે, ત્યારે સ્વયં વરેલી સિદ્ધિઓ છૂટાછેડા લઇને ભાગી જાય છે. જેવી રીતે રિસાયેલી અને અતૃપ્ત થયેલી સ્ત્રી પતિને છોડીને બીજા સમર્થ વ્યક્તિ સાથે ભાગી જાય છે.

અવધૂત આનંદઘનજીની જેમ પિશાબમાં સુવર્ણસિદ્ધિ રેલે જતી હોય પણ સિદ્ધિઓનો ક્યારેય ઉપયોગ નહીં કરનારા અને આત્મજ્ઞાનમાં મસ્ત રહેનારા કેટલાં ? અહીંયા અવધૂત મહારાજ પોતે અનેક સિદ્ધિઓનું આશ્રયસ્થાન હોવા છતાં, તેમાં ક્યારે પણ લપટાયા નથી. કેવળ શિવરમણી સિવાય ક્યાંય વરવાની ઇચ્છા નહીં રાખનારા સાધકોને જ આવી સિદ્ધિઓ સ્વયં વરે છે. અને તે તેના ચરણોની દાસી બનીને રહે છે. કારણકે આવા સાધકના સાનિધ્યમાં જ સિદ્ધિઓ શાતા પામે છે. અને મોક્ષમાર્ગના સાધકની સાથે સ્વયં પણ મોક્ષની આરાધના કરે છે, અને સિદ્ધિપદને વરે છે.

રોગને જડમૂળથી ઉખાડી નાંખે અને પરમશાંતિ પ્રાપ્ત થાય તેવી એક જ વિદ્યા છે. એ વિધાને અનંતા આત્માઓએ સિદ્ધ કરી છે અને નવકારમંત્રના રૂપમાં એ અમૃતસંજીવની વિદ્યા ભેટ આપેલી છે. નવકાર પર જરા પણ શ્રદ્ધા ઉત્પન્ન થતાંની સાથે આત્મા નિર્વાણ પદનો અધિકારી બને છે. ઇક્કો વિ નમુક્કારો...એના આઠે પ્રકારનાં સર્વે પાપનો નાશ કરે છે અને શ્રી નવકારની ચૂલિકાને સત્યવચન સિદ્ધવચન પૂરવાર કરે છે. નવકારમાં મસ્ત આત્માને તે પછી ફરીથી રોગના ઘર એવા દેહની જરૂર જ રહેતી નથી. સિદ્ધશીલામાં દેહ અને તેના વિકાર વગર નિજાનંદમાં કેવળજ્ઞાનમાં ચકચૂર રહે છે. તેનાં દેહે દેહનો રોગ અને લખચોર્યાસીના ફેરા ટળી જાય છે. આને જ અમૃતસંજીવની કહેવાય. જે તીર્થંકર પરમાત્માએ નવકાર મંત્રના રૂપમાં આપણી પર વરસાવી છે, અને કેવળજ્ઞાનનાં રૂપમાં સિદ્ધિ અર્પણ કરેલ છે.

◆◆◆

# નવકારના સાચા અધિકારી બનીએ !

**પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ**

શ્રી નવકારમંત્રનો અધિકારી શ્રદ્ધાવાન છે. એ શ્રદ્ધા કેળવવા માટે પંચ પરમેષ્ઠિઓના મુખ્ય ઉપકારો શું છે ? એનું વારંવાર ચિન્તવન-મનન ઘણું ઉપકારક છે. શાસ્ત્રોમાં એ મુખ્ય ઉપકારોને ચૂંટીને પાંચ વિભાગમાં સમજાવ્યા છે. **અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ પાંચ પરમેષ્ઠિઓ** છે, અર્થાત્ પરમપદે બિરાજમાન પાંચ વિભૂતિઓ છે. જાતિથી પાંચ છે, પણ વ્યક્તિશઃ અનંત છે. ત્રણે કાલ અને ત્રણે લોકમાં તેઓ પ્રતિષ્ઠિત છે. ચાર નિક્ષેપ અને પાંચ પદોથી તેઓ આરાધ્ય છે. આ વિશ્વને અલંકૃત કરનાર પાંચ અદ્વિતીય રત્નો છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ, એ ચાર-એ રત્નોની કાંતિ, વિશ્વને ઉજ્જવળ બનાવનાર પ્રભા છે. પંચ પરમેષ્ઠિ અને તેમના ગુણો સ્વયં પોતાના તેજથી ત્રિભુવનમાં પ્રકાશી રહ્યા છે. જેઓ તેઓના પ્રકાશને જોઇ શકતા નથી, તેઓ માટે એમ કહી શકાય કે તેઓ ઘોર અંધકારની છાયા નીચે વસી રહેલા દુર્ભાગી આત્માઓ છે.

**(૧) અરિહંતોનો ઉપકાર–માર્ગદશકપણું :**

અરિહંતો જેમ સ્વયં વીતરાગ, સર્વજ્ઞ અને ત્રિભુવન પૂજનીય છે, તેમ સિદ્ધ ભગવંતો અને સામાન્ય કેવળજ્ઞાનીઓ પણ વીતરાગ સર્વજ્ઞ અને સર્વ પૂજનીય છે. તેથી અરિહંતોની વિશેષતા તેમના માર્ગદર્શકપણામાં છે. મોક્ષમાર્ગનું પ્રથમ ઉપદેશકપણું અરિહંતોના ફાળે જાય છે. જન્મથી જ ત્રણ જ્ઞાન સહિત જન્મનારા અને દીક્ષા સમયે ચતુર્થ જ્ઞાન પ્રાપ્તિ કરનારા અરિહંતો જ કેવળજ્ઞાન પામી મોક્ષમાર્ગને દેખાડે છે, બીજાઓની તે તાકાત નથી. સિદ્ધો દેહ રહિત હોવાથી અને સામાન્ય કેવળજ્ઞાનીઓ અતિશયોવાળા નહિ હોવાથી મોક્ષમાર્ગના આદ્યદર્શક બની શકતા નથી.

**(૨) સિદ્ધોનો ઉપકાર–અવિનાશીપણું :**

અરિહંતોના અરિહંતપણાનો પણ આયુષ્યના અંતે અંત આવે છે. સિદ્ધોનું સિદ્ધપણું અવિનાશી છે. કાળની ફાળ સિદ્ધોના ગુણ કે સુખના એક અંશ ઉપર પણ આક્રમણ કરી શકતી નથી. સિદ્ધોના ગુણો અને સુખો અવ્યાબાધ છે. અવ્યાબાધ ગુણ કે અવ્યાબાધ સુખ સિદ્ધો સિવાય બીજા કોઇને પણ નથી. અરિહંતો પણ આયુષ્ય કર્મના અંત સુધી દેહને પરતંત્ર છે, સિદ્ધોની સ્વતંત્રતાની આડે આવવાની તાકાત કોઇપણ વસ્તુમાં નથી. એ કારણે જ અરિહંતો પણ સિદ્ધપણા માટે જ ઉદ્યમ કરે છે અને જગતને પણ એ સિદ્ધપણાના માર્ગે જ લઇ જવાનો પ્રયાસ કરે છે.

**(૩) આચાર્યોનો ઉપકાર–આચાર :**

અરિહંતો દેહધારી છે, છતાં સર્વકાળ અને સર્વક્ષેત્રોમાં તેઓની હાજરી સંસારમાં હોતી નથી. સિદ્ધો દેહરહિત છે અને સંસારના પારને પામી ગયેલા હોય છે, તેથી મુક્તિનો માર્ગ સર્વકાલ અને સર્વ ક્ષેત્રોમાં કોઇથી પણ ચાલતો હોય, તો તે આચાર્યોથી જ ચાલે છે. આચાર્યો આચારના પાલનથી જ મોક્ષમાર્ગને ચલાવે છે. મોક્ષનો માર્ગ પાંચ પ્રકારના આચારમાં વહેંચાયેલો છે. આચાર્યો તે પાંચે પ્રકારના આચારને મન વચન કાયાથી એવી રીતે પાળે છે કે યોગ્ય આત્માઓની આગળ તે માર્ગનો પ્રકાશ ફેલાય છે. તેમાંથી અનેક યોગ્ય આત્માઓ મોક્ષમાર્ગની આરાધના પ્રત્યે આપો આપ આકર્ષાઇ આવે છે.

**(૪) ઉપાધ્યાયોનો ઉપકાર–વિનય :**

આચાર્યો રાજાના સ્થાને છે. ઉપાધ્યાયો મંત્રીના સ્થાને છે. આચાર્યોનો સ્વયં વિનય કરવો અને બીજા પાસે કરાવવો, એ તેઓનું મુખ્ય કર્તવ્ય છે. **'વિનય વિના જેમ વિદ્યા નથી, તેમ વિનય વિના ધર્મ પણ નથી.'** આ વાત ઉપાધ્યાયો પોતાના દૃષ્ટાંતથી જગત્ સન્મુખ સર્વદા ટકાવી રાખે છે. **'વિનયના નાશમાં જેમ વિદ્યાનો નાશ છે, તેમ**

(સ્વ.) લલિતાબેન ન્યાલચંદ ટોકરશી વોરા ના સ્મરણાર્થે
હસ્તે : સુહાસબેન (કીકાસ્ટ્રીટ–મુંબઇ)

**વિનયના નાશમાં ધર્મનો પણ નાશ છે.'** એ પદાર્થ પાઠ જગતને આપવાનું કાર્ય ઉપાધ્યાયોથી થાય છે. આચાર્યોથી જેમ સદાચારોનું સંરક્ષણ થાય છે, તેમ ઉપાધ્યાયોથી વિનયાદિ સદગુણોનું સંરક્ષણ થાય છે, તેઓ સ્વયં વિનય કરે છે અને બીજાઓ પાસે કરાવે છે. વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન (શ્રદ્ધા), દર્શનથી ચારિત્ર અને ચારિત્રથી મોક્ષ તેઓ સ્વયં મેળવે છે અને બીજાઓને મેળવાવે છે.

**(૫) સાધુઓનો ઉપકાર-સહાય :**

આચાર્યો પાસેથી આચાર અને ઉપાધ્યાયો પાસેથી વિનયને મેળવીને મુક્તિમાર્ગની સાધનામાં મગ્ન બનેલા સાધુઓ, મુક્તિમાર્ગના અભિલાષુક ભવ્ય આત્માઓને મુક્તિમાર્ગના અનન્ય સહાયક બને છે. અર્થકામાદિ અન્ય સર્વક્ષેત્રોમાં અન્ય સર્વની સહાય મેળવવી સુલભ છે, પણ મુક્તિમાર્ગમાં સાધુઓની સહાય સિવાય બીજાઓની સહાય મેળવવી સુલભ નથી. સાધુઓની સાધના જ એવા પ્રકારની રચાયેલી છે, કે એ સાધના દ્વારા ભવ્ય આત્માઓને મુક્તિમાર્ગને આરાધવા માટેની જરૂરી સહાય આપોઆપ મળી રહે છે. સાધુઓ પાસેથી તે સહાય મેળવનારને એક પાઇનું પણ ખર્ચ કરવું પડતું નથી, સાધુઓ પાસેથી અર્થી આત્માઓને જ્ઞાન પણ મફત મળે છે, દર્શન પણ મફત મળે છે, ચારિત્ર પણ મફત મળે છે, શીલ પણ મફત મળે છે, તપ પણ મફત મળે છે અને તેના પરિણામે મળતાં સ્વર્ગ અને અપવર્ગનાં સુખો પણ મફત જ મળે છે. તેના બદલામાં સાધુને કશું જ ખપતું નથી. સાધુઓનો એ અનન્ય ઉપકાર છે.

આ રીતે માર્ગ, અવિનાશ, આચાર, વિનય અને સહાય-એ પાંચ પરમેષ્ઠિઓના અનંત ઉપકારોમાંથી વીણીને છૂટા પાડેલા અનુક્રમે પાંચ પ્રધાન ઉપકારો છે. તેને લક્ષમાં લેવાથી પરમેષ્ઠિઓ ઉપર સાચો આદરભાવ જાગે છે. **એ આદરભાવ જ જીવને 'નવકાર મંત્ર'નો સાચો અધિકારી બનાવે છે.**

◆◆◆◆

## પળ પળ સમરો શ્રી નવકાર

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કૃત 'યોગશાસ્ત્ર'માં શ્રાવકની દિનચર્યાની ચર્ચા કરતાં કહેવામાં આવ્યું છે કે-**'ब्राह्मे मुहूर्त उतिष्ठेत, परमेष्टिस्तुतिं पठन्'** અર્થાત્ પરોઢિયે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને, નિદ્રાનો ત્યાગ કરીને પરમ મંગલ અર્થે શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરવું. સવારમાં નિદ્રા છોડ્યા પછી સૌથી પ્રથમ કર્તવ્ય મહામંત્રનું સ્મરણ કરવાનું આ નિધાન નવકાર મંત્રનો કેવો ભારે મહિમા પ્રવર્તે છે તેનું દર્શન કરાવે છે.

જૈન ધર્મમાં નવકાર મહામંત્રનું સ્થાન અદ્વિતીય અને સર્વોચ્ચ છે. નવકાર મંત્ર સર્વસિદ્ધિ પ્રદાયક અને આત્મગુણનો બંધક છે જેના હૃદયમાં નવકાર પ્રસ્થાપિત થઇ જાય તેનો તો બેડો પાર જ થઇ જાય. તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી. જૈન શાસનના સારભૂત આ મહાપ્રભાવશાલી નવકાર મંત્ર પ્રાણી માત્રને સાચા સુખને માર્ગે લઇ જનાર એક અમોઘ સાધન છે. નવકાર મહામંત્ર એ આપણો શ્રેષ્ઠ, શ્રેષ્ઠત્તમ મહામંત્ર છે. આ જગતના જીવોમાં અંતરાત્મભાવ લાવનાર, તેને ટકાવનાર અને છેવટે ઠેઠ પરમાત્મભાવ સુધી લઇ જનાર જો કોઇ હોય તો તે એક માત્ર નવકાર મહામંત્ર છે. તેથી માર્ગાનુસારીની ભૂમિકાથી માંડી સમ્યગ્ દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વ વિરતિધર તમામ જીવોની આરાધનામાં નવકાર મંત્રને પરમ મંત્ર અને શ્રેષ્ઠ સાધન માનવામાં આવે છે.

જૈન મહર્ષિઓએ નવકાર મંત્રનો મહિમા અપરંપાર બતાવ્યો છે. મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ નવકાર મહામંત્ર સર્વ પાપરૂપી વિષનો નાશ કરનાર દિવ્ય મંત્ર છે. યોગશાસ્ત્રની દૃષ્ટિએ પદસ્થ ધ્યાન માટે એમાં પરમ પવિત્ર પદોનું આલંબન છે. આગમ સાહિત્યની દૃષ્ટિએ સર્વશ્રુતમાં અભ્યંતર રહેલો છે. અને ચૂલિકા સહિત તે મહાશ્રુત સ્કંધની ઉપમાને પામેલો છે. કર્મસાહિત્યની દૃષ્ટિએ એક એક અક્ષરની પ્રાપ્તિ માટે અનંતાનંત કર્મસ્પર્ધકોનો વિનાશ અપેક્ષિત છે તથા એક એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત અનંત કર્મ રસાણુઓનો વિગમ થાય છે. ઐહિત દૃષ્ટિએ નવકાર મંત્ર આ જન્મની અંદર પ્રશસ્ત અર્થ કામ અને આરોગ્યની પ્રાપ્તિ તથા તેના યોગે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. પરલોકની દૃષ્ટિએ મુક્તિ તથા મુક્તિ ન મળે ત્યાં સુધી ઉત્તમ દેવલોક અને ઉત્તમ મનુષ્યકુળની પ્રાપ્તિ કરાવે છે. તેના પરિણામે જીવને થોડાં જ કાળમાં બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.

**શ્રીમતી સુલોચનાબેન રતિલાલ શાહ**
**સી.પી. ટેન્ક-મુંબઇ.**



# અંતીમ સમયે નવકાર સાધના

**પૂ. આચાર્યદેવ શ્રી વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

એક સમડી આકાશમાં ઉડતી હતી. તેને કોઇ કલાબાજ શિકારીએ તીર માર્યું. એ તીરથી ઘવાઇને તે નીચે પડી અને તરફડવા લાગી. તેની બાજુમાં એક મુનિ ધ્યાનમાં મગ્ન હતા. તેમણે જોયું કે આ સમડી સખ્ત ઘાયલ થઇ છે અને થોડી વારમાં જ તેના પ્રાણ નીકળી જશે, એટલે તેને નવકાર મંત્ર સંભળાવ્યો.

મૃત્યુ સમયે મનુષ્ય, પશુ કે પક્ષી કોઇને પણ નવકાર મંત્ર સંભળાવવામાં આવે અને તેનું ચિત્ત એમાં ચોંટે તો તેની ગતિ સુધરે છે. જો મનુષ્ય સમકિતદૃષ્ટિ હોય અને તે અંત સમયે નવકાર સાંભળે તો અધ્યવસાયોની શુદ્ધિને લીધે તે દેવલોકમાં ઉત્પન્ન થાય છે, માટે મૃત્યુસમયે નવકાર અવશ્ય સંભળાવવો જોઇએ.

આજે તો છેલ્લા શ્વાસોચ્છ્વાસ ચાલતા હોય, ઘરડિયો બોલતો હોય અને પ્રાણ જવાની તૈયારી હોય, ત્યારે પણ દવા કે ઇંજેકશનોનો મારો ચાલતો હોય છે. જીવનની આ કેવી તૃષ્ણા ! જીવનનો આ કેવો મોહ ! આવી હાલતમાં મનુષ્યનું મરણ કેવી રીતે સુધરે ? જો માણસ બેહોશ થઇ જાય તો અંતકાળિયા જેવા કોઇ વૈદ્યને બોલાવી હેમગર્ભની માત્રા આપવામાં આવે છે, જેથી તે હોશમાં આવે. પણ તેને હોશમાં લાવીને કરવાનું શું ? વીલમાં સહી કરાવી લેવાની, એ જ કે બીજું કંઇ ? પણ એ વિચાર નથી આવતો કે 'બાપાજી ચાલ્યા, માટે લાવો તેમને નવકારની માત્રા આપીએ, જેથી તેમની સદ્‌ગતિ થાય.'

જ્યારે એમ લાગે કે આ માણસ બચવાનો નથી, ત્યારે સગાંવહાલાં કે સ્નેહીઓ નવકાર મંત્ર સંભળાવવા માંડે છે. જો કંઇક ઠીક હોય ને સંભળાવવા માંડે તો માંદો માણસ કહે છે કે 'શું હું મરવા પડ્યો છું કે મને નવકાર સંભળાવો છો ?' પણ એને ખબર નથી કે નવકાર મારનારી નહિ પણ તારનારી વસ્તુ છે. બેહોશીમાં નવકાર સંભળાવો તો એ શી રીતે સાંભળે ? તેનાથી કંઇ અર્થ સરે નહિ. એટલે બિમારી ગંભીર લાગતી હોય તો તેને પ્રથમથી જ નવકાર મંત્ર સંભળાવવો જોઇએ.

મૃત્યુ-સમય નજીક લાગે ત્યારે શ્રાવકે પોતાનાં સઘળા પાપોની આલોચના કરી લેવી જોઇએ, ચોરાશી લાખ જીવા યોનિના જીવોને ખમતખામણાં કરી લેવાં જોઇએ અને અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલીપ્રજ્ઞપ્ત ધર્મનું શરણ અંગીકાર કરી પંચ પરમેષ્ઠિનાં સ્મરણમાં જ મનને લગાડવું જોઇએ. શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે-

**पढियव्वो गुणियव्वो सुणियव्वो समणुपेहियव्वो य ।**
**एसऽन्नया वि निच्चं किमंग पुण मरणकालम्मि ।।**

'અન્ય કાળે પણ આ નવકાર નિત્ય ભણવા લાયક, ગણવા લાયક, સાંભળવા લાયક અને સારી રીતે અનુપ્રેક્ષા ચિંતવન કરવા લાયક છે, તો પછી મરણકાળ માટે તો પૂછવું જ શું ?'

સમર્થ શ્રુતધરો પણ મરણ સમય નજીક આવતાં દ્વાદશાંગ શ્રુતને છોડી માત્ર નવકાર મંત્રનું જ સ્મરણ કરે છે. મલ્લધારીય શ્રી હેમચન્દ્રસૂરિકૃત **ઉપદેશમાલા**માં કહ્યું છે કે–

**जलणाइ भए सेसं मोत्तुं इक्कंपि जह महारयणं ।**
**धिप्पइ संगामे वा, अमोहसत्थं जह तहेह ।।**

**मोत्तुपि बारसंगं स एव मरणंमि कीरए जम्हा ।**
**अरहन्तनमोक्कारो, तम्हा सो बारसंगत्थो ।।**

'અગ્નિ વગેરેનો ભય આવી પડે ત્યારે બાકીની બધી વસ્તુઓ છોડીને એક મહારત્નને ગ્રહણ કરાય છે, (કારણ કે તેમ કરવાથી પલાયન આદિ ક્રિયા સુખપૂર્વક થઇ શકે

છે.) અથવા સંગ્રામની અંદર (લાકડી, તલવાર, ભાલા વગેરે શસ્ત્રો છોડીને) અમોઘ એવા બાણ કે શક્તિને ગ્રહણ કરવામાં આવે છે, તેમ અહીં પણ મરણ આવી પડે ત્યારે તે અવસ્થામાં સ્મરણ કરવાને અશક્ય એવા દ્વાદશાંગને સ્થાને જે કરાય તેને દ્વાદશાંગનો અર્થ માનવો જોઇએ.'

મરણ સમયે નવકાર કેવી રીતે ગણવો જોઇએ ? તેનો શાસ્ત્રકાર ભગવંતોએ વિધિ બતાવ્યો છે. તેઓ ફરમાવે છે કે અંત સમય નજીક આવતાં સંવિગ્ન મન વડે, અસ્ખલિત, સ્પષ્ટ અને મધુર સ્વર વડે તથા કરબદ્ધ યોગમુદ્રાથી યુક્ત પદ્માસને બેઠેલી કાયા વડે, સમ્યક્ પ્રકારે, સ્વયં નવકારનો સંપૂર્ણ ઉચ્ચાર કરવો. જો બળ ઘટવાથી તેમ કરવાનું શક્ય ન હોય તો પંચપરમેષ્ઠિનાં નામને અનુસરનારા **'अ सि आ उ सा'** એવા પાંચ અક્ષરોનું સમ્યક્ પ્રકારે મનમાં સ્મરણ કરવું અને એટલી પણ શક્તિ ન હોય તો માત્ર **ओम्** એવા અક્ષરનું જ ધ્યાન કરવું, કારણ કે ૐ અક્ષર વડે અરિહંત, અશરીરી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ મુનિઓ (સાધુઓ) સંગ્રહિત થયેલા છે. અહીં કોઇ પ્રમાણની ઇચ્છા રાખતું હોય તો અમે જણાવીએ છીએ કે **આર્ષવિદ્યાનુશાસન**ના પ્રથમ સમુદ્દેશમાં નીચેની ગાથા કહેલી છે :-

**अरिहंता असरीरा आयरिय उवज्झाय मुणिणो ।**
**पंचक्खरनिप्पण्णो, ओंकारो पंच परमिट्ठी ।।**

આ ગાથાનું તાત્પર્ય એ છે કે અરિહંતનો પ્રથમાક્ષર **अ** લઇએ, અશરીરી (સિદ્ધ)નો પ્રથમાક્ષર **अ** લઇએ, આચાર્યનો પ્રથમાક્ષર **आ** લઇએ, ઉપાધ્યાયનો પ્રથમાક્ષર **उ** લઇએ અને મુનિ (સાધુ)નો પ્રથમાક્ષર **म्** લઇ તેની સંધિ કરીએ તો **ओम्** બને છે. **अ + अ = आ. आ + आ = आ. आ + उ = ओ. ओ + म् = ओम्.**

જે **ओम्** એવા એક અક્ષરનું ધ્યાન કરવાને પણ અસમર્થ છે, તે પાસે રહેલા કલ્યાણમિત્રોના સમુદાય પાસેથી અમૃતતુલ્ય નવકાર મંત્રને સાંભળે અને તે સાંભળતી વખતે હૈયામાં આ પ્રમાણે ભાવના કરે :

'આ નવકાર એ સારની ગાંઠડી છે, કોઇ દુર્લભ વસ્તુની પ્રાપ્તિ છે, ઇષ્ટનો સમાગમ છે અને પરમ તત્ત્વ છે. 'અહોહો ! આજે હું ભવસમુદ્રના તટને પામ્યો છું. અન્યથા ક્યાં હું ? ક્યા આ ? અને ક્યાં મારો તેની સાથેનો સમાગમ ?' 'હું ધન્ય છું, કૃતપુણ્ય છું કે જેથી અનંત ભવસમુદ્રમાં ભ્રમણ કરતાં અચિંત્ય ચિંતામણિ એવો નવકાર મંત્ર પામ્યો.' શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે–

**जेणेस नमुक्कारो सरिओ भावेण अंतकालम्मि ।**
**तेणाहूयं सुक्खं दुक्खस्स जलंजली दिन्नो ।।**

'અંતકાળે જેણે આ નવકારને ભાવપૂર્વક સ્મર્યો છે, તેણે સુખને આમંત્ર્યું છે અને દુઃખને તિલાંજલિ આપી છે.'

મુનિરાજે સમડીને મંત્ર સંભળાવતાં તેનું દિલ નવકાર મંત્ર ઉપર ચોંટયું, તેનાં મનમાં શુભ ભાવનો ઉદય થયો અને એ અવસ્થામાં મરણ પામતાં તે સિંહલદ્વીપના રાજાને ત્યાં સુદર્શના નામની કુંવરી રૂપે જન્મી. અંત સમયે નવકાર મંત્ર સાંભળવાથી અને દિલ ચોટવાથી પશુ-પક્ષીઓ પણ દેવની ગતિ પામે છે, તો મનુષ્યનું કહેવું જ શું ? એટલે અંત સમયે નવકાર મંત્ર સ્મરવાથી કે સાંભળવાથી પ્રાણીની સદ્ગતિ થાય છે, તે નિશ્ચિત્ત છે. ◆◆◆◆

## નવકાર મંત્ર એ સિદ્ધમંત્ર છે, શાશ્વત મંત્ર છે

નવકાર મંત્ર સિદ્ધ મંત્ર એટલા માટે છે કે એ અનાદિ અનંત છે, એના સ્મરણથી અનેક સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, અષ્ટસિદ્ધિ અને નવનિધિ પ્રગટ થાય છે, એ ચૌદ પૂર્વનો સાર છે એક એક અક્ષરના રટણ માત્રથી અડસઠ તીર્થની સ્પર્શનાનો લાભ મળે છે, એ અનંત જ્ઞાન અને ગુણોનો રત્નાકર છે.

શાશ્વતમંત્ર એટલા માટે છે કે આ મંત્રનો ક્યારે પણ નાશ થવાનો નથી અનંત કાળચક્રના પ્રવાહની સાથે અનંત અવસર્પિણી-ઉત્સર્પિણી કાળમાં અનંતી અનંતી ચોવી-સીઓની સાથે અનંતા તીર્થંકરના શાસનકાળ દરમ્યાન નવકારમંત્રના પદ કે અક્ષરમાં કોઇ જ ફેરફાર થયો નથી.

મહામંત્ર એટલા માટે છે કે એ સર્વ મંત્રનો સાર છે, વિઘ્નોને હરનાર છે, એનો મહિમા અપાર છે.

એ સર્વે મંત્રોમાં શિરોમણી અને મંત્રાધિરાજ છે, સિદ્ધ પુરૂષોથી સાક્ષાત્કાર થયેલ છે.

# સિદ્ધિનો સ્ત્રોત-નવકાર

**પૂ. આચાર્યદેવ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

જગતની એવી કઇ સિદ્ધિ છે જે નવકારમાં ન હોય. અષ્ટ મહા સિદ્ધિ-નવનીધિ તો નવકારના એક એક અક્ષરમાં ભરેલી છે... ચક્રવર્તીનાં ચૌદ રત્ન પણ નવકાર આગળ ઝાંખા પડી જતાં લાગે છે. ઇંદ્રાદિ દેવોની ઋદ્ધિ નવકારની પાસે નગણ્ય છે.

કિંમત સમજાવી જોઇએ નવકારની...નવકાર તો મુક્તિ મહેલમાં પ્રવેશવા માટેનું મંગલ દ્વાર છે. અનેક અમંગલો એનાથી પ્રહત થઇ જાય છે. રિદ્ધિની ઝંખના મનુષ્યને રાંકડો બનાવે છે. કદાચ મળી જાય જગતની રિદ્ધિ તોય આત્મ શાન્તિ મળવી દુષ્કર છે. નવકાર તો એવી રિદ્ધિને અર્પણ કરી દે છે કે તે મેળવ્યા પછી બીજી રિદ્ધિ મેળવવાનો વિચાર પણ આવે નહિ.

**નવકારની પાસે શું નથી ?** બધું જ છે. બીજે જે નથી મળતું, નથી મળી શકવાનું તે નવકારથી મળી શકે છે. શિવકુમારે જોગીને સુવર્ણ પુરુષ બનાવી દીધો. શ્રીમતીના નવકાર સ્મરણથી સાપ ફૂલની માળા થઇ ગઇ. આ અને આવા તો અનેક ઉદાહરણો વિશ્વના વિરાટ ઉદરમાં સમાયેલાં છે. પણ તે તો થઇ આ ભવની વાત. નવકારના સ્મરણથી બળતો નાગ ધરણેન્દ્ર થાય...સમળી મરીને નવકારના પ્રતાપે સુદર્શના રાજકુમારી થાય. તે થઇ અન્ય ભવની વાત...પણ તેથી ય આગળ વધીને અનંતા જન્મ મરણની જંજાળને મૂળમાંથી ઉચ્છેદી આત્માને મોક્ષના મંઝિલે પહોંચાડે એજ નવકારનું ઉત્કૃષ્ટ ફળ છે.

વાસના વડવાનલ છે તો નવકાર તેને શાન્ત કરનાર પાણી છે. લાલસા મહાપર્વત હોય તો નવકાર તેને ભેદનાર વજ્ર છે. ક્રોધ રૂપી કાલીય નાગનું દમન કરનાર નવકાર કૃષ્ણ છે. માન મર્દન કરનાર નવકાર મહા સુભટ છે. લોભને સંતોષ દ્વારા શાન્ત કરનાર નવકાર મહાઔષધિ છે. માયાની જાળને ભેદનાર નવકાર કૃપાણ-તલવાર છે. નવકાર આલોક પરલોકમાં સુખ આપે જ છે પણ પરિણામે મોક્ષ પણ આપે છે...સાંભળી લો એક નવકારનો બોલ...**'જ્યાં સુધી મારું જે જે સ્મરણ કરશે તેને હું દુ:ખી થવા દઇશ નહિ. તેને ક્યાંય મુશ્કેલીમાં આવવું પડે, આપત્તિમાં પસાર થવું પડે તેવું થવા દઇશ નહિ. ભયંકર જંગલમાં તેનો હું ભોમિયો બનીશ. પર્વત ઉપર ચઢતાં તેની હું સહાયતા કરીશ. ભયંકર ઝંઝાવાતમાં મારું સ્મરણ કરનારની હું રક્ષા કરીશ' માટે જ નવકાર 'મા' છે. માતા પોતાના પ્રાણથી પણ અધિક પુત્રની માવજત કરે છે. તે જ રીતે નવકાર તેનું સ્મરણ કરનાર પુત્રની રક્ષા કરે છે તેમાં શંકાને સ્થાન નથી.**

હા ! તો નવકાર માતા છે તે પોતાના વ્હાલા પુત્રનું કઇ રીતે રક્ષણ કરે છે તે પણ જાણી લો અને નવકારને માણી લો. નવકારના અતુલ બલને જાણવાની તાકાત આપણી નથી તો પછી તેને નાણવાની તાકાત તો હોય જ ક્યાંથી ? ત્યારે નવકાર રૂપ માતાનાં થોડાં વિશેષણ જોઇ લઇએ.

◆ **पुण्याङ्गजननी:** નમસ્કારની આરાધના કેવી છે ? તેનું સ્વરૂપ વિચારતાં સહેજે સમજાઇ જશે કે નવકાર એ માતા છે, અને તે પુણ્ય રૂપી પુત્રને જન્મ આપે છે. નવકારની આરાધના અતિ ઉત્તમ છે. કુશલાનુબંધી અનુષ્ઠાનની આરાધના નવકાર વગર પ્રાપ્ત થઇ શકતી નથી...એ આરાધના પુણ્યાનુબંધી પુણ્યને વધારવામાં સહાયતા કરે છે...જ્ઞાનાવરણીયાદિ અશુભ કર્મોનો નાશ કરી પુણ્ય રૂપી પુત્ર ને જન્મ આપવાનું સૌભાગ્ય નવકાર રૂપી માતાને વર્યું છે.

◆ **पालनी** માતા પુત્રને જન્મ આપે એટલે તેનું કાર્ય પરિપૂર્ણ થઇ જતું નથી. પુત્રને જન્મ આપ્યા પછી તેના પાલનની જવાબદારી માતાની હોય છે, માતા નિરાશંસ ભાવે પોતાની જવાબદારી પૂરી પાડતી જાય છે. નવકાર રૂપી માતાએ પુણ્ય રૂપી પુત્રને જન્મ આપ્યો. જન્મ આપ્યા પછી પુત્રને ઉદયના સ્વામી એવા આરાધકને બરાબર

આરાધનાની સામગ્રી મળતી જ રહે એ જીવ મોક્ષ તરફ આગેકૂચ કરતો રહે તેની જવાબદારી સમગ્રપણે શ્રી નવકાર ઉપાડી લે છે. તેના માર્ગમાં ક્યાંય વિઘ્ન ન આવે. પુણ્ય બળ વધતું જ જાય...આરાધનાની અનુકૂળતા સમગ્ર પણે મળતી જાય...આ બધોજ પ્રતાપ નવકારનો છે. માટે જ નવકાર રૂપી 'મા' પુણ્ય રૂપ પુત્રને જન્મ આપ્યા પછી તેનું પાલન કરે છે...

◆ **શોધની** પુત્રનું પાલન કરતાં પુત્ર ક્યાંય ધૂળમાં આળોટે નહિ, ગંદકી તેના કલેવરને ક્યાંય અડે નહિ તેની સાવધાની રાખતી મા પોતાના પુત્રને શુદ્ધ બનાવતી રહે છે. નવકાર માતા તેના સાધકના હૈયામાં સંસારિક વસ્તુઓની અભિલાષા સ્વરૂપ પણ મલીનતા તેના મનમાં પ્રવેશે નહિ તેની સંપૂર્ણ કાળજી રાખતી હોય છે. કદાચ કોઇ વિચાર આવી ગયો હોય તો તેનું શોધન પણ તે તરત જ કરાવી આપે છે. કુવિચારોને જલ્દી કાળજામાંથી દૂર કરાવે છે.

◆ **'हंस विश्राम कमल श्रीः'** હંસને વિશ્રાન્તિનું સ્થાન કમળોથી શોભતું સરોવર છે. તેમજ આરાધના કરનાર હંસ જેવા ઉત્તમ જીવોને નવકાર એ એમનું માનસ સરોવર છે. માનસ સરોવર મળ્યા પછી રાજહંસને બીજા કશાની જરૂર પડતી નથી. તેવીજ રીતે નવકારની સાધના મળ્યા પછી સાધકનું ચિત્ત પણ ત્યાં સ્થિર બની જાય છે. તેની અસ્થિરતા સદા માટે ચાલી જાય છે. નવકારની આરાધનાનાં આ ચારે વિશેષણો વિચારવા જેવા છે. સાધક પાસે સાધનાનું બળ વધતાંજ એને એવી કળ વળશે કે કદાપિ તેને છળ કરવાનું દિલ નહિ થાય. સહજ મળને દૂર કરી અચળ સ્થાનને પ્રાપ્ત કરવા તે આગળ વધતો જ રહેશે.

નવકારમાં શું છે ? એનો જવાબ એક જ હોઇ શકે. નવકારમાં શું નથી ? જગતનો ખૂણે ખૂણો ખૂંદી નાંખશો કે ખોદી નાખશો તો પણ કશું વળવાનું નથી. નવકારની આરાધનાથી બધું જ મળવાનું છે. આત્મ સંપત્તિમાં સાચા સહાયક નવકારની અમાપ શક્તિને પામી આપણે શું માપી શકવાના હતા ? રત્નની નાનકડી પેટીમાં બહુ મૂલ્યક રત્નો ભરેલાં હોય, તેવીજ રીતે કદમાં નાના દેખાતા નવકારમાં જગતના જીવોના મદ ઓગાળી શકે એવી અપૂર્વ તાકાત ભરેલી પડી છે. મોહનીયાદિ કર્મના નાશ માટે નવકાર મંત્ર ઉપયોગી છે એ વાત ભૂલવા જેવી નથી. ◆◆◆◆◆

## મહામંત્ર નવકાર

પાંચ ભરતક્ષેત્રમાં અને પાંચ ઐરવત ક્ષેત્રમાં નવકાર મહામંત્ર સદા ભણાય છે, ગણાય છે અને આરાધાય છે.

નવકાર મહામંત્ર જે દિવસે ભણાય તે દિવસે ફલ પ્રાપ્તિ થાય છે.

મરણ સમયે નવકાર મહામંત્રનું પોતાની મેળે ધ્યાન ધરે અથવા અન્યનો સંભળાવેલ બહુ સાવધાન થઇને સાંભળે તે આત્મા અવશ્ય સુગતિ પામે છે.

જે ભાગ્યશાળી જીવ, મન, વચન, કાયાની એકાગ્રતાથી નમસ્કાર મહામંત્રનો પંદર લાખ જાપ કરે છે, તે આત્મા જિન નામકર્મનો બંધ કરે છે. જે ભાગ્યશાળી જીવ નમસ્કાર મહામંત્રનો આઠ ક્રોડ, આઠ હજાર, આઠસો ને આઠ વાર એકાગ્ર ચિત્તે જાપ કરે છે, તે આત્મા ત્રીજા ભવે મોક્ષ મેળવે છે.

ભૂતકાળમાં જેટલા મોક્ષમાં ગયા છે, વર્તમાન કાળમાં જે કોઇ મોક્ષમાં જઇ રહ્યા છે, ભવિષ્ય કાળમાં જે કોઇ મોક્ષમાં પધારશે, તે સર્વ પ્રભાવ પંચ પરમેષ્ઠિ નમસ્કારનો જ છે.

સંસારના અધિક દુ:ખને ક્ષણિક બનાવનાર નવકાર શાશ્વત્ સુખનો સાથી છે. નવકાર સંસારનો શ્વાસોશ્વાસ ને વિશ્વાસ છે નવકાર ચાર ગતિને ચૂરનાર ને પંચમગતિને પૂરનાર છે. નવકાર બહિરાત્માને અંતરાત્મા બનાવનાર છે. નવકાર અંતરાત્માને પરમાત્મા બનાવનાર છે નવકાર ષડ્રિપુ ને અષ્ટ કર્મને ચૂરનાર છે. નવકાર જીવનમાં શાન, ભાન ને જ્ઞાન આપનાર છે. નવકાર જીવન જ્યાં નિષ્પ્રાણ બને, ત્યાં પ્રાણ પૂરનાર છે. નવકાર મન, વચન, કાયાની સાત્ત્વિકતા આપનાર છે. નવકાર એવો છે શાશ્વત્ અજર અમર એક નવકાર. ❀❀❀

# સંસારરૂપી દાવાનલને ઉચ્છેદ કરનારી આઠ વિદ્યાઓ

–પંડિતવર્ય શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

### ૧. પંચ પરમેષ્ઠિવિદ્યા

**'अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहू'** એ સોળ અક્ષરોને **પરમેષ્ઠિવિદ્યા** કહેવામાં આવે છે. કેટલાક ગ્રંથોમાં તેને **ષોડશાક્ષરી વિદ્યા** પણ કહી છે; કારણ કે તેના અક્ષરો સોળ છે. તેનો જપ કરતાં તથા તેનું ધ્યાન ધરતાં ઘણો લાભ થાય છે. યોગશાસ્ત્રનું એ કથન છે કે–

**गुरुपञ्चकनामोत्था विद्या स्यात् षोडशाक्षरी ।**
**जपन् शतद्वयं तस्याश्चतुर्थस्याप्नुयात्फलम् ॥**

'પાંચ ગુરુ અર્થાત્ પરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થયેલી સોળ અક્ષરની એક વિદ્યા છે. તેને જો બસો વાર જપવામાં આવે તો એક ઉપવાસનું ફળ મળે છે.'

પંચનમસ્કાર ચક્ર અપરનામ વર્ધમાન ચક્રમાં આ સોળ અક્ષરોની પરમાક્ષર કે બીજાક્ષર તરીકે ખાસ સ્થાપના થાય છે. આ સોળ અક્ષરોમાં લોકોત્તમ મંત્રનો યોગ છે અને તેના ધ્યાનથી અદ્ભૂત જ્યોતિનાં દર્શન થાય છે. તે અંગે **'અરિહાણાઇથુત્તં'** માં કહ્યું છે કે–

**विज्जुव्व पज्जलंति सव्वेसु वि अक्खरेसु मत्ताओ ।**
**पंचनमुक्कारपए इक्किक्के उवरिमा जाव ॥**

**ससिधवलसलिल निम्मल आयारसहं च वण्णियं बिन्दुं ।**
**जोयणसयप्पमाणं जालासयसहस्स दिप्पंतं ॥**

**सोलससु अक्खरेसु इक्किक्कं अक्खरं जगुज्जोयं ।**
**भवसयसहस्समत्थणो जम्मि ठिओ पंचनवकारो ॥**

'પાંચ નમસ્કારના સર્વ અક્ષરોમાં એટલે કે **'अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहू'** એ સોળ અક્ષરોમાં પણ દરેક અક્ષર ઉપર રહેલી માત્રાઓ વીજળી જેવી જાજ્વલ્યમાન (ઝળહળતી) છે અને દરેક ઉપર ચંદ્રમાં જેવું ઉજ્જવળ, જળ જેવું નિર્મળ, નિયત આકારવાળું, વર્ણયુક્ત, સેંકડો યોજન પ્રમાણ લાખો જવાળાઓથી દીપતું એવું બિંદુ છે.

આ સોળ અક્ષરોમાંનો દરેક અક્ષર જગતને પ્રકાશ કરનારો છે અને જેમાં-જે અક્ષરોમાં આ નમસ્કાર મંત્ર સ્થિત છે, તે લાખો ભવ (જન્મ-મરણ)નો નાશ કરનાર છે.'

તાત્પર્ય કે આ ષોડશાક્ષરી વિદ્યાનો જપ કરતાં તથા તેનું ધ્યાન ધરતાં એવી અવસ્થા આવે છે કે જ્યારે તેનો પ્રત્યેક અક્ષર જ્યોતિર્મય ભાસે છે અને તેના પર અપ્રતિમ પ્રકાશવાળું બિંદુ જણાય છે.

વિશેષ તો આ વસ્તુ અનુભવગમ્ય છે. જો કોઇ સાધક મહાત્મા આ વિદ્યાની સાધના પરત્વે પોતાનો અનુભવ પ્રકટ કરે તો અન્ય સાધકોને ઘણું જાણવાનું મળે. આ મંત્રનો સવા લાખ જાપ કરવાથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે તથા વિદ્યાધ્યયનમાં સહાય મળે છે, એવા ઉલ્લેખો પણ અમારા જોવામાં આવ્યા છે.

**'પંચનમસ્કૃતિદીપક'**માં **'अर्हंत्सिद्धाचार्योपाध्याय सर्वसाधुभ्यो नमः'** એ સોળ અક્ષરોને **ષોડશાક્ષરી વિદ્યા** કહી છે. અને તેનું માહાત્મ્ય પણ લગભગ આ પ્રમાણે જ વર્ણવ્યું છે.

### ૨. પંચદશાક્ષરી વિદ્યા

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું છે કે **'मुक्तिसौख्यप्रदां ध्यायेद्विद्यां पञ्चदशाक्षराम्'** મુક્તિસુખને આપનારી એવી **પંચદશાક્ષરી વિદ્યાનું** ધ્યાન ધરવું. આ વિદ્યા એવી મહાન છે કે એના પ્રભાવનું વર્ણન થઇ શકે એમ નથી. અન્ય શબ્દોમાં કહીએ તો એ સર્વજ્ઞ ભગવાન સમી છે. આ વિદ્યાનો મૂલ પાઠ નીચે પ્રમાણે સમજવો :

**'ॐ अरिहंत-सिद्ध-सयोगिकेवलि स्वाहा ।'**

### ૩. કેવલિ વિદ્યા

**'ॐ ह्रीँ अर्हँ नमो अरिहंताणं ह्रीँ नमः'** એ ચૌદ અક્ષરોને **કેવલિવિદ્યા** કહેવામાં આવે છે. અન્યત્ર **'ॐ नमो अरिहंताणं श्रीमद्वृषभादिवर्धमानान्तेभ्यो नमः'** એ બાવીશ અક્ષરોને પણ **કેવલિવિદ્યા** કહેવામાં આવી છે. તો કેટલાક ગ્રંથોમાં **'श्रीमद्वृषभादिवर्धमानान्तेभ्यो नमः'** એ ચૌદ અક્ષરોને **કેવલિવિદ્યા** તરીકે ઓળખાવેલ છે. આ વિદ્યાનો આમ્નાય ગુરૂગમથી જાણવો.

### ૪. કર્ણપિચાશિની વિદ્યા

**કર્ણપિચાશિની વિદ્યા**ના પાઠો વિવિધ પ્રકારના મળે છે અને સાધકો તે અનુસાર વિદ્યા સાધે છે. જેને આ વિદ્યા સિદ્ધ થાય તે કાને હાથ મૂકતાં જ નજીકના ભૂતકાળની, તેમજ વર્તમાનકાલની વાતો જાણી શકે છે અને તે પ્રગટ કરતાં યશ તથા લાભનો અધિકારી થાય છે. પણ આખરી જીવનમાં તેને ઘણું શોષવું પડે છે, એવો મંત્રવિશારદોનો અભિપ્રાય છે. પરંતુ આ પ્રકારના ભયથી મુક્ત એવી **કર્ણપિચાશિની વિદ્યા** જિનશાસનમાં વિદ્યમાન છે. તેનો મૂલ પાઠ આ પ્રમાણે સમજવો : **'ॐ नमो अरिहंताणं ॐ'** તેનો વિશિષ્ટ આમ્નાય ગુરુગમથી જાણવો.

### ૫. અષ્ટાક્ષરી વિદ્યા

યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં કહ્યું છે કે–

**अष्टपत्राम्बु ध्यायेदात्मानं दीप्ततेजसम् ।**
**प्रणवाद्यस्य मन्त्रस्य वर्णान् पत्रेषु च क्रमात् ।।**

**पूर्वाशाऽभिमुखं पूर्वमधिकृत्याऽऽदिमं दलम् ।**
**एकादशशतान्यऽष्टाक्षरं मन्त्रं जपेत्ततः ।।**

'આઠ પાંખડીવાળાં કમળમાં ઝળહળાટ કરતા તેજવાળા આત્માને ચિંતવવો અને ॐકારપૂર્વક પહેલા મંત્રના અક્ષરોને એટલે કે **'नमो अरिहंताणं'** એ સાત અક્ષરોને અનુક્રમે પાંખડીઓ ઉપર સ્થાપવા. તેમાં પહેલી પાંખડી પૂર્વ દિશા તરફથી ગણવી અને તેમાં ॐકાર મૂકવો. પછી ક્રમશઃ અન્ય અક્ષરોને સ્થાપવા. પછી આ આઠ અક્ષરવાળા મંત્રનો ૧૧૦૦ વાર જાપ કરવો.

અહીં મંત્ર શબ્દ વિદ્યાના પર્યાય તરીકે સમજવો. **'પંચ નમસ્કૃતિદીપક'**માં પણ આ વિદ્યાનો ઉલ્લેખ થયેલો છે.

જો ॐકાર વિના માત્ર **'नमो अरिहंताणं'** એ પદનું સ્મરણ કરીએ તો એ **સપ્તાક્ષરી વિદ્યા** કે **સપ્તાક્ષરી મંત્ર** બને છે અને તે સંસારરૂપ દાવાનલનો શીઘ્ર ઉચ્છેદ કરે છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં આ વસ્તુ સ્પષ્ટ કરી છે.

### ૬. ષડક્ષરી વિદ્યા

**'अरिहंतसिद्ध'** એ **ષડક્ષરી વિદ્યા** છે. તે ત્રણસો વાર જપવાથી એક ઉપવાસનું ફળ આપે છે. કેટલાક ગ્રંથોમાં **'अरिहंतसाहु'** અને **'जिनसिद्धसाहु'** ને પણ **ષડક્ષરી વિદ્યા** કહેલી છે અને તેનું ફલ આ પ્રમાણે જણાવ્યું છે. જેમકે–

**विद्या षडवर्णसम्भूतामजय्यां पुण्यशालिनीम् ।**
**जपन् चतुर्थमभ्येति, फलं ध्यानी शतत्रयम् ।।**

'જો ધ્યાની પુરુષ ષડવર્ણમાંથી ઉત્પન્ન થયેલી અજેય અને પુણ્યશાલિની એવી વિદ્યાનો ત્રણસો વાર જપ કરે તો ઉપવાસનું ફલ પામે છે.'

**'પંચનમસ્કૃતિદીપક'** માં **'ॐ ह्रीँ अर्हँ नमः'** એ છ અક્ષરોને પણ **ષડક્ષરી વિદ્યા** કહી છે.

### ૭. ચતુરક્ષરી વિદ્યા

**'अरिहंत'** એ **ચતુરક્ષરી વિદ્યા** છે. તે ચારસો વાર જપવાથી ઉપવાસનું ફલ પ્રાપ્ત થાય છે. તે અંગે મંત્ર શાસ્ત્રોમાં કહ્યું છે કે-

**चतुर्वर्णमयं मन्त्रं, चतुर्वर्गफलप्रदम् ।**
**चतुःशतीं जपन् योगी, चतुर्थस्य फलं लभेत् ।।**

**'अरिहंत'** એવો જે ચતુર્વર્ણ મંત્ર છે, તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગનું ફલ આપનારો છે. જે યોગી તેનો ચારસો વાર જપ કરે છે, તે ઉપવાસનું ફલ પામે છે.

કેટલાક ગ્રંથોમાં **'अर्हत्सिद्ध'** એ ચાર અક્ષરને પણ **ચતુરક્ષરી વિદ્યા** માનવામાં આવી છે અને તેનું ફલ પણ ઉપર મુજબ જ કહેલું છે.

અહીં અમે પાઠકોનું એ વસ્તુ પ્રત્યે ધ્યાન દોરવા ઇચ્છીએ છીએ કે '**अरिहंत**' ને એક સાદો શબ્દ માત્ર ન સમજતાં ચતુરક્ષરી વિદ્યા સમજવામાં આવે અને '**अरिहंत**' '**अरिहंत**' એ પ્રમાણે જપ કરવામાં આવે તો થોડા જ વખતમાં તેનો પ્રભાવ દૃષ્ટિગોચર થશે. આ વિદ્યાનો પાઠ ઘણો નાનો હોવાથી રોજ તેનો ૧૦૦૮ જપ કરવાનું કામ જરાયે અઘરું નથી, પણ તે મન પર લેવું જોઇએ. જેના જીવનમાં '**अरिहंत**' શબ્દ વ્યાપી ગયો છે, તે આખરે '**अरिहंत**' બને છે.

### ૮. દ્વયક્ષરી વિદ્યા

'**सिद्ध**' એ **દ્વયક્ષરી વિદ્યા** છે. તેનો વિશિષ્ટ આમ્નાય ગુરુગમથી જાણવો.

◆◆◆

## નવકારના સાધકને ઉદ્બોધન

**પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ**

આપણે જાણીએ છીએ કે જ્યારે આપણે મન વડે **શ્રી નમસ્કાર મહામંત્ર**નું સ્મરણ કરીએ છીએ ત્યારે, તે જ વખતે... આપણા મનની અશાન્તિ ચાલી જાય છે. વિકલ્પોનો વિનાશ થાય છે. પાપ સમૂહ-અમંગલનો અભાવ પ્રગટે છે. ઘાતીકર્મોનો વિઘાત થઇ જાય છે. શ્રી નવકારને હમણાંજ મન વડે ગણો અને શાન્તિ અનુભવો. શ્રી નવકારના મંત્રાક્ષરોના ચિંતનની મન ઉપર થતી અસરકારક શુભ અસરને હમણાં જ લક્ષમાં લો. શ્રી નવકારનું પુનઃ પુનઃ રટણ કરો અને તેના વડે અંતઃ કરણમાં થતા પરિવર્તનને અંતરમાં ઉપજતી સુખ શાન્તિનું નિરીક્ષણ કરો. એ નિરીક્ષણ વડે સમજાયેલું સત્ય આપણને સદૈવ સર્વત્ર **શ્રી નવકાર મંત્ર** નું સ્મરણ કરવાની પ્રેરણા પુરી પાડશે. જેમ જેમ આપણે એ પ્રેરણાનો અમલ કરતા રહીશું તેમ તેમ આપણા જીવનનું પરિવર્તન થતું જશે. આપણા અંતઃકરણમાં મોટા પ્રમાણમાં અદ્રશ્ય ફેરફારો થતાં અનુભવી શકાય. આપણને અનુપમ સુખ, અતિશય શાંતિ, અદ્ભૂત આનંદ, અભિનવ જ્ઞાન, અનંત જ્ઞેય અને અલૌકિક સૃષ્ટિ પ્રતીત થશે.

**આપણે એ યાદ રાખવું જરૂરી છે કે આ શ્રી નવકારને કોઇપણ પળે કોઇપણ સ્થળે સ્મરી શકીએ છીએ.** સર્વત્ર સદા તેનું સ્મરણ-મનન આપણે મનમાં કરી શકીએ અને તેના સ્મરણ સાથે જ ઉપજતા ધર્મધ્યાનમાં રહી શકીએ છીએ. આપણા મનનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે અનેક પ્રકારના વિકલ્પો-વિચારો, સંસ્કારજન્ય સ્મૃતિઓમાં તે રાચતું હોય છે, જે મોટે ભાગે અશુભ હોય છે. અને જેને તત્વજ્ઞ મહર્ષિઓએ આર્ત્તધ્યાન કહેલું છે. જો આપણે આપણા મનને શ્રી નવકારના અડસઠ મંત્રાક્ષરોનું નિવાસસ્થાન બનાવીએ, તો ક્યારેય પણ આર્તધ્યાનને ઉપજવાનો અવસર મળે નહિ. જો આપણે એ નવનિધાનસદશ, નવપદોરૂપ મહાશાસ્ત્રને સદૈવ અંતઃકરણ રાખીએ તો આપણું અંતઃકરણ જ સર્વોચ્ચ જ્ઞાનમંદિર બની જાય. જો પાંચ પદોરૂપ શ્રી પંચ પરમેષ્ઠિઓને આપણા હૃદયદેશે હંમેશાં બિરાજિત રાખી, નિત્ય નવનવા ભાવોલ્લાસથી આપણે તેમને ભજીએ તો આપણે જિનાલય સદૃશ બનીએ.

આપણે સવાર, બપોર અને સાંજ એમ ત્રણ સંધ્યાએ એકાંત, શાન્ત અને પવિત્ર સ્થાનમાં બેસીને મન-વચન-કાયા તથા આજુબાજુના વાતાવરણને સ્વચ્છ કરીને ચિત્તની પ્રસન્નતાપૂર્વક અને ભાવપૂર્વક શ્રી નવકારના અડસઠ મંત્રાક્ષરોનું ઓછામાં ઓછું એકસો અને આઠ વાર રટણ કરીએ અને આપણા જીવનમાં થતી અસરોનું નિરીક્ષણ કરીએ તેમજ તેની નોંધ લઇએ.

**પરાણે અપાતી દવા પણ જેમ રોગને ટાળે છે. તેમ પરાણે સંભળાવાતો, બોલાતો નવકારમંત્ર પણ પાપીના પાપને ટાળે છે.** શ્રી નવકારને હૈયામાં બેસાડવા માટે નવકારની આરાધનાની જરૂર છે. શ્રી નવકાર પ્રત્યેની સાચી શ્રદ્ધા સાચું મંગલ આપશે. આજની દુનિયા શ્રી નવકારમંત્રની સાધનાને ઓળખી શકતી નથી. એટલે પંચપરમેષ્ઠિનો મહિમા જાણ્યા વિના વંચિત રહી જાય છે. **શ્રી નવકારની સાધના વાળો નવગ્રૈવેયક સુધી જાય. અને નવકારની શ્રદ્ધાવાળો ચૌદ રાજલોકના અગ્રભાગે જાય.** ભૂતકાળમાં અરિહંત સિવાય કોઇને મસ્તક નમાવ્યું હોય તેનું પ્રાયશ્ચિત કરું છું. એવુ '**નમો**' શબ્દથી ભાવિક શ્રદ્ધાળુ સ્વીકારે છે. વર્તમાન કાલે પણ અરિહંતમાંજ, પરમેષ્ઠિમાં જ રાચું એ સિવાય કોઇ મારા દેવ નથી. ભવિષ્યકાળમાં પંચ પરમેષ્ઠિ સિવાય અન્ય કોઇને હું મસ્તક નમનારો ન બનું. ભવોભવ પરમેષ્ઠિનું શરણ સ્વીકારું !

◆◆◆



# જૈન ધર્મનું હાર્દ : શ્રી નવકાર મહામંત્ર

**ડૉ. કુમારપાળ દેસાઇ**

જિજ્ઞાસા એ જ્ઞાનની જનની છે. સત્યના શોધક અને અધ્યાત્મ જિજ્ઞાસુ સતત જિજ્ઞાસા અને ખોજવૃત્તિથી સત્ય પ્રાપ્તિ કરતા હોય છે. જૈન ધર્મમાં પાંચ મહાવ્રતમાં **અહિંસા** પછી તરત જ **સત્યને** સ્થાન અપાયું છે, એ બાબત દર્શાવે છે કે આ ધર્મમાં જડતા, વહેમ, અસત્ય, રૂઢિગ્રસ્તતા કે ગતાનુગતિકતાને ક્યાંય સ્થાન નથી. એક સવાલ એ છે કે નમસ્કાર મંત્રમાં આપણે કોને નમસ્કાર કરીએ છીએ ?

હકીકતમાં શ્રી નમસ્કાર મહામંત્ર જૈન ધર્મના હાર્દને હૂબહૂ પ્રગટ કરે છે. જૈન ધર્મ એ ભાવનાનો ધર્મ છે, આધ્યાત્મિક ઊર્ધ્વીકરણનો ધર્મ છે. આવું ઊર્ધ્વીકરણ સધાય ત્યારે વ્યક્તિના નામ-ઠામ કે ગામ કશાય મહત્ત્વના રહેતાં નથી. માત્ર એની આધ્યાત્મિક પ્રાપ્તિ જ મહત્ત્વની બને છે.

આથી નમસ્કાર મહામંત્રમાં પદને નમસ્કાર છે, ગુણને નમસ્કાર છે, કોઇ વ્યક્તિવિશેષને નમસ્કાર નથી. વિશ્વના અન્ય ધર્મોના મહામંત્રોને જોઇએ ત્યારે ખ્યાલ આવે કે તેમાં તો અમુક વ્યક્તિ વિશેષને નમસ્કાર કરવામાં આવે છે. તેમનું શરણ સ્વીકારવામાં આવે છે. જ્યારે નમસ્કાર મંત્રની મહત્તા જ એ છે કે એ વ્યક્તિવિશેષને બદલે ગુણને નમસ્કાર કરે છે, પરિણામે આ મંત્ર એ સાંકડા સાંપ્રદાયિક સીમાડાઓને વટાવી જાય છે. માનવી-માનવી વચ્ચેની ભેદરેખાઓને ભૂંસી નાંખે છે અને જીવમાત્ર માટેનો મંત્ર બની રહે છે.

કોઇપણ જાતિ કે કોઇપણ દેશની વ્યક્તિ જે આ ગુણની આરાધના કરવા ચાહતી હોય તેનો આ મહામંત્ર છે. એમાં કોઇ ચોક્કસ કાળમાં વસેલું મર્યાદિત સત્ય નથી. પરંતુ જીવમાત્ર માટેનું કાલાતીત સનાતન સત્ય રહેલું છે. પરિણામે નમસ્કાર મહામંત્ર એ સાંપ્રદાયિક મંત્ર નથી. બલ્કે સ્વરૂપ મંત્ર છે. જીવમાત્રના સત્ય સ્વરૂપને એમાં દર્શાવવામાં આવ્યું છે. પ્રત્યેક જીવ એના અંતરમાં તો જાણે અજાણ્યે નમસ્કાર મહામંત્રની ભાવના જ ધરાવતો હોય છે. શ્રી નમસ્કાર મહામંત્રમાં આવતો **'અરિહંત'** શબ્દ અનેકની જિજ્ઞાસા જગાડી ગયો. **'અરિ'** એટલે દુશ્મન અને **'હંત'** એટલે હણનાર-એવો એનો અર્થ પ્રચલિત છે. શબ્દોનો અર્થ એની ધાતુ પરથી થતો હોય છે, પરંતુ કેટલાક શબ્દોનો અર્થ વ્યવહારમાં જુદી રીતે સમજાવવામાં આવે છે, જેમ કે **'શ્રાવક'** શબ્દનો ધાતુ પરથી થતો અર્થ જુદો છે. પરંતુ ઘણીવાર શ્ર-વ-ક એ શબ્દોને લક્ષમાં રાખીને 'શ્રદ્ધા, વિવેક અને ક્રિયા' ધરાવનાર શ્રાવક કહેવાય તેવો અર્થ કરવામાં આવે છે.

આ રીતે **'અરિહંત'** શબ્દને **'અરિહંત'** શબ્દનો વિરોધી માનવામાં આવે છે. અરિહંત એટલે શત્રુઓથી હણાયેલો અને અરિહંત એટલે શત્રુઓને હણનારો. હણવાનું છે કોને ? દુશ્મન છે કોણ ? આ અરિ એટલે આત્મદ્રવ્યના પુદ્‌ગલદ્રવ્યને ગણવામાં આવે છે. આ પુદ્‌ગલની સાથે જોડાયેલા રાગ દ્વેષને કારણે મોહ, માયા, મમતા, લોભ, માન, અને ક્રોધ જાગે છે. આમાંનો એક દુર્ગુણ હોય તો તે બધા દુર્ગુણને જગાડનારો બને છે. આ બધા શત્રુઓને હણીએ તો જ અરિહંતની ભાવના સિદ્ધ થાય. આમ બહિરંગ એટલે કે પુદ્‌ગલ દ્રવ્ય અને અંતરંગ અર્થાત્ રાગ-દ્વેષ જેવા ભીતરના અરિઓને જેણે હણી નાખ્યા છે તે અરિહંત કહેવાય.

અરિહંત શબ્દનો અર્થ માત્ર **'શત્રુને હણનારા'** એ જ કરીએ તો તેમાં સામાન્ય કેવળજ્ઞાનીનો આમાં સમાવેશ થઇ જાય. આથી **'અરિહંત'** શબ્દની મૂળધાતુ **'અર્હ'**નો વિચાર કરવો પડશે અને તેનો અર્થ 'ચોત્રીશ અતિશયોને યોગ્ય' એવો થાય છે. જ્યારે આ અર્થ લેતાં સામાન્ય કેવલી પરમાત્મા આદિ સર્વ પાંચમાં પદમાં આવે છે.

અને છેલ્લે એક અન્ય જિજ્ઞાસાનો પણ વિચાર કરી લઇએ. નમસ્કાર મંત્રના પાંચમાં પદમાં **'લોએ'** પદ કેમ

**આશાબેન સુરેશભાઇ શાહ**
**(પાટણવાળા હાલ-ગોવાલિયાટેન્ક-મુંબઇ)**

રાખવામાં આવ્યું છે ? આનું કારણ એ છે કે સાધુઓ બે પ્રકારની લબ્ધિવાળા હોય છે. વૈક્રિય એટલે કે જુદી જુદી ક્રિયા કરી શકે તેવા હોય છે અને આહારક એટલે પૂર્વધરો જે શરીર બનાવે તેવા હોય છે. આ ઉપરાંત એમની પાસે જંઘાચારણ અને વિદ્યાચારણ જેવી લબ્ધિઓ પણ હોય છે. આ લબ્ધિઓના બળે તેઓ મનુષ્યલોકની બહાર નંદીશ્વર, કુંડલ, રુચક વગેરે દ્વીપોમાં દર્શનને કાજે આવાગમન કરતા હોય છે. વળી મેરુપર્વતના પાંડુક વનમાં પણ તેઓ આવ-જા કરે છે, વળી દેવતાઓ રાગ દ્વેષથી મુનિઓનું સંહરણ (ગુપ્ત કરી નાખવું) કરીને અકર્મ ભૂમિઓમાં લઇ જતા હોય છે. આમ લોકના જુદા જુદા કેટલાય ભાગમાં મુનિઓ વિચારતા હોય છે અને એ તમામને નમસ્કાર કરવા માટે **'લોએ'** શબ્દ વાપરવામાં આવ્યો છે.

આવા નમસ્કાર મંત્રને શાશ્વત કેમ કહેવામાં આવે છે ? આનું કારણ એ કે બધા તીર્થંકર ભગવંતોના સમયમાં એમના ગણધર ભગવંતો સૂત્રોની રચના કરે છે. બને છે એવું કે આ સૂત્રોના અર્થો એના એ રહે છે, પરંતુ એની શબ્દરચના બદલાય પણ ખરી, જ્યારે નવકારમંત્રની વિશેષતા એ છે કે એના અર્થો તો એના એ જ રહે છે તે ઉપરાંત એની શબ્દરચના પણ તેની તે જ રહે છે, આથી એને શાશ્વત કહેવામાં આવે છે. આવો નવકાર મંત્ર સંસારરૂપી સમરાંગણમાં રહેલા આત્માઓને શરણરૂપ છે, અસંખ્ય દુ:ખોનો ક્ષય કરનાર અને કલ્યાણ-કલ્પતરુ છે.

◆◆◆

## ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો શ્રી જિનભાણ...

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સકલ વિશ્વનો શ્રેષ્ઠ મહામંત્ર છે. આ મહામંત્રમાં રહેલ પંચ પરમેષ્ઠિ પરમાત્માઓ ચારે નિક્ષેપથી ત્રિલોકને ત્રિકાલ પવિત્ર કરતાં જયવંતા વર્તે છે. એથી જ કહ્યું છે કે-

**'પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;**
**ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો શ્રી જિનભાણ !'**

**'નિક્ષેપ'** શબ્દ જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે. **'નિક્ષેપ'** શબ્દનો અર્થ સ્થાપન કરવું, આરોપણ કરવું એવો થાય છે. અનિર્ણીત વસ્તુનો નામાદિ દ્વારા નિર્ણય કરાવે, શબ્દ દ્વારા અર્થનો અને અર્થ દ્વારા શબ્દનો નિશ્ચિત બોધ કરાવે તથા અનભિમત અર્થનો ત્યાગ અને અભિમત અર્થનો સ્વીકાર કરવામાં ઉપયોગી થાય તેને **'નિક્ષેપ'** કહે છે. આપણા શાસ્ત્રકારોએ **'નિક્ષેપ'**ના ચાર પ્રકાર કહ્યા છે, **(૧) નામ નિક્ષેપ (૨) સ્થાપના નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ અને (૪) ભાવ નિક્ષેપ.**

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી પાંચેય પરમેષ્ઠિઓ ત્રણે જગતના જીવોને સર્વ ક્ષેત્રે અને સર્વ કાળમાં પવિત્ર કરી રહેલા છે. અરિહંતાદિ નામ નિક્ષેપ વડે પરમેષ્ઠિઓનો સામાન્ય બોધ થાય છે. સ્થાપના નિક્ષેપ વડે તેઓમાં રહેલી વિશેષતાઓનો બોધ થાય છે. દ્રવ્ય નિક્ષેપ વડે તેઓની સાધનાનું સ્વરૂપ સમજાય છે. અને ભાવ નિક્ષેપ વડે તેઓની સિદ્ધિનું સ્વરૂપ સમજાય છે. આ ચારેય નિક્ષેપો વડે થયેલા પાંચેય પરમેષ્ઠિઓનો બોધ તે વસ્તુ વિષયક બોધ છે. સર્વ વસ્તુમાં શ્રેષ્ઠ વસ્તુ પાંચ પરમેષ્ઠિઓ છે એ સમજ પાંચેય પદોથી સ્પષ્ટ થાય છે.

નામ રૂપે અને સ્થાપના રૂપે પરમાત્મા સર્વદા વિદ્યમાન છે. દ્રવ્ય રૂપે પણ તેઓ વિશ્વમાં વિદ્યમાન હોવા છતાં આપણે તેમને ઓળખી શકતાં નથી. ભાવ રૂપે તો અર્થાત્ અરિહંતપણે તો પરમાત્મા ત્રણે કાળે વિદ્યમાન હોય છે. વર્તમાનકાળમાં આપણા ભરત ક્ષેત્રમાં ભાવ જિનેશ્વરનો વિરહ હોવા છતાં તેમની નામ, સ્થાપના અને દ્રવ્યની ઉપાસના દ્વારા તેમના સાક્ષાત સ્વરૂપ ઉપાસનાથી જેવી નિર્મલતા અનુભવી શકીએ તેવી જ નિર્મલતાનો અનુભવ કરી શકાય છે. **શ્રી જ્ઞાનવિમલસૂરિજી**એ એટલે જ કહ્યું છે કે—

**'નામે તો જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી,**
**દ્રવ્યે ભવ માહિ વસે, પણ ન કળે કિમહી;**
**ભાવપણે સવિ એકરૂપ, ત્રિભુવનમે ત્રિકાળે,**
**તે પારગને વંદીએ, ત્રિહું યોગે સ્વભાવે.'**

ચારે નિક્ષેપો વડે થતી પાંચે પરમેષ્ઠિઓની ભક્તિ નવકાર મંત્રમાં રહેલી હોવાથી સર્વ પ્રકારના શુભ, શિવ, ભદ્ર, પવિત્ર, નિર્મલ અને પ્રશસ્ત ભાવો પેદા કરવાનું સામર્થ્ય તેમાં રહેલું છે. સૌ કોઇ અરિહંત પરમાત્માના નામાદિ ચારે નિક્ષેપોનું આલંબન લઇ પરમાત્મા સ્વરૂપ લીન બની આત્મકલ્યાણ સાધો એ જ મંગલ કામના.

**માતુશ્રી જેઠીબાઇ વેરશી જેસંગ છેડા**
**(કચ્છ ગોધરા-એલફીસ્ટન)**

# આરાધનાની સફળતા-સવિ જીવ કરું શાસન રસિ !

**પૂ.મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.**

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના કઇ રીતે સફળ બને ? કઇ રીતે પોતાને અનુભવ થાય ? તે માટે શાસ્ત્રકાર ભગવંતોએ અદ્‌ભૂત ચાવીઓ દર્શાવી છે. જેના પાલન વડે નવકાર મંત્રના પ્રભાવને આપણે પ્રત્યક્ષ અનુભવી શકીએ. શ્રી નવકારની સાધના માટે કેટલાક પાયાના ગુણો અનિવાર્ય છે. નવકાર પ્રત્યેની ભક્તિ આ ગુણો કેળવે છે અને નવકારના આત્માનુભવ માટે આ ગુણો કેળવવા જોઇએ.

કોઇનો નાનામાં નાનો ઉપકાર ભૂલવો નહિ. વારંવાર યાદ કરવો. આ ઉપકારનો બદલો વાળવા યથાશક્તિ પ્રયત્ન અવશ્ય કરવો. કોઇએ કરેલા મોટામાં મોટા અપકારને યાદ કરવો નહિ. તેથી આપણી અમૂલ્ય શક્તિનો નિરર્થક વ્યય થાય છે. બીજાના ગુણો જોવા આરાધકે ગુણાનુરાગ કેળવવાનો છે. તમારા જીવનમાં તમે સદાય ગુણનાં પક્ષપાતી બનજો. સર્વ પ્રકારના પ્રયત્ન કરી પારકા દોષ જોવાના તથા બોલવાના છોડી દેજો. ગુણ તથા ગુણીનું બહુમાન કરજો, પ્રશંસા કરજો. જે ગુણોની અનુમોદના તમે કરો છો તે તે ગુણો તમારામાં પ્રગટશે. અનુમોદના, અનુકંપા, દયા, કૃતજ્ઞતા, ગુણપ્રમોદ, સમતા એ પાયાના ગુણ છે. દીન દુઃખી પ્રત્યે કરુણા, દેવગુરુ પ્રત્યે ભક્તિ, માતા પિતાની સેવા, સુકૃત્યોની અનુમોદના અને પોતાના દુષ્કૃત્યોની ગર્હા આ પાયાના ગુણો આપણે ન કેળવીએ તો નવકારની આરાધના સફળ કઇ રીતે થાય ? સર્વ પ્રથમ આપણે નવકાર માટેની યોગ્યતા કેળવીએ, નવકાર માટે લાયક બનીએ. આપણે દુર્ભાવોની મલિનતા ટાળી નથી તેથી નવકારને યોગ્ય બન્યા નથી. સદાય સ્વાર્થમાં રાચ્યા છીએ. અને પોતાના નજીવા સ્વાર્થ માટે અનેકને પારાવાર હાનિ કરી છે.

આપણે મનુષ્ય છીએ. મનુષ્યમાં સર્વ જીવોના હિતનો ભાવ હોવો જોઇએ. પોતાના દેહ માટે, ઘર માટે, પરિવાર માટે જેમ સર્વ બુદ્ધિ, શક્તિ, ચિંતન, પ્રેમ વગેરેનો ઉપયોગ થાય છે, તેમ જીવ માત્રની દયા માટે થાય તો નવકારની આરાધના સફળ થઇ ગણાય. આપણું પોતાનું હિત વિશ્વના હિત સાથે સંકળાયેલું છે. અનાદિ ભવભ્રમણમાં સર્વ જીવો સાથે સર્વ પ્રકારના સંબંધો કર્યા છે, પણ ધર્મ સંબંધ કર્યો નથી, સદાય સ્વરક્ષણની વૃત્તિ રાખી છે, ક્યારેય સર્વરક્ષણની વૃત્તિ કેળવી નથી. ''માત્ર હું સુખી થાઉ'' એવી કનિષ્ઠ ઇચ્છા કરી છે. 'જગતના સર્વ જીવો સુખી થાઓ' એવો ભાવ કર્યો નથી.

સર્વ સાથેના અધર્મ સંબંધના કારણે ભવ ભ્રમણ થયું છે. અધર્મ સંબંધ એટલે પરસ્પરને પીડાકારક, અહિતકારક, અશુભકારક સંબંધ. ક્યારેય સમત્વભાવ કેળવ્યો નથી. જીવનમાં સામાયિક આવ્યું નથી. એકબીજાને પીડા આપીને જીવ્યા છીએ. સુખ આપનાર પ્રત્યે પણ કૃતજ્ઞતાનો ભાવ દર્શાવ્યો નથી. દુઃખ આપ્યા પછી પણ ક્ષમા માંગી નથી. દુઃખ આપનાર પ્રત્યે પણ ક્ષમા આપી નથી. પ્રાણી માત્ર પ્રત્યે સ્નેહના પરિણામ કર્યા નથી. આપણ કરતાં અધિક ગુણવાળા વડિલો પ્રત્યે નમન આદિથી અને આપણાથી નાના પ્રત્યે પ્રસન્નતા આદિથી હાર્દિક ભક્તિરાગરૂપી પ્રમોદ દર્શાવ્યો નથી. દીન, દુઃખી અને રોગી પ્રત્યે દયાની અને તેમના દુઃખ ફેડવાની લાગણી બતાવી નથી. પાપી પ્રત્યે, અયોગ્ય આત્માઓ પ્રત્યે સહનશીલતા દાખવી નથી. સર્વ જીવો પ્રત્યે પ્રેમ કર્યો નથી, સમત્વ ધર્યું નથી.

માત્ર પોતાના જ સુખની ચિંતા કરી છે અને બીજા સર્વના સુખ દુઃખ પ્રત્યે ઉપેક્ષા ભાવ કે અનાદરભાવ ધારણ કર્યો છે. બધાને સુખ મળો અને બધાનું દુઃખ ટળો, સર્વનું હિત થાઓ અને અહિત ટળો, એ વિચાર આજ પર્યંત અંતરથી જીવે કદી કર્યો નથી. જો કર્યો હોત તો તેનું ભવભ્રમણ હોત નહિ.

- પોતાના ઉપકારીઓને યાદ કરો, અપકારીઓને ભૂલી જાઓ, અપકાર કરવા છોડી દો અને અપકારીઓ પ્રત્યે પણ ઉદાર બનો.
- દુઃખી થવાનો માર્ગ અપકારીઓને ન ભૂલવામાં અને ઉપકારીઓને ભૂલવામાં છે.

**શ્રી જગજીવન ઓતમચંદ શાહ પરિવાર**

**હસ્તે : શ્રી ભરત જગજીવન શાહ (વેરાવલવાળા-બીચકેન્ડી-મુંબઇ)**

- સુખી થવાનો માર્ગ અપકારીઓને ભૂલવામાં અને ઉપકારીઓને ન ભૂલવામાં છે.
- જીવ માત્રના હિતના સંકલ્પ પ્રગટાવતાં કંજુસ થશો નહિ. પોતાના હિતનો એ ઉત્તમ રાજમાર્ગ છે.
- દુ:ખ ન જોઇતું હોય તો દુ:ખ આપવું બંધ કરો. સુખ જોઇતું હોય તો સુખ આપવું શરૂ કરો.
- દુ:ખ આપનારને ભૂલો, સુખ આપનારને સતત યાદ કરો.
- આજ સુધી કેટલાને દુ:ખ આપ્યું છે, તે યાદ કરો. આજ સુધી કેટલાની પાસેથી સુખ લીધું છે, તે યાદ કરો.
- વિશ્વમાં કોઇ પણ જીવ દુ:ખી ન થાઓ એ ભાવના બીજાને આપેલા દુ:ખનું પ્રાયશ્ચિત છે.
- વિશ્વમાં સર્વ જીવો સુખી થાઓ. એ ભાવના લીધેલા સુખના ઋણમાંથી મુક્ત થવાની ચાવી છે.
- આપણે અન્યની જે સહાય લીધી છે કે લઇ રહ્યા છીએ તે માટે આપણે સર્વના ઋણી છીએ એવો કૃતજ્ઞતાનો ભાવ (Law of Cosmic obligation) સ્પર્શવો જોઇએ. તથા પરાર્થે પરોપકાર રૂપે જે કંઇ કરીએ તે આપણી અનિવાર્ય ફરજ છે. આ ભાવ (Law off Sacrifice) હૈયામાં સ્પષ્ટ થવો જોઇએ. નવકારના આરાધકને આ ભાવ અવશ્ય હોવા જોઇએ, થવા જોઇએ, લાવવા જોઇએ, કેળવવા જોઇએ.

સમજણ આચરણમાં ઉતારવા પ્રયત્ન કરવો જોઇએ. જો આચરણમાં ન ઉતરી શકે તો વેદના થવી જોઇએ. ધર્મ જેમણે જીવનમાં ઉતાર્યો છે, તેમની અનુમોદના થવી જોઇએ. જે કંઇ સાંભળ્યું છે તેનો જીવનમાં એક અંશ પણ ઉતરે તો કામનું છે. વાંચવા કરતા વધુ વિચારવું. બોલવા કરતા વધુ સાંભળવું. કહેવા કરતાં વધુ કરવું તેથી ધર્મનો પાયો દૃઢ થાય છે. કવિ ટાગોરે કહ્યું છે કે, મનુષ્ય આધ્યાત્મની, આત્માની, પરબ્રહ્મની મોટી મોટી વાતો કરે પણ જો તેની તમાકુની ડબી ગુમાઇ જાય તો તે શોધવા માટે આકાશ પાતાળ એક કરે.

તત્ત્વની મોટી વાતો કરવી અને ઇર્ષ્યા, અસૂયા, વિષય, કષાય, ઝઘડા કરવા અને પોતાના જીવનના આચરણમાં પરિવર્તન ન લાવવાથી શુષ્ક જ્ઞાનનો અહંકાર પોષાય છે. ****

## નવલાખ નવકાર કેટલા વર્ષે પૂર્ણ થાય ?

- દરરોજ ૧ બાંધી નવકારવાળી ગણવાથી ૨૫ વર્ષ પૂર્ણ થાય.
- હરરોજ ૨ બાંધી નવકારવાળી ગણવાથી ૧૨ વર્ષ અને ૬ મહિને પૂરા થાય.
- દરરોજ ૩ બાંધી નવકારવાળી ગણવાથી ૮ વર્ષ અને ૪ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૪ બાંધી નવકારવાળી ગણવાથી ૬ વર્ષ અને ૩ મહિનામાં પૂરા થાય.
- દરરોજ ૫ બાંધી નવકારવાળી ગણવાથી ૫ વર્ષ પૂર્ણ થાય છે.
- દરરોજ ૬ બાંધી નવકારવાળી ગણવાથી ૪ વર્ષ અને ૨ મિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૭ બાંધી નવકારવાળી ગણવાથી ૩ વર્ષ અને ૭ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૮ બાંધી નવકારવાળી ગણવાથી ૩ વર્ષ અને ૧।। મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૯ બાંધી નવકારવાળી ગણવાથી ૨ વર્ષ અને ૧૦ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૧૦ બાંધી નવકારવાળી ગણવાથી ૨ વર્ષ અને છ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૧૫ બાંધી નવકારવાળી ગણવાથી ૧ વર્ષ અને ૮ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૨૦ બાંધી નવકારવાળી ગણવાથી ૧ વર્ષ ૩ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૨૫ બાંધી નવકારવાળી ગણવાથી ૧ વર્ષ પૂર્ણ થાય.
- દરરોજ ૨૫ બાંધી નવકારવાળી ગણવાથી ૧ વર્ષ પૂર્ણ થાય.
- દરરોજ ૩૦ બાંધી નવકારવાળી ગણવાથી ૧૦ મહિનામાં પૂર્ણ થાય.
- દરરોજ ૫૦ નવકારવાળી ગણવાથી ૬ મહિનામાં પૂર્ણ થાય.



# નવકાર કરે ભવપાર !

**પૂ. આચાર્યદેવ શ્રી રાજરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

સાધનાના ક્ષેત્રમાં પ્રવેશ કરવા ઉત્સુક એક સાધકે કોઇ સંત પાસે જઇને સાધના-દીક્ષા આપવાની રજૂઆત કરી. સંતે એની કક્ષા-લાયકાતની ચકાસણી કરવાનું વિચાર્યું અને તેઓ પેલા સાધકને ખંડની એક તરફ રહેલી કાચની બંધ બારી પાસે લઇ જઇને બોલ્યા :

'વત્સ ! અહીં સામે નજર કર. તને શું દેખાય છે ?'

'ખૂબ સરસ દૃશ્ય દેખાય છે. સામે સરસ મજાની ટેકરી છે અને એની બાજુમાં રળિયામણું મકાન પણ છે.' સાધકે ઉત્સાહથી ઉત્તર આપ્યો.

'બરાબર, એ સિવાય બીજું કાંઇ દેખાય છે ?'

'હા, ટેકરીની જમણી તરફ સરોવર છે અને એના પ્રવાહમાં શ્વેત હંસો મહાલી રહ્યા છે. ટેકરીની ડાબી તરફ ઉપવન છે અને ત્યાં રમણીય વૃક્ષો-લતાઓ પણ છે.'

'એ સિવાય ?'

'એ સિવાય સામે નીલગગન દેખાય છે. એમાં સ્વૈરવિહાર માણતાં પંખીઓ દેખાય છે. એમાં રહેલ પ્રકાશમાન સૂર્ય પણ દેખાય છે.'

'બસ, બસ, રહેવા દે, ભાઇ ! તને ટેકરી-મકાન-સરોવર- ઉપવન અને એથી ય આગળ વધીને દૂર દૂરનાં આકાશ, પંખી, સૂર્ય જેવા પદાર્થો, પણ દેખાયા, પરંતુ જે પદાર્થ અત્યારે તારી સહુથી નિકટ છે તે બારીના આ કાચની તો તું વાત જ નથી કરતો ! ગજબ છે તારી દૃષ્ટિ ! તારી સમીપ છે તેની તમા નથી કરતો અને ક્ષિતિજમાં આથડ્યા કરે છે !' સંતે માર્મિક મુદ્દો રજૂ કર્યો.

સંતે રજૂ કરેલ આ માર્મિક મુદ્દો મને ત્યારે અચૂક યાદ આવી જાય છે કે જ્યારે જ્યારે કોઇ જૈનશાસનને પ્રાપ્ત કરનાર વ્યક્તિ પોતાની કાર્યસિદ્ધિ/અનિષ્ટનાશ-ઇષ્ટ સિદ્ધિ જેવા કારણે શ્રી નમસ્કાર મહામંત્રને છોડીને અન્ય મંત્રોની શોધખોળ કરે, અન્ય મંત્રો તરફ નજર દોડાવે. વસ્તુતઃ આ તમામ હેતુઓ તેમજ બાહ્ય-અભ્યંતર વિપત્તિનો વિલય અને સંપત્તિનો ઉદય કરવાની પરમ-ચરમ તાકાત શ્રી નમસ્કાર મહામંત્રમાં છે કે જે એની સહુથી નિકટ છે. આ સહુથી શ્રેષ્ઠ નમસ્કાર મહામંત્રની ઉપેક્ષા કરીને જૈન લેખાતી વ્યક્તિ જ્યારે અન્ય મંત્રો તરફ આકર્ષાય છે ત્યારે એની દૃષ્ટિને કોઇ ગજબ (અર્થાત્ વિચિત્ર) કહે તો મને એમાં લેશ પણ આશ્ચર્ય નથી લાગતું.

આ ઉપેક્ષામાં કારણ છે શ્રી નમસ્કાર મહામંત્રની શ્રેષ્ઠતા અને અચિન્ત્ય સામર્થ્યની સમજનો અભાવ. શાસ્ત્રો તો શ્રી નમસ્કાર મહામંત્રનું સામર્થ્ય દર્શાવતાં ત્યાં સુધી લખે છે કે :–

**किं एस महारयणं ? किं वा चिंतामणिव्व नवकारो ?**
**किं कप्पदुमसरिसो ? न हु न हु ताणं पि अहिययरो ।।**

**(–લઘુનમસ્કાર ફલસ્તોત્ર ગાથા-૯)**

અર્થાત્ શું આ નમસ્કાર મંત્ર મહાન રત્ન છે ? ચિંતામણિ જેવો ચિંતાચૂરક છે ? કે કલ્પવૃક્ષ સમો કામિતદાયક છે ? ના, ના, એ તો એ બધાથી ય અધિક મહાન છે...શાસ્ત્રની આ વાત સાવ સત્ય છે. કારણ કે કલ્પતરૂ અને ચિંતામણિરત્ન ઇષ્ટસિદ્ધિ કરાવી આપે ખરાં, પરંતુ તે માત્ર ભૌતિક ઇષ્ટસિદ્ધિ જ. આત્મિક ઇષ્ટસિદ્ધિ કરાવી આપવાની, જ્ઞાનાદિ ગુણોનો ઉઘાડ કરાવી આપવાની એ બન્નેમાં જરા પણ તાકાત નથી. જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રમાં તો ભૌતિક અને આત્મિક બન્ને પ્રકારની ઇષ્ટસિદ્ધિ કરાવી આપવાની અદ્‌ભૂત તાકાત છે.

અહીં એક શંકા થઇ શકે કે આત્મિક સિદ્ધિ-લાભ ભલે તત્કાલ નજરે દેખી ન શકાય, કિંતુ ભૌતિક લાભ તો તત્કાલ દેખી શકાય, અનુભવી શકાય તેવા હોય છે. એ

**શ્રીમતી જયુબેન નેમચંદ પુનશી દેઢિયા**
**(કચ્છ બાડા-સેન્ડહર્સ્ટ રોડ-મુંબઇ)**

ભૌતિક લાભ ક્યારેક કોઇને શ્રી નમસ્કાર મંત્ર સ્મરણ પછી ય અનુભવી શકાતા નથી. તો શું સમજવું ? સમાધાન એ છે કે એમાં ખામી શ્રી નમસ્કાર મહામંત્રની નહિ, પરંતુ સ્મરણ કરનાર વ્યક્તિની છે. મુખ્યત્વે શ્રદ્ધાની શિથિલતા આવા કિસ્સામાં કામ કરી જતી હોય છે. કલ્પતરૂ અને ચિંતામણિ રત્ન યાચ્યા પછી જ આપવાનો સ્વભાવ ધરાવે છે, જ્યારે શ્રી નમસ્કાર મહામંત્ર તો યાચ્યા વિના જ, સામેથી આપવાનો સ્વભાવ ધરાવે છે...ત્રીજું કારણ એ ગણી શકાય કે કલ્પતરૂ અને ચિંતામણી રત્ન માત્ર યાચ્યું હોય તેટલું જ આપે છે, જ્યારે શ્રી નમસ્કાર મહામંત્ર તો યાચ્યું હોય એનાથી પણ અધિક આપી દે છે ! ચોથું કારણ એ ગણી શકાય કે કલ્પતરૂ આદિ, આ ક્ષેત્રમાં અમૂક ચોક્કસ સમય પર્યંત જ વિદ્યમાન હોય છે. આ કાળમાં એ આ ક્ષેત્રમાં વિદ્યમાન નથી. એથી એના પ્રભાવનો પ્રત્યક્ષ અનુભવ આપણને થઇ શકતો નથી. જ્યારે શ્રી નમસ્કાર મહામંત્ર તો આજે પણ આ ક્ષેત્રમાં વિદ્યમાન છે અને તેના પ્રભાવ-સ્વભાવનો પ્રત્યક્ષ અનુભવ આજેય યોગ્ય સાધકોને અવશ્ય થાય છે. આવાં આવાં કૈંક કારણો પેલા શ્લોકના કથનને સત્ય પુરવાર કરે છે કે શ્રી નમસ્કાર-મહામંત્ર કલ્પતરૂ અને ચિંતામણિરત્નથી ય અધિક મહાન છે, મૂલ્યવાન છે.

પૂજ્ય મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી ગણિવર** એનું મૂલ્ય સમજાવતાં બહુ સરસ વાત લખે છે કે–

**रतन तणी जिम पेटी, भार अल्प बहु मूल ।**
**चौद पूरवनुं सार छे, मन्त्र ए तेहने तुल्ल ।।**

કબાટનાં કબાટ ભલે રૂપિયાથી ભરેલા પડયા હોય, પરંતુ રત્નોની એક નાનકડી પેટીની તુલનામાં એ કબાટો કાંઇ વિસાતમાં ન રહે. કારણ કે નાનકડી પેટીના એક રત્નમાં એટલી મૂલ્યવત્તા છે, જે પેલા કબાટો જેટલા રૂપિયામાં ન હોય. તેમ અન્ય મંત્રો ભલે ગમે તેટલા વિસ્તૃત હોય, કિંતુ આ નાનકડા શ્રી નમસ્કાર મહામંત્રની તુલનામાં એ કાંઇ વિસાતમાં નથી. કારણ કે એના એકાદ પદમાં, અરે ! એકાદ અક્ષરમાં ય, એવું સામર્થ્ય છે કે જે પેલા પૂરા મંત્રમાં ન હોય !! ક્યાં તત્ત્વો એમાં છુપાયેલા છે એ પૂછવા કરતાં ક્યાં તત્ત્વો એમાં નિહિત નથી એ પૂછવાની જરૂર છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે સંક્ષેપમાં એનો અંગૂલિનિર્દેશ કરતાં પેલી કડીની ત્રીજી પંક્તિમાં લખ્યું છે કે એ તો ચૌદ પૂર્વનો સાર છે. ચૌદ પૂર્વ એટલે ? કલ્પનામાં ન આવે એટલો વિશાલ શાસ્ત્રગ્રંથોનો સમૂહ. એની વિશાલતાનો અંદાજ આપવા માટે કલ્પસૂત્રની સંસ્કૃત ટીકામાં નોંધ છે કે ૧૬૩૮૩ ગજરાજ ઉભા રહી શકે તેવા વિરાટ ભૂગર્ભખંડ (ખાડા)માં છલોછલ ભરેલ શાહીનું બુંદેબુંદ એ ચૌદપૂર્વના આલેખનમાં વપરાઇ જાય ! આવા, અ..ધ...ધ...ધ..થઇ જવાય તેવા વિરાટ ચૌદપૂર્વનો સાર સમાયો છે માત્ર ૬૮ અક્ષરના શ્રી નમસ્કાર મહામંત્રમાં ! જાણે ગાગરમાં સાગર !

શ્રી નમસ્કાર મહામંત્ર ચૌદ પૂર્વનો જ સાર નથી. ચૌદપૂર્વ તો બાર અંગ શાસ્ત્રોનો એક વિભાગ માત્ર છે. શ્રી નમસ્કાર મહામંત્ર તો બારે અંગોનો, અરે ! એથી ય આગળ વધીને, સમગ્ર જિનશાસનનો સાર છે. એથી જ કહેવાયું છે કે–

**जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणई ?**

અર્થાત્ સમગ્ર જિનશાસનના સારરૂપ અને ચૌદપૂર્વોના સમુદ્ધારરૂપ શ્રી નમસ્કાર મહામંત્ર જેના હૈયે છે એને સંસાર કાંઇ જ કરી શકતો નથી આ ગાથામાં શ્રી નમસ્કાર મહામંત્રને જિનશાસનના સારરૂપે બિરદાવાયો છે તે સર્વથા યથાર્થ છે અને એટલે જ શ્રુતકેવલી મહાપુરુષો પણ એમના અંતિમ સમયે સમાધિની પ્રાપ્તિ અર્થે અગાધ શ્રુતસાગરનું સ્મરણ નથી કરતા, પરંતુ જિનશાસનના સારરૂપ શ્રી નમસ્કાર મહામંત્રનું જ સ્મરણ કરે છે. આ મહામંત્રની અર્થગંભીરતા, માન્ત્રિક વિશેષતાઓ-આધ્યાત્મિક મહત્તાઓ બેસુમાર છે જ. કિંતુ એના અક્ષરોની આંકડાકીય સંદર્ભમાંથી પ્રગટતી વિશેષતાઓ પણ રસપ્રદ નીવડે તેમ છે. આપણે એ નિહાળીએ.

◆ શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પાંચ પદમાં ૩૫ અક્ષર છે. તેમાં ગુરુ અક્ષર ૨૪ છે અને લઘુ અક્ષર ૧૧ છે. આમાંના ૨૪ ગુરુ અક્ષરથી ૨૪ તીર્થંકરોને નમન સૂચિત થાય છે અને ૧૧ લઘુઅક્ષરથી ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના ૧૧ ગણધરોને નમન સૂચિત થાય છે. (નોંધ :

અહીં આ કલ્પનામાં પ્રાકૃત-માગધી ભાષાના નિયમ મુજબની નહિ, પરંતુ સંસ્કૃત ભાષાના નિયમ મુજબની ગુરુ-લઘુ અક્ષરગણના કરાઇ છે.)

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**મ્**' અક્ષરની સંખ્યા ૯ છે. એનાથી મહાવ્રતપંચક અને મંગલચતુષ્ક સૂચિત થાય છે. હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહનો સર્વથા ત્યાગ એ મહાવ્રત પંચક કે અને અરિહંત સિદ્ધ સાધુ-ધર્મઃ આ મંગલચતુષ્ક છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**ર્**' અક્ષરની સંખ્યા ૩ છે. તે રત્નત્રયીની આરાધનાનું સૂચન કરે છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રઃ આ છે રત્નત્રયી.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**હ્**' અક્ષરની સંખ્યા ૩ છે. તે ત્રિદોષને હણવાનું સૂચન કરે છે. ત્રણ દોષ છે રાગ, દ્વેષ અને મોહ અર્થાત્ અજ્ઞાન. આ ત્રણ ભાવમાલિન્યના હેતુ રૂપ દોષ ગણાય છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**સ્**' અક્ષરની સંખ્યા ૮ છે. તેનાથી એમ સૂચિત થાય છે કે આ મંત્ર અષ્ટસિદ્ધિ આપનાર છે. લઘિમા-વશિતા-ઇશિતા-પ્રાકામ્ય-મહિમા-અણિમા-ગરિમા અને પ્રાપ્તિઃ આ અષ્ટ સિદ્ધિ ગણાય છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**ત્**' અક્ષરની સંખ્યા ૧ છે. તેનાથી એમ સૂચિત થાય છે કે તરવાનું એકમેવ શ્રેષ્ઠ આલંબન શ્રી નમસ્કાર મહામંત્ર છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**ય્**' અક્ષરની સંખ્યા ૩ છે. તે યોગત્રયની શુભ પરિણતિનું સૂચન કરે છે. મન-વચન-કાયા : આ ત્રણ યોગ કહેવાય છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**ઉ**' અક્ષરની સંખ્યા ૧ છે. તે એમ સૂચિત કરે છે કે ઉદ્ધારક જો કોઇ પણ હોય તો તે શ્રી નમસ્કાર મહામંત્ર છે. શ્રી નમસ્કાર મહામંત્રની આ ઉદ્ધારકતાને લક્ષ્યમાં રાખીને શ્રી વૃદ્ધનમસ્કારફલ સ્તોત્રની ૧૦૦મી ગાથામાં એ મંત્રને સારથિની ઉપમા આપતી મજાની કલ્પના કરાઇ છે કે:

**तवनियमसंजमरहो पंचनमुक्कारसारहिपउत्तो ।**
**नाणतुरङ्गमजुत्तो नइ नरं निव्वुईनयरं ।।**

અર્થાત્ શ્રી નમસ્કારમહામંત્ર જેનો સારથિ-ચાલક છે અને જેમાં જ્ઞાનના અશ્વો જોડવામાં આવેલા છે, તે તપ-નિયમ-સંયમનો રથ મુક્તિનો અનુભવ કરાવે છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**વ**' અક્ષરની સંખ્યા પાંચ છે. તેનાથી પાંચ પ્રકારનાં વર્તન અર્થાત્ આચાર સૂચિત થાય છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્યઃ આ પાંચ આચાર છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રનાં પ્રથમ પાંચ પદમાં '**ન્**' અક્ષરની સંખ્યા ૫ છે. એનાથી પાંચ નાણ (જ્ઞાન) સંપાદિત કરવાનું સૂચિત થાય છે. મતિ-શ્રુત-અવધિ-મનઃ પર્યવ અને કેવલઃ આ પાંચ જ્ઞાન છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**ચ્**' અક્ષરની સંખ્યા ૨ છે. તે એમ સૂચિત કરે છે કે જન્મ અને મરણનાં બે ચક્રોથી આત્માને તે મુક્ત કરાવે છે.

◆ શ્રી નમસ્કાર મંત્રમાં '**ઇ**' અક્ષરની સંખ્યા (સ્વતન્ત્રસ્વરૂપે) ૧ છે. તે એમ સૂચિત કરે છે કે સર્વપ્રકારની ઇષ્ટસિદ્ધિ કરનાર એકમાત્ર શ્રી નમસ્કાર મહામંત્ર છે. તેની સર્વઇષ્ટસિદ્ધિ કરી આપવાની ક્ષમતા અંગે શ્રી વૃદ્ધનમસ્કાર ફલસ્તોત્રની ૯૨મી ગાથામાં જણાવાયું છે કેઃ

**किं वन्निएण बहुणा ? तं जत्थि जयम्मि जं किर न सक्को ।**
**काउंएस जियाणं । भत्तिपउतो नमुक्कारो ।।**

અર્થાત્ જગતમાં એવું એક પણ કાર્ય નથી કે જેને ભક્તિ-શ્રદ્ધાપૂર્વક ગણાતો શ્રી નમસ્કાર મહામંત્ર સિદ્ધ ન કરી શકે. વધુ શું કહેવું ?

◆ શ્રી નમસ્કારમહામંત્રમા '**લ્**' અક્ષરની સંખ્યા ૩ છે. તે એમ સૂચિત કરે છે ત્રણે લોકમાં શ્રી નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે, ઊર્ધ્વ-તિર્યંચઅધઃ, આ ત્રણ લોક છે. કહેવાયું છે કેઃ-

**नमस्कारसमो मन्त्रः शत्रुज्जयसमो गिरिः ।**
**वीतरागसमो देवो, न भूतो न भविष्यति ।।**

અર્થાત્ શ્રી નમસ્કાર જેવો મંત્ર, શ્રી શત્રુંજય જેવું તીર્થ અને શ્રી વિતરાગ જેવો દેવ અન્ય કોઇ થયો નથી અને થશે પણ નહિ. તાત્પર્ય એ કે આ ત્રણેય વસ્તુઓ પોતપોતાના ક્ષેત્રમાં અજોડ છે, અદ્વિતિય છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં '**ક્**' અક્ષરની સંખ્યા ૨ છે. તે એમ સૂચિત કરે છે કે આ મંત્ર કર્મના બન્ને પ્રકારથી

આત્માને અંતે મુક્ત કરે છે. શુભ (પુણ્ય) અને અશુભ (પાપ) આ બે પ્રકાર કર્મના છે.

◆ શ્રી નમસ્કાર મહામંત્રમાં **'ગ્'** અક્ષરની સંખ્યા ૨ છે. તે એમ સૂચિત કરે છે કે આ મંત્ર શુભ અને અશુભ, બને ગતિનું નિવારણ કરે છે. દેવ-મનુષ્ય, એ છે શુભગતિ અને તિર્યંચ-નરક, એ છે અશુભગતિ. આ બન્ને ગતિનું નિવારણ કરીને આત્માને પરમાત્મપદે પ્રતિષ્ઠિત કરે છે. માટે જ તો એના છંદમાં લખાયું છે કે **'પરમાતમપદ આપે...'**

◆ શ્રી નમસ્કારમહામંત્રમાં અનુસ્વરની સંખ્યા ૧૨ છે. તે અણુ વિરત (દેશવિરત) શ્રાવકનાં બાર વ્રતો સૂચિત કરે છે. સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ, સ્થૂલ મૃષાવાદવિરમણ, સ્થૂલઅદત્તાદાનવિરમણ, સ્વદારાસંતોષ, પરસ્ત્રીગમન-વિરમણ, ભોગોપભોગપરિમાણ, અનર્થદંડવિરમણ, સામાયિક-દેશાવગાશિક પૌષધોપવાસ- અતિથિસંવિભાગઃ આ શ્રાવકનાં બાર વ્રત ગણાય છે.

◆ શ્રી નમસ્કારમહામંત્રમાં **'અ'** અક્ષરની (સ્વતંત્ર સ્વરૂપે) સંખ્યા ૨ છે. તે આત્માના બે ભયંકર અરિ=શત્રુનો નાશ કરવાનું સૂચિત કરે છે. રાગ-દ્વેષ: આ બે આત્માના ભયંકર શત્રુ છે.

આ તો થઇ શ્રી નમસ્કાર મહામંત્રના અક્ષરોની આંકડાકીય સંદર્ભમાંથી પ્રગટતી કેટલીક વિશેષતાઓ. હવે અન્ય વિશેષતાઓની પણ ઝલક નિહાળીએ:

◆ શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા વર્ણવતા છંદમાં લખાયું છે કે **'એનો અર્થ અનંત અપાર.'** આ અપાર અને અનંત અર્થને આંશિક પણ વર્ણવવાની અને સમજવાની ક્ષમતા માટે વિશિષ્ટ જ્ઞાન/બુદ્ધિ જોઇએ. એ વર્ણન અને સમજણની આપણી શી ગુંજાઇશ ? છતાં ય આપણી અલ્પ બુદ્ધિથી દેખાતી વિશેષતા પર દૃષ્ટિપાત કરીએ.

શ્રી નમસ્કાર મહામંત્રનું સાતમું પદ છે **'सव्वपावप्पणासणो'** આ પંક્તિમાં અર્થની દૃષ્ટિએ ઘણી સરસ એક વિશેષતા છુપાયેલી છે. છંદમાં લખાયું છે કે **'ભવોભવના દુઃખ કાપે.'** મુદ્દાનો પ્રશ્ન અહીં એ થાય કે શ્રી નમસ્કાર મહામંત્ર દુઃખને કાપનાર, દુઃખનો નાશ કરનાર છે કે પાપનો નાશ કરનાર છે ? કારણ કે પેલી 'સવ્વપાવપ્પણાસણો' પંક્તિ તો એને પાપનો નાશ કરનાર રૂપે રજૂ કરે છે. ઉત્તર એ છે કે દુઃખનાશની જે વાત રજૂ કરાઇ છે તે પાપનાશ થાય ત્યારે જ શક્ય બને. કારણ કે દુઃખ તો ફળ છે. એનું મૂળ પાપ છે. શ્રી નમસ્કાર મહામંત્રની પેલી પંક્તિની અર્થની દૃષ્ટિએ વિશેષતા અહીં છતી થાય છે કે એ ફળની નહિ, મૂળની વાત કરે છે અને એ વાત તો સ્પષ્ટ જ છે કે જ્યાં મૂળ જ ખતમ થઇ જાય ત્યાં ફળ આપોઆપ ખતમ થઇ જાય. અર્થની કેવી સુંદર વિશેષતા !

હજુ આ જ પંક્તિની અર્થની દૃષ્ટિએ એક અન્ય વિશેષતા વિચારીએ. આ પંક્તિ એમ કહે છે કે શ્રી નમસ્કાર મહામંત્ર પાપનો નાશ જ નહિ, પરંતુ પાપનો પ્રણાશ કરનાર છે. પ્રણાશનો અર્થ છે પ્રકૃષ્ટભાવે નાશ. ઉદાહરણરૂપે, કોઇ વૃક્ષને છેદવામાં આવે એના એક એક અવયવના નાના નાના ટુકડા કરી દેવાય, તો એ વૃક્ષનો નાશ થયો ગણાય. પરંતુ એ નાના ટુકડાને બાળીને ભસ્મસાત્ કરી દેવાય અને એ ભસ્મ પણ ઉડીને વિખરાઇ જાય, તો એ વૃક્ષનો પ્રણાશ થયો ગણાય. વસ્તુનો તે સ્વરૂપે અભાવ કરવો તે નાશ અને એનો અન્યરૂપે પણ અભાવ કરવો તે પ્રણાશ.

હવે નિહાળીએ એક અન્ય વિશેષતા: **'અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથસાર.'** અડસઠ તીર્થ એના અડસઠ અક્ષરમાં છુપાયેલાં છે. એમાંનાં પાંચ મુખ્ય તીર્થો આ મંત્રમાં મુખ્ય પાંચ પરમેષ્ઠિપદોના પ્રથમાક્ષરમાં આ રીતે છુપાયેલાં છે: પાંચ પરમેષ્ઠિપદના પ્રથમાક્ષરો છે ક્રમશ: **અ, સિ, આ, ઉ,** અને **સ.** (સવ્વસાહૂણં એક સંલગ્ન પદ છે, માટે અહીં પાંચમા પદનો પ્રથમાક્ષર, **સ** ગણ્યો છે.) આમાં **'અ'** પરથી **અષ્ટાપદ, 'સિ'** ઉપરથી **સિદ્ધાચલ, 'આ'** ઉપરથી **આબુ, 'ઉ'** ઉપરથી **ઉજ્જયંતગિરિ** અર્થાત્ **ગિરનાર** અને 'સ' ઉપરથી **સમેતશિખરતીર્થ** નિર્દેશિત થાય છે.

શ્રી નમસ્કારમહામંત્ર મરણ સમાધિનો મહાન દાતાર છે. કોઇ વ્યક્તિની સમાધિમૃત્યુ પામ્યાની વાત જ્યારે આપણે સાંભળીએ, ત્યારે માનસપટ પર આપોઆપ જ દૃઢભાવે એ અંકિત થઇ જાય છે કે તે વ્યક્તિ શ્રી નમસ્કાર મહામંત્રના શ્રવણ યા સ્મરણપૂર્વક જ મૃત્યુ પામી હશે. આપણે આ લેખનું સમાપન કરતાં એ ભાવના ભાવીએ કે: **'અંતસમયે નવકાર મળજો, મરણ-સમાધિ એહથી મળજો.'** ●●●●




**પૂ.મુનિશ્રી જયદર્શનવિજયજી મહારાજ સાહેબ**

**૧. પાપ વિનાશ, પુણ્ય વિકાસ :** મનુષ્ય ભવ કરતાંય દુર્લભ શ્રી નવકાર મહામંત્રના એક જ અક્ષરના ઉચ્ચાર માત્રથી સાત સાગરોપમના, પદ બોલતાં ૫૦ સાગરોપમના, પૂરો નવકાર બોલતાં ૫૦૦ સાગરોપમના અને સંપૂર્ણ નવકારમાળાનો જાપ કરતાં ૫૪,૦૦૦ સાગરોપમનાં પાપકર્મો નાશ પામી જાય છે. પાપો અને દોષોનો **વિનાશ** કરવો અને પુણ્ય તથા ગુણોનો **વિકાસ** કરવો તે નવકાર મહામંત્રની વિશિષ્ટ સાહજિક શક્તિ છે.

**૨. નવલખા જાપથી દુર્ગતિનાશ :** માનવ ભવમાં **નવ લાખ નવકાર** મહામંત્રનો જાપ કરનાર પુણ્યાત્મા નવ ભવોમાં તો વિધિપૂર્વકનાં જાપથી મોક્ષના શાશ્વત સુખને પણ પ્રાપ્ત કરી લે છે. એક જ ભવમાં થયેલ નવ લાખ જાપના પ્રભાવે જીવાત્મા નરક અને તિર્યંચ ગતિ છેદી નાખે છે. પશુપંખી, કીડા-મંકોડા, તુચ્છ જીવજંતુ કે ઝાડપાન તરીકેના ભવો નથી લેવા પડતા. નવકારથી ભવપાર પામતા વચ્ચે ફક્ત દેવ અથવા મનુષ્યનાં ઉત્તમ ભવો કરે છે.

**૩. તીર્થંકર નામકર્મ અથવા આઠ સિદ્ધિ-નવનિધિ :** એક લાખ નવકાર જાપ સાથે એક લાખ પુષ્પો સાથે પરમાત્માની પૂજા કરનાર ફક્ત એક લાખ નવકાર જાપ દ્વારા જ જગતશ્રેષ્ઠ **તીર્થંકર નામકર્મની** નિકાચના કરી શકે છે. આરાધનાના આઠ ક્રોડ જાપ દ્વારા સતત આઠ આઠ ભવ સુધી આઠ-આઠ સિદ્ધિઓનો સ્વામી બની શકે છે. નવપદયુક્ત નવપદજી-સિદ્ધચક્રમય શ્રી નવકારની આરાધનાથી નવ નિધિઓ પ્રગટી શકે છે. **નવગ્રહો પણ અનુકૂળ** બની સેવા કરે છે.

**૪. નવકાર કરે ભવપાર :** શ્રી નવકાર અનાદિ અનંત છે, નૈસર્ગિક છે ઉપરાંત શાશ્વત મહામંત્ર હોવાથી તેની આરાધના સદાય મહાવિદેહમાં અવશ્ય હોય છે. તેમાં નવ તત્ત્વો, નવ રસો, નવ કલાઓ છૂપાયા છે. નવનો અંક શુકનવંત તથા અભંગ છે. સંસાર ભ્રમણના નિમિત્તોમાં રાગ-દ્વેષથી ઉત્પન્ન થતાં તનના પાંચ વિષયો અને મનના ચાર કષાયો એમ નવ કારણોને મહાત કરી સાચો વૈરાગ્ય આપનાર છે. સ્વર્ગ અને અપવર્ગનું મુક્તિ સુખ આપવા સમર્થ છે. તેમાં વ્યાવહારિક નવેય વિષયો તથા ભૂગોળ, ગણિત ઇત્યાદિ વિષય પણ છે. માનવી પોતાના દેહ ઉપર જાપને નવ કેન્દ્રોમાં ગોઠવી વ્યવસ્થિત ગણી શકે છે. ઉત્કૃષ્ટ આરાધનાથી **મુક્તિ,** મધ્યમ આરાધનાથી **વિરક્તિ** અને જઘન્ય આરાધનાથી **પ્રગતિ** અવશ્ય મળે છે.

**૫. દેવાધિષ્ઠિત ચમત્કારિક પ્રભાવિક :** શ્રી નવકારના એક અક્ષર ઉપર **૧૦૦૮ વિદ્યાઓ** રહેલી છે. **અસંખ્ય દેવતાથી પૂજાય છે.** અનેકોને નવકાર ચમત્કારના અનુભવ થયા, થાય છે અને થશે. આ લેખના લેખક **પૂ. મુનિરાજ જયદર્શનવિજયજી મ.સા.** ની પણ શ્રી નવકારે ચાર વખત મૃત્યુથી રક્ષા કરી છે. જે સત્ય હકીકત સાંભળવા-જાણવા જેવી છે. નવકાર ચમત્કારના પ્રાચીન કથાનકો, વર્તમાન પ્રસંગો ખાસ વાંચવા જેવા છે. તેના ૬૮ અક્ષરોમાં અડસઠ તીરથના નામ રહેલા છે. શ્રી નવકાર ચૌદ પૂર્વોનો પણ સાર છે. સરસ્વતી-લક્ષ્મી-શક્તિ અને બધીય વિદ્યાદેવીઓનો પણ આધાર છે.

**૬. ધર્મનું પ્રવેશદ્વાર :** માંગલિકોમાં પણ મહામાંગલિક શ્રી નવકાર ધર્મની ધજા છે. શ્રી નવકારની આરાધના વિના ઉગ્ર તપ, તીવ્ર જ્ઞાન અને સૂક્ષ્મ ધર્માત્મા અથવા મહાત્મા બને છે. મૃત્યુના સમયે માનવ કે તિર્યંચને પણ જો નવકાર સાંભળવા મળે તો તેની સદ્ગતિ થાય છે.

તેને શાસ્ત્રમાં પંચમંગલ મહાશ્રુતસ્કંધના નામે પણ જણાવાય છે. નમસ્કાર મહામંત્ર કે પંચપરમેષ્ઠિમંત્ર તે તેનાજ નામ છે. નમોથી પ્રારંભ થતી ધર્મયાત્રા મોક્ષરૂપી મંગલ સુધી પહોંચે છે. તેમ નવકાર પ્રથમ શબ્દ **'નમો'** અને અંતિમ શબ્દ **'મંગલ'** દ્વારા સૂચિત થાય છે.

**૭. નવકારની વિવિધતા :** તેના જેવો સંસારમાં શ્રેષ્ઠ મંત્ર એક પણ નથી. મહામંત્રના બે મહાન કાર્યો છે. સંસાર સુખ અને અંતે સંસારનો જ નાશ. પાપોનો નાશ અને મંગલનો વિકાસ તે તેની મહાન શક્તિ છે. તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી રત્નત્રયી અને સુદેવ-સુગુરુ-સુધર્મ રૂપી તત્ત્વત્રયી રહેલી છે. Desires, Defects and Difficultiesનો નાશ તેનો પ્રભાવ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના પ્રતિબંધ વગર નવકારની આરાધના કરી શકાય છે. તેમાં દ્રવ્યાનુયોગ વગેરે ચારેય યોગો છે. ચાર ઘાતીકર્મ અને ચાર ગતિને છેદવાની શક્તિ છે. તેમાં મૈત્રી વગેરે ચારે આરાધનાઓ રહેલી છે. અનેક પ્રકારે નવકાર મંત્ર અનુપ્રેક્ષનીય છે.

**૮. અર્થ અનંત અપાર :** નાનો, સાવ નાનો ગણાતો શ્રી નવકાર અર્થોથી વિરાટ સમુદ્ર જેવો છે. તેની પૂરી પ્રરૂપણા તો સ્વયં તીર્થંકરો અને કેવળીઓ પણ સ્વયં જાણવા છતાંય મુખેથી નથી કરી શકતા. અનંતા આત્માઓ ફક્ત શ્રી નવકારની આરાધના કરી મોક્ષે ગયા અને ભાવિમાં જવાના છે. અનંતા અશુભ કર્મ વર્ગણાઓનાં ક્ષયોપશમ પછી મોહનીય કર્મ પણ અંતઃ કોટાકોટિ સ્થિતિમાં આવી જાય ત્યારે એક જીવને નવકાર મહામંત્રના **'ન'**ની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય આરાધનાથી પ્રભાવિક પરહિતનાં કાર્યો થાય છે. જ્યારે ભાવ આરાધનાથી સ્વાભાવિક દશા પ્રગટતાં આત્મદર્શન-આત્માનુભૂતિ અને આત્માનંદ પ્રગટ થાય છે. અનંત કાલચક્રોમાં થયેલ અનંત ભવોની પરંપરા સદાય માટે સમાપ્ત કરી મોક્ષ સુખ આપવાની લાક્ષણિક શક્તિ શ્રી નવકારમાં છે.

**૯. વિશ્વમંત્રથી વિશ્વકલ્યાણ :** મહામંત્ર નવકારમાં વ્યક્તિપૂજા નથી પણ ગુણપૂજા છે. વિશ્વના તમામ જીવોને ઉપકારી છે, શુભકારી અને અભ્યુદયકારી હોવાથી તે વિશ્વની, દેશની, રાષ્ટ્રની, રાજકીય, સામાજિક, કૌટુંબિક, વ્યક્તિગત કે વિચિત્ર વિડંબનાઓ વચ્ચે પણ સુખદ સમાધાન આપી શકે છે. આપત્તિ વખતે શ્રી નવકારનું શરણું સંપત્તિ સ્વરૂપ બની શકે છે. તેમાં દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના તથા ચારેય શરણ સમાહિત હોવાથી સુખશાંતિ-સમાધિ-સમૃદ્ધિ અને સિદ્ધિનું પણ કારણ છે. શ્રી નવકારની આરાધના સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિઓ વિકસાવે છે. પાંચેય મહાભૂતો, નવેય ગ્રહો અને ચૌદ રાજલોકની વિરાટ દુનિયામાં તેનો પ્રભાવ ખ્યાત અને પ્રખ્યાત છે. ક્રોડ-ક્રોડ નમસ્કાર શ્રી નવકાર મહામંત્રને !

●●●●

## નવકાર અને જૈન સિદ્ધાંત

પંચ પરમેષ્ઠિ સ્વરૂપ નવકાર મંત્ર જેમાં અનેક ગુપ્ત રહસ્યો સમાયેલા છે. અષ્ટસિદ્ધિ અને નવ નિધિનો ભંડાર અને મોક્ષ સુખને આપનાર છે. શ્રદ્ધા-શુદ્ધતા સાથે યથાવિધિ સ્મરણ-ધ્યાન કરવાથી મનવાંછીત ફલ પ્રાપ્ત થાય છે. નવકાર મંત્રના મહિમાનું વર્ણન જૈનાગમમાં અનેક ઠેકાણે વર્ણવેલ છે, અને અલગ અલગ વિધિ વિધાન બતાવેલા છે.

**આગે ચોવીશી હુઇ અનંતી, હોશે વાર અનંત;**
**નવકાર તણો કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત.**

## નવકારથી મોક્ષ

ભાવપૂર્વક આરાધાતો નવકાર મહામંત્ર અનાદિના સંસ્કારને સહેલાઇથી બદલી શકે છે. માટે જ શ્રી નવકાર એ લોકોત્તર મહામંત્ર છે. અંત સમયે પરલોક પ્રયાણ કરતાં જીવને નવકારમંત્ર એ પરમ પાથેય (ભાતા) તુલ્ય છે. અસમાધિ અને અશાન્તિને દૂર કરવા માટે નવકારમંત્ર એ પરમ ઉપાય છે.

કલ્પવૃક્ષ, કલ્પવેલ, કામકુંભ, કામધેનું, ચિન્તામણિ, પારસમણિ વગેરે અનેક ઉપમાઓ પણ નવકાર મંત્રને પૂરક થઇ શકે નહી કારણ કે આ બધી ઉપમાઓ સંસારનું કારણ છે જ્યારે નવકાર મંત્ર મોક્ષનું કારણ છે. તર્ક, યુક્તિ કે બુદ્ધિથી નવકારને સમજનાર કદી પણ એના ભાવને પામી શકતો નથી, એને સમજવા માટે જોઇએ શ્રદ્ધાપૂર્વકનો સમર્પણ ભાવ.




**ભદ્રા રાજેશ છેડા (પુનડી-ઘાટકોપર)**

**'તાણ, તાણ અને તાણ સતત તાણ લઇને જીવું છું,**
**વેદનાનું એક પરિમાણ લઇને જીવું છું.**
**કવિ 'ઉર્મિલ'**

આ **'તાણ'** શબ્દ આપણા જીવન વ્યવહારમાં એવી રીતે વણાઇ ગયો છે કે જાણે તાણ એ જ જીવન અને જીવન એ જ તાણ. માતાના ગર્ભમાં બાળક હોય ત્યારથી જ તાણ. બાળકની જાતિ શું હશે ? બાળક કેવું હશે ? જન્મતા જ મોટા કરવાની તાણ, Admissionની તાણ, ભણાવવાની તાણ અને જીવનની દરેક પ્રતિસ્પર્ધામાં આગળ આવવાની તાણ, સંસાર માંડવાની તાણ, સંસારમાં સ્થિર થવાની તાણ...એ જ રફતાર...જે જિંદગીની અંતિમ ક્ષણ સુધી ભેગી જ રહે છે. તો શું આ તાણમાંથી મુક્ત થવાનો કોઇ માર્ગ ખરો ? હા, મંત્ર જાપ તરફ આંગળી ચિંધતા જ્ઞાની મહાત્માઓએ શ્રી નવકાર મહામંત્રના જાપને શ્રેષ્ઠ ઉપાય કહ્યો છે કારણ કે...**મનનાત ત્રયતે इति मंत्रः** અર્થાત્ મનને તાણમાંથી મુક્ત કરે તે મંત્ર કહ્યું છે કે-

**'મંત્ર તણો જ્યાં મધુર રણકાર રણઝણે છે,**
**શિવ (કલ્યાણ) તણો ત્યાં સગુણ અણસાર અવતરે છે !'**

મંત્રશક્તિ ગજબ છે. એટલે જ જ્યાં મધુર ગાન દ્વારા મંત્રો કે સ્તવન ગવાય ત્યાં પ્રભુજી સાક્ષાત રીતે તાદશ થતાં જણાય છે. શ્રી ચેમ્બુર તીર્થથી શરૂ થઇ શ્રી જીરાવલા (ઘાટકોપર) શ્રી વર્ધમાનનગર (મુલુંડ) શ્રી નમિનાથજી (પાયધુની) થી નવકાર યાત્રા શરૂ કરી સચરાચરમાં સંગીતમય મંત્ર જાપનું દિવ્ય ગુંજારવ કરનાર શ્રી નવકાર સાધક **શ્રી જયંતભાઇ 'રાહી'**ની સાધનાની ફલશ્રુતિ **'સંગીતમય નવકાર મહામંત્ર'** ભાષ્યજાપ અનુષ્ઠાન છે. ઉપાધિથી ત્રસ્ત અને ગ્રસ્ત આ મન ઉત્તમોત્તમ પ્રકારના જાપ **'અજપાજપ'** જાપને ગણવા ક્યાંથી ભાગ્યશાળી થાય ? પણ ચોતરફ વિચારના વમળમાં અથડાતા, ભટકતા આ મનને એક ચોક્કસ ધ્યેય ઉપર નિયંત્રણ કરાવી એના માધ્યમે એને ઉત્તમોત્તમ જાપ કરવાની શ્રેણીમાં મૂકી શકવા સમર્થ હોય તો તે છે આ **'ભાષ્યજાપ'**.

આ ભાષ્યજાપમાં અનુષ્ઠાનમાં પ્રવેશતા જ ચોતરફ દિવ્ય આધ્યાત્મિક શાંતિની ઝાંખી કરાવતું વાતાવરણ, ધીર-ગંભીર પરંતુ પ્રસન્ન વદનવાળી શ્રી વિતરાગ પરમાત્માની પ્રતિમા, ધૂપ-દીપથી સુગંધમય વાતાવરણ, સુર-નર-કિન્નરની યાદ અપાવતાં વાજિંત્રવિદો, ભક્તિમાં તરબોળ થઇ પોતાની તાણ દૂર કરવા સફેદ વસ્ત્રોમાં સજ્જ પધારેલ સૌ આબાલવૃદ્ધો અને સહુથી અનેરું વાતાવરણનો રંગ બદલી દેનાર, હવામાં ભક્તિની સુરખી લહેરાવનાર, જેનામાં **પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી મ.સા.**ની અડગ નવકાર નિષ્ઠા છે **પૂ. કલાપૂર્ણસૂરિજી મ.સા.** જેવી અખંડ નવકાર આરાધના છે અને **પૂ. સુબોધસાગરસૂરિજી મ.સા.**ની જેમ દેવદેવીઓ પણ જેની સેવામાં સદૈવ તત્પર છે એવા નવકારને આત્મસાત કરનાર નવકાર આરાધક **શ્રી જયંતભાઇ 'રાહી'**નું પ્રભુને વંદન કરી વ્યાસપીઠ ઉપર સ્થાન ગ્રહણ ! પરમાત્મ ભક્તિરૂપ ચૈત્યવંદન, ૧૨ ખમાસમણાથી શરૂ થઇ **'રાહી'**ના હાથની આંગળીના ટેરવે સૂર છેડતો એમનો સંગીત સાથી **'હારમોનીયમ'**. કહેવાય છે કે કલાકારની આંગળીમાં જ જાદુ હોય છે. એમના સાથી સાથે એમના સૂરમાં તાલ પૂરાવતા સાથી ગાયક કલાકારો આખો માહોલ ભક્તિના રંગમાં રંગી દે છે. પ્રભુજીને સ્તવી વિવિધ મુદ્રાઓ સાથે નાભિચક્રથી શરૂ થઇ આજ્ઞાચક્રમાં સોનેરી રંગની આભાથી ઝળહળતા **'ૐકાર'** ને સહસ્ત્રાધાર ચક્રથી પણ ઉપર ગતિ કરાવી સમગ્ર બ્રહ્માંડમાં **'ૐકાર'**ના આંદોલનથી કરાતું કંપન !!! ચાર મણકામાં વહેંચાયેલ, ચાર ગતિને દૂર કરી

સિદ્ધગતિ પ્રાપ્ત કરાવનાર વિવિધ રાગ-રાગીણીથી યુક્ત શ્રી નવકાર મહામંત્ર જાપ એક સૂર, એક તાલ ! દરેક મણકાની પછી ગવાતા ભક્તિસભર સુંદર સ્તવનો, એમાં ગાઇને તાલીઓના તાલે (જેમાં Accupressure ના point) પોતાના તાલ મિલાવતા પરમાત્મ ભક્તિમાં મગ્ન ભાવિકો, વચ્ચે-વચ્ચે **'રાહી'**ના મુખેથી નવકાર પ્રભાવક કિસ્સાઓ, મહાત્માઓના મુખેથી માંગલિક અને સહુથી છેલ્લે ધ્યાન યોગમય **નવકાર ગુંજન !** સમગ્ર ચેતનાને જાગૃત-સજાગ કરે છે. કહેવાય છે કે સજાગ વ્યક્તિના દરેક કૃત્ય ઉપર પરમાત્માના હસ્તાક્ષર હોય છે.

પ્રભુને પામવાની ત્રણ ભૂમિકાઓ **પ્રાર્થના, પ્રયાસ** અને **પ્રતીતિ.** પ્રભુને કરાયેલી પ્રાર્થના, પ્રભુને પામવા કરાયેલ પ્રયાસ અને દિવ્ય તે-જ રૂપ પ્રભુનો સાક્ષાત્કાર થયાની પ્રતીતિ ત્રણેય એક સાથે જ આ ભાષ્યજાપમાં મળે છે.

આધિ-વ્યાધિ-ઉપાધિગ્રસ્ત આ માનવમન શ્રી નવકાર મૈયાની શરણમાં આવતાં જ શાંત બની જાય છે, વેદનાઓ શમી જાય છે કારણ કે 'હૃદય પર જો પ્રભુનું આસન હોય, મનપર જો પ્રભુનું શાસન હોય તો જીવનને શાંત રાખવામાં કોઇ તકલીફ પડતી નથી.'

જાપ એ તો હૃદય અને આત્માનો રણકાર છે, અવાજ છે. શ્રી નવકાર જાપમાં બેસતાં જ આત્મામાંથી એક અવાજ આવે છે. ''હે વત્સ ! સમાઇ જા શ્રી નવકાર મૈયાની ગોદમાં ! ઉઠાવ તારી માયાને, ધણધણાયે જા જાપના રણકારને ! તારા અંતરના પડલ ઓગળી જશે અને જીવતરનું પરમ સત્ય તારી રાહ જોઇને ઉભું છે તેના સ્વાગત માટે યોગ્ય બની જા !'' `जपात् सिद्धिः जपात सिद्धिः जपात सिद्धिः कलौयुगे´´

ત્રીજા સંકલ્પ સિદ્ધિના મણકામાં દેવોને પ્રિય રાગ દરબારીથી શરૂ થતાં નવકાર જાપમાં તો નવકારમંત્રના અધિષ્ઠાયક દેવ-દેવીઓની ઉપસ્થિતિ સહ સુગંધમય વાતાવરણ થઇ જાય છે અને ત્યાં જ આપણા શરીરમાં જો અસ્વસ્થતા અનુભવતું હોય, જેનો સમગ્ર શરીર ઉપર કાબુ હોય એવું **'માનવમન'** એને પણ સ્થિર, શાંત રાખી શકે એવી તાકાત ફક્ત એક નવકાર મંત્રમાં છે. એથી પણ અધિક સોનામાં સુગંધ ભળે તેમ ચિત્ત શાંતિ, માનસિક એકાગ્રતાનો રાગ, જે રાગમાં તીર્થંકર ભગવંતો પોતાની દેશના આપે છે એ **'માલકોષ'** ના રાગથી ખળભળતાં હૈયામાં દિવ્ય શક્તિનું આરોપણ થાય છે, આંતરિક અશાંતિના ઘમસાણ-વલોપાત શમી જાય છે, વ્યર્થનું વિસર્જન થઇ યથાર્થનું સર્જન થાય છે.

અંતમાં **'ॐ ह्रीं ॐ'** ના ગુંજન નાદ સાથે પ્રાણાયામની ક્રિયામાં કરાતાં પંચ પરમેષ્ઠિ ભગવંતોનું અનન્ય ભક્તિપૂર્વકનું ધ્યાન !! ક્રિયાયોગ, ભક્તિયોગ અને ધ્યાનયોગનું કેવું અનન્ય સંયોજન એક સાથે આ નવકાર જાપમાં મળે છે. योगक्षेम वहाम्यहम् કરવાવાળા આ નવકારમંત્રનો સ્વાદ તો પ્રથમ મહિને જ ચાખ્યો હોય છે. એનો આસ્વાદ દરેક મહિના સુધી રહે છે પણ આંતરિક ચેતનાને ઢંઢોળી પરમતત્ત્વનો પ્રસાદ તો જીવન પર્યંત રહે છે.

છેલ્લે માંગલિકરૂપ ત્રિભુવનપતિની મંગલ આરતી, મંગલદિવો, ભક્તિભાવપૂર્વક અને સમર્પણ ક્રિયા દ્વારા કરાતાં આ જાપમાં જાતદર્શન થઇ જગતદર્શન થાય છે અને સાધનાની કેડીએ આગળ વધતાં જગતપતિનું દર્શન પણ થાય છે. મંત્રના દિવ્ય આંદોલનના પ્રભાવે આભામંડળમાં રહેલી અનિષ્ટતા દૂર થઇ એક તેજ કિરણ પાથરનાર આભાવલય ચોતરફ વીંટળાઇ જાય છે. આ ભાષ્યજાપના પ્રભાવે કેટલાય સંકટોના વાદળ વિખરાઇ ગયા છે અને માર્ગમાં આવેલી મુશ્કેલીઓ દૂર થઇ ગઇ છે.

સકલ જીવોનું કલ્યાણ કરવાની અને જીવને શિવરૂપ બનાવવાની ભાવનારૂપ આ ભાષ્યજાપ સમગ્ર વિશ્વમાં રહેલા અશુભ તત્વોને દૂર કરી સર્વત્ર શાંતિ-પ્રભુભક્તિ પ્રસરાવનારા બની રહો છેલ્લે...નવકાર મંત્ર વિષે લખવું એટલે...

**'નિલગીરી સમ શાહી ને સિંધુપત્ર,**
**કમલસૂરતરુ ને વળી પૃથ્વીપત્ર;**
**સતત લખતી રહે શારદા જો સર્વત્ર,**
**તવ ગુણોના પાર પામે ના કહી એ !'**

# અડસઠ અક્ષર એના જાણો, અડસઠ તીરથ સાર

રમીલા ચીમનલાલ શાહ

શ્રી નવકાર મહામંત્રના અડસઠ અક્ષરને અડસઠ તીર્થ સમાન ગણવામાં આવ્યા છે. સંસાર સાગરથી પાર ઉતારે તેને આપણા શાસ્ત્રકારોએ **'તીર્થ'** કહ્યું છે. નવકાર મહામંત્રના એક એક અક્ષર તીર્થ સમાન છે. તેથી શ્રી નવકાર મહામંત્રની જે ઉલ્લાસપૂર્વક આરાધના કરે છે, જે ભાવ પૂર્વક જાપ કરે છે તે જન્મ-મરણ રૂપી આ ભવસમુદ્રને અવશ્ય પાર કરી શકે છે આ વિષય પર વિશેષ પ્રકાશ પાડતા આપણા ધર્મગ્રંથોમાં કહ્યું છે કે **'ૐ'** એ એક અક્ષરી મંત્ર પંચ પરમેષ્ઠિના પ્રતીક રૂપ છે. જ્યારે **'હ્રીઁ'** એ અક્ષરમાં ચોવીશ તીર્થંકર ભગવંતોનો વાસ છે. જો આ રીતે આવા એક અક્ષરમાં આટલી બધી વ્યાપક શક્તિ છૂપાયેલી હોય તો આ મહામંગલકારી શ્રી નવકાર મહામંત્રના પ્રત્યેક અક્ષરોને તીર્થ સમાન કહેવામાં આવ્યા છે તે યથાર્થ જ છે.

**'ઉપદેશ તરંગિણી'**માં કહેવામાં આવ્યું છે કે આલોક અને પરલોક એમ બંને લોકમાં ઇચ્છિત ફળને આપનાર અદ્વિતીય શક્તિ સ્વરૂપ શ્રી નવકાર મહામંત્ર જયવંતા વર્તો. આપણા આ મહામંત્રના પાંચ પદોને શ્રી તીર્થંકર પરમાત્માએ **'પંચતીર્થી સ્વરૂપ'** કહ્યા છે. **શ્રી અરિહંત**નો આદ્ય અક્ષર **અ-અષ્ટાપદ તીર્થ**નો નિર્દેશ કરે છે. **શ્રી સિદ્ધ**નો આદ્ય અક્ષર **સિ-સિદ્ધાચલજી** તીર્થને પ્રસ્થાપિત કરે છે. આચાર્યનો આદ્ય અક્ષર **આ-આબુજી** તીર્થને પ્રદર્શિત કરે છે. **ઉપાધ્યાય**નો આદ્ય અક્ષર **ઉ-ઉજ્જયંતગિરિ** એટલે કે **ગિરનારજી તીર્થ** સૂચવે છે. **સાધુના** આદ્ય અક્ષરમાં રહેલ **સ-સમ્મેતશિખર તીર્થ**ને દૃષ્ટિ સમક્ષ મૂકે છે.

અહીં પ્રસ્તુત છે શ્રી નવકાર મંત્રના અડસઠ અક્ષરોના અડસઠ તીર્થોની નામાવલિ. અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે શ્રી નવકાર મહામંત્રના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થ સાથે સરખાવી સ્વસ્થ મને, એકાગ્ર ચિત્તે, શુદ્ધ ઉપયોગપૂર્વક આ મહામંત્રનો જાપ કરવાથી આપને આ અડસઠ તીર્થોની યાત્રાનું ફળ અવશ્ય મળશે જ તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી.

| ક્રમ | અક્ષર | તીર્થનું નામ | ક્રમ | અક્ષર | તીર્થનું નામ | ક્રમ | અક્ષર | તીર્થનું નામ | ક્રમ | અક્ષર | તીર્થનું નામ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ન | નાગેશ્વર | (૧૯) | ણં | નાણા | (૩૬) | એ | અંતરીક્ષ | (૫૪) | લા | લચ્છવાડ |
| (૨) | મો | મહુડી | (૨૦) | ન | નાંદીયા | (૩૭) | સો | સૂથરી | (૫૫) | ણં | નંદરાઇ |
| (૩) | અ | અષ્ટાપદ | (૨૧) | મો | માંડવગઢ | (૩૮) | પં | પાવાપુરી | (૫૬) | ચ | ચારુપ |
| (૪) | રિ | રાજગૃહી | (૨૨) | ઉ | ઉજ્જયંતગિરિ (ગિરનાર) | (૩૯) | ચ | ચંપાપુરી | (૫૭) | સ | સેરીસા |
| (૫) | હં | હસ્તીનાપુર | (૨૩) | વ | વરકાણા | (૪૦) | ન | નંદાસણ | (૫૮) | વ્વે | વહી |
| (૬) | તા | તારંગા | (૨૪) | જ્ઝા | જેસલમેર | (૪૧) | મુ | મુછાલા મહાવીર | (૫૯) | સિં | સિંહપુરી |
| (૭) | ણં | નાકોડા | (૨૫) | યા | ઓસિયા | (૪૨) | ક્કા | કાવી | (૬૦) | પ | પુરીમતાલ (પ્રયાગ) |
| (૮) | ન | નાડોલ | (૨૬) | ણં | નાંદગિરિ | (૪૩) | રો | રાંતેજ | (૬૧) | ઢ | ઢવાણા |
| (૯) | મો | મહેસાણા | (૨૭) | ન | નલીયા | (૪૪) | સ | સ્થંભતીર્થ (ખંભાત) | (૬૨) | મં | મક્ષીજી |
| (૧૦) | સિ | સિદ્ધાચલ | (૨૮) | મો | મોટા પોશીના | (૪૫) | વ્વ | વામજ | (૬૩) | હ | હત્થુંડી (રાતા મહાવીર) |
| (૧૧) | દ્ધા | ધોળકા (કલિકુંડ) | (૨૯) | લો | લોટાણા | (૪૬) | પા | પ્રભાસ પાટણ | (૬૪) | વ | વાલમ |
| (૧૨) | ણં | નંદીશ્વરદીપ | (૩૦) | એ | આગલોડ | (૪૭) | વ | વારાણસી | (૬૫) | ઇ | ઇલાદુર્ગ |
| (૧૩) | ન | નાડલાઇ | (૩૧) | સ | સમ્મેતશિખર | (૪૮) | પ્પ | પાનસર | (૬૬) | મં | મેત્રાણા |
| (૧૪) | મો | મોહનખેડા | (૩૨) | વ્વ | વલભીપુર | (૪૯) | ણા | નંદીવર્ધનપુર | (૬૭) | ગ | ગુણીયાજી |
| (૧૫) | આ | આબુ | (૩૩) | સા | સાવત્થી | (૫૦) | સ | શંખેશ્વર | (૬૮) | લં | લક્ષ્મણીજી |
| (૧૬) | ય | અયોધ્યા | (૩૪) | હૂ | હસ્તગિરિ | (૫૧) | ણો | નીતોડા | | | |
| (૧૭) | રિ | રાણકપુર | (૩૫) | ણં | નાગોર | (૫૨) | મં | માતર | | | |
| (૧૮) | યા | અજાહરા | | | | (૫૩) | ગ | ગંધાર | | | |

**શ્રી કસળચંદ લાલચંદ શાહ પરિવાર (ખંભાતવાલા)**

**હસ્તે : શ્રી જીતુભાઇ**

# कर्तव्यो मंगलजाप :-માંગલિક જાપ કરવો

**પૂ. આચાર્યદેવ શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ**

અનંત ઉપકારી, અનંત કલ્યાણના કરનારા, **ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા** યોગપૂર્વસેવાના ૨૭ ગુણોમાં આઠમો ગુણ '**માંગલિક જાપ**' નામનો ફરમાવે છે.

અધ્યાત્મના આભ ઉચા શિખરોને સર કરવા કાજે ધરતી પર ખડા ખડા સાધક જ્યારે પોતાના કદમ મંજીલ તરફ બઢાવી રહ્યા હોય છે ત્યારે તેના અંતરમાં નિત નવા અધ્યાત્મના ફુવારા ઉછાળા મારતા હોય છે. સાધકનો હજુ પુરો ઉઘાડ થયો નથી. ભાગ્યનો સૂર્યોદય થવાને હજી થોડી વાર છે, છતાં જીવનનો અરુણોદય તો ચોક્કસ થઇ ચૂક્યો છે. વહેલી પરોઢનું જેને મોંજોયણું કહેવાય તે થઇ ચૂક્યું છે, એટલે સાધકને કંઇકને કંઇક નવી સાધના કરવાની ઇચ્છા થયા કરતી હોય છે. આમ થવામાં સહુથી મોટું કારણ તેના સહજમલનો જે હ્રાસ થયો છે, તે છે. કર્મના ઘણા બધા મળ આત્મામાંથી ઉલેચાઇ જવાના કારણે અંધારીયાના બદલે ઉજિયાલાની સ્થિતિ જીવ પામી ચૂક્યો છે. કર્મનો વિગમ જ તેને અવનવા સંજોગો ઉભા કરી આપે છે, સદ્‌ગુરુઓના સંપર્ક પણ કરી આપે છે.

કર્મો હળવા થવાથી જે ગુરુવર્યોનો સમાગમ થાય તેમની પાસેથી વિવિધ મંત્રાક્ષરોના જાપ પણ સંપ્રાપ્ત થતા હોય છે. નિર્ગ્રંથ જૈન મુનિઓનો જો સંપર્ક પામે તો તેને **મંત્રાધિરાજ શ્રી નવકાર**નો જાપ પ્રાપ્ત થાય છે. તેવો સંયોગ ન મળે અને અન્યદર્શની ગુરુવર્યોનો સંપર્ક થાય તો તેમની પાસેથી પોતપોતાના આમ્નાય પ્રમાણેના મંત્રાક્ષરો તેને પ્રાપ્ત થાય. પ્રાપ્ત કરેલા મંત્રોનો સાધક નિરંતર જાપ કરતો હોય છે. આ જાપ દ્વારા પણ તેના કર્મનો મેલ ધોવાય છે. આત્મા ઉજળો બને છે. જીવનમાં આવનારા વિઘ્નો ટળે છે. આધિ-વ્યાધિ-ઉપાધિ દૂર થાય છે અને જીવનમાં ચારેકોરથી જયમંગલ સર્જાય છે.

આર્યદેશમાં સર્વધર્મોમાં જેને માન્યતા સંપ્રાપ્ત થઇ છે, તેવા ૐકાર અને હ્રીઁકાર જેવા મંત્રાક્ષરોના જાપને મંગલ જાપ કહેવાય છે. સાધક ૐકાર અને હ્રીઁકારના જાપ અહર્નિશ કરતો હોય છે. જૈન દર્શનની માન્યતા પ્રમાણે ઓંકારમાં **અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ** આ પાંચે પાંચ પરમેષ્ઠિઓની સ્થાપના છે. આખો નવકારમંત્ર ૐકારમાં સમાયેલો છે. ત્રણે કાળના અનંતાનંત પરમેષ્ઠિ ભગવાનોનું ૐકારમાં અધિષ્ઠાન રહેલું છે. તેવી જ રીતે હ્રીઁકારમાં ૨૪ તીર્થંકર ભગવાનનું અધિષ્ઠાન રહેલું છે. ૐકાર અને હ્રીઁકાર તેવી જ રીતે હ્રીઁકાર બન્ને મંગલમય છે. પ્રાયઃ દરેક મંત્રોની આગળ બીજમંત્ર તરીકે ૐકાર અને હ્રીઁકારને જોડવામાં આવે છે. સ્વતંત્ર રીતે પણ બન્ને બીજાક્ષરોના મંત્રાક્ષરોના જાપ ધ્યાન પણ કરાય છે.

આર્યદેશમાં આ બન્ને મંત્રાક્ષરો તો લોકોના અસ્થિમજ્જામાં જોડાયેલા છે. જૈન હો કે અજૈન હો સહુ કોઇ ૐકારનો જાપ કરતા હોય છે. જ્યાં પણ કંઇ શુભારંભ કરવો હોય, વાસ્તુ મુહૂર્ત કરવું હોય, નવા ચોપડાનું આલેખન કરવું હોય, મૂર્તિ પ્રતિષ્ઠા કરવી હોય તો સર્વત્ર પ્રથમ ૐકારનું સ્થાપન કરવામાં આવે છે. સ્વસ્તિકનું આલેખન કરવામાં આવે છે.

નવજાત શિશુની જબાન પર સુવર્ણની સળીથી અષ્ટગંધથી ૐકાર લખવાના વિધાનો ગ્રંથોમાં મળે છે. કોઇક કોઇક પ્રદેશમાં એવી પ્રવૃત્તિ આજે પણ જોવા મળે છે. ભારતીય સંન્યાસીઓ સામસામા મળે ત્યારે પણ એકબીજાને 'હરિૐ' બોલવાનો રિવાજ આજે પણ વ્યાપક છે. સંન્યાસી સાધુઓ જ્યારે ભિક્ષાર્થે નીકળતા હોય ત્યારે ૐમકારો કરતા. આજે પણ નવા વાહનો પર, મકાનો પર, ચોપડાઓ પર, ૐકાર અંકિત કરાય છે. ૐકારની સ્થાપના કરવાથી નકરાત્મક ઉર્જા દૂર થાય છે અને દૈવી ઉર્જા પ્રગટ થાય છે.

ભગવદ્ ગીતામાં શ્રી કૃષ્ણ મહારાજે આઠમા અધ્યાયના બારમા તેરમા શ્લોકમાં અર્જુનને સંબોધીને કહ્યું છે કે, 'હે અર્જુન ! બધી ઇન્દ્રિયોના દ્વાર બંધ કરીને, મનને હૃદયમાં સ્થિર કરીને, મન દ્વારા પ્રાણને મસ્તકમાં સ્થાપિત કરીને જે પુરુષ અક્ષરબ્રહ્મ સ્વરૂપ માત્ર ૐકારનું ધ્યાન ધરે

છે, તે પુરુષ પરમ ગતિને પ્રાપ્ત કરે છે. હે અર્જુન ! હકીકતમાં તો ૐકાર એ જ હું છું અને હું એજ ૐકાર છે.

શ્વેતામ્બર-ઉપનિષદમાં કહેવાયું છે કે, જે હૃદયમાં આત્મા છે, ત્યાં જ પરમાત્મા છે, પણ પ્રગટ થતા નથી. ૐકારનો જાપ કરવાથી હૃદયગત પરમાત્માના દર્શન થાય છે. મુસ્લિમો જેને આમીન કહે છે અને ક્રિશ્ચિયનો જેને આમન-ઓમ્ની કહે છે તે ૐકારના જ અપભ્રંશ સ્વરૂપો છે.

નવાંગી ટીકાકાર **જૈનાચાર્યશ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજા**એ પંચાશકની ટીકામાં લખ્યું છે કે, દેવથી અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોને મંત્ર કહેવાય છે. જૈનોના ચૌદ પૂર્વોમાં **વિદ્યાપ્રવાદ** નામનું દશમું પૂર્વ હતું, જેમાં વિદ્યાઓ અને મંત્રો આપેલા હતા. નખમાં કાજલ લગાડીને, તલવારની ધારમાં કે પાણીના કુંડામાં અથવા આરિસામાં દેવતાનું અવતરણ કરીને ગુમાયેલી ચીજ શોધવાનું કે ભવિષ્યની આગાહીઓ કરવાનું વિધાન આ ગ્રંથોમાં હતું. આજેય ઇશાન ભારતના સાધકો પાસે તથા કેટલાક મુસ્લીમો પાસે આવા પ્રયોગો ઉપલબ્ધ છે. કજ્જલાવતાર, ઘટાવતાર, પુષ્પાવતાર, અંજનપ્રયોગ, યંત્રોના આલેખનો તથા ષટકર્મ, ૧. શાંતિ, ૨. વશીકરણ, ૩. સ્થંભન, ૪. વિધ્વેષણ ૫. ઉચ્ચાટન ૬. મારણ આદિ અનેકવિધ પ્રક્રિયાઓ જૈન શાસ્ત્રોમાં દર્શાવી છે.

**કલિકાલસર્વજ્ઞ પૂજ્યપાદ શ્રી હેમચંદ્રાચાર્ય** વિરચિત યોગશાસ્ત્રમાં **પિંડસ્થ, પદસ્થ** અને **રૂપસ્થ** ધ્યાનની પ્રક્રિયાઓ તથા વર્ણમયી દેવતાનું માતૃકાધ્યાન પણ દર્શાવામાં આવ્યું છે. ખાસ કરીને અર્હં શક્તિબીજ, ૐ પ્રણવબીજ, હ્રીઁ માયાબીજ અને કર્લીં કામબીજ વગેરે અનેક બીજમંત્રોની શક્તિઓનું વર્ણન કરવામાં આવેલ છે. **પૂજ્ય મુનિરાજશ્રી દેવેન્દ્રગણિ**એ કોષ્ટક ચિંતામણિ ગ્રંથમાં મંત્રોની જેમ યંત્રોનું પણ વર્ણન કર્યું છે. જેમાં યંત્રોના ભવ્ય, અતિભવ્ય, સર્વતોભદ્ર અને મહાસર્વતોભદ્ર એવા ચાર પ્રકારો દર્શાવ્યા છે. ૧૫, ૨૦, ૨૪, ૩૦, ૩૨, ૪૦, ૬૫, ૭૦, ૧૦૦, ૧૦૦૦ વધીને ૬૫૬૧ સુધીના વિવિધ અંકોના સંયોજનોમાંથી બનતા યંત્રો તથા ચોરસ, ત્રિકોણ, વર્તુળ, ષટકોણ, પંચશૃંગ, કળશાકાર, ત્રિવૃત્ત, સાર્ધત્રિવૃત્ત, અર્ધવૃત્ત, કમલાકૃતિ આદિ યંત્રોના વિવિધ આકારો અને દરેકના પ્રભાવો દર્શાવ્યા છે.

નવસ્મરણોના સ્તોત્રોમાં પણ વિવિધ મંત્રોને ગોપવીને રચવામાં આવ્યા છે. આમ એક વિશાળ જ્ઞાનભંડાર બની જાય એટલું બધું વિરાટ મંત્રસાહિત્ય જૈનદર્શનમાં આજે પણ ઉપલબ્ધ છે.

શાસ્ત્રોમાં વર્ણવાયેલ મંત્રના પ્રયોગો અને પ્રભાવો પૂર્વકાળમાં પ્રસિદ્ધ હતા. જે કાળે આટલી બધી હોસ્પિટલો અને ડોકટરો ન હતા, તે કાળે મોટાભાગની બિમારીઓ મંત્રના પ્રભાવે મટાડવામાં આવતી હતી. દરેક ગામ-નગરમાં માંત્રિકો વસતા હતા. તેઓ મોરના પીંછાથી ઉજણી નાંખીને (જાડા માર કે) નજર ઉતારીને, થાળીમાં નજર બાંધીને કે ફૂંક મારીને અનેક લોકોના ઝેર ઉતારતા, તાવ ઉતારતા અને બિમારીઓ મટાડતા હતા. દરેક રોગના દેવતાઓ પણ અલગ રહેતા. જેમ ચીકન પોક્સ (ઓળી) અછબડાના માતાજી શીતળા દેવીના મંદિરો હતા.

જૈનયતિઓ મંત્રના પ્રયોગોથી જિનશાસનની રક્ષા-સુરક્ષાના કાર્યો કરતા હતા. વિજાપુર (ઉ.ગુ.) માં એક મુસ્લીમ યુવાન જિનાલયની પછીતે પેશાબ કરી રહ્યો હતો. જૈન યતિશ્રી જોઇ ગયા અને કહ્યું કે, યહાં મુત્તને કી જગા નહીં હૈ ! મુસ્લીમ યુવાન માન્યો નહિ. એણે રૂઆબથી કહ્યું કે, હમ તો ઇધર હી મુત્તેંગે, યતિશ્રીએ કહ્યું, ઠીક હૈ, અબ તુમ મુત્તતે હી રહો. બસ ! ખલ્લાસ. મંત્રપ્રયોગના પ્રભાવે પેલાનો પેશાબ બંધ જ ન થયો. સતત ધારા વહેતી જ રહી. બૂમાબૂમ થઇ ગઇ. મુસ્લીમ આગેવાનોએ યતિશ્રી પાસે આવીને માફી માગી. ફરી ક્યારેય કોઇ આવું નહિ કરે તેની કબૂલાત કરી. પછી છ કલાકે યતિશ્રીએ વારણ કરીને પેલાનો પેશાબ બંધ કરાવ્યો.

તપગચ્છમાં **પૂ. આચાર્ય વિજય પ્રભવસૂરીશ્વરજી મ.સા.** થયા. (જેઓશ્રીના કાળધર્મ પછી ૨૬૦ વર્ષમાં કોઇએ આચાર્ય પદ ગ્રહણ કર્યું ન હતું. લાંબા કાળ પછી સહુ પ્રથમ આચાર્યપદ પૂ.આ. શ્રી આત્મારામજી મ. ને અપાયું હતું.) **પૂ.આ. શ્રી પ્રભવસૂરીશ્વરજી મ.સા.** ના શિષ્યોના ઘડો બાંધવાના દોરા ઉંદરો ઉપાડી જતા હતા. શિષ્યોએ ગુરુદેવને વાત કરી. એમણે વહેલી સવારે મંત્રજાપ કર્યો અને મકાનમાં રહેલા તમામ ઉંદરો દોડી આવ્યા. તેમની પાટની આજુબાજુ ટોળે વળીને બેસી ગયા. મંત્રશક્તિથી આકૃષ્ટ કરાયેલા ઉંદરોને સાધુઓના દોરા

ન ખેંચી જવા અંગે સૂચના આપીને બધાને રજા આપી. કાયમ માટે ઉંદરોનો ઉપદ્રવ શાંત થઇ ગયો. પૂર્વાચાર્યો પાસે આ રીતે સર્પના, ચોરના, કીડીઓના, તીડના ઉપદ્રવો રોકવાના મંત્રાક્ષરો હતા. આજે પણ આવા મંત્રાક્ષરો મળે છે, પણ તેને સિદ્ધ કરવાના આમ્નાય મળતા નથી. લોકો પાસે એવી સ્થિરતા અને દ્રઢતા પણ રહી નથી. શ્રદ્ધા વિના ક્યારેય કોઇ મંત્રાક્ષરો ફળતા નથી. મંત્રસાધનામાં સૌથી મોટી ચીજ છે, શ્રદ્ધા, વિશ્વાસ અને બહુમાનભાવ !

વર્તમાનકાળે વૈજ્ઞાનિકો દવાઓ, ડૉક્ટરો, મેડીસીન અને ઓપરેશનોથી થાકી ગયા બાદ હવે સાયન્સ મંત્રાક્ષરોના પ્રભાવનું સંશોધન કરવાના કામે લાગી ગયું છે.

સાયન્સના એક લેખમાં જણાવ્યું છે કે, ૐના ઉચ્ચારથી હૃદય, પેટ, મગજ અને લોહીની બિમારીઓમાં ચમત્કારી રીઝલ્ટ મળે છે. વિજ્ઞાન કહે છે કે, સેરીબલ પેલ્સી જેવી અસાધ્ય બિમારીઓ પણ ૐના ઉચ્ચારણથી મટાડી શકાય છે. રીસર્ચ એન્ડ એક્સપેરીમેન્ટલ ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ દ્વારા આ અંગે સંશોધન થયું છે. પ્રો. જેમોર્ગને જાણવા મળ્યું છે કે, સાત વર્ષ સુધી હૃદય અને મગજના દર્દીઓ ઉપર ૐના પ્રયોગો કર્યા પછી સારા પરિણામો જોવા મળ્યા છે. ૐના ઉચ્ચારથી શરીરની બંધ પડી ગયેલી કૌશિકાઓ પુનઃ ક્રિયાન્વિત થાય છે. ૐના ઉચ્ચારણથી કાન, નાક, ગળામાં, ફેફસામાં જાદુઇ કંપનો પેદા થાય છે. ડુંટીથી મગજ સુધીમાં સ્પંદનો ઉત્પન્ન થાય છે. ૨૦૦૦ દર્દીઓ પર નિષ્ણાંત ડૉક્ટરોની હાજરીમાં પ્રયોગો કરાતા જાણવા મળ્યું છે કે, ૐના ધ્વનિથી, જીવ બચાવવા જે દવાઓ દર્દીઓ લઇ રહ્યા હતા તે તબક્કાવાર બંધ કરવામાં આવી અને ચારેક વર્ષે દર્દીઓ સંપૂર્ણપણે રોગમુક્ત થઇ ગયા હતા. દશ-પંદર ટકા જેમને રાહત ન મળી તેનું કારણ એ હતું કે, એમને 'ૐ' ધ્વનિ કરવામાં દિલથી પ્રયત્ન કર્યો ન હતો.

પૂનાની ઓકલ્ટ રીસર્ચ કોલેજના પ્રિન્સીપલ મિ. કરમારકરે વર્ણમાતૃકશક્તિ (અક્ષરોની તાકાત) ઉપર વડોદરામાં વર્ષો પૂર્વે ભાષણ આપેલું ત્યારે કહેલું કે, વર્ણમાળાના મૂળાક્ષરો માત્ર અક્ષરો નથી. પ્રત્યેક અક્ષર મંત્રાક્ષર સ્વરૂપ છે. તેની અજબ-ગજબની તાકાત છે. '**ર**'ના માથે મીંડુ મૂકીનું **રંનો** ઉચ્ચાર એક હજારવાર કરશો તો તમારા શરીરનું ટેમ્પરેચર એક ડીગ્રી વધી જશે.

મદ્રાસ હાઇકોર્ટના નિવૃત્ત ૪૪ મિ. જ્હોન વુડોફને મંત્રશાસ્ત્રમાં રસ ન હતો, પણ એક યોગીએ એક લાકડાનો ટૂકડો તેમની સામે રાખીને '**રં**' અગ્નિ બીજનો જાપ કરીને પછી જજને રસ પડ્યો અને શેષ જીંદગી મંત્રસંશોધનમાં પસાર કરી તેમણે મંત્ર પ્રભાવને વર્ણવતું '**ગાલેન્ડ ઓફ લેટર્સ**' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું.

યુવા ઉત્કર્ષ શિબિરના માધ્યમથી મેં યુવાનોને પણ વિશુદ્ધ પ્રકારની એક સાત્ત્વિકમંત્ર સાધનામાં જોડવા માટે સિદ્ધચક્રમંત્ર-મંત્ર આરાધના આપવાનું છેલ્લા નવ વર્ષથી શરૂ કર્યું છે. અનેક યુવાનો આ સાધનામાં જોડાયા છે. પ્રતિવર્ષ ડીસેમ્બરમાં તા. ૨૫ થી ૩૧ની વચ્ચે અમે ૩ દિવસ માટે અચૂકપણે મળીએ છીએ. પ્રથમ દિવસે જ હું સહુને પરમાત્માની સમક્ષ વિધિપૂર્વક મંત્રદીક્ષા પ્રદાન કરું છું. પાછળના બે દિવસોમાં મંત્રસાધનાની પ્રેક્ટીશ પણ કરાવું છું. શ્લોકો અને મંત્રોના ઉચ્ચારણો અને આમ્નાયો પણ શીખવું છું. આ વખતે પણ અનેક યુવાનોએ મંત્રદીક્ષાઓ ગ્રહણ કરી છે. આ સાધના દ્વારા યુવાનોના જીવનમાં ન ધારેલા શુભ પરિણામો આવ્યા છે. એક એકના જીવન પ્રસંગો લખવા બેસીએ તો એક મોટો ગ્રંથ લખાઇ જાય. શ્રી સિદ્ધચક્રના મૂળમંત્રનો મહાપ્રભાવિક જાપ અને યંત્રની ઉપાસનાએ અનેક યુવાનોના જીવનમાં અજવાળું પાથર્યું છે. જેમણે પણ મંત્રદીક્ષાના બોક્ષ અર્પણ કરાયા છે. તે સહુને ભલામણ છે કે, તમે ગમે તેમ કરીને સમય કાઢો. રોજ એક કલાક તમે મંત્ર સાધનામાં પસાર કરો. તમારા શરીરની મેટાબોલીઝમ સીસ્ટમ આખી બદલાઇ જશે. તમારા ઘરની ઉર્જાઓ બદલાઇ જશે. વાસ્તુના દોષો ટળી જશે. એક ચાર્જ થયેલી મંત્ર ઉર્જા તમારા ઘરમાં ઘૂમવા લાગશે. બધા પ્રકારનું અનિષ્ટ દુઃખ આપોઆપ દૂર થઇ જશે.

વર્ષમાં માત્ર એક જ વાર આવો મંત્રદીક્ષા પ્રદાનનો કાર્યક્રમ યોજાય છે. હજારો યુવાનો જોડાય છે. ઘણા બધા મંત્રગ્રહણ કર્યા બાદ નિયમિત જાપ કર્મમાં જોડાઇ જાય છે. કેટલાક આરંભે શૂરા હોય છે. શરૂઆત કરે છે, પણ સાતત્ય જાળવતા નથી. કોઇને કોઇ કારણસર જાપ-સાધના છોડી દેતા હોય છે. સાતત્યનું બળ તૂટી જવાથી પરિણામ આવતું

નથી. બેંકમાં કરેલી એફ.ડી. પાંચ વરસ સુધી જો સતત રાખી મૂકો તો રકમ ડબલ થઇ જાય છે. દર વર્ષે ઉપાડો અને પછી જમા કરાવો તો પાંચ વર્ષીય યોજનાનો લાભ નથી મળતો. લાઇફ ઇન્સ્યોરન્સમાં પ્રીમીયમ જો રેગ્યુલર ભરવામાં આવે તો આફતના ટાઇમે તમને અચૂક મદદ મળી રહે છે. પરંતુ જો પ્રીમીયમના હપ્તા ન ભરતા હો તો કંપની તરફથી કોઇ મદદ મળતી નથી. જગતના આ બધા વહેવારોના તમે અચ્છા જાણકાર હોવા છતાં અધ્યાત્મિક વિશ્વના બધા નિયમો ભૂલી જાવ છો.

મંત્રને તીર્થમાં ગ્રહણ કરો. જ્યાં આંબો, મહૂડો, વડલો, પીપળો, આસોપાલવ જેવા પવિત્ર વૃક્ષો હોય, ચમત્કારપૂર્ણ પરમાત્મા પ્રતિમા હોય, જ્યાં નદીઓના નીર વહેતા હોય, સદ્‌ગુરુઓનો યોગ હોય, સારું મુહૂર્ત હોય, સારો ઉલ્લાસ હોય ત્યારે મંત્ર ગ્રહણ કરવો જોઇએ. મંત્રગ્રહણ કર્યા બાદ નિયત આસને, નિયત દિશામાં, નિયત સમયે, ધૂપ-દીપ, પુષ્પહાર સમેત સુગંધિત વાતાવરણની વચ્ચે પદ્માસને બેસીને જાપ કરવો જોઇએ. સાધકે પોતાના જીવનમાંથી દુષ્ટકાર્યોનો, વ્યસનોનો સદંતર ત્યાગ કરી દેવો જોઇએ. શુભકાર્યોમાં સદૈવ પ્રવૃત્ત રહેવું જોઇએ. વેદમાં કહેવાયું છે કે, ''**प्रशस्तानि सदा कुर्यात्, अप्रशस्तानि वर्जयेत् ।**'' જૈન દર્શનમાં કહેવાયું છે કે, '**पावकम्मं नैव कुज्जा, न कारवेज्जा**' પાપ કર્મ ન જ કરવું, કરાવવું પણ નહિ.

સાધનામાં આળસ ન ચડે માટે ભોજન પરિમિત કરવું જોઇએ. અત્યાહાર છોડી દેવો જોઇએ. ભારે ગરિષ્ઠ મીઠાઇઓ, તળેલા પદાર્થો છોડી દેવા જોઇએ. ચિત્તને હંમેશાં પ્રસન્ન રાખવું. ખટપટોથી દૂર રહેવું. મનમાં સતત મંત્રાક્ષરોનું ધ્યાન કરતા રહેવું. શ્રદ્ધાને દિન પ્રતિદિન વધારતા જવું. મંત્રપ્રભાવને વર્ણવતાં પ્રવચનોનું શ્રવણ તથા પુસ્તકોનું વાંચન કરતા રહેવું. આ રીતની આચાર સંહિતાના પાલન સાથે કરવામાં આવતા જાપ શીઘ્રતયા સિદ્ધ થાય છે અને તત્કાળ રીઝલ્ટ આપે છે.

તમને આપવામાં આવેલા શ્રી સિદ્ધચક્રના મંત્રાક્ષરમાં તો ૐ, હ્રીં, કર્લીં, અર્હં આદિ પ્રભાવિક મંત્રો ઉપરાંત પંચપરમેષ્ઠિનો બીજ મંત્ર પણ આવી જાય છે. વિશ્વનો સર્વશ્રેષ્ઠ આ મંત્ર છે. કરોડો દેવતાઓ આ મંત્રનું અધિષ્ઠાન કરીને રહેલા છે. અનંતાનંત પરમેષ્ઠિ ભગવંતોની અનંત શક્તિ આ મંત્રાક્ષરોમાં સમાવિષ્ટ થયેલી છે. નિર્દોષ, શુદ્ધ અને સાત્ત્વિક એવી આ સાધના તમને સ્વ. ગુરુદેવશ્રીની કૃપાથી આવા માનસમંદિર જેવા પાવનતીર્થમાં સંપ્રાપ્ત થઇ છે. અહીં પંચવટીમાં પાંચે પ્રકારના માંગલિક વૃક્ષો કુદરતી રીતે ઉગેલા છે. અહીં બન્ને બાજુ કલમ અને ભારંગી નદીઓના નીર ફેલાઇ રહ્યા છે. ચારેકોર પર્વતમાળાઓ શોભે છે. નિસર્ગનું મહાસંગીત જ્યાં સતત ગુંજાયમાન છે. જ્યાં પોઝેટીવ ઉર્જાશક્તિઓ ભ્રમણ કરી રહેલ છે. સલૂણી સંધ્યાએ અને ઉગમતી ઉષાએ અહીં અચૂક દૈવીતત્ત્વોની હાજરીનો અહેસાસ થાય છે. વહેલી પરોઢે ઉઠીને તમે તીર્થના પરિસરમાં ફરી વળો, તમને કંઇક અલગ જ અનુભૂતિ થશે. સંધ્યા ઢળ્યા બાદ લોકો ચાલી ગયા પછી નિરવ રાત્રિમાં તમે વટવૃક્ષની નીચે બેસો ! તમને દિવ્યાનુભૂતિ થશે. 'યે લીખાલીખીકી બાત નહી હૈ, આંખો દેખા હાલ હૈ.'

અહીં માનસ્ મંદિર તીર્થમાં અધિષ્ઠાયકદેવશ્રી ક્ષેત્રપાલ ભૈરવ હાજરાહજૂર છે. યુગાદિદેવ ભગવાન **શ્રી આદિનાથ સ્વામી**ની ભવ્ય, અતિભવ્ય, બેજોડ પ્રતિમા અહિં મૂળનાયક સ્વરૂપે બિરાજમાન છે. હજારો-લાખો ભક્તોથી પ્રભુ વંદાયા છે, પૂજાયા છે. ચાર વખત વિશાળ રંગમંડપમાં અમી વર્ષાના ચમત્કારો સર્જાયા છે. હજારો હજારો ભાવિકોની મનોકામનાઓ પ્રભુના પ્રભાવે પરિપૂર્ણ થવા પામી છે. પ્રતિવર્ષ દશલાખ ભાવિકો દર્શનાર્થે પધારે છે. જાપ-ધ્યાન-સાધના માટે આ ઉત્તમોત્તમ સ્થળ છે. આવા સ્થળની પ્રાપ્તિ દૈવી સંકેત દ્વારા થઇ છે. આ તો હાઇવેથી અંદર ચાર કિ.મી. છે. અહીં આવવાનું કોઇ પ્રયોજન જ ન હતું. અહિં કોઇ વિહારનો રુટ પણ નથી. વસતિ નથી, માત્ર જંગલ છે. ડીપ ફોરેસ્ટ છે. આ વનાંચલમાં કે પર્વતાંચલ પ્રદેશમાં તીર્થ ઊભું કરવાનો કોઇ પ્લાન જ ન હતો. કેમ થયું ? શા માટે થયું ? એનો કોઇ જવાબ જ નથી. જે થયું છે, તે અદ્‌ભૂત થયું છે. બસ ! એક મનોકામના છે. વિશ્વના સર્વ જીવો આદિનાથ પ્રભુના ચરણોમાં આવે. આખું વિશ્વ વિશ્વવાલેશ્વર વિભુનું ચરણસેવક બને. પ્રભુના પ્રભાવે આવનારા તમામ ભક્તોના પાપો ધોવાય, દુઃખો દૂર થાય, સહુને સુખ, શાંતિ, સમૃદ્ધિ અને શાતા મળે, સમતા મળે, સમાધિ મળે અને પરંપરાએ સર્વજીવોને મોક્ષ મળે. દુનિયા આખીને પ્રભુના ભક્ત બનાવવાની આ મહેનત છે. પ્રભુની કૃપાથી જ એ કાર્ય

સિદ્ધ થશે. દેશ વિદેશથી સહુ નરનારીઓ પ્રભુના દર્શન આવશે. દુરિતનો નાશ કરશે. મનવાંછિત સંપ્રાપ્ત કરશે. કેમ કે, ખુદ પરમાત્મા કલ્પવૃક્ષ સમાન છે. અહિં આવેલો ભક્ત ક્યારેય ખાલી હાથે પાછો જશે નહિ. તમારો શિબિરાર્થીનો પ્રબળ પુણ્યોદય છે કે, આવા પ્રભુના સાન્નિધ્યમાં તમને લગાતાર ત્રણ ત્રણ દિવસ રોકાવાનો લાભ મળે છે. શિબિરો પૂર્ણ થયા બાદ વેકેશનમાં તમે તમારા પરિવારજનોને લઇને આવજો. એક દિવસ માટે નહિ, પણ ત્રણ દિવસનો પ્રોગ્રામ કરીને આવજો. અહિંની સલૂણી સંધ્યા અને ઉગમતી ઉષાનો અનુભવ કરવા જેવો છે. તમને આપેલા મંત્રબોક્ષને ખોલીને તમે પ્રભુ સમક્ષ જાપમાં બેસી જજો. પવિત્ર વટવૃક્ષ નીચે બેસીને પણ જાપ કરશો.

અહિં મૂળનાયક ભગવાનનો દરબાર અને વટવૃક્ષ એ બે સ્થળો તો પ્રચંડ પ્રચંડ ઉર્જાના કેન્દ્ર સ્થાનો છે. જગતમાં ક્યાંય ભટક્યા વિના દોરાધાગાના અને જોષીઓના ચક્કરમાં પડ્યા વિના માત્ર અહિં પ્રભુના ચરણમાં ચાલ્યા આવો. રાજા શ્રીપાળે અને રાણી મયણાએ જે મંત્રાક્ષરોના જાપ કરીને જીવનમાં જયમંગલ સાધ્યું હતું, તે ભગવાન્ સિદ્ધચક્રજીના મંત્રજાપની આરાધના કરો અને જીવતરને ધન્ય બનાવો.

મંત્રસાધનામાં ગુરુગમની, વિધિશુદ્ધતાની અને વિચારોની વિશુદ્ધિની ખૂબ ખૂબ આવશ્યકતા રહે છે. કોઇ ખોટા રસ્તે ન ચડી જવાય તેની તકેદારી રાખીને આગળ વધજો.

**'પ્રેરણા પત્ર'માંથી સાભાર..**

## કરોડપતિ બન્યા વિના મારે મરવું નથી...!

**–પૂ. આચાર્યદેવ શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.**

'બાપુજી ! તકલીફમાં શું થાય છે ?' અચાનક તબિયત બગડી જવાથી પોતાના પિતાજીને દીકરાઓ હોસ્પિટલમાં લઇ આવ્યા છે. ડોક્ટરના કહેવા મુજબ કેસ સિરીયસ છે. બચવાની સંભાવના નહિવત્ છે. પરિવાર આખોય ભેગો થઇ ગયો છે. ચાર દીકરાઓ સતત બાપુજીની બાજુમાં જ ઊભા છે. એવું લાગે છે કે બાપુજી કંઇક બોલવા માગે છે પણ તકલીફને કારણે બોલી નથી શકતા.

બાજુમાં જ ઉભેલા ડોક્ટરે ઇન્જેક્શન આપી દીધું. શ્વાસમાં અને ઉધરસમાં કંઇક રાહત થઇ હોય એવું લાગ્યું. 'કેમ લાગે છે ?' 'ઠીક છે.' 'કાંઇ ખાવું છે ?' 'ના.' 'કાંઇ જોઇએ છે ?' 'ના.' 'કાંઇ કહેવું છે ?' 'હા.' 'શું કહેવું છે ?' 'બધાયને બોલાવી લાવ.' 'બધા અહીં જ ઊભા છે.'

'તો સાંભળો જીવનમાં એક જ ઇચ્છા હતી. કરોડપતિ બન્યા વિના મરવું નથી, પણ...' અને જ્યાં બાપુજીના મોઢે આ વાક્ય સાંભળ્યું ત્યાં આખોય પરિવાર સ્તબ્ધ થઇ ગયો. જિંદગીની સમાપ્તિની પળોમાં આ ઝંખના ? સંપત્તિની ? આ પળોમાં પણ આટલી જંગી ઘેલછા ? ઘડી બે ઘડીનો નહીં, પણ અત્યારે તો પળ બે પળનો ખેલ છે. જો આ જ વિચારધારામાં બાપુજી પ્રાણ છોડશે તો પરલોકમાં જશે ક્યાં ?

મહાત્માઓનાં પ્રવચનોમાં સાંભળ્યું છે કે **બેગમાં જેમ છેલ્લું મૂકેલું કપડું બેગ ખોલીએ ત્યારે પહેલું નીકળે છે તેમ આ જીવનની છેલ્લી લેશ્યા આવતા જીવનની પહેલી લેશ્યા બની રહે છે.** ના, કોઇ પણ હિસાબે બાપુજીને સાવધ કરવા જ રહ્યા.

પ્રશ્ન તો એ થાય છે કે આખી જિંદગી જેમણે સુંદર મજાની ધર્મારાધનાઓમાં વિતાવી છે એ બાપુજીને છેલ્લા સમયે આવી લેશ્યા કેમ આવી ? ખેર, જે હોય તે. એમને આ વિચારમાંથી પાછા વાળવા જ રહ્યા.

'બાપુજી ! અત્યારે તો તમારે માટે ખૂબ કટોકટીનો કાળ છે. એવા સમયે મનને પરમાત્માના ધ્યાનમાં લીન બનાવો અને કાં તો નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો. કરોડપતિ બનવાની વિચારણા મનમાંથી કાઢી જ નાખો.'

'બેટા ! ગેરસમજ થાય છે.' 'શી' ? 'કરોડપતિ બનવાની વાતની.' 'કેમ, તમે હમણાં તો બોલ્યા કે કરોડપતિ બન્યા વિના મરવું નથી.' 'હા પણ એ કરોડપતિ રૂપિયાના નહીં.' 'તો ?' 'નવકારના !' 'એટલે ?' 'એટલે બીજું કાંઇ નહીં. નમસ્કાર મહામંત્રના અપાર મહિમાની વાતો પ્રવચનોમાં મહાત્માઓના મુખે વરસોથી સાંભળતો હતો. એ વખતે સંકલ્પ પણ કર્યો હતો કે બીજી ધર્મારાધનાઓ ઓછી જ થાય છે તો કમસે કમ નવકારનો એક કરોડ જાપ તો કરી લેવા દે ! એ સંકલ્પાનુસાર નવકાર ગણવાના ચાલુ પણ કર્યા હતા. **ગઇ કાલ સુધીમાં લગભગ ૭૫ લાખ જેટલા ગણાઇ ગયા છે. પણ હવે લાગતું નથી કે બાકી રહેલા ૨૫ લાખ પૂરા કરી શકું !'**

બાપુજીને મુખે આ વાત સાંભળીને સ્તબ્ધ થવાની સાથે આનંદિત થઇ ગયેલા ચારેય દીકરાઓએ બાપુજીને વચન આપ્યું કે 'આપના બાકી રહી ગયેલા ૨૫ લાખ નવકાર અમે આખા પરિવાર વચ્ચે વહેલામાં વહેલી તકે ગણી આપીશું' અને અત્યંત પ્રસન્નતા સાથે ભરપૂર સમાધિપૂર્વક પિતાજીએ પરલોક પ્રતિ પ્રયાણ આદર્યું. ધન્ય ઝંખના ! ધન્ય આરાધના ! ધન્ય સમાધિ !

# નમસ્કાર ત્યાં ચમત્કાર



સમગ્ર વિશ્વમાં શ્રી નવકાર મહામંત્રનો ભારે મહિમા પ્રવર્તે છે. નવકાર મહામંત્રના શરણથી, સ્મરણથી અનેક લોકોના દુ:ખ દર્દો દૂર થયા છે, રોગો ભાગી ગયા છે, વિઘ્નો હટી ગયા છે, આપત્તિઓનું નિવારણ થયું છે. આ કલિકાલમાં પણ નવકાર મહામંત્રના પ્રભાવ અને પ્રતાપના અસંખ્ય કિસ્સાઓ બની રહ્યા છે. ત્રણ લોકમાં જેનો અચિંત્ય મહિમા ગવાયો છે. એવા શ્રી નવકાર મહામંત્રના પ્રભાવની કેટલીક સત્ય ઘટનાઓ અહીં પ્રસ્તુત કરવામાં આવી છે શ્રી નવકાર મહામંત્રની આવી સત્ય ઘટનાઓ દ્વારા લોકોની આ મહામંત્ર પ્રત્યેની શ્રદ્ધામાં વધારો થાય તેવી અમારી અંતરેચ્છા છે. અને આવી સમ્યક્ શ્રદ્ધા દ્વારા નવકારના આરાધકો પોતાના જીવનનું શ્રેય સાધે તેવી શુભકામના પણ અમે આ તકે દર્શાવીએ છીએ.

**–સંપાદક**

## શ્રીકાંતને નવકાર મંત્રના અચિંત્ય પ્રભાવનો સાક્ષાત્કાર થયો...!

નાનું સરખું ગામ, એનો સાંકડો માર્ગ. લોકવર્ણા નામથી ઓળખાતી એક કોમના એક મહાત્માની ગામમાં પધરામણી થઇ હતી. ઉકા ભગત નામથી ઓળખાતા એ મહાત્માના દર્શન કરવા, આજુબાજુના ગામોમાંથી, એમના અનુયાયીઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. રસ્તો રોકીને એ બધા બેઠા હતા. ઉકા ભગતને પગે પડવાની સ્પર્ધા ચાલી રહી હતી. શ્રીકાંતને સ્ટેશન તરફ જવાની ઉતાવળ હતી, વખતસર સ્ટેશને પહોંચીને, શહેર તરફ જવાની ગાડી એમને પકડવાની હતી.

રસ્તો રોકીને બેઠેલા તથા ઊભા રહેલા ટોળાને વીંધીને એમને જવાનું હતું. બે હાથ જોડીને, પોતાને માર્ગ આપવાની વિનંતી એ ટોળાને તેઓ કરી રહ્યા હતા. પણ માર્ગ મળતો નહોતો.

એમાં, ઉકા ભગતનો અવાજ સંભળાયો-

'શ્રીકાંતભાઇને જવા દો, એમને મારગ આપો. એમને સ્મશાનમાં પહોંચતાં મોડું થશે.'

ભગતની આજ્ઞા થઇ એટલે ટોળાએ માર્ગ તો આપ્યો, પણ શ્રીકાંતના પગ ત્યાં થંભી ગયા !

'સ્મશાનમાં ?' એમણે ભગતને પૂછ્યું. જવાબમાં ભગત કંઇ બોલ્યા નહિ. ફક્ત થોડુંક હસ્યા.

'ભગત, હું તો મારા મિત્ર દિવ્યકાંતના લગ્નમાં જઇ રહ્યો છું, સ્મશાનમાં નહિ' શ્રીકાંતે કહ્યું.

'કેવા લગ્ન ને કેવી વાત ? જાઓ, ઝાટ જાઓ, નકર ગાડી ઉપડી જશે ને તમે મોડા પડશો' ઉકા ભગત આટલું જ બોલ્યા. તેમણે શ્રીકાંતને સ્ટેશન તરફ જવાનો ઇશારો કર્યો. ગાડી ઉપડી જાય, તે પહેલાં સ્ટેશને પહોંચી જવાની ઉતાવળ હતી, એટલે, શ્રીકાંતે ત્યાંથી પગ ઉપાડ્યા. વખતસર સ્ટેશને પહોંચ્યા, ટીકીટ લઇને ગાડીમાં બેઠા ને ગાડી ઉપડી પણ શ્રીકાંતના મનમાં ઉકા ભગતની સ્મશાનવાળી વાત એવી ભરાઇ ગઇ કે લગ્નમાં ભાગ લેવા જવાનો જે આનંદ હતો, તે લુપ્ત થઇ ગયો. દિલમાં એક

ધ્રાસકો પેસી ગયો.

ઉકા ભગતની ભવિષ્યવાણી શ્રીકાંતના અંતરને સતાવી રહી. ગાડી તો એની હંમેશની ગતિથી ચાલી રહી હતી. પણ તેમને લાગ્યું કે ડ્રાઇવર આજે ગાડીને બહુ ધીમી ગતિથી ચલાવી રહ્યો છે ! આખરે શહેર આવ્યું. ગાડી કરીને શ્રીકાંતે, દિવ્યકાંતના ઘર તરફ દોટ મૂકી. ત્યાં પહોંચતા જ, લગ્નના ગીતને બદલે મૃત્યુના મરશિયા તેમને સાંભળવા મળ્યા ! લગ્નના દિવસે જ, ફક્ત બે જ કલાકની અણધારી માંદગીમાં દિવ્યકાંતનો આત્મા દિવ્યધામ તરફ ચાલ્યો ગયો હતો.

ડોકટરો તો દસ ભેગા થયા હતા. પણ દિવ્યકાંતની બિમારીનો તાગ એ લોકો કાઢી શકે, તે પહેલાં જ દિવ્યકાંતનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું.પેલા ઉકા ભગતની ભવિષ્યવાણી સાચી પડી હતી. લગ્નમાં મહાલવાને બદલે, શ્રીકાંતને સ્મશાનમાં જવું પડ્યું.

મિત્રના મૃત્યુ પછી શ્રીકાંત પોતાના ગામે પાછો આવ્યો, તે દરમિયાન, તેના મનમાં એક જ વિચાર ઘોળાયા કર્યો. આ ઉકા ભગત પાસે એવી તે કઇ વિદ્યા છે, જેના પરિણામે તેઓ આવી સત્ય ભવિષ્યવાણી ઉચ્ચારી શક્યા ? 'આ વિદ્યા તો અતિ અદ્‌ભૂત છે. એવી શક્તિ જો પ્રાપ્ત કરી શકાય, તો જિંદગી સફળ થઇ જાય !' આવી ઇચ્છા શ્રીકાંતના મનનો કબજો લઇને બેસી ગઇ.

તપાસ કરતાં શ્રીકાંતને એટલું જાણવા મળ્યું, કે ઉકા ભગત મેલડી માતાના ઉપાસક હતા અને વાર-તહેવાર તથા ટાંણેકટાણે તેમના મોઢામાંથી સરતી ભવિષ્યવાણી સાચી પડતી હતી. ભવિષ્ય-કથન કહી શકવાની શક્તિ મેળવવાની પ્રબળ ઉત્કંઠા શ્રીકાંતમાં જાગી ગઇ. ઉકા ભગત પાસેથી, આ વિદ્યા, ગમે તેમ કરીને પ્રાપ્ત કરવી એવો એમણે નિશ્ચય કર્યો.

ભગતનું સરનામું મેળવીને શ્રીકાંત, ઉકા ભગતના ગામ તરફ જવા નીકળી પડ્યા. ત્યાં પહોંચીને, જે વાસમાં ઉકા ભગત રહેતા હતા, ત્યાં તેઓ પહોંચી ગયા, 'ભગતનું ખોરડું કયું એવું કોઇને પૂછે તે પહેલાં જ, બાજુમાં આવેલી ઝૂંપડીના બંધ બારણાની પાછળથી એક અવાજ આવ્યો :-

'આવો આવો, શ્રીકાંતભાઇ, આવો તમે આવ્યા ખરા !'

શ્રીકાંતના આશ્ચર્યની અવધિ ના રહી. આ માણસ શું સર્વજ્ઞ છે ? ઝૂંપડીમાં બેઠો બેઠો બંધ બારણાની પાછળથી નામ લઇને બોલાવે છે ! ભગતનાં વહુએ ઝૂંપડીનું બારણું ખોલ્યું. શ્રીકાંત અંદર ગયા.

'કાઢી નાંખો, શ્રીકાંતભાઇ, એ વિચારને તમારા મનમાંથી કાઢી નાંખો, તમારા જેવાનું એમાં કામ નથી.' ઉકા ભગત ગંભીરતાથી બોલ્યા.

'ભગત, મારે એ વિદ્યા મેળવવી છે' શ્રીકાંત બોલ્યો.

'મને ખબર છે. એ વિના તમે અહીં દોડ્યા ન આવો ! પણ એમાં તમારે પડવા જેવું નથી, તમારું એ કામ નહિ, જેવા આવ્યા છો, એવા પાછા જાઓ. જે કરતા હો તે કર્યા કરો.'

ભગત ના પાડતા ગયા, તેમ તેમ શ્રીકાંત મક્કમ બનતો ગયો.

'મારે તો એ વિદ્યા મેળવવી જ છે. પાછો જવા માટે આવ્યો નથી. ``कार्य साधयामि वा देहं पातयामि'' મટી જાઉં એ હા, પણ હવે તો એ વિદ્યા મેળવ્યે જ છૂટકો. શ્રીકાંત તો જીદ પકડીને ત્યાં બેસી જ ગયો.

'પણ શ્રીકાંતભાઇ, એમાં ભારે મોટી હિંમતની જરૂર પડશે. દિલમાં જરા ફડકો પેઠો, કે બીક લાગી, તો પછી જીવનું જોખમ છે.' ભગતે કહ્યું.

'હિંમતનો અભાવ નથી. બીક તો હું રાખતો જ નથી. વીતરાગ પ્રભુનું શરણું છે. તમે તમારે મને રસ્તો બતાવો.' શ્રીકાંતે જવાબ આપ્યો.

શ્રીકાંતના મોઢા સામે થોડી વાર ઉકા ભગત જોઇ રહ્યા. પછી બોલ્યા : 'ભાઇ, આ તો મેલી વિદ્યા. અમે રહ્યા મિથ્યાત્વી લોક ! અમને બધું પાલવે, તમારાથી નહિ ખમાય.'

'મેલી હોય કે ઘેલી, મારે એ વિદ્યા મેળવવી જ છે.' મક્કમપણે શ્રીકાંતે ફરીથી જવાબ આપ્યો.

ઉકા ભગત થોડુંક હસ્યા, પછી બોલ્યા : 'ઠીક ત્યારે,

હું લખાવું એ બધી ચીજ વસ્તુઓ બજારમાંથી લઇ લેજો. મંતર તો નાનો અમથો છે. અમાસની રાતે, બરાબર બાર વાગે, અહીંના સ્મશાનમાં પહોંચી જજો, હું બતાવું એ રીતે બધી વ્યવસ્થા કરી ને, પછી મંતર ભણવા માંડજો. ભડકામણને બીવરામણ ઝાઝી થશે. બ્હીને નાસવા માંડશો તો તમારું મડદું જ ત્યાં પડશે. નહિ નાસો, મક્કમ રહેશો, તો એક કલાક પછી. 'માગ, માગ, માગે તે આપું' એવો અવાજ તમે સાંભળશો. પણ એ અવાજ સાંભળો કે તરત જ માગશો નહિ, એને કહેજો કે રૂબરૂ હાજર થાય નહિ, દર્શન ના આપે, ત્યાં સુધી માગીશ નહિ. ઉજળાં ધોળાં લુગડામાં, માણસના આકારે, એ હાજર થશે. એંધાણી એ, કે ત્યારે ત્યાં દેવતા પ્રગટાવ્યો હશે, એના અજવાળામાં એનો પડછાયો પડશે નહિ. બસ, પગ ધરતીથી દોઢ વેત ઉંચા હોય ને પડછાયો ના પડતો હોય, તો સમજી લેજો, કે એ પોતે હાજરાહજુર છે, પછી માગી લેજો.' શ્રીકાંતે ખીસ્સામાંથી ડાયરી અને ફાઉન્ટન પેન કાઢ્યાં. અને બોલ્યા: 'લખાવો. ચીજ વસ્તુનાં નામ લખાવો.'

'પણ શ્રીકાંતભાઇ, મારું માનો, એમાં જીવનું જોખમ છે. વળી તમારા જેવા ઉજળીયાત વરણનું આ કામ પણ નહિ. જવા દ્યો, વાત પડતી મૂકો. ભગતે ફરીથી શ્રીકાંતને વિનંતી કરી. પણ ભવિષ્યકથન કરવાની શક્તિમાં શ્રીકાંતનું દિલ એવું તો ચોંટી ગયું હતું, મધમાં માખી ચોટે તેમ ! એમણે પોતાની જીદ ના છોડી. ભગતે પછી, તેમને ખરીદી લાવવાની વસ્તુઓનું લીસ્ટ કરાવ્યું. એની વિધિ સમજાવી. પછી શ્રીકાંતના કાન પાસે પોતાનું મોઢું લાવીને એક મંત્ર એમણે શ્રીકાંતના કાનમાં સંભળાવ્યો. 'આ તો બધું બહુ સહેલું કામ છે.' શ્રીકાંત હર્ષથી બોલી ઉઠ્યો. જવાબમાં ભગત ફરીથી હસ્યા. અમાવસ્યાની અંધારી રાત્રે શ્રીકાંત સ્મશાનમાં પહોંચી ગયો. ભગત પાસેથી મળેલી સૂચના અનુસારની બધી ચીજો તેઓ સાથે લાવ્યા હતા. લાકડાંનો ઢગલો કરી, તેમાં અગ્નિ પેટાવ્યો અને તેમાં ઘી હોમતાં મંત્રોચ્ચાર એમણે શરૂ કર્યો.

દસ જ મિનિટમાં, ભયંકર ચિચિયારીઓ સંભળાવા લાગી. ચિત્રવિચિત્ર અવાજો આવવા લાગ્યા. જે કુંડાળું વાળીને શ્રીકાંત બેઠા હતા, તેની બહાર હાડકાંનો વરસાદ પડવા લાગ્યો. ચારે બાજુ રુધીરની છોળો ઊડવા લાગી. ડાકીનીઓ ને શાકીનીઓના હોંકારા, પડકારાને ડાકલા વાગવા લાગ્યા.

કાચો પોચો હોય, તો હૃદય જ બંધ પડી જાય, એવી ભયાનક પરિસ્થિતિ ઉભી થઇ ગઇ. પણ શ્રીકાંત કાચા દિલનો માણસ નહોતો, વજ્રહૃદયી અને દ્રઢનિશ્ચયી એ માણસની નજર, પ્રાપ્ત થનારી સિદ્ધિ ઉપર હતી. એણે એ બધા તોફાનની કશી પરવા કરી નહિ. જરા પણ ગભરાયા વિના એણે મંત્રોચ્ચાર અને ઘીનો હોમ ચાલુ જ રાખ્યો. અડધા કલાકમાં તો તોફાને માઝા મૂકી દીધી, એક તરફથી વિકરાળ પાડાઓ ધસી આવતા દેખાયા. બીજી તરફથી સંખ્યા બંધ સર્પના ફૂંફાડા સંભળાવવા લાગ્યા. સિંહની ગર્જનાઓ સંભળાવવા લાગી. પ્રકૃતિએ તાંડવ મચાવ્યું હોય, એવા મૃત્યુનાદોની પરંપરા શ્રીકાંતના કર્ણપટલને ભેદવા લાગી, પણ એ ડર્યો નહિ, ડગ્યો નહિ.

`कार्यं साधयामि वा देह पातयामि' એવો સંકલ્પ કરીને આવેલા એ બહાદુર માણસે, જરા પણ થડક્યા વિના, મંત્રોચ્ચારની ક્રિયા, પૂર્ણ સ્વસ્થ અને એકાગ્ર રહીને ચાલુ જ રાખી. મિનિટ પસાર થઇ, હાડકાંઓનો ઢગલો અદ્રશ્ય થવા લાગ્યો. રુધીરથી છંટાએલી ભૂમિનો મૂળ રંગ પાછો પ્રગટ થયો. હાકોટા બંધ થયા, ડરામણું વાતાવરણ બદલાયું. એને બદલે હવામાંથી અત્તરની ખુશ્બુ આવવા લાગી. દૂર દૂરથી, ઘંટ વાગતો હોય તેવો અવાજ આવવા લાગ્યો. સંગીતના સંખ્યાબંધ વાજિંત્રો ચારે તરફ વાગવા લાગ્યાં.

બરાબર એક કલાકની મુદત પૂરી થતાં જ, ઉકા ભગતે કહ્યું હતું તેમ, પાછળની દિશામાંથી, આકાશમાંથી આવતો હોય તેવો, મધુર પણ પ્રતાપી અવાજ આવ્યો.

'માગ, માગ, માગે તે આપું.'

'મારી સામે હાજર થા' શ્રીકાંતે હવે સિંહની જેમ ગર્જના કરી.'

'હાજર થવાનું શું કામ છે ? જોઇએ તે માગી લો' જવાબ આવ્યો.'

'પ્રત્યક્ષ થા, હાજરાહજુર મારી સામે આવીને ઉભો

રહે, તું હાજર નહિ થાય, ત્યાં સુધી હું માંગવાનો નથી.' શ્રીકાંતે કહ્યું.

'તમે છળી મરશો, મારું રૂપ બિહામણું છે.'

'પરવા નહી.'

'દાઝી જશો, મારા અંગમાંથી આગ ઝરે છે.

'ફિકર નહિ.'

'રૂબરૂ જોવાનો આગ્રહ છોડી દો. એમાં તમારું અહિત થશે.'

'આવવું હોય તો આવ, ના આવવું હોય તો તારી મરજી.' આટલું બોલીને શ્રીકાંતે મંત્રોચ્ચાર પુનઃ ચાલુ કર્યો.

'બંધ કરો, મંત્રોચ્ચાર બંધ કરો.' ઉપરથી અવાજ આવ્યો.

'તો પછી રૂબરૂ હાજર થા' શ્રીકાંતે આજ્ઞા કરી.

'મારે આવવું હોય, તો પણ મારાથી આવી શકાય તેમ નથી.' જવાબ મળ્યો.

'કેમ ?'

'તમારી આસપાસ તેજનું જે કુંડાળું દેખાય છે, એને પહેલાં સંકેલી લો, જવાબ મળ્યો.'

શ્રીકાંતે વિસ્મિત બનીને જોયું, તો કોઇ અદ્‌ભૂત પ્રકાશનું કુંડાળું એની આસપાસ ગોળ ચક્કર ફરી રહ્યું હતું. આ પ્રકાશના કુંડાળાની વાત ઉકા ભગતે શ્રીકાંતને કહી નહોતી. થોડોક વિચાર કરીને શ્રીકાંતે જવાબ આપ્યો -

'આ પ્રકાશનું કુંડાળું, તે પણ તારી જ માયા છે, સમેટી લે.'

'એ મારી માયા નથી.'

'તો પછી એ શું છે ?' શ્રીકાંતે પૂછ્યું.

'તમે નવકાર મંત્રના આરાધક છો ?' સામે પ્રશ્ન પૂછાયો.

'હા. પણ તેથી શું ?'

'એ મહા-પ્રભાવક મંત્ર છે. એનું આ તેજ છે. એ મારાથી ઝીલાશે નહિ. એને સમેટી લ્યો, તો હાજર થાઉં.' અંતરિક્ષમાંથી જવાબ મળ્યો.

'એ કુંડાળું મેં સર્જાવ્યું નથી, એને સમેટી લેવાનો ઉપાય શો ?'

'જીંદગીભર નવકાર મંત્રને યાદ નહિ કરવાની પ્રતિજ્ઞા લઇ લો. એ મંત્રના આરાધક સામે ઊભા રહેવાની મારામાં શક્તિ નથી. તમે પ્રતિજ્ઞા ઉચ્ચારો, એટલે તુરત જ તેજનું આ કુંડાળું અદ્રશ્ય થઇ જશે, એ અદ્રશ્ય થશે, પછી હું હાજર થઇ શકીશ, હાજર થઇને તમારી મનોકામનાને હું પૂર્ણ કરીશ. પ્રતિજ્ઞા લઇ લ્યો. નવકાર મંત્રની આરાધના, રટણ, સ્મરણ કે ઉચ્ચારણ હવે પછી જિંદગીમાં તમે નહિ કરો, એવી પ્રતિજ્ઞા, ખુદ નવકાર મંત્રના સોગન ખાઇને લઇ લ્યો.' અંતરિક્ષમાંથી આવતા આ અવાજને શ્રીકાંત સાંભળી રહ્યો. નવકારમંત્રનું ઉચ્ચારણ નહિ કરવાની પ્રતિજ્ઞા લેવાનું, પેલો 'મેલો દેવ' એને કહી રહ્યો હતો. એવી પ્રતિજ્ઞા લેવામાં આવે તો જ તેમનું કુડાળું અદ્રશ્ય થાય. તો જ પેલો ત્યાં હાજર થઇ શકે.

શ્રીકાંત વિચારે ચડી ગયો, નવકાર મંત્રનો આ પ્રભાવ ?' મનોમન તે બોલી રહ્યો. એનો વિચાર-પ્રવાહ ચાલુ થઇ ગયો. પાછો ફરીથી અવાજ આવ્યો.

તમારે સિદ્ધિ જોઇએ છે ને ? નવકાર મંત્રનું રટણ છોડી દેવાની પ્રતિજ્ઞા નહિ લો, ત્યાં સુધી મારાથી પ્રત્યક્ષ થઇ શકાશે નહિ. પ્રત્યક્ષ થયા સિવાય એ સિદ્ધિ હું તમને આપી નહિ શકું. 'શ્રીકાંતે જવાબ ના આપ્યો.'

'જલદી કરો, પ્રતિજ્ઞા લઇ લ્યો. અદ્‌ભૂત સિદ્ધિ પ્રાપ્ત કરવાનો આ અપૂર્વ અવસર જતો ના કરશો.'

શ્રીકાંત ચૂપ જ રહ્યો, એનું દિલ ગદગદ થઇ ગયું, 'અહો, નવકાર મંત્રનો આવો, અપૂર્વ ચમત્કાર છે ? અદભૂત સિદ્ધિ આપવાની શક્તિ ધરાવતો આ દેવ પણ, એના પ્રભાવ સામે, લાચાર બની ગયો છે !' શ્રીકાંતના મનમાં વિચારધારા ચાલી. 'હું કેવો મૂર્ખ ? મહામૂર્ખ ! નવકાર મહામંત્રનું રટણ હું બચપણથી જ કરતો આવ્યો છું છતાં, એના મહાપ્રભાવથી હું અજ્ઞાન જ રહ્યો ! ને આવી એક તુચ્છ લૌકિક શક્તિ મેળવવા, મેં આવો ભીષણ પુરુષાર્થ આદર્યો !'

શ્રીકાંતનું અંતર રડી ઊઠ્યું.

'પ્રતિજ્ઞા લો, પ્રતિજ્ઞા લો, જલ્દી કરો. હાથમાં આવેલા અવસરને જતો ના કરશો, જિંદગીભર પસ્તાશો. ઉપરથી ફરી વાર અવાજ આવ્યો.'

શ્રીકાંતનું મૌન છૂટ્યું નહિ. પ્રતિજ્ઞા લઉં, તો તો જન્મોજન્મનો પસ્તાવો જ મારા ભાગ્યમાં આવે. એ વિચારી રહ્યો.

'વિચાર ના કરો, આવી તક ફરી વાર નહિ સાંપડે.' પુનઃ અવાજ આવ્યો. પણ શ્રીકાંતનું લક્ષ્ય તો હવે શ્રી નવકાર મંત્રમાં જ સ્થિર થઇ ગયું. આવો મહાપ્રભાવક મંત્ર, જેનાથી આ દેવ પણ ડરે, આવા મહામંત્રનો હાથે કરીને જ અગ્નિ સંસ્કાર કરવાનો !' શ્રીકાંતના અંતરના ઊંડાણમાંથી આ જવાબ આવ્યો. ના, ના બોર લેવા માટે કલ્લું કાઢી આપવાની આ વાત છે. એ નહિં બને, કદી પણ નહિ બને. આવી એક કરોડ સિદ્ધિઓ મળતી હોય, તો પણ નવકાર મંત્રનો ત્યાગ કરવાની મૂર્ખતા, મારાથી થાય જ નહિ. શ્રીકાંતના અંતઃકરણમાં આ નિશ્ચય થઇ ગયો.

'ત્યારે હું જાઉં ?' પેલા મેલા દેવે પૂછ્યું.

એને હવે કશો જવાબ આપવાની જરૂર શ્રીકાંતને જણાઇ નહિ. એ ચૂપ રહ્યો. નવકાર મંત્રના જાપ એણે ત્યાં જ, સ્મશાનમાં ચાલુ કરી દીધા.

'સ્વામી મને આજ્ઞા આપો, જવાની અજ્ઞા આપો. આપની આજ્ઞા નહિ મળે, ત્યાં સુધી હવે મારાથી ચસકી શકાશે નહિ. કૃપા કરો, મારા પર દયા કરો. ચાલ્યો જા એટલા બે શબ્દો બોલો. પેલો દેવ હવે કાકલુદી કરી રહ્યો હતો.

'ચાલ્યો જા.' શ્રીકાંતે આજ્ઞા કરી.

રાતભર શ્રીકાંત ત્યાં બેસી રહ્યો. નવકાર મહામંત્રના જાપ, ત્યાં બેઠાં બેઠાં, તે કરતો જ રહ્યો એના આત્માને સમાધિભાવ ત્યાં સાંપડી ગયો. સૂર્યનારાયણનાં કિરણોએ શ્રીકાંતના શરીરને સ્પર્શ કર્યો ત્યારે એણે પોતાનાં નેત્રો ખોલ્યાં. ચારે તરફ પુષ્પો વેરાયેલાં પડ્યાં હતાં. એના ગળાની આસપાસ પુષ્પની માળા વિંટળાયેલી હતી. પ્રસન્નવદને ત્યાંથી ઊઠીને એણે ગામ તરફ ચાલવા માંડ્યું, ત્યારે ગગનમાંથી આવતો દિવ્ય નાદ, વાતાવરણને પણ પ્રફુલ્લિત બનાવી રહ્યો હતો.

**–પૂ.પં. શ્રી અભયસાગરજી મ.સા.**

## નવકાર પ્રત્યેની શ્રદ્ધામાં વધારો કરતી ત્રણ પ્રેરક સત્ય ઘટનાઓ

હમણાં થોડાં સમય પહેલા જ સૂરતમાં **પૂ.આ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.** ની પાવન નિશ્રામાં ચિ. નેહાની પુનિત પ્રવજ્યા પ્રસંગે **પૂ.શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપનું સુંદર આયોજન થયું હતું. મારું મોટું સદ્‌ભાગ્ય એ રહ્યું કે સૂરતના એ નવકાર જાપમાં **પૂ.શ્રી જયંતભાઇ 'રાહી'** સાથે જવાની મને સુવર્ણ તક મળી. સૂરતના આ જાપ પ્રસંગે નવકાર પ્રભાવના જે ત્રણ કિસ્સાઓ મને જાણવા મળ્યા તે સુજ્ઞ વાચકો માટે અત્રે પ્રસ્તુત કરતાં હૈયામાં અત્યંત આનંદ ઉભરાય છે.

સૂરતના નવકાર જાપમાં અમને કાગળના અગ્રગણ્ય વેપારી **શ્રી કીર્તિભાઇ**નો પરિચય થયો. આ કીર્તિભાઇએ ગત્ વર્ષે સૂરતમાં પુર આવ્યા તે પહેલા પોતાના સદ્‌ગત પિતાશ્રીના આત્મશ્રેયાર્થે **પૂ.શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપનું આયોજન કર્યું હતું. જેમાં સૂરતના લોકોની ભારે મેદની ઉમટી હતી. **શ્રી કીર્તિભાઇ**ના જણાવ્યા પ્રમાણે સૂરતમાં એ વિનાશકારી પુર આવ્યા અને ઘણી જાન-માલની નૂકસાની થઇ. સૂરતવાસીઓ આ આફતથી અત્યંત ભયભીત બની ગયા હતા. સૂરતમાં શ્રી કીર્તિભાઇનું જે ગોડાઉન છે તેમાં હજારો ટન કાગળો રાખવામાં આવ્યા હતા. જેમાં પાણી આવી જાય તો લાખો રૂપિયાની નૂકસાની થાય તેમ હતું. આ આફત સમયે તેમના માતુશ્રીએ કહ્યું કે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**નું નવકાર જાપ અનુષ્ઠાન હતું તે પ્રસંગનો વાસક્ષેપ આપણી પાસે છે તે તું લઇ શીઘ્ર ગોડાઉનમાં જા અને ત્યાં નવકારનું સ્મરણ કરતાં કરતાં ચારે બાજુ છાંટી દે. અને પછી ઘરે આવી બધા જ નવકારની આરાધનામાં લાગી જાવ. આપણું સંકટ અવશ્ય દૂર થશે તેવી મને શ્રદ્ધા છે. શ્રી કીર્તિભાઇએ પોતાના માતુશ્રીની આજ્ઞા મુજબ તે

કાર્ય ખૂબ જ ઝડપથી અને શ્રદ્ધાપૂર્વક પૂર્ણ કર્યું. એ પછી તો સૂરતમાં સમુદ્રની જેમ પુરના પાણી ફરી વળ્યા. મોટા ભાગના વિસ્તારો પાણીથી ડૂબી ગયા. પરંતુ કીર્તિભાઇનું જે વિસ્તારમાં ગોડાઉન હતું. તે ગોડાઉનમાં પાણીનું એક ટીપું પણ ન પ્રવેશ્યું. આને તમે દૈવી ચમત્કાર ગણો કે નવકાર આરાધનાનું ફળ ગણો પણ કીર્તિભાઇનો હજારો ટન કાગળનો જથ્થો બચી ગયો અને તેઓ લાખોની નૂકસાનીમાંથી ઉગરી ગયા. આમ નવકાર મંત્રનો પ્રતાપ અને પ્રભાવ કેવો છે તે કીર્તિભાઇના આ કિસ્સાથી ફલિત થયું. તમને નવકાર પર પૂર્ણ શ્રદ્ધા હોય, તમે નવકારનું શરણ સ્વીકાર્યું હોય પછી તમારા વિઘ્નો, સંકટો, આફતો ટકી શકે ખરા ? નવકાર જાપ અને નવકારની શ્રદ્ધાનો આ વિજય થયો તેનો આ કિસ્સો છે.

બીજો કિસ્સો પણ નવકારનો અચિંત્ય મહિમા દર્શાવતો અનેક લોકોને પ્રેરણા આપે તેવો અદ્‌ભૂત છે. સૂરતમાં શ્રી અશોકભાઇ વરાચ્છા રોડ જૈન સંઘના અગ્રણી છે. તેમના જ્યેષ્ઠ પુત્રના ગત્ વર્ષે લગ્ન થયા હતા. તેમનો આ સુપુત્ર અને તેના મિત્રો પિકનીક મનાવી ઉધના-મગદલ્લા રોડ ઉપર સ્કૂટર દ્વારા ઘરે આવી રહ્યા હતા. સ્કૂટર પર આવતા આ મિત્રોએ યુવાનીના જોશમાં સ્કૂટર રેસ શરૂ કરી. અશોકભાઇનો સુપુત્ર ફૂલસ્પીડથી સ્કૂટર ચલાવતો હતો ત્યારે અચાનક તેણે સ્કૂટર પરની બેલેન્સ ગુમાવી અને ત્યાં જ ભયંકર અકસ્માત થયો. અશોકભાઇનો તે પુત્ર સ્કૂટર પરથી જોરથી નીચે પછડાઇ પડ્યો. ધડાકા જેવો જબરજસ્ત અવાજ થવાથી આજુબાજુના લોકો એકત્ર થઇ ગયા. અને અશોકભાઇના સુપુત્રને લોહી નિંગળતી હાલતમાં બેહોશ પડેલો જોઇને તેઓએ તેને તાબડતોબ હોસ્પિટલમાં દાનલ કર્યો. ડૉક્ટરોએ તેની તાત્કાલિક સારવાર શરૂ કરી. પણ આ ભાઇને માથામાં સખત માર લાગવાથી તે કોમામાં સરી ગયો. અશોકભાઇ વગેરે સ્વજનોને આ અકસ્માતની ખબર પડતા તેઓ તુરત જ હોસ્પિટલમાં આવી પહોંચ્યા. ડૉક્ટરોએ તેમને કહ્યું કે અમે પૂરી કોશિષ કરીએ છીએ પરંતુ માથામાં સખત ઇજા થવાથી અને ઘણું લોહી વહી જવાથી પરિસ્થિતિ વિકટ છે. હવે તો ઇશ્વર જ તેને બચાવી શકે તેમ છે.

આ બાજુ અશોકભાઇએ શીઘ્ર **રાહી સાહેબ**ને મુંબઇ ફોન કરીને આ વિગત જણાવી. રાહી સાહેબે કહ્યું કે આવતીકાલે હું નવકાર જાપ માટે સુરત આવું છું ત્યારે તમારે ત્યાં જરૂર આવી જઇશ. હાલ તુરત તો અગાઉ નવકાર જાપમાં તમને આપેલ વાસક્ષેપનું પેકેટ તેના તકીયા નીચે રાખી દો. ઘરમાં પણ પરમાત્માની છબી સમક્ષ ધૂપ-દીપ કરી અખંડ નવકાર જાપ શરૂ કરો. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની સૂચના મુજબ ઘરના સર્વ સભ્યોએ ૨૪ કલાક અખંડ નવકાર જાપ શરૂ કર્યા. બીજે દિવસે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** સૂરત પહોંચ્યા અને શીઘ્ર હોસ્પિટલમાં આવ્યા. અને અશોકભાઇના સુપુત્રને માથે વાસક્ષેપ છાંટયો. ઘરના સર્વ સભ્યોને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**એ કહ્યું કે તમે કોઇ ફિકર-ચિંતા ન કરો. તમારા સુપુત્રને કંઇ થવાનું નથી. તે જલ્દી સ્વસ્થ બની જવાનો છે. આમ અશોકભાઇને અને તેમના પરિવારના સભ્યોને આશ્વાસન આપીને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** હોસ્પિટલના દાદરા ઉતરવા લાગ્યા. એટલામાં તો ચમત્કાર થયો. બે દિવસથી કોમામા સરી પડેલા અશોકભાઇના સુપુત્રે આંખો ઉઘાડી. તે ભાનમાં આવ્યો અને પાણી માંગ્યું. અશોકભાઇ અને તેમના પરિવારજનોને ભારે ખુશી થઇ. તેમણે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ને તાબડતોબ પાછા બોલાવ્યા. તે દીકરાએ **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ને જોઇ તેમને પ્રણામ કર્યા. અને ઘરે પધારવા આગ્રહ કર્યો. ડૉક્ટરોને પણ સમાચાર આપવામાં આવ્યા અને તેઓ પણ આવી પહોંચ્યા. તેમણે ફરી અશોકભાઇના દીકરાને તપાસ્યો અને કહ્યું કે ખરેખર આ ચમત્કાર ગણી શકાય. તમારા દીકરાને પૂર્વવત થવાની શક્યતા નહિવત જ હતી. પરંતુ હવે કોઇ ચિંતાનો વિષય નથી. હજુ તેને બે-ત્રણ દિવસ તેને અહીં જ અમારી નજર હેઠળ રાખવો પડશે. બે કે ત્રણ દિવસ પછી ઘરે જવા અમો રજા આપીશું. તમારી બધાની ચિંતા હવે ટળી ગઇ છે. તે હવે તદ્‌ન ભયમૂક્ત છે.

અશોકભાઇ અને તેમનો પરિવાર ગદ્‌ગદીત થઇ ગયો. તેમણે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** નો ખૂબ ખૂબ આભાર માન્યો. આમ નવકારનો પ્રભાવ અને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની વચનસિદ્ધિ જોઇને મારું મસ્તક તેમના ચરણે નમી

પડ્યું. ખરેખર નવકારનું શરણું લેનારનું દુનિયાની કોઇ તાકાત કશું જ બગાડી શકે તેમ નથી. તે આ સત્ય ઘટના પૂરવાર કરે છે.

ત્રીજી ઘટના પણ એટલી જ પ્રેરક અને લોકોના હૃદયમાં નવકારમંત્ર પ્રત્યેની શ્રદ્ધા સવિશેષ સુદૃઢ કરનારી છે. આ કિસ્સો **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના સંગીત શિષ્યનો અને મારા મિત્રનો છે. મારા એ મિત્રના લગ્ન થયાને આ ઠેક વર્ષ થયા હતા. સૂરતના એ નવકાર જાપમાં મારા એ મિત્ર સાથે જ હતા. મુંબઇથી સુરતની મુસાફરી દરમિયાન અમે ઘણી ઘણી વાતો કરી. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** પણ અમારી સાથે વાતચિતમાં જોડાયા હતા. તેમણે આ મિત્રના કુટુંબ-પરિવાર અને સુખ-શાંતિની પણ પૃચ્છા કરી. અને પૂછ્યું પણ ખરું કે તારે સંતાનમાં શું છે ? **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના આ પ્રશ્નથી મારા મિત્રનું મોઢું પડી ગયું. તે રડવા જેવો થઇ ગયો. તેણે કહ્યું કે સાહેબ, અમારો પરિવાર આમ તો બધી રીતે સુખી છે. પરંતુ મારે ત્યાં શેર માટીની ખોર છે. સંતાન નથી અમે ઘણી દવાદારૂ-સારવાર કરાવી પણ તેનો કોઇ ફાયદો થયો નથી. અમારો સમગ્ર પરિવાર આ કારણથી દુ:ખી છે. અને મને પણ તેનો રંજ સતત રહ્યા કરે છે. સ્વજન-સગાવહાલા પણ જાત જાતની સલાહ આપે છે. અને હવે તો હું ખરેખર કંટાળી ગયો છું. અને આ માટેની વાત પર જ મેં પૂર્ણ વિરામ મૂકી દીધું છે. કોઇ ડૉક્ટર કે વૈદ્ય-હકીમ પાસે જવાનું બંધ કર્યું છે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** એ તેની વાત શાંતિ ચિત્તે સાંભળી અને તેના માથે હાથ મૂકીને કહ્યું કે જો ભાઇ, આવતીકાલે સૂરતમાં આપણા નવકાર જાપ છે. આ જાપ તું ભાવપૂર્વક કરજે. અને જ્યારે ત્રીજો સંકલ્પ સિદ્ધિનો મણકો આવે ત્યારે બે હાથ જોડી સંકલ્પ કરજે કે હું રોજની પાંચ બાધા પારાની માળાનો જાપ કરીશ. આ પ્રયોગ તું અખંડ ચાલું રાખજે. અને તેનું પરિણામ સારું જ આવશે એવી શ્રદ્ધા પણ તારા હૈયામાં રાખજે. તારું કાર્ય થવાનું જ છે તેમાં કોઇ શંકા રાખતો નહિ.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની સૂચના મુજબ એ મિત્રે ભાવપૂર્વક નવકાર જાપ કર્યા. પાંચ બાંધી માળા રોજ ગણવાની પ્રતિજ્ઞા લીધી. અને તે પ્રમાણે તે નવકારમય બનવા લાગ્યો. આ વાતને થોડા દિવસો જ વિત્યા હશે ત્યાં તે મિત્રનો **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ઉપર ફોન આવ્યો કે સાહેબ, આપના આશીર્વાદ ફળ્યા છે. મારા ધર્મપત્નીને દિવસો રહ્યા છે. નવકાર મંત્રના પ્રતાપે મારી મનોકામના હવે પૂર્ણ થશે. એ પછી તો એ પતિ-પત્ની સજોડે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના ઘરે આશીર્વાદ લેવા પણ આવ્યા. અને આમ મારા મિત્રનું દુ:ખ દૂર કરવામાં નવકાર મંત્રે મહત્વનો ભાગ ભજવ્યો.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ની વચન સિદ્ધિ જોઇ મને ખરેખર સાનંદાશ્ચર્ય થયું. **પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સાહેબ** હંમેશા કહેતા હતા કે નવકારના સાધકને વચનસિદ્ધિ સહજ રીતે પ્રાપ્ત થાય છે. તેનો પ્રત્યક્ષ પૂરાવો **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના મુખેથી નીકળતા વચનોમાં જોવા મળે છે. ધન્ય છે નવકારના આ પરમ સાધકને અને ધન્ય છે તેમની નવકારની અવિરત સાધનાને...!

**–હર્ષ પ્રકાશ દેઢિયા (ઘાટકોપર)**

## અને કોમામાં પડેલ ડૉક્ટરે પૂર્વવત સ્વસ્થતા પ્રાપ્ત કરી...

સકલ વિશ્વમાં નવકાર મંત્રનો પ્રભાવ અને પ્રતાપ કેવો પ્રર્વતે છે અને નવકાર પર શ્રદ્ધા રાખનાર પર આવી પડેલ આફત કેવી રીતે દૂર થાય છે તેની એક સત્ય ઘટના અત્રે પ્રસ્તુત છે.

૪૫ વર્ષના ચાઇલ્ડ સ્પેશ્યાલીસ્ટ **ડૉ. કિશોરભાઇ ચુનીલાલ ગાંધી** સાવરકુંડલાના વતની છે. છેલ્લા થોડા વર્ષોથી કલકત્તામાં મેડીકલ પ્રેકટીસ કરે છે. કલકત્તામાં ભવાનીપુર અને બડાબજારમાં તેમની કન્સ્લ્ટીંગ રૂમ-ડિસપેન્સરી આવેલી છે. સેવાપરાયણ સ્વભાવને લીધે તેઓ ગરીબ માણસની ફી પણ લેતા નથી. કલકત્તામાં તેઓ ઘણા જ લોકપ્રિય છે. ધર્મે જૈન હોવાથી તેમને નવકાર મંત્ર ઉપર ભારે શ્રદ્ધા છે.

આ વાત બે વર્ષ પહેલાની છે. તેઓની ડિસપેન્સરીમાં ૧૪ વર્ષની એક છોકરી પેશન્ટ તરીકે આવી. ડૉક્ટરે તેને તપાસવા લીધી. એટલામાં તો તેનું હાર્ટ બંધ પડી ગયું.

ડૉક્ટરે જોયું કે આ છોકરીમાં હવે કંઇ રહ્યું નથી. તેથી નવકાર મંત્રનું સ્મરણ કરી તે છોકરીને પમ્પીંગ કરવા લાગ્યા અને મોઢેથી અને નાકેથી શ્વાસોશ્વાસ આપવા લાગ્યા. ડૉક્ટરના આ પ્રયાસોએ ચમત્કાર સર્જયો. છોકરીની નાડી ફરી શરૂ થઇ ગઇ. શ્વાસોશ્વાસ ચાલવા લાગ્યો. અને મૃત ગણાતી તે છોકરીને પૂર્નજીવન મળ્યું. થોડી સારવારના અંતે તે છોકરીને તેમણે ઘરે જવાની રજા આપી.

આ બાજુ તે છોકરીને મોઢેથી શ્વાસ આપવાના કારણે ડૉ. કિશોરભાઇને તેનું ઇન્ફેકશન લાગી ગયું. ત્રણ દિવસ પછી આ ડૉક્ટર સખત તાવમાં પટકાયા. નબળાઇ ખૂબ આવી ગઇ. વજન ઘટવા લાગ્યું તાવ તો ઉતરવાનું નામ પણ લેતો ન હતો. પોતે ડૉક્ટર હોવાથી શરૂઆતમાં તો તેમની જાણકારી મુજબ દવા વગેરે લીધી. પણ તેનો કોઇ ફાયદો થયો નહિ. એ પછી કલકત્તાના નામાંકિત ડૉક્ટરને બતાવ્યું અને તેમને કલકત્તાની ખ્યાતનામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. અહીં તેમના પર ઘણાં ટેસ્ટીંગ કરવામાં આવ્યા. અને સારવાર ચાલુ રાખવામાં આવી. પરંતુ ડૉ. કિશોરભાઇને થયેલ રોગનું કોઇ નિદાન થઇ શક્યું નહિ. દિવસે દિવસે તેમની તબિયત બગડતી ચાલી. અને વધતા તાવને લીધે તેઓ કોમામાં સરી પડ્યા. અહીંના ડૉક્ટરોએ તેમના બધા રિપોર્ટ મુંબઇની સુપ્રસિદ્ધ હોસ્પિટલને મોકલ્યા અને આ ડૉક્ટરને કેમ બચાવવા તે માટે તેમની સલાહ માંગવામાં આવી.

અહીં કોમામાં સરી પડેલ ડૉ. કિશોરભાઇને તેમના સ્વર્ગસ્થ માતુશ્રી લાભુબેનના દર્શન થયા. તેમણે હસતા હસતા કહ્યું કે તારે મારી પાસે આવવાની જરૂર નથી. હજુ તારે તો અહીં રહી ઘણાં લોકોની સેવા કરવાની છે. કુટુંબનું ધ્યાન રાખવાનું છે. તું જલ્દી સારો થઇ જવાનો છો. કોઇ જાતની ચિંતા કર્યા વિના હવે તું નવકારનું શરણ લે. નવકારના પ્રભાવથી જ તું પૂર્વવત થઇ જવાનો છો.

આમ ડૉકટરને સ્વપ્નમાં તેમના સ્વર્ગસ્થ માતુશ્રીના દર્શન થયા અને તેમના આશીર્વાદ મળ્યા. એ દરમિયાન મુંબઇ મોકલેલા આ ડૉક્ટરના રિપોર્ટના તારણો આવી ગયા. તેમાં સ્પષ્ટ થયું કે પેલી છોકરીને શ્વોસોશ્વાસ આપવાથી જ તેમને આ બિમારી લાગુ પડી છે. અને મુંબઇની હોસ્પિટલે સૂચવેલ સલાહ પ્રમાણે તેની સારવાર શીઘ્ર શરૂ કરાઇ અને એક અઠવાડીયામાં તો ડૉ. કિશોરભાઇ કોમામાંથી બહાર આવી ગયા. તેમની તબિયત ધીરે ધીરે નોર્મલ થવા લાગી અને ૨૧મા દિવસે તો તેમને હોસ્પિટલમાંથી ઘરે જવાની રજા મળી.

આમ નવકારના પ્રભાવે મૃત્યુના મુખમાંથી ડૉ. કિશોરભાઇનો અદ્‌ભૂત બચાવ થયો. આ ઘટનાથી તેમની અને તેમના પરિવારની નવકાર પ્રત્યેની શ્રદ્ધા વધી. ડૉ. કિશોરભાઇએ તો એ પછી સર્વ સ્વજનો, મિત્રોને પોતાના તરફથી સમ્મેતશિખર આદિ તીર્થોની યાત્રા પણ કરાવી.

**–પ્રફુલ્લભાઇ ગોસલીયા (ડોંબીવલી)**

## નવકારે જ મારા જીવનમાં નવા પ્રાણ પુર્યા...

**પૂ. શ્રી જયંતભાઇ ‘રાહી’**ના નવકાર જાપના પ્રતાપે મારા જીવનમાં જે કેટલીક એવી ઘટનાઓ બની છે તેને હું કદાપિ ભૂલી શકું તેમ નથી.

જ્યારથી ચેમ્બુર તીર્થમાં હું નવકાર જાપમાં આવું છું ત્યારથી અને તેમાંય છેલ્લા એક વર્ષથી અમારા જીવનમાં આવતી આપત્તિ કે ઉપાધિનો મને અગાઉથી ભાસ થયા કરે છે. અને એમાં ચેમ્બુર તીર્થની નવકાર પિઠિકા માટે આપે આપેલ ચાંદીના નવકાર મંત્રની પૂજા પૂર્ણ કરતી વેળાએ જ મને આવો ભાસ થયા વિના રહેતો નથી. જેના કારણે અમારા પરિવારમાં બનેલ ઘટનાઓ વિષે અહીં હું જણાવવા માંગુ છું.

મારો સુપુત્ર સાયનમાં મેડિકલ અભ્યાસ કરે છે. તે સાયન કારમાં જઇ રહ્યો હતો. ત્યારે બાંદરા પાસે તેને ઓચિંતી જોરદાર છીંક આવતા તેણે કારના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો અને અમારી એ કાર રોડ ડિવાઇડર સાથે અથડાઇને ઉંધી પડી ગઇ. આજુ બાજુના લોકોએ દોડી આવીને મારા સુપુત્રને કારમાંથી સહિસલામત બહાર કાઢ્યો. કાર ઊંધી પડવા છતાં મારા સુપુત્રને કોઇપણ જાતની

ચોટ કે ઇજા થઇ ન હતી. તે વાતનું સૌને આશ્ચર્ય થયું. એ દિવસે નવકારમંત્રની આરાધના પૂર્ણ કરી ત્યારે મારો સુપુત્ર સાયન જઇ રહ્યો હતો. ત્યારે મે તેને કહ્યું કે આજે તું ટ્રેન કે ટેક્ષીમાં જ સાયન જા. કાર લઇને નહિ જા. મને અકસ્માતનો ભય લાગે છે. પરંતુ આજની યુવાપેઢી આવી વાતોમાં માને ખરી ? મારા સુપુત્રે મને કહ્યું, 'મમ્મી ! તું ખોટી ગભરાય છે. રોજ તો હું કાર લઇને જ જાઉં છું. મને કંઇ થતું નથી તો પછી આજે પણ કશું થવાનું નથી. તું મનમાંથી ખોટો વહેમ કાઢી નાખ. અને મને હસતા મોઢે રજા આપ. અને એ પછી મારી સંમતિ લઇને એ ચાલ્યો ગયો. અને પછી આ અકસ્માતના મને સમાચાર મળ્યા. અમારી કારને સારું એવું નુકસાન થયું પરંતુ નવકારના પ્રભાવે મારો સુપુત્ર સુખરૂપ રહ્યો, બચી ગયો. તેથી મેં નવકાર મૈયાનો ખૂબ ખૂબ આભાર માન્યો !

બીજી ઘટનામાં મારા પતિ શેરબજારનું કામ કરે છે. થોડા સમય પહેલા સેન્સેક્ષ ઉંધા પાટે પડ્યો. એના અઠવાડિયા પહેલા મેં તેમને ચેતવ્યા હતા કે હમણાં આ કાર્યમાં તમે પૂરેપૂરી સાવધાની અને લિમિટ રાખજો. જોકે મારા પતિએ મારી કોઇ વાતની ક્યારેય હાંસી ઉડાવી નથી. મારી વાત બરાબર સાંભળે છે અને મારી સલાહ પણ સ્વીકારે છે. પરમાત્માની એ રીતે મારાપર મોટી મહેર ગણી શકાય. મારા પતિએ મારી સલાહ પ્રમાણે શેર બજારનું કામ ઘણું ખરું પતાવી દીધું. અને પછી શેરબજારમાં જે ઉથલ પાથલ થઇ તેમાંથી અમે બચી ગયા. જો તેમણે મારી સલાહ ન માની હોત તો અમને લાખો-કરોડોની નૂકસાની થઇ હોત. કદાચ ઘર-મકાન-ઓફિસ કાર વગેરે વેચવાનો વારો પણ આવ્યો હોત ! આમ નવકારના પ્રભાવે મારા પતિ પર આવતી મોટી આફતમાંથી અમે સૌ બચી ગયા. અને આ ઘટનાથી તો અમારા પરિવારમાં સૌની નવકાર પ્રત્યેની શ્રદ્ધામાં સવિશેષ વધારો થયો. છેલ્લા ત્રણ માસથી તો દર બેસતા મહિને મારી સાથે મારા પતિ અને સુપુત્રો ચેમ્બુર તીર્થમાં નવકાર જાપમાં આવે છે અને ભાવપૂર્વક નવકાર જાપ કરે છે તેનો મને અત્યંત આનંદ છે.

ત્રીજી ઘટનામાં મારા વીસ વર્ષે લગ્ન થયા હતા. ત્યારથી આજ સુધી જ્યારે ડિસેમ્બર મહિનો આવે એટલે મને સતત આશંકા થાય કે આપણું કંઇ અહિત થશે. આપણા પર કંઇ આપત્તિ આવશે. અને હકીકતમાં ડિસેમ્બર મહિનો અમારા માટે અપશુકનીયાળ બનીને જ આવે. છેલ્લા ત્રીસ વર્ષનો મારો અનુભવ કહું તો ડિસેમ્બર મહિનામાં અમારા પરિવારમાં કોઇની બિમારી કે સ્વજનોમાં કોઇનું આકસ્મીક મૃત્યુ કે બીજી કોઇ ઘટના બને બને ને બને જ. મારા પતિ અને મારા બાળકો પણ ડિસેમ્બર મહિનો આવવાનો હોય ત્યારે મને હંમેશા ટકોર કરે કે 'મમ્મી ! ડિસેમ્બર મહિનો આવી રહ્યો છે !' અને આ સાંભળી કોણ જાણે મારા આખા શરીરમાં કંપારી આવી જાય ! પરંતુ જ્યારથી મેં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપ અનુષ્ઠાન શરૂ કર્યા ત્યારથી ડિસેમ્બર મહિનાનો ભય મારા મનમાંથી નીકળવા લાગ્યો. આપશ્રી નવકાર જાપમાં હંમેશા કહો છો કે તમે કદી નવરા ન બેસો. સમય મળે તમે **'શ્રી અરિહંત, શ્રી અરિહંતનું'** સતત રટણ કરતા રહો અને પછી તેનો ચમત્કાર પણ જોઇ લો. તમારી આફતના ચૂરેચૂરા થઇ જશે.' તમારા વિઘ્નો નાસી જશે અને તમારા સંકટો નષ્ટ થઇ જશે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**એ કહેલ આ વાક્ય મેં આત્મસાત કરી લીધું છે. મારા હૃદયમાં આ બ્રહ્મવાક્ય કાયમી કંડારાઇ ગયું છે. અને આપને જણાવતા મને આનંદ થશે કે છેલ્લા ત્રણ મહિનાથી હું ડિસેમ્બરની વાત જ ભૂલી ગઇ છું ! એટલું જ નહિ ડિસેમ્બર મહિનામાં મારા મોટા દીકરાને ત્યાં સુંદર પુત્રરત્નનો જન્મ થયો છે. વળી આજ ડિસેમ્બર મહિનામાં મારો પરિવાર આર્થિક રીતે વધુ સદ્ધર બને તેવી બે-ત્રણ ઘટના બની છે. આવી આવી શુભ ઘટનાઓ અને તેય ડિસેમ્બર મહિનામાં બની આને નવકારના આરાધકોને સદા સદૈવ સહાય કરતાં અનેક દેવ-દેવીઓની અપરંપાર કૃપા નહિ તો બીજું શું કહેવું ? આવી તો અનેક પ્રેરક ઘટનાઓ મારા જીવનમાં બની રહી છે. મારા પિતાતૂલ્ય નિઃસ્પૃહી એવા **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** એ સમગ્ર મુંબઇમાં નવકાર મંત્રની જે જેહાદ જગાવી છે અને એ જેહાદમાં મારા જેવા

અનેક જીવો તરી ગયા છે. નવકાર જ આપણું ખરું સુખ, સમૃદ્ધિ અને ગતિ છે એ વાતમાં મને હવે કોઇ શંકા કે સંદેહ નથી.

**–એક બહેન (મુંબઇ)**

## વૈર વિસર્જક, મૈત્રી સર્જક શ્રી નવકાર મહામંત્ર

શંખેશ્વર તીર્થમાં નમસ્કાર મહામંત્રના પરમ આરાધક, અધ્યાત્મયોગી, અજાતશત્રુ **પ.પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.** આદિ પૂજ્યોની શુભ નિશ્રામાં નવકાર મહામંત્રના આરાધક આત્માઓનું એક ત્રિદિવસીય સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. એમાં ત્રીજા દિવસે રાત્રે નવકાર વિષે પ્રશ્નોત્તરી ગોઠવવામાં આવી હતી. વિવિધ જિજ્ઞાસુઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના મારે પ્રત્યુત્તરો આપવાના હતાં.

રાત્રે લગભગ ૧૧ વાગ્યે પ્રશ્નોત્તરી કાર્યક્રમ પૂર્ણ થતાં સભાનું વિસર્જન થયુ. બધા જ શ્રોતાઓ સ્વસ્થાને ચાલ્યા ગયા, પરંતુ એક ભાઇ ત્યાં જ બેઠાં હતા. સભાના વ્યવસ્થાપકે તેમને પૂછ્યું, 'તમારે હજી કંઇ પૂછવું છે ?' આ સાંભળતાં જ પેલા ભાઇ કંઇક આવેશમાં આવીને કહેવા લાગ્યા. 'મારે કાંઇ જ પૂછવું નથી, પરંતુ ફક્ત એટલું જ કહેવું છે કે મહેરબાની કરીને તમે સહુ આવાં ધતીંગ બંધ કરો. તમે લોકોએ ત્રણ દિવસમાં નવકાર મંત્રના મહિમા વિષે જ ભાષણો ઠોક્યા છે તે બધુ હંબગ છે. નવકાર મંત્રમાં હાલના જમાનામાં આવો કોઇ જ પ્રભાવ નથી, આ વાત હું મારા જાત અનુભવના આધારે છાતી ઠોકીને કહું છું...!' અણધાર્યા આવા શબ્દો સાંભળીને વ્યવસ્થાપક ભાઇ તો ડઘાઇ જ ગયા. છેવટે તેઓ એ ભાઇને મારી પાસે લઇ આવ્યા અને બધી હકીકત જણાવી.

મને પણ આ કેસનું સંશોધન કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. મેં એ ભાઇને પ્રેમપૂર્વક પૂછ્યું 'તમે મને જણાવી શકશો કે તમે અત્યાર સુધીમાં કઇ કઇ રીતે નવકારની આરાધના કરી અને કેટલા નવકાર ગણ્યા ?' પ્રત્યુત્તરમાં પેલા ભાઇએ પોતાના હાથ દેખાડતાં મને કહ્યું, 'આ જુઓ, ૩૬ વર્ષથી નવકાર ગણતાં ગણતાં મારાં આંગળીના ટેરવાં ઘસાવા લાગ્યાં ! પ્રાચીન હસ્તલિખિત પ્રતો વગેરેમાં દર્શાવેલ તથા મહાત્માઓ પાસેથી સાંભળેલ એવી કોઇ પ્રક્રિયા બાકી નથી કે જે મેં ૩૬ વર્ષની સાધના દરમ્યાન અજમાવી ન હોય ! અરે, શિયાળામાં કડકડતી ઠંડીમાં ઠંડા પાણીમાં ઊભા રહીને તથા ઉનાળામાં ચારે બાજુ અગ્નિના તાપ વચ્ચે રહીને પણ મેં નવકાર જાપના પ્રયોગો કર્યા છે. પરંતુ પરિણામ શૂન્ય જ આવ્યું છે. ન તો મને કોઇ ચમત્કાર અનુભવાયો છે કે ન તો માનસિક શાંતિનો પણ અનુભવ થયો છે...! એટલે જ કંટાળીને, ૩૬ વર્ષ પૂર્વે માતા પાસેથી જે શંખેશ્વર દાદાની સમક્ષ નવકારમંત્ર હું શીખ્યો હતો તે આજે દાદાને પાછો આપવા માટે જ હું અહીં આવ્યો છું. માટે મહેરબાની કરીને નવકારમંત્રના મહિમા વિષે હવે વધારે કંઇ પણ ઉપદેશ આપશો નહીં...!'

આ સાંભળીને ક્ષણવાર તો હું પણ ચકિત થઇ ગયો. નવકાર મહામંત્રના પ્રભાવ વિષે મને પૂરેપૂરી શ્રદ્ધા હતી તો બીજી બાજુ ૩૬ વર્ષની સાધના છતાં પરિણામ શૂન્યતાનું દૃષ્ટાંત પણ મારી સામે પડકારરૂપ હતું.

મેં મનોમન ગુરુદેવનું શરણું લઇ નવકારનું સ્મરણ કર્યું અને બીજી જ ક્ષણે મારા મનમાં એક વિચાર ઝબકી ગયો કે, 'આ ભાઇએ બાહ્ય વિધિઓ તો ઘણી કરી છે પણ અભ્યંતર વિધિમાં ક્યાંક કચાશ હોવી જોઇએ, તે વિના આવું બને જ નહિ.'

એ કચાશ (નબળી કડી) શોધી કાઢવા માટે મેં તેમના વ્યાવહારિક જીવન વિષે થોડી પૂછપરછ કરી. તેમાં એમના નાનાભાઇની વાત નીકળતાં જ તેઓ એકદમ આવેશમાં આવી ગયા અને કહેવા લાગ્યા કે, 'એ હરામખોરનું નામ પણ મારા મોઢે બોલાવશો નહિ. નાની ઉંમરમાં અમારા માતા-પિતા ગુજરી જતાં મેં મોટાભાઇ તરીકે મારું કર્તવ્ય સમજીને તેનું પાલન-પોષણ કર્યું. ભણાવી-ગણાવી ધંધે ચડાવી લગ્ન કરાવી આપ્યાં. પરંતુ લગ્ન પછી પોતાની પત્નીની ઉશ્કેરણીથી પ્રેરાઇને તેણે મારી પાસેથી વધુ મિલકત પડાવવા માટે કોર્ટમાં કેસ માંડ્યો છે. એ નાલાયકે બધા ઉપકારોને ભૂલી જઇને મારી ઉપર અપકાર કર્યો છે. એટલે

હવે તો હું ય એને છોડીશ નહિ. મેં પણ એની સામે કેસ માંડ્યો છે. મારું ગમે તે થાય પણ એક વાર તો એને બરાબર બોધપાઠ આપીશ કે કેટલી વીસીએ સો થાય છે....' ઇત્યાદિ આવેશમાં ઘણું બોલી ગયા પછી એ ભાઇનો આક્રોશ કંઇક શાંત થયો ત્યારે મેં તેમને કહ્યું કે, 'હવે આપણે મૂળ વાત ઉપર પાછા આવીએ. જુઓ તમે ભલે ૩૬ વર્ષમાં ઘણીય વિધિઓ કરી છે. પરંતુ હવે હું બતાવું તે વિધિપૂર્વક માત્ર છ જ મહિના તમે નવકારની આરાધના કરો અને તેનું પરિણામ જો ન દેખાય તો પછી તમે નવકાર દાદાને સોંપી દેજો. તેની સાથે હું પણ નવકાર છોડી દઇશ...!!!'

જો કે પાછળથી આ વાત મેં **પૂ. ગુરુદેવ શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.** પાસે રજૂ કરી ત્યારે તેમણે મને ઠપકો આપતાં કહ્યું કે, 'આપણાથી નવકાર છોડી દેવાની વાત ન કરાય. પેલા ભાઇનો કોઇ નિકાચિત કર્મોદય હોય અને તેને ફાયદો ન દેખાય તો શું તું પણ નવકાર છોડી દેત !' આમ કહી તેમણે મને પ્રાયશ્ચિત્ત પણ આપ્યું. પરંતુ શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેની અનન્ય શ્રદ્ધાથી જ મારાથી આ પ્રમાણે બોલી જવાયું હતું. મને પૂર્ણ ખાતરી હતી કે બાહ્ય તથા અભ્યંતર વિધિ બરાબર જાળવીને નવકારની આરાધના કરવામાં આવે તો તેનું પરિણામ અચૂક દેખાય !

પેલા ભાઇએ કહ્યું, 'મને લાગે છે કે નવકાર આરાધનાની પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ બધી જ વિધિઓ મેં અજમાવી લીધી છે. એટલે તમે જે વિધિ બતાવશો તે પણ મેં કરી જ લીધી હશે. માટે નાહક આગ્રહ ન કરો. કાંઇ વળવાનું નથી !''

મેં કહ્યું, 'મને ખાતરી છે કે હું બતાવવા માંગું છું એ વિધિ તમે નહિ જ કરી હોય. અને એ વિધિ જો તમે કરશો તો તમને નવકારની આરાધનાનું પરિણામ અચૂક મળશે જ. પરંતુ છ મહિના સુધી નિયમિત રીતે એ વિધિ કરવાનું તમે મને વચન આપો તો જ એ વિધિ હું તમને બતાવી શકું.'

મારી આવી ખાત્રીપૂર્વક વાત સાંભળી પેલા ભાઇએ વિચાર્યું કે ૩૬ વર્ષ નવકાર ગણ્યા તો ચાલો છ મહિના હજી પણ ગણી લઉં. અને તેમણે કહ્યું કે, 'ભલે તમે કહેશો તે પ્રમાણે છ મહિના હું હજી પણ નવકારની આરાધના કરવા તૈયાર છું.'

મેં કહ્યું, 'આમ તો એ વિધિ સરળ છે છતાં પણ મને શંકા છે કે વિધિ સાંભળ્યા પછી કદાચ તમે એ વિધિ કરવા તૈયાર નહિ થાઓ...'

પેલા ભાઇએ કહ્યું કે, 'હું ખાતરી આપું છું કે તમે એ વિધિ બતાવશો તે પ્રમાણે છ મહિના સુધી હું જરૂર કરીશ જ...!'

...અને છેવટે મેં વિધિ બતાવતાં કહ્યું 'જુઓ વિધિ બે પ્રકારની હોય છે, એક બાહ્ય વિધિ, બીજી આભ્યંતર વિધિ. ચોક્કસ દિશા, સ્થાન, આસન, માળા, મુદ્રા, ધૂપ દીપ, વગેરે બાહ્ય વિધિમાં આવે, જ્યારે સર્વ જીવરાશિ પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ આદિ ભાવનાઓથી ભાવિત અંતઃકરણ વગેરે આભ્યંતર વિધિમાં ગણાય. તમે અત્યાર સુધીમાં બાહ્ય વિધિઓ તો અનેક પ્રકારની અજમાવી છે પણ તેની સાથે જે આભ્યંતર વિધિનો સુમેળ સધાવો જોઇએ. તેમાં કચાશ રહી ગઇ હોવાથી તમારી સાધના નિષ્ફળતામાં પરિણમી છે. નવકાર મંત્રમાં જે પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરીએ છીએ. તેમને જગતનાં જીવમાત્ર સાથે મૈત્રીભાવ હોય છે. એટલે જ્યાં સુધી આપણું ચિત્ત પણ સમસ્ત જીવરાશિ સાથે મૈત્રીભાવથી અધિવાસિત ન બને, એકાદ પણ જીવ સાથે દુશ્મનાવટનો ભાવ કે વેરનો બદલો લેવાની વૃત્તિ કામ કરતી હોય ત્યાં સુધી પંચ પરમેષ્ઠિ ભગવંતોની કૃપાને ઝીલવાની પાત્રતા આપણામાં આવી શકતી નથી. પાત્રતા વિના સાધનામાં સફળતા શી રીતે મળે ? માટે મારી તમને સર્વ પ્રથમ ભલામણ છે કે તમે તમારા નાનાભાઇ સાથે હાર્દિક ક્ષમાપના કરી લ્યો.'

આટલું સાંભળતાં જ પેલા ભાઇ પુનઃ કાંઇક આવેશમાં આવીને કહેવા લાગ્યા, 'નહિ, નહિ, એ કદાપિ નહિ બની શકે. વાંક એનો અને હું શા માટે ખમાવું ? હું ખમાવવા જાઉં તો તો એનું જોર ખૂબ વધી જાય. અમે તો અચાનક રસ્તામાં સામસામે ભેગા થઇ જઇએ તો પણ અમારી આંખો કતરાય અને જુદી શેરીમાં ફંટાઇ જઇએ. ત્યાં ખમાવવાનું શી રીતે શક્ય બની શકે ? વળી કદાચ તમારા

કહેવાથી હું ખમાવવા જાઉં તો પણ એ તો ખમાવવાનો નથી જ, બલકે ન સાંભળી શકાય તેવા શબ્દો જ સંભળાવવાનો છે. માટે મહેરબાની કરીને આ બાબતનો આગ્રહ તમે ન રાખો તો સારું...'

મેં કહ્યું, 'જુઓ, મેં તમને પહેલેથી જ કહ્યું હતું કે હું બતાવીશ તે વિધિ સરળ હોવા છતાં તમે કદાચ નહિ કરી શકો. છતાં તમે ખાતરી આપી ત્યારે જ મેં આ મહત્ત્વની વાત તમને જણાવી છે. હવે જો તમને આ કરવામાં નાનાભાઇ તરફથી ક્ષમા મળવાની શક્યતા ન જ જણાતી હોય તો એક બીજી વિધિ તમને બતાવું છું તે તમારે અચૂક કરવી જોઇએ. એમાં તમારે નાનાભાઇ પાસે જઇને ખમાવવાની વાત નહિ આવે. પરંતુ એ વિધિ પ્રમાણે કરવાનું વચન આપો તો જ હું તમને વિધિ બતાવું. પેલા ભાઇ સંમત થયા ત્યારે મેં કહ્યું, 'ભલે તમે નાનાભાઇ પાસે જઇને ક્ષમા ન માંગી શકો તો પણ હૃદયમાં તેના પ્રત્યે બદલો લેવાની તીવ્ર વાસના છે. તેનું શક્ય તેટલું વિસર્જન કરીને, દરરોજ સવારે જાપ કરતી વખતે પ્રભુજીના ફોટાની બંને બાજુએ તમારા ભાઇ અને ભાભીના ફોટાને રાખીને એવી પ્રાર્થના કરો કે-'હું જે જાપ કરું છું તેનું જે ફળ હોય તે મારા ભાઇ-ભાભીને મળો !...' બસ, આ પ્રાર્થના કરીને તમારે શક્ય તેટલી એકાગ્રતાપૂર્વક એક બાંધી માળાનો જાપ નિયમિત રીતે ૬ મહિના સુધી કરવો. અને દર ૧૫ દિવસે મને અચૂક પત્ર લખીને તમને જે કાંઇ પણ અનુભવ થાય તે મને જણાવવા.'

પેલા ભાઇ વચનબદ્ધ હોવાથી થોડી આનાકાની પછી છેવટે આમ કરવા તૈયાર થયા. એકબીજાનું સરનામું લઇ અમે બંને છૂટા પડ્યા !!!

...૧૫ દિવસ પછી પેલા ભાઇનો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે 'તમોએ બતાવેલી વિધિ પ્રમાણે જ રોજ નિયમિત જાપ કરું છું પણ હજી ખાસ કાંઇ જ અનુભવ થયો નથી.'

મેં પ્રત્યુત્તર લખ્યો, 'વાંધો નહિ, ફળ માટે અધીરા બન્યા વિના વિધિવત્ જાપ ચાલુ રાખો.'

ફરી વીસેક દિવસ બાદ તેમનો પત્ર મળ્યો, જેમાં લખ્યું હતું, 'થોડા દિવસથી મને વિચાર સ્ફૂર્યા કરે છે કે, હે જીવ, તારા નાનાભાઇ ઉપર શા માટે ગુસ્સો કરે છે. એનો કાંઇ વાંક નથી. લગ્ન થયા પહેલાં તો એ ખૂબ આદરપૂર્વક વર્તતો હતો. લગ્ન બાદ પત્નીની ઉશ્કેરણીથી જ તેનું વર્તન બદલાયું છે. માટે ભાભીનો વાંક ગણાય પરંતુ ભાઇ તો નિર્દોષ છે માટે એના પ્રત્યે દ્વેષ રાખવો ઉચિત નથી..'

મેં લખ્યું, 'સારી વાત છે. પ્રાર્થના અને જાપ ચાલુ રાખજો...'

પંદરેક દિવસ બાદ ફરી તેમના પત્રમાં લખ્યું હતું કે, 'હવે મને એમ થાય છે કે ભાભી ઉપર પણ દ્વેષ રાખવા જેવો નથી. દરેક જીવ કર્મને આધિન છે. વળી હે જીવ ! તેં પૂર્વ ભવોમાં એમના પ્રત્યે વિપરીત વર્તન કર્યું હશે માટે આજે એમને તારા પ્રત્યે આવું વર્તન કરવાનું મન થાય છે. એટલે હકીકતમાં વાંક તારો જ છે. બીજા કોઇનો જ નહિ. માટે કોઇના ઉપર પણ દ્વેષ રાખવા જેવો નથી...'

મેં લખ્યું, 'ખૂબ આનંદની વાત છે, તમારી નવકાર સાધના હવે સમ્યક્ થઇ રહી છે. આ જ રીતે પ્રાર્થના-જાપ ચાલુ રાખજો.'

ફરી કેટલાક દિવસો બાદ એટલે કે મેં દર્શાવેલી વિધિ પ્રમાણે પ્રાર્થના-જાપ શરૂ કર્યાને લગભગ ચારેક મહિના થયા, ત્યારે પેલા ભાઇનો ૨૨ પાના ભરેલો વિસ્તૃત પત્ર મારા પર આવ્યો...! જેનો ટૂંકો સારાંશ નીચે મુજબ છે.

ખરેખર તમારો આભાર માનવા માટે મને કોઇ જ શબ્દો જડતા નથી. તમોએ દર્શાવેલ વિધિ પ્રમાણે નવકારની સાધના કરતાં આજે સગા ભાઇઓ વચ્ચે વર્ષોથી ઊભી થયેલી દીવાલ સંપૂર્ણ રીતે દૂર થઇ ગઇ છે, મારા આનંદનો આજે પાર નથી. વાત એમ બની છે કે થોડા દિવસ અગાઉ મને નવકારના પ્રભાવે અંતઃસ્ફૂરણા જાગી કે હે જીવ ! જો ખરેખર તને એમ સમજાય છે કે ભાઇ-ભાભીનો કાંઇ જ વાંક નથી, તારા જ કર્મોનો વાંક છે તો પછી ભાઇ-ભાભી સાથે અબોલા તથા કોર્ટકજિયા શા માટે જોઇએ ? નાહક દુનિયાને તમાશો જોવા મળે, સમય અને સંપત્તિની બરબાદી થાય તથા ભવોભવ વેરની પરંપરા ચાલે, એ શું ઇચ્છવા યોગ્ય છે ? માટે હે જીવ ! ગમે તે થાય પણ તું સામે ચાલીને તારા નાના ભાઇ-ભાભીને ખમાવી લે. તારા હૃદયના શુદ્ધ પશ્ચાતાપની જરૂર એમના પર અસર થશે

અને પંચ પરમેષ્ઠિ ભગવંતોની કૃપાના અચિંત્ય પ્રભાવે સહું સારાં વાનાં થશે...' અને મારી આ ભાવના મેં મારા ધર્મપત્નીને જણાવતાં પ્રત્યુત્તર મળ્યો કે, 'મને પણ છેલ્લા કેટલાક દિવસથી આવા જ વિચારો આવતા હતા. પરંતુ તમને આવી વાત ગમશે કે કેમ એમ શંકા થતી હતી. તેથી તમને જણાવી શકી નથી. પરંતુ આજે તમારા મુખેથી આવી વાત સાંભળીને મને ખૂબ જ આનંદ થયો છે.'

આમ નવકારના પ્રભાવે અમારા બંનેની વિચારણા એકસરખી થયેલી જોઇ મેં કહ્યું, 'ચાલો ત્યારે તૈયાર થઇએ ધરમનાં કામમાં ઢીલ કેવી...? અને અમે બંને નાના ભાઇ-ભાભીના ઘરે જઇને તેમને ખમાવવા માટે અમારા ઘરમાંથી બહાર પગ મૂકવાની તૈયાર કરતા હતા ત્યાં જ શેરીમાં રમવા ગયેલો અમારો બાબો દોડતો દોડતો આવીને કહેવા લાગ્યો, 'પિતાજી, પિતાજી ! મારા કાકા-કાકી આપણા ઘરે આવી રહ્યા છે !'

મેં કહ્યું, 'બને નહિ, તારી સમજફેર થતી હશે એ તારા કાકા-કાકી નહિ, બીજા કોઇ હશે...! અથવા કાકા-કાકી હશે તો તેઓ બીજે ક્યાંક જઇ રહ્યા હશે. આપણા ઘરે તેઓ આવે નહિ...!'

બાબાએ કહ્યું, 'એ બીજા કોઇ નહિ પણ કાકા-કાકી જ છે, એટલું જ નહિ પરંતુ તેમણે પોતે જ મને કહ્યું છે કે તારા માતા-પિતાને જઇને ખબર આપ કે અમે તમારા ઘરે આવી રહ્યા છીએ !'

આ વાતચીત ચાલતી હતી ત્યાં જ મારા નાનાભાઇ-ભાભી ખરેખર અમારા ઘર તરફ જ આવી રહેલા જોવાયા. ક્ષણવાર તો હું સ્તબ્ધ થઇ ગયો અને વિચારવા લાગ્યો કે, 'આ હું શું જોઇ રહ્યો છું ! ખરેખર, આ સ્વપ્ન છે કે સત્ય !' મેં મારી જાતને ચૂંટી ખણી અને આ વાત સ્વપ્ન નહિ પણ સત્ય હોવાની ખાતરી કરી લીધી અને નાના ભાઇને ભેટવા માટે પગ ઉપાડ્યા...ત્યાં તો નાનો ભાઇ જ મારા પગમાં પડીને ધ્રુસકે ધ્રુસકે રડતાં કહેવા લાગ્યો, 'મોટા ભાઇ, મારો અપરાધ માફ કરો ! આપના અગણિત ઉપકારોને ભૂલી જઇને, સ્વાર્થાંધ બનીને પિતાતુલ્ય એવા આપની ઉપર મેં કોર્ટમાં કેસ માંડ્યો ! અરરર....! ધિક્કાર હો મને...! ઇત્યાદિ બોલતાં બોલતાં તેના ગળે ડૂમો ભરાઇ ગયો. ભાભીની આંખમાંથી પણ પશ્ચાત્તાપના આંસુઓનો શ્રાવણ ભાદરવો વરસી રહ્યો હતો. તેઓ પણ કહી રહ્યા હતા કે ખરેખર વાંક તો મારો જ છે. મારી ઉશ્કેરણીથી જ આપના નાના ભાઇએ આપની સામે કેસ માંડેલ છે. ખરેખર, પાપિણી એવી મેં સગા બે ભાઇઓ વચ્ચે ફૂટ પડાવી છે. ધિક્કાર હો મને !....'

મેં બંનેને બોલતાં અટકાવીને કહ્યું, 'તમારો વાંક નથી. વાંક મારો જ છે. 'છોરું કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય' એ કહેવતને ભૂલી જઇને વડીલ એવા મેંય તમારી સામે કેસ માંડ્યો છે. વડીલ તરીકેની મારી ફરજ અદા કરવામાં હુંય ભૂલ્યો છું. બહારથી અનેક પ્રકારની ધર્મ આરાધનાઓ કરવા છતાં અંદરથી હું પણ કષાયોની ગુલામીને છોડી શક્યો નથી. પણ આજે કોઇ ધન્ય પળે પંચ પરમેષ્ઠિ ભગવંતોની અચિંત્ય કૃપાથી અમને બંનેને અમારી ભૂલનું ભાન થયું છે અને અમે તમને ખમાવવા માટે આવવાની તૈયારી કરતા હતા, ત્યાં જ અણધાર્યા તમે બંને અહીં આવી પહોંચ્યા. ખેર, 'જાગ્યા ત્યાંથી સવાર અને ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણીએ' એ ઉક્તિ મુજબ ગઇ ગુજરી ભૂલી જઇને હળીમળીને રહેવાની શરૂઆત કરીએ'. કહ્યું છે ને કે, **'सुबह का भूला अगर शामको घर वापिस लौटता है तो वह भूला नहीं कहा जाता !'** હવે આજનું ભોજન આપણે સાથે મળીને અહીં જ કરીએ।..અને બંને દેરાણી-જેઠાણી સગી બેનની માફક હળીમળીને કંસાર બનાવવા લાગી. અમે બધાએ પ્રેમપૂર્વક એકબીજાને ખવડાવીને ખાધું.

ત્યાર બાદ નાના ભાઇએ કહ્યું, 'મોટા ભાઇ ! આપે મારા પર અનેક ઉપકારો કર્યા છે, તેમ હજી પણ એક ઉપકાર કરવાનો છે.'

મેં કહ્યું, 'મેં કશો ઉપકાર નથી કર્યો, માત્ર મારી ફરજ અદા કરવા પ્રયત્ન કર્યો છે અને હવે પછી પણ મારા જેવું કાંઇ પણ કાર્ય હોય તો વિના સંકોચે મને જરૂર જણાવજે.'

નાના ભાઇએ કહ્યું, 'આપ જાણો છો કે મારો પુત્ર હવે ઉંમરલાયક થયો છે. ઘણી કોશિષ કરવા છતાં પણ તેના માટે કોઇ કન્યા આપવા રાજી નથી માટે હવે આ કાર્ય આપે જ કરી આપવાનું છે.'

મેં કહ્યું, 'ભલે, હું પ્રયત્ન કરીશ' અને જણાવતાં આનંદ થાય છે કે અમારા બંને વચ્ચે પુનઃ સંપ થયાની વાત જોતજોતામાં ચોમેર પ્રસરતાં દશેક દિવસમાં જ સામેથી યોગ્ય કન્યાનું માંગું આવ્યું અને મેં તેનો સ્વીકાર કર્યો. બંનેના વેવિશાળ થવાની તૈયારી છે...!

ખરેખર તમે મને ન મળ્યા હોત તો અચિંત્ય ચિંતામણિ રૂપ નવકાર મહામંત્ર પરની શ્રદ્ધાને હું ખોઇ બેસત અને કોણ જાણે વેરની અગન જ્વાળામાં હોમાઇને મારો આત્મા કઇ દુર્ગતિનો અધિકારી બની જાત ! ખરેખર તમે મારા પરમ ઉપકારી ગુરુ છો ! મારે માટે તો સાક્ષાત્ ભગવાન છો !

મેં જવાબમાં લખ્યું કે, 'આ બધો પ્રભાવ તમે ૩૬ વર્ષોથી દ્રવ્યથી પણ જે નવકાર જાપ કર્યો તેનો છે. તેના પ્રભાવે જ તમને સંમેલનના સમયે જ શંખેશ્વરજીમાં આવવાની ભાવના થઇ. હું નિમિત્ત માત્ર છું. બાકી ખરો પ્રભાવ તો પંચ પરમેષ્ઠિ ભગવંતોની અચિંત્ય કૃપાનો જ છે. માટે હવે યાવજ્જીવ **શિવમસ્તુ સર્વજગતઃ**ની પ્રાર્થનાપૂર્વક ઉત્તરોત્તર ચડતા પરિણામે નવકારની સાધના ચાલુ રાખજો. એનાથી તમારો સર્વાંગીણ વિકાસ થશે...''

સર્વ જનો આ સત્ય ઘટનમાંથી પ્રેરણા પામીને, વેરનું વિસર્જન તથા જીવમૈત્રીનું સર્જન કરનારા નવકાર મહામંત્રની સમ્યક્ પ્રકારે સાધના કરીને દેવદુર્લભ માનવ ભવને સફળ બનાવો એ જ મંગલ કામના !

**—કિરણભાઇ (મુંબઇ)**

## રક્ષણહાર એક નવકાર

આ દુનિયામાં ઓસડ કે ઔષધિ જ મોટી ચીજ નથી, મોટી જો કોઇ ચીજ હોય, તો એ આસ્થા છે ! જેના અંતરમાં આસ્થા હોય, એના માટે પાણી પણ અમૃત જેવું કામ કરતું હોય છે, અને આસ્થા વિહોણા આદમીને માટે અમૃત પણ પાણી જેટલુંય કામ આપતું નથી હોતું. માટે એમ કહી શકાય કે, ઔષધિઓમાં પરમ ઔષધિ આસ્થા છે. જેની પાસે આસ્થાની મૂડી છે એ કેન્સર જેવી કઠોર વ્યાધિમાંથી ફરી બેઠો થઇને નિરોગી બની શકે છે. જેની પાસે આસ્થાનો અભાવ છે, એને શરદી જેવો સામાન્ય રોગ પણ સ્મશાનમાં પહોંચતો કરવા માટે પૂરતો છે ! આવી આસ્થા અને શ્રદ્ધા જો વળી યંત્ર-મંત્ર અને તંત્રના અધિરાજ સમા મહામંત્ર-નમસ્કાર પર હોય, તો તો એવા રોગીનો, દેહરોગની સાથે ભવરોગ પણ નાબૂદ થતાં બેડો પાર થયા વિના રહેતો નથી.

અહીં રજૂ થતી આ એક સત્યઘટનાના વાંચન પછી ઉપર મુજબનો ઉરબોલ હૈયામાં ઘૂમરાયા વિના નહિ જ રહે ! આ સત્ય ઘટનાનો સંબંધ રતનચંદ હેમચંદ નામની એક વ્યક્તિ સાથે સંકળાયેલો છે. સને ૧૯૫૦નો આ બનાવ છે. ત્યારે કોઇ ગોઝારી પળે રતનચંદ હેમચંદના ગળા પર એક ગાંઠે દેખા દીધી. થોડા જ વખતમાં એ ગાંઠના નિદાન તરીકે 'કેન્સર'નું દર્દ જાહેર થયું અને 'કેન્સર' એટલે તો 'કેન્સલ' ! રતનચંદના મોતિયા મરી ગયા. એમને ધોળે દિવસે તારા દેખાવા માંડ્યા. જીવનમાં ધર્મની જેણે આરાધના / રક્ષા કરી હોય, એને જ રક્ષવા આવી આપત્તિમાં ધર્મ હાજર થાય ! રતનચંદના જીવનમાં 'ધર્મ-શ્રદ્ધા'ના નામે મોટું મીડું હતું, એથી એમની દોટ દવાઓ અને દવાખાનાઓ તરફ મંડાઇ, પણ જેમ દવાઓ લેવાતી ગઇ, એમ કેન્સરની ગાંઠ વધુ ને વધુ વકરવા માંડી.

ભારતના ખ્યાતનામ બધા સર્જનોની મુલાકાતનું પરિણામ પણ જ્યારે સાવ શૂન્યમાં આવ્યું, ત્યારે રતનચંદની જીજીવિષા છેક અમેરિકા સુધી લંબાઇ અને ત્યાં પહોંચીને એમણે કેન્સર અંગેના અનેક ઉપચારો કર્યા. આ ઉપચારો પાછળ નવ લાખ રૂપિયા જેવી જંગી રકમને પાણીની જેમ વેર્યા પછી પણ જે ફલશ્રુતિ આવી, એ જોઇને જીવવાની તમામ આશા મૂકી દઇને રતનચંદ પુનઃ મુંબઇ આવ્યા.

મુંબઇના આગમન બાદ કોઇ એક અજબ ઘડી આવી અને શરણદાતા તત્ત્વ તરીકે મહામંત્ર નવકાર ઉપર રતનચંદની નજર કંઇક સ્થિર થઇ. આજ સુધી નવકાર તો ઘણા ગણ્યા હતા, નવકારના મહિમા અંગે આજ સુધી સાંભળ્યું પણ ઘણું ઘણું હતું, પણ એમાં શ્રદ્ધા વિશ્વાસનો જે

ભાવ આજ સુધી નહોતો ભળ્યો, એ આ ઘડીએ ભળ્યો અને એઓ વિચારી રહ્યા કે, આ દવાઓને દરિયામાં ફેંકી દઇને, હવે મહામંત્રના ખોળે જીવન ધરી દઇને શાંતિ-સમાધિથી મરવું શું ખોટું ? જીવનમાં જે શાંતિ-સમાધિ સ્વપ્ને પણ જોઇ ન હતી, એને મૃત્યુ ટાણે મેળવી લેવા એઓ મરજીવા બનીને મેદાનમાં પડ્યા.

સને ૧૯૫૦નો ફેબ્રુઆરી ૨૫નો દિવસ જાણે મોતનો સંદેશ લઇને ઉગ્યો હોય, એમ સૌને લાગવા માંડ્યું. રતનચંદનો ગળાનો ભાગ ફૂલીને એટલો સ્થૂલ થઇ ગયો કે, પાણીનું ટીપુંય અંદર જાય નહિ અને તરસ તો એવી ઉગ્ર બની કે, જાણે આખું સરોવર ગટગટાવી દેવા એ તૃષા ઝાંવા નાંખી રહી ! મુંબઇના જાણીતા કેન્સર-નિષ્ણાત ડૉ. ભરુચાને આ ચિન્હ અંતિમ-ઘડીના જણાતા, એમણે એનો અંદેશો નજીકના સગાઓને આપી દીધો. રતનચંદનેય એ અંદેશાનો અણસાર આવી ગયો. ડૉક્ટર વિદાય થયા અને રતનચંદે ઘટસ્ફોટ કરતા કહ્યું ‘આ દવાઓ બધી દરિયામાં નાખી આવો ! મારા મોઢા પર લાદવામાં આવેલી આ બધી પાઇપ-લાઇનો (નળીઓ) ઉખેડીને ઉકરડે ફેંકી દો ! દવાની એક ખાલી બોટલ પણ આ રૂમમાં હવે જોઇએ નહિ. આજ સુધી શાંતિ-સમાધિથી જીવન જીવવામાં તો હું અસફળ રહ્યો છું, પણ મારે હવે આ અસફળતાની આંધીમાં અટવાઇને મૃત્યુને બગાડવું નથી. મારી ઇચ્છા એવી છે કે, મહામંત્રના ખોળે આ જીવનનું સમર્પણ કરી દઇને હવે શાંતિથી મરવું ! હું હવે ઘડી બે ઘડીનો મહેમાન છું. એથી આ રૂમમાં હવે મારી અંતિમ-સાધનામાં વિક્ષેપ પાડવા કોઇ ફરકે પણ નહિ, એવી મારી ઇચ્છા છે. સાંભળ્યું છે કે, નવકારની નિષ્ઠાનું જે રક્ષણ કરે છે, તો એ નવકાર-નિષ્ઠનું રક્ષણ પણ કોઇ અગમ્યતત્વ કરે જ છે ! હવે કદાચ આ શય્યા મારી અંતિમ શય્યા પણ બની જાય, તો અત્યારથી જ સૌને **‘ખામેમિ સવ્વ જીવે અને મિત્તિ મે સવ્વ ભૂએસુ’**નો સ્નેહ-સંદેશ સુણાવી દઉં છું. જો જીવી જવાશે તો પછી આનાથીય વધુ હસતા હૈયે મળીશું અને મૃત્યુ અનિવાર્ય હશે, તો જ્યારે ૠણાનુબંધ જોડાશે ત્યારે ફરી મળાશે !

રતનચંદનો પરિવાર દર્દીના આ અરમાનને અમલી બનાવીને રૂમની બહાર ચિંતિત-ચહેરે ગોઠવાઇ ગયો. દવાઓના ભૂતપ્રેતથી અને નળીઓની ડાકણોથી મુક્ત બનેલા રતનચંદ કોઇ અલૌકિક અનુભૂતિ કરી રહ્યા. જીવનના છેડાને સુધારી દેવાનો એમનો આ નિર્ણય અણનમ અને વિરોચિત હતો. શરીરમાં શક્તિ નહોતી, છતાં મનમાં જાણે મક્કમતાનો મહાસાગર ભરતીએ ચડ્યો હતો. કોઇ જાતની માંગણી કે શરત વિના તેઓ નવકારના શરણાગત બની ગયા. **‘નમો અરિહંતાણં’** અને **‘સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ’** આ બે ધ્વનિ જાણે એના શ્વાસો-શ્વાસનો સાથે ઘૂંટાવા લાગ્યા. આ બે મંત્રોનો જાપ જેમ જેમ આગળ વધવા માંડ્યો, એમ એમ એ દર્દીની આસપાસ કોઇ અનેરી શાંતિ છવાતી ચાલી. જે દેહ પથારીમાં પણ આરામ માણી શકતો નહોતો, એ દેહ આ જાપની પળોમાં ટટ્ટાર રહેવા છતાં વેદનાના વેગને ઓછો થતો અનુભવવા માંડ્યો.

મહામંત્રના ચરણે-શરણે રતનચંદે એ રીતે શરણાગતિ સ્વીકારી હતી કે, જેમાં સ્થળ-કાળના ભેદ પણ ભૂંસાતા જતા હતા. જાપમાં ને જાપમાં સાંજ વીતી ગઇ તેમજ રાતનો પણ અડધો ભાગ પસાર થઇ ગયો અને દર્દીના દેહનો બધો રોગ જાણે એકઠો થઇને બહાર નીકળી જવા ઝાંવા નાંખી રહ્યો હોય, એની પ્રતીતિ કરાવતી એક એવી જોરદાર લોહીની ઉલટી થઇ કે, રતનચંદ એ ઉલટી થયા પછી કોઇ જુદી જ રાહત અનુભવવા માંડ્યા. એ ઉલટીમાં જાણે કાયાનું તમામ કેન્સર ધોવાઇને બહાર નીકળી ગયું હોય, એમ એમને લાગ્યું.

વહેલી સવારે રૂમનું બારણું રતનચંદે ખોલ્યું, ત્યારે બહાર તો ચિંતિત ચહેરાઓની લાઇન લાગી હતી. એમણે રાતે અનુભવેલ રાહતની વાત કરી અને થોડા કલાક બાદ કહ્યું કે, મને એમ લાગે છે કે, જે ગળું પાણીનું ટીપું ઉતારવાય તૈયાર ન હતું, એ હવે ગરમ દૂધ ઉતારવામાં માની જશે !

દૂધનો ગ્લાસ હાજર થયો. મહિનાઓ પછી આજે રતનચંદ ગરમ-દૂધનો એ ગ્લાસ ગટગટાવી ગયા. સૌ આશ્ચર્ય અનુભવી રહ્યાં. સ્મશાનના દરવાજેથી આ રીતે

જીવનના યૌવન-કાળમાં પ્રવેશતા દર્દીને જોઇને સૌ કોઇ મહામંત્રની અગમ્ય-શક્તિને ભક્તિથી પ્રણામ કરી રહ્યા. દવા-દારુને દેશવટો આપીને આસ્થાના આધારે-આધારે મહામંત્રના જાપમાં કલાકોના કલાકો સુધી ખોવાઇ જતા રતનચંદને જે મસ્તીનો અનુભવ થતો, એ એમનેય અવર્ણનીય કોટિનો જણાતો. **નમો અરિહંતાણં** અને **સર્વત્ર સુધી ભવંતુ લોકાઃ'** નો એ જાપ થોડા વધુ દિવસ ચાલ્યો અને રતનચંદના દેહમાં, કેન્સરની કોઇ અસર સમ ખાવા પૂરતીય ન રહી. પછી તો ફ્રુટ ઉપરાંત અનાજ પણ કેન્સર-ગ્રસ્ત એ ગળામાંથી નીચે ઉતરવા માંડ્યું. જે ૨૪ ફેબ્રુઆરીને ડૉક્ટરોએ જીવનની છેલ્લી તારીખ બતાવી હતી, એ તારીખથી બરાબર બે મહિના બાદ રતનચંદ જ્યારે ડૉ. ભરુચા પાસે પહોંચ્યા, ત્યારે એકવાર તો ડૉક્ટરને લાગ્યું કે, આ શું ! રતનચંદનું પ્રેતાવિષ્ટ શરીર તો મારી સામે હાજર નથી થયું ને ? એમણે એકાએક દરદીને કહ્યું મારા માટે આ પહેલો જ અનુભવ છે કે, આ રીતે કોઇ દર્દી છેક સ્મશાનને ઘાટે જઇને અને યમરાજને હાથ તાળી આપીને છટકી ગયો હોય ! તમને કઇ દવા લાગુ પડી ગઇ ? નામ તો જણાવો, જેથી કેન્સર અંગે થઇ રહેલા સંશોધનો સફળ બની શકે ?

રતનચંદે કહ્યું અગમ્ય શક્તિનો આ પરચો છે. રોગને મારી હઠાવવા જ્યારે ઔષધિઓથી ભર્યો હિમાલય હતાશ હૈયે હાર સ્વીકારે છે, ત્યારે મહામંત્ર પરની આસ્થા આવીને વિજયનું મેદાન મારી જાય છે. ઔષધમાં પણ શક્તિપાત કરવાની મહાશક્તિ જે કોઇની પાસે હોય, તો એ આસ્થા પાસે છે. આવી આસ્થાની આરાધનાએ જ મને જીવન-મરણના જંગમાં જંગી વિજય અપાવ્યો છે. અઢાર લાખથી વધુ સંપત્તિ અને વર્ષોના વર્ષો જેટલો સમય પણ મારા કેન્સરને નાબૂદ કરવાની વાત તો દૂર રહી, પરંતુ આગળ વધતું અટકાવી પણ ન શક્યો, ત્યાં પાઇ પણ ખરચ્યા વિના એક રાતમાં જ જો હું રોગમુક્ત થયો હોઉં, તો એ પ્રભાવ અમારા નવકારમંત્રનો અને મેં કરેલી આસ્થાપૂર્વકની એની આરાધનાનો છે.

દવા અને દવાખાનની દુનિયાને લગતી આબોહવામાં જ શ્વાસ લેનાર ડૉક્ટરને માટે તો આ બધી વાતો નવી જ નહિ, નવાઇભરી પણ લાગતી હતી. અગોચર-અપ્રત્યક્ષને શ્રદ્ધાની નજરે ન જોવાની પોતાની તાસીરને આ સત્ય ઘટનાએ ચમચમતો એક તમાચો લગાવી દીધો હતો. આસ્થાની વાત ભલે પરોક્ષ હતી. પણ એનું શુભ પરિણામ તો પ્રત્યક્ષ જ હતું. એથી એનો ઇન્કાર કરવોય શક્ય નહોતો. રતનચંદને ડૉક્ટરે તપાસ્યા ત્યારે એમના નખમાંય રોગનું કોઇ ચિન્હ નજરે ન ચડ્યું. પોતાની થિયરી સામે પડકાર બનેલી આ સત્યઘટના પર તેઓ દિવસો સુધી બુદ્ધિનો સહારો લઇને મનન મંથન કરી રહ્યા, પણ એનું રહસ્ય મેળવવામાં એ અસફળ જ રહ્યા ! કારણ કે જ્યાં શ્રદ્ધા-આસ્થાનો આશરો લેવો અનિવાર્ય હતો, ત્યાં ડૉક્ટરોએ તર્ક-બુદ્ધિની સહાયતા સ્વીકારી હતી !

**–પૂ.આ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

## જાકો રાખે સાંઇઆ, માર સકે ન કોઇ....

આ વિશ્વમાં નવકાર મંત્રનો ભારે મહિમા છે. આ જગતમાં નાની-મોટી, ચર-સ્થિર, સ્થૂલ-સૂક્ષ્મ, જીવંત-જડ કોઇ વસ્તુ એવી નથી કે જેના પર નવકાર મંત્રનો પ્રભાવ ન પડતો હોય. શુદ્ધ ભાવે નવકાર મંત્રનું સ્મરણ કરનારના વિપત્તિના વાદળ વિખરાય જાય છે, ન ધારેલી શુભ ઘટનાઓ બનવા લાગે છે અને અનેક પ્રકારની અનુકૂળતાઓ સામેથી આવીને મળે છે. આજે અહીં નવકાર મંત્રના શરણથી શું ચમત્કાર સર્જાય શકે છે તેની એક વિરલ સત્ય ઘટના પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

કચ્છના આધોઇ ગામનો સત્તર વર્ષનો એક યુવાન. નામ એનું ગુણશીભાઇ. કર્મ સંજોગો એવા કે આ યુવાનનું શરીર અનેક રોગોથી ઘેરાયેલું અને જર્જરિત થઇ ગયેલું. વૈદ્ય અને ડોકટરોએ તો હાથ જ ઉંચા કરી દીધેલા ! હવે આ યુવાન જાઝું જીવશે નહિ એવું પ્રમાણપત્ર પણ આપી દીધેલું !

શ્રી ગુણશીભાઇને એ વાતનો ખ્યાલ આવી જ ગયેલો કે હવે હું વધારે દિવસ ટકી શકીશ નહિ. જો હવે ચંદ દિવસનું જ આયુષ્ય હોય તો પછી મારે એવી સરસ આરાધના કરી

લેવી જોઇએ કે મારું જીવન થોડાં અંશે પણ સાર્થક થઇ શકે. અને મને સદ્‌ગતિ મળી શકે. આ માટે ખૂબ વિચાર કરતાં તેમણે પાલિતાણા-શ્રી શત્રુંજય તીર્થમાં જવાનું નક્કી કર્યું. અને સાથે સતત નવકાર સ્મરણ કરતાં રહેવાનો દૃઢ સંકલ્પ કર્યો.

વિ.સં. ૧૯૯૪ની એ સાલ. શ્રી ગુણશીભાઇ પાલિતાણા પહોંચ્યા. અહીં તેઓએ ખુશાલભુવન ધર્મશાળામાં સ્થિરતા કરી. તેઓને પૌષધ લેવો હતો પરંતુ તેમનું હાડકાના માળા જેવું જિર્ણ શરીર અને મુખમાંથી જાઝું બોલી શકવાની તાકાત નહિ તેવી હાલતમાં તેઓને પૌષધ લેવાની કોઇ સાધુ મહાત્માએ હા પાડી નહિ. સમય પારખી ગયેલા ગુણશીભાઇએ એ પછી જાતે જ પૌષધ લીધો અને ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. સાથે વિચાર્યું કે ધીમે ધીમે હું શત્રુંજયની તળેટી સુધી તો પહોંચું. અને ડગમગતી ચાલે, માંડ માંડ પગલા ભરતાં, પડતાં-આખડતાં, નવકાર મંત્રનું સતત સ્મરણ કરતાં તેઓ છેવટે તળેટી સુધી પહોંચ્યા. અહીં તેમને ખૂબ હાંફ ચડી ગયો હોવાથી થોડો પોરો ખાધો. સ્વસ્થ થઇ ભાવપૂર્વક તળેટીના દર્શન-ચૈત્યવંદન કર્યા. અહીં તેમણે યાત્રિકોને ગિરિરાજ પર ચડતાં-ઉતરતાં જોયા. તેમણે મનોમન વિચાર્યું કે દશ-બાર પગથિયા ચઢીને આગળ વધુ પછી ભલે દેહ પડી જાય. તેમણે મન મક્કમ કર્યું, નવકારનું સ્મરણ ચાલુ રાખ્યું અને ગિરિરાજના પગથિયા ચઢવા શરૂ કર્યા. શી ખબર શો ચમત્કાર થયો, તેઓ સ્વસ્થ મને ધીરે ધીરે ઉપર ચઢવા લાગ્યા. હિંગલાજ માતાના હડા સુધી પહોંચતા તો તેમના શરીરમાં નવી શક્તિ અને ઉત્સાહનો જાણે સ્ત્રોત ઉભરાયો. તે દિવસે તેમને ઉપવાસ હતો, છતાં એક યાત્રા થઇ અને બીજી યાત્રા કરવાની શક્તિ આપોઆપ આવી ગઇ. સાંજ સુધીમાં તો તેમણે ત્રણ યાત્રા પૂર્ણ કરી દીધી !

શ્રી ગુણશીભાઇએ શત્રુંજય ગિરિરાજની ત્રણ યાત્રા પૂર્ણ કરી સુખરૂપ પોતાની ધર્મશાળામાં આવી ગયા. તેમના પરિતૃપ્ત હૃદયે આ યાત્રાથી પારાવાર શાતા અનુભવી. તેમણે ઉત્સાહપૂર્વક પડિલેહણ-પ્રતિક્રમણ કરી સંથારો કર્યો. બીજો દિવસ ઉગ્યો. તેમને ફરી ગિરિરાજની યાત્રા કરવાના ભાવ જાગ્યા. પુલકીત હૃદયે સાંજ સુધીમાં તેમણે ચાર યાત્રા નિર્વિઘ્ને કરી લીધી. છટ્ઠ થયો. બે દિવસમાં સાત યાત્રા થઇ. દુર્બળ એવા દેહને આ ઘટનાથી જાણે નવજીવન મળ્યું, નવો અવતાર મળ્યો.

સંસારની અસારતાનું તેમને ક્ષણે ક્ષણે ભાન થતું રહ્યું. સંસારની માયા જાળમાંથી છુટવા તેમણે ચારિત્ર અંગિકાર કરવાનું નક્કી કર્યું. દીક્ષા લેવાની પાત્રતા પામવા ભણતર જોઇએ. મહેસાણાની શ્રીમદ્‌ યશોવિજયજી પાઠશાળામાં તેઓ દાખલ થયા. ત્યાં રહીને તેમણે ઊંડો શાસ્ત્રાભ્યાસ કર્યો. વિ.સં. ૧૯૯૮માં ખાખી મહાત્મા તરીકે સુપ્રસિદ્ધ **પૂ. મુનિશ્રી મંગળવિજયજી મહારાજ સાહેબ** પાસે તેમણે પ્રવજ્યા લીધી. અને તેઓ **પૂ. મુનિ શ્રી ગુણજ્ઞવિજયજી** બન્યા. ઉત્કૃષ્ટ ચારિત્ર પાલનમાં રમામાણ થયા. પરમાત્મા પ્રત્યેની અપાર શ્રદ્ધા, સંયમ પર અસીમ પ્રેમ, ગુરુ, પ્રત્યેની પૂર્ણ વફાદારી, તપોમાર્ગનું સતત અને સહજ સેવન અને નવકાર મંત્ર પ્રત્યેની અપૂર્વ નિષ્ઠા તેમના ચારિત્ર જીવનમાં પૂર્ણપણે છવાઇ ગઇ.

શ્રી શત્રુંજય તીર્થે તેમને નવજીવન બક્ષ્યું હતું. તેથી એ મહાન તીર્થ પર તેમને અતિશય પ્રેમ ! આજ સુધીમાં આ તીર્થની છટ્ઠ કરીને તેમણે ૨૨૫ વાર યાત્રા કરી છે ! નવકારનું શરણ તેમના જીવનમાં સંજીવની બનીને આવ્યું ! **જાકો રાખે સાંઇઆ, માર સકે ન કોઇ...**'ની ઉક્તિ તેમના આ ઉદાત્ત અને પ્રેરક જીવનને સ્પર્શે છે. આ મહાપુરુષ તે હાલ ગુજરાત-રાજસ્થાનમાં વિચરી રહેલા **પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મહારાજ સાહેબ.** આજે ૮૫ વર્ષની વયે પણ તેઓ પોતાની સાધનામાં મગ્ન રહે છે. આવા પુનિત સંત મહાત્માને અગણિત વંદન કરતાં હૃદય પૂકારી ઉઠે છે કે-

**જે ભવ્ય જીવો આપને ભાવે નમે, સ્તોત્રે સ્તવે,**
**ને પુષ્પની માળા લઇને પ્રેમથી કંઠે ઠવે;**
**તે ધન્ય છે, કૃતપુણ્ય છે, ચિંતામણિ તેને કરે,**
**વાવ્યો પ્રભુ ! નિજ કૃત્યથી સુરવૃક્ષ એણે ગૃહે !**

**—ચીમનલાલ કલાધર**

**કવિતા વિપુલ રમેશ મહેતા** (ગામ : ગાલા / મોરબી-ઘાટકોપર)
**હસ્તે : સૂર્યકાંતભાઇ કે. કોઠારી**

## પૂ. પંન્યાસશ્રી ભદ્રેશ્વરવિજયજી મ.સા. આલેખિત સત્ય ઘટનાઓ

``नीचे उतरो ! यह तुम्हारी गाडी नही है !'' ``लेकिन भैया ! मेरे पास टिकिट तो है ! और यही गाडी विजयवाडाकी है !'' આમ વારંવાર કહેવા છતાં કુલી જેવા લાગતા પેલા માણસે આમનો સામાન બહાર મૂકવા માંડ્યો... રિખવચંદજીએ પણ ડબ્બાની બહાર નીકળી પોતાનો સામાન સંભાળી લીધો. ફરી અંદર જાય તે પહેલાં તો ટ્રેઇન ઉપડી !

રિખવચંદજીએ વિચાર્યું કે હવે વિજયવાડા કાલે જઇશ. તેમને મહત્ત્વના કામે તાત્કાલિક વિજયવાડા જવાનું હતું. પણ કુલીએ ટ્રેન ચૂકાવી દીધી. વિચાર્યું કે હવે કેસરવાડી દાદાની પૂજા, ભક્તિ કરી પછી ઘરે જઇશ. રસ્તામાં યાદ આવ્યું કે આજે પોતાને મદ્રાસની બહાર ન જવાનો નિયમ હતો. ઓચિંતું તાકીદનું કામ વિજયવાડાનું આવી જતાં પોતે નીકળી પડ્યા. પણ કૂલીએ ઉતારી દીધો તે સારું થયું, નહીં તો ભૂલથી મારો નિયમ ભાંગત. રિખવચંદભાઇ ખૂબ ધર્મિષ્ઠ હતા, મદ્રાસના પ્રસિદ્ધ શ્રાવક હતા. નવકારના આરાધક હતા. નવકાર જાપમાં નિત્ય મગ્ન રહેતા. સરળ અને શાંત હતા. કેસરવાડીમાં ભાવથી ભક્તિ કરી નિયત નવકારવાળી ગણીને ઘરે પહોંચ્યા, ત્યારે ઘરમાં તો રોકકળ અને શોક હતો. તેમને જોઇ ઘરવાળાં બોલ્યાં ''તમે આવી ગયા ? બહુ સારું થયું. અમે તો તમારી ચિંતા કરતા હતા.''

કેમ શું થયું ? એમ રિખવચંદજીએ પૂછતાં ઘરનાએ કહ્યું ''તમારી ટ્રેનને ભયંકર અકસ્માત થયો. એ સમાચાર મળ્યા. ઘણા બધા મરી ગયા, થોડા જ બચ્યા છે. તમે કેવી રીતે બચ્યા ?'' સાંભળી રિખવચંદજીને બધો ખ્યાલ આવી ગયો. બનેલી હકીકત ઘરનાને કહી ત્યારે બધાં સમજી ગયાં કે નક્કી નવકાર મંત્રના પરમ આરાધક હોવાથી નવકાર મંત્રના પ્રભાવે કોઇ દેવે માનવ રૂપે આવી રિખવચંદજીને ઉતારી મૂક્યા !!! નહીંતર ટિકિટ હોય પછી ટી.સી. પણ ન ઉતારે, કુલી તો કોઇને પણ ન ઉતારે. આવા કલિકાળમાં પણ નવકાર મંત્ર કેવી અદ્‌ભૂત સહાય કરે છે. એ વિચારતા રિખવચંદજી અને ઘણાંની શ્રદ્ધા ખૂબ વધી ગઇ. આવા મહિમાવંત નવકાર મંત્રની આરાધના તમે બધાં પણ ખૂબ ખૂબ કરો, જે તમને સર્વને સુખ અને શાંતિ આપે...

◆◆◆◆

શ્રી તારંગા તીર્થની ૨૦૫૫ના માગશર માસની આ સત્ય ઘટના છે. ધર્મશાળામાં રૂમ પાસે પડાળીમાં એક શ્રાવિકાએ પોતાના ૨-૩ માસના સંતાનને ઠંડી ઉડાડવા તડકામાં ગોદડી પર સૂવાડ્યું હતું. પોતે કામમાં રૂમમાં હતા. પાસે વૃક્ષો પર વાંદરાં મસ્તી કરતાં હતાં. યાત્રિકો થોડે દૂર તડકો ખાતાં ઉભા હતાં. અચાનક એક વાંદરી છલાંગ મારી ઓસરીમાંથી બાળકીને ઉઠાવી છાતી સરસી ભીડાવી નાઠી. ઝાડની ઉંચી ડાળી પર જઇ બેસી ગઇ ! બધાં સન્ન થઇ ગયાં. આ ઘટના જાણીને બાળકીની મા અત્યંત આક્રંદ કરવા લાગી. સગા-સ્નેહીઓ, યાત્રિકો બધાં ચિંતિત બની ગયાં. અટકચાળી વાંદરી બાળકીને પીંખી નાંખશે ? નીચે પટકશે ? કોણ જાણે શું કરશે ? ઘણાં બધાં એકઠાં થઇ ગયાં. પણ કરવું શું ? કોઇને કશું સૂઝતું મેથી. ત્યારે જયંતીભાઇ યાત્રિકે શ્રેષ્ઠ એક માત્ર ઉપાય રજૂ કર્યો કે આપણે બધાં શ્રી નવકાર મંત્ર રટીએ અને બોલીએ ! બધાએ સ્વીકાર્યું. સાથે અજીતનાથ પ્રભુની સ્તુતિ વગેરે પણ ગાવા માંડ્યાં. માત્ર પાંચ જ મિનિટમાં વાનરી ધીરેથી નીચે આવી ! ઓસરીમાં ગોદડી ઉપર બાળકીને હતી તેમ સુવાડી દીધી !!! ને ઝાડ પર પાછી જતી રહી. છોકરી રડવા લાગી. મા વગેરેએ તપાસ કરી. જરા પણ ઇજા નહોતી પહોંચાડી !! સૌને હાશકારો થયો. જયંતીભાઇએ વાંદરી તરફ જોયું તો તે આંખો ઢાળી નીચી નજરે પશ્ચાત્તાપ કરતી હોય તેમ ઉદાસ બેઠેલી ! ખરેખર ! આવી ગમે તેવી આફતો નવકારથી ભાગી જાય છે !!! આપત્તિમાં એક જ કામ કરવું. શ્રદ્ધા અને આદર સાથે શ્રી નવકાર, અરિહંત, ગુરુ ભગવંત અને ધર્મના શીતળ છાંયે પહોંચી જવું. આજ સુધીમાં અનંતા જીવોનું નવકાર વગેરેથી આપત્તિનાશ, સુખપ્રાપ્તિ વગેરે બધું કલ્યાણ થયું જ છે.

◆◆◆◆

ઝાબુઆ (મધ્યપ્રદેશ)ના નિવાસી સુશ્રાવક જૈન વકીલ પન્નાલાલજી રાઠોડના જીવનમાં બનેલી આ સત્ય ઘટના છે. તેઓ ઇ.સં. ૧૯૭૨માં જબલપુરથી ટ્રેન દ્વારા રતલામ થઇને ક્યાંક જવા માટે નીકળેલા. તે દરમ્યાન રતલામથી એક મુસ્લિમ ફકીર પોતાના સાથીઓ સાથે ગાડીમાં ચડ્યો. તેઓ પરસ્પર કંઇક ધર્મચર્ચા કરી રહ્યા હતા. સુશ્રાવક પન્નાલાલભાઇએ પણ તેમની વાતો સાંભળી.

થોડી વાર પછી તે ફકીરે એક નાની સરખી ચોપડી કાઢી. એ ચોપડીમાં શ્રી નમસ્કાર મહામંત્ર તેમ જ શ્રી પંચિંદિય સૂત્ર હતાં. આ જોઇ પન્નાલાલભાઇએ તેઓને પૂછ્યું કે, આ ચોપડી તો જૈનધર્મની છે, તે તમારી પાસે કેવી રીતે આવી ? ફકીરે કહ્યું કે **उसका आपको क्या काम है ? कहीं से चोरी करके नहीं लाया हूँ !** પન્નાલાલભાઇએ હિંદીમાં કહ્યું કે મારું કહેવું એવું નથી. તમે વેશ, ભાષા, વાતચીત વગેરેથી મુસ્લિમ હો તેમ જણાય છે, અને આ પુસ્તક તો જૈન ધર્મનું છે. હું પોતે જૈન છું અને વર્ષોથી જૈન ધર્મના આ મંત્રનો ઉપાસક છું. તેથી મને જિજ્ઞાસા થઇ કે તમને અમારા આ નવકારમંત્રમાં શ્રદ્ધા છે ? ફકીરે કહ્યું કે, **आपको देखना है इसका चमत्कार ? तो बताता हूँ ।** પન્નાલાલભાઇને ચમત્કાર જોવાનો રસ જાગ્યો. પછી બામણિયા સ્ટેશન પર ટ્રેન ઊભી રહેતા ફકીર વગેરે નીચે ઉતર્યા. ફકીરના કહેવાથી પન્નાલાલ પણ નીચે ઉતર્યા. ત્યાં ફકીર રૂમાલ પાથરીને તેના પર બેઠો. ટાઇમ થતાં ડ્રાઇવરે ગાડી ચલાવવાની ખૂબ કોશિશ કરી. પરંતુ અત્યંત જિદ્દી માણસની જેમ ગાડી તેની જગ્યાએથી બિલકુલ હાલી કે ચાલી નહીં. ડ્રાઇવરે બધી તપાસ કરી. પણ તેને ગાડીમાં કોઇ ખામી ન પકડાઇ. અડધો કલાક વીતવા આવ્યો. તેને અવારનવાર સામે એક માનવની મૂર્તિ દેખાતી હતી. આખરે તે પેલા માણસને શોધવા નીકળ્યો. અને ડ્રાઇવર જ્યાં પન્નાલાલભાઇ ઉભા હતા ત્યાં આવ્યો. ફકીરને જોતાં જ બધી વાત સમજી ગયો. તે ફકીરના પગે પડ્યો. અને ગાડી ઉપડવા દો એમ આજીજી કરી. એટલે ફકીર ઊભા થઇ ગયા અને રૂમાલ ઝાટકીને ગાડીમાં જઇને બેઠા. પછી ડ્રાઇવરથી તુરત જ ગાડી ચાલુ થઇ. પછી ફકીરે પન્નાલાલભાઇને પૂછ્યું : ''**देखा नवकार महामंत्रका चमत्कार ?**'' પન્નાલાલભાઇએ કહ્યું, ''**देखा और यह भी मालूम हुआ कि नवकारका ऐसा प्रभाव है । मगर इसकी चाबी बताओ किस तरह से आपने यह कार्य किया ?**'' પરંતુ ફકીરે પોતાનું નામ પણ બતાવ્યું નહીં.

**–પૂ. પંન્યાસ શ્રી ભદ્રેશ્વરવિજયજી મ.સા.**

## કલિકાલમાં નવકાર મંત્ર જ તારણહાર...!

રાજકોટ નિવાસી એક સુખી ધાર્મિક જૈન પરિવાર લગ્ન પ્રસંગે મુંબઇ ગયેલ. મુંબઇથી રાજકોટ તરફ જીપમાં બેસીને પાછા ફરી રહ્યા હતા. જીપમાં ત્રણ બહેનો અને એક ભાઇ હતા. વાપી પાસે જંગલમાં અચાનક જીપ બગડતાં બહેનો નીચે ઉતર્યા અને લઘુશંકા ટાળવા થોડે દૂર ગયા. ત્યાં તો અચાનક શસ્ત્રધારી લૂટારુઓ ત્યાં આવી પહોંચ્યા અને બંદુકની અણીએ કીંમતી આભૂષણોની બેગ આંચકી લીધી. પરંતુ આટલેથી જ તેમને સંતોષ ન થયો. બહેનોનું રૂપ જોઇને તેમની આંખોમાં વિકાર રૂપી ચોર પેઠો. એટલે તેમણે પેલા ભાઇને જીપમાંથી નીચે ઉતરી જવા કહ્યું. પેલા ભાઇ કિંકર્તવ્યમૂઢ બની ગયા હતા. ત્યાં તો ત્રણે શ્રાવિકાઓએ એકી સાથે પેલા ભાઇને જોરશોરથી નવકાર ગણવાની પ્રેરણા કરી અને એ ભાઇ તથા ત્રણે બહેનો મોટે અવાજે તાલબદ્ધ રીતે નવકાર ગણવા લાગ્યા. આપત્તિના લીધે સહજપણે નાભિના ઊંડાણમાંથી નીકળતા મહામંત્રના ધ્વનિની કોઇ અકલ્પનીય રીતે અસર પેલા લૂટારુઓ ઉપર થઇ અને તેઓ ભયભીત બનીને આભૂષણોની બેગ પણ ત્યાં જ મૂકીને મુઠ્ઠીઓ વાળીને નાશી છૂટ્યા...અને સહુ મહાન આપત્તિમાંથી મહામંત્રના પ્રભાવે આબાદ રીતે ઊગરી ગયા તેથી સદાને માટે નવકારના અનન્ય ઉપાસક બની ગયા...

❁ ❑ ❁ ❑ ❁ ❑

મુંબઇના એક હાર્ટ સ્પેશ્યાલીસ્ટ ડૉક્ટરના સગા ભાઇએ લંડનમાં હૃદયનું ઓપરેશન કરાવ્યું. પરંતુ ઓપરેશન ફેઇલ ગયું. ડૉક્ટરોએ તેમને 'ક્લીનીક્લીડેડ' મૃત્યુ પામેલા

જાહેર કર્યા. ત્યાંના રીવાજ મુજબ જો ઓપરેશન સફળ થાય તો ડૉક્ટરો દર્દીના કુટુંબીઓને ખુશખબર આપે પરંતુ કેસ નિષ્ફળ થાય તો ડૉક્ટરો પાછલા દરવાજેથી ચાલ્યા જાય. એ મુજબ ડૉક્ટરો કાગળ ઉપર તેમને મૃત્યુ પામેલા જાહેર કરીને પાછલા દરવાજેથી ચાલ્યા ગયા. બે કલાક પસાર થઇ ગયા. કુટુંબીઓના શ્વાસ અધ્ધર થઇ ગયા. ભાઇ ડૉક્ટર પણ ગભરાઇ ગયા. કોઇને કાંઇ જવાબ આપી શકતા નથી. ત્યાં તો અચાનક ચમત્કાર સર્જાયો. પેલા દર્દી ભાઇ એકદમ જાગીને બેઠા થઇ ગયા...! બધાને ખૂબ આશ્ચર્ય થયું.

આસપાસ એકઠા થયેલા લોકોને જોઇને તેમણે પૂછ્યું કે-'તમે બધા શા માટે ભેગા થયા છો ?' ત્યારે કોઇએ તેમને વસ્તુસ્થિતિથી વાકેફ કર્યા કે-'તમારું હાર્ટનું ઓપરેશન ફેઇલ જતાં ડૉકટરોએ તમને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. અને તમે સજીવન કઇ રીતે થઇ શક્યા...!'

ત્યારે દર્દીએ ખુલાસો કરતાં કહ્યું કે-'હું તો માત્ર ગુરુ મહારાજને મળવા માટે ભારત ગયો હતો ! એમના ગુરુ મહારાજ એટલે બીજા કોઇ નહિ પરંતુ કલિકાલમાં નવકાર મહામંત્રના અજોડ સાધક પ્રભાવક, અજાતશત્રુ, અધ્યાત્મયોગી **પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.** તેમની પાસેથી તેમને નવકાર ગ્રહણ કરવાની ભાવના થઇ અને ખાસ નવકાર લેવા માટે લંડનથી તેઓ પ્લેન દ્વારા ભારત આવ્યા. ગુરુ મુખેથી નવકાર ગ્રહણ કર્યા પછી જ અન્ન-પાણી લેવાનો અત્યંત અનુમોદનીય સંકલ્પ તેમણે કર્યો !

તેઓ મુંબઇ પહોંચ્યા. બે ઠેકાણે પંન્યાસજી મહારાજની તપાસ કરતાં કરતાં યોગાનુયોગ બપોરે ૧૨.૩૯ વાગ્યે વિજય મુહૂર્તે તેઓ રાજસ્થાનમાં પિંડવાડા ગામમાં બિરાજમાન **પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.** પાસે પહોંચ્યા. તેમની આવી વિશિષ્ટ તત્પરતા અને પાત્રતા જોઇને પંન્યાસજી મહારાજ સાહેબે પણ તરત ૧૨ નવકાર ગણીને ખૂબ જ ભાવપૂર્વક તેમને ત્રણ વખત મોટેથી નવકાર ઝીલાવ્યો અને વાસક્ષેપ દ્વારા આશીર્વાદ આપી નિયમિત નવકાર મહામંત્રનો જાપ કરવાની પ્રેરણા આપી...

ઉપર મુજબ મોતના મુખમાંથી પાછા ફરેલા તે ભાઇ ત્યાર પછી ૧૫ દિવસ સુધી હોસ્પિટલમાં રહ્યા. તે દરમ્યાનમાં ૬૦ જેટલા દર્દીઓનાં ઓપરેશનો થયા તે બધા જ સફળ થયા ! ...કારણ કે ઉપરોક્ત ઘટનાથી પ્રભાવિત થયેલા બધા દર્દીઓના કુટુંબીઓ ઓપરેશન કરાવતાં પહેલાં દર્દીને તેમની પાસે લઇ આવતા. ત્યારે આ ભાઇ પૂજ્યપાદ પંન્યાસજી મહારાજના ફોટા સામે દર્દીને બેસાડીને ત્રણ નવકાર મોટેથી ગણે અને ગુરુ મહારાજ પ્રત્યેની અનન્ય આસ્થાને લીધે બધા જ ઓપરેશનો સફળ થયા. આ ભાઇ આજે પણ જીવંત છે ! ખરેખર મહામંત્ર પ્રત્યેની આસ્થાથી ક્યું કાર્ય સિદ્ધ નથી થતું એ જ એક સવાલ છે !

**–શશિકાંતભાઇ મહેતા (રાજકોટ)**

## રામચંદ્ર સૂર્યવંશીને નવકાર મંત્ર ફળ્યો

સતારા જિલ્લામાં આવેલા પુસે સાવળી ગામના વતની **શ્રી રામચંદ્ર બાપૂરાવ સૂર્યવંશી** જ્ઞાતિના મરાઠા છે. (ક્ષત્રિય) પણ તેઓ જૈન ધર્મ ઉપર અપૂર્વ આસ્થા ધરાવે છે. ઇસ્વીસન ૧૯૩૬માં મુંબઇમાં શ્રેષ્ઠી સાંકળચંદ ભગાજીના સમાગમમાં આવતા તેઓ નવકારમંત્ર ગણતા થયા. અજોડ આસ્થાથી નવકારમંત્ર સ્મરણ કરતાં તેમના જીવનમાં અનેકવાર ચમત્કારીક ઘટનાઓ બનવા પામી છે. એક વખત તેઓ સાયકલ પર બેસી રસ્તો પસાર કરતા હતા, સાયકલમાં ઘંટડી નહોતી, રસ્તા પર જ એક મોટો સર્પ પડ્યો હતો. નજદીક જતાં જ સાયકલની સામે જ ઊંચી ડોક કરી સર્પ સ્થિર થયો. આ દ્રશ્યથી વૈદ્યરાજ જરા ગભરાયા પણ તરત જ નવકારમંત્ર યાદ આવતા તેના ધ્યાનમાં સ્થિર થતાં અચાનક ઘંટનાદ થવા લાગ્યો અને સર્પ તેજ ક્ષણે ત્યાંથી પલાયન થઇ ગયો. બીજા એક પ્રસંગમાં તેઓ એક ગામ જતા હતા. રસ્તામાં એક કુતરું રડી રહ્યું હતું. તે કુતરું તેમની પાછળ પડ્યું. વૈદ્યરાજ સમજી ગયા કે કુતરાનું આ પ્રકારનું રુદન એ એક અશુભ ચિહ્ન છે, પણ વૈદ્યરાજને ડર ન હોતો. કારણ એ સમજતા હતા કે મારી પાસે નવકારમંત્ર

છે. જેથી ડરવાની શી જરૂર ? ત્યાંથી આગળ વધ્યા, કુતરુ પણ પાછળ પાછળ આવવા લાગ્યું. થોડે દૂર જઇ કૂતરાએ વૈદ્યરાજને પ્રદક્ષિણા આપી. તેટલામાં બનાવ એ બન્યો કે મેઇલ ટ્રેનથી પણ વધુ ઝડપે એક ભયંકર ભોરીંગ તેમની સામે ધસી આવ્યો. પણ ખૂબી એ હતી કે વૈદ્યરાજના સર્કલમાં યાને કૂતરાએ પ્રદક્ષિણા આપી હતી એ જગ્યાની અંદર સર્પ પ્રવેશી શક્યો નહિ અને ત્યાંજ થંભી ગયો, વૈદ્યરાજ તો નવકારમંત્રના ધ્યાનમાં તલ્લીન બન્યા. થોડી જવારમાં સર્પ ત્યાંથી પલાયન થઇ ગયો.

ત્રીજો પ્રસંગ પણ અત્યંત ચમત્કારિક બનવા પામ્યો. એક વખત વૈદ્યરાજ પોતાના મિત્ર બાબુરાવ અને ત્રીજી એક વ્યક્તિ સાથે મોટર લોરીમાં બેસી સતારાથી કરાડ જઇ રહ્યા હતા. રસ્તામાં એક મોટા પત્થર સાથે મોટર લોરી અથડાઇ આગળનો ભાગ તૂટી પડ્યો. પણ ત્રણેમાંથી કોઇને પણ જરાય ઇજા થઇ નહોતી. તેનું મુખ્ય કારણ આ બનાવ બનતાં જ વૈદ્યરાજ નવકારમંત્રના સ્મરણમાં એકાગ્ર બની ગયા હતા. વૈદ્યરાજ માને છે કે નવકારમંત્રના પ્રભાવથી હું આજે અત્યંત સુખી છું. કેટલીય વાર મુશીબતો અને આફતો આવી પણ તે બધી નવકારમંત્રના પ્રભાવથી દૂર સુદૂર થઇ ગઇ છે. કેટલીકવાર ખરાબ સ્વપ્નો આવે ત્યારે બીજો કોઇ વિચાર ન કરતાં નવકારના ધ્યાનમાં જ મગ્ન બની જાય છે, જેથી કશી જ હરકત આવતી નથી.

જ્ઞાતિના ક્ષત્રિય-મરાઠા હોવા છતાં હાલમાં તેમને કોઇપણ જાતનું વ્યસન નથી. ખૂબજ સાત્વિક અને ધર્મમય જીવન જીવી માનવ જીવનને સાર્થક કરી રહ્યા છે. નાની ઉંમરથી જ તેમને કથા-કીર્તનનો શોખ છે. પોતાના જાણ પીછાણના લોકોને તેઓ નવકાર મંત્ર શીખવાડે છે, અને ધર્મમાં રસ લેતા કરે છે. આવા વિષમકાળમાં પણ નવકાર મહામંત્રનો ગજબ પ્રભાવ અનેક માનવો અનુભવી રહ્યા છે.

શ્રી રામચંદ્ર સૂર્યવંશીના જીવનમાં નવકાર મંત્રના ચમત્કારની બનેલી આ ઘટના અનેક લોકો માટે પ્રેરણાદાયી બને તેમ હોય અત્રે પ્રસ્તુત કરી છે...

**– પૂ.આ.શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

## નવકાર મંત્રના પ્રભાવે વ્યંતર દેવ બન્યા...

મારવાડમાં શિવગંજ એ જૈનોની મોટી વસ્તીવાળું એક શહેર છે. ત્યાંના એક શ્રીમંત ગૃહસ્થ બિમાર પડ્યા બિમારી વધી. આ શેઠના બનેવી મદ્રાસ રહેતા હતા. બનેવીને થયું કે, સાળાની તબીયત સખત નરમ છે, આખરી અવસ્થા છે, મારે જવું જોઇએ. પણ સાંસારિક અનેક ઉપાધિઓના કારણે ત્યાં જઇ ન શકાયું અને સાળાના પ્રાણ છૂટી ગયા. સાળાના મરણ પછી એક વખત બનેવી રાત્રે શય્યામાં સૂઇ રહ્યા હતા, ત્યારે સ્વપ્નામાં પોતાના સાળા આવ્યા, વાતચિત કરવા લાગ્યા અને સાળાએ જણાવ્યું કે, 'હું અત્યારે વ્યંતર દેવલોકથી તમારી સાથે વાતચીત કરી રહ્યો છું.

બનેવીએ પૂછ્યું 'તમે વ્યંતરગતિમાં ક્યાંથી ? આશ્ચર્યની વાત છે કે તમે વ્યંતરલોકમાં પહોંચી ગયા ?'

ત્યારે પૂર્વના સાળા એવા એ વ્યંતરદેવે જવાબ આપ્યો 'ભાઇ ! તમારી વાત તદ્દન સાચી છે. મારું જીવન એવું સુંદર ને આદર્શ ન હતું કે, જેથી હું વ્યંતરલોકમાં ઉત્પન્ન થાઉં !' પણ હું પથારીવશ હતો, જીવનની આશા ન હતી ત્યારે સૌ સંબંધીઓએ ગુરુ મહારાજને વિનંતી કરી. ગુરુ મહારાજે મને અંતિમ આરાધના કરાવી, ખૂબ-ખૂબ નવકારમંત્ર સંભળાવ્યા અને અમુક પ્રતિજ્ઞાઓ પણ આપી અને મારા જીવનમાં થયેલી ક્ષતિઓની નિંદા-ગર્હા કરવા સૂચવ્યું બસ, એ ગુરુદેવે મને નવકારમંત્ર સંભળાવ્યા, એના ધ્યાનમાં મારા પ્રાણ નિકળ્યા. એના પ્રભાવે હું નીચ ગતિમાં જનાર આજ વ્યંતર દેવલોકમાં ઉત્પન્ન થયો છું.'

આટલી વાત થયા પછી બનેવી જાગી ઉઠયા અને રાતની વાત ધારી રાખી. અત્યારે એ મદ્રાસમાં હતા. મદ્રાસથી તરત જ આ બનેવીએ શિવગંજ પત્ર લખ્યો કે, જ્યારે મારા સાળા ગુજરી ગયા, તે વખતે કોઇ ગુરુ મહારાજ ત્યાં પધાર્યા હતા ? અને તેમનું નામ શું હતું ! તે વિગતવાર મને જલદી જણાવો.' તરત જ પત્રનો પ્રત્યુત્તર આવ્યો કે, તમારા સાળાને અંતિમ આરાધના કરાવવા માટે ગુરુ મહારાજ પધાર્યા હતા. તેમનું પૂનિત નામ **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ** હતું. તેઓ તે જ દિવસે

ખીમેલથી વિહાર કરી ગુજરાત તરફ સપરિવાર પધારી રહ્યા હતા અને એક દિવસને માટે તેમણે અત્રે સ્થિરતા કરી હતી. તેમણે અહીં તમારા સાળાને અંતિમ આરાધના કરાવી હતી અને નવકારમંત્ર સંભળાવ્યા હતા.

પત્ર વાંચતાં જ આ બનેવીના મનમાં વસ્તુસ્થિતિ તદ્દન સાચી છે, એમ સમજાઇ ગયું. અહો ! નવકારમંત્રનો કેવો અજબ પ્રભાવ છે ! ખરેખર ! એવો ઉમદા મહામંત્ર મળ્યા પછી પણ આપણે-પ્રમાદી બનીએ છીએ, શ્રદ્ધા ને વિશ્વાસ રાખતા નથી, બસ તે જ દિવસથી આ બનેવીના હૃદયમાં ભારે પરિવર્તન થઇ ગયું. આ ભાઇ એ કંઇ નાના સૂના માણસ નથી, એક સારા ગવેષક છે, વક્તા છે, વિદ્વાન્ છે, શ્રીમંત છે અને સારી લાગવગ ધરાવનાર પ્રતિષ્ઠિત વ્યક્તિ છે. તેમણે પોતે જ આ હકીકત મને કહી સંભળાવી હતી, જેને મેં અત્રે અક્ષરદેહ આપ્યો છે...નવકાર મંત્રનો પ્રભાવ દર્શાવનારાં ભૂતકાળના અનેક દૃષ્ટાંતો આપણે સાંભળ્યાં છે, વર્તમાનકાળમાં પણ ચમત્કાર ઉપજાવે તેવા કિસ્સાઓ અને તેવી હકીકતો બહાર પડતી જ રહે છે.

નવકારમંત્રના પ્રભાવનું અને તેના મહિમાનું વર્ણન કરવા બેસીએ તો પુસ્તકોનાં પુસ્તકો લખાઇ જાય, છતાં એનો મહિમા ગાયો ગવાય નહિ. નવકારમંત્રનો મહિમા ગાવો એ આપણી શક્તિ બહારની વાત છે. આપણે નિયમિત પ્રાતઃકાળે પવિત્ર બની શુદ્ધ મનથી નવકારમંત્રનું ધ્યાન ધરવું જોઇએ જેથી આપણો દિવસ મંગળમય નિવડે, જન્મોજન્મનાં પાપો દૂર થાય અને આત્મા પવિત્ર બને.

**–પૂ.આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

## નવકાર મંત્રે ઉગાર્યા...

શંખલપુર ગામ. આ ગામની દક્ષિણે પાંચ કી.મી. દૂર વર્ષો પહેલાની ગુફાઓ. આ ગુફાઓ અસંખ્ય કારીગરોએ એવી રીતે પથ્થરમાંથી કોતરી હશે કે જાણે એ અજાયબી જેવું લાગતું. ગુફાઓમાં નાના નાના પથ્થરના રથો, સૂર્યરથ, નટરાજ, શંકરનું તાંડવનૃત્ય, તમામ ઋષિઓ, ૨૪ તીર્થંકરો તેમજ અન્ય કલાકૃતિઓ કંડારાયેલી હતી. આ બધી મૂર્તિઓ પહાડમાં જ કોતરાયેલી. એક જગ્યાએ સભામંડપ. આ સભામંડપને બત્રીસ થાંભલાઓ. ગમે તે જગ્યાઓથી ઊભા રહીને ગણી શકાય પણ ખરી વાસ્તવીકતા એ હતી કે કોઇ પણ થાંભલી એકબીજાને નડતરરૂપ નહોતી. ગુફાની રચના એવી હતી કે જે રસ્તેથી પ્રવાસીઓ જાય તે જ રસ્તેથી પાછા ફરવું પડતું. પ્રવાસીઓ જવાની હિંમત ન કરે કારણકે આ ગુફાના મુખદ્વારા ઉપર હજારો મણની એક મહાકાય પથ્થરની શિલા આધાર વિના લટકતી રહેલી. હજારો મુસાફરોએ આ ગુફાની મુલાકાત લીધેલી. ગામથી દૂર હોવાથી તેમજ આજ ગામની સરહદમાં હોવાથી ગ્રામજનોને આ બાબતમાં બિલકુલ રસ નહીં. તેઓને મન આ સામાન્ય વસ્તુ હતી.

અરોડી ગામમાં હેમચંદભાઇ વણીકનું કુટુંબ રહે. આ કુટુંબ ખૂબ જ સુખી. તેમને સંતાનમાં પાંચ પુત્રી તથા એક પુત્ર પિયુષ હતો. પિયુષ દસમાં ધોરણમાં અભ્યાસ કરતો. ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળો. નાનપણથી દેરાસર જવાની કાયમી ટેક. એક પણ દિવસ એવો ન હોય કે પિયુષની દેરાસરમાં હાજરી ન હોય. તબિયત બિમાર હોય તો ઘોડાગાડી કરીને પણ હેમચંદભાઇ સાથે દેરાસર જાય. સવારે તથા સાંજે નમો અરિહંતાણમ્, નમો સિદ્ધાણમ્, એમ નવકારમંત્રની દસ માળાઓ કર્યા પછી જ રાત્રે સુવાની ટેવ હતી. પોતે એમ માનતો કે આજે જગતમાં માનવોનું વિશ્વચક્ર ચાલે છે. તેમાં દેવીકૃપા છે અને ક્ષણે ક્ષણમાં પરમકૃપાળુ પરમાત્મા સાથે જ છે. ઘણીવખત સ્વપ્નમાં પિયુષ તેજપુંજનાં દર્શન કરતો. તેથી તે માનતો કે આત્માનું ઉચ્ચ કોટી સાથે જોડાણ થયેલું છે. પણ આ વાત કુટુંબના કોઇ સભ્યને જણાવતો નહીં.

આ જ ગામની હાઇસ્કૂલના ઘનશ્યામભાઇ દવે આચાર્ય. તેઓ સારા સ્વભાવના. બાળકોને સંસ્કારનાં શિક્ષણની સાથે સાથે રમતગમતના દરેક સાધનો હાઇસ્કૂલમાં વસાવેલાં. વ્યાયામના સમયે વિદ્યાર્થીઓને રમતગમત પોતે રમાડતા. એક દિવસ આચાર્ય સાહેબે ઉચ્ચત્તમ ધોરણના વિદ્યાર્થીઓને કહ્યું કે, તમારે પ્રવાસમાં આવવું હોય તો દરેક વિદ્યાર્થીએ વાલીની સંમતિની સહીવાળું સંમતિપત્ર તથા પંદર રૂપિયા લેતાં આવવાનું. વધારાનો ખર્ચ શાળામાંથી કરવામાં આવશે. તેમજ જમવા માટે દરેક વિદ્યાર્થીએ ટીફિનની વ્યવસ્થા પોતે કરવાની રહેશે. સાંજના મોડી રાત્રે બસમાં પરત આવવાનું છે એમ કહીને દરેક વિદ્યાર્થીને હાઇસ્કૂલનો પત્ર આપ્યો. વિદ્યાર્થીઓ ખૂબ ખૂબ રાજી થયા. મુકેશ મોનીટરે કહ્યું, સાહેબ પ્રવાસ ક્યારે થવાનો

છે ? આચાર્ય સાહેબે જણાવ્યું કે, આજથી પાંચમાં દિવસે પ્રવાસ થશે. સવારમાં છ વાગ્યે દરેક વિદ્યાર્થીએ ટીફિન સાથે આવવાનું રહેશે. જે વિદ્યાર્થીની વાલીની સંમતિ નહીં હોય તેને બસમાં પ્રવેશ મળી શકશે નહીં.

સાંજના સ્કૂલેથી છૂટીને પિયુષે સંમતિ પત્ર પોતાની માતા સમક્ષ રજૂ કર્યો. માતા ચારૂલત્તાએ કહ્યું, કે તારાં પિતાજી પેઢીએ છે તે આવે ત્યારે સમજાવજે. અને તેમની સહી લઇ લેજે. અંતે તો નિર્ણય તારા પિતાજીએ કરવાનો છે. રાત્રે પિતાજી હેમચંદભાઇ પેઢીએથી આવ્યા. જમ્યાં પછી પુત્ર પિયુષે વાત કરી કે બાપુજી મારે આપણાં સાહેબ સાથે પ્રવાસમાં જવું છે, તેથી આ પત્રમાં સહી કરી આપો અને મને પંદર રૂપિયા આપો. હું કાલે સાહેબને આ બંને આપી દઇશ.

આ વાત સાંભળતાં હેમચંદભાઇએ કહ્યું કે પિયુષ તું હજુ મારી દૃષ્ટિએ નાનો છે. તારે પાંચ બહેનો છે અને તું મને લાડકો છે. તને બહાર મોકલવાનો મારો જીવ બિલકુલ ચાલતો નથી. તું કહે તો હું તને કહે ત્યાં ફરવા માટે લઇ જાઉં પણ તું પ્રવાસની વાત છોડી દે.

પણ બાપુજી, હવે તમે ચપટીમાં જીવ રાખો માં. જેનું હું રાત્રી અને દિવસ સ્મરણ કરું છું તે નવકાર મંત્ર મારા શ્વાસોશ્વાસમાં છે, મારાં દરેક રૂવાડામાં નવકારનો નાદ નીકળે છે. તે ખુદ જ મારી સાથે છે, તે પછી તમારે ચિંતા રાખવાનું કારણ શું ? હું મારી માળા સાથે લઇ જઇશ. સવારે બસમાં નવકારની માળા ફેરવી લઇશ. બાકી હું બહાર નીકળું ત્યારથી તમારે માનવું કે હું અને નવકાર સાથે છીએ. સમગ્ર બ્રહ્માંડ ધ્રૂજી ઊઠે તો પણ તમે તમારાં હૈયાંને મજબૂત રાખજો. મને નવકાર મંત્ર ઉપર પૂરો ભરોસો છે. કોઇનાથી વાંકો વાળ થઇ શકે તેમ નથી. આ પ્રમાણે પિયુષે જણાવતાં પિતાજીએ પત્રમાં તરત સહી કરી દીધી અને પંદર રૂપિયા હાથમાં આપ્યાં ને કહ્યું કે, પિયુષ, તું હવે ખરેખર ધર્મની આરપાર ઊતરી ગયો છે. તું ખુશીથી પ્રવાસમાં જા. અહીંયાની કોઇ ચિંતા રાખીશ નહીં. પિયુષ સંમતિપત્ર તથા પંદર રૂપિયા લઇને નવકાર મંત્રની માળા ગણવા બેસી ગયો.

અગીયાર વાગ્યે હાઇસ્કૂલમાં બધા વિદ્યાર્થીઓને જોડે પિયુષે પણ સંમતિપત્ર અને પંદર રૂપિયા ઘનશ્યામ સાહેબને આપ્યા. એકંદરે એકસો વિદ્યાર્થીઓના સંમતિપત્રો તથા રકમ એકત્ર થઇ. બે બસનું રીઝર્વેશન કરાવ્યું. ત્રણ દિવસ બાદ શાળાના બે શિક્ષકો તથા આચાર્ય સાહેબની સાથે સો વિદ્યાર્થીઓ સહિત શંખલપુરની ગુફાના પ્રવાસે સવારે સાત વાગે ઉપડ્યા.

રસ્તામાં વાસુકી મંદિર તથા વર્ષો પહેલાં પોતાના જીવોનું બલિદાન આપેલા ૨૦૦ મોટા મોટા પાળીયાઓ જોયા. વિગત તપાસતાં જાણવા મળ્યું કે આ જગ્યાએ બે લગ્નની જાનને બહારવટીયાઓ સાથે ધીગાણું થયેલું, તેના આ પાળીઆ છે. બરાબર દસ વાગે શંખલપુર ગામ પાસેથી બસ પસાર થઇ. ગામથી ગુફા પાંચ કી.મી. દૂર હતી તેમજ ગામના પાદરમાંથી રસ્તો જતો હતો. તેથી ગ્રામજનો નિહાળી શકે કે બસમાં પેસેન્જરો છે કે પ્રવાસીઓ. ગામ પાસેથી ખાડા ટેકરા પથ્થર ઢાળ પસાર કરતી બસ અગીયાર વાગે ગુફાથી અર્ધો કિલોમીટર દૂર ઉભી રહી. શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ હવે પગપાળા પ્રવાસ શરૂ કર્યો. વિદ્યાર્થીઓમાં કુતૂહલ હતું કે કઇ કઇ મૂર્તિઓ હશે ? કેવી હશે ? કેટલી હશે ? પથ્થરના પહાડમાંથી કેવી રીતે કોતરકામ થયું હશે ? કેટલાં વર્ષો પહેલાંની ગુફાઓ હશે ? વગેરે વાતો કરતા કરતા બરાબર બાર વાગે ગુફાનાં દ્વાર પાસે એકસો ત્રણ પ્રવાસીઓનું ટોળું ઊભું રહ્યું.

ભોંયરામાંથી આરપાર નીકળી શકાય છે કે કેમ ? તે કોઇ જાણતું નહોતું. પણ તેની રચના કોઇ એવા ઇલમી કારીગરોએ એવી કરી હતી કે સૂર્યના પ્રકાશના શેરડા ઠેકઠેકાણે જોવા મળતા. આચાર્ય સાહેબ સાથે વિદ્યાર્થીઓ ગુફામાં દાખલ થયા. પ્રથમ ગણપતિની મૂર્તિ હતી. શરીર ચાર અને મોઢું એક, ગમે તે દિશામાંથી જુઓ તો મોઢું સામે જ લાગે. આગળ વધતાં તમામ તીર્થંકરોની મૂર્તિઓ, મહાવીરસ્વામી, વિષ્ણુ, ગંધર્વો, વગેરેની મૂર્તિઓ જોઇ, આગળ પસાર થતાં ભગવાન શંકરની તાંડવ નૃત્યની મૂર્તિનાં દર્શન કર્યા. એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો કે સાહેબ, આ મૂર્તિ નાચ કરતી કેમ દેખાય છે ?

ત્યારે આચાર્ય સાહેબે જણાવ્યું કે, જ્યારે જ્યારે પૃથ્વીનો પ્રલય કાળ આવે છે, ત્યારે ત્યારે આવી કામગીરી ભગવાન શિવજીને સોંપવામાં આવે છે અને પૃથ્વી ડોલવા લાગે છે. આ વાત થઇ ત્યાં તો કડાડાટ કરતી ધરતી ધ્રુજવાના ભયંકર અવાજો થયા અને આખી ગુફા શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે એક બાજુથી બીજી તરફ ડોલવા લાગી. આચાર્ય સાહેબે કહ્યું કે

વિદ્યાર્થીઓ નજીક આવતા રહો, આ તો ધરતી ધ્રુજે છે, ધરતીકંપ થયો છે. કોઇ ગભરાશો નહીં. વિદ્યાર્થીઓમાં ગભરાટ, રાડારાડો અને નાસભાગ શરૂ થઇ.

આચાર્યસાહેબે કહ્યું કે ડરો નહીં, હિંમત રાખો, ગુફાની બહાર પણ ધરતીકંપ છે. ગભરાવાની કોઇ જરૂર નથી. પ્રભુનું સ્મરણ કરો. પિયુષે તો માળા કાઢીને નવકારમંત્રના જાપ શરૂ કર્યા ને કહ્યું, કે આ આપત્તિમાંથી હવે તો એક માત્ર હે નવકાર મંત્ર તુજ બચાવી શકે તેમ છો. આ સમયે શંકરના તાંડવ નૃત્યની મૂર્તિ પાસે બધા એકત્રીત થઇને એકબીજાને વળગી પડ્યાં. કોઇ ઉતાવળો વિદ્યાર્થી દોડીને જવાની મહેનત કરતો હતો પણ તેને પાછો બોલાવી લેવામાં આવ્યો. ધરતીકંપના ત્રણ આંચકા પછી ધરતીએ સ્થિરતા પકડી લીધી. આ ધરતીકંપ સાર્વત્રિક હતો પણ એવું બન્યું કે ગુફાના દ્વાર પાસે ઉપર લટકતી હજારો મણની શિલા જેમ પેટીને ઢાંકણ વાસવામાં આવે તે પ્રમાણે ગુફાનાં દ્વારમાં આડી પડી ગઇ. જવા આવવાનો માર્ગ બંધ થયો. ફક્ત અર્ધા ઇંચની સળંગ તીરાડ ઉપરના ભાગમાં ગુફા અને શિલા વચ્ચે રહી ગઇ, જેનાથી સૂર્યના પ્રકાશની સળંગ પટી ગુફામાં પડતી રહી અને હવા પણ મળતી રહી. શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ગુફાના દ્વાર સુધી આવ્યા અને જોયું કે દ્વાર બંધ થઇ ગયાં છે. બધાએ વિચાર કર્યો કે આટલા સંખ્યાબળથી આ શિલાને હટાવી શકાશે નહીં. તેમજ કોતરી શકાશે નહીં. તેથી સૌ વિદ્યાર્થીઓને આશ્વાસન આપીને પ્રભુનું સ્મરણ કરવાનું કહ્યું. આ તો કુદરતી કોપ છે. પિયુષે નાનું એવું સ્થળ ગોતીને એક આસને બેસીને નવકાર મંત્રના જાપ શરૂ કર્યા ને વિચાર્યું કે પરમાત્મા કંઇ રસ્તો દેખાડે તો ભલે નહીંતર ખોળીયું પડી જાય તો તેની મારે કોઇ ચિંતા નથી. નવકાર મંત્ર મારી સાથે છે.

શંખલપુરની ગુફા અર્ધો કિલોમીટર દૂર હોવાથી ત્યાં રાખેલ. બસના કંડકટર તથા ડ્રાયવરે મોડી રાત્રી સુધી રાહ જોઇ. પ્રત્યક્ષ ગુફા સુધી તપાસ કરી પણ કોઇ ભોંયરા જેવું નહીં જણાતા તેઓ બસ લઇને અરોડી ગામમાં પાછા આવ્યા. સાર્વત્રિક ધરતીકંપ હોવાથી અરોડી ગામમાં પ્રવાસની બસની પાછા ફરવાની રાહ સૌ કોઇ જોતાં હતાં. પણ વહેલી સવારે બસ ખાલી પરત આવતાં આખા ગામમાં હાહાકાર થઇ ગયો. ગામના સો વિદ્યાર્થીઓમાંથી પચીસ તો બાજુનાં ગામડાઓનાં હતા. શિક્ષકો તથા વિદ્યાર્થીઓ પરત ન આવતાં શોધખોળ માટે ડ્રાયવર તથા કંડકટરને મળ્યા ને વિગત જાણી લીધી. પિયુષના પિતા સુખી હતા, તેથી તેઓ અન્ય માણસોના સહકારથી શંખલપુરની ગુફાઓ સુધી ઘુમી આવ્યા. પણ કોઇ જગ્યાએ ગુફાઓ માલુમ પડી નહીં. ઠેકઠેકાણે મોટી આડી ઊંભી શિલાઓ જોઇ તેઓએ માન્યું કે કદાચ બીજા સ્થળે ગયા હશે ને ધરતીકંપમાં અટવાઇ ગયા હશે. રાત્રે અરોડી ગામના તમામ માણસો પરત આવ્યા. ખુદ શંખલપુરના માણસો પણ ગુફા શોધવા ગયાં પણ કુદરતી રીતે શિલા એવી રીતે ઢંકાઇ ગઇ હતી, કે ખરેખર ગુફા ક્યાં છે તે નક્કી કરી શક્યા નહીં.

ગુફામાં પૂરાયેલા શિક્ષકો તથા વિદ્યાર્થીઓની બે દિવસ થતાં પાણી તથા ખોરાક વગર શક્તિ ક્ષીણ થઇ ગઇ હતી. તેથી શાંતિથી બેઠાં બેઠાં ઇષ્ટદેવના જાપ કરતાં હતા. ફક્ત પિયુષ હિંમત રાખીને એક આસને બેસીને નવકારમંત્રના જાપની માળા કરતો હતો. જેમ જેમ જાપ કરતો જાય તેમ તેમ કુદરતી શક્તિ શરીરમાં વધતી જતી હતી. સ્ફૂર્તિ પણ વધારે જણાતી હતી ને સર્વેને કહેતો કે મિત્રો તથા સાહેબો, તમો સર્વે વિશ્વાસ રાખજો. આપણને ઉગારનારો મળી જ રહેશે. ખરેખર તો ગુફાને ઢાંકતી આડી પડેલી શિલા હટાવી શકાય તેવી સ્થિતિ નથી તેમ સૌ કોઇ જાણતાં હતા. આ પ્રસંગ બન્યાને ત્રણ દિવસ પસાર થઇ ગયા. બધે શોધખોળ થઇ છતાં અરોડી ગામના ગ્રામજનોના પ્રયત્નો નિષ્ફળ ગયા.

ત્રીજે દિવસે મધ્યરાત્રિએ પિયુષ નવકારમંત્રના જાપ કરતો હતો. ત્યાં પ્રત્યક્ષ તેજપુંજનો તેજસ્વી ગોળો તેને સામે જોયો. તેને પણ નવાઇ થઇ. આ પ્રકાશિત ગોળો ગોળ ગોળ ફરતો નાનો થતો જાય અને નજીકમાં આવતો જાય. હજુ આ બાબતે વિચાર કરે તે પહેલાં નાનુ એવું એક પ્રકાશિત બિંદુ તેના મોઢા દ્વારા પેટમાં જતું રહ્યું, તે તેણે પ્રત્યક્ષ જોયું. આ પ્રસંગ બન્યા પછી તેને ઊંઘ આવી ગઇ ને સ્વપ્ન આવ્યું કે પિયુષ, તું મુંઝાઇશ નહીં. તારા જાપના પ્રતાપથી તને ઉગારનારા કાલે સવારે આવી પહોંચશે. તું સમજ, તારા લાંબા પુણ્યના બળથી બીજા જીવો પણ ઉગરી જશે. ત્યાં તો તે ઉંઘમાંથી અચાનક જાગ્યો, ત્યારે પરોઢીયું થયું હશે એમ લાગ્યું.

આ તેજપુંજની અસર તે જ સમયે રાધનપુર શહેરની કોલેજના પ્રિન્સીપાલ સાહેબ શ્રી જે. જે. શાહ સાહેબને થઇ. તેઓ ઉંમરમાં બીજા પ્રિન્સીપાલ સાહેબ કરતાં નાના હતા. તેઓ પણ તમામ પ્રકારની રમતગમતના શોખીન, માયાળુ તેમજ વાત કરે તો મોઢામાંથી અમીવર્ષા થતી હોય તેવા લાગે. ધર્મના

સંસ્કાર તેમને વારસાગત મળેલા. આ પ્રકારના સ્વભાવવાળા હોવાથી તેઓને તે દિવસે રાત્રે એક સ્વપ્ન આવ્યું. તેમાં તેમને પ્રથમ ઊગતો સૂર્ય ખૂબ જ ફરતો દેખાયો અને થોડી વારે તેજપુંજ થયો. તેમણે જોયું કે કોઇ દિવ્ય પુરુષે એક જ અવાજથી કહ્યું કે જયંતી શાહ, જાણી લે કે તારા જ એકસો ત્રણ બાળકો આજથી ત્રણ દિવસ પહેલાં ધરતીકંપમાં શંખલપુર ગામથી પાંચ કી.મી. દૂર ગુફામાં જીવંત છે. તેઓ અરોડી ગામના છે. ગુફાનું દ્વાર ધરતીકંપથી એક શિલા દ્વારા બંધ થયેલ છે. ત્યાં આવી અનેક શિલાઓ છે જેથી તે ગુફા ક્યાં છે તે પ્રશ્ન તને મુંઝવશે. પણ હું તને સાબિતી આપું છું કે ત્યાં જતાં જમણી બાજુના રસ્તા ઉપર મોટી શિલા હજારો મણની આવશે. અને તે શીલાનું તું નિરીક્ષણ કરીશ તો તેના ઉપર ત્રુટક ત્રુટક કુદરતી રીતે કોતરેલાં શબ્દો મ...હા...વી...ર...જણાશે. તે શિલા ઉપર આખી આડી સળંગ અર્ધો ઇંચની તિરાડ છે. તેના સહારે આ જીવો બચી ગયા છે. ત્યાં તારી કોલેજના વિદ્યાર્થીઓ લોખંડના ત્રિકમ, કોશ, ઘણ, દોરડાઓ વગેરે લઇ જઇને તિરાડ પાસેથી તોડવાનું શરૂ કરજો. કારણ કે ત્યાં પથ્થર ખવાઇ ગયો છે. જેથી બે ત્રણ કલાકમાં મોટું બાકોરું થશે તેના દ્વારા રસી નાખીને દરેકને બહાર ખેંચી લેજો આ સંદેશો પૂરો થયો અને શીઘ્ર પ્રિન્સીપાલ સાહેબની આંખ ઉઘડી ગઇ. તેમણે ઘડિયાળમાં જોયું તો પોણા પાંચ થયાં હતા.

પ્રિન્સીપાલ સાહેબે તુરંત જ ક્વાર્ટર નજીક હોવાથી કોલેજ ગયા અને પટાવાળા તથા ગાર્ડને જગાડીને દસ વિદ્યાર્થીઓને નામ મુજબ અત્યારે જ બોલાવી લાવવા જણાવ્યું. અર્ધો કલાકમાં વિદ્યાર્થીઓ તથા ગામના દસ આગેવાનો આવ્યા. દસે દસ વિદ્યાર્થીઓને બીજા વિદ્યાર્થીઓને બોલાવવા મોકલ્યા તથા ખોદકામના સાધનો મંગાવ્યાં. પાંચ માલવાહક ખટારા, કોલેજની ગાડી તથા દસ આગેવાનો તેમજ એ વિદ્યાર્થીઓ સાથે અરોડી ગામ જવા માટે સવારના સાત વાગે ઉપડ્યા. એક કલાકમાં તો અરોડી પહોંચી ગયા. પ્રવાસની વિગત મેળવતાં જાણવા મળ્યું કે બે શિક્ષકો, આચાર્યશ્રી તથા સો વિદ્યાર્થીઓ શંખલપુરની ગુફાઓ જોવા ગયેલા. જે હજુ સુધી પાછા આવેલા નથી. તેમણે પોતાને આવેલ સ્વપ્નની વિગત કહી. તુરત જ અરોડી ગામમાંથી હેમચંદભાઇનું સમગ્ર કુટુંબ તથા આ ગામના સો માણસો વધારાની જરૂરી સાધનસામગ્રી સાથે શંખલપુરના રસ્તે પ્રિન્સીપાલ સાહેબની ટુકડી સાથે ગયા.

બરાબર અગીયાર વાગે આખો કાફલો શંખલપુરની ગુફા નજીક પહોંચી ગયો. પ્રિન્સીપાલ સાહેબ બારીકાઇથી પ્રથમ નિરીક્ષણ કરતાં ગુફાના દ્વારનો રસ્તો રોકીને પડેલી શિલા ઉપર તરત શબ્દો વાંચવા લાગ્યા. 'મ...હા...વી...ર...!' 'ગ્રામજનો તથા વિદ્યાર્થીઓ, આપણે આ શિલા ઉપર ચડવાનું છે. ત્યાં ઉપર સળંગ તિરાડ હશે. ત્યાંથી તોડવાનું શરૂ કરજો. બહારના તથા અંદરના જીવોને વાગે નહીં તેનું સંપૂર્ણ ધ્યાન રાખજો.' સર્વ સમુદાયે મહાવીરનો જય જયકાર કરીને સળંગ ઘણના ઘા, લોખંડની કોસ વડે પથ્થર તોડવાનું શરૂ કર્યું. એક કલાકની મહેનતને અંતે સળંગ પટીમાં અર્ધો ફૂટની શિલા તૂટી ત્યાં તો નવકાર મંત્રના જાપ સંભળાયા. શોર બકોર, અવાજ, બચાવો, બચાવોની બૂમો સંભળાઇ. આ અંગેની જાણ પ્રિન્સીપાલ સાહેબને કરી. પ્રિન્સીપાલ સાહેબ ખુદ શિલા ઉપર ગયા ને મોટેથી અવાજ કર્યો. ત્યાં તો ચેતનહીન છોકરાઓ ધીમે ધીમે નજીક આવ્યા, શિક્ષકો પણ નજીક આવ્યા ને રાડો પાડી કે અમોને તાત્કાલીક પાણી આપો, તરસથી અમે પીડાઇએ છીએ.

'અરે ભાઇઓ ! તમે હવે એક કલાક ધીરજ રાખો. તમને બચાવવા છેક અરોડી તથા રાધનપુરથી માણસો આવ્યા છે !' પિયુષના કુટુંબે જાણ્યું કે છોકરાઓ જીવે છે. તેથી તેમના પ્રાણમાં નવો સંચાર થયો. અંદરના છોકરાઓ ગુફામાં દૂર જતાં ગુફા તોડવાનું શરૂ કર્યું. એક કલાકમાં બે ફૂટનું સળંગ ગાબડું પડ્યું. ને તોડવાનું બંધ કર્યું. નીચે વીસ ફૂટની અનેક રસીઓ નાખીને વિદ્યાર્થીઓને એક પછીએક બહાર કાઢ્યા. છેવટે આચાર્ય સાહેબ બહાર આવ્યા. બહાર થોડું થોડું પાણી આપવામાં આવ્યું. ને પ્રેમથી સગાભાઇની જેમ બધા ભેટી પડ્યા.

બધાં માણસો ટ્રકોમાં અરોડી ગામ તરફ ગયા. બે કલાકમાં અરોડી પહોંચ્યાં. આખું ગામ હિલોળે ચડ્યું. ને સર્વત્ર આનંદ આનંદ થયો. તેજના લીસોટા જેવા પ્રિન્સીપાલ સાહેબે, તેમના વિદ્યાર્થીઓ તથા આગેવાનો સાથે રાધનપુરનો રસ્તો કાપવો શરૂ કર્યો.

અરોડી, રાધનપુર તથા આજુબાજુના ગામોમાં આ વિદ્યાર્થીઓને કુદરતી કેવો સહારો મળ્યો, કોણે માર્ગદર્શન આપ્યું તેની દિવસોના દિવસો સુધી ચર્ચાઓ થવા લાગી. પિયુષ અને પ્રિન્સીપાલ સાહેબ શ્રી જે.જે. શાહને તેજપુંજના દર્શન દેનારા પોતે તીર્થંકર મહાવીર પરમાત્મા હતા. તેમણે જગત સમક્ષ સંદેશ આપ્યો કે નવકાર મંત્રની શક્તિ કેટલી પ્રબળ છે તથા પોતે કરેલું ધાર્મિક કાર્ય કોઇ દિવસ નિષ્ફળ જતું નથી. ફક્ત

વિશ્વાસ અને સમયની જરૂર હોય છે. સર્વત્ર મહાવીરસ્વામીનો અને નવકાર મંત્રનો જય જયકાર બોલાયો.

**–એમ. એસ. પાટડીયા**

## અધ્યાત્મયોગીની નવકાર નિષ્ઠા

''સાધુ ભિખારી નથી, પણ સમ્રાટ છે એણે કોઇની પાસે કશી યાચના કરવી જોઇએ નહીં.'' આ શબ્દો છે પરમ આત્મજ્ઞાની અને ઉત્તમ સાધુતાના દૃષ્ટાંતરૂપ પૂ. કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજના. તા. ૨૨ મી મે એ એમના કાળધર્મના દિવસની કોબામાં જ નહીં બલ્કે પ્રત્યેક આરાધકોના દિલમાં એમની સ્મૃતિ જાગશે. આ પ્રસંગે તેઓની નવકાર મહામંત્ર પ્રત્યેની અખૂટ શ્રદ્ધાનું સ્મરણ તાજુ થાય છે. પૂજ્ય કૈલાસસાગરસૂરીશ્વરજીના જીવનમાં નવકાર પ્રત્યે અખૂટ આસ્થા પ્રગટ થાય છે. તેઓ કહેતા કે આ નવકાર માત્ર પરમ મંત્ર કે શાસ્ત્ર છે એટલું જ ન સમજતા, પરંતુ સર્વ મંત્રોમાં અને શાસ્ત્રોમાં શિરોમણિભૂત મહામંત્ર અને મહાશાસ્ત્ર છે. એની ઉપાસનાથી ભૌતિક આપત્તિઓ દૂર થાય છે. વ્યાધિ, જળ, અગ્નિ જેવા ભયનો નાશ થાય છે. ઇષ્ટની પ્રાપ્તિ કરાવતો આ મહામંત્ર અપૂર્વ ચિંતામણિ છે, અપૂર્વ કલ્પવૃક્ષ છે અને પરમ અમૃત સમાન છે. અર્થાત્ મોક્ષનો પરમ હેતુ છે. તરત જ તેઓ શ્રી મહાનિશીથ શ્રુતસ્કંધનું ઉદાહરણ આપતાં કે 'ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાયાથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી કે જ્યાં સુધી શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કારને સ્મરવામાં નથી આવ્યો.'

એકવાર અડપોદરામાં તેઓનું ચાતુર્માસ હતું. ગામ લોકો એમને ભાવુકતાથી પોતાને ઘેર પધારવાનું કહે અને પૂ. કૈલાસસાગરસૂરીશ્વરજી એમની પાસે નવલાખ નવકાર ગણવાની શરત મૂકે. એક શ્રાવકે નવલાખ નવકાર ગણવાનો સંકલ્પ કર્યો. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીને પોતાના ઘેર પગલાં કરવા વિનંતી કરી. એ વ્યક્તિનું નિવાસસ્થાન ઘણું દૂર હતું. અતિ શ્રમ લઇને શ્રાવકનાં ઘેર પગલાં કર્યા અને ઉપાશ્રયે પાછા પધાર્યા. શ્વાસનું દર્દ હતું. આથી શ્વાસ ખૂબ ચડ્યો હતો. હજી આસન પર બેસે ત્યાં જ એક બીજી વ્યક્તિ આવી પહોંચી. એણે કહ્યું, 'મહારાજ, મેં પણ નવ લાખ નવકાર ગણવાનો મહાસંકલ્પ કર્યો છે. આપ મારે ત્યાં પગલાં કરો તો મારા ધન્ય ભાગ્ય. !'

હજી હમણાં જ ખૂબ પરિશ્રમ વેઠીને પૂ. કૈલાસસાગરસૂરીશ્વરજી આવ્યા હતા. શ્વાસની તકલીફ તો હેરાન કરતી જ હતી પણ જ્યાં ધર્મની ભાવના હોય ત્યાં શ્રમનો શો હિસાબ ? ધર્મની પ્રભાવના થાય, ત્યાં પ્રમાદ કેવો ? પળનો પણ વિલંબ કર્યા વિના તેઓ તરત જ તૈયાર થયા અને એને ઘેર પગલાં કરવા ગયા. નવકાર પર એમને અનન્ય શ્રદ્ધા હતી. કોઇ શ્રાવક બીમાર હોય અને એમને પત્ર લખે તો જવાબમાં એટલું ખાસ લખતા કે નવકાર મંત્રનો જાપ બરાબર કરજો અને પૂ. ઉપાધ્યાય યશોવિજયજી મહારાજની પંક્તિઓ ગાઇ ઉઠતા :

**'સવિ મંત્રમાં સાર, ભાખ્યો શ્રી નવકાર,**
**કહ્યા ન જાયે રે એહના, જેહના છે બહુ ઉપકાર.'**

'નવકાર મંત્ર એ બધા જ મંત્રોમાં સારભૂત છે. એના ઉપકાર એટલા બધા છે કે તેને વાણી વર્ણવી શકે તેમ નથી.' વહેલી સવારે ઉઠીને પૂજ્યશ્રી સર્વ પ્રથમ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતા. એ પછી શિષ્યોને ઉઠાડવા માટે **'નમો અરિહંતાણં'** બોલીને પછી કહેતા. 'મુનિ ભગવંતો ! ઉઠો, સમય થયો છે. પ્રમાદનો ત્યાગ કરી ઊભા થાઓ. આ પછી મુનિવર જાગૃત થયા કે નહીં તેનો પ્રત્યુત્તર મેળવવા પુનઃ **'નમો અરિહંતાણં'** બોલતા. જાગ્રત થયેલા મુનિવરો **'મત્થએણ વંદામિ'** કહીને **'નમો અરિહંતાણં'** બોલતાં. કોઇ મુનિને પ્રમાદ ત્યાગ કરવો ન ગમે અને અકળાઇ જાય તો પણ પૂજ્ય આચાર્યશ્રી અકળાયા વિના **'નમો અરિહંતાણં'** બોલ્યે જતા હતા. પ્રમાદગ્રસ્ત મુનિ આચાર્યશ્રીને **'મિચ્છામિ દુક્કડમ્'** દેતા ત્યારે પૂ. આચાર્યશ્રી પણ સામે **'મિચ્છામિ દુક્કડમ્'** કહેતા.

પૂ. કૈલાસસાગરસૂરીશ્વરજી બિમાર હોય ત્યારે ડોકટર તપાસવા આવે, અને તેઓશ્રીને પૂછે, 'આપને કેમ છે ?' એના પ્રત્યુત્તરમાં દર્દની વાત કે બિમારીની વ્યથા કદી કહેતા નહીં. માત્ર એક જ જવાબ આપે : **'નમો અરિહંતાણં'**. શરીરમાં વ્યાધિએ ઉગ્રરૂપ ધારણ કર્યું હોય, સહુ કોઇ ચિંતિત હોય ત્યારે આચાર્યશ્રી સાંત્વના આપતાં કહે, 'શરીર અને કર્મ એનો ધર્મ બજાવે તો આત્માએ આત્માનો ધર્મ બજાવવો જ જોઇએ. આત્મ ધર્મનો ધ્રુવતારક અને દીવા-દાંડીરૂપ ભગવંતનો મુનિવેશ મને સદા સજાગ રાખે છે. એક દિવસ જેની રાખ અને ધૂળ થવાની જ છે તે દેહની શાને કાજે ચિંતા કરવી ?' પોતાની સાથેના સાધુઓને તેઓ આ વાત વારંવાર કહેતા. 'લાંબાકાળ સુધી તપ કર્યું હોય, ચારિત્ર્ય પાળ્યું હોય તેમજ ઘણાં શાસ્ત્રો ભણ્યા હોય પરંતુ જો

નવકાર મંત્ર વિશે પ્રીતિ ન થઇ તો સઘળું નિષ્ફળ થયેલું સમજવું.

નવકાર મંત્રની મહત્તા દર્શાવતા તેઓ વારંવાર કહેતા, 'પાંચે ય પરમેષ્ઠિઓને કરેલો આ નમસ્કાર સર્વ પાપોનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે. તથા સર્વ મંગલોમાં સર્વતોકૃષ્ટ મંગલ સ્વરૂપ છે.'

એક વાર શ્રાવકોએ એમની શ્વાસની વેદનાભરી તકલીફને કારણે અમદાવાદની વાડીલાલ સારાભાઇ હોસ્પિટલમાં ચિકિત્સા કરાવવાનું નક્કી કર્યું. ડોકટરે એમનો કાડિયોગ્રામ લીધો. નિદાન કર્યું કે એમનું હાર્ટ એન્લાર્જ થઇ ગયું છે. આથી અતિ શ્રમ કરવો નહીં. ખાસ તો દાદરા ચઢવા નહીં. અનિવાર્યપણે દાદરા ચડવા પડે તેમ હોય તો પણ બે ત્રણ પગથિયા ચડ્યા પછી થોડીવાર ઊભા રહેવું.

ડોક્ટરે એમને એક્સ-રે કઢાવવાની સૂચના આપી. તેઓ તો દાદરો ચડીને એક્સ-રે વિભાગમાં પહોંચી ગયા. પૂ. કૈલસાગરસૂરીશ્વરજીનો એક્સ-રે લીધો, પણ સાથે ડોક્ટરે પૂછ્યું, 'અરે ! તમે કેવી રીતે અહીં ઉપર આવ્યા ?' પૂ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીએ કહ્યું 'નવકાર ગણતાં ગણતાં ઉપર આવી ગયો.' તેઓ એક પગથિયું ચડે અને બીજો પગ મૂકે તે પહેલાં એક નવકાર મંત્ર બોલે. તેઓ કહે કે આમ કરવાથી બે ફાયદા થાય. શરીરને વિશ્રામ રહે અને નવકારની આરાધના પણ થાય. પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી ચાલતાં હોય કે દાદર ચડતા હોય, પણ એમની નવકારની આરાધના સતત ચાલતી હોય. ઊઠતાં-બેસતાં સમય મળે ત્યારે નવકાર મંત્રનું સ્મરણ સતત ચાલુ જ હોય.

પૂ.આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજે જીવનભર ચુસ્ત રીતે ક્રિયા પાળવાનો આગ્રહ સેવ્યો. ક્રિયાની સહેજે ઉપેક્ષા ન કરે. જ્યાં સુધી શારીરિક શક્તિ હતી ત્યાં સુધી બધી જ ક્રિયા જાતે ઊભા રહીને કરતા હતા. સમ્મેતશિખર જવાનો પ્રસંગ થયો. ત્યારે પણ એટલી જ જયણા રાખી. ભક્તિ નિમિત્તે આવેલી આહારની કોઇપણ વસ્તુ તેઓ વાપરતા નહીં. સહેજ ક્ષતિ થઇ હોય તો પ્રાયશ્ચિત માગી લેતાં. જીવનશુદ્ધિ અને આત્મ વિકાસમાં પ્રાયશ્ચિતને ઘણું મહત્વ આપતા.

**–મુનિન્દ્ર**

## ખોટો પડેલો હાથ સારો થઇ ગયો...!

નવકાર મહામંત્રનો કેવો અચિંત્ય પ્રભાવ અને પ્રતાપ છે તેની બે સત્ય ઘટના સુજ્ઞ વાચકો માટે અત્રે પ્રસ્તુત કરતાં અત્યંત આનંદ અનુભવું છું. રવિવારના તા. ૫-૧૨-૨૦૦૪ના શ્રી નમિનાથ જિનાલયે યોજાયેલ નવકાર જાપ અનુષ્ઠાન અને **શ્રી ચીમનલાલ કલાધર** સંપાદિત **શંખેશ્વર મહાતીર્થ વિશેષાંક**ના વિમોચનના કાર્યક્રમમાં એક આશ્ચર્યકારક ઘટના બની. નવકાર જાપ પૂર્ણ થતાં **શ્રી જયંતભાઇ 'રાહી'** ઘરે જવા શ્રી નમિનાથ ઉપાશ્રયમાંથી નીચે આવ્યા. નીચે તેમને એક કચ્છી જૈન પરિવારના સભ્યોને રડતાં જોયા. જયંતભાઇથી રહેવાયું નહિ. તેમણે તેમના વડીલને પૂછ્યું, 'શું થયું ભાઇ ? તમે બધા કેમ રડો છો ?' તે કચ્છી પરિવારના વડીલે જયંતભાઇને પ્રણામ કરતાં કહ્યું કે 'જયંતભાઇ આપના અમે બધા ખૂબ જ ઋણી છીએ. આપના નવકાર જાપમાં અમે પ્રથમવાર જ આવ્યા છીએ. અમારા આ ૧૮ વર્ષના યુવાન દીકરાને તમે જુઓ. જેનો હાથ કેટલાક સમયથી ખોટો પડી ગયો હતા. હાથ વળતો ન હતો. આંગળીથી મુઠ્ઠી પણ વાળી શકાતી ન હતી. ઘણા ઉપચારો કર્યા પણ કશો જ સુધારો ન થયો. કોઇકે અમને સૂચવ્યું કે અહીં શ્રી નમિનાથ ઉપાશ્રયમાં **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ થાય છે. ત્યાં તમારા દીકરાને લઇ જાવ તો કદાચ ફાયદો થશે. અમે શ્રદ્ધાથી નવકાર જાપમાં આજે જોડાયા. છેલ્લે જ્યારે આપનું **'દરશન દો એકવાર, દરશન દો એકવાર, દાદા તમારા ભક્ત પૂકારે, દરશન દો એકવાર'** એ ભક્તિગીત તાલબદ્ધ શરૂ થયું અને આપની સૂચના મુજબ આ ભક્તિ ગીતમાં હાથ ઉંચો કરીને તાળીઓ પાડવાની અમારો દીકરો કોશિષ કરવા લાગ્યો અને સૌના આશ્ચર્ય વચ્ચે તે સહજ રીતે જ ઉમંગથી તાળીઓ પાડવા લાગ્યો. અમે બધા તો સ્તબ્ધ બની ગયા. જાપ પૂર્ણ થયો ત્યારે જોયું કે તેનો હાથ તદ્દન સારો થઇ ગયો છે. તે હવે હાથ હલાવી શકે છે. તાળી પાડી શકે છે અને તેનો હાથ પૂર્વવત કામ કરતો થઇ ગયો છે. જયંતભાઇ અમારો દીકરો તદ્દન સારો થઇ ગયો છે. તેથી અમને બધાને હર્ષનું રડવું આવે છે. ખરેખર જયંતભાઇ આપના નવકાર જાપનો જ

આ પ્રભાવ છે. કે મારા દીકરાને સારું થઇ ગયું. તમારો ઉપકાર જેટલો માનીએ તેટલો ઓછો છે. હવેથી અમે આ નવકાર જાપમાં પરિવારના દરેક સભ્યો આવીશું. નવકારની આવી શક્તિ અને મહિમા છે તેની આજે જ અમને જાણ થઇ છે. એમ કહી આ કચ્છી જૈન પરિવારના દરેક સભ્યોએ જયંતભાઇને પ્રણામ કર્યા.

નવકાર મંત્રનો ચમત્કાર દર્શાવતો બીજો એક કિસ્સો પણ પ્રકાશમાં આવ્યો છે. ખેતવાડીમાં રહેતા એક બહેનને લોહિવા થયો હતો. તે બહેનને સતત લોહી પડે અને શરીરે પુષ્કળ અસુખ રહેવા લાગે. તે બહેન જયંતભાઇના નવકારના જાપમાં આવ્યા અને વાસક્ષેપ લઇ ગયા. તેઓએ આ વાસક્ષેપને માથામાં નાખ્યો અને નવકારનું સ્મરણ કરી થોડો વાસક્ષેપ પાણીમાં નાખી તેને પી ગયા. સૌના આશ્ચર્ય વચ્ચે તેમનો લોહીવા ત્વરિત બંધ થઇ ગયો. આજે પણ પોતાની આ ભયંકર પીડા નીવારનાર નવકાર મંત્રને તેઓ ભૂલ્યા નથી. હવે તો તેઓ સતત નવકાર મંત્રના જાપ કરે છે. નવકાર મંત્રના પ્રતાપે જ પોતે સારા થયા છે તેમ દ્રઢ પણે માને છે.

નવકાર મહામંત્રનો કેવો પ્રભાવ છે તે ઉપરોક્ત બન્ને સત્ય ઘટના પરથી આપ સૌ જાણી શકશો. જીવનમાં નવકાર સિવાય આપણો ઉદ્ધાર નથી તેમ સમજીને આપણે વધુને વધુ નવકારમય, નવકારનિષ્ઠ થઇએ તે જરૂરી છે.

**–મુંજાલ બાબુભાઇ શાહ (ઘાટકોપર)**

## હા, નવકાર ફળે છે !

૮૦-૮૫ વર્ષ પહેલાંની વાત છે. કચ્છમાં અંજાર પાસે આંબરડી ગામે **પૂ. દાદાશ્રી જીતવિજયજી મ.સા.** નું આગમન થયું. થોડાક દિવસોના રોકાણ દરમ્યાન પૂજ્યશ્રીના વ્યાખ્યાનો ચાલ્યા. એક વખતે પૂજ્યશ્રીએ સભામાં જોયું તો એક ઝોરા કુટુંબના ભાઇની ગેરહાજરી હતી, જેઓ દરરોજ વ્યાખ્યાનમાં અચૂક આવે. બીજે દિવસે આવ્યા ત્યારે ગેરહાજરીનું કારણ પૂછતાં શ્રી ઝોરાએ જણાવ્યું 'સાહેબ શું કરું ? લાચાર છું. પગની તકલીફના કારણે ઘોડી વિના ચાલી શકાતું નથી. ગઇ કાલે તે તૂટી ગઇ હતી. સુથારને સમારવા આપેલી તેથી આવી શક્યો નહિ. ક્ષમા કરજો ગુરુદેવ !'

'તારા જેવાને વળી ઘોડીની ગુલામી ?'

'ગુલામીને ઇચ્છે કોણ ? પણ પરવશતાએ બધું જ કરવું પડે. આપ આ ગુલામીથી છોડાવશો ?'

'તારે છૂટવું હશે તો છોડાવીશ. પણ હું કહું તે માનવું પડશે. બોલ માનીશ ?'

'જરૂર...જરૂર...ગુરુદેવ ! આપનું નહિ માનું તો કોનું માનીશ ? ફરમાવો આજ્ઞા.'

'તો ગણ અત્યારે જ પાંચ બાંધી નવકારવાળી અને જો નવકારનો ચમત્કાર.'

પેલા ભાઇએ તો ત્યાં ઉભે-ઉભે જ ઘોડી સાથે નવકારવાળી ગણવાનું શરૂ કરી દીધું. ચાર નવકારવાળી પૂરી થઇ. પાંચમી અર્ધી થતાં ચમત્કાર સર્જાયો. ઘોડી જમીન પર પડી ગઇ...અને શ્રી ઝોરાના પગની બધી જ તકલીફ ગાયબ થઇ ગઇ. પાંચમી નવકારવાળી પૂરી ગણીને ચાલવાની શરૂઆત કરી તો તેમને પોતાને પણ આશ્ચર્ય થયું. આ શું ? એક સામાન્ય માણસની જેમ પોતે ચાલી રહ્યો હતો...એના આશ્ચર્યની અવધિ ન રહી. આખા ગામમાં આ વાત ફેલાઇ. બધા જ શ્રી નવકાર મહામંત્રનો તથા પૂ. ગુરુદેવના આશીર્વાદનો પ્રત્યક્ષ ચમત્કાર જોઇ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા. પેલા ભાઇ ત્યારથી જિંદગીના અંત સુધી દરરોજ કમસે કમ પાંચ બાંધી નવકારવાળી તો અવશ્ય ગણતા રહ્યા. આ વાત આંબરડીના લોકો તથા વાગડવાલા ભાઇઓ સારી રીતે જાણે છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

વિ.સં. ૨૦૧૨ની સાલે અષાઢ સુદ ૧૪ના દિવસે કચ્છ-ભચાઊ નગરે **પૂ.આ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.સા.**ની નિશ્રામાં શ્રાવકો ચોમાસી પ્રતિક્રમણ કરી રહ્યા હતા. પ્રતિક્રમણ પૂરું થયા પછી શ્રાવકો સામાયિક પારી રહ્યા હતા. ત્યારે અચાનક જ ધન...ધન...ધરતી ધ્રુજવા લાગી. આખો ઉપાશ્રય હાલવા લાગ્યો...જાણે ટ્રેન જોઇ લો.

અરે...આ તો ધરતીકંપ...ભાગો ભાગો ના અવાજો

સાથે સામાયિક પાર્યા વિના જ કેટલાક તો ભાગવા લાગ્યા. અને તેઓ ભાગે તે સહજ હતું. કારણ ઉપાશ્રય નવો જ બનેલો હતો. છત પર સેંકડો મણ પત્થર પડેલા હતા.

આવા વિષમ સમયે અત્યંત સ્વસ્થતાપૂર્વક પૂ. સૂરિજીએ કહ્યું **'સૌ શાન્તિથી અહી જ બેસી જાવ. મનમાં નવકાર ગણો કશું જ નહિ થાય.'**

બધા બેસી ગયા. નવકાર ગણવા લાગ્યા. ધરતીનું કંપન બંધ થયું. આહ ! કેટલા બધા આશ્ચર્યની વાત હતી કે ઉપાશ્રય પડવાનું તો દૂર રહ્યું...પણ છત પરનો એક પત્થર પણ નીચે પડ્યો નહોતો. એટલું જ નહિ પરંતુ કિલ્લાની અંદર રહેલ ગામનું એક પણ મકાન પડ્યું નહોતું. જ્યારે ભચાઉથી થોડે દૂર રહેલા અંજાર-ધમડકા આદિમાં પુષ્કળ જાન માલની હાનિ થઇ હતી...આ વાત સૌ સારી પેઠે જાણે છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

વિ.સં. ૨૦૩૨ માગસર મહિને રાતા મહાવીર (રાજસ્થાન)માં ઉપધાન ચાલી રહ્યા હતા. અધ્યાત્મનિષ્ઠ પૂજ્ય પંન્યાસજી **શ્રી ભદ્રંકરવિજયજી મ.સા., અધ્યાત્મયોગી પૂજ્ય આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા., પૂજ્ય મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી મ.સા.** આદિ મુનિમંડળની શુભ નિશ્રામાં સુંદર આરાધના ચાલી રહી હતી.

ત્યારે **પૂજ્ય મુનિશ્રી પ્રીતિવિજયજી મ.સા.** એ નવકારના જાપ પૂર્વક ૬૨મી ઓળીના અંતે ઉપવાસની તપશ્ચર્યા કરેલી.

તીર્થનું સ્થાન અતિ રમણીય છે. ચારે બાજુ ડુંગરની હારમાળામાં રહેલું રાતા મહાવીર તીર્થ જોતાં જ મનને હરી લે છે. સાધના માટે સુંદર સ્થાન છે. માણસોના અવાજથી આ તીર્થ સેંકડો ગાઉ દૂર છે.

**પૂ. પ્રીતિવિજયજી મ.સા.** ઉપવાસ દરમ્યાન આખો દિવસ ભગવાન પાસે જાપમાં જ સંલગ્ન રહેતા. આવું તીર્થ અને આવા સાધક મહાપુરુષોની નિશ્રાથી જાપમાં વધુ ને વધુ સ્થિરતા આવતી જતી હતી.

૧૧માં ઉપવાસે રાતના સમયે એમને કંઇક અવર્ણનીય આનંદનો અનુભવ થયો. એકાએક મોટા અવાજે નવકાર ગણવા મંડી પડ્યા. બધા સાધુઓ જાગી ગયા. પંન્યાસજી અને સૂરિજી પણ જાગી ગયા. પૂછ્યું. 'આ શું કરો છો ? નવકાર મનમાં ગણો...મોટેથી કેમ ગણો છો ?'

'તમારી વાત સાચી હશે...પણ અંદરથી નવકારનો **'ધ્વનિ'** આનંદ એટલો બધો ઉમટી રહ્યો છે કે હું રહી શકતો નથી. આનંદથી હું બેવડો વળી જાઉં છું. કોઇ શબ્દ જ નથી એ આનંદને વર્ણવવા. અત્યંત આનંદના આવેશથી નવકાર હું બોલતો નથી, મારાથી બોલાઇ જવાય છે ! આમ કહીને પાછા સરળ સ્વભાવી મુનિશ્રી **'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' 'નમો આયરિઆણં...'** આમ નવકાર બોલતા જ રહ્યા. બીજે દિવસે બપોર સુધી નવકારનો ઉચ્ચારપૂર્વક જાપ ચાલુ રહ્યો. ખુલાસો કરતાં પૂજ્ય પંન્યાસજી મ. સાહેબે જણાવ્યું કે 'સરળ અને એકાગ્રચિત્તે સતત નવકાર ગણવાથી આવા પ્રકારની અનેક અનુભૂતિઓ થાય છે. કોઇ ને પ્રકાશનો પુંજ દેખાય છે. કોઇને આનંદના ઓઘ પ્રગટે છે. અન્તર્ગ્રન્થિનો ભેદ થતાં ભવચક્રમાં કદી નહિ અનુભવેલા આનંદની અનુભૂતિ થતાં સાધક આનંદથી નાચવા લાગે એમાં પણ નવાઇ નથી.'

આજે **પૂજ્ય મુનિશ્રી પ્રીતિવિજયજી** પંન્યાસપદારૂઢ છે. સરળ સ્વભાવી ભદ્રપરિણામી અને તપસ્વી તરીકે વાગડ સમુદાયમાં જાણીતા છે. આજે પણ એ પ્રસંગની સ્મૃતિ કરતાં તેઓ પુલકિત થઇ ઉઠે છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

વિ.સં. ૨૦૩૫માં વાગડવાલા સાધ્વીજી **શ્રી ચન્દ્રાનનશ્રીજી**નાં શિષ્યાઓ મોરબીમાં ચાતુર્માસ સ્થિત હતાં. મચ્છુના પૂરની ભયંકર હોનારતમાં આ સાધ્વીજીઓ પણ સપડાઇ ગયેલાં.

પૂરનાં પાણી સેકંડે સેકંડે ઊંચે આવતા હતા. એટલે સાધ્વીજીઓ તરત જ ઉપરના માળે ચાલ્યાં ગયા. પણ આ રાક્ષસી પૂર થોડી વારમાં ત્યાં સુધી પણ આવી પહોંચ્યા. કુશળ સાધ્વીજીઓ પાટ પર બેઠાં ત્યાં પણ પાણી આવતાં

બીજો પાટ ગોઠવ્યો. પાણીથી તે પણ ડોલવા લાગ્યો. ત્યારે તેને દોરડાથી ભીંત સાથે બાંધ્યો. ઉપર ત્રણે સાધ્વીજીઓ બેસી ગયાં. અઠ્ઠમના પચ્ચકખાણ અને સાગારિક અનશનપૂર્વક નવકારનો જાપ ચાલુ કર્યો. જ્યાં સુધી પૂરની આપત્તિ રહી ત્યાં સુધી જાપ ચાલુ રહ્યો. ધીરે ધીરે પૂરના પાણી ઓસરવા લાગ્યા અને સાધ્વીજીઓ નવકારના પ્રભાવે આબાદ ઉગરી ગયાં.

❁ ❑ ❁ ❑ ❁ ❑

આજ મોરબી-મચ્છુ-હોનારતની એક બીજી પણ ઘટના છે. ઓકટ્રોય નાકામાં ખોખા પર એક ભાઇ બેઠા હતા અને અચાનક જ ધસમસતું પૂર આવ્યું. તે ભાઇ લાકડાની કેબીન પર તરત જ ચડી ગયા. પણ જ્યાં મોટામસ મકાનો પણ તણાઇ જતા હોય ત્યાં આ બિચારી કેબીનનું શું ગજું ? પાણીના પ્રવાહથી કેબીન ડોલવા લાગી અને પેલા ભાઇએ અંતરથી નવકારને પોકાર્યો: 'ઓ નવકાર ! મેં તારો સદા જાપ કર્યો-તારી અનન્ય ભાવે આરાધના કરી છે. શું તું અત્યારે મારી મદદે નહિ આવે ? ઓ શંખેશ્વર દાદા ! બચાવો બચાવો !' આ પ્રમાણે પોકારપૂર્વક પ્રાર્થના કરીને તે ભાઇ નવકારના જાપમાં ખોવાઇ ગયા. પણ આ રાક્ષસી-પૂરે તો જાણે કાંઇ ન ગણકાર્યું. પ્રવાહના સપાટામાં કેબીન સાથે એ ભાઇને લઇને ચાલતું થયું. નવકારમાં જ એકાકાર થયેલા પેલા ભાઇના શરીરમાં પાણી ભરાયું. એ બેહોશ થઇ ગયા.

અગિયાર દિવસ પછી એ ભાઇ બેહોશીમાંથી મુક્ત થયા ત્યારે પણ વેઢા પર આંગળીઓ ફરતી હતી અને મનમાં નવકાર ચાલુ હતો. પણ ચારે બાજુ નજર કરતાં જોયું કે પોતે મોરબીમાં નહોતા. મચ્છૂના પ્રવાહમાં તણાઇને ઠેઠ નાના રણમાં પહોંચી ગયા હતા અને પાસેના માળીઆ ગામના માણસોએ તેમને બચાવી લીધા હતા.

જ્યાં ક્ષણવારમાં હજારો માણસો પ્રાણમુક્ત થઇ ગયા હતા, ત્યાં ૧૧ દિવસ પછી પણ બચી જવું એ કાંઇ નાનીસૂની ઘટના ન ગણાય...

—મુનિન્દ્ર..

## નવકાર મંત્રે આફત નિવારી !

આફતના સમયે નવકાર મંત્ર કેવો અકસીર ઔષધ સમો નિવડે છે તે અંગેની એક સત્ય ઘટના મારા એક પરમ મિત્રના જીવનમાં બનેલી છે. સુજ્ઞ વાચકો માટે તે અત્રે રજૂ કરતા અત્યંત આનંદ થાય છે.

મારા મિત્રનું નામ છે **નિલેશ ભોગીલાલ કોઠારી.** ઉનાળુ વેકેશનની રજાઓમાં તેમના ધર્મપત્ની પ્રીતિબેન, પુત્રીઓ નિકિતા, રીતિ વગેરે ઉત્તર પ્રદેશમાં આવેલ સુપ્રસિદ્ધ આગરા શહેરમાં તેમના પિયર ગયેલા. શાળા ખૂલવાનો સમય નજીક આવતા નિલેશભાઇ તેમને લેવા આગરા પહોંચેલા. તેઓ આગરાથી પંજાબ મેલમાં મુંબઇ પરત આવી રહ્યા હતા. એ વખતે ઉનાળાનો ભયંકર ગરમીનો સમય હતો. તેઓ આગરાથી નીકળ્યા ત્યારે ભારે ગરમીનું વાતાવરણ હતું. એ દિવસે ગરમીનું પ્રમાણ ૪૭ ડિગ્રીથી વધારે રહ્યું હતું. પંજાબ મેલે ગ્વાલીયર છોડ્યા પછી નિલેશભાઇની તબિયત એકદમ બગડી. તેમને તાવની સાથે ઝાડા-ઉલ્ટી શરૂ થયા. ઝાડા-ઉલ્ટીનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ગયું. અને તાવ તો એવો ચડ્યો કે નિલેશભાઇની સાથે તેમનો પરિવાર ભારે મુંઝવણમાં મૂકાઇ ગયો. ટ્રેનમાં ડોકટરની તપાસ કરી પણ કોઇ ડોકટર મળ્યો નહિ. ટી.સી.ને વાત કરી તો તેમણે ઝાંસી સ્ટેશન આવે ત્યારે ડોકટરનો પ્રબંધ થઇ શકશે તેમ કહ્યું. નિલેશભાઇના દર્દ અને પીડા વધતા ગયા. તેમને લાગ્યું કે મારા માટે આ મોટી આફત છે. હવે તો મને કોઇ બચાવી શકે તેમ હોય તો તે નવકાર મંત્ર જ છે. તેઓ એકચિત્તે નવકારનું સ્મરણ કરવા લાગ્યા. હે નવકાર ! હવે તો હું તારે જ શરણે છું. તું જ મને આ આપત્તિમાંથી ઉગારી શકે 'તેવી પ્રાર્થના તેઓ કરવા લાગ્યા.' આમ સતત સાડા ત્રણ કલાક થયા. ઝાંસી સ્ટેશન આવવાને હવે દસેક મિનિટની વાર હતી ને અચાનક ભર ઉનાળામાં ધોધમાર વરસાદ શરૂ થયો. ભારે વરસાદ અને ઠંડા પવનથી વાતાવરણ આહલાદક બન્યું. સખત ગરમીથી ત્રાસેલા લોકોને આ વરસાદથી સારી એવી રાહત થઇ. નિલેશભાઇ તો નવકાર સ્મરણમાં સતત મગ્ન હતા. ઝાંસી સ્ટેશન આવતા જ તેમની તબિયત સારી થવા લાગી. ઝાડા ઉલ્ટી બંધ થયા. તાવ પણ

ઉતરી ગયો. ઝાંસી સ્ટેશને અગાઉ ખબર આપવાથી ડોકટર હાજર હતા. તેમણે નિલેશભાઇને તપાસ્યા. પરંતુ નિલેશભાઇએ ડોકટરને કહ્યું કે સાહેબ, હવે મને બિલકુલ સારું છે. અમારા નવકાર મંત્રના પ્રતાપે મારું દર્દ ગાયબ થઇ ગયું છે. હવે હું સાવ નોર્મલ છું અને ડોક્ટરને પણ પ્રતીતિ થઇ કે આ દર્દીને કોઇ પ્રોબ્લેમ જણાતો નથી. છતાં તેમણે સાવચેતી ખાતર કેટલીક દવા તેમને આપી. પરંતુ નિલેશભાઇની તબિયત હવે પૂર્વવત થઇ ગઇ હતી તેથી દવાની કોઇ જરૂરત રહી નહિ. તેઓ આનંદથી પોતાના પરિવાર સાથે વાતચિત કરવા લાગ્યા. મુંબઇ આવતા તો તેઓ એકદમ ફ્રેશ થઇ ગયા. નિલેશભાઇ હજુ પણ આ પ્રસંગ યાદ કરતાં કહે છે કે નવકાર મંત્રના પ્રભાવ અને પ્રતાપથી જ આ મુસાફરીમાં મારો બચાવ થયો. નહિ તો આ આફત એવી હતી કે હું સુખરૂપ ઘરે પહોંચીશ કે નહિ તેની જ મને શંકા થવા લાગી હતી. પરંતુ નવકાર મંત્રની શ્રદ્ધાના કારણે મારો બચાવ થયો અને આ ઘટનાથી મારી અને મારા પરિવારની નવકારમંત્ર પરની શ્રદ્ધા વધુ દૃઢ અને બળવત્તર બની.

**—પ્રફુલ્લભાઇ ગોસલીયા (ડોંબીવલી)**

## શ્રી હંસરાજભાઇએ અનુભવેલી નવકાર મંત્ર પ્રભાવની બે ઘટનાઓ

નવકારમંત્ર અપરાજિત મંત્ર છે...તે કોઇ પણ વિઘ્ન, આફત કે સંકટને ક્ષણભરમાં નષ્ટ કરવાને સમર્થ છે...નવકાર મંત્રના સ્મરણથી અસાધ્ય વ્યાધિ અને સંકટોનુ નિવારણ થાય છે. તેથી જ સકલ વિશ્વમાં નવકાર મંત્રનો ભારે મહિમાં પ્રર્વત્તે છે. નવકાર મંત્રના આવા પરમ પ્રભાવની સત્ય ઘટના અહી રજૂ કરતા આનંદ થાય છે.

એમનું નામ છે **હંસરાજભાઇ લાલજી મસાલાવાળા.** ઘાટકોપર કચ્છી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘના ઉપપ્રમુખ અને કચ્છ ભોજાય સર્વોદય ટ્રસ્ટના સેવાપરાયણ ટ્રસ્ટી છે. મુંબઇ અને કચ્છની અનેક સંસ્થાઓમાં તેઓનું યોગદાન છે. જૈન સમાજના આવા કર્મઠ કાર્યકર શ્રી હંસરાજભાઇની નવકાર મંત્રના પરમ આરાધક **શ્રી જયંતભાઇ 'રાહી'**ના ઘાટકોપર મધ્યે દર મહિને યોજાતા નવકાર જાપમાં નિયમિત હાજરી. નવકારમંત્ર ઉપર તેઓને પૂરી શ્રદ્ધા. નવકાર મંત્રે તેમના જીવનમાં કેવો ચમત્કાર સર્જ્યો છે તેની બે સત્ય ઘટના તેમના જ શબ્દોમાં અહીં પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

તા. ૨૬મી જુલાઇ ૨૦૦૫નો દિવસ મુંબઇ માટે ગોઝારો સાબિત થયો. તે દિવસે આ સદીનો સૌથી વધુ વરસાદ મુંબઇ પર ખાબક્યો. આ વરસાદી તાંડવે ભારે તબાહી મચાવી. હંસરાજભાઇ અંધેરીથી ઘર તરફ પોતાની કારમાં આવતા હતા. બપોરના ત્રણ વાગ્યા હતા. વરસાદની રમઝટ ચાલુ જ હતી. શાંતાક્રુઝ પાસે આવતા માર્ગ પર પાણીનું દબાણ ખૂબ વધ્યું. કાર અટકી પડી. વરસાદ વધતા કારમાં પાણી ભરાવા લાગ્યું. રસ્તા પર ચોમેર પાણી જ પાણી. જાણે આખો રસ્તો જ મહાસમુદ્ર સમો બની ગયો. કારમાં છાતી સમુ પાણી આવી ગયું. કારમાંથી બહાર નીકળી શકાય તેમ ન હતું. હંસરાજભાઇને નવકારમંત્ર પર પૂર્ણ શ્રદ્ધા. તેમને લાગ્યું કે આ ભયંકર આફતમાંથી તો હવે નવકાર જ બચાવી શકશે. તેમણે એકાગ્ર ચિત્તે નવકાર જાપ શરૂ કરી દીધા. એક કલાક, બે કલાક, છ કલાક, બાર કલાક, પૂરા બાવીસ કલાક તેઓએ અહીં કારમાં બેસીને વિતાવ્યા. તેમનો નવકાર જાપ સતત ચાલુ જ રહ્યો. એ પછી વરસાદનું જોર ઓછું થતાં પાણી ઓસરવા લાગ્યા. અને હંસરાજભાઇ ધીમી ગતિએ કાર લઇ ઘરે સુખરૂપ પહોંચ્યા. તેઓએ આ ઘટનાને યાદ કરતાં કહ્યું કે આ આફતમાંથી મને કોઇએ બચાવ્યો હોય તો તે નવકાર મંત્રે જ. નવકાર ઉપર મારી પહેલેથી જ શ્રદ્ધા અને આ આફતના સમયે તેની સહાયથી જ મારો બચાવ થયો તેમાં કોઇ શંકા નથી.

પોતાના જ જીવનમાં એક બીજી ઘટના બની તેની વાત કરતાં હંસરાજભાઇ મસાલાવાલા કહે છે કે તા. ૧૭મી ઓકટોબરનો દિવસ ઘાટકોપરના વૈદ્ય ગ્રાઉન્ડમાં હું મારા નિત્યક્રમ પ્રમાણે મોર્નિંગ વોક કરવા ગયેલો. હજુ હું ત્યાં પહોંચ્યો અને ત્યાં બેઠક લીધી ત્યાં જ મને ચોથો હાર્ટએટકે આવ્યો. થોડી વાર તો હું બેભાન જેવો જ રહ્યો. એક રીક્ષાવાળાએ મને જોયો. તેણે મારી સ્થિતિ કલ્પી લીધી અને મને તાબડતોબ ઘરે પહોંચાડ્યો. ઘરેથી મને તુરત જ વરુણ હોસ્પિટલ લઇ ગયા. ત્યાં ડો. મુકેશ પરીખે મારી શીઘ્ર

ટ્રીટમેન્ટ શરૂ કરી. મેં તો મારા પ્રિય નવકાર મંત્રનું શરણું લીધું. અને તેના જાપ શરૂ કર્યા. મને આ ચોથો હાર્ટએટેક હતો. ચાર ચાર હાર્ટએટેક આવેલ માણસને બચવાની તક રહેતી જ નથી, પરંતુ નવકાર મંત્રના પ્રતાપથી મારો અદ્‌ભૂત બચાવ થયો. થોડા દિવસમાં તો હોસ્પિટલમાંથી મને ઘરે જવાની રજા મળી. આમ નવકાર મંત્રના પરમ પ્રભાવથી આ મહામંત્ર પ્રત્યેની મારી શ્રદ્ધા તો વધી જ પણ પરિવારના સર્વ સભ્યો પણ નવકાર મંત્ર પ્રતિ વધુ શ્રદ્ધાવાન થયા એજ મારા જીવનની મોટી ઉપલબ્ધિ હું ગણી રહ્યો છું. **–વિમલાચલ**

## દિલ્હીના બોમ્બ ધડાકામાં નવકાર મંત્રના પ્રતાપે અદ્‌ભૂત બચાવ !

હૃદયમાં ભાવપૂર્વક સ્મરણ કરાતા નવકાર મંત્ર સર્વ ભયોનો નાશ કરે છે, સર્વ પાપોનો નાશ કરે છે અને સર્વ વિઘ્નોને શમાવે છે. તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી. નવકાર મંત્રનો પ્રભાવ અને પ્રતાપ કેવો અચિંત્ય છે તેની એક સત્યઘટના અહીં પ્રસ્તુત છે.

વિલેપાર્લાના એક શ્રાવક દિલ્હીમાં પોતાની કંપનીના કામે ગયા હતા. તેઓ નવકાર મંત્રના આરાધક હતા. તેઓને નિયમ હતો કે કોઇપણ કામે બહાર નીકળીએ ત્યારે ૨૭ નવકાર ગણીને પ્રયાણ કરવું. તેઓ ઘરેથી પોતાના નિયમ મુજબ નવકાર ગણીને નીકળ્યા હતા. દિલ્હીમાં તેઓ એક હોટલમાં ઉતર્યા હતા. ત્યાંથી તેઓ એક મિત્ર સાથે ખરીદી કરવા નવકાર ગણીને નીકળ્યા હતા.

તેઓ ખૂબ જ નસીબદાર હતા. અને નવકાર મંત્રની તેમને સહાય હતી. તાજેતરમાં દિલ્હીમાં જે જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ થયો હતો અને તેનાથી ઘણા માણસો મૃત્યુને શરણ થયા હતા તે જગ્યા પર ખરીદી કરવા આ ઘટનાની ચંદ મિનિટ પહેલા જ તેઓ પહોંચ્યા હતા. આ શ્રાવકભાઇ અને તેના મિત્રનું આયુષ્ય બળવાન હશે એટલે આ શ્રાવકભાઇને ત્યાં પહોંચ્યા કે તુરત જ માથાનો સખત દુ:ખાવો ઉપડ્યો. તેણે પોતાના મિત્રને કહ્યું કે ખરીદી હવે બીજે દિવસે કરીશું. મને માથાનો સખત દુ:ખાવો શરૂ થયો છે. આપણે જલદી આપણા ઉતારે એટલે કે હોટલમાં પાછા ફરીએ. તેઓએ ત્યાંથી ત્વરિત એક રીક્ષા પકડી અને તે રીક્ષાએ માત્ર થોડું અંતર જ કાપ્યું હશે અને તેમણે એક પ્રચંડ ધડાકો સંભળાયો. જે જગ્યાએ તેઓ ખરીદી કરવાના હતા તે મારકેટમાં મોટો બોમ્બ ધડાકો થયો હતો. અને આજુબાજુની દુકાનો-વાહનો નાશ પામવાની સાથે અસંખ્ય માણસો મરણ પામ્યા હતા. જો આ શ્રાવકભાઇને માથાનો દુ:ખાવો ન થયો હોત તો તેઓ આ ધડાકાનો ભોગ બની જાત. આજે પણ આ ઘટનાની વાત કરતાં તેઓ કહે છે કે નવકાર મંત્રે જ મને આ મરણાંત ઉપસર્ગમાંથી બચાવ્યો છે. નવકાર મંત્રની પરમ આસ્થાના કારણે જ અમારો બચાવ થયો છે.

આ શ્રાવકભાઇના ધર્મપત્ની નવકાર મંત્રના પરમ આરાધક છે. બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવારના તેઓ સક્રિય કાર્યકર છે. અને ચેમ્બુર મધ્યે **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપમાં તેઓ નિયમિત હાજરી આપે છે. તેમના ઘરે **શ્રી જયંતભાઇ 'રાહી'**એ આપેલ શ્રી પંચ પરમેષ્ઠિ યંત્રનું નિયમિત દર્શન-પૂજન કર્યા વિના ઘરના કોઇ સભ્ય બહાર નીકળતા નથી. નવકારની આવી દૃઢ શ્રદ્ધાને લીધે આ શ્રાવકભાઇનો અદભૂત બચાવ થયો છે. નવકારના આરાધકોને નવકાર મંત્રના અચિંત્ય સામર્થ્યનો ખ્યાલ આવે તે માટે આ સત્યઘટના અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે.

**—સન્મિત્ર**

## નવકાર મંત્રની શ્રદ્ધાનું ફળ

આ એક સાચી ઘટના છે. વાતને પૂરી બે-ત્રણ વીશી પણ થઇ નથી. ગુજરાતમાં ત્યાગી સાધુ-મુનિરાજોનું આવાગમન અતિ સુલભ છે.

એક પ્રસિદ્ધ ત્યાગી ગુરુદેવના વ્યાખ્યાનમાં નિયમિત એક મુસલમાન હાજરી આપતો હતો. વ્યાખ્યાનશૈલીની અજબ છટા, રોચક રજૂઆત અને પ્રભાવપૂર્વકના પ્રવચને એ મુસલમાનના હૃદયમાં ઊંડી છાપ પાડી. ત્યારે એ મુસલમાન ગુરુદેવનો પૂર્ણ ભક્ત બન્યો. ગુરુદેવે તેને નવકારમંત્ર શીખવ્યો અને એ મંત્રનો અજબ મહિમા પણ સાથે વર્ણવી બતાવ્યો અને કહ્યું કે તેના પ્રભાવે માણસ ધાર્યું કરી શકે છે, વિઘ્નો ને વિપદાઓ દૂર ટળે છે અને સઘળી કામનાઓ ફળે છે. માટે હંમેશા નવકાર મંત્રનું ધ્યાન કરવું, ખૂબ જાપ કરવો. એ

મુસલમાનને જૈન સાધુ ઉપર અથાગ પ્રીતિ હતી, તેમનો પડ્યો બોલ એ ઝીલી લેતો હતો. નિયમિત એ મુસલમાન નવકારમંત્ર ગણે છે, તેની શ્રદ્ધા અટલ છે. એ સમજે છે ને માને છે કે, 'હું નવકાર મંત્રના બળે ધાર્યું કાર્ય કરી શકું છું.'

એક વખત એક શ્રીમંત જૈન ગૃહસ્થ પોતાના બાળ બચ્ચાં, સ્ત્રી પુત્ર-પરિવાર સાથે ગાડામાં બેસી બીજે ગામ જઇ રહ્યા હતા. આ મુસલમાન પણ તે જ રસ્તે જઇ રહ્યો હતો. શેઠે પાણી સાથે લીધું હતું પણ થોડું હોવાથી ખૂટી ગયું. બાળ-બચ્ચાં રોકકળ કરવા માંડ્યાં. બાપા પાણી ! બાપા પાણી ! પણ આ ભયાનક જંગલમાં 'બાપા પાણી ! લાવે ક્યાંથી ?'

પિતાએ ચારે તરફ નજર ફેંકી, પણ કૂવો, વાવ, તળાવ કે વાવડી પણ નજરમાં ન આવી, આ તરફ છોકરાઓ ચીસ પાડે છે. પિતાને વિચાર થઇ પડ્યો: શું કરવું ? આવા ઘોર જંગલમાં પાણી ક્યાંથી લાવવું ? પેલા મુસલમાને જાણ્યું કે શેઠને પાણી જોઇએ છે. એમનાં છોકરાં રોકકળ કરી રહ્યા છે.

તરત જ તેણે શેઠને કહ્યું 'શેઠજી ! જરાં થોભો, હું પાણી લાવી આપું છું.'

શેઠે કહ્યું 'ભાઇ ! અમે ઘણી તપાસ કરી. આટલામાં પાણી છે જ નહિ, તો તમે ક્યાંથી લાવવાના હતા ? જવા દો હવે. જલદી આગળ જઇએ અને ઘરભેગા થઇએ.'

'શેઠજી ! જુઓ તો ખરા, હમણાં પાણી લાવી આપું છું. જરા ધીરજ રાખો, વિશ્વાસ રાખો મુસલમાને કહ્યું.

શેઠે કહ્યું 'ઠીક ભાઇ ! લાવી આપ પાણી, તારી મહેરબાની !' મુસલમાને ચાર-પાંચ ડગલાં દૂર જઇ જમીન પવિત્ર કરી એક રૂમાલ પાથર્યો અને કંઇક ગણગણવા માંડ્યું.

શેઠ વિચારે છે: 'આ વળી શું કરે છે ! એમ તે કંઇ પાણી મળી જવાનું છે ?'

શેઠની ધીરજ ખૂટી અને તે તો બોલી ઉઠ્યા: 'ભાઇ સાહેબ ! રહેવા દો, અમે જઇએ છીએ.' એમ પાણી નહિ આવે.

પણ પેલો મુસલમાન તો પોતાના ધ્યાનમાં મસ્ત હતો. થોડી જ ક્ષણમાં ત્યાં મીઠા પાણીનો કુંડ જોવામાં આવ્યો. એ મીઠા પાણીના કુંડમાંથી મુસલમાને લોટો ભરી સૌને પાણી પાયું. શેઠની ખુશીનો પાર ન રહ્યો. શેઠ સમજ્યા આ તો પરમાત્મા જેવો છે. છોકરાંય રાજી થયાં અને શેઠ પણ બોલી ઉઠ્યા: 'વાહ રે મુસલમાન !'

શેઠે મુસલમાનને કહ્યું 'મને એ તો બતાવ કે, તું રૂમાલ પાથરીને શું ગણ-ગણ કરતો હતો ?' મુસલમાને જણાવ્યું 'શેઠ સાહેબ ! ગુરુ મહારાજે મને એક મંત્ર બતાવ્યો હતો અને તેમણે જણાવ્યું હતું કે, આ મંત્રના પ્રભાવથી તારી સઘળી ઇચ્છા પૂરી થશે, વિઘ્નો ને વિપદાઓ દૂર ટળશે. મને ગુરુજીના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. જેથી મેં એ મંત્રનું ધ્યાન કર્યું. તેના પ્રભાવે તરત જ પાણીનો કુંડ તૈયાર થયો.

'પણ એ મંત્ર કયો એ તો બતાવ !' શેઠજી બોલ્યા.

'શેઠજી ! આપને એ મંત્રનું શું કામ છે ? આપનું કામ થઇ ગયું છે,' મુસલમાને જણાવ્યું.

શેઠ કહે છે કે, તે અમારે ખરા વખતે કામ આવે. જો આ વખતે તું ન હોત તો પાણી વગર છોકરાં મરી જાત, માટે અમને એ મંત્ર બતાવ, અમે પણ એવા કપરા પ્રસંગમાં તેનો ઉપયોગ કરી અમારી ઇચ્છા પૂર્ણ કરી શકીએ.

શેઠે ખૂબ આગ્રહ કર્યો. ત્યારે મુસલમાન બોલ્યો: 'શેઠજી ! સાંભળો. **'નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં'** વગેરે નવકાર મંત્રના નવપદ એ શુદ્ધ રીતે બોલી ગયો.

શેઠ કહે છે: 'આ તારો મંત્ર ?'

મુસલમાન કહે: 'જી સરકાર !'

'અહો ! આ તો અમારા ઘરના છૈયાં-છોકરાં અને ઘરનાં બધાં માણસો જાણે છે. જા જા હવે, અમે તો રોજ ગણીએ છીએ છતાં કંઇ જ થતું નથી, આ પાણીનો કુંડ તો કુદરતી થઇ ગયો છે, એમાં કંઇ મંત્રનો પ્રભાવ નથી, શેઠ બોલ્યા.

'એમ તમે આ મંત્ર રોજ ગણો છો ? તમે આ મંત્ર

જાણો છો ? એમાં કંઇ નથી ? મુસલમાને પ્રશ્ન કર્યો.'

જોયું ! શેઠજી પોતે અશ્રદ્ધાળુ હતા. નવકારમંત્રના ઉપરનો વિશ્વાસ ખોઇ બેઠા હતા. આ મુસલમાનને દૃઢ શ્રદ્ધા હતી, પૂર્ણ વિશ્વાસ હતો. તોય શેઠજીના સંસર્ગથી વિશ્વાસ ખોઇ બેઠો. મુસલમાને ફરી પાણીનો કુંડ થઇ જાય એ ઇચ્છાથી નવકાર મંત્રનું ધ્યાન ધર્યું. ઘણાય નવકાર ગણ્યા પણ કુંડ કે પાણીનું નામનિશાન ન થયું. મુસલમાન સમજ્યો. શેઠજીની વાત સાચી છે, આ મંત્રમાં કંઇ નથી.

આજે આવા કંઇક આત્માઓ બિચારા અનેકોની શ્રદ્ધાને ઝુંટવી રહ્યા છે. પોતે અશ્રદ્ધાળુ હોય છે અને બીજાને પણ અશ્રદ્ધાળુ બનાવે છે. પછી પેલો મુસલમાન ગુરુ મહારાજને મળે છે અને સાચી હકીકત પૂછે છે.

ત્યારે ગુરુ મહારાજે સત્ય હકીકત કહી સંભળાવી. શેઠની વાત સાંભળી. ગુરુ મહારાજને ખેદ થયો. આવા માણસ પોતાને વિશ્વાસ નહિ એટલે બીજાને પણ વિશ્વાસથી ચલિત કરે છે. ખરેખર જૈનધર્મ આજે વાણિયાના હાથમાં આવ્યો છે. પ્રથમ ક્ષત્રિયોના હાથમાં હતો. સ્વપ્નાના વર્ણનમાં આવે છે કે, ઉકરડામાં કલ્પવૃક્ષ ઉગ્યું તે સાચી વાત છે.

પેલો મુસલમાન ગુરુદેવના વચન સાંભળી પુનઃ દૃઢ શ્રદ્ધાળુ બન્યો અને પહેલાંની જેમ નિયમિત નવકારમંત્ર ગણવા લાગ્યો.

દુનિયાના સઘળાય વ્યવહારોમાં વિશ્વાસ રાખવો પડે છે. વિશ્વાસ વગર વ્યવહાર પણ ચાલતો નથી. ધર્મ ઉપર જો વિશ્વાસ ન રાખવામાં આવે તો એ ધર્મકરણી ફળે ક્યાંથી ? ફળ મીઠાં ચાખવા છે. વાતો મોટી કરવી છે અને શ્રદ્ધામાં ગોળ-મટોળ ભમરડા જેવું મીડું, તે કેમ ચાલે ?

માટે શ્રદ્ધા મજબૂત બનાવો. આપણી શ્રદ્ધા અસ્થિમજ્જા જેવી હોવી જોઇએ. રગે-રગમાં, નસેનસમાં દેવ, ગુરુ અને ધર્મ પ્રતિ આપણો વિશ્વાસ હોવો જોઇએ. એવી દૃઢ શ્રદ્ધા અને વિશ્વાસથી કરેલી ધર્મક્રિયાનું ફળ અવશ્ય મળે છે.

**–પૂ.આ. શ્રી લક્ષ્મણસૂરીશ્વરજી મ.સા.**

## પૂજ્ય શ્રી જયંતભાઇ 'રાહી'નો બે વાર ચમત્કારિક બચાવ થયો

નવકાર જ જેમના જીવનમાં સતત વણાઇ ગયો હોય, નવકાર જ જેમના જીવનની આધારશીલા બની ગયો હોય અને નવકારની અસ્ખલિત સાધના જ જેમના જીવનનું મુખ્ય લક્ષ બની ગઇ હોય એવા નવકાર મંત્રના પરમ સાધક અને ઉપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના જીવનમાં માગશર સુદ-૧૫ને રવિવાર, તા. ૨૩-૧૨-૨૦૦૭નો દિવસ તેમને બે બે વખત મોતના મુખમાંથી ઉગારનારો યાદગાર દિવસ બની રહ્યો. અત્યાર સુધી નવકારના પ્રચંડ પ્રભાવની સંખ્યાબંધ ઘટનાઓ અમે અહીં પ્રસ્તુત કરી ચૂક્યા છીએ પરંતુ નવકાર મંત્રને પોતાના જીવનમાં આત્મસાત કરનારા **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના જીવનમાં નવકાર મંત્રના પ્રભાવ અને પ્રતાપથી કેવો અદ્‌ભૂત ચમત્કારિક બચાવ થયો તેની દિલ ધડક સત્ય ઘટના અહીં સુજ્ઞ વાચકો માટે પ્રસ્તુત કરીએ છીએ.

મુલુન્ડમાં વર્ધમાનનગરમાં છેલ્લા આઠેક વર્ષથી દર મહિનાની પૂર્ણિમાના દિવસે સવારના ૭.૦૦ વાગે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાન યોજાય છે. માગશર સુદ-૧૫નો એ દિવસ હતો. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** દર વખતની જેમ આ વખતે પણ પોતાની કારમાં ચેમ્બુરથી મુલુન્ડ આવવા નીકળ્યા હતા. તેમની સાથે તેમના સાથીદાર **શ્રી નરેન્દ્રભાઇ સંગોઇ** પણ હતા. તેમની કાર મુલુન્ડ પહોંચવા આવી હતી. એ સમયે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ને પાણીની તરસ લાગી હતી. નવકારશીનો સમય પણ થઇ ગયો હતો. તેથી તેમણે રોડની એક સાઇડ પર પોતાની કારને ઉભી રખાવી અને પાણી વાપરવું શરૂ કર્યું હતું. હજુ તેઓ પાણી વાપરી રહ્યા હતા. ત્યારે એ સમયે તેમની કારની પાછળ પુરઝડપે આવતી એક કારે જોરથી ટક્કર મારી હતી. આ અથડામણથી તેમની કારને જબરજસ્ત ધક્કો લાગ્યો હતો. અને એનાથી તેમની કારનો ડ્રાઇવર ઉછળ્યો અને તેનું માથું કારના સ્ટીયરીંગ પર જોરથી ભટકાયું. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** આ કારમાં ડ્રાઇવર પાસેની સીટ પર બેઠા હતા. તેઓ પણ ઉછળીને કારના દરવાજા સાથે અથડાયા. કારની પાછળના ભાગમાં બેઠેલા નરેન્દ્રભાઇ

સંગોઇ પણ સીટ સાથે ઉછળીને કારના કાચ સાથે અથડાયા. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની કારનો પાછળનો ભાગ સાવ બેવડ વળી ગયો હતો. કારની પાછળની લાઇટ અને કાચનો તો ભુક્કો બોલી ગયો હતો. આ અકસ્માત કરનાર કાર તો શીઘ્ર રીવર્સ લઇને જોત જોતામાં નાસી છૂટી હતી. આ અકસ્માત પછીની ચંદ મિનિટમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** સ્વસ્થ મને કારની બહાર આવ્યા અને તેમણે પેલી અકસ્માત કરીને ભાગી છૂટતી કારને રોકવા હાથ ઉંચો કર્યો હતો. પરંતુ ફૂલસ્પીડે ભાગતી તે કાર ન રોકી શકાઇ. એ સમયે પુર ઝડપે દોડતી એક ટ્રક ધસી આવી અને એ ટ્રક સાથે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**નો હાથ સ્પર્શી ગયો. અને તુફાન મેલની જેમ ઝડપથી એ ટ્રક તો પસાર થઇ ગઇ. અહીં એક ચમત્કાર થયો. તેઓ ઉભા હતા અને પાછળથી કોઇએ તેમને ઝડપથી ખેંચી લીધા. ટ્રક ઝડપથી આવી પરંતુ માત્ર તેમના એક હાથના આંગળાને થોડી ટચ કરતી ચાલી ગઇ. જો કોઇએ તેમને પાછળ ન ખેંચ્યા હોત તો તેમનું આ ટ્રક અકસ્માતમાં બચવું ઘણું મુશ્કેલ હતું. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**એ પોતાને પાછળ ખેંચનાર-બચાવનાર કોણ છે તે જોવા નજર કરી પણ ત્યાં કોઇ વ્યક્તિ તેમના જોવામાં આવી નહિ. તેના કોઇ સગડ પણ તેમને મળ્યા નહિ. તેમને લાગ્યું કે કોઇ અધિષ્ઠાયક દેવે જ મારી રક્ષા કરી છે. જો તેમણે મને રોડ પરથી શીઘ્ર ખસેડયો ન હોત તો આજે તો મારું મૃત્યુ નક્કી જ હતું.

આમ આ ગમખ્વાર કાર અકસ્માતમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** અને **શ્રી નરેન્દ્રભાઇ સંગોઇ**ને ખાસ કંઇ ઇજા થઇ નહિ. તેમના કાર ડ્રાઇવરને માથે અને હાથે થોડી ઇજા થઇ અને તેમને થોડી સારવાર આપવી પડી પરંતુ આ કાર અકસ્માતમાં બધાનો અદ્‌ભૂત ચમત્કારિક બચાવ થયો. વળી **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ને એજ સમયે બીજી ઘાત હશે એટલે જ પેલી ટ્રકના અકસ્માતથી પણ તેઓ સાંગોપાંગ ઉગરી ગયા. જો કે તેમને હાથે થોડી ઇજા થઇ પરંતુ એક જ દિવસમાં થોડી જ મિનિટોમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**નો બે વખત બચાવ થયો અને તેઓ બંને વખત મૃત્યુના મુખમાંથી ઉગરી ગયા.

જોવાની ખૂબી એ છે કે આટલો ભયંકર અકસ્માત થયો હોવા છતાં અને આટલી વિટંબણા અને ત્રાસ પડ્યો હોવા છતાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ઘરે પાછા ફરવાને બદલે મુલુન્ડના જાપ સ્થળે પહોંચી ગયા. અને મુલુન્ડના સર્વ આરાધકોને ઉલ્લસિત મને નવકાર જાપ કરાવ્યા. તેમના મુખારવિંદ પર આ અકસ્માતના કારણે કોઇપણ પ્રકારનું દુ:ખ, ગમગીની કે વ્યથા જોવા ન મળી. નવકાર સાધકમાં નિર્ભિકતા અને નિર્લેપતા કેવી વ્યાપક હોય છે તે તેમના આ કિસ્સામાં સૌને જોવા મળ્યું.

આપણને સૌને નવકારના જાપ કરાવનારા, નવકારની આરાધનામાં રસ લેતા કરનારા અને નવકારના રહસ્યોને સમજાવનારા નવકારનિષ્ઠ શ્રાદ્ધવર્ય **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની નવકાર સાધના જ એવી ઉત્કૃષ્ટ છે કે તેમની પર આવતા વિઘ્નો, સંકટોનું નિવારણ પણ શીઘ્ર થઇ જતું હોય છે. નવકાર મંત્ર ગમે તેવા સંકટોમાં પણ અપૂર્વ સુરક્ષા પ્રદાન કરે છે તે આ ઘટના પુરવાર કરે છે. નવકાર મંત્રનો આવો પ્રચંડ પ્રભાવ નવકારની સાધના કરનાર સહજ, રીતે અનુભવી શકે તેમાં કોઇ આશ્ચર્ય નથી. માટે જ નવકારનું શરણ લઇ આપણે સૌ વધુને વધુ નવકારમય બનીએ અને આપણું શ્રેય સાધીએ એજ અભ્યર્થના... **–ચીમનલાલ કલાધર**

## નવકાર મંત્રના પ્રભાવથી અમને જીવતદાન મળ્યું !

અમે દર બેસતા મહિને ચેમ્બુર તીર્થમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપમાં નિયમિત જઇએ છીએ. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપથી અમને ઘણો ફાયદો થયો છે. તેમના નવકાર જાપમાં ત્રણ કલાક ક્યાં જતાં રહે છે તેનો ખ્યાલ રહેતો નથી. વળી આ જાપમાં આવવાથી અમારો આખો મહિનો ખૂબ સારો જાય છે. જ્યારથી અમે આ મહામંત્રનું શરણ લીધું છે. ત્યારથી અમારા ઉપર આવતા વિઘ્નો, સંકટો, આફતોનું નિવારણ શીઘ્ર થતું રહ્યું છે. તાજેતરમાં જ અમારા પર આવનારી એક મહાઆફત કેવી રીતે ટળી શકી તેની સત્ય ઘટના અહીં રજૂ કરીએ

છીએ.

તે દિવસ હતો તા. ૩૧ મી ડિસેમ્બરનો. અમારા બંને દીકરાઓ ૩૧મી ડિસેમ્બર ઉજવવા બહાર ગયા હતા. સમય થતાં નવકારનું સ્મરણ કરતાં અમે નિદ્રાધિન થયા હતા. રાત્રીના ત્રણ વાગે એકાએક મારી આંખો ખુલ્લી ગઇ. મને ખબર પણ ન પડી કે હું એકાએક જાગી કેમ ગઇ ? એ સમયે વાતાવરણમાં અજબનો સન્નાટો ફેલાયેલો હતો. જાગતાની સાથે જ મેં જોયું કે આખા ઘરમાં ગેસની તીવ્ર વાસ ફેલાયેલી છે. હું મારા રૂમની ગેલેરીમાં જોવા ગઇ તો ત્યાં બહારની બાજુ ગેસની કોઇ વાસ ન હતી. ફરી રૂમમાં આવી તો ગેસની વાસ વધવા લાગી. હું તાત્કાલિક રસોડા તરફ વળી તો ત્યાંથી જાણે અજગર ફૂંફાડા મારતો હોય તેવો ભયંકર અવાજ આવવા લાગ્યો. રસોડામાં પ્રવેશીને મેં જોયું તો અમારા ગેસની ટ્યૂબ ઉંદરોએ કાપી નાખેલી અને તેમાંથી ગેસ ઝડપથી નીકળતો હતો. હું તો આ દ્રશ્ય જોઇને સ્તબ્ધ બની ગઇ. મેં હિંમત રાખીને નવકારનું સ્મરણ કરી ગેસના બાટલાની સ્વીચ ઓફ કરી દીધી. અને એ પછી મુખ્ય દરવાજાને બાદ કરીને રસોડા અને રૂમોના તમામ બારી-બારણા ખૂલ્લા મૂકી દીધા. અને એ પછી મેં નવકાર જાપ શરૂ કર્યા. આમને આમ દોઢ-બે કલાક વીતી ગયો. મારા બંને દીકરાઓ તા. ૩૧મી ડિસેમ્બરની ઉજવણી કરીને પાછા ફર્યા. ઘરે આવીને તેમણે દરવાજા પરની બેલ મારી. મેં દરવાજો ખોલ્યો. પરંતુ મને થયું કે હું જાગી જ ન હોત અને છોકરાઓએ આવીને બેલ મારી હોત અને મેં લાઇટ કરી હોત તો પૂરા ફ્લેટમાં આગ લાગી હોત ! સવાર થયું અને અમે ગેસના મિકેનિકને બોલાવ્યો. તેમણે તપાસ કરીને કહ્યું કે 'ખરેખર તમે અને તમારો પરિવાર ખૂબ જ નસીબદાર છો. ભગવાને તમને બચાવી લીધા છે. નહિ તો આખા ઘરમાં ફેલાયેલા ગેસને લીધે આગ જ લાગી હોત અને તેમાં તમે કોઇ બચી શકેત નહિ.'

ખરેખર અમારો આ બચાવ તો નવકાર મહામંત્રે જ કર્યો છે. નહિ તો ભરનિદ્રામાં અચાનક મારાથી કેમ જાગી જવાય ? નવકારે જ મને જગાડી અને આ આપત્તિને ભગાડી છે. મારી નવકારની ભાવપૂર્વકની આરાધના અને રોજની નવકારની પાંચ માળા ગણવાનો મારો નિયમ મને ખરેખર ફળ્યો છે. નવકારના પ્રતાપ અને પ્રભાવથી જ અમને સૌને નવજીવન મળ્યું છે. હવે તો પ્રભુને હું એટલું જ પ્રાર્થુ કે હું રોજની પાંચ નહિ વીશ માળા ગણી શકું તેવી દિવ્ય શક્તિ મને મળે. સુજ્ઞ વાચકો, આપ પણ નવકારમંત્રનો આવો અચિંત્ય મહિમા જાણી વધુને વધુ નવકારમય બનો એવી આ તકે અમારી શુભ કામના છે.

**–ભારતી નવીનચંદ્ર ગોગરી (કચ્છ કપાયા–સાયન)**

## નવકાર મંત્ર-મહાન જાદુગર !

જામનગરના ચાતુર્માસ પછી અમો મહેસાણા ભણવા માટે ગયા હતા. ત્યાં અમારો અભ્યાસ સારો ચાલતો હતો. તે દરમ્યાન ત્યાં સંઘની પાઠશાળામાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપનાર શ્રીયુત લાલચંદભાઇનો પરિચય થયો. તેઓની સાથે નવકાર વિષે ચર્ચા ચાલતાં તેઓએ નવકારના ચમત્કારનો પોતાનો સ્વાનુભવ સંભળાવ્યો. જે તેમના જ શબ્દોમાં અત્રે રજૂ કરું છું.

તેઓએ કહ્યું કે, સાહેબ ! નાનપણથી જ મને નવકાર મંત્ર ઉપર ભારે શ્રદ્ધા. એક વખત અમારા ગામની અંદર કોઇ મદારી આવ્યો, જે નાના મોટા જાદુના ખેલ લોકોને દેખાડતો હતો. એના હાથ સફાઇના ખેલ ને જાદુઇ કરિશ્માથી ગામના લોકો અંજાઇ ગયા. આખાય ગામમાં તેની ચર્ચા થવા માંડી. લોકોના ટોળે ટોળા તેના જાદુના ખેલ જોવા જવા લાગ્યાં. હું પણ એ ટોળામાં સામિલ થયો. ગામના ચૌટા વચ્ચે તેનો ખેલ શરૂ થવાની તૈયારીમાં હતો. ગામના લોકો ગોળ ઘેરાવને બનાવી ઊભા રહી ગયાં. હું ય વચ્ચે જગ્યા કરી ગોઠવાઇ ગયો.

ડુગડુગી વાગી ને તે જાદુગરના જાદુઇ કરિશ્મા શરૂ થયાં. એમાં એક ખેલ એવો આવ્યો કે પેલો જાદુગર એક ખાલી વાસણ, ઉભેલા લોકમાંથી એકને બોલાવી તેના હાથમાં પકડાવે છે. દર્શકોમાંથી આવેલ ભાઇ પણ ખૂબ ઉત્સાહથી ખાલી વાસણ હાથમાં લઇ લે છે. પછી પેલો જાદુગર એવો કાંઇક મંત્ર ભણે છે. કે દર્શકના હાથમાં રહેલ ઠંડું અને

ખાલી વાસણ એની મેળે ગરમ થવા માંડે છે. એટલે જે ભાઇએ વાસણ પકડ્યું હોય છે. તે તેને છોડીને ચાલ્યો જાય છે. કારણ કે તેના હાથ દાઝવા માંડે છે.

આ જોઇ મને પણ કુતૂહલ જાગ્યું અને એ ટોળાંને ચીરી હું પણ પેલા મદારીની આગળ પહોંચી ગયો. મે કહ્યું કે, લાવો મને આપો. આ વાસણ હું પકડી શકીશ. પેલો કહે કે નહીં પકડી શકશો. હમણાં જ છોડીને ભાગી જશો. મેં કહ્યું કે તમો આપો તો ખરા ! બધાં લોકો મારી સામું જોવા લાગ્યાં. મેં પેલું ખાલી વાસણ હાથમાં લીધું અને મદારીની સામે ઉભો રહ્યો. પેલો મનમાં મંત્ર ભણવા લાગ્યો.

આ બાજુ મને પણ થયું કે, આ તો કુતુહલ વૃત્તિથી હું અહીં આવી ગયો અને જો આ મદારી વાસણને ગરમ કરી દેશે. તો મારે પછી શું કરવું ? બધાની સમક્ષ ભોંઠા પડવું પડશે. એટલે તે સમયે મને નવકાર યાદ આવી ગયો. અને મારામાં રહેલી સંપૂર્ણ શ્રદ્ધાને એકઠી કરી હું એ વાસણ હાથમાં રાખી શુદ્ધ ભાવથી મનમાં નવકારનો જાપ કરવા લાગ્યો અને ચમત્કાર થયો !

દરેકના હાથમાં જતાં થોડીક જ વારમાં ઠંડુ રહેલું જે વાસણ એકદમ ગરમ થવા લાગતું હતું, તે મારા હાથમાં ઘણો સમય થઇ ગયો, પણ એ વાસણ એમને એમ જ રહ્યું. મને પેલો મદારી પૂછે છે કે, क्यूं गरम हुआ ? મેં કહ્યું: नहीं बिल्कुल ठंडा है ! પણ પેલાને આશ્ચર્ય થયું કે આમ કેમ ? શું વાત છે ? ક્યાં ખામી છે ? આ વિચારી ફરી ફરી તેની ક્રિયા કરે છે. પણ નવકાર મહામંત્રના પ્રભાવે મને કાંઇ થઇ શક્યું નહીં અને મેં તો પૂર્વવત્ તે વાસણને હાથમાં ઝાલી રાખ્યું હતું.

હવે પેલા મદારીથી રહેવાયું નહીં. હજારો લોકોની વચ્ચે તેનો ખેલ ખોટો પડવા લાગ્યો. તેથી તેને ક્રોધ ચઢી ગયો. અને ગરમ થઇને કહેવા લાગ્યો કે, 'क्या तुम भी कोइ मंत्र पढ रहे हो ? क्या तुम भी कोइ जादु जानते हो ?' મેં કહ્યું કે, 'मैं तो कुछ भी जादु नहीं जानता, न कोई मंत्र-तंत्र मेरे पास है' ।

અને પછી તો તેનું કાંઇ ચાલ્યું નહીં. લોકો હસતાં હસતાં ચાલ્યાં ગયાં. પેલા મદારીએ મને ખૂબ પૂછ્યું કે ભાઇ સાચું કહો, તમે કાંઇક જાણો છો ? નહીંતર આવું બને જ નહીં. મેં મારા જીવનમાં ઘણીય વાર આ જાદુ બતાવ્યું છે પણ આ રીતે ક્યારેય બન્યું નથી.

ત્યારે, મેં તેને નવકાર મંત્રની વાત કરી. અને કહ્યું કે હું તો બીજું કશું જાણતો નથી. પણ આ અમારો પરમ ચમત્કારી નવકાર મહામંત્ર ગણતો હતો.

મહેસાણામાં પં. શ્રી લાલચંદભાઇએ આ ઉપરની હકીકત દ્વારા પોતાનો સ્વાનુભવ સંભળાવ્યો. પણ, મને તો થયું કે પેલા મદારીને કોણ સમજાવે કે આ નવકાર તો જાદુ ઉપર જાદુ કરનારો છે. ખરેખર ! જાદુગરોના જાદુના ખેલ ખોટા પાડનારો આ નવકારમંત્ર જ હોઇ શકે. નવકાર મહામંત્ર એ તો દિવ્ય જાદુગર છે !

**–પૂ. ગણિવર્ય શ્રી મુક્તિસાગરજી મ.સા.**

## સમરો મંત્ર ભલો નવકાર...!

બોરીવલીમાં એક ભાઇ રહે ઘણા સમયથી તેમના દીકરાને કોઇ સંતાન નહિ. લગ્ન કર્યા ને નવ-દશ વર્ષ થયા પણ સંતાન થયું નહિ. ઘણા ઉપચાર અને બાધા-આખડી રાખી પણ પરિણામ શૂન્ય જ રહ્યું. બોરીવલીમાં એકવાર **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપનું આયોજન થયું. તેમાં તે દંપતિ ખાસ આવ્યું. અને નવકારમંત્રની આરાધનામાં જોડાયું.

આ જાપમાં ત્રીજો મણકો સંકલ્પ સિદ્ધિનો આવ્યો અને આ દંપતિએ સંકલ્પ કર્યો કે જો અમારે સંતાનમાં દીકરો કે દીકરી થશે તો તેની ભારોભાર સોના-ચાંદી પાલિતાણા શ્રી આદિશ્વર દાદાને અને અંબાજીમાં પોતાની કુળદેવી અંબાજી માતાને ચઢાવશે. તેઓએ ભાવપૂર્વક આ નવકાર જાપની આરાધના પૂર્ણ કરી. અને તે ભાઇની પત્નીને દિવસો રહ્યા અને સમય થતાં તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. બધા રાજી-રાજી થઇ ગયા. આખા કુંટુંબમાં નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધા ખૂબ જ વધી. તેઓએ સંકલ્પ કર્યો હતો એટલે મુંબઇથી કોલીસ કાર લઇને સોનુચાંદી ચઢાવવા પાલિતાણા અને

અંબાજી જવા નીકળ્યા. તેઓ કારમાં આગળ વધી રહ્યા હતા ત્યારે માર્ગમાં હથિયારધારી આઠ-દસ લોકોનું ટોળું કારને ઘેરી વળ્યું અને આ ટોળાએ પહેલા તો તેમની કારના કાચ તોડી નાખ્યા અને કારમાંથી સૌને બહાર આવવા કહ્યું. એ સમયે સૌ નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. તેમની કારમાં આ ઘટના સમયે **દાદાના દરબારે** કેસેટ વાગતી હતી. ડ્રાઇવરે આ કેસેટનું વોલ્યુમ ફેરવી અવાજ મોટો કર્યો અને સૌને નવકારની ધૂન સંભળાવા લાગી. સૌ કારમાંથી બહાર આવ્યા. સૌના મુખમાં નવકાર હતો. કોણ જાણે શું બન્યું. આ લોકો કારમાંથી બહાર આવ્યા અને પેલા લુટારુઓનું ટોળું મુઠ્ઠી વાળીને નાસવા લાગ્યું. જોતજોતામાં તેઓ અદ્રશ્ય થઇ ગયા. પરિવારના સૌ સભ્યો હવે હોશમાં આવ્યા. સૌએ પરમ શાંતિ અનુભવી. સૌને લાગ્યું કે આ તો નવકાર મંત્રનો જ ચમત્કાર ! તેમણે જ આપણને સૌને બચાવ્યા અને લૂટારાને ભગાડ્યા. આમ નવકારનું શરણું લેનારને નવકાર સહાય કરે જ છે તે આ ઘટનાથી સિદ્ધ થયું.

◆◆◆◆◆

થોડા વર્ષ પહેલા રાજકોટ શહેરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા-અંજનશલાકા મહોત્સવ યોજાયેલ. તે સમયે **પૂ.પં. શ્રી જયશેખરવિજયજી મ.સા.** ની નિશ્રામાં **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાનનું આયોજન પણ થયેલું. આ જાપમાં બોરીવલી રહેતા એક યુવાને પણ ભાગ લીધો હતો. આ યુવાને ભાવપૂર્વક આ નવકાર જાપ અનુષ્ઠાન પૂર્ણ કર્યું અને એક નિયમ લીધો કે હંમેશા બાર નવકાર ગણીને જ ઘરની બહાર નીકળવું. આ યુવાનને નવકાર મંત્ર પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા પ્રગટી. ઘરમાં તો તે નવકારનું સ્મરણ સદૈવ કરતો પરંતુ કામધંધાના સમયે પણ તે નવકાર મંત્રને ભૂલ્યો નહિ. નવકારનું સ્મરણ સતત તેણે ચાલું રાખ્યું.

એક વખત તે લોકલ ટ્રેનમાં બોરીવલીથી મુંબઇ જઇ રહ્યો હતો. ટ્રેનમાં ગીર્દી સખત હતી. બારણા પાસે જ તેને જગ્યા મળી હતી. ટ્રેન ચાલુ થઇને કોઇનો જોરદાર ધક્કો લાગવાથી તે યુવાન સીધો ટ્રેનમાંથી ફેંકાઇને પાટા પર પડ્યો. આ યુવાન જે પાટા પર પડ્યો હતો તે પાટા ઉપર જ ધસમસતી ટ્રેન આવી રહી હતી. યુવાનને લાગ્યું કે આજે તો આપણા સોએ વર્ષ પૂરા થવાના ! તેણે પોતાના પ્રિય નવકાર જાપનું સ્મરણ શરૂ કર્યું. કોણ જાણે શું બન્યું. કોઇ અજ્ઞાત વ્યક્તિએ તેને પાટા ઉપરથી ઉચકીને બાજુની જમીન પર મૂકી દીધો. ટ્રેન તો સડસડાટ ચાલી ગઇ. પેલો યુવાન બચી ગયો. તે યુવાને તપાસ કરી પણ તેને બચાવનારનો કોઇ પત્તો લાગ્યો નહિ. ટ્રેનમાંથી પડવા છતાં તેને કોઇ ઇજા થઇ નહિ અને પાટા પર ટ્રેન આવવા છતાં તેનો ત્વરીત બચાવ થયો. આ નવકારનો પ્રભાવ નહિ તો બીજું શું ? પેલો યુવાન તો હસતો હસતો પોતાના કામ પર ચાલ્યો ગયો. આ ઘટનાથી ફલિત થાય છે કે જેના હૈયામાં સતત નવકારનો વાસ હોય તેનું કોઇ કશું બગાડી શકે તેમ નથી. નવકાર મંત્ર માત્ર જીવનદાતા જ નહિ મોક્ષદાતા પણ છે તેવી આપણા શાસ્ત્રકારોની વાત યથાર્થ છે...

**–નગીનદાસ વાવડીકર (મુલુન્ડ)**

## માનો મૂકી ખોળો...માસીને શીદ ખોળો ?

થોડા જ વર્ષ પૂર્વેની આ ઘટના છે...અને તદ્દન સત્ય, પરમકૃપાળુ પૂ. ગુરુદેવ **શ્રી અભયસાગરજી મ.સા.** ત્યારે પાલિતાણામાં બિરાજમાન હતાં...

પૂ. ગુરુદેવશ્રીના ખાસ અનુરાગી વીરેન્દ્રભાઇ, પાટણમાં ભારતી સોસાયટીમાં તેઓ રહે. તેઓના પિતાશ્રી નરોત્તમભાઇ ઉત્તમ-શ્રાવકનું જીવન જીવે. આ ઉંમરે વેપાર અને પરિવારના વહેવારથી તદ્દન નિવૃત્તિ લઇ લીધેલી. આખો 'દિ ધર્મકરણીથી જ વ્યતિત કરે અને એમાં ય સામાયિકમાં જ લગભગ સમય ગાળે ! જૈન ધર્મનું વાંચન અને સ્વાધ્યાય પણ સારો એવો કરે.

પરંતુ એક'દિ અશાતા વેદનીય કર્મે જોરદાર હુમલો કર્યો. મસ્તિષ્કના જ્ઞાનતંતુઓને એકદમ જ નબળા પાડી દીધા...ધીરે ધીરે એમની વિસ્મરણની શક્તિ વધતી ગઇ...એ એટલી હદ સુધીની કે પાંચ-છ મિનિટ પૂર્વની ઘટના કે વાત પણ યાદ ન રહે. રોજના ઢગલાબંધ સામાયિક કરનારા નરોત્તમભાઇ સામાયિકની વિધિ તો ભૂલી ગયા પણ

અસંખ્યવાર ગણેલા નવકારને પણ ભૂલી ગયા...

કર્મરાજાનું કામ છે...વિચિત્ર એની ગતિ અને વિચિત્ર એની રીતિ...માસતુષ મુનિની યાદ આવી જાય તેવી સ્થિતિ નરોત્તમભાઇની થઇ ગઇ...ડૉક્ટરોની ટ્રીટમેન્ટ અસફલ બની...વૈદ્યોનો ઉપચાર અસરહીન બન્યો...બીજા પણ પ્રયોગોએ જ્યારે પીઠ જ બતાવી એટલે વીરેન્દ્રભાઇ પાલિતાણા પહોંચ્યા...પોતાના પિતાશ્રીને પણ સાથે જ લીધા...પૂજ્ય ગુરુદેવશ્રી પાસે આસન જમાવ્યું અને પૂજ્ય પિતાશ્રીની નાદુરસ્ત અવસ્થાનું બયાન રજુ કર્યું !

પૂજ્ય ગુરુદેવશ્રીએ વિગત જાણી...સમય આપ્યો અને પોતાના જાપ કક્ષમાં આવવા જણાવ્યું ! સમય થતાં નરોત્તમભાઇ પૂજ્યશ્રીના જાપકક્ષમાં પહોંચ્યા...પૂજ્ય ગુરુદેવશ્રીએ શ્રી નમસ્કાર મહામંત્રની વિશિષ્ટ વિધિ કરાવી...! પ્રભાવક મુદ્રા-પૂર્વક શ્રી નમસ્કાર-મહામંત્રનો અભિમન્ત્રિત વાસક્ષેપ કર્યો...! ઘરે જઇ સવિધિ સ્નાત્રપૂજા ભણાવજો. એના ન્હવણજળને લઇ...અમુક રીતે શ્રી નવકાર મહામંત્રના જાપ પૂર્વક શ્રી ભક્તામર સ્તોત્રની અમુક ગાથાનો અમુકવાર જાપ કરજો...ચિન્તા ન કરો સહુ સારું થશે...

પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞા લઇ પાછા પાટણ આવ્યા...જણાવ્યા મુજબની વિધિ પુરસ્સર સ્નાત્રપૂજા ભણાવી...પરમાત્માનું ન્હવણજળ લીધું...અને શ્રી નવકાર-મહામંત્ર તથા શ્રી ભક્તામરનો સવિધિ પાઠ કર્યો...વાર શી ?

એક જ વખત પ્રયોગ કર્યો...અને ચમત્કાર...પૂર્વવત્ બધું જ સ્મરણમાં રહેવા લાગ્યું...પહેલાંની વાતો ય તાજી થવા લાગી...અને...નરોત્તમભાઇ એ પછીની જીંદગી વિશેષ ધર્મમય વીતાવવા લાગ્યા...

આ ઘટના બતાવે છે કે નવનિધાન જેવા શ્રી નવકાર-મહામંત્રને આજે જ જો શ્રદ્ધા અને વિધિપૂર્વક આરાધવામાં આવે તો તત્કાળ પરિણામ બતાવી આપે છે. પરંતુ મા ને મૂકી માસીના ખોળામાં જ રમવાની આદત પડી હોય ત્યાં શું થાય ?

❀ ❑ ❀ ❑ ❀ ❑

## પાણીનું પુર કે નવકારનું નુર... ?...

ઉત્તર ગુજરાતના ઊંઝા ગામની એ દિવસે તો દશા જ બેસી ગઇ...૨૦૫૩ની એ સાલ...

ઉત્તર ગુજરાતની ધરતી ઉપર જુલ્મ ગુજારવા માટે જાણે સૂરજ મામાની ફોજ અને મેઘરાજની જમાત સ્પર્ધામાં ઉતર્યા હતાં પહેલો વારો હતો સૂરજમામાનો. ચૈત્ર, વૈશાખ અને જેઠ મહિનાના આકાશમાંથી સૂરજમામાના કિરણોની ફોજે જે તીક્ષ્ણતા સાથે આક્રમણ શરૂ કર્યું....પ્રજા ત્રાહિ મામ્ ત્રાહિ મામ્ પોકારી ઉઠી...તળાવો સૂકાવા લાગ્યા ને નદીઓ છીછરી બની...બિચારા કૂવાઓએ તો ક્યારના ય રિસામણાં લઇ લીધા હતાં...પીવાના પાણી તો ઉના ઉના પણ પરસેવાની ઠારતી હવા પણ ઉની ઉની...

ત્યાં આકાશમાં વાદળી ડોકાઇ ને પ્રજાને હાશકારો થયો...એ વાદળીને ય આવકારવા હૈયુ ઉછળી રહ્યું પ્રજાનું...પણ બિચારી પ્રજાને ક્યાં ખબર હતી કે તારો વાદળીને મળતો આવકાર...કાલે હાયકારો બનવાનો છે...વાદળીની સવારીએ મેઘરાજાએ આકાશમાં પોતાનું સૈન્ય બરાબર ગોઠવી દીધું ને ઉની ઉની ધરતી પર શરૂમાં છંટકાવ કર્યો પણ જાણે લાય જેવી લોઢી પર છમ છમ કરતાં છાંટણા પડ્યા...પહેલા રાઉન્ડના છાંટણા તો વરાળ બની ઉડી ગયા...શી ખબર વરસાદ પડ્યો હતો કે નહિ ?

ભોળી બિચારી પ્રજાએ અધીરાઇ ધરીને ફરી મેઘરાજને વિનવ્યા ! જાણે પ્રજાની અધીરાઇથી રોષે ભરાયા હોય એમ મેઘરાજાએ દેવા માંડી...દિવસેય દે ને રાતે ય દીધે રાખી...કઠણ ધરતી પોચી પડી ગઇ...તળાવો છલકાઇ ગયા ને નદીઓ ગાંડીતુર બની જાણે રાસ ગરબા લેવા લાગી...પણ એ ગરબાના ભરડામાં ગામના ગામ ભીંસાવા લાગ્યા...ઉત્તર ગુજરાતની ધરતી પર તો જાણે મેઘરાજાએ કાળો કેર વરતાવ્યો...જેટલા જોરથી સૂરજમામા તપ્યાં એથી બમણા જોરથી મેઘરાજા જુલમનો જુગાર ખેલવા લાગ્યા...એનું નિશાન બન્યું ઊંઝાની ધરતી...એ ધરતી પર પાણી ઉભરાવા લાગ્યાં અને એય એવી તીવ્રતાથી કે

ઘરવખરીને સગેવગે કરવા જેટલો ય સમય રહ્યો નહિ...

જમીન તો પાણીમાં અદૃશ્ય બની મકાનનાં પગથિયા પણ અદૃશ્ય બન્યાં ને થોડીવારમાં તો ઘરનું તળીયું ને ઊંબરા ઉપરેય મેઘરાજાએ પોતાનો તાબો લઇ લીધો...જેઓના ઘર નીચે ભોંયરા હતાં એની તો શી વલે થઇ હશે. કલ્પના બહારની વાત છે ? એ જ ધરતી પર ઉછરેલા એ જ ઘરની શેરીમાં સ્વ. ચોકસી રમણલાલ ડાહ્યાલાલનું પણ ઘર હતું...પાણી આવતાં પરિવાર તો ધાબે ચઢી ગયો...પણ પાણી ઘરમાં ઘૂસી ગયું એનું શું ? અને ઘરમાં વળી જે સ્ટોર રૂમ હતો એ તો ઘરનાં તળીયા કરતાં ખાસો નીચો ! ઘરમાલિકને સ્ટોર રૂમની ચિંતા થાય પણ સાથે શ્રી નવકાર મહામંત્ર પ્રત્યેનો ભરોસો એમને વારસામાં મળેલો...એથી એ તો સતત નવકારના રટણમાં અને પૂજ્ય ગુરુદેવ શ્રી પંન્યાસ પ્રવર **શ્રી અભયસાગરજી મ.સા.**ના સ્મરણમાં ચઢી ગયા.

આકાશમાં સતત મેઘરાજાની જમાતે કબજો મેળવી લીધો હતો...સૂરજમામાને ધરતી પર કેટલાય સમય સુધી ડોકિયું પણ કરવા દીધું નહિ...અને સૂરજમામાએ હાર કબૂલી...મેઘરાજાએ ખમૈયા કર્યા...અને પાણી ઉતર્યા...બધાં લોકો નીચે ઉતર્યા ત્યારે આપણે જે મકાનની વાત કરીએ છીએ એ પરિવાર પણ નીચે ઉતર્યો...ઘરમાં તપાસ કરી...ઘરમાં તો ખાસ કશું નુકશાન નહિ પરંતુ સ્ટોરરૂમનું શુ ? એમાં તો અનાજ વગેરેના મોટો ભંડાર ભરેલો છે...અને પૂજ્ય ગુરુદેવશ્રીના વરદ હસ્તે સુવર્ણાક્ષરીય શ્રી નમસ્કાર મહામંત્રના પટ-ભગવાનના ફોટા આદિ પધરાવેલા છે...

પરંતુ જ્યારે સ્ટોર રૂમનું બારણું ખોલવામાં આવ્યું ત્યારે સહુની આંખો વિસ્મયતાથી ફાટી ગઇ અને સ્તબ્ધ બની ગઇ...! જેમાં સૌથી વધુ નુકશાનની કલ્પના હતી તે રૂમ સાવ જ કોરો ને કટ ! એ રૂમમાં નુકશાનની વાત તો જવા દો પણ પાણીનું બુંદ પણ પ્રવેશી શક્યું નથી...આમ શીદ ને બન્યું ? સહુના મનનો પ્રશ્ન હતો...પરંતુ બહુ વિચારતા સમાધાન મળ્યું કે આ રૂમમાં પાણીને આવતું અટકાવ્યું હોય તો એક જ શક્તિએ...શ્રી નવકાર મહામંત્રે ! લગભગ ત્રીશ વર્ષ પૂર્વે પંન્યાસ પ્રવર **શ્રી અભયસાગરજી મ.સા.** જે સુવર્ણાક્ષરીય શ્રી નમસ્કાર મહામંત્રના પટની વિધિ વિધાનપૂર્વક સ્થાપના કરેલી...બાદ એની સામે લાખોની સંખ્યામાં જાપ થવા પામ્યો...જેના પ્રભાવે જ આ ઘટના ઘટી હોય એમ સ્પષ્ટ લાગે છે.

રામ રાખે તેને કોણ ચાખે એની જેમ જેના હૈયે શ્રી નવકાર તેને શું કરશે સંસાર...? આ પંક્તિ કેટલી બધી સુસંગત છે એની આ ઘટના જ શું સાક્ષી નથી ?

❀ ❑ ❀ ❑ ❀ ❑

## નવકાર આપનું કેટલું બધું ધ્યાન રાખે છે !

વિગત-વર્ષ ફાગણ-ચોમાસીના અવસરે પાલિતાણા હતાં. એજ અરસામાં જંબુદ્વીપમાં મુનિ શ્રી નયચંદ્રસાગરજી પાસે એક યુવક આવ્યો. મુંબઇની કાંદીવલી વિસ્તારમાં એ રહે. એનું નામ શાયદ મયંક હતું.

આવીને એણે જિજ્ઞાસા વ્યક્ત કરી કે 'શ્રી નવકાર-મહામંત્રનો જાપ, ધ્યાન આરાધના આદિની પદ્ધતિ શું ?'

સામે મુનિશ્રીએ પૂછ્યું કે 'તમોએ આજ સુધીમાં શ્રી નવકારની આરાધના કે કોઇ વિશિષ્ટ અનુષ્ઠાન કર્યું છે ? કોઇ ગુરુદેવ કે સાધકના સંપર્કમાં આવ્યા છો ?'

'ના જી ! એવું કશું જ મેં કર્યું નથી અને નથી કોઇના સંપર્કમાં આવ્યો. પરંતુ હવે મારે કંઇક માર્ગદર્શન જોઇએ એથી જ આપશ્રી સમક્ષ ઉપસ્થિત છું, હા, શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે શ્રદ્ધા પુરેપુરી છે !'

મુનિશ્રીએ પૂછ્યું 'શ્રી નવકાર પ્રત્યે શ્રદ્ધા શી રીતે જાગી...શું એવી કોઇક ચમત્કારિક ઘટના ઘટી છે ?'

'જી ! ઘટના તો એક નહિ ઘટનાની હારમાળા ઘટી છે. અને મારા જીવનમાં જ્યારે પણ સંકટ, સમસ્યા આવી ચઢે છે ત્યારે શ્રી નવકારના શરણે સ્વયં પહોંચી જાવું છું. અને શ્રી નવકાર ઝટ સમાધાન લાવી પણ દે છે ! હું શ્રી નવકારનો જેવો તેવો જાપ કરું છું તો પણ આવા કામ થાય તો વિધિપૂર્વકની સાધના તો કેવા પરિણામ લાવી દે ? બસ, એ જ જાણવા હાજર થયો છું.

'કઇ અને કેવી ઘટનાઓ ઘટે છે ? એની પૃચ્છા

જ્યારે મુનિશ્રીએ કરી ત્યારે યુવકે ઉત્તર પાઠવ્યો ?

'સાહેબ ! આજ સુધી આ ઘટના મેં કોઇને કહી નથી. કહેવાનું મારે કોઇ પ્રયોજન પણ ઊભું નથી થયું. પરંતુ આપશ્રીએ જ્યારે પ્રયોજન ઊભું કર્યું છે તો હમણાં તાજી જ ઘટેલી ઘટના જણાવું. આમ તો હું મુંબઇમાં ઝવેરી બજારમાં સર્વિસ કરું છું. માતા-પિતા, પત્ની-પુત્ર આદિ સમસ્ત પરિવારની જવાબદારી મારે શિરે છે. નાનું સરખું ભાડાનું મકાન હતું. આમ તો કશી તકલીફ ન હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી મકાન માલિકે મકાન ખાલી કરવાની તાકીદ કરી...સમય જતાં એમનો આગ્રહ વધતો ચાલ્યો. નવું મકાન લેવાની તાકાત નહીં. ભાડે મકાન લેવા માટે પાઘડી આપવાની કોઇ વ્યવસ્થા નહિ ! ચાલું મકાન ખાલી કરવા માટે પૈસા માંગવાની મને સલાહ મળી, પરંતુ રહેવા માટે મકાન આપી આટલા સમય સુધી ઉપકાર કરનાર પાસે આવી માંગણી કરવી વજૂદભરી ન કહેવાય ? અને મકાન વહેલું ખાલી કરવું જ જોઇએ જેથી જરૂરિયાતવાળાને મકાન કામ લાગે અને મકાન માલિકના વિશ્વાસને પણ ઠોકર ન લાગે ! પરંતુ આ માટે કરવું શું ? કોને કહેવું ? કોની સલાહ લેવી ? આદિ અનેક પ્રશ્નો ઘેરી વળ્યા.

આખરે મને શ્રી નવકારની યાદ આવી. મનમાં નક્કી કર્યું છોડો, જાગતી જ્યોત સમાન શ્રી નવકાર સ્વયં મોજૂદ છે પછી બીજે ક્યાં જવું ? સર્વિસમાંથી પંદર દિવસની રજા લીધી, ઘરમાં ધૂપ-દીપની અખંડતા સાથે શ્રી નવકારના ફોટા સામે ધૂણી ધખાવી. રોજ અઢારથી વીશ કલાક જાપ ચાલું કર્યો. પૂજાના કામ સિવાય બહાર જવું નહિ ને કોઇ સાથે સંબંધ રાખવો નહિ ! ગમે તેવા કામમાં પણ મને ખલેલ ન પહોંચાડવા પત્નીને સૂચના પણ કરી દીધી.

જાપ ચાલુ થયો. અગીયારમાં દિવસે મારા એક મિત્રનો ફોન આવ્યો. મને બોલાવ્યો પરંતુ પત્નીએ જ જણાવી દીધું હાલ નહિ મળી શકે...પરંતુ અતિશય આગ્રહ થતાં પત્નીએ મને આગ્રહ કર્યો. અને તે જ વખતે યોગાનુયોગ મારો તબક્કાવાર જાપ પુરો થએલો. મેં ફોન હાથમાં લીધો...અને આશ્ચર્ય ! કલ્પના કરતાં જૂદી જ વાત નીકળી. મિત્રે કહ્યું મારું મકાન જે શહેરની મેઇન જગ્યામાં આવેલું છે, હું વાપરતો નથી. અત્યારે વાપરવાનો ઇરાદો પણ નથી. એ મકાન ખરીદનારાઓની લાઇન લાગી છે. રોજ મારી પાસે આવી અને માથું ખાય છે પણ મારે મકાન વેચવું નથી. અને આ જમાનામાં ભાડે આપવામાં સાર નથી. આજ રીતે મારી ઊંઘ ઉડી અને મને તારી યાદ આવી. મારો મતલબ એ છે કે મારા મકાનમાં તું રહેવા આવી જા.' મેં કહ્યું અત્યારે મારી સ્થિતિ સામાન્ય મકાન ખરીદવાની પણ નથી. ત્યાં તારા મેઇન સર્કલમાં આવેલા મકાન ખરીદવાનું તો સ્વપ્નું પણ મારે માટે દુષ્કર છે.' મિત્રે કહ્યું 'ભલે તું ન ખરીદે. એમને એમ રહેવા આવી જા ! ભાડું અપાય તો આપજે, નહિતર એની પણ ફિકર નથી...મારી ઇચ્છા બસ એક જ છે તું રહેવા આવી જા. જેથી મારા માથેથી આ ઝંઝટની ઘો જાય. આજે જ ઘરે આવી જા અને ચાવી લઇ જા. તું ચાવી લઇ જઇશ પછી જ હું ઓફિસ જઇશ' આટલું કહી મિત્રે ફોન મુકી દીધો.

મિત્ર સાથેના વાર્તાલાપ પછી હું તો શ્રી નવકાર પ્રત્યે ભાવવિભોર બની ગયો. સીધો નવકારના પટ પાસે ગયો. સિર ઝૂકી ગયું. હૈયું ભરાઇ ગયું...આસુંની ધાર વછૂટી ગઇ...મનોમન બોલવા લાગ્યો...હે નવકાર ! આ તારું જ કામ છે. મકાન સંબંધી મેં ક્યારેય કોઇને વાત કરી નથી તો મિત્રને ખબર શી રીતે પડી ? અને એણે આજે જ કેમ વાત કરી ? હે ! નવકાર ! તું મારું કેટલું ધ્યાન રાખે છે ? લાખ લાખ પ્રણામ...પછી ૧૧ બાધી નવકારવાળી ગણી પત્ની સાથે મિત્રને ત્યાં ગયો. મિત્ર રાહ જોઇને જ બેઠો હતો. ખૂબ સત્કાર-પૂર્વક ઔપચારિકતા દાખવી ચાવી આપી. મારા જ જાપનો છેલ્લો દિવસ શુભ હતો. એ દિવસે એ બ્લોક ખોલ્યો. સર્વ પ્રથમ એ નવકારનો પટ પધરાવ્યો. પછી રહેવા ગયો.

સાહેબ ! આવી અનેક ઘટનાઓ ઘટી છે. એથી જ હું તો શ્રી નવકારના શરણે છું. મારે વિશેષ આરાધના આરાધવી છે. આપ માર્ગદર્શન ફરમાવો...પછી અનેક વાતો થઇ...અને એ ભાઇ સન્તુષ્ટ થઇ વિદાય થયાં.

**–પૂ.આ. શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

## જપતાં શ્રી નવકારથી, દુઃખ સમૂળા જાય !

નવકાર મંત્રનો મહિમા અપરંપાર છે. શ્રદ્ધાથી નવકારનું શરણ લેનારને નવકાર અવશ્ય ફળે જ છે. નવકાર મંત્રના પ્રભાવની એક સત્ય ઘટના સુજ્ઞ વાચકો માટે અહીં પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

ગુજરાતના એક નાનકડા ગામનો જૈન યુવાન તેમના સંબંધીના આગ્રહથી મુંબઇ આવ્યો. તે સંબંધીએ આ યુવાનને મુંબઇના હીરાબજારમાં નોકરી પર લગાડ્યો અને રહેવા-સુવાની એક પેઢીમાં વ્યવસ્થા કરી આપી.

આ યુવાન ખૂબ જ ધર્મનિષ્ઠ હતો. નવકાર મહામંત્રનો ઉપાસક હતો. બન્યુ એવું કે તેના શેઠે તેને એક હીરાનું પડીકુ આપી જેની કિંમત લાખેક રૂપિયા થતી હતી તે એક ઘરાકને બતાવી આપવા મોકલ્યો. આ યુવાન તે ઘરાક પાસે પહોંચે તે પહેલા તે પડીકું રસ્તામાં કોઇ સ્થળે પડી ગયું. યુવાનને તે ખબર નહિ. આ યુવાન પેલા ઘરાક પાસે પહોંચીને ખીસ્સામાં હાથ નાખે તો પડીકું ગાયબ ! યુવાનના તો હોશકોશ ઉડી ગયા. હીરાનું પડીકું ક્યાં ગયું તેની ચિંતા તેને સતાવવા લાગી. પરંતુ હિંમત રાખીને નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં જે રસ્તેથી તે આ ઘરાક પાસે આવ્યો હતો તે જ રસ્તે તપાસ કરતો પાછો ચાલ્યો.

મુંબઇના સતત અવરજવરવાળા રસ્તા પર પડી ગયેલ કોઇ પણ વસ્તુ પાછી મેળવવાની આશા રાખવી વ્યર્થ ગણાય. પણ કોઇ અજબ શ્રદ્ધાથી નવકાર ગણતો તે યુવાન પ્રાર્થનાસમાજ દેરાસર પાસે આવ્યો ત્યારે એક માણસે તેની સામે, આવીને કહ્યું કે 'આ રહ્યું તમારું હીરાનું પડીકું !' તે વખતે થોડો વરસાદ થયો હોવાથી રસ્તા પર થોડો કાદવ હતો. તે કાદવમાં પડીકાનો સફેદ કાગળ દેખાતો હતો. યુવાને ત્વરિત તે પડીકું ઉપાડી લીધું અને એ પડીકામાં બધા હીરા સલામત જોયા ત્યારે તેને અપાર હર્ષ અને શાતા થઇ. બે મિનિટ તો તે સ્તબ્ધ બનીને ઉભો રહ્યો. પછી તેને થયું કે પેલા ભાઇએ મને પડીકું બતાવ્યું તેનો આભાર માનવો જોઇએ. એટલે તે આજુબાજુ જોવા લાગ્યો. પરંતુ આશ્ચર્ય ! ચારે બાજુ નજર ઘૂમાવવા છતાં પેલા ભાઇ દેખાયા જ નહિ. યુવાનને લાગ્યું કે નવકાર મંત્રના પ્રભાવથી જ આ કામ થયું છે. અને કોઇ અધિષ્ઠાયક દેવે જ મને આ આફતમાં સહાય કરી છે.

પછી તો એ યુવાનની નવકાર નિષ્ઠા ખૂબ આગળ વધી. સુતાં-બેસતાં ઉઠતાં નવકારનું સ્મરણ જ તેનું જીવન ધ્યેય બની ગયું. એ પછી આ યુવાને નોકરી છોડીને હીરાના વ્યવસાયમાં ઝંપલાવ્યું. અને આજે મુંબઇના હીરાબજારમાં આ યુવાનના નામ અને કામ બોલી રહ્યા છે. આ યુવાને પોતાની આ સિદ્ધિનો યશ નવકાર મહામંત્ર પરની અતૂટ શ્રદ્ધાને જ આપ્યો છે.

ઉપરોક્ત સત્ય ઘટના બતાવે છે કે આ વિશ્વમાં નાની-મોટી, ચર-સ્થિર, સ્થૂલ-સૂક્ષ્મ, જીવંત-જડ કોઇ વસ્તુ એવી નથી. કે જેના પર નવકાર મંત્રનો પ્રભાવ ન પડતો હોય. શુદ્ધ ભાવે નવકાર મંત્રનું સ્મરણ કરનારના સંકટો દૂર થાય છે. ન ધારેલી શુભ ઘટનાઓ બનવા માંડે છે અને અનેક પ્રકારની અનુકૂળતા આવીને ખડી થાય છે. આ લખવાનું તાત્પર્ય એટલું જ કે નવકાર મંત્ર અચિંત્ય પ્રભાવશાળી છે તેથી તેના સ્મરણમાં જરા પણ પ્રમાદ કરવો જોઇએ નહિ. **—રમીલા ચીમનલાલ શાહ (ડોંબીવલી)**

## માંત્રિક ડાયાલીસીસ !

વિક્રમ સંવત ૨૦૨૨નું વર્ષ વીતી રહ્યું છે. ગુજરાતનું એક પ્રખ્યાત અને ઐતિહાસિક શહેર છે. આ શહેરમાં જેઓના તન-મન-જીવન-વચન-વર્તનમાં અભય કોઇ સાગરની જેમ લહેરાતો હતો એવા એક સાધકનું ચાતુર્માસ છે. અગમ-નિગમની સાધના માટે સાધક મશહૂર છે. મહામંત્રને જ સર્વશ્રેષ્ઠ અગમ-નિગમ ગણવાની નવકારનિષ્ઠા સાધકમાં જે રીતે પ્રતિષ્ઠા પામી ચૂકી છે એનો જોટો જડવો મુશ્કેલ છે. સાધકને ઘણી-ઘણીવાર સાધનાના પ્રતાપે ભાવિનો ભાસ થઇ આવે છે એટલું જ નહિં, એ ભાવિ અશુભ હોય તો એને ટાળવાના ઉપાય પણ આંખ બંધ રાખીને થતી સાધના દરમિયાન એ સાધકના અંતર સમક્ષ ઉપસી આવે છે. ભાવિનો ભાસ પામવાનું સાધકનું ધ્યેય નથી પણ અવારનવાર થતા આવા આભાસના અનુમાન પરથી અશુભને આંતરવાના થતા ઉપાય કારગત નીવડ્યા સિવાય રહેતા

નથી. આનું નામ જ સાચો સાધક અને સાચી સાધના.

સાધક સાધુરાજને વંદન કરવા એક દિ'એક ભક્તનું આગમન થવા પામ્યું. એ ભક્ત શાસન સમર્પિત હતો. એનો ચહેરો જોતાં જ સાધકના અંતર સમક્ષ અશુભ ભાવિનો અણસાર ઉપસી આવ્યો. અશુભની એ એંધાણી જણાતા સાધક જાપ ખંડમાં પહોંચી ગયા. સૂચના મુજબ ભક્તે પણ જાપખંડમાં પ્રવેશ કર્યો. સાધકે સ્વયં મંત્રજાપ શરૂ કર્યા. ભક્ત પણ મંત્રજાપમાં તલ્લીન બની ગયો.

થોડી પળો પસાર થઇ જાપમાં તલ્લીન ભક્તની સામે નજર કરીને સાધકે કાચની શીશીમાં થોડો વાસક્ષેપ કર્યો. એ શીશી ભક્તને આપીને સાધકને કહ્યું કે, જાપ ચાલુ જ રાખશો. આ શીશીમાં આંગળી ટાળવાપૂર્વક હવે જાપ કરવાનો છે એટલું ભૂલતા નહીં. ભક્તે આ પ્રમાણે કર્યું. શીશી અને આંગળીપર કપડું ઢાંકી દઇને સાધક પુનઃ જાપ મગ્ન બન્યાં.

ભક્ત પૂરેપૂરો આજ્ઞાંકિત અને શ્રદ્ધાળુ હતો માટે સંદેહ, શંકા કે પ્રશ્નને જરાય અવકાશ આપ્યાં વિના એ જ્યાં જાપમાં પુનઃ તલ્લીન બન્યો ત્યાં થોડી પળો બાદ ભક્તની આંગળીમાં સામાન્ય કળતર પીડા શરૂ થઇ. સહન કરી શકાય એવી એ પીડા હોવાથી ભક્તની જાપમગ્નતા જરાય ખંડિત ન થઇ. ભક્તને એવી અનુભૂતિ થવા માંડી કે શરીરમાં વહેતું લોહી આંગળી વાટે શીશીમાં ઠલવાઇ રહ્યું છે અને વાસક્ષેપથી વાસિત બનીને એ લોહી પુનઃ શરીરમાં પ્રવેશી રહ્યું છે.

લોહીનું આ રીતે અનુભવાતું નિગમન અને પુનઃ ઉર્ધ્વગમન કોઇ આભાસ ન હતો પણ હકીકત હતી. ભક્તને જે આભાસ રૂપે કળાતુ હતું. આમ તો ભક્ત પણ એને આભાસ ગણત પણ આંગળીમાં થોડો થોડો દુખાવો થઇ રહ્યો હતો એથી ભક્તે જરાક આંખ ખોલીને શીશી તરફ જોયું તો એ ભક્તને સાચે સાચ જ પોતાના શરીરમાંથી નીકળતું અને પુનઃ શરીરમાં પ્રવેશતુ લોહી જોવા મળ્યું. એને તરત જ આંખ બંધ કરી દીધી અને એ ભક્ત પુનઃ મંત્ર જાપમાં તલ્લીન બની ગયો.

સાધક ધ્યાનજાપમાં જ મગ્ન હતાં. લગભગ પોણો કલાક થવા આવ્યો ત્યારે સાધકની આંખ ખૂલી. ભક્ત તરફ નજર જતાં જ ભક્તની જાપ મગ્નતા નિહાળીને સાધકની નાભિમાંથી એવો નાદ ઉઠ્યો કે આવી નવકાર નિષ્ઠા ધરાવનારને અનિષ્ટ કે અશુભ સ્વપ્નેય ન જ નડી શકે. સાધકે કપડું જરા દૂર કરીને પેલી શીશી તરફ નજર કરીને પછી એ કપડું પૂરેપૂરું હટાવી લેતાં ભક્તને કહ્યું, નવકારના પ્રભાવ આગળ કોઇ અનિષ્ટ કે અશુભ પળવાર પણ ટકી શકવા સમર્થ નીવડી શકતું નથી. તમારા માટે જીવલેણ સાબિત થનારું અશુભ હવે એ રીતે દૂર દૂર ભાગી છૂટ્યું છે કે હવે એ તમારી સામે નજર પણ નહિં મિલાવી શકે. તમારા લોહીમાં ઘૂસી ગયેલો બગાડ તમારો જીવ લઇને જ જંપે એવી સો ટકા શક્યતા હતી. એથી જ તમને ઉગારી લેવા દ્વારા હજી વધુને વધુ આરાધના કરાવવા માટે ડોક્ટરી સાયન્સની પરિભાષામાં તમને ડાયાલિસિસની અનિવાર્ય આવશ્યકતા હતી. આ માંત્રિક ડાયાલિસિસ દ્વારા એવી પૂર્તિ થઇ જતાં તમને ત્યાં જે નવજીવન મળવા પામ્યું છે એને વધુને વધુ આરાધનામય અને નવકાર નિષ્ઠ બનાવવા પ્રયત્ન કરજો.

આવા આશીર્વાદ આપીને સાધકે ભક્ત સમક્ષ વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું કે, તમારો ચહેરો જોતાં જ તમારા અશુદ્ધ લોહીનો મને આભાસ થવા પામ્યો. મને થયું કે, લોહી જો શુદ્ધ નહીં થાય તો આ અશુદ્ધિ જીવલેણ નીવડશે. માટે કાચની શીશીમાં વાસક્ષેપ કરીને આ રીતે અશુદ્ધ લોહી બહાર કાઢીને તેનું શુદ્ધિકરણ કરવાપૂર્વક એ જ લોહીનો પુનઃ શરીરમાં સંચાર આ માંત્રિક ડાયાલિસિસ દ્વારા થવા પામ્યો. આમાં હું કે તમે તો નિમિત્ત માત્ર પણ નથી. આ બધો અચિંત્ય પ્રભાવ એક માત્ર મહામંત્રાધિરાજ નવકારનો જ છે.

સ્થળ, સાધક અને ભક્ત પર પાડવામાં આવેલ પડદો હવે હટાવી લઇએ. એ શહેરનું નામ કપડવંજ. એ સાધક એટલે **પૂ.પં. પ્રવર શ્રી અભયસાગરજી ગણિવર** અને એ ભક્ત એટલે મુંબઇના વાલકેશ્વર વિભાગમાં વસતા એક નવકારનિષ્ઠ આરાધક જેમના માટે આ. **શ્રી હેમચંદ્રસાગરસૂરિજી મ.સા. 'નવકાર શરણં મમં'**માં લખે છે કે ૮૫ વર્ષની ઉંમરે પણ આ પ્રસંગને વાગોળતા આરાધક કહે છે કે એ પ્રક્રિયા એક પ્રકારનું માંત્રિક ડાયાલિસિસ જ

હતું. મુંબઇ-વાલકેશ્વરમાં વસતા એ ભાઇની આ ઘટના સાંભળીને હું હબક ખાઇ ગયો. નવકારમંત્ર દ્વારા પૂજ્યશ્રીએ કેવી અદ્‌ભૂત ઉપલબ્ધિ સિદ્ધ કરી હતી.

જે મંત્ર ઉપરોક્ત સાધકોને મળ્યો હતો એ અક્ષરસઃ આપણને પણ મળ્યો છે. મંત્રાધિરાજની આ પ્રાપ્તિને સફળ બનાવવી હોય તો હવે નવકાર પ્રતિ નિષ્ઠા, શ્રદ્ધા અને વિશ્વાસ કેળવવાનો પુરુષાર્થ કરીએ. આ તત્ત્વોની ખામી જ નવકારને ફળવાં દેતી નથી. ભંગાર જેવું જીવન જીવતા આપણને શૃંગાર સજાવીને નવાં નક્કોર બનાવવાની નવકારની તૈયારી છે જ. આપણે હવે એટલો જ દૃઢ નિશ્ચય, સંકલ્પ કરીએ કે નવકારને આવકાર આપીને નવાનક્કોર બનવું જ છે !

માંત્રિક ડાયાલિસિસની સારવારબળ મુજબ નવકારના માધ્યમે આપનાર ખુદ સાધકને વર્ષોના વર્ષો બાદ એકવાર ડોકટરી ટ્રિટમેન્ટ લેવી પડે એવો પ્રસંગ ઉપસ્થિત થવા પામ્યો. અન્યને અસરકારક સારવાર આપનાર ખુદ આવી કટોકટી પેદા થાય ત્યારે નવકાર સિવાયની સારવાર લેવા તૈયાર થાય ખરાં ?

પાલિતાણાની પુણ્યભૂમિ. જ્યાં સિદ્ધાંત સાથે સાયન્સનો સુમેળ સાધવાનો પ્રયાસ થવાનો હતો એવા જંબુદ્વીપ મંદિરની પ્રતિષ્ઠાના પ્રસંગના પડઘા વાતાવરણમાં ગુંજી રહ્યાં હતાં. મહોત્સવના માંડવા તો બંધાઇ ચૂક્યા હતા. મહોત્સવના મંડાણ થવાને જ્યારે ૪-૫ દિવસની જ વાર હતી ત્યારે અચાનક જ વિપત્તિનું એક વાદળ તૂટી પડ્યુ. બન્યું હતું એવું કે લાકડાંની એક પેટી **પૂ.પં. શ્રી અભયસાગરજી ગણિવર્ય**ના પગ પર પટકાઇ પડી. વજનદાર પેટી અને એ પાછી કોમળ પગ પર પટકાય પછી ફ્રેકચર થયાં વિના રહે ખરું ? અને પગમાં સખત પીડા થયા વિના રહે ખરી ? પગે સોજા આવ્યા અને ભયંકર કળતર થવા માંડ્યું.

ભક્ત કાર્યકર્તાઓ એકદમ ભેગાં થઇ ગયાં. પૂજ્યશ્રી ડોકટરી ટ્રિટમેન્ટ લેવા તૈયાર થાય એવું શક્ય જણાતું ન હોવાથી સૌએ ભારે દબાણ કરવાં પૂર્વક એવી વિનંતી કરી કે મહોત્સવ નજીક આવી ગયો છે અને પગમાં ફ્રેકચર થવાની 100 % સંભાવના છે. તાત્કાલિક સારવાર નહિ થાય તો જીવનભરની ખોડ રહી જતાં વિહાર આદિ ચારિત્રચર્યા સામે જોખમ ઊભું થયા વિના નહીં જ રહે. માટે આપ આ વખતે ગમે તેમ કરીને પણ ડોકટરી ટ્રિટમેંટ લેવાની હા પાડો જ પાડો.

પગે સોજા આવી ગયા હતાં અને કળતર વધી રહ્યું હતું. છતાં પૂજ્યશ્રી ડોકટરી ટ્રિટમેંટ લેવાની ના જ પાડતાં રહ્યાં ત્યારે કાર્યકરોએ અંતે કહ્યું કે એકવાર પગના ફોટા લઇને નિદાન તો કરાવવું જ જોઇએ. નિદાન થયા પછી એ મુજબ ટ્રિટમેંટ લેવાનો દુરાગ્રહ અમે નહીં કરીએ. પરંતુ નિદાન તો કોઇપણ હિસાબે થઇ જ જવું જોઇએ અને આ માટે પગનાં એક્સરે ફોટા કઢાવવાં જ પડે.

કાર્યકર્તાનો આગ્રહ વધતા અને નિદાન પછીની પ્રક્રિયાને આગળ વધારવા અંગે, દબાણ નહીં કરવાની બાયંધરી મળતા. પૂજ્યશ્રી દુભાતા દિલે છેવટે એક્સરે લેવડાવવા સંમત થયા. બોન-સ્પેશ્યાલિસ્ટ ડોકટરો ભેગાં થયાં. સૌએ પ્રથમ તો પગનો ફોટો લેવાનું નક્કી કર્યું એ મુજબ જુદાં જુદા એંગલથી પાંચેક એક્સ-રે લેવામાં આવ્યાં. એક્સ-રે માં એકદમ સ્પષ્ટ રીતે ફ્રેકચર જોવા મળતાં સૌ ચિંતિત બની ગયા. હવે તો એકમાત્ર ઉપાય ઓપરેશનનો જ જણાતો હતો.

ભક્ત કાર્યકર્તાઓ તો ઓપરેશન અંગે આગ્રહપૂર્વક કશું જ કહી શકે એમ ન હતાં, કેમકે તેઓ તો વચનબદ્ધ બની ગયા હતા. એથી ડોક્ટરોએ કહ્યું કે ઓપરેશન પછી બે મહિના પૂર્ણ આરામ અને પ્લાસ્ટર આટલી ટ્રિટમેંટ લેવી જ પડશે નહીં તો જિંદગીભર પગની ખોડ રહી જશે. માટે બીજો કોઇ વિચાર કે વિકલ્પને અવકાશ આપ્યાં વિના હાલને હાલ ઓપરેશન થિયેટરમાં દાખલ કરી દેવાની અમારી સલાહ છે.

પૂજ્યશ્રીને લાગ્યું કે એકદમ અને સ્પષ્ટ ના પાડીશ તો કોઇ માનશે નહિં માટે આ ઘડી-પળ ચૂકવી દેવી હોય તો બળ નહિં પણ કળપૂર્વક કામ લેવું પડશે. થોડુંક વિચારીને પૂજયશ્રીએ જવાબ વાળતા જણાવ્યું કે, ઓપરેશન કે પ્લાસ્ટર અનિવાર્ય હોય તો પછી ચોક્કસ વિચારીશું. પણ આ નિર્ણય એક બે દિવસ પછી લેવાની મારી પાકી ગણતરી છે. મને

થોડી નવકારની સારવાર લઇ લેવા દો મને વિશ્વાસ છે કે અકસીર નિવડનારી આ સારવાર સફળ થશે જ. માટે બે દિવસ બાદ નિર્ણય લઇશું. ત્યાં સુધી મને મારી નવકાર સારવાર લેવાની સહર્ષ સંમતિ આપો.

ડોકટરોને થતું હતું કે, આવા અવસરે પળનો પણ વિલંબ ન જ થવો જોઇએ. એમને એવો પણ વિશ્વાસ હતો કે ફ્રેકચરની પીડા જ અસહ્ય બનતા દર્દી જ સામેથી એમ કહેતો આવશે કે, અસહ્ય પીડા સહન થાય એમ નથી માટે તાત્કાલિક ટ્રિટમેંટ-સારવાર શરૂ કરી દો. આવો વિશ્વાસ હોવાથી ડોકટરોએ આગ્રહ કરવાનું મૂકી દઇને પૂજ્યશ્રીની વાત સ્વીકારી લીધી. પૂજ્યશ્રીએ જ રાતે પગની પીડા ગણકાર્યા વિના નવકારના જાપમાં મગ્ન બની ગયા. જાપ શરૂ થતાંની સાથે જ ધીમે ધીમે પગની પીડાં જાણે ભૂલાઇ ગઇ. કલાક, બે કલાક નહીં, પૂરી રાત નવકારનો જાપ ચાલ્યો. બીજી ભાષામાં કહીએ તો નવકારની અખંડ સારવાર ચાલી.

અખંડ જાપની પૂર્ણાહૂતિ રૂપે પૂજ્યશ્રી એ સવારે આંખ ખોલી ત્યારે પગ પર જામી ગયેલાં સોજા અદ્રશ્ય બની ગયા હતા. પગની પીડા તો જાણે ગાયબ થઇ ગઇ હતી. નવકારની સારવારનો આ ચમત્કાર જોઇને ભક્તોની આંખમાં આશ્ચર્ય અને આનંદ સમાતો ન હતો. પૂજ્યશ્રી તો નિઃશંક, નિઃસંદેહ જ હતા. પણ ભક્તોના આગ્રહથી સૌનો સંદેહ દૂર કરવા, પુનઃ એક્સ-રે લેવાની વાત સ્વીકારી. પૂજ્યશ્રીના પગે પીડા અનુભવાતી ન હતી. સોજા પણ જણાતાં ન હતા. આ જ તો સાચો એક્સ-રે હતો. પરંતુ સૌના સંતોષ ખાતર પૂજ્યશ્રીએ એક્સ-રે લેવા દીધો. તો એક્સ-રે માં પણ ચમત્કારિક પરિણામનો પ્રભાવ જોવા મળ્યો. એક્સ-રેમાં ન તો સોજાની અસર કળાઇ કે ન તો ફ્રેક્ચર જોવા મળ્યું. ડોકટરના આશ્ચર્યની પણ અવધિ ન રહી !

થોડાં થોડાં કલાકોના અંતરે લેવાયા હોવા છતાં. એ બે એક્સ-રે ફોટા વચ્ચે જાણે આભ-જમીન જેવું અંતર હતું. એક ફોટામાં ફ્રેકચર સ્પષ્ટ જોઇ શકાતું હતું. બીજામાં તો પડછાયો પણ જોવા મળતો ન હતો. કંઇ થિયરી અને ક્યો ઉપચાર કામિયાબ નીવડ્યો એની ગંભીર વિચારણામાં મગ્ન ડોકટરોએ એ ફોટાને વારંવાર જોયા જ કર્યા. પરંતુ નવકારની જે સારવાર અને મંત્રાધિરાજની જે ગેબી શક્તિ આવું અણધાર્યું, અણચિંત્યુ પરિણામ આણવા સફળ નીવડી હતી. એનાં પર તો ડોકટરોની નજર સુદ્ધા જાય એમ ન હતી.

જંબુદ્વિપની એ પ્રતિષ્ઠામાં પૂજ્યશ્રી બરાબર હાજરી આપી શક્યાં. તદુપરાંત મહોત્સવ પૂર્ણ થયાં બાદ ચાલીને ચઢીને શત્રુંજય ગિરિરાજની યાત્રા પણ નિર્વિઘ્ને કરી શક્યાં. આવી ચમત્કૃતિ સર્જનાર જો કોઇ હોય તો તે નવકારની સારવાર જ હતી.

**—પૂ.આ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

## મૃત્યુના મુખમાંથી નવકારે જ મને બચાવ્યો...!

ઘરેથી હું જ્યારે જ્યારે બહાર જવા કદમ મૂકું તે પહેલા ત્રણ નવકાર ગણવાના બાલ્યવયથી જ મને સંસ્કાર છે. આમેય નવકાર મારા જીવનમાં એવો વણાઇ ગયો છે કે તેના વિના મને ચાલી શકે જ નહિ. નવકારનો અચિંત્ય મહિમા અમે ગુરુ મુખેથી જાણ્યા પછી તો આ મહામંત્ર પ્રત્યે મારો અહોભાવ, મારી શ્રદ્ધા વિશેષ સુદૃઢ બની છે. અને આ નવકારે જ મને તે દિવસે મૃત્યુના મુખમાંથી બચાવ્યો હતો. મૃત્યુના એ ભયંકર ઓછાયામાંથી હું કઇ રીતે ઉગરી ગયો તેની દિલધડક ઘટના અહીં પ્રસ્તુત કરું છું.

તે દિવસ હતો શનિવાર, તા. ૧૫ મી જૂન ૧૯૭૯નો. તે દિવસે મારે મુંબઇની ગોદીમાં કામ ચાલતું હતું. આ કામ પૂર્ણ કરતા રાતના દોઢ-બે વાગી ગયા હતા. અમે અમારી એમ્બેસેડર કાર દ્વારા મુલુન્ડ ઘરે જવા રવાના થયા. તે રાત્રે મોસમનો પ્રથમ વરસાદ શરૂ થયો હતો. રસ્તા પર ઝરમર ઝરમર વરસાદ ચાલુ હતો. મારી સાથે કારમાં મારો ઓફિસ કલાર્ક રઘુનાથ અને ડ્રાઇવર શેરબહાદુર હતા. મુંબઇની ગોદીથી ચુનાભઠ્ઠી સર્કલ સુધી મેં કાર ચલાવી. એ પછી ડ્રાઇવરની વિનંતીથી કાર ડ્રાઇવ કરવાનું મેં અમારા ડ્રાઇવર શેરબહાદુરને સોંપ્યું. અમે ઘાટકોપર આવી પહોંચ્યા. અમારો ઓફિસ ક્લાર્ક રઘુનાથ વિક્રોલીના કન્નમવરનગરમાં રહેતો

હોઇ તેને છોડવા માટે અમે આગ્રા રોડ (એલ.બી.એસ. માર્ગ) થી જવાનું માંડી વાળ્યું. આ એ સમય હતો કે રાત્રે મોટા ભાગના લોકો પોતાના વાહન દ્વારા આ આગ્રા રોડથી જ જવાનું પસંદ કરતા. વિક્રોલી તરફનો હાઇવે રાત્રે તદ્દન સુમસામ રહેતો. રાત્રે ત્યાં માત્ર ભારે વાહનોની જ અવરજવર રહેતી. ઘડિયાળમાં બરાબર રાત્રીના ૨.૩૫ થયા હતા. અમારી કાર વિક્રોલી પાસેની ગોદરેજ ફેક્ટરી પાસે આવી પહોંચી. ત્યારે સિગ્નલ પાસે ઓઇલ ઢોળાયું હતું અને વરસાદના પાણીથી પણ આ માર્ગ ભરેલો હતો. અહીં ઢોળાયેલા ઓઇલનો અમને જરાપણ ખ્યાલ ન હતો. અમારી કાર ફૂલ સ્પીડમાં જતી હતી. જેવી અમારી કાર ઓઇલીઝ સ્પોટ પર આવી કે એકાએક સ્લીપ થઇ ગઇ. ડ્રાઇવરનો ડ્રાઇવીંગ પર કોઇ કન્ટ્રોલ ન રહ્યો. અને અમારી કાર એક બે ત્રણ નહિ ચાર ચાર વાર પલટી ખાતી થાણાથી મુંબઇ જનારા માર્ગ પર આવીને ઉંધી પડી ગઇ. કારમાં બેઠેલો મારો ઓફિસ ક્લાર્ક રઘુનાથ અને ડ્રાઇવર શેર બહાદુર કારની બહાર ફેંકાઇ ગયા. પરંતુ કારનું ડાબી બાજુનું બારણું લોક થઇ જવાથી કારમાંથી બહાર નીકળવાની મારા માટે કોઇ તક ન રહી. કેમકે અમારી કારે ઉપરા ઉપરી પલટી ખાધી હોવાથી હું કારના ડેશબોર્ડની નીચે આવી ગયો હતો અને મારું માથું બે ઘુટણ વચ્ચે ફસાઇ ગયું હતું. ત્યાંથી મારાથી જરા પણ હલી શકાય તેમ ન હતું. પરિસ્થિતિ ઘણી વિકટ અને ભયંકર હતી. અમારા ઓફિસ ક્લાર્ક રઘુનાથ અને ડ્રાઇવર શેર બહાદુર કારની બહાર ફેકાઇ જતાં તેમને મામુલી ઇજા થઇ હતી. તેઓ આ અકસ્માતથી સ્તબ્ધ થઇ ગયા. તેઓ તરત દોડતા દોડતા અમારી કાર ઉંધી પડી હતી ત્યાં આવી પહોંચ્યા. તેઓએ મને બહાર કાઢવા અને કારને સીધી કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમાં તેઓ જરા પણ સફળ ન થયા.

આ તરફ અમારી કાર જે જગ્યા પર ઊંધી પડી હતી તે થાણાથી મુંબઇ જતો હાઇવે હતો. અને અહીં કોઇ વાહન સ્પીડમાં આવી પહોંચે તો મારી કારને ઉડાવી શકે તેવી ભયંકર સ્થિતિ હતી. મારા બંને માણસો પણ આ સ્થિતિથી વાકેફ હોઇ તેઓ ભારે રૂદન કરવા લાગ્યા હતા. એ સમયે દૂરથી એક શાકભાજીની મોટી લોરી આવતી જણાઇ. રાક્ષસી ગતિથી ધસમસતી આવતી આ લોરી ચોક્કસ મારી કારને અને મને ચગદી નાખશે અને મારું આયખું હવે થોડી મિનિટમાં જ પૂર્ણ થશે તેમ મને લાગ્યું. હવે તો કોઇ ચમત્કાર જ મને બચાવી શકે. આવી વિકટ સ્થિતિમાં મેં હવે નવકારનું શરણ લીધું. આંખો બંધ કરી હું નવકાર સ્મરણમાં લીન થયો. મનોમન મેં પ્રાર્થના કરી કે ‘હે પંચ પરમેષ્ઠિ પરમાત્મા, તું રક્ષણહાર છો, તારણહાર છો. આ ભયંકર આપત્તિમાંથી તુજ મને બચાવી શકે.’ મારી પ્રાર્થના આગળ ચાલી. એટલામાં જ ચમત્કાર થયો. અમારી ઊંધી પડેલી કાર પાસે સામેની બાજુથી એક સફેદ ફિયાટ ગાડી આવીને ઉભી રહી. તેમાંથી સફેદ વસ્ત્ર પરિધાન કરેલા ચાર પ્રચંડ પ્રભાવી વ્યક્તિઓ ઉતર્યા અને તેમાંથી ત્રણ વ્યક્તિએ પોતાના બાહુબળથી મારી કારને ઉચકી લીધી અને ચોથી વ્યક્તિએ મારી કારના ફ્લોરિંગનું પતરુ તોડીને મને હેમખેમ બહાર કાઢયો. અને રસ્તામાં એક સલામત બાજુએ મને કાળજીપૂર્વક સુવરાવ્યો. એ સમયે કરોડરજજુની નસો ડેમેજ થવાથી મારું નીચેનું અંગ તદ્દન ખોટું થઇ ગયું હતું. અને હું લોહીલુહાણ હાલતમાં હતો. તેમ છતાં હું ભાનમાં હોવાથી અને સ્થિતિની ભયંકરતાનો ખ્યાલ હોવાથી આ દેવદૂત જેવા તે લોકોને મેં કહ્યું કે ‘મને મદદ કરવા બદલ આપનો ખૂબ ખૂબ આભાર. હવે મારા પર એક બીજો ઉપકાર પણ કરો. તમે મને નજીકની કોઇ હોસ્પિટલમાં પહોંચાડો. તેઓએ કહ્યું કે અમે તમને મૃત્યુના મુખમાંથી બચાવી લીધા છે. હવે તમને હોસ્પિટલમાં લઇ જનાર અવશ્ય આવવાના છે. તમે હવે અમને જવા દો.’ એમ કહી તેઓ પોતાની કારમાં બેસી ગયા. અને પછી તે કાર ક્યાં અદ્રશ્ય થઇ ગઇ તેની મને, મારા ઓફિસ ક્લાર્ક કે ડ્રાઇવરને કશી જ ખબર ન પડી !

આ બાજુ હું, મારો ઓફિસ ક્લાર્ક અને ડ્રાઇવર રસ્તાની એક બાજુ હતા ત્યારે પેલી ધસમસતી લોરી આવી પહોંચી અને મારી કાર સાથે જોરથી અથડાઇ અને કારના ફૂરચેફૂરચા ઉડાવતી ચાલી ગઇ. જો મને કારમાંથી બહાર કાઢવામાં થોડી ક્ષણોનો પણ વિલંબ થયો હોત તો તે કારની સાથે હું પણ ચગદાઇ મર્યો હોત. મને મૃત્યુના મુખમાંથી બચાવનાર ખરેખર એ ચાર માણસો કોઇ અધિષ્ઠાયક દેવો

જ હોવા જોઇએ તેવી મને ખાત્રી છે. નવકારના પ્રભાવથી જ આ રીતે મારો અદ્ભૂત બચાવ થયો તેમાં મને લેશમાત્ર શંકા નથી.

એ પછી એ માર્ગ પર એક પોલિસ અધિકારી પસાર થતો હતો. તેને અમારા માણસોએ રોકીને આ અકસ્માતની વાત જણાવી અને તેણે તાબડતોબ પોતાની ટોઇંગ વાનમાં મને સુવરાવી ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં પહોંચાડયો. તે સમયે સવારના સાડાચાર વાગ્યા હતા. મારા શરીરમાં ઘણું લોહી વહી જવાથી હું બેહોશ થઇ ગયો હતો. પછી તો શીઘ્ર મારી સારવાર શરૂ થઇ. અને ચારેક ઓપરેશન પછી અને બે મહિનાના સંપૂર્ણ આરામ પછી હું પૂર્વવત થઇ શક્યો. આમ મારા જીવનમાં અકસ્માતના એ દિવસને હું કદાપિ ભૂલી શકીશ નહિ. એ પછી તો નવકાર મંત્ર પર મારી શ્રદ્ધા વિશેષ બળવત્તર બની. **પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપમાં હું વધુને વધુ જવા લાગ્યો. અને તેમના સ્વમુખેથી નવકારનો મહિમા અને પ્રભાવ જાણી નવકારની વિશેષ સમીપ રહેવાની મને લગની લાગી. નવકારનું શરણ મેં સહજ રીતે સ્વીકાર્યું અને નવકાર જ મારી મતિ, ગતિ, પ્રગતિ અને મુક્તિ છે તે વાત હવે હૃદયસ્થ થઇ ચૂકી છે !

**-સોમચંદ વેલજી લોડાયા (આરીખાણા-મુલુન્ડ)**

## નવકાર મંત્રનો સાક્ષાત્કાર

જૈન શાસનના ગગનાંગણમાં અનાદિકાળથી શ્રી નવકાર મહામંત્રનો તેજસ્વી સૂરજ ઝળહળી રહ્યો છે. દુનિયાનો સૂરજ સદાય સાંજે આથમી જાય-અંધારાના ઓળા પથરાય, પણ આ સૂરજ ક્યારેય ના આથમે. મહામંત્રનો સદાયનો-સૂર્ય તો તેજસ્વી, સદાયનો દેદિપ્યમાન-સદાય અજવાળા પાથરતો અને ઝળહળાટ દાખવતો જ હોય. કદીય તેના તેજ ઝાંખા ન પડે. કદીય તેના તેજમાં ઓટ ન આવે. એવો આ નવકારમંત્રરૂપ સૂરજ વિશ્વભરમાં અચિંત્ય મહિમાવંતો અદ્ભૂત અને અનોખો જ છે, તેના તેજ કદી ન અવરાય.

સર્વ મંત્રમાં શિરોમણિ આ મંત્રાધિરાજ, ચૌદ પૂરવનો સાર આ મંત્રાધિરાજ, સર્વ મંગલમાં પહેલું મંગલ આ મંત્રાધિરાજ, દુર્ગતિના કાંટાળા માર્ગને દૂર ફેંકાવનાર આ મંત્રાધિરાજ, સદ્ગતિની રાજશય્યા પર પોઢાડનાર આ મંત્રાધિરાજ સુખોના ઝુલે સદાય ઝુલાવનાર આ મંત્રાધિરાજ.

દુ:ખોના ડુંગરામાંથી દૂર સુદૂર લઇ જનાર આ મંત્રાધિરાજ અને પ્રાંતે પરમપદની પાવન પગદંડી પર ચડાવી સદાયને માટે અખંડ આનંદની અનોખી અનુભૂતિ કરાવનાર આ મહામંત્રાધિરાજ !

આવા મહા પ્રભાવવંતા નવકાર મંત્રના તોલે કોઇ આવે ? શાસ્ત્રોમાં ઠેક ઠેકાણે આ મંત્રનું વર્ણન વર્ણાનાતીત છે. જે આપણે સાંભળીએ છીએ, વાંચીએ છીએ. આ મહાફળદાયક શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ-રટણ-જપન (જાપ) જો સતત અંતરાત્મામાં વહ્યા કરે તો ગમે તેવા ઉપદ્રવો-વિઘ્નો-કે સંકટોના વાદળો વિખરાયા વિના ન જ રહે.

મંત્રાધિરાજ શ્રી નવકારમંત્રનો સાક્ષાત્ અદ્ભૂત પ્રભાવ તાજેતરમાં જેણે હૈયાના ખૂણે ખૂણે અનુભવ્યો છે. તેવા એક સાવરકુંડલા નિવાસી (હાલ વિલેપારલા-મુંબઇ) શ્રી કલ્યાણ માસિકના ટ્રસ્ટી ધર્માત્મા શેઠશ્રી છોટાલાલ મણિલાલના કુલદીપક અને કલ્યાણના માનદ્ ટ્રસ્ટીપદને શોભાવનારા પરમ શ્રદ્ધાળુ શ્રી નવીનચંદ્ર છોટાલાલ મણિલાલ શેઠનો જાણેલો-સાંભળેલો આ વૃતાંત એટલા માટે જ આલેખાય છે કે જૈનશાસનમાં શ્રી નવકાર મહામંત્રનો જે અદ્ભૂત અને અચિંત્ય પ્રભાવ વર્ણવાયેલો છે તેનો સાક્ષાત્કાર થાય. જ્યારે કોઇ એવી વિષમ પરિસ્થિતિમાં મૂકાઇ જઇએ ત્યારે જે અપૂર્વ શ્રદ્ધાપૂર્વક આ મહામંત્રનો જાપ ચાલુ રહ્યો હોય, અને તેનો જ્યારે સાક્ષાત્કાર થાય તે અનુભૂતિ તો કોઇ અવર્ણનીય જ હોય છે. એટલે આ અનુભવ વાંચીને સૌ કોઇ જૈન તથા જૈનેતરે પણ આ મહામૂલા નવકારમંત્રને જાપ દ્વારા-રટણ દ્વારા આત્મસાત્ કરવો જોઇએ. ગમે તેવા સંકટો કે વિઘ્નોમાં આ મંત્ર પાર ઉતારી દેવા સમર્થ છે. હા મન વચન કાયાને બરાબર શ્રી નવકારમંત્રના ધ્યાનમાં કેન્દ્રિત કરી દેવા જોઇએ. કહ્યું છે કે શ્રી નવકારમંત્રના એક અક્ષરનો પણ જાપ સાત સાગરોપમના પાપને હણે છે એક પદનો જાપ ૫૦ સાગરોપમના પાપ ને હણે છે અને નવે પદોનો સંપૂર્ણ જાપ ૫૦૦ સાગરોપમના પાપ હણે છે. આ ભવમાં સર્વ કુશલ અને પરભવમાં ભરપૂર સુખની પ્રાપ્તિ

નવકારમંત્રના પ્રભાવે જ પ્રાપ્ત થાય છે. ચાલો ! ત્યારે તાજેતરમાં બનેલી આ સત્ય ઘટના વાંચીએ.

સંવત ૨૦૫૨ની વૈશાખ સુદિ બીજ-મધ્યરાત્રિ. પોતાના ભાઇના ધર્મપત્નીને વરસીતપનું પારણું. સ્થળ હસ્તિનાપુર. તે તરફ પ્રયાણ. ઘરની વ્યક્તિઓ વૈશાખ સુદ ૧ ના અગાઉ હસ્તિનાપુર પહોંચી ગયેલ. સુશ્રાવક ધર્માત્મા નવીનભાઇ શેઠ બે દીક્ષાર્થી બહેનોના વરસીદાનના વરઘોડા નિમિત્તે સાવરકુંડલા ગયા. ત્યાંથી અમદાવાદ થઇને દિલ્હી પ્લેનમાં ગયા. ત્યાંથી બાંધેલ ટ્રાવેલ ટેમ્પો જેમાં ફક્ત એક નવીનભાઇ અને બીજો ડ્રાઇવર ગાડીમાં બેઠાં. હસ્તિનાપુર તરફ પ્રસ્થાન આદર્યુ.

નવીનભાઇ જ્યાં જાય, ત્યાં પણ તેના હૈયામાં નવકારમંત્રનું રટણ-જાપ ચાલુ જ હોય-એ રીતે દિલ્હીથી જ નવકાર મહામંત્રનો જાપ ચાલુ હતો. પણ કોઇ ભવિતવ્યતાના યોગે દિલ્હીથી જ હસ્તિનાપુરનો રસ્તો ભૂલ્યા. હાઇવે છોડી કોઇ અન્ય જંગલ માર્ગે ચડી ગયા. જો કે ડ્રાઇવર જાણીતો હતો, તેની મનોવૃત્તિ પણ કંઇ ખરાબ ન હતી. તે પણ થાકેલો હોઇ અગર કોઇ તેવા અશુભ કર્મોદયના કારણે જંગલના રસ્તે અટવાયો. આગળ ગાડી ચાલે. પણ ખરેખર રસ્તો ન મળે. નવીનભાઇ તથા ડ્રાઇવરને બંનેને થયું કે, જરૂર રસ્તો ભૂલ્યા છીએ. દિલ્હીથી ઘણાં દૂર નીકળી ગયા છીએ. ઘોર-ભયંકર જંગલ કાળી ડીબાંગ અંધારી ઘનઘોર રાત્રિ પ્રકાશના કિરણોની વળી તેવા સ્થળે આશા કઇ રાખવી ? જંગલની અધવચ્ચે બરાબર નવીનભાઇ ગાડીમાંથી રસ્તો જોવા નીચે ઉતર્યા ડ્રાઇવરને પણ ખ્યાલ છે શેઠ રસ્તો જોવા ઉતર્યા છે. નીચે ઉતરી શેઠે આડી અવળી નજર કરી, કાંઇક રસ્તાની તપાસ કરે છે. તેવામાં કોઇ આ પળે મહા અશુભ કર્મના ઉદયથી જોરદાર પવનના ઝપાટે ગાડીનું બારણું દરવાજો બંધ થઇ ગયો.

ડ્રાઇવરને એમ કે, શેઠ જ ગાડીમાં બેસી ગયા છે અને દરવાજો લોક થઇ ગયો છે. એટલે કાંઇ પણ તપાસ કર્યા વિના પાછળ નજરને પણ દોડાવ્યા વિના ડ્રાઇવરે તરત ગાડી પૂરપાટ દોડાવી દીધી.

આ બાજુ નવીનભાઇ નીચે જંગલમાં જ અધવચ્ચે હતા, ખૂબ બૂમ પાડી પણ પૂરપાટ દોડી જતી ગાડીમાં કોણ સાંભળે ? તે તો ચાલી ગઇ. હવે શું ? ઘોર ભયંકર જંગલ હતું. કોઇ પણ સાદ સાંભળે તેમ ન હતું. કેવી ભવિતવ્યતા ! જંગલમાં કેવો ઘોર અશુભ કર્મનો ઉદય ! ઉંચે આભ નીચે ધરતી ! શિકારી પ્રાણીઓના થરથરાવી મૂકાવે તેવા ભયંકર અવાજો ! સાવ નિરાધાર, સાવ એકાકી, સાવ સહારા વિનાની સ્થિતિ !

જબ્બર પુણ્યાઇ હોવા છતાં આજે આ પળે-આ ઘડીએ ન રિદ્ધિ ન સમૃદ્ધિ ! ઘણો કૌટુંબિક પરિવાર હોવા છતાં ન કોઇ સાથ સહકાર ! ન માતાપિતા, ન બંધુ, ન ધર્મપત્ની ન પુત્રાદિ પરિવાર. જ્યારે પાપનો ઉદય આવે છે, ત્યારે કર્મસત્તા કેવી વિષમ પરિસ્થિતિમાં મૂકી દે છે. ને કેવી બેહાલી કરી નાંખે છે તેનો સાક્ષાત્ અનુભવ નવીનભાઇએ અનુભવ્યો પણ જે ધર્માત્મા છે, જૈનશાસનને વરેલા છે, જેના હૃદયમંદિરમાં નવકાર મંત્રનો જાપ છે તે ક્યારેય ગભરાય ? ક્યારેય હિંમત હારે ? તરત પરિસ્થિતિ મપાઇ ગઇ. ક્ષણ પછી જ મનમાં થયું. હવે આવા મહાભયંકર જંગલમાં કાંઇ જ મળવાની શક્યતા નથી. ગાડી તો ગઇ, જો સુનમૂન ઊભો જ રહીશ તો કાંઇ પણ વળવાનું નથી. એના કરતાં શ્રી નવકારમંત્રને મારો સગો ભાઇ-સગો મિત્ર ગણીને તેના સહારે જ હું આગળ આગળ મંઝિલ કાપું. જે થવાનું હશે તે થશે. હવે સત્વપરાક્રમ રાખ્યા વિના ચાલે તેમજ નથી.

નવીનભાઇએ આદિનાથ દાદાને યાદ કર્યા. દાદાને જરીક ઉપાલંભ પણ આપ્યો. દાદા મને એકલો મૂક્યો ? મારી સંભાળ ન લીધી ? તું સાચો કે ખોટો ? પણ તરત જ સદ્વિચાર ઉદ્ભવ્યો: દાદા તો સાચો જ છે. મને મારા જ કરેલા કર્મો ઉદયમાં આવ્યા છે. તો હવે શાંતિથી સહન કરી લેવા જ રહ્યા. કર્મો-પાપો બાંધતી વખતે તે વિચાર નથી કર્યો, તો હવે ઉદય વેળા શા માટે સંતાપ કરે છે. આ કર્મ આ ક્ષેત્રમાં જ ઉદયમાં આવ્યું. કદાચ અહીં જ કર્મ બાંધ્યું હશે ? વગેરે શુભ વિચારધારામાં મનોમન શ્રી વીતરાગ પરમાત્માનું સ્મરણ કર્યું. દેવ-ગુરુ-ધર્મને યાદ કર્યાં. નવકારમંત્રનો જાપ તો ચાલુ જ હતો.

નવીનભાઇ શેઠે શ્રી નવકારમંત્રના સહારે આગળ આગળ ચાલવા માંડ્યું. અહીં નહિ કોઇ વાહન કે માણસ ! નહિ ડામરની સડક કે નહિ કોઇ સારો મારગ ! ઘોર ભયંકર જંગલની ઝાડીઓ. મચ્છરોના ઝુંડેઝુંડ, ચોતરફ અંધકારના ઓળા, સિંહ વાઘની ત્રાડ પાડતી ભયંકર બૂમો, ઘૂઘવતાં અવાજો, સાપ વગેરે પ્રાણીઓની બીક, નાનો એવો કાંટાળો ધૂળિયો રસ્તો. આવી ભયંકર રાત્રિમાં એકલા અટૂલા નવીનભાઇ નવકારમંત્રના પરમ સહારે આગળ આગળ મંઝિલ કાપતાં લગભગ ૯ કિલોમિટર જેટલું ચાલ્યા. નવકાર મહામંત્રનો જાપ સતત એકાગ્રચિત્તે ચાલુ હતો. કંઇ જ ખબર ન હતી કે ક્યો રસ્તો ક્યારે પૂરો થશે ? જ્યાં જવાશે ત્યાં જવાશે એમ કરતાં ૯ કિલોમીટર બાદ એકાદ ઝૂંપડું દેખાયું. થોડોક પ્રકાશ દેખાયો. થોડી હિંમત આવી કે, આ ઝૂંપડામાં કોઇક હશે ? ઝૂંપડા પાસે પહોંચ્યા. ત્યાં માણસો હતાં. પૂછપરછ કરી 'કહો શેઠ ? તમે તો અવળા રસ્તે ચડી ગયા છો. હવે અહીં રહી જાવ. સવારે કોઇ વાહન મળશે. તો આગળ જવાશે પણ એવી રીતે અજાણ્યા સ્થળે કેમ રહેવાય ? થોડીવાર વિશ્રામ લઇ નવીનભાઇએ ફરી ત્યાંથી ચાલવા માંડ્યું. પણ જાણે હજુય કાંઇક કસોટી બાકી રહી હોય તેમ એક મોટો દોઢ ફૂટ ઊંડો ખાડો આવ્યો. અંધારું તો હતું જ. ખાડો દેખાયો નહિ અને તેઓ ખાડામાં પડ્યા. ખાડામાં ઝાંખરા-કાંટા સિવાય બીજું શું હોય ? ખાડામાંથી બહાર કાઢનાર કે કોઇ હાથનો ટેકો આપનાર પણ ત્યાં કોઇ હાજર ન હતું.

આંખમાંથી તે સમયે બે બિંદુ સરી પડ્યા કે કેવો આ કર્મોદય ? આ આત્માએ કેવા કર્મો બાંધ્યા હશે ? માંડ માંડ હિંમત કેળવી-પરાક્રમ ફોરવી, ધીમે ધીમે તે ખાડામાંથી નવીનભાઇ બહાર નીકળ્યા. જોયું તો પગ ન ઉપડે. પગ મરડાઇ ગયો હતો. ચલાય તેમ ન હતું પણ ચાલ્યા વિના ચાલે તેમ ન હતું. નવકારમંત્ર ગણતાં ગણતાં ધીમે ધીમે ચાલવા માંડ્યું. આત્માને શિખામણી આપી કે 'આત્મન્ ધીરજ ન ગુમાવીશ.' મહાપુરુષોને ઘણાં ઘણાં કષ્ટો આવ્યા છે, ઘણાં સંકટો આવ્યા છે, તું પણ શાંતિથી સહી લે ! મને નવકારમંત્રનો અજબ સહારો છે. જે ધર્મરાજા શરણે-જાય છે, તેનું રક્ષણ ધર્મ કરે જ છે. ધર્મો રક્ષતિ રક્ષિતઃ આ ભાવનામાં રમતાં હતાં ત્યાં ત્રણ સાઇકલવાળા સામા આવી મળ્યા પણ બહુ દાદ ન દીધી. વળી આવાને આવા મરડાયેલા પગે પાછા બે કિલોમીટર ચાલ્યા ને ત્રણ પોલીસો મળ્યા. બસ ! કસોટી પૂર્ણ થવા આવી. નવકારમંત્રના અદ્‌ભૂત પ્રભાવે વિઘ્નોના વાદળ વિખરાવા લાગ્યા. પોલીસોની મદદ મળી પૂછપરછ કરી. તેઓએ પણ સાંત્વન આપ્યું. ટ્રેકટર જેવું કઇક મંગાવી આપ્યું. તેમાં બેસાડ્યા ને હસ્તિનાપુર પહોંચાડ્યા. ત્યારે સવારના છ વાગી ગયા હતાં. રાત્રિના દોઢ વાગે નીકળેલા પ્રભાતકાળે પહોંચ્યા. ઘણી કસોટીમાંથી પસાર થયા. ઘણું ઘણું તે રાત્રિએ અનુભવ્યું. પણ મનની પ્રસન્નતા જરા પણ ન ગુમાવી. દેવ ગુરુ ધર્મની કૃપાથી શ્રી નવકાર મહામંત્રના અચિંત્ય પ્રભાવથી હેમખેમ પાર ઉતરી ગયા અને ધર્મશાળામાં પહોંચ્યા.

આ બાજુ નવીનભાઇ એ રાત્રે અઢી-ત્રણ વાગે આવી જવાનાં હતા. તો હજી કેમ ન આવ્યા તે માટે તેમના લઘુબંધુ, ધર્મપત્ની વગેરે તપાસ આદરી. ચિંતા તો થાય જ ! ત્યાં જ જે ગાડી આવવાની હતી, જે ભર જંગલમાં નવીનભાઇને મૂકી ચાલી ગયેલી, તે ગાડી હસ્તિનાપુર આવી. નાનાભાઇ ગાડી પાસે આવ્યા. સામાન લીધો. ઉતાર્યો ત્યાં સુધી ડ્રાઇવરને પોતાને પણ ખબર ન હતી કે ગાડીમાં શેઠ નથી. ભાઇએ પૂછ્યું શેઠ ક્યાં ? તો કહે 'પિછલી સીટમેં સોતે હૈ.' જોયું તો સીટ ખાલી. કાંઇ જ નહિ. ભાઇનો જીવ-બધાયનો જીવ અદ્ધર થઇ ગયો. તરત તે જ ગાડીમાં શોધ શરૂ કરી પણ મૂળ રસ્તો તો હતો જ નહિ એથી હતાશ થઇ પાછા આવ્યા.

આ બાજુ નવીનભાઇ ધર્મશાળા આવી ગયા હતા. તેમને જોઇને તપાસ કરવા ગયેલા સૌને અત્યંત આનંદ થયો. પારણાનો વિધિ પૂર્ણ થયો. બધા મુંબઇ પહોંચી ગયા સૌએ જોયો શ્રી નવકાર મહામંત્રનો સાક્ષાત્ અદ્‌ભુત પ્રભાવ !

અજાણ્યો દેશ-પ્રદેશ, ઘોર જંગલ-ઝાડીઓ, મધ્યરાત્રિનો ઘોર અંધકાર-મચ્છરોના ઝુંડઝુંડોનો મુખ ઉપર ગણગણાટ, શિકારી પ્રાણીઓના ભયંકર અવાજો. સર્પ આદિ

ઝેરી પ્રાણીઓની બીક, એકલી અટૂલી જાત પણ શ્રી મહામંત્ર નવકારમંત્રનો અજબ સહારો. તેનો જ જાપ, તેનું જ સ્મરણ, તેનું જ રટણ અને ધર્મનું આલંબન ! ધર્મની શ્રદ્ધા, ધર્મનો સહારો ! નવીનભાઇ વિઘ્નોના વાદળમાંથી બહાર નીકળ્યા, પાર ઉતરી ગયા.

આ સત્ય ઘટના બની વિ.સં. ૨૦૫૨ની વૈશાખ સુદી બીજની મધ્યરાત્રિએ. સૌ કોઇ ધર્માત્માઓ ! શ્રી નવકારમંત્રના ધ્યાનમાં લીન બનો ! ધર્માનુષ્ઠાનોમાં દ્રઢ બનો ! અને પ્રાંતે શિવસુંદરીની સોહામણી વરમાળાને કંઠમાં આરોપો !

**—પૂ.સાધ્વી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.સા.**

## નવકારનિષ્ઠ સુબોધભાઇ ઝવેરીનો અદ્‌ભૂત બચાવ !

મારો સર્વતોમુખી વિકાસ સાધવાનું, મને સુખી બનાવવાનું, આપત્તિઓને દૂર કરવાનું અને સર્વ મનોરથોને સફળ બનાવવાનું જે સામર્થ્ય નવકાર મંત્રમાં છે તે મારે માટે બીજે ક્યાંય નથી. **શ્રી સુબોધભાઇ ઝવેરી**ના નવકારમંત્ર પ્રત્યેના શ્રદ્ધાના આ શબ્દો છે.

**શ્રી સુબોધભાઇ ભગવાનજી ઝવેરી** પાયધુની સ્થિત શ્રી નમિનાથ જિનાલયના કાર્યશીલ અને નિષ્ઠાવાન ટ્રસ્ટી તરીકે સર્વત્ર નામના ધરાવે છે. અને જીવદયા તેમનો પ્રાણ હોય મુંબઇની જીવદયા મંડળીમાં ટ્રસ્ટી અને મંત્રી તરીકે મુંગા-અબોલ પશુઓ માટે તેઓ સતત કાર્ય કરે છે.

શ્રી નમિનાથ જિનાલય મધ્યે જ્યારથી **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાન શરૂ થયા છે ત્યારથી તેઓ એક પણ જાપ કદી ચૂક્યા નથી. **પૂ. શ્રી જયંતભાઇ**ને તેઓ ગુરુ માને છે. એમનો પડ્યો બોલ ઝીલવા સદૈવ તત્પર રહે છે. તેમની ગુરુભક્તિનું એક જવલંત ઉદાહરણ એ છે કે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના અષાઢી પૂર્ણિમાના જન્મદિને જયંતભાઇ જેટલા વર્ષના થયા હોય તેટલા મુંગા-અબોલ જીવોને કતલખાનેથી છોડાવી તેને પાંજરાપોળમાં મૂકવાનો પ્રબંધ તેઓ જાતે જ કરાવે છે.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની પ્રેરણાથી શરૂ થયેલ **'નવકારનો રણકાર'** માસિક પત્ર પ્રતિ તેમનો પ્રેમ અને ઉત્સાહ જોઇને દંગ થઇ જવાય છે. આ પત્રના મુખપૃષ્ઠ સૌજન્યદાતા, પેજ શુભેચ્છક અને આધાર સ્તંભ જેવી યોજનામાં માતબર રકમ મેળવી આપી આપણી નવકાર યાત્રાને તેમણે વધુ સબળ અને ગતિશીલ બનાવી છે.

આવા સેવાના ભેખધારી નવકારનિષ્ઠ **શ્રી સુબોધભાઇ ઝવેરી**ના જીવનમાં એક એવી આકસ્મીક ઘટના બની અને તેમાંથી તેઓ કંઇ રીતે બચી ગયા તે વાત અત્રે પ્રસ્તુત છે.

**શ્રી સુબોધભાઇ ઝવેરી** ગત્ વર્ષે તેમના પત્ની-પુત્રાદિ પરિવાર સાથે પાલિતાણા યાત્રાર્થે ગયા હતા. તેઓ સુખરૂપ યાત્રા પૂર્ણ કરી અમદાવાદથી સૌરાષ્ટ્ર મેલમાં સવારે મુંબઇ સેન્ટ્રલ પરત આવી પહોંચ્યા. મુંબઇ સેન્ટ્રલથી મુમ્બાદેવી ઘરે આવવા તેઓએ ટેક્ષી કરી. ટેક્ષી હજુ સ્ટેશનની બહાર જ નીકળી અને મરાઠા મંદિર પાસે સામેથી ધસમસતી આવતી ટ્રકની જોરદાર ટક્કર લાગતાં ટેક્ષી તુરત જ ઉંધી વળી ગઇ. એટલું જ નહિ ટક્કર એટલી જોરદાર હતી કે ટેક્ષી બે-ત્રણ ગુલાટ પણ ખાઇ ગઇ. ટેક્ષીમાં આગળની સીટમાં સુબોધભાઇ હતા અને પાછળ તેમના પરિવારના સભ્યો બેઠાં હતાં. આ અકસ્માત થયો ત્યારે સુબોધભાઇ નવકાર સ્મરણમાં લીન હતા. આ નવકાર સ્મરણે જ ચમત્કાર સજર્યો. આવો ગમખ્વાર અકસ્માત અને ટેક્ષીની હાલત જોતા લાગે કે આ અકસ્માતમાં કોઇ બચ્યું જ નહિ હોય ! પરંતુ નવકારના પ્રભાવે આ ભયંકર અકસ્માત પછી એક જ મિનિટમાં સુબોધભાઇ ટેક્ષી ડ્રાઇવર અને ઘરના સર્વ સભ્યો ટેક્ષીમાંથી બહાર નીકળી આવ્યા. બધામાંથી સુબોધભાઇ સિવાય બધા સભ્યોને સામાન્ય વાગ્યું હતું. જ્યારે સુબોધભાઇને માથામાં ખૂબ વાગ્યું હતું. માથામાંથી લોહી અટકતું ન હતું. છતાં તેઓએ પરિવારના બધા સભ્યોને લઇને બીજી ટેક્ષીમાં ઘરે જવાની તૈયારી કરી. એટલામાં પોલિસવાન આવી પહોંચી અને સુબોધભાઇએ પોલિસ અધિકારીને ઘણું સમજાવ્યું કે મને ઘણું સારું છે. અમને ઘરે જવા દો. પરંતુ પોલિસે આ ભયંકર અકસ્માતની નોંધ લઇ સુબોધભાઇને નાયર હોસ્પિટલમાં દાખલ કર્યા. ત્યાં તેમનું પ્રાથમિક પરીક્ષણ

કર્યા બાદ તેમના કેસની ગંભીરતા જોઇ ત્યાંના ડોકટરોએ તેમને હરકિસન હોસ્પિટલમાં લઇ જવા કહ્યું. સુબોધભાઇનું એક જ રટણ હતું કે નવકાર મારો બેલી છે અને મને કશું જ થવાનું નથી. છતાં પણ પરિવારના સભ્યોના આગ્રહથી તેઓ હરકિસન હોસ્પિટલમાં દાખલ થયા. ત્યાંના ડોકટરોએ સુબોધભાઇના મસ્તકની હાલત જોતા અને તેમાં કાચની અનેક કરચો જોતા કહ્યું કે ગજબ છે આ માણસ ! આવી ભયંકર ઇજામાં તો માણસ કોમામાં જ સરી પડે. આ માણસની સ્વસ્થતા જબરી છે. ડોકટરોએ પૂર્ણ શુદ્ધિમાં રહેલા અને સતત નવકાર ગણી રહેલા. સુબોધભાઇના માથામાંથી કાચના અનેક ટૂકડા કાઢ્યા. ત્યારે પરિવારના સભ્યો પણ આભા બની ગયા. સુબોધભાઇને માથામાં સાત-આઠ ટાંકા આવ્યા. તેમને બે મહિનાનો સખત આરામ કરવાની ડોકટરોએ તાકીદ કરી. તેઓ ઘરે આવ્યા. પરંતુ ૧૫ દિવસના આરામ પછી ૧૬માં દિવસે તો તેઓ શ્રી નમિનાથ જિનાલયમાં નવકાર જાપમાં હાજર થઇ ગયા. એ પછી તો તેઓ પોતાના વ્યવસાયમાં અને જીવદયાની પ્રવૃત્તિમાં સતત પ્રવૃત્ત રહેવા લાગ્યા. આજે આ ઘટનાને લગભગ ઘણા મહિના વીતી ગયા. સુબોધભાઇને હવે તદન સારું છે. તેઓ કહે છે કે મને બચાવનાર હોય તો તે મારો નવકાર મંત્ર જ છે. જેના દિલમાં જીવદયાની ભાવના સતત ધબકતી હોય અને જેમને જયંતભાઇ જેવા ગુરુ હોય પછી આપત્તિ પણ દૂર ભાગી જાય તેમાં નવાઇ શી ?

**—ચીમનલાલ કલાધર**

## જેનું જગમાં કોઇ નહિ, તેનો શ્રી નવકાર !

અમદાવાદમાં મૂળ ઇડરના વતની એવા શ્રી શશીકાન્તભાઇ રૂમ ભાડે લેવા માટે ફરતા હતા. ઘણી તપાસ કરતાં રૂમ તો મળી. પણ રૂમના માલિક માજીએ કહ્યું કે, ત્રણ માળ તો અપાય તેમ નથી. પણ ચોથા માળે એક રૂમ ખાલી છે. પણ એ રૂમમાં કોઇ ભાડૂત સાત દિવસથી વધુ રહી શકતું નથી. તો તમે વિચાર કરીને પછી આવજો. શશીકાન્તભાઇએ તે રૂમ રાખી લીધી ને રોજ નવકારમંત્રનો જાપ પૂર્ણ શ્રદ્ધાથી કરવા લાગ્યા. બાર વર્ષ ત્યાં રહ્યા પણ એમને કોઇ જ ઉપદ્રવનો અનુભવ ન થયો. તેમજ ધર્મને નવકારની શ્રદ્ધા વધુ દઢીભૂત થઇ છે. આજે તે ભાઇ ઇડરમાં જ સુંદર આરાધના કરી રહ્યા છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

શંખેશ્વર પાસે કુવદર નામે નાનું ગામ છે. ત્યાં એક મુસલમાન ડોસો રહે છે. ગામમાં શિખરબદ્ધ જિનાલય છે. આ ડોસો રોજ દર્શન કરવા આવે છે. અને લગભગ આખો દિવસ 'ચત્તારિમંગલ' આદિ ચાર શરણા અને નવકારમંત્રનો જાપ કર્યા કરે છે. તે કહે છે કે કોઇ પણ કામ અટકતું હોય તો હું પૂર્ણ કરાવી શકું છું. ઘણા સાધુ-સાધ્વીજીના પરિચયમાં આવે છે. તેના જાત ભાઇઓએ તેને ઘણું સમજાવ્યું કે તું જૈન મંદિરમાં કેમ જાય છે ? પણ તે કહે છે તે જ સાચું છે. માટે હું તો ત્યાં જઇશ. તેણે માંસાહાર આદિનો ત્યાગ કર્યો છે. ભવિષ્યની કોઇ કોઇ વાતો પણ અગાઉથી કહે છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

બારામતી નજીક સેટફળ નામનું નાનકડું ગામ છે. તેમાં જૈનોનાં બે ઘર છે. એક દિવસ એક ભાઇને ત્યાંથી સોલાપુર વેપાર માટે જવાનું થયું. પાછા આવતાં ટ્રકમાં બેઠાબેઠા તે ભાઇ નવકાર ગણવા લાગ્યા. ટ્રકમાં આઠ ભાઇઓ હતા. ટ્રક બેએક કિલોમીટર ગઇને એક ઝાડ સાથે અથડાઇ. બધાને ઇજા થઇ. કેટલાકને હોસ્પિટલમાં લઇ જવા પડ્યા. પણ આ ભાઇ નવકારમંત્ર ગણતા રોડ ઉપર આરામથી ઊભા હતા. કાંઇ જ ઇજા નહોતી થઇ.

૨૦૧૯માં કલકત્તામાં હુલ્લડમાં જૈનોનો ડેલો સળગાવવા હુલ્લડખોરો આવ્યા. બધા જૈનો જાનનાં જોખમે નવકારના ધ્યાનમાં બેસી ગયા. પેલા લોકો પેટ્રોલ નાંખે છતાં સળગે જ નહિ. બે કલાક મહેનત કરી છતાં સળગ્યું નહિ ને ત્યાં સુધીમાં પોલીસ આવીને બધા હુલ્લડખોરોને પકડી ગઇ. જૈનો બચી ગયા.

❁ ❑ ❁ ❑ ❁ ❑

અમે ઇડરમાં ૧૯૮૫માં ચાર્તુમાસમાં સાંભળેલો કિસ્સો છે. વડાલીનાં નિવાસી પોપટલાલ કાલીદાસ છે. જેમને ચાર વર્ષ પૂર્વે કૅન્સરનો રોગ થયો હતો. ટાટા હૉસ્પિટલમાં બતાવતાં જાણવા મળ્યું કે તેઓ હવે વધુ જીવી

નહિ શકે. ત્યાં તેમની પત્નીએ સૂચવ્યું કે, હવે જવાનું જ છે. ખવાતું નથી. તો સિદ્ધચક્ર અને નવકારમંત્રનાં ધ્યાનમાં બેસો અને આજથી જ નક્કી કરીએ કે સારું થઇ જાય તો દર સાલ આસો-ચૈત્ર માસની આયંબિલ ઓળી ઇડરમાં પારણા સાથે કરાવવાની અને એક પૂજન ભણાવવાનું. એક મહિનામાં સારું થઇ ગયું. ડોકટરને બતાવ્યું. ડૉક્ટર પણ આશ્ચર્યમાં પડી ગયા. આજે પણ તેઓ આયંબિલ નથી કરી શકતા પણ ઉપરની આરાધનાઓ ચાલુ જ છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

વડોદરામાં હીરાલાલભાઇનો છોકરો, જેની ઉંમર બે વર્ષની જ છે, કોઇ બીમારીને કારણે તેની ગંભીર પરિસ્થિતિ થઇ ગઇ હતી. ડૉક્ટરોએ હાથ ખંખેરી દીધા. એટલે તે ભાઇ તે બાળકને ગાયત્રીમંત્રવાળા પાસે લઇ ગયા. તે સાધકની શક્તિથી ઘણાની બીમારી મટી જતી. પેલાએ બાળકને સામે બેસાડી પ્રયોગ ચાલુ કર્યો. પણ બાળકના અંગમાં કોઇ શક્તિ આવતી જ નહોતી. સાધકના કાનમાં અવાજ આવ્યો. બાળક જૈન છે. તેને એક લાખ નવકારમંત્ર અને પાલિતાણાની જાત્રા કરાવો. એક મહિનામાં સારું થઇ જશે. બાળક ખરેખર સારો થઇ ગયો. અને આજે પણ હયાત છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

ઔરંગાબાદમાં એક મુસલમાન ભાઇ પોતાના પીરની શક્તિથી લાકડી ઉભી રાખીને બીમારી, ભૂત આદિ કાઢતો હતો. એક વખત જૈન ભાઇને ત્યાં એક છોકરી ઘણી જ બીમાર થઇ. ઘણી દવાઓ, ઉપચારો કર્યા છતાં ન મટ્યું. છેવટે તેની માતાએ તે મુસલમાનને ત્યાં જવાનું નક્કી કર્યું. પોતાનો છોકરો ના પાડે છે, છતાં પણ તે ગઇ. છોકરાને સાથે જવું પડ્યું અને તેને નવકાર મંત્ર પર શ્રદ્ધા હોવાથી મુસલમાનના ઘરે ગયો. ત્યાં પણ નવકાર ગણવા ચાલુ રાખ્યા. છોકરીને સામે બેસાડી મુસલમાન પ્રયોગ કરવા માંડ્યો. રોજ તે પ્રયોગ અડધા કલાકમાં થાય પણ આજે દોઢ કલાક થયો છતાં લાકડી ઉભી જ ન રહે ત્યારે તે વિચારમાં પડ્યો. થોડી વારે તે પીર શક્તિએ મુસ્લિમના કાનમાં કહ્યું, પેલા છોકરાને બહાર કાઢો તો કાર્ય થાય. છોકરીની માતા કહે અમે બન્ને એકલા ના રહી શકીએ. ત્યારે પીર કહે તે છોકરો કોઇ મંત્ર ગણે છે. તેને કહો કાં તો ગણવાનું બંધ કરે અથવા એનો મંત્ર બોલીને લાકડી ઉભી રાખે. છોકરાએ નવકાર મંત્ર બોલી લાકડી ઉભી રખાવી અને તેથી બીમારી ગઇ. મુસલમાને કહ્યું, તેના મંત્ર પાસે મારી શક્તિ કામ ન લાગી. ત્યારથી છોકરી અને તેની માતાને નવકાર મંત્ર પર વિશ્વાસ બેઠો અને હંમેશા નવકારના વધુ જાપ કરવા લાગ્યા.

❁ ❑ ❁ ❑ ❁ ❑

કાશી બનારસ જ્યાં પંડિતોનું વિદ્યાભ્યાસનું ધામ છે. ત્યાં જૈનોના અભ્યાસ માટે **પૂ.આ. શ્રી ધર્મસૂરિજી કાશીવાળા મહારાજ**ની ઇચ્છા હતી કે ત્યાં એક સ્કૂલ બોર્ડીંગ ખૂલે. પછી તો નાની જગ્યામાં ચાલુ કરી, વિદ્યાર્થીઓ વધવા માંડ્યાં. હવે મોટી જગ્યાની જરૂર હતી. પણ ત્યાં કોઇ પણ સ્થાન મળતું ન હતું. એટલામાં એક ભાઇએ આચાર્યશ્રીને કહ્યું અંગ્રેજોની કોઠી ખાલી પડી છે. તેઓ આપશે. ત્યાં તપાસ કરાવી, અંગ્રેજોએ જગ્યા આપવા સંમતિ આપી. તેથી બધા છોકરાને લઇ આચાર્યશ્રી જતાં હતાં ત્યારે રસ્તામાં લોકો બોલતા હતા કે આ મકાનમાં ભૂતનો વાસ છે. તે કોઇને ત્યાં રહેવા દેતું નથી. આ લોકો એક દિવસમાં પાછા આવશે. જ્યારે બાળકોએ સાંભળ્યું તો દરેક ગભરાયા અને બધા આચાર્યશ્રીને ત્યાં જવાની ના પાડવા લાગ્યા.

આચાર્ય મહારાજે કહ્યું કે તમે આરામથી રહેજો હું ચોવીસે કલાક જાગતો રહીશ પણ દરેક છોકરાએ ૧૦૮ નવકાર મંત્ર ગણવા અને રોજ એક આયંબિલ કરવાનું. આ રીતે પ્રવેશના દિવસથી ચાલુ કર્યું. મહિનો થયો પણ કાંઇ જ તકલીફ પડી નહિ. અંગ્રેજો ભાડું લેવા આવ્યા તો આચાર્યશ્રી કહે અમે ભાડું નહિ આપીએ. જોઇએ તો મકાન ખાલી કરી આપીએ. તો અંગ્રેજોએ પૂછયું ભૂત જતું રહ્યું ? તો આચાર્યશ્રી કહે ભૂત તો મને રોજ દેખાય છે. પણ અમારા દરેકના નવકાર મંત્રના જાપ અને આયંબિલના તપથી કોઇને કાંઇ કરી શકતું નથી. અંગ્રેજો ચૂપ થઇ ગયા અને આખા ગામમાં પ્રભાવ સાથે આશ્ચર્ય થયું અને આજે પણ ત્યાં વિદ્યાલય ચાલુ છે. નવકાર અને આયંબિલનો કેટલો પ્રભાવ છે ! પણ આપણને શ્રદ્ધા હોવી જરૂરી છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

દરબાર બાલુભા મફાજી વાધેલા વાંકાનેર પાસે જડેશ્વર મહાદેવના દર્શનાર્થે આવેલ. ત્યાં ગણિવર્ય શ્રી મહાયશસાગરજી મહારાજ વિહાર કરતા પધારેલા. તેઓને સંત મહાત્મા સમજી મહારાજજી પાસે આવીને બેઠા. તેઓ રોજની સો બીડી પીતા હોવાથી પૂ. મહારાજશ્રીએ બીડીથી શારિરીક તથા આર્થિક નૂકશાન બતાવ્યું. સરળ સ્વભાવી હોવાથી દિલમાં વાત જચી જતાં તે જ સમયે બીડીનો સદંતર ત્યાગ કરી બાધા લઇ લીધી.

આ પરિચય પછી દર વર્ષે પૂજ્ય ગણિવર્યશ્રી જ્યાં ચોમાસુ હોઇ ત્યાં વંદન કરવા આવવા લાગ્યા અને વ્યાખ્યાન સાંભળતા ધર્મ પામતાં ગયા. છેલ્લા ત્રણ વર્ષથી તો ચોસઠ પહોરી પૌષધ કરે છે. અને ચાર વર્ષથી કંદમૂળ ત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ, દર એકાદશીના મૌનપણે ઉપવાસ અને રોજ સવારનો એક કલાક નવકાર મંત્રનો જાપ ચાલુ કરેલ છે. તેમને જૈન ધર્મ અને નવકાર મંત્ર ઉપર અતૂટ શ્રદ્ધા બેઠી છે.

ગયા વર્ષે મૌન એકાદશીનો ઉપવાસ કરી નવકાર મંત્રનો મૌનપણે જાપ કરતા હતા. મૌનનો એક કલાક પૂરો થયો ન હતો. તેમના ભત્રીજાને વાલ્વનું ઓપરેશન કરાવેલ તેને અચાનક એકાએક લોહીની વોમીટ ચાલુ થતાં ઘેરથી તેડવા તેનો ભાઇ આવ્યો, તેમણે નવકાર મંત્ર ગણવામાં એક કલાક પૂરો થવાની વાર હતી એટલે તરત પાણીનો ગ્લાસ મંગાવી તેના ઉપર રૂમાલ ઢાંકી બાર નવકાર ગણી આવનાર ભાઇને કહ્યું કે આ પાણી પાઇ દેજો.

જેવું પાણી પીવડાવ્યું કે, તરત જ લોહીની વોમીટ તદ્દન બંધ થઇ ગઇ. ગામમાં સૌને અજાયબી લાગી. તે ભાઇ આજ સુધી સારી હાલતમાં છે. આ પ્રસંગથી દરબારને નવકાર મંત્રમાં ખૂબ શ્રદ્ધા મજબૂત થઇ છે.

ફરી એકવાર તેઓ સામાયિક લઇ ધાર્મિક અભ્યાસ કરતા હતા. ત્યાં ગામમાં એક જુવાન ભાઇને વીંછી કરડતા બેભાન થઇ ગયો. ગામના લોકોને દરબાર ઉપર પૂરી શ્રદ્ધા હોવાથી તેમની પાસે લાવ્યા. દરબારે મનમાં ખરી શ્રદ્ધાપૂર્વક નવકાર ગણી સંકલ્પ કર્યો કે હું આ ક્રિયા સાચી શ્રદ્ધાથી કરતો હોઉં તો આ યુવાનને સારું થઇ જાઓ ! એમ કહી ખેસનો છેડો ડંખ ઉપર અડાડ્યો કે તરત વીંછી ઉતરી ગયો અને તે ભાઇ બેભાન હતા તે ભાનમાં આવી ઊભા થઇ ગયા. ત્યારથી ગામના સૌને ખૂબ શ્રદ્ધા બેઠી છે.

દરબાર રૂબરૂ આવેલા ત્યારે કહેતા હતા કે આ નવકાર મંત્રના સ્મરણથી મારા ઘણા કઠીન કાર્યો પણ સહેલાઇથી થતા હોય છે. તેઓ પોતે દર વર્ષે પર્યુષણ પર્વમાં ચોસઠ પહોરી પૌષધમાં ચાર ઉપવાસ અને ચાર એકાસણા કરે છે. આ રીતે આ કાળમાં પણ શ્રદ્ધા રાખનાર ઘણાને નવકાર મંત્ર ફળી રહ્યો છે.

**–પૂ.આ. શ્રી વારિષેણસૂરીશ્વરજી મ.સા.**

## નવકાર તારો મહિમા અપરંપાર....

જૈન ધર્મના પ્રકાંડ વિદ્વાન પંડિતવર્ય શ્રી ધીરજલાલ ટોકરશી શાહના જીવનમાં બનેલી મહામંત્ર નવકારના પ્રભાવની આ એક અદ્‌ભૂત ઘટના છે. થોડા વર્ષ પહેલા શ્રી ધીરજભાઇએ પોતાના એક પુસ્તક પ્રકાશનનો સમારોહ મુંબઇના પાટકર હોલમાં રાખ્યો હતો. દિવસ હતો ૧ લી જુલાઇનો. પાટકર હોલ આ માટે બે મહિના પહેલા બૂક કરાવી લીધો હતો. એ પછી તેમના મિત્ર વર્તુળને ખ્યાલ આવ્યો કે જુલાઇના પ્રારંભે તો મુંબઇમાં સતત વરસાદ હોય છે. તેથી તેઓ બધા ધીરજભાઇને આ દિવસનો કાર્યક્રમ કેન્સલ કરી બીજી કોઇ તારીખે તે રાખવા આગ્રહ કરી રહ્યા હતા. પરંતુ આ કાર્યક્રમમાં મહારાષ્ટ્રના રાજ્યપાલ અને મુખ્યમંત્રી પણ આવવાના હોય તેમને તારીખ અને સમય પણ અપાઇ ગયો હોય આ કાર્યક્રમ કેન્સલ કરવો શકય ન હતો. ધીરજભાઇ પણ મુંઝવણમાં હતા કે વરસાદ આવશે તો આપણો આ કાર્યક્રમ ફ્લોપ થવાનો ! ધીરજભાઇ અને તેમના મિત્રનો એ ભય સાચો ઠર્યો. તા. ૩૦ મી જુનના સવારથી મુંબઇમાં મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. ચારે બાજુ જળ બંબાકાર જેવી પરિસ્થિતિ સર્જાઇ. મુંબઇમાં ટ્રેન અને બસનો વ્યવહાર પણ થંભી ગયો. વરસાદ બંધ થવાના કોઇ અણસાર જણાયા નહિ. ધીરજભાઇ ચિંતામગ્ન બની ગયા. તેઓએ હવે મહામંત્ર નવકારનો આશરો લીધો. નવકાર મહામંત્રના તેઓ પરમ ઉપાસક હતા. તેમણે કહ્યું કે ‘હે મહામંત્ર ! હવે સઘળી બાજી તારા હાથમાં છે !’ તેઓ

નવકાર જાપમાં એક ચિત્તે મગ્ન બન્યા. આખી રાત નવકાર જાપમાં વિતાવી. સવારે પાંચ વાગે વરસાદ ઓછો થયો અને છ વાગે તો સાવ બંધ પડી ગયો. આકાશમાં ઉઘાડ નીકળ્યો અને વરસાદી માહોલ અદૃશ્ય થયો. લોકોની અવરજવર શરૂ થઇ. ટ્રેન અને બસનો વ્યવહાર પણ પૂર્વવત થયો. અને ધીરજભાઇના પુસ્તક પ્રકાશનનો કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયો. આમ ધીરજભાઇની નવકાર મંત્ર પ્રત્યેની અપ્રતિમ શ્રદ્ધાનો વિજય થયો. નવકાર મંત્રે ધીરજભાઇ પર ધસી આવેલા આફતના ઓળાને દૂર કર્યા.

ઉપરોક્ત સત્ય ઘટના બતાવે છે કે શુદ્ધ ભાવે નવકાર મંત્રનું સ્મરણ કરનારના સંકટો દૂર થાય છે, ન ધારેલી શુભ ઘટનાઓ બનવા માંડે છે, અને અનેક પ્રકારની અનુકૂળતા આવીને ખડી થાય છે. આ લખવાનું તાત્પર્ય એટલું જ છે કે નવકાર મંત્ર અચિંત્ય પ્રભાવશાળી છે તેથી તેના સ્મરણમાં જરા પણ પ્રમાદ કરવો જોઇએ નહિ.

**—રમેશ લાલજી સોની (કચ્છવડાલા–ચિંચપોકલી)**

## વનસ્પતિ પર નવકારનો પ્રયોગ !!!

ફોરેનમાં હમણાં હમણાં એવાં સંશોધન થયાં છે કે શબ્દ દ્વારા રોગ મીટાવી શકાશે, કપડાં ધોઇ શકાશે, પત્થરો તોડી શકાશે, તાળાં ઉઘાડી શકાશે, પ્રસૂતિ કરાવી શકાશે, હીરાને કાપી શકાશે. શબ્દ દ્વારા માણસનું ખૂન પણ કરી શકશે...!

મંત્રાધિરાજ શ્રી નવકારમાં ગોઠવાયેલા અક્ષરોના ઉચ્ચારણ દ્વારા એક જબ્બર આંદોલન પેદા થાય છે. વિશિષ્ટ સંયોગવાળા આ શબ્દો ન ધારેલી અસર પેદા કરી શકે છે. જેવી રીતે એસ્પ્રો, એનાસીન કે સ્ટોપેક જેવી ગોળીઓ લેતાંની સાથે તુરંત અસર બતાડે છે, તે રીતે નવકારમંત્ર પણ તેની તુરંત અસર બતાવી શકે છે, જો તેને પૂર્ણ વિધિપૂર્વક ગણવામાં આવે તો !

નાગપુર પાસે ખાકરી ગામમાં એક ખેતરના બે ક્યારાઓમાં પ્રયોગ કરવામાં આવ્યો. એક સાથે બે ક્યારાઓને ખેડ્યા. એક સમાન ખાતર બેયમાં નાખવામાં આવ્યું, એકસરખું બીજારોપણ બેયમાં કરાયું, એક જ કૂવાનું પાણી બેય ક્યારાઓને સીંચવામાં આવ્યું, ફરક માત્ર એટલો હતો કે પ્રથમ ક્યારામાં સીંચાતા પાણીને નવકારમંત્રથી મંત્રીને પછી સીંચવામાં આવતું જ્યારે બીજા ક્યારાને એમને એમ જ સીધે સીધું પાણી આપવામાં આવતું. સમય થતાં 'અંકુર ફૂટ્યાં, છોડવા ઉગ્યા. ફૂલ બેઠાં અને ફળ બેસવા લાગ્યાં. પરિપક્વ સ્થિતિ સર્જાતાં લણણી કરવામાં આવી. ઉતરેલ ફળોનું વજન કરવામાં આવ્યું. નવકાર મંત્રથી પ્રભાવિત પાણીને પીનારા ક્યારાએ કુલ ૪૦ કીલો કાકડીની ફસલ આપી. જ્યારે બીજા ક્યારાએ માત્ર ૧૬ કીલો કાકડીની ફસલ આપી.

આવા જ પ્રયોગો મુંબઇ અને થાણા બંદર પર આવેલા આશ્રમોમાં પણ થયા હતાં. અને નવકારમંત્રના દિવ્ય ચમત્કારોનો અનુભવ ત્યાં રહેલા માણસોએ કર્યો હતો ! જ્યારે મન-વચન-કાયાના ત્રણેય યોગો દ્વારા નવકાર મંત્ર ગણવામાં આવશે ત્યારે આપણા ઔદારિક-તૈજસ-કાર્મણ આ ત્રણેય શરીર ઉપર તેની અસર પહોંચી જશે. જો કાર્મણ શરીર પર નવકાર મંત્રનો વીજળી કરંટ લાગી જાય તો આપણો બેડો પાર છે.

**— પૂ.આ. શ્રી હેમરત્નસૂરીશ્વરજી મ.સા.**

## વિઘ્ન વિનાશક શ્રી નવકાર !

જામનગરના ચાતુર્માસ માટે અમે જામનગર તરફ પ્રયાણ કરતા હતા. વૈશાખ વદ ૩૦ના દિવસે કોટડાપીઠા ગામે મુકામ હતો. લૂ ઝરતી ગરમીના દિવસો. સાંજના સમયે સખત બફારો, ક્યાંય ચેન પડે નહિ. એટલે પખ્ખી પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયની પાછળની ઓસરીમાં બેઠા. ચૈત્યવંદન, અષ્ટોત્તરીની શરૂઆત થતાં જ ધીમો પવન શરૂ થયો ને આકાશ વાદળથી ઘેરાવા લાગ્યું, પખ્ખીસૂત્રની શરૂઆતમાં પવને વંટોળનું સ્વરૂપ લીધું. બારી બારણાં ધડાધડ અવાજ કરવાં લાગ્યાં. સહેજ ઉતાવળ કરી. પોણા આઠે પ્રતિક્રમણ પૂરું થવાની તૈયારી હતી. નવમું સ્મરણ ચાલતું હતું ને વરસાદ શરૂ થયો. પ્રતિક્રમણ પૂર્ણ કરી ઉપાશ્રયની અંદર આવ્યા તો પાટ એકે નહિ. સામાન કબાટ ઉપર મૂકી બારીઓ બંધ કરવા લાગ્યા. પવનનાં ઝપાટાંથી બારીઓ બંધ થાય નહિ. વીજળી લબકારા કરતી શરીર ઉપરથી ફરી

જાય. વરસાદ બારીમાંથી અંદર આવે. ઘનઘોર અંધારું કંઇ સૂઝે નહિ. વીજળીના ઝબકારે જરીક કંઇ દેખાય ન દેખાયને વંટોળ વર્ષા કહે મારું કામ. તેમાં ઉપાશ્રયના વિલાયતી નળિયાની એક બાજુની બબ્બે લાઇનોમાં નળિયા જ નહિ. તેમાંથી મેઘરાજાની સંપૂર્ણ મહેર થઇ ને ઉપાશ્રય પાણીથી ભરાવા લાગ્યો કોઇ ઉપાય ન રહ્યો. બહાર અવરજવર નહિ. બાજુમાં દરજીની દુકાન હતી. તે પણ નિષ્ક્રિયતાથી બેસી રહેલો. મારી શિષ્યા સાધ્વી શ્રી વિજયપૂર્ણાશ્રીજીને કહ્યું કે- 'બધી લપ મૂકીને ચાલો નવકારમાતાને યાદ કરવા બેસી જઇએ.' બે આસન નજીક-નજીક પાથરી પરમેષ્ઠિ મંત્ર ગણી નવકારના જાપમાં લીન થયા. પ્રાયઃ દોઢ કલાક જાપમાં લીન રહ્યા. જો કે વીજના ઝબકારે વાદળાના ગડગડાટે અને પવનના સુસવાટે થથરી જવાતું. છતાં આસન પરથી ખસ્યા નહિ. તો નવકારમાતાએ પોતાના બાળકોને સંભાળી લીધા. ચાર કબાટ અને અમારાં બે આસન મૂકીને ઉપાશ્રય જળબંબાકાર થઇ ગયેલો. ૧૦ વાગે સૃષ્ટિનું તાંડવ શમ્યું. ત્યાં ભક્તિ કરતાં લુહાણાભાઇ ફાનસ લઇને આવ્યા. દરવાજો ખોલાવ્યો, ને ચારે બાજુ જોયું તો આશ્ચર્યોદગાર નીકળી ગયા કે આટલા પાણીમાં આસનની જગ્યા કોરી કેમ ? કોઇ અજબ શક્તિએ અમારું પૂરેપૂરું રક્ષણ કર્યું. બીજે દિવસે આટકોટ પ્રતિ વિહાર કરતાં રસ્તાનાં વૃક્ષો પર બેઠેલા પક્ષીઓનો કચ્ચરઘાણ નીકળેલો જોયો. દેહમાંથી કંપારી પસાર થઇ ગઇ. જો નવકારને શરણે ન ગયા હોત તો આપણી પણ આવી સ્થિતિ થવામાં વાર નહોતી. ત્યારથી અનેરી શ્રદ્ધાભક્તિથી નવકાર ગણાય છે.

એ ચાતુર્માસ જામનગર કરી જૂનાગઢ તરફ આવતા ઉપલેટા ગામમાં પ્લોટનાં દેરાસરે ઉતર્યા. શ્રાવકોએ કહ્યું, 'રાત રહેવું હોય તો કોઇના બંગલે રહેજો.' પણ અમે કાંઇ ખાસ ધ્યાન આપ્યું નહિ. એક જ લાઇનમાં દેરાસરની રૂમ હતી. તે પછી દેરાસર ઉપાશ્રયના વાસણ સામાનની રૂમ વચ્ચે દરવાજો ને ઉપાશ્રય ક્રમશઃ હતા. રાત્રે સાડાનવ વાગે સંથારો કરી સૂતા ને ૧૧.૩૦ વાગે અવાજ આવવા શરૂ થયા. પહેલાં તો એમ થયું કે બિલાડી અંદર આવી ગઇ હશે ? ઉપાશ્રય લાંબો હતો એક બાજુ જઇએ. તો બીજી બાજુ અવાજ સંભળાય. પછી તો અવાજ વધવા લાગ્યા. અગાસીમાં ધડાધડ થાય. બાજુમાં વાસણ પછડાવાનાં અવાજ આવે, હાકોટા થાય. શું કરવું ? ગભરાટ ને મૂંઝવણ વચ્ચે બાજુમાં રહેતાં સ્થાનકવાસી ભાઇઓને બૂમો પાડી તો જાણે અમારો અવાજ બહાર જાય જ નહિ. અંતે છેવટના ઉપાય તરીકે સંથારામાં જ સાગારી અણસણ કરી નવકારના શરણે ગયા. બરાબર સાડા ત્રણ વાગે એકદમ શાંતિ થઇ ગઇ વિઘ્ન ટળ્યું માનીને આવશ્યક ક્રિયા કરી જાગતા જ રહ્યા. સવારે મોટી મારડ તરફ જતાં પૂજારી સાથે હતો તેમને કહ્યું કે, 'રાતે આવું બન્યું'. તો એણે કહ્યું, 'મહારાજશ્રી ! અહીં આવું થાય છે. જો જાણીતા હોય તો મહારાજસાહેબો કોઇના બંગલે સૂવા ચાલ્યા જાય. પણ અજાણ્યાને અમે કહીએ નહિ. જો કહીએ તો ઉપાશ્રયમાં કોઇ રહે નહિ. અમે રોજ કોના બંગલે મુકીએ ?' અમે કહ્યું, 'ભાઇ ! અજાણ્યાને તો તમારે ચેતવી દેવા જોઇએ. આવા છાતીના પાટિયા બેસી જાય એવા ઉપદ્રવમાં જો નવકાર શરણું ન થાય તો માણસ છળી મરે.' બીજી વાર આવી રીતે પ્રગટ પ્રભાવી મહામંત્રે અમને ઉગાર્યા.

એ પછી કચ્છ કોટડી-મહાદેવપુરીમાં ચાતુર્માસ કરી ત્યાંથી વિહાર કરતાં જાલોર ગયા. ત્યાં રાતામહાવીરજીથી જેસલમેર સંઘમાં જોડાયા. નાકોડાજી પછી ચોથા મુકામે મહા સુદમાં કુદરતે પોતાની કલા દેખાડવા માંડી, સાડા ત્રણસો સાધ્વીજી મહારાજો, એક હજાર યાત્રિકો, પૂ.આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાહેબની નિશ્રા-બાડમેરથી ૩૦ કિ.મી, દૂર બરાબર રેગિસ્તાન ને તેમાં ભયંકર વંટોળીઆ-વરસાદ-વીજળી, તંબુ રહે નહિ, ખુલ્લા આકાશમાં વરસતા વરસાદે આધાર વિના શેં રહેવાય ? સંઘ નિશ્રાદાતા પૂજ્યપાદ આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સાહેબનો આદેશ થયો નવકારની ધૂન મચાવો. નવકારની સામુદાયિક ધૂન મચાવતાં વરસાદ શાંત થયો. રાત પસાર કરીને સવારના વિહાર કરી સાધુ-સાધ્વીજી મહારાજો બાડમેર પહોંચ્યા. એવી

રીતે ચાર વખત સંઘમાં ઉપદ્રવ થયો ને નવકારમંત્રની નાવડી દ્વારા પાર પામ્યા. આ રીતે અનેક વખત નવકાર મહામંત્રના અજવાળાં જીવનમાં પથરાયાં છે. અનન્ય શ્રદ્ધા સદ્‌ભાવ સહ જાપ વગેરે થાય છે.

**— પૂ. સાધ્વી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી મ.સા. (પાલિતાણા)**

## ભયંકર અકસ્માતમાં મારો અદ્‌ભૂત બચાવ નવકારનાં પ્રભાવથી થયો ...!

નવકાર મંત્ર પર મને પૂર્ણ શ્રદ્ધા છે. અત્યાર સુધીમાં મેં ત્રણ નવલખા જાપ પૂર્ણ કર્યા છે અને ચોથા નવલખા જાપનો પ્રારંભ કર્યો છે. રોજની વીશ બાધા પારાની માળા ગણવાનો મારો નિયમ છે. નવકારની આ શ્રદ્ધાએ જ મને મૃત્યુના મુખમાંથી બચાવી છે. મારા જીવનમાં બનેલી આ ઘટના હું કદાપિ ભૂલી શકું તેમ નથી.

અમે મુલુન્ડમાં વી.પી. રોડ પરના ચેતન બિલ્ડીંગમાં રહીએ છીએ. એ દિવસ મારા માટે આપત્તિ બનીને આવ્યો. અમારે મુંબઇમાં એક કાર્યક્રમમાં જવાનું હતું. ઘર પાસેથી અમે રેલ્વે સ્ટેશન જવા રીક્ષા કરી. રીક્ષામાં મારી સાથે મારા ભાભી, બેન અને બે વર્ષનો નાનકડો ભત્રીજો હતો. ભત્રીજો મારા ખોળામાં હતો. અમારી રીક્ષા શિશુકુંજ પાસે પહોંચી ત્યારે સામેથી પુરપાટ ગતિએ આવતી એક સ્કૂલ બસ સાથે તે સીધી ટકરાઇ. આ ગમખ્વાર અકસ્માતથી રીક્ષામાં બેઠેલી હું બહાર ફેંકાઇ ને સીધી સ્કૂલ બસ નીચે આવી ગઇ. મારા સાથે મારો ભત્રીજો હતો તેને બચાવવા મેં તેને છાતી સરસો વળગાડી દીધો. બસના વ્હીલ પાસે મારું માથું આવી ગયું. અને તે જ ક્ષણે બસના ડ્રાઇવરે બ્રેક મારતા બસ ઉભી રહી ગઇ અને હું બસના વ્હીલ નીચે ચગદાઇ જતાં બચી ગઇ. મારા ભાભી અને મારા બેનને થોડી ઇજા થઇ. નાનો ભત્રીજો તદ્દન સુરક્ષિત રહ્યો. પરંતુ મારી પાંસળીના ત્રણ હાડકા ભાંગી ગયા. મને શીઘ્ર મુલુન્ડના ડો. મુખી સાહેબની હોસ્પિટલમાં લઇ જવામાં આવી. ડોક્ટરે ઓપરેશન કરવાનું કહ્યું પરંતુ ઓપરેશનની મેં ના પાડી. મારી સારવાર શીઘ્ર શરૂ કરવામાં આવી. ભયંકર આપત્તિના સમયે પણ મારા નવકારના અજપા જાપ ચાલુ જ હતા. નવકારને તો હું કેમ ભૂલી શકું ? આ અકસ્માત પછી મારે સતત દસ દસ મહિના સુધી પ્લાસ્ટરમાં રહેવું પડ્યું. પરંતુ નવકારના પ્રતાપ અને પ્રભાવથી હું તદન પૂર્વવત થઇ ગઇ. આમ મારા જીવનમાં બનેલી આ ઘટના યાદ કરતાં આજે પણ ધ્રુજી જવાય છે. જો બસ ડ્રાઇવરે સમયસર બ્રેક ન મારી હોત તો હું અવશ્ય બસ નીચે ચગદાઇ ગઇ હોત અને મારો ભત્રીજો પણ બચી ન શક્યો હોત. મારી નવકાર પ્રત્યેની શ્રદ્ધાએ જ મને આ ભયંકર સંકટમાંથી બચાવી. મૃત્યુને મેં સાક્ષાત નજર સામે જોયું છતાં મારો અદ્‌ભૂત બચાવ થયો. આ ઘટનાથી મારી અને મારા સમગ્ર પરિવારની નવકાર પ્રત્યેની શ્રદ્ધામાં પ્રચંડ વધારો થયો. સુજ્ઞ વાચકો, તમે પણ નવકારને કદાપિ ભૂલશો નહિ. નવકારનું શરણ તમને ભયંકર આપત્તિમાંથી અને દુસાધ્ય રોગમાંથી અવશ્ય બચાવી શકશે. તમે સૌ નવકારમાં સદૈવ રમારમણ રહી પ્રાંતે તમારું શ્રેય સાધો એવી શુભકામના સાથે.

**–મુક્તા સુરેશ છેડા (કચ્છ બિદડા–મુલુન્ડ)**

## પિયુષને નવકાર મંત્રે જ બચાવ્યો...!

નવકાર મંત્રનું સ્મરણ કરવાવાળી વ્યક્તિ આ સંસારમાં કદી દુ:ખી થતી નથી. તેના જીવનમાં આવેલ વિઘ્નો, સંકટો, આફતોનું નિવારણ પણ થઇ જાય છે. આ વિશ્વમાં નવકાર મંત્રના પ્રભાવના હજારો કિસ્સાઓ બની રહ્યા છે. મારા પુત્ર પિયુષનો નવકાર પ્રભાવે બે બે વખત કેવો અદ્‌ભૂત બચાવ થયો તે ઘટના અત્રે પ્રસ્તુત કરું છું.

મારો પુત્ર પિયુષ મુલુન્ડની M.C.C. કોલેજમાં ભણતો હતો ત્યારની આ વાત છે. પિયુષને હંમેશા ઘરેથી બહાર નીકળતી વખતે ત્રણ નવકાર ગણવાનો નિયમ. આ નિયમ તેણે આજે પણ જાળવ્યો છે. તે દિવસે પિયુષ નવકાર મંત્રનું સ્મરણ કરીને કોલેજ જવા સ્કૂટર પર નીકળ્યો. તેનું સ્કુટર મુલુન્ડ ચેકનાકા પાસેના આરમોલ પાસે પહોંચ્યું કે પાછળથી આવતી એક સિમેન્ટ ભરેલી ટ્રકે તેના સ્કૂટરને જોરદાર ટક્કર મારી. પિયુષને આ ટક્કર વાગતા જ તે સડકની એક બાજુ ફેંકાઇ ગયો. તેનું સ્કૂટર ટ્રકની નીચે

દબાઇ ગયું. નવકારના પ્રભાવે પિયુષને મામુલી ઇજા થઇ અને તે ઝડપથી સ્વસ્થ થઇ ગયો. આમ પિયુષનો અદ્ભૂત બચાવ થયો.

બીજી એક ઘટનામાં પિયુષ મુલુન્ડથી અંધેરી અમારા ઓફિસના કામે સ્કૂટર પર જતો હતો. અંધેરી જવા માટે તેણે પવઇનો રસ્તો લીધો હતો. તે સમયે પવઇના રસ્તાનું મહાપાલિકા દ્વારા સમારકામ ચાલતું હોવાથી રસ્તાઓમાં ઠેર ઠેર ખોદકામ થયેલું હતું. પિયુષ સાવધાનીથી સ્કૂટર ચલાવતો હતો. તેમ છતાં સ્કૂટર પાસે એક ખાડો આવતા તે સ્કૂટર ઉપરથી ઉથલીને રસ્તા વચ્ચે પડ્યો. એ સમયે બીએસટીની બસ આવતી હતી. તે બસની નીચે પિયુષ ફસાઇ ગયો. બીએસટીના ડ્રાઇવરને ખ્યાલ આવતા તેણે શીઘ્ર બ્રેક મારી અને બસને થોભાવી. જો બસને થોભવવામાં એક સેકન્ડ પણ વિલંબ થયો હોત તો પિયુષ બસની નીચે ચગદાઇ જાત. આમ બીજીવાર પણ પિયુષનો અદ્ભૂત બચાવ થવા પામ્યો.

આ બંને ઘટનામાં પિયુષને બચાવનાર કોઇ હોય તો તે આપણે મહામૂલો નવકાર મંત્ર જ છે. નવકાર જ રક્ષણહાર છે, તારણહાર છે તે વાત અમારા પિયુષના આ કિસ્સાઓમાં યથાર્થ ઠરી છે, માટે હે ભાગ્યશાળીઓ ! નવકારનો કેવો પ્રચંડ પ્રભાવ છે તે આપ સૌ આવા કિસ્સાઓથી જાણી શકો છો. તેથી આપ સૌ વધુને વધુ નવકારાભિમુખ બનીને આપનું કલ્યાણ સાધો એવી અભ્યર્થના અમે રાખીએ છીએ.

**–સુધા ચીમનલાલ માલદે (ચેલા–મુલુન્ડ)**

## મુંબઇના વરસાદી તાંડવમાં અમારી સુરક્ષા નવકાર મંત્રે કરી...!

નવકાર મંત્ર કેવો શક્તિશાળી છે અને તેના પ્રભાવથી કેવી મોટી આપત્તિનું નિવારણ થયું છે તેની એક સત્ય ઘટના અહીં સુજ્ઞ વાચકો માટે પ્રસ્તુત છે. મુંબઇના લોકો તા. ૨૬ મી જુલાઇ ૨૦૦૫ના દિવસને કદાપિ ભૂલી શકે તેમ નથી. તે દિવસે મુંબઇમાં પડેલા વિનાશક વરસાદે અહીં ભારે તબાહી સર્જી હતી. અસંખ્ય લોકોના આ વરસાદી આપત્તિથી મૃત્યુ થયા હતા. હજારો લોકો બે-ઘર બન્યા હતા. અને દિવસો સુધી મુંબઇના વેપાર ધંધા ઠપ્પ થઇ ગયા હતા. સાયનમાં અમારો વ્યવસાય, પણ અમારું ગોડાઉન કોટન ગ્રીનમાં હતું. અમારો દીકરો સંજય કોટનગ્રીનનું ગોડાઉન સંભાળતો હતો. સંજય નવકારપ્રેમી છે. નવકારનું સ્મરણ તે નિયમિત કરતો હોય છે. સાયનના શ્રી અભિનંદનસ્વામીના તે હંમેશા દર્શન-વંદન કરીને દાદાનું નવણ જળ લઇને પછી તે કોટનગ્રીન પહોંચતો. રોજનો તેનો આ નિયમ હતો. તે દિવસે મેઘરાજાએ રૌદ્રસ્વરૂપ ધારણ કર્યું હતું. સંજય માંડ માંડ કોટનગ્રીન પહોંચ્યો. તેણે જોયું કે ભારે વરસાદથી આ વિસ્તારમાં પાણી ભરાવા લાગ્યું છે. નવકારનું સ્મરણ કરતાં તેણે ગોડાઉન ખોલ્યું અને લાવેલ નમણ જળ ચારે દિશામાં છાંટ્યું. અને તેણે મનોમન પરમાત્માને પ્રાર્થના કરી કે આ વરસાદથી અમારા ગોડાઉનનો માલ સુરક્ષિત રાખજો. તે વખતે અમારા એ ગોડાઉનમાં ચાલીશ લાખનો માલ હતો. વરસાદ વધતો જતો હતો. આજુબાજુના વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યા હતા. પરંતુ ચમત્કાર એ થયો કે અમારા ગોડાઉન સુધી પાણી આવ્યા જ નહિ. અને અમારો બધો જ માલ બચી જવા પામ્યો. આમ મુંબઇના આવા ભયાનક વરસાદી તાંડવમાં પણ નવકાર પ્રભાવે અમારો અદ્ભૂત બચાવ થયો. નવકાર મહામંત્રની કેવી અચિંત્ય શક્તિ છે, પ્રભાવ છે, પ્રતાપ છે તે અમારી આ ઘટનાથી સાબિત થયું. આથી અમારા પરિવારના સર્વ સભ્યોની નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધામાં વિશેષ વધારો થયો.

**–પ્રેમજીભાઇ પાસુભાઇ શેઠિયા (કચ્છ લાખાપર–સાયન)**

## જીવન તારક, વિઘ્ન નિવારક નવકાર મહામંત્ર

પંચ પરમેષ્ઠીઓને કરાયેલ નમસ્કાર=અંતરથી પરમેષ્ઠીઓની આજ્ઞાપાલનની તત્પરતા સઘળાં કર્મોનાં બંધનોને તોડી નાંખે છે ! એટલે હે પુણ્યાત્માઓ ! ધર્મમહાસત્તાના અધિશ્વરરૂપ પાંચ પરમેષ્ઠિઓના શરણે આવો ! તેમની આજ્ઞાના પાલન માટે તત્પર થાઓ ! ધર્મ-મહાસત્તાની શરણાગતિ લીધા પછી કર્મસત્તાની તાકાત નથી કે તમને તે હેરાન કરી શકે.

મારા જીવનની અદ્ભૂત ઘટના આ વાતને પરિપુષ્ટ કરે છે. વિ.સં. ૨૦૨૦ની વાત. ભોયણી તીર્થે ચૈત્રી ઓળીની

ભવ્ય આરાધના પૂ.આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરિ મ.સા.ની નિશ્રામાં પૂ. તપસ્વી ગુરુદેવશ્રી ઉપાધ્યાય ભગવંતે કરાવેલ. તે વખતે અશોકસાગર મ.ના સંસારી માતા-પિતા આદિ કુટુંબીઓએ આવી પોતાના નાના બે દીકરાઓની દીક્ષા અપાવવાનું નક્કી કર્યું. પૂ. ગુરુદેવ શ્રી સમેતશિખરજી તીર્થ પર સરકારી કબજાને હઠાવવા કાયદેસર પગલાં ભરવા વકીલોની કોન્ફરન્સ આદિ તીર્થરક્ષાના કામમાં રોકાયેલ હોઇ મારે વર્ષીતપ ચાલતો હોવા છતાં પૂ. ગુરુદેવની આજ્ઞાને પામી ચાર ઠાણા સાથે ભોયણીથી છાણી તરફ દીક્ષા આપવા વિહાર કર્યો. ધોમધખતા ઉનાળામાં રેલવે લાઇન ઉપર અમદાવાદથી છાણી તરફના વિહારમાં બારેજડીથી ગોઠજ જતાં સવારે ૧૦।। વાગે બળબળતા તાપમાં પગ રેલવે લાઇનની ગરમ કાંકરીવાળા રસ્તા પર ચાલી રહેલ ગરમીથી જરા ગભરાઇ ગયેલ, તેવી સ્થિતિમાં ગોઠજ સ્ટેશનના પહેલા સિગ્નલ પછી સિગ્નલ કૅબિન પાસે અચાનક એક કાંટાળા જાળા પર પગ આવ્યો, ડાબા પગના વચલા ભાગે તે કાંટા પેસી ગયા. કૅબિન પાસે બેસી કાંટા કાઢ્યા, છતાં પગના વચલા ભાગે ૪-૫ કાંટા અંદર પેસી ગયા. માંડ ખોડંગાતા પગે મુકામે પહોંચ્યો. તાત્કાલિક ઉપાયો ગોળ-ગરમ ઘીના પોતાં આદિ કર્યા પણ મુહૂર્ત્ત નજીક હોઇ વિહાર ચાલુ રહ્યો, પરિણામે આરામ ન મળવાથી પગ સૂજી ગયો, છતાં દુખાતા પગે છાણી પહોંચ્યો, ધામધૂમથી બંને નાના છોકરાઓ જયકાંત-હર્ષકાંતને દીક્ષા આપી જિનચંદ્રસાગરજી અને હેમચંદ્રસાગરજી નામ સ્થાપ્યાં.

પાછા તે બધાને સાથે લઇને દુ:ખાતા પગે અમદાવાદ આવ્યો. પગ પાકી ગયો, વેદના ઘણી. ઉપાશ્રયે (નવરંગપુરા) એક્સ-રે મશીન લાવી પગના ફોટા પાડ્યા, કંઇ ન દેખાયું, પછી ચોમાસું શિરોહી થયેલ, તેથી ઊંઝા આવ્યો. પૂ. ગુરુદેવશ્રી આવ્યા. જાતજાતના દેશી ઉપચારો ચાલુ, પણ પગે દુખાવો ઘણો, કાંટા દેખાય નહીં. શિરોહી ચોમાસા પર પહોંચવા ડોળીથી પૂ. ગુરુદેવશ્રીની સાથે બધા ઠાણાએ પ્રાય ૭-૮ જણાએ વિહાર કર્યો.

પાલનપુર આવ્યા-રાત્રે નવકારના સ્મરણ વખતે ધર્મ-મહાસત્તારૂપ પંચ પરમેષ્ઠીઓના શરણે જવાની પ્રેરણા મળી, ડોળીની વિરાધના ખૂબ ખટકી, સવારે પૂ. ગુરુદેવશ્રીને વાત કરી કે ૨૭૦૦૦ નવકાર મારે અહીં શ્રી પલ્લવીયા પાર્શ્વનાથની નિશ્રાએ ગણવા છે. તેથી આ બધું પગનું દર્દ મટી જશે.

પૂ. ગુરુદેવશ્રીએ આ બાબત સામાન્ય અનિચ્છા પ્રગટ કરી, છતાં મારી સાથે બે સાધુ આપ્યા. મેં ડોળીવાળાને છૂટા કરી દીધા. બે દિવસ સતત નવકારના ધ્યાનમાં ગાળ્યા. ત્રીજા દિવસે સવારે ગરમ પાણીથી પગ ઝારતો હતો તે વખતે ડાબા પગમાં ઉપલા ભાગે તે ૬ કાંટા ને કપડા પર લીધા, સાથેના મુનિઓને બતાવ્યા. શ્રાવકોને બતાવ્યા. બધા ચકિત થયા પછી શ્રી નવકારના પ્રભાવને હૈયામાં ધારણ કરી વધુ ૧૧૦૦ નવકાર ફરી ગણ્યા. પગનો સોજો દર્દ બધું ગાયબ, ચાલુ સ્થિતિમાં પગ થયો. ડાંડાના ટેકા વગર તપાગચ્છ ઉપાશ્રયથી ચાલતો શ્રી પલ્લવીયા પાર્શ્વનાથના દહેરે દર્શન કરવા સાથે સાંજે છ માઇલ વિહાર કરી ચિત્રાસણી ગયો અને ઝડપી બે વખત વિહાર કરી પૂ. ગુરુદેવની નિશ્રામાં સ્વરૂપગંજ ધર્મશાળામાં પહોંચી ગયો.

આમ ડોળી સિવાય ચલાતું ન હતું અને ઝડપી આ વિહાર થઇ શક્યો. આ બધો પ્રતાપ શ્રી નવકાર મહામંત્રનો ! પણ ધર્મમહાસત્તાના પ્રતીકરૂપ શ્રી નવકારના શરણે ગયો તો વિષમ કર્મસત્તા પણ ખસી ગઇ અને બધી અનુકૂળતા થઇ ગઇ !

**–પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મ.સા.**

## પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'ના નિવાસ સ્થાને લાગેલી આગમાં સર્વનો અદ્‌ભૂત બચાવ !

નવકાર જ જેમના જીવનમાં સતત વણાઇ ગયો છે, નવકાર જ જેમના જીવનની આધારશીલા બની ગયો છે અને નવકારની સાધના જ જેમના જીવનનું મુખ્ય લક્ષ્ય બની ગઇ છે એવા નવકારના પરમ સાધક અને ઉપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ને ત્યાં બનેલી નવકાર પ્રભાવની આ અદ્‌ભૂત ઘટના સુજ્ઞ વાચકો માટે અત્રે પ્રસ્તુત છે.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**નું નિવાસ સ્થાન ચેમ્બુરમાં ચેમ્બુરનાકા સ્થિત છાયા સોસાયટીના શ્રીપાલ ફ્લેટ મધ્યે પહેલા મજલા પર છે. તે દિવસ મંગળવાર, તા. ૨૭-૬-

૨૦૦૬નો અષાઢી બીજનો દિવસ. પૂ. શ્રી જયંતભાઇ 'રાહી' અને તેમનો પરિવાર બપોરનું ભોજન પૂર્ણ કરી આરામ ફરમાવી રહ્યો હતો. બપોરના ત્રણ વાગ્યા આસપાસનો સમય હતો. એ સમયે તેમની આ ઇમારતમાં શોર્ટ સરકીટ થવાથી ભયંકર ધૂમાડો ચોતરફ પ્રસરી રહ્યો. નીચે ભોંયતળીયે ઇલેક્ટ્રીક મિટરોમાં આગ પ્રસરવાથી ધડાકા પર ધડાકા થવા લાગ્યા **પૂ. શ્રી જયંતભાઇ**એ પરિસ્થિતિની ગંભીરતા પીછાણી અને શીઘ્ર નવકારનું સ્મરણ કર્યું. તેમણે નિરીક્ષણ કર્યું કે ઇમારતના દાદરથી નીચે ઉતરી શકાય તેવી સ્થિતિ નથી. કારણ કે દાદર પર પ્રસરેલી આગ અને ધૂમાડામાં ત્યાં જોખમ લેવા જેવું નથી. પૂ. જયંતભાઇએ નક્કી કર્યું કે હવે ફ્લેટની બાલકનીમાંથી જ પરિવારના સર્વ સભ્યોને નીચે ઉતારવા. તેમણે તુરંત જ નિર્ણય લીધો કે સૌ કોઇ બાલકનીમાંથી જ નીચે ઉતરે. તેમની વહારે નવકાર મંત્રના ઉપાસક અને **પૂ. જયંતભાઇ 'રાહી'** ના સાથી **શ્રી હરીશભાઇ છાડવા**ની દુકાનના માણસો આવ્યા. તે લોકો ટેબલો, સીડી વગેરે લઇ આવ્યા. અને બાલકનીમાંથી એક પછી એક બધા સભ્યોને નીચે સહીસલામત ઉતાર્યા. એ જ રીતે પૂરી ઇમારતના લોકોને સહીસલામત નીચે લાવવામાં આવ્યા. ફાયર બ્રિગેડને જાણ કરવાથી બંબાઓ આવી પહોંચ્યા. અને શીઘ્ર કાર્યવાહી કરીને તેમણે આગને થોડા સમયમાં જ બૂઝાવી દીધી.

આ આગની આફત તો આવી પણ નવકાર મંત્રના પ્રભાવથી અહીંના સર્વ રહેવાસીઓને કંઇ પણ ઇજા થઇ નહિ. કોઇના ઘરને પણ ખાસ કંઇ નૂકસાન થયું નહિ. ધર્મનિષ્ઠ અને નવકારના ઉપાસક **શ્રી હરીશભાઇ છાડવા** આજ ઇમારતમાં ત્રીજે માળે રહે છે. તેઓ પણ તેમના પરિવાર સાથે સહીસલામત નીચે ઉતરી આવ્યા. શ્રી હરીશભાઇનો આ જ ઇમારતમાં ભોંય તળીયે ચંદન સ્ટોર્સ નામનો મોટો કન્ઝયુમર્સ સ્ટોર્સ છે. તેમની આ દુકાન માલસામાનથી ભરચક્ક રહે છે. પરંતુ નવકારના પ્રભાવે તેમની દુકાનને જરાપણ ઉની આંચ ન આવી. આ ભયંકર આગમાં તેમના પરિવારનો અદ્‌ભૂત બચાવ અને દુકાન તદન સુરક્ષિત રહી તેની પાછળ તેમની નવકાર આરાધનાનું જ સબળ કારણ છે તેમ જરૂર કરી શકાય.

જે ઇમારતમાં નવકાર મંત્રના પરમ સાધક **પૂ. જયંતભાઇ** અને **હરીશભાઇ** જેવી નવકાર નિષ્ઠ વ્યક્તિ રહેતી હોય અને જ્યાં નવકારની સતત પવિત્ર ઉપાસના થતી હોય ત્યાં આવતી આફતો અને વિઘ્નોનું નિવારણ પણ શીઘ્ર થઇ જતું હોય છે. નવકારમંત્ર ગમે તેવા ભયસ્થાનોમાં પણ અપૂર્વ સુરક્ષા પ્રદાન કરે છે તે આ ઘટના પૂરવાર કરે છે. નવકાર મંત્રનો આવો પ્રચંડ પ્રભાવ નવકારની સાધના કરનાર સહજ રીતે અનુભવી શકે છે. માટે જ નવકારનું શરણ લઇ આપણે સૌ વધુને વધુ નવકારમય બનીએ તેમાં આપણું શ્રેય અને કલ્યાણ છે તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી.

**–ચીમનલાલ કલાધર**

## મહાપ્રતાપી શ્રી નવકાર મહામંત્ર !

શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ વર્ણનાતીત છે. અટલ શ્રદ્ધાથી તેનું સ્મરણ કરવામાં આવે તો આ હળાહળ કલિયુગમાં પણ તે મનોવાંછિત પૂરવાર થાય છે. મારા જીવનમાં પણ આવા પ્રસંગો અનેકવાર બન્યા છે. અને પ્રત્યેક પ્રસંગે મારી શ્રદ્ધાને વધારવાનું જ કાર્ય કર્યું છે. બધા પ્રસંગો યાદ કરી લખી ન શકું. છતાં કેટલાક મહત્ત્વના પ્રસંગો આ રીતે અનુભવેલ છે.

ગૃહસ્થપણામાં બાલ્યવયમાં મહેસાણાની શ્રીમદ્ યશોવિજયજી જૈન પાઠશાળામાં અધ્યયન માટે રોકાયો હતો. તે દરમ્યાન માંદગી આવી. ડૉક્ટરોના ઉપચારો ચાલુ કર્યા, ખોરાક બંધ થયો. ડૉક્ટરોએ ક્ષય રોગ (ટી.બી.)નું નિદાન કર્યું. ફ્રુટ અને દૂધ ઉપર જીવન ટકાવી રાખવાનું હતું. સગાંવહાલાં ચિંતામાં પડયાં. ડૉક્ટરોએ તો તેમને ખાનગીમાં કહી દીધું કે, 'કેસ ખલાસ છે', સુધરવાની આશા નથી. કર્ણોપકર્ણ આ સમાચાર મારી પાસે આવ્યા.

ક્ષણભર આંચકો લાગ્યો, 'શું હું મરી જઇશ ? ના, મારે આ રીતે મરવું નથી.' તો કરવું શું ? ડૉક્ટરો તો નિરૂપાય હતા, પણ તે જ વખતે શ્રી નવકાર હૈયે ચડ્યો. શ્રી નવકારની શરણાગતિ સ્વીકારી. જીવન શ્રી નવકારને ચરણે

ધરી દીધું. દવા વગેરે છોડી દીધાં. રાત અને દિવસ શ્રી નવકારનો જાપ ચાલુ કર્યો. સાથે અનાથીમુનિની જેમ સંકલ્પ કર્યો કે જો આમાંથી બચી જાઉં તો જલદી ચારિત્ર લઉં !

અને ખરેખર શ્રી નવકારે ચમત્કાર સર્જ્યો. રોગ ક્યાંય ભાગી ગયો. ડૉક્ટરો આશ્ચર્ય પામ્યા. શ્રી નવકારે મને નવું જીવન આપ્યું. અને કરેલા સંકલ્પ મુજબ મેં ચારિત્ર લીધું, જેને આજે ૬૦ વર્ષ થવા આવ્યા છે !

* * * * * * * *

એક વાર વિહાર કરતાં અમારા સાધુ સ્થંડિલભૂમિએ ગયા. કોણ જાણે શું થયું ? કોઇ કબ્રસ્તાનમાં યા અન્ય તેવા સ્થળે પગ પડી ગયો અથવા બીજું ગમે તે થયું. પરંતુ રાતના બાર વાગ્યા અને તે સાધુ રુદન કરવા લાગ્યા.

તેમને ઘણું બોલાવવા-કારણ જાણવા પ્રયત્ન કર્યો પણ કંઇ જવાબ મળ્યો નહિ. છેલ્લે શ્રી આદિશ્વર પ્રભુનું નામ બોલાવવા પ્રયત્ન કર્યો. ત્યારે 'યા અલ્લા' એવું બોલવા લાગ્યા, અને પછી તો એક કલાક સુધી ઇંગ્લિશ ભાષામાં ભાષણ જ આપ્યા કર્યું.

મને લાગ્યું કે આ કોઇ દૈવી ઉપદ્રવ છે. તેથી તે સાધુને પકડીને મેં તેમની આગળ શ્રી નવકાર મહામંત્રનો જાપ શરૂ કર્યો. ધીમે ધીમે જેમ જાપનું બળ વધ્યું. તેમ તેમ તે દૈવી પ્રકોપ ઓછો થવા લાગ્યો. વધુ શ્રદ્ધા અને વધતી ધીરજથી જાપ ચાલુ રાખ્યો કે કલાકમાં તો તે વ્યંતરદેવ તે સાધુના શરીરને છોડી ભાગી ગયો.

સાધુ તો ઇંગ્લિશ ભણેલા જ નહિ. પરંતુ તેમની અંદર રહેલ વ્યંતરે જ આ બધા ચાળા કરેલ પણ શ્રી નવકાર મહામંત્રના અટલ વિશ્વાસપૂર્ણ જાપના પ્રતાપે તે વ્યંતર એવો અદ્રશ્ય થઇ ગયો કે ત્યાર પછી તે સાધુને ક્યારેય આવો ઉપદ્રવ થયો નથી.

* * * * * * * *

એક વાર વિહાર કરતાં એક ગામમાં સ્થિરતા કરવાનું થયું. લોકોને વિશ્વાસ કે જૈન સાધુઓ જાણકાર હોય છે. તેથી અવાર-નવાર જૈનેતરો પણ ઉપાશ્રયે આવી જતા.

તે દિવસોમાં એવું બન્યું કે ઘાસ લેવા જતાં કોઇ બેનને સર્પે દંશ દીધો. પ્રથમ તો સામાન્ય ઉપચારો કર્યા. પણ ઝેર ધીમે ધીમે શરીરમાં પસરવા લાગ્યું.

ગામ નાનું હતું. વિશિષ્ટ વાહન વ્યવહારની સગવડ વિનાનું હતું. જેથી કોઇ વિશિષ્ટ ડૉક્ટર આદિ પાસે લઇ જવાની અનુકૂળતા પણ ન હતી.

ગામ લોકો અમારી પાસે આવ્યા, 'મહારાજ ! ગમે તે કરો પણ બેનનું ઝેર ઉતારો.'

કોણ જાણે કોણે પ્રેરણા કરી. પણ મેં શ્રી નવકારનો એક ચિત્તે જાપ શરૂ કર્યો.

**મહામંત્રનો પ્રભાવ કોઇ અજબનો હોય છે. જે તેના શરણે જાય છે તેને તે કદી નિરાશ કરતો નથી. માત્ર જરૂર હોય છે થોડી ધીરજની.**

વિશ્વાસની સાથે ધૈર્યબલ મળે છે ત્યારે કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે.

અહીં પણ તેમજ થયું. શરીરમાં પ્રસરેલા વિષનો વેગ ઓછો થવા માંડ્યો. ધીમેધીમે વિષની તાકાત સંપૂર્ણ નષ્ટ થઇ. મારો જાપ જ્યારે મેં પૂર્ણ કર્યો ત્યારે તે બહેન જાણે કંઇ જ ન બન્યું હોય તેમ હાથ જોડી શ્રી નવકારને અભિનંદી રહ્યા.

* * * * * * * *

તે વખતે અમે માલવ પ્રદેશમાં વિચરી રહ્યા હતા. આ પ્રદેશના લોકો ધર્મ-સ્વરૂપથી અજાણ, તેથી ક્યારેક અણસમજમાં સાધુને ઉપદ્રવ કરી બેસે.

વિહાર કરતાં ધારાનગરીમાં આવવાનું થયું. પ્રાચીન તીર્થભૂમિ હોઇ શાંતિથી જિનમંદિરનાં દર્શન કર્યા.

યથાયોગ્ય સમયે સ્થંડિલભૂમિએ જવાનું થયું ત્યારે અજ્ઞાની લોકોએ પ્રથમ અપશબ્દોથી ઉપદ્રવની શરૂઆત કરી. લોકોનું ટોળું મોટું થવા લાગ્યું. મેં ભય પામી અભય આપનાર શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ ચાલુ કર્યું.

લોકોનો ઉપદ્રવ ચાલુ હતો, મારો જાપ ચાલુ હતો.

તેઓએ પત્થરો ફેંકવાનું શરૂ કર્યું. હું શાંતિથી મારા સ્થાન તરફ જવા લાગ્યો.

પત્થરો વધવા માંડ્યા. પત્થર વાગવાથી હાથમાંની તરપણીના ટુકડા થયા. પણ **શ્રી નવકાર મહામંત્રના જાપના પ્રતાપે એક પણ પત્થર મારા શરીરે સ્પર્શ્યો નહીં.**

આ રીતે માનવસર્જિત ઉપસર્ગ-આપત્તિઓ પણ શ્રી નવકારના પ્રભાવે કંઇ હેરાન કરી શકતી નથી.

આ બધા બનાવોથી મારા હૈયામાં શ્રી નવકાર પ્રત્યે અટલ વિશ્વાસ પેદા થયો છે. કેવલ શ્રી નવકારના જાપથી કેટલાયના ભૂત-પ્રેત-વ્યંતરાદિના ઉપદ્રવો દૂર થયાના બનાવો મારા જીવનમાં બન્યા છે. સામાન્ય આપત્તિઓ તો ક્યાંય ભાગી જાય છે. આવો મહાપ્રતાપી શ્રી નવકાર છે. શરત છે માત્ર એને સમર્પિત થવાની. આજ સુધી નવકારે કોઇને છેહ દીધો નથી અને જે એને પૂર્ણ સમર્પિત થાય છે એને કદી છેહ દેશે પણ નહિ.

**–પૂ.આ. શ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.**

## પઠાણના ભૂત પર નવકારનો પ્રભાવ !

સં. ૨૦૪૨ની આ વાત છે. ચાતુર્માસના થોડા દિવસ પૂર્વે અમે મુંબઇના એક પરામાં ગયા હતા. ત્યાં લગભગ ૪૫ વર્ષની ઉંમરના એક કચ્છી જૈન ભાઇ વીસેક વર્ષથી ઇર્ષ્યા પીડિત અમૂક વ્યક્તિઓએ કરાવેલ મેલી વિદ્યાના પ્રયોગના લીધે ખૂબ જ હેરાન થઇ રહ્યા હતા. એ ભાઇ અમારા પૂર્વ પરિચિત હતા. તેઓ સ્વભાવે ખૂબ જ નિખાલસ છે. તેમના કહેવા મુજબ ૨૦ વર્ષ પૂર્વે તેઓ પોતે પણ મેલી વિદ્યાના પ્રયોગ કે ભૂતપ્રેતના વળગાડ વગેરે વિષયમાં માનતા ન હતા. પણ આજે જ્યારે તેઓ પોતે જ વીસેક વર્ષથી મેલી વિદ્યાના પ્રયોગનો ભોગ બનીને પરેશાન થઇ રહ્યા છે. ત્યારે હવે તેઓ પણ આ બાબતને માનતા થયા છે.

તેમના શરીરમાં કોઇ અરબસ્તાની પઠાણનો આત્મા પ્રવેશીને તેમને ખૂબ જ કષ્ટ આપે છે. અનેક પ્રકારનાં તોફાન કરાવે છે. જ્યારે પણ તેઓ કોઇ પ્રસિદ્ધ તાંત્રિક પાસે એ વળગાડને દૂર કરાવવા જાય ત્યારે તરત જ તેમના શરીરમાં અચાનક કોઇ ભયંકર વેદના ઉત્પન્ન કરાવીને પ્રાયઃ કરીને તેમને જવા જ ન દે. ડૉક્ટરોએ તેઓ સંપૂર્ણ નિરોગી હોવાનું જાહેર કર્યું છે. કોઇ માંત્રિક તેમના ઘરે જઇને વળગાડ દૂર કરવા પ્રયત્ન કરે તો તેને જ અચાનક ઝાડા-ઉલટી વગેરે થઇ આવે અને બીજી વાર તેમના ઘરે આવવાની હિંમત પણ ન કરી શકે !

અનેક ખ્યાતનામ મંત્રવાદીઓ પણ તેમના આ વળગાડને દૂર કરવામાં નિષ્ફળ નિવડ્યા છે. જ્યારે પણ વળગાડને દૂર કરવા માટે કોઇ પ્રયોગ કરવામાં આવે કે તરત પેલો અરબસ્તાની પઠાણ અત્યંત ભયંકર ગર્જનાઓ સાથે અરબસ્તાની ભાષામાં તેમને મારી નાંખવાની ધમકીઓ આપવા માંડે અને આખરે એ મંત્રવાદીને નિષ્ફળતા જ સાંપડે છે.

આ ભાઇને પોતાની કુળદેવી ઉપર પણ આસ્થા છે. ઘરમાં કુળદેવીની છબી સમક્ષ ધૂપ-દીપ રોજ કરે છે એટલે ક્યારેક કુળદેવી પણ તેમના શરીરમાં પ્રવેશીને તેમની રક્ષા કરે છે. પરંતુ કુળદેવી સાત્ત્વિક પ્રકૃતિનાં છે. પેલો પઠાણ અત્યંત આસુરી પ્રકૃતિવાળો છે. એટલે તેને સંપૂર્ણ દૂર કરી શકતા નથી. તેમ આ ભાઇનો જાન લેવા પણ દેતા નથી.

એક વખત આ ભાઇ અમારી પાસે આવ્યા હતા અને પોતાની પરિસ્થિતિ દર્શાવી ત્યારે તેમને ઘરમાં રોજ એક આયંબિલ કરવાનું તથા **'નવકાર'** અને **'ઉવસગ્ગહરં'**નો જાપ કરવા ભલામણ કરી હતી. પણ તેમણે કહ્યું કે જ્યારે પણ હું આવા સાત્ત્વિક ઉપાય કરવા પ્રયત્નો કરું છું ત્યારે કાંતો થોડી વારમાં ઘેન ચડવા માંડે છે અને કલાકો સુધી કે ક્યારેક ૪-૫ દિવસ સુધી ઘેનમાં જ રહેવું પડે છે અને ક્યારેક તો છાતીમાં અચાનક એવું દબાણ થાય કે મારે એ જાપ પડતો જ મૂકવો પડે છે !

એક દિવસ યોગાનુયોગ તેમના ઘરે ગોચરી નિમિત્તે જવાનું થયું અને એ ભાઇના તથા તેમના ધર્મપત્નીના કહેવાથી માંગલિક સંભળાવવાની શરૂઆત કરી. નવકાર બોલીને જ્યાં વજપંજર સ્તોત્ર બોલવાની શરૂઆત કરી કે

અચાનક ભયંકર ગર્જના સાથે પેલા ભાઇ એકદમ ઉછળી પડ્યા અને ગુસ્સાના આવેશમાં બિહામણી આકૃતિ કરીને અરબસ્તાની ભાષામાં ધમકીઓ આપવા માંડ્યા. અવારનવાર આવું બનતું હોવાથી તેમનાં ધર્મપત્ની તથા બે બાળકો અરબસ્તાની ભાષાના થોડા શબ્દોનો ભાવાર્થ, હાવભાવ વગેરે ઉપરથી સમજી શકે છે. તેથી તેમણે મને કહ્યું કે આ તમને એમ કહેવા માગે છે કે તમે તમારા ધર્મના મંત્રો બોલવાનું બંધ કરો નહિતર તમને મારી નાખીશ...ઇત્યાદિ.

આ સાંભળીને મેં પેલા પઠાણ પ્રત્યે મૈત્રીભાવના ચિંતવીને મનમાં જ નવકાર મહામંત્રનું સ્મરણ ચાલુ રાખ્યું...અને થોડી જ વારમાં પેલો પઠાણ ચાલ્યો ગયો અને તેની જગ્યાએ જે વ્યક્તિઓએ આ મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો હતો એ બે વ્યક્તિઓ પેલા ભાઇના શરીરમાં પ્રવેશીને રડતાં રડતાં કરુણ સ્વરે કહેવા લાગી કે, ''મહારાજ, સાહેબ અમને બચાવો ! અમે ખૂબ જ દુઃખી છીએ ! અમારો ઉદ્ધાર કરો !''...ઇત્યાદિ

મેં તેમને કહ્યું, ''તમે શા માટે બીજા જીવોને દુઃખી કરવા માટે આવા પ્રયોગ અજમાવો છો ? આવા પ્રયોગ કરવાનું છોડી દો અને બીજાને સુખ આપો તો તમે પણ સુખી થશો.''

તેમણે કહ્યું, ''અમે બધું સમજીએ છીએ પણ શું કરીએ ? લાચાર છીએ. જેમ કોઇ દારૂડિયો દારૂના નુકસાનનો ખ્યાલ હોવા છતાં તેને છોડી શકતો નથી તેમ અમે પણ આ વ્યસનને છોડી શકતા નથી.''

તેમને પોતાનો પરિચય આપવા જણાવ્યું પણ તેમણે કહ્યું ! ''અમારા જેવા પાપીઓનો પરિચય મેળવીને શું કરશો ? એ વાત રહેવા દો.''

પછી તેમને પ્રાસંગિક થોડી હિતશિક્ષા આપી અને થોડી વારમાં એ વ્યક્તિઓ પણ જતી રહી, ત્યારે સ્વસ્થ બનેલા એ ભાઇની સમક્ષ મોટી શાંતિ વગેરે માંગલિક સંભળાવ્યું અને તેમને ઉપાશ્રયે આવવા જણાવ્યું.

થોડા સમય બાદ એ ભાઇ પોતાનાં ધર્મપત્ની સહિત ઉપાશ્રયમાં આવ્યા. અમોએ આચાર્ય ભગવંતને બધી હકીકતથી વાકેફ કર્યા હતા. તેઓશ્રીએ વાસક્ષેપ મસ્તક ઉપર નાંખતાં જ ફરી પેલો અરબસ્તાની પઠાણ જાગ્રત થયો અને અત્યંત ગુસ્સામાં પોતાની ભાષામાં મૂઠ્ઠી ઉગામીને ધમકીઓ આપવા લાગ્યો.

અમે પૂજ્યશ્રીને કહ્યું, ''આપ રહેવા દો, અમને નવકારનો પ્રયોગ અજમાવવાની અનુમતિ આપો.'' પૂજ્યશ્રીએ કહ્યું, 'ભલે.'

થોડી વાર બાદ પેલા ભાઇ જ્યારે મૂળ સ્વરૂપમાં આવી ગયા ત્યારે અમે તેમને ઉપાશ્રયના એક રૂમમાં લઇ ગયા. અમારામાંથી એક મુનિવર તેમની સામે બેઠા. બાકીના તેમની બાજુમાં ઉભા રહ્યા. વજપંજર સ્તોત્ર દ્વારા આત્મરક્ષા કરીને મુનિવરે નવકાર સંભળાવતાં જ તરત પેલો પઠાણ છંછેડાયો અને ફરી પહેલાં કરતાં પણ વધુ ઉગ્ર રીતે ધમકીઓ આપવા લાગ્યો. એટલે તરત અમે બધા મુનિવરોએ પણ તાલબદ્ધ રીતે મોટે અવાજે નવકાર મહામંત્રનું રટણ શરૂ કર્યું. પઠાણના ગુસ્સાનો પાર ન રહ્યો. જાતજાતની ભયંકર મુદ્રાઓ દ્વારા મુનિવરને ડરાવવા અનેક પ્રયત્નો કરવા લાગ્યો. અત્યંત મજબૂત મુઠ્ઠી ઉગામીને એકદમ જોરથી મુનિવરના મોઢા સુધી લઇ આવતો ! જાણે કે હમણાં જ મુનિવરની બત્રીશી તોડી નાંખશે કે તેમને મારી નાંખશે ! ઢીલા-પોચા હૃદયની વ્યક્તિનું કદાચ હૃદય જ બેસી જાય એવી ભયંકર ગર્જનાઓ, ફૂત્કારો, ચીસો તથા ચેષ્ટાઓ કરવા લાગ્યો. છતાં પણ મહામંત્રના પીઠબળથી જરા પણ ગભરાય વિના મુનિવર પણ મોટે સ્વરે તાલબદ્ધ નવકારનું રટણ કરતા જ રહ્યા. **લગભગ વીસેક મિનિટ સુધી પઠાણે અનેક પ્રકારનાં તોફાનો કર્યાં પણ નવકારના અદ્રશ્ય અભેદ્ય કવચને લીધે મુનિવરને જરા પણ સ્પર્શ કરી ન શક્યો !** તેથી હિંમતમાં આવી જઇને મુનિવરે તેના વાળ પકડી લીધા. ત્યારે તેનું મોઢું એકદમ દયામણું થઇ ગયું અને છેવટે, ''હવે મારો નમાઝ પઢવાનો સમય થઇ ગયો હોવાથી હું જાઉં છું.'' એવા પ્રકારના શબ્દો અરબસ્તાની ભાષામાં ઉચ્ચારીને તે જતો રહ્યો.

ત્યાર બાદ એક કાશ્મીરી ઓલિયો કે જે પહેલાં એ ભાઇને હેરાન કરતો હતો, પણ પાછળથી તેને પશ્ચાત્તાપ થતાં હવે તેને યથાશક્ય સહાય કરતો હતો, તે પેલા ભાઇના શરીરમાં આવ્યો. તેની ભાષામાં કોઇ કોઇ હિન્દી ભાષાનાં શબ્દો આવતા હતા, જેથી અમે તેનો ભાવાર્થ કાંઇક સમજી શકતા હતા. અમે તેની સંમતિ મેળવીને હિન્દી ભાષામાં કેટલાક પ્રશ્ન પૂછ્યા, જેના તેણે પોતાની ભાષામાં સંતોષકારક જવાબો આપ્યા. વીસેક મિનિટ બાદ તે પણ જતો રહ્યો અને પેલા ભાઇ પોતાના અસલી સ્વરૂપમાં આવી ગયા.

**નવકારના શબ્દોના રટણમાં આટલી તાકાત રહેલી છે, તો વિધિપૂર્વક નવકાર સાધનામાં કેટલી તાકાત હોઇ શકે ? ઇત્યાદિ વિચાર કરતાં અમારું અંતર નવકારને અહોભાવપૂર્વક નમસ્કાર કરી રહ્યું હતું...**

**—પૂ. ગણિવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા. (પાલિતાણા)**

## નવકારનો અચિંત્ય પ્રભાવ !

અનહદ્ પુણ્યોદયનાં લીધે જૈન કુટુંબમાં જન્મ થયો. સાથે ધાર્મિક પ્રવૃત્તિઓનાં સંસ્કાર મળ્યા. નવકારથી બધુ જ મળે અને રોગ-શોક-ભય વગેરે અનિષ્ટ તત્ત્વો દૂર થાય એમ જાણવા મળ્યું હતું. તેથી બાળપણમાં સંકટના સમયે નવકાર ગણતો ને સંકટ દૂર થતું.

બારેક વર્ષની વયે લાલબાગમાં એક મવાલી છોકરો દબડાવવામાં ન ફાવ્યો તેથી હંટર કાઢી મારવા આવ્યો. ત્યારે હંટર ઝૂટવીને મેં તેને સામે ફટકાર્યો. તે રડતો જઇને પોતાના સરદારને તેડી લાવ્યો. હું તો ઘેર જઇને પલંગ નીચે સંતાઇ ગયો ને નવકાર ગણવા લાગ્યો. દાદીમાએ તેમને મનાવી લીધાં. આમ મહાસંકટમાંથી બચી જવાથી નવકાર ઉપરની મારી શ્રદ્ધા મજબૂત થઇ.

મને ગુસ્સો બહુ જ આવતો, જે મને પસંદ નહોતું. સુધરવા માટે હું દરરોજ પ્રતિક્રમણ, ચૈત્યવંદન, સામાયિક, તપશ્ચર્યા, વ્યાખ્યાનશ્રવણ, ધાર્મિક વાચના કરતો છતાં ગુસ્સો ઘટ્યો નહિ. લગ્ન પછી એકવાર પિતાજીને પણ લપડાક મારી હતી તથા દોઢ વરસની પુત્રીને પણ મારતો. ઘરમાં પણ આ પ્રકારનો ગુસ્સો જોઇને પત્નીથી રહેવાતું નહિ અને કહેતી કે, 'આટલો બધો ધર્મ કરવા છતાં ગુસ્સો કરો છો તે યોગ્ય નથી.' હું કહેતો, 'સારા હેતુથી ગુસ્સો કરું છું તેથી ખરાબ ન ગણાય.' ૨૩ વર્ષની વયે જાણવા મળ્યું કે, શુદ્ધિ જાળવવાથી ધર્મ આરાધના જલદી ફળે. ન્યાયપૂર્વક મેળવેલી સામગ્રીથી જીવનનિર્વાહ કરાય તો જ પૂરી શુદ્ધિ થાય. ધર્મની શરૂઆત માર્ગાનુસારીના પહેલા ગુણ 'ન્યાયસંપન્ન વૈભવ' એટલે કે ન્યાયથી મેળવેલ સામગ્રીથી થાય છે. આ માટે જરૂરિઆત ઓછામાં ઓછી હોવી જોઇએ એમ લાગતાં એ દિશામાં પ્રયત્નો આદર્યા. અઢી મહિના સુધી બાજરાનો રોટલો ને પાણી બે વખત ને દોઢ મહિના સુધી ફક્ત બાફેલા મગ એક જ વખત જમતો. ફાવી ગયું. આયંબિલ કરીને જીવી શકાય એવી શ્રદ્ધા બેઠી. સસ્તાં અને ટકાઉ કપડાં પહેર્યાં. એકંદરે મારો એક દિવસનો ખર્ચ ૨૦ પૈસા જેટલો આવતો. તેમાં ૩૦ પૈસાનું દૂધ ઉમેરવાથી આરામથી જીવી જવાય એમ લાગ્યું. સદ્‌ભાગ્યે પત્ની અને પુત્રીનો પણ સાથ મળ્યો.

આવક માટે મોટાં વાહનો હાંકવાનું લાયસન્સ મેળવ્યું ત્યારે મને ૨૪ વર્ષ થયેલાં. ધંધામાં હરિફાઇ હોવાથી અપ્રમાણિક થવું પડતું. એટલે મેં ધંધો છોડ્યો. તેથી મારા ભાગનો નફો પિતાના ફાળે જવાથી ટેક્ષ વધુ ભરવો પડ્યો. આથી ભાઇએ મને સમજાવ્યું કે તારા ભાગથી તારા ખર્ચ કરતાં વધારે ટેક્ષ બચી જાય છે તેથી તારું કુટુંબ અમને બોજારૂપ નહિ થાય. મેં ફરીથી ભાગ ચાલુ કર્યો, ત્યારથી ધંધો સંભાળવામાં જે સમય જતો તે બચતો અને આખો દિવસ ધાર્મિક વાચન ચિંતન થતું રહ્યું.

'પત્ની બીમાર થતાં ગામના તથા શહેરના ડૉક્ટરો દ્વારા ક્ષયનું નિદાન થયું. સારવાર રૂપે ૯૦ ઇંજેકશનો લીધાં પણ સુધારો ન થયો. ત્યાં એક સાધર્મિક મિત્રે પુસ્તકમાંથી જડેલ ઉપાય કહ્યો, 'રોગ મટાડવા નવકારનાં પાંચ પદ અક્ષરે અક્ષર ઊંધા ક્રમથી ગણવા.' મેં તથા પત્નીએ ઊંધા નવકાર ગણવાનું ચાલુ કરી દીધું. તેના પ્રતાપે મુંબઇ જઇને નિષ્ણાત ડોકટરોને બતાવતાં જાણવા મળ્યું કે ક્ષય નથી. ન્યુમોનાઇટીશનો ડાઘ છે. કેમીપેનની સામાન્ય ગોળી

ખવડાવી અને સારું થઇ ગયું.

૨૮ વર્ષની વયે પંડિત ધીરજલાલ ટોકરશી શાહની બાળગ્રંથાવલિની ત્રણ પુસ્તિકાઓ. (૧) મહાત્માનો મેળાપ, (૨) મન જીતવાનો માર્ગ, (૩) સિદ્ધિદાયક સિદ્ધચક્ર વાંચવાથી નવકારનું વર્ણન મને ગમી ગયું. દરરોજ સમજપૂર્વક નવકારનું વર્ણન વિચારવાનું શરૂ કરી દીધું. પહેલાં ૪૦ મિનિટ લાગતી પણ જેમ જેમ વધુ જાણવાનું મળતું ગયું તેમ તેમ સમય વધુ લાગતો ગયો. દરરોજ એક વખત નવકાર સમજી જતાં સાડા ચાર કલાક લાગવા માંડ્યા. એ પૂરું થયા પછી ૧૧.૩૦ વાગે દંતશુદ્ધિ, સ્નાન તથા ભોજન વગેરે થઇ શકતું. આની જબરી અસર થઇ. છ મહિનામાં ગુસ્સો ઘણો જ ઘટી ગયો. ધર્મનો આદેશ પાળતો થયો. ને ૨૬ વર્ષનો જૂનો દમનો વ્યાધિ મટી ગયો. જેને ડૉક્ટરોએ અસાધ્ય કહ્યો હતો.

હવે મારું વર્તન સુધર્યું, તેથી સૌનો મારા તરફનો અણગમો ઘટવા લાગ્યો. મારી બુદ્ધિમાં વધારો થવા લાગ્યો. અને તે સદ્‌બુદ્ધિ થતી ગઇ, તેથી લોકોમાં આદર પામ્યો.

◆ મને સિદ્ધિઓ અને લબ્ધિઓ જરૂરી જણાતી પણ જ્યાં સુધી એનો દુરુપયોગ મારા હાથે થાય એમ હોય ત્યાં સુધી તે ન મળે તો સારું એવી ભાવના રહેતી. ૩૬ વર્ષની વયે ધર્મજના જાડેજા નઉભાની ગળાની તકલીફ મટે તો સારું એવા ભાવ થતાં ગળાને હાથ અડાડ્યો કે તરત જ ઠંડક પસાર થવાનો અનુભવ થતાંની સાથે સારું થઇ ગયું. અણધાર્યો બનાવ હતો. પણ મને થયું કે મારામાં શક્તિ પ્રગટ થઇ હશે. મેં જાતનિરીક્ષણ કર્યું તો જણાયું કે 'કોઇ મારું બગાડે તો પણ તે સુધરે ને સુખી થાય એવા ભાવ રહ્યા કરે છે.'

◆ ૩૭ વર્ષની વયે તા. ૬-૧-૭૦ નાં અમારા છ એ બળદોને રજકાથી આફરો થયો હતો. અઠવાડિયા પહેલાં એક મજબૂત ગાયને રજકાથી આફરો થયો હતો ને તરત મરી ગઇ હતી. સારવાર કરવા જેટલો પણ સમય ન મળ્યો. મેં તત્કાળ બધાને સારું થઇ જાય એ ભાવના સાથે નવકાર ઉલ્ટા સમજવાનું ચાલુ કર્યું. પંદરેક મિનિટમાં નવકાર સમજી લીધો. ત્યારે જોયું તો બધા બળદોને સારું થઇ ગયું હતું.

◆ આ પછી મારી વાડીના ચોકીદાર શંભુ બારોટની ડોક એક બાજુ વળતી ન હતી, તેને બારેક દિવસ થઇ જવાથી ચિંતા કરવા લાગ્યો હતો. તેને સારું થઇ જાય એવા ભાવ સાથે ઉલટો નવકાર ટૂંકમાં સમજી ગયો. અમે છૂટા પડ્યા. પેલો ઘરે પહોંચ્યો ત્યારે ખબર પડી કે ડોક તદ્દન સારી થઇ ગઇ છે.

◆ પ્રત્યક્ષ પ્રમાણોથી બંને પુત્રી અને પત્નીને પણ નવકાર સમજી જવાની ઇચ્છા જાગી. ૧૯૭૧ માં માર્ચથી ઓગસ્ટ સુધી દરરોજ દોઢ કલાક સમજાવ્યું અને તેઓ પણ નવકાર સમજવાની આરાધના કરતા થઇ ગયાં.

◆ અમુક કષ્ટો આપણા ભલા માટે હોય છે. મારી લાંબી બીમારીના કારણે હું ધર્મ તરફ વળ્યો છું એટલે 'ભલું કરનાર મુશ્કેલીઓ' સિવાયની મુશ્કેલીઓ દૂર થાય એવી ભાવના સાથે નવકારનો પ્રયોગ કરવાનું નક્કી કર્યું. લાયજાથી પગપાળો સંઘ સુથરી પહોંચ્યો ત્યારે સંઘપતિની માળ હરિભાઇ જેઠા ખેતુને પહેરાવતી વખતે હાજર રહેવા અમે જીપ ગાડીમાં જતા હતા, ત્યારે બાડા ગામમાં પહોંચ્યા, ને વાળવા છતાં ગાડી વળી નહીં. બ્રેક મારીને ભીંત તરફ જતાં રોકી, હવે સુથરી નહિ જવાય એમ લાગ્યું. નવકાર ચાલુ કરી દીધો. પાછી હાંકી જોઇ તો ચાલી. વાળી જોઇ તો વળી. સંભાળપૂર્વક સુથરી સુધી હાંકી ગયા ત્યાં ઓળખીતો ડ્રાયવર હતો તેને ગાડી તપાસી જોવાનું કહી અમે ઉપાશ્રયમાં પહોંચ્યા. ડ્રાયવરે બીજા ડ્રાયવરને તેડીને જીપ હાંકી જોઇ પણ થોડું ચાલીને પૈડાં આપોઆપ વળી જતાં તળાવની પાળ પર ચડી ગઇ અને પડખે પડી ગઇ. વાળવાનું સ્ટીઅરિંગ કામ કરતું ન હતું. બધાને નવાઇ લાગી કે બાડાથી સુથરી સુધી આ ગાડી કેમ આવી શકી ? એ ડ્રાયવરને જ્યારે મગજની તકલીફ થઇ ત્યારે ડોકટરોએ કહેલું કે, જિંદગીભર એ લાંબું અંતર ચલાવી શકશે નહિ. એક સાથે પંદર માઇલ જ ચલાવી શકશે. તેણે મને મંત્ર દ્વારા સાજો કરવાની વિનંતી કરી. મેં નવકાર સમજવાનું શરૂ કર્યું અને તેને પોતાની ઉપર પીંછો ફરતો જણાયો. પાછળથી તેને તદ્દન સારું થઇ ગયું.

◆ નવકારના પ્રતાપે મારી પવિત્ર ઇચ્છાઓ તરત ફળવા લાગી છે. જ્યારે લાયજાનાં દેરાસરની એક પ્રતિમાની હીરાની ટીલડી ચોરાઇ ગઇ હતી ત્યારે મેં ભાવના ભાવી

કે, લઇ જનારમાં સદબુદ્ધિ સર્જાય અને પાછી મૂકી જાય. દશેક દિવસમાં કોઇ ટીલડી પાછી મૂકી ગયું.

◆ વડીલોની સગવડ માટે યાત્રાએ જવા અને વ્યાખ્યાન સાંભળવા જવા વધુ સારી ગાડી હોય તો સારું એમ મને લાગ્યું અને મારા ભાઇએ બે મહિનામાં પોતાની મેળે જ સારી ગાડી મોકલાવી દીધી.

◆ એક યુવાનના ગળામાં મોટી ગાંઠ નીકળી હતી. દવાથી મટી નહિ. તેને જોયો ત્યારે મને થયું તેની ગાંઠ મટી જાય તો સારું. એ નિમિત્તે નવકારને એક વખત સમજી ગયો. થોડા સમય પછી તેની ગાંઠ મટી ગઇ હતી !

◆ અમારા વિસ્તારનો જબરો ચોર ચોરી કરવાનું બંધ કરે એવા ભાવ જાગતાં મેં નવકાર સમજીને પૂરો કર્યો. એ વર્ષે તે ચોરે ચોરી કરવાનું છોડી દીધું. હવે તે પોતાના ધર્મના સંતોની ભક્તિ કરે છે અને લોકોની સેવા કરે છે.

◆ કોઇનાં નિકાચિત કર્મો હોય ત્યારે તેની તકલીફ દૂર થઇ શકે એમ ન હોવાથી મેં પ્રયત્નો કર્યા છતાં આખો નવકાર પૂરો થઇ શક્યો નથી. અમારી વાડીની કૂતરી ખાઇ શકતી ન હોવાથી તેને સારું થઇ જાય એવા ભાવ સાથે નવકાર સમજવાનો પ્રયત્ન કર્યો. હું આખો નવકાર પૂરો કરી ન શક્યો. થોડા દિવસે તે મરી ગઇ. સેવળાની સળીઓ ભોંકાવાથી તેના ગળામાં સડો થઇ ગયો હતો. આયુષ્ય વધુ ન હોય કે મજબૂત ન હોય તો તેને બચાવવો મુશ્કેલ છે.

◆ એક સાધ્વીએ દીક્ષા પહેલાં પોતાના ખરજવા માટે મને પાણી મંત્રી આપવાનું કહ્યું હતું. મેં પાણી લઇને સમજતાં આખો નવકાર પૂરો કરીને તે પાણી તેમને આપતાં તેમને સુધારો જણાયો. આથી બીજી વખત પાણી મંગાવી ગયા. સારું થઇ ગયું.

◆ એક હરિજનની યોગ્યતા જોઇને જીવનનાં રહસ્યો સમજાવ્યાં. તેનાથી તેનું જીવન નીતિ ને ધર્મમય થઇ ગયું છે. એક નાસ્તિક ગણાતા હાઇસ્કૂલના હેડમાસ્તરને નવકારની સમજણ તેમના શાસ્ત્રના આધારે સમજાવતાં મહાઆસ્તિક થઇ ગયા છે. એક હાઇસ્કૂલનાં મુખ્યશિક્ષિકાને સિદ્ધ અવસ્થા સમજાવવાથી તેમને સિદ્ધ થવાની ઝંખના જાગી છે. નવકારને સમજવાનું શીખવવાથી ઘણાનાં જીવન બદલાઇ ગયાં છે. મંદબુદ્ધિવાળાની બુદ્ધિમાં વધારો થયો છે, સદ્‌બુદ્ધિ થઇ ગઇ છે. જેમને ધાર્મિક ક્રિયાઓ વેઠ લાગતી હતી તેમને રસથી ભરેલી લાગવા માંડી છે.

આવા કલિયુગમાં પવિત્ર થવા માટે આસ્તિક થઇ જનારાની સંખ્યા વધતી જાય છે. એ ખરેખર મોટામાં મોટા ચમત્કાર જણાય છે. જરૂર છે તેમને સહાય કરવાની. નવકારના ભાવગુણો વિશે સમજાવવાની વ્યવસ્થા થઇ શકે તો કંઇકનું કલ્યાણ થઇ જાય એમ છે.

**—મોહનલાલ ધનજી ફૂરિયા (લાયજા મોટા)**

## મહામંત્રના પ્રભાવે બાવાની ત્રાટક વિદ્યા નિષ્ફળ ગઇ...!

સંવત ૨૦૩૫ની સાલ હતી. હું બપોરના સમયે મારી દુકાનમાં બેઠો હતો. મારી સાથે બીજા ત્રણ જણા બેઠા હતાં. એવામાં એક અઘોરી બાવાને મેં દુકાન તરફ આવતો જોયો. લગભગ સાડા છ ફૂટની ઊંચાઇ, ભરાવદાર ચહેરો, લાલઘુમ મોટી આંખો, વિશાળ કપાળ, પડછંદ કાયા, એક હાથમાં ત્રિશુળ અને બીજા હાથમાં કમંડળ, ગળામાં રુદ્રાક્ષની માળા. અને જોતાં જ ગભરાઇ જઇએ, એવો ભયંકર લાગતો હતો. બાવો જેવો આવીને ઉભો રહ્યો કે તરત જ ઉપરોક્ત દૃષ્ટાંત જે શિબિરમાં સાંભળ્યું હતું તે મને યાદ આવી ગયું. મે મનમાં નવકાર ગણવાની શરૂઆત કરી દીધી. મારી બાજુમાં બેઠેલા ભાઇઓ પણ થોડાક અસ્વસ્થ થઇ ગયા. બાવો એકીટસે મારી સામે જોયા કરે છે કોઇક વશીકરણના પ્રયોગની જેમ જ ! કંઇ બોલતો નથી. પાંચેક મિનિટ પસાર થઇ ગઇ. બાવો ત્રાટક કરતો હતો. મને હવે ગભરામણ થવા લાગી. મેં ખૂબ જ શ્રદ્ધાપૂર્વક નવકારનો જાપ ચાલુ રાખ્યો. થોડીક ક્ષણો બાદ બાવાજીએ મૌન તોડ્યું અને મને ઉદેશીને કહ્યું, ''બચ્ચા, તુમ કુછ વિદ્યા જાનતે હો ? મેં જવાબ આપ્યો કે 'હમારે પાસ આપકે જૈસી વિદ્યા કહાંસે હો સકતી હૈ ?'' એણે કહ્યું. **'तुम झूठ बोलते हो, तुम अभी जो मंत्र जप करते हो, उससे मेरी वशीकरण विद्या निष्फल हो रही है !'** પછી પ્રશ્ન કર્યો, 'તુમ્હારી શાદી હો ગઇ ?' હવે મારામાં હિંમત આવી હતી. મેં વળતો પ્રશ્ન કર્યો. 'શાદી હુઇ નહીં હૈ મગર ૧૫ દિન મેં નક્કી હો જાયેગી !' મારે એ

વર્ષમાં લગ્ન કરવાં જ ન હતાં અને લગ્નની કોઇ વાત ચાલતી પણ ન હતી. મને લાગ્યું કે બાવો ખોટું બોલે છે.

પછી બાવાએ મને ૧૦૦ થી લઇ ૧૧૦ ની વચ્ચે કોઇ પણ રકમ ધારવાનું કહ્યું. મેં મનમાં ૧૦૫ ધારી લીધી. બીજી જ ક્ષણે એણે કાગળ ઉપર '૧૦૫' લખી દીધા. આ જોઇ હું તાજુબ થઇ ગયો. બાવો જતાં જતાં કહેતો ગયો. તારો મંત્ર જોરદાર છે, મારા આટલા વરસોની સાધના અને શક્તિ આજે પોતાનો પરચો બતાવી શક્યા નથી. બાવો 'છ મહિના બાદ આવીશ' એમ કહી ચાલ્યો ગયો, તે આજ સુધી આવ્યો નથી. ત્યારબાદ ૧૫ દિવસમાં મારું સગપણ અને એક મહિનાની અંદર લગ્ન થઇ ગયાં ! આ દિવસથી નવકાર મંત્ર ઉપર મારી શ્રદ્ધા ખૂબ જ વધી ગઇ.

ત્યાર પછી તો નવકાર મંત્રના પ્રભાવે નાના મોટા અનેક પ્રસંગોએ નવકાર પ્રત્યેની શ્રદ્ધા ઉત્તરોત્તર વધતી જ રહી છે. **–નરેન્દ્રભાઇ રામજી નંદુ (મુંબઇ)**

## ...અને કેન્સર ગાયબ થઇ ગયું...!

વિ.સં. ૨૦૩૭ની સાલ હતી. મુંબઇમાં ચિંચબંદરનો મહાજનવાડીનો ઉપાશ્રય હતો. ચાતુર્માસના દિવસો હતા. એ સમય **પૂ. સાધ્વી શ્રી અરુણોદયશ્રીજી મ.સા.** ને ગળામાં તકલીફ શરૂ થઇ. બોલવાનું બંધ થઇ ગયું. સંઘના આગ્રહથી બાયોપ્સી કરાવવી પડી. રીપોર્ટ આવ્યો કે વોઇસ બોક્સમાં એટલે સ્વર પેટીમાં કેન્સર છે.

કેન્સર નામ સાંભળ્યા પછી ભલભલાના હાજા ગગડી જાય. શ્રી સંઘ તથા અ.ભા. અચલગચ્છ જૈન સંઘે પૂજ્યશ્રીને વિનંતી કરી કે રિપોર્ટ જોયા બાદ ટાટાના ડોકટરો કહી રહ્યા છે કે શેક આપવા પડશે.

સંઘનો આ અવાજ હતો કે ગુરુદેવ માનો ! સંઘને આપની હસ્તિની ઘણી જરૂર છે. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે તમે ડરો છો કેમ ? કેન્સર થયું છે તેમાં કંઇ નવાઇ છે ? થાય...શરીર વેદનાનું ઘર છે. ઉદયકાળે થયા કરે. સમતાભાવે ભોગવવું તે આપણું કર્તવ્ય છે. શાસન મળ્યું છે એમણે તપ અને જપની બે દવા આપી છે. એનાથી સારું થઇને રહેશે. તમો કોઇ પણ ચિંતા નહિ કરતાં. દેવ-ગુરુની છાયા મોટી છે.

સંઘનો આગ્રહ શોર્ટ શોક આપવા માટે થતો રહ્યો. પરંતુ પૂજ્યશ્રીએ કહ્યું આયંબિલ તપ અને નવકાર જાપથી નિરોગીતા પ્રાપ્ત થશે જ.

પૂજ્યશ્રીને આ બે ચીજો વહાલી તો હતી જ પણ હવે વિશેષ વહાલી થતી ગઇ. વર્ધમાન તપની ઓળીઓ ઉપર ઓળીઓ અને રાત્રે અઢી વાગે ઉઠી પદ્માસનમાં બેસી નવકાર જાપમાં મગ્ન બની જાય...અને પૂજ્યશ્રીની આ શ્રદ્ધાએ કમાલ કરી દીધી...વિના શોક..વિના દવાએ પૂજ્યશ્રીને સારુ થતું રહ્યું. દોઢ દોઢ વર્ષે ઉલટીઓ થતી, લોહી...માંસના લોચાઓ રૂપે ખરાબો નીકળતો...એમ ચાલતું રહ્યું. છેક સાત વર્ષે પૂજ્યશ્રીનો બંધ થયેલો અવાજ ખૂલી ગયો ને તેમને સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત થઇ.

આજે **પૂ. સાધ્વીશ્રી અરુણોદયશ્રીજી મ.સા.** પોતાના પરિવાર સાથે આપણી વચ્ચે બિરાજમાન છે. જેઓની વર્ધમાન તપની ૧૧૦ ઓળીઓ પૂર્ણ થઇ છે. હાલ એકાંતરા ૫૦૦ આયંબિલ ચાલુ છે. જેઓના જીવનમાં ૭૫૦૦ આયંબિલ થઇ ગયા છે ને વિશિષ્ટ પરિણામે આટલી જૈફ વયે પણ તપધર્મની સાથોસાથ નવકાર મંત્રને હૈયાનો હાર બનાવી અપૂર્વ સંયમ જીવનનું પાલન કરી રહ્યા છે.

તેમના ઉત્કૃષ્ટ તપને, તેમના ઉત્કૃષ્ટ નવકાર જાપને અને તેમના ઉત્કૃષ્ટ શ્રદ્ધાબળને ધન્ય છે. પૂજ્યશ્રીને અમારી કોટિ કોટિ વંદના.

## નવકાર મંત્રના ચમત્કારો

મારા પપ્પા હિમાલય ખુંદવાના શોખીન દર વર્ષે હિમાલયને પગ તળે કરવા નીકળી પડે. મહારાષ્ટ્ર ટ્રેકીંગ હાઇકીંગ એસોસીએશનના લાઇફ મેમ્બર. દર વર્ષે હિમાલયની ટ્રેકીંગમાં જાય. ૧૦-૧૫ મેમ્બરો હોય.

દર વર્ષની માફક તે વર્ષે તેઓ નેપાળ ગયા હતા. ત્યાંથી 'ગોસાઇકુંડ' જવાનું હતું. ટ્રેકીંગમાં જનારાઓ, કુદરતને ખુંદનારાઓ, પોતાની મસ્તીમાં જતા હોય. કુદરતને પીતા હોય, ભોમિયા વિના ડુંગરા ખુંદતા હોય. ખટમંડુથી ૧૦૦ જેટલા કી. મી. મોટરમાં ગયા. ત્યાંથી ચાલવાનું હતું. સાંજ પડી જાય તે પહેલાં આગળના કેમ્પ પર પહોંચવાનું

હોય, અને પહોંચવું જ પડે. છૂટકો નહીં. ખભે સામાન, હાથમાં લાકડી અને પગે બુટ. બસ ! સૌ નીકળ્યા. સાંજ પડવા આવી અને સૌએ ઝડપ વધારી. તેમાં કોઇ કોઇ માટે ''ખૂબ'' રાહ ન જુએ. દરેકે પોતાની ફરજ સમજી બરાબર બધા સાથે ચાલવાનું હોય. મારા પપ્પા ધીરે ધીરે પોતાની મસ્તીમાં ચાલતા હતા. અચાનક તેને ખ્યાલ આવ્યો કે પોતે તો બધાથી પાછળ રહી ગયાં છે, બધાથી છૂટ્ટા, અંધારું થઇ ગયું હતું.

જંગલની વાટ હતી. ટ્રેકીંગ, હાઇકીંગ તો અઘરી જ હોય ને ? જંગલ અથવા બરફ અથવા ડુંગરાળ પ્રદેશમાં સીધાં કે ઊભા કે નીચા, બસ તકલીફ જ તકલીફ !! કે આનંદ જ આનંદ !!

અંધારુ વધતું જતું હતું. સામાનમાં જોયું 'ટોર્ચ' ન હતી. તે કદાચ બીજા કોઇના સામાનમાં રહી ગઇ હતી. દેખાવાનું બંધ, અમાસની રાત હશે અને તેમાંય જંગલની વાટ કોઇ દેખાય નહીં. કાંઇ દેખાય નહીં. આવા સમયે ભગવાન યાદ ન આવે તેમ બને જ નહીં. અને જ્યારે ભગવાન યાદ આવે અને તે હાજર ન થાય તેમ પણ બને જ નહીં ! પપ્પાએ નવકાર મંત્ર ચાલુ કર્યા. જોકે તેમને સ્મરણની તો ટેવ છે જ. પણ ત્યારે બરાબર ચાલુ કર્યા હતા. તેમ તેમણે કહ્યું હતું. મને બરાબર યાદ છે. અને તે પોતાના કેમ્પ પર પહોંચી ગયાં.

વાત આટલી સરળ અને સહેલી ન સમજશો. કેમ્પ પર તો પહોંચ્યા જ પણ કઇ રીતે ? હા ! તે જ મહત્વનું છે. જ્યારે તે નવકાર બોલીને પોતે આગળ વધતા પોતાની લાકડી આગળ મૂકતા કે લાકડીના નીચેના ભાગમાંથી આગળ જોઇ શકે તેટલો પ્રકાશ પડતો અને આગળનું પગલું ભરી શકતા. નવકાર બોલતા જાય અને લાકડી મૂકતા જાય, આગળનું દેખાતું જાય તેમ કરતાં કરતાં તેઓ કેમ્પ પર પહોંચી ગયા. જો કે અચંબો એ વાતનો છે કે તેમને આ વાતનું ભાન કેમ્પ પર પહોંચ્યા પછી થયું. તેમની આગળ પહોંચેલા મિત્રો પોતાના મિત્ર હિંમતભાઇની ચિંતા સાથે રાહ જોતા હતા. તેમને આવકાર્યા, મોડા પડવા બદલ ઠપકાર્યા અને પૂછ્યું કે તમે આમાં આવી કઇ રીતે શક્યા ? ત્યારે પપ્પાને ભાન થયું કે પ્રકાશ તો મળતો જ હતો અને તેને લઇને જ હું પહોંચ્યો છું નહીં તો અશક્ય હતું. તે લાકડી હજી અમારી પાસે છે. અને તે નવકારને પણ અમે હજી સાથે જ રાખ્યો છે. પણ ઉપયોગ છૂટથી કરીએ છીએ. અસ્તુ !

☆☆☆

૧૯૯૫માં મારાં બા ચોમાસામાં ઉત્તર ગુજરાતમાં ઇડર તીર્થે ગયેલાં. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં સત્સંગ, ભક્તિ, એકાંત માટે બે મહિના માટે ગયેલાં. એક તો આશ્રમ અને તે પણ પહાડોની વચ્ચે, પહાડો ઉપર. બહેનોના રૂમમાં ત્રણેક બહેનોએ રાત્રે સુવાની તૈયારી સાથે ઝંપલાવ્યું !

એકાએક કંઇક અવાજ રૂમમાંથી આવ્યો. પહેલાં તો તેના પર કોઇનું ધ્યાન ન ગયું. પાછો તેવો જ કોઇક વિચિત્ર અવાજ આવ્યો. અને બધાનું ધ્યાન તે તરફ ગયું. બા ઉઠ્યાં. લાઇટ કરી, આજુબાજુ જોયું, પણ કંઇ ન દેખાયું. બીજા બે બહેનો પણ પથારીમાંથી ઉઠ્યાં. પલંગ પરથી નીચે ઉતર્યા બાએ નીચે વળી જોયું. પાછો અવાજ આવ્યો. અવાજ તરફ નજર કરી બરાબર જોયું. એક કાળો ડિબાંગ નાગ ! (તે નાગણી હતી) તેણે દેડકાંને પકડેલો દેડકાંનો કણસવાનો તે અવાજ. દેડકો મોઢામાંથી અડધો બહાર. આ લોકોના અવાજથી નાગે દેડકાને મોઢામાંથી છોડ્યો અને ફેણ ચઢાવી બા સામે ટગર ટગર !! આ બધું ક્ષણોમાં બન્યું. બન્ને બહેનો પલંગ પર ચઢી ગયાં. બા પણ થોડાં ડર્યા પણ બચપણ ગામડામાં વિતેલું તેથી સાપ-વિંછી વગેરેથી એટલાં બધાં ન ડરે !! તેમણે બન્ને બહેનોને શાંત રહેવા કહ્યું. તરત જ બહાર બૂમ મારી ત્યાંના માણસોને બોલાવ્યા. એક માણસ લાકડી લઇને આવ્યો. લાકડી ઠપકારી, અવાજ કર્યો પણ નાગ ટસનો મસ ન થયો. અને ફુંફાડાનો અવાજ કર્યા કર્યો. હવે આવા સમયે એક જ માર્ગ છે.

બાએ કહ્યું ભાઇ ! રહેવા દે. તેમણે જોરથી નવકાર સ્પષ્ટપણે બોલવાનું ચાલુ કર્યું. અડધા નવકારે પહાંચ્યા ત્યાંજ નાગ ઢીલો ઢફ્ફ થઇને સડસડાટ દરવાજા વાટે બહાર નીકળી ગયો. બધાનો ડર પણ ! સૌએ દેડકાને ઉપાડીને

યથાસ્થાને મૂક્યો અને નવકાર મંત્ર બોલતાં બોલતાં સૌ સૂઇ ગયાં.

☆☆☆

દર વર્ષે અમે કાફર્ડ માર્કેટમાંથી થોડા પક્ષીઓ ખરીદી લાવી અમારી અગાસીમાંથી ઉડાડી મૂકીએ. ૧૯૯૩ માં આમ જ રંગબેરંગી પાંચસો જેટલી ચકલીઓ લઇ આવ્યાં. ઉનાળાના દિવસો હતાં. મુંબઇથી ઘાટકોપર ટેક્ષીમાં લાવ્યા, ઘરે લાવ્યાં, બધાને પાણી પાયું, ચણ નાખી, નવકાર મંત્ર બોલીને પાંજરાના દરવાજા ખોલ્યાં, ચકલીઓને ઉડાડી મૂકી.

આખું આકાશ સ્વતંત્રતા, આનંદ અને ચકલીઓથી ભરાઇ ગયું. અને અમારું હૈયું કંઇક સારું કર્યાના સંતોષથી ! બે ચાર ચકલીઓ ન ઉડી. તેમને પણ પાંજરુ ઠપકારી ઉડાડી મૂકી. પણ એક ચકલી ઘવાઇ હશે. તે કણસતી હતી. આમ પણ આવી ચકલીઓ બીજા પ્રાંતમાંથી અહીં વેંચાવા આવે- અડધી ભૂખી, તરસી, પ્રતિકૂળ હવામાનને લીધે અધમૂઇ તો થઇ જ ગઇ હોય.

તે કણસતી ચકલીને લઇને અમે નીચે અમારા ઘરે આવ્યાં. તેના પર પાણી છાંટ્યું, દાણા નાખ્યાં (જે તે ખાઇ શકે તેમ તો હતી જ નહીં પણ અમને યોગ્ય લાગ્યું) અને એક પ્લાસ્ટીક બાસ્કેટ (ઢાંકણાવાળી)માં મૂકી. રાત્રે ફરી તેને જોવા ગયાં. તે અડધી મરેલાં જેવી થઇ ગઇ હતી. આડી પડી હતી. ડોક ખેંચાઇ ગઇ હતી. શ્વાસ ખૂબ જોરથી ચાલતા હતા અને આંખો ઊંચી ચડી ગઇ હતી. અમે ટોળે વળી ગયાં. હવે હમણાં જ પ્રાણ ઉડી જશે. હમણાં જ ગઇ સમજો. ટેવ મુજબ નવકાર ! અને તેમાંય કોઇનો પ્રાણ જતો હોય ત્યારે તો ખાસ નવકારમંત્ર સંભળાવવા અને તે અમને બધાંને ટેવ છે.

અમે નવકાર શરૂ કર્યા. થોડાક નવકાર ગણીને હું તો બહારના રૂમમાં આવી ગયો. પણ મારા દીકરા (ઉં.વ. ૫) અને મારા ભાઇએ ખૂબ નવકાર-આશરે ૧૫ થી ૨૦ મિનિટ સુધી જોરથી તેને સંભળાવ્યા. કદાચ થોડી શાતામાં જીવ છૂટે. તે જ આશાએ, કારણ કે બચે એવા કોઇ ચિન્હો ન હતાં. પછી તેઓએ પણ બાસ્કેટ અને નવકાર બંધ કર્યા અને ભગવાનને ભરોસે મૂકીને સૂઇ ગયાં.

સવારે કુતુહલવશ ભાઇએ બાસ્કેટ ખોલી (ખાત્રી હતી કે તે મરેલી જ પડી હશે). બાસ્કેટ ખાલી અને ફરરરર...કરતી તે ચકલી બહાર ઉડી ગઇ !

☆☆☆

એકવાર હું મારા બનેવી સાથે સ્કુટર ઉપર જઇ રહ્યો હતો. ચારેક વાગ્યાનો સમય હતો. ઉતાવળ હતી. 'મુંબઇની સ્પેશ્યાલીટી' ટ્રાફીક પણ ખૂબ હતો. બનેવીશ્રી માર્ગ કાપતાં સ્કુટર આગળ ચલાવે જતાં હતાં.

મારા હાથમાં કાઉન્ટર હતું તે નવકાર મંત્ર કે કોઇપણ જાપ માટેનું એક સાધન છે. હું નવકાર ગણતો હોઉ છું ત્યારે પણ મારા નવકાર ચાલુ હતા. કોઇ કષ્ટ આવે ત્યારે જ નવકાર ગણવા તેમાં હું ઓછું માનું છું. એમને એમ પણ નવકાર ગણવા ગમે.

બનેવીશ્રીએ સ્કુટર 'રફ' ચલાવવાનું શરૂ કર્યું. હું ડર્યો. થોડીકવાર કાંઇ ન બોલ્યો. છેલ્લે ન રહેવાયું અને કહ્યું,

'અશ્વિનભાઇ ધીરે ચલાવો ક્યાંક એકસીડન્ટ થઇ જશે.' તેમણે ખૂબ સુંદર જવાબ આપ્યો. કહ્યું, 'જેની પાછળ બેસીને કોઇ નવકાર ગણતું હોય તેનો એક્સીડન્ટ કઇ રીતે થાય ?' મારા નવકાર અને શ્રદ્ધા બન્ને વધ્યાં.

**–ધીરેન શાહ (મુંબઇ)**

## નવકાર મંત્રના પ્રભાવે અમે એક ભયંકર આપત્તિમાંથી ઉગરી ગયા...!

દેવલાલીમાં અમારા પરમોપકારી **પૂ. સાધ્વી શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.** તથા **પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.** બિરાજમાન હતા. અમે તેમના દર્શન-વંદન કરવા હોન્ડાસિટી કાર લઇને મુંબઇથી વહેલી સવારે નીકળ્યા. અમારી સાથે અમારી સખી વર્ષાબેન, તેમની દિકરી દિશા અને તેમનો દિકરો જિગ્નેશ હતો. જિગ્નેશ કાર ચલાવતો હતો વચ્ચે શાહપુર-ભુવનભાનુ માનસ મંદિરના અને વ્હીલોળી મધ્યે ધર્મચક્ર તીર્થના દર્શન કરી અમે બપોરે દેવલાલી પહોંચ્યા. દેવલાલીમાં અમે પૂજ્ય સાધ્વી ભગવંતોની નિશ્રામાં ઘણો સમય ગાળ્યો. તેમનો સત્સંગ કર્યો. એ પછી અમે

મુંબઇ પરત આવવા નીકળ્યા. અમે શાહપુરથી થોડાં અંતરે હઇશું અને અમારી કારને પંકચર થયું. અમારી કાર અધવચ્ચે હાઇવે પર અટકી ગઇ. જિગ્નેશે કારનાં બીજા એકસ્ટ્રા ટાયરનો ઉપયોગ કરવાનું વિચાર્યું. તેની તપાસ કરતાં અમારા કમનસીબે તેમાં પણ પંકચર જણાયું. એ સમયે રાત્રીના ૮.૩૦ નો સમય થયો હતો. હાઇવે સાવ સુમસામ જણાતો હતો. અમે ત્યાંથી પસાર થતાં વાહનોને રોકવા અને અમારી મુશ્કેલીની વાત કરવા પ્રયત્નો કર્યા પણ કોઇ અમને સહાય કરવા ઊભુ રહ્યું નહિ. અમે ત્રણ લેડીઝ અને એક જેન્ટસ્ એકલા-અટુલા જંગલ જેવા વિસ્તારમાં રાત્રીના ભયંકર વાતાવરણમાં ફસાયા. એક-બે કારચાલકોએ અમને કહયું કે અહીંથી જલદી નીકળો. આ હાઇવે પર તો ઘણી લૂટફાટ થાય છે. તમે ખોટું જોખમ ન લો. અમે તેમને મદદ કરવા કહ્યું પણ તેઓએ અમારી વાત સાંભળ્યા વિના પોતાની કાર દોડાવી મૂકી. અધૂરામાં પુરુ અમારી પાસે બે મોબાઇલ ફોન હતા તે પણ કોણ જાણે કોઇ અગમ્ય કારણોસર ચાલતા બંધ થઇ ગયા. અમારા ઘણા પ્રયત્નો છતાં મોબાઇલ ફોન ચાલ્યા નહિ અને અમારી મુસીબત વધતી જ ચાલી. હવે કરવું શું ? અમારી કાર જ્યાં અટકી હતી ત્યાંથી શાહપુર પણ ઘણું દૂર હતું. અને નજીકનું ગામ પણ દોઢેક કિલોમિટરના અંતરે હતું. રાત્રીનો સમય હતો દોઢ કિલોમિટર ચાલીને ટાયર ઉચકીને રીપેર કરાવવા જવું અમારા માટે મુશ્કેલ જ નહિ સાવ અશકય હતું. વળી અમને જંગલ જેવા વિસ્તારમાં એકલા છોડીને જિગ્નેશ જઇ શકે એવી સ્થિતિ પણ ન હોતી. અમે બધાએ દાગીના પહેર્યા હતા. પાસે થોડાં પૈસા પણ હતા. અને અમે ત્રણ તો સ્ત્રીઓ હતી તેથી જોખમ ઘણું વધી જતું હતું. અમારી આ આપત્તિ દૂર થાય તેવા કોઇ એંધાણ જણાતા ન હતા. અમે ખૂબ મૂંઝાઇ ગયા હતા. અંતે અમે નક્કી કર્યું કે જે થવાનું હોય તે થાય આપણે સૌ નવકાર મંત્ર ગણવાનું ચાલુ કરો. નવકાર મંત્ર જ આપણું રક્ષણ કરશે. અમે બધાએ એક ચિત્તે નવકાર મંત્રનું સ્મરણ શરૂ કર્યું. થોડીવારમાં જ ચમત્કાર થયો. એક ભાઇ ત્યાંથી સ્કૂટર પરથી પસાર થતાં હતાં. તેમણે અમને જોયા. સ્કૂટર ઉભુ રાખી તેમણે અમારી પૃચ્છા કરી. તે ભાઇએ દારુ પીધો હોય તેમ તેમના બોલવા પરથી જણાતું હતું. તે ભાઇને અમે કહ્યું કે અમને મદદ કરો. પાસેના ગામમાંથી કોઇને બોલાવી અમારી કારનું ટાયરનું પંકચર કરાવી આપો. તે ભાઇએ કહ્યું કે મારે મોડું થાય છે. મારા ઘરે શાકભાજી અને બીજો સામાન પહોંચાડવાનો છે. ઘરે બધા મારી રાહ જુએ છે. અમે કહ્યું કે તમે ઘરે સામાન મૂકીને પાછા આવો. અમે તમારી રાહ જોઇશું. તે ભાઇએ કહ્યું કે ભલે તેમ કરું છું. અને તેઓ ચાલી ગયા. પાછો કલાક દોઢ કલાક વીતી ગયો. પેલા ભાઇનો કોઇ પત્તો ન હતો. અને હવે તેઓ પરત આવે તેવી આશા પણ અમે મૂકી દીધી હતી. અમે તો ફરી નવકાર મંત્ર સ્મરણમાં લીન બન્યા. થોડી વારમાં જ અમને સ્કૂટરનો અવાજ આવ્યો. હાઇવે પર સ્કુટરની લાઇટ અમે જોઇ. તે નજીકને નજીક આવતી ગઇ. પેલા ભાઇ એક બીજી વ્યક્તિને લઇ અમારી પાસે આવી પહોંચ્યા. તે બીજી વ્યક્તિ સશક્ત અને કદાવર હતી. તેને જોઇને અમને ડર લાગ્યો કે ક્યાંક આ લોકો અમારી એકલતાનો લાભ લઇને લૂટી ન લે. તેવી આશંકા અમને થવા લાગી. તે ભાઇએ કહ્યું કે મારી સાથે આવેલ આ ભાઇ મોટર મિકેનીક છે. તેમને હું તમારી મદદે લાવ્યો છું. તમે ટાયર આપો અને સાથે રૂા. ૪૦૦/- આપો. તમારું ટાયર રીપેર કરીને અમે પાછા આવીએ છીએ. અમે કહ્યું કે આ રહ્યું ટાયર અને આ રૂા. ૪૦૦/- પણ અમારી એક વિનંતી છે કે તમે તો અહીં જ રોકાવ. મીકેનિક ભાઇને પંક્ચર કરવા મોકલી આપો. તેઓ પંકચર કરીને આવે ત્યાં સુધી તમે અહીં રહો. જેથી અમારો ડર ઓછો થાય. રાત્રીના વાતાવરણમાં અમને ખૂબ ડર લાગે છે. તે ભાઇએ અમારી વાત માન્ય રાખી અને મિકનીકને ટાયર સાથે રવાના કર્યો. એકાદ કલાકમાં તે મિકેનીક ટાયર રીપેર કરીને પરત આવી પહોંચ્યો અને તેણે જાતે જ કારમાં તે ટાયરને જોઇન્ટ કરી આપ્યું. અમે ખૂબ રાજી થયા. તે મિકેનીક ભાઇને અમે રૂા. ૪૦૦/- આપ્યા હતા તેમાંથી તેમણે રૂા. ૩૬૦/- ખર્ચના બાદ કરી રૂા. ૪૦/- જે વધ્યા હતા તે અમારા હાથમાં તેમણે પાછા મૂક્યા. અમે તેમને કહ્યું કે અમારે જરૂર નથી, તમે રાખી લો. તેમણે કહ્યું બહેનજી એ નહિ બને અમે ખર્ચના જ પૈસા લીધા છે. વધારે કંઇ અમને ખપે નહિ. અમે તો

અમારી ફરજ બજાવી છે. તમે અહીં હાઇવે પર મુશ્કેલીમાં મૂકાયા છો તેથી અમારાથી થાય તે મદદ તમને કરી છે. તેમાં કોઇ ઉપકાર અમે કર્યો નથી. તમારું કામ અમારાથી થઇ શક્યું તેનો અમને આનંદ છે. એમ કહી તે બંને ભાઇઓએ અમને પ્રણામ કરી વિદાય લીધી અને અમે પણ એ પછી સુખરૂપ ઘરે આવી પહોંચ્યા.

આમ દેવલાલીની યાત્રા દરમિયાન અમારા પર આવી પડેલી એક ઘણી મોટી આપત્તિમાંથી અમે પાર ઉતર્યા. તેની પાછળ નવકાર મંત્રનો જ પ્રભાવ છે તેની અમને ખાત્રી થઇ છે. અમારી નવકાર મંત્ર પરની આસ્થા અને શ્રદ્ધામાં આથી વધારો થયો છે. નવકાર મંત્ર જ અશરણને શરણરૂપ છે, વિઘ્નને હરનારો છે તેની પ્રતીતિ સૌ કોઇને થઇ શકે તે માટે જ આ સત્ય ઘટનાં અહીં પ્રસ્તુત કરી છે.

ઉપરોક્ત ઘટના સાથે સંકળાયેલા **કાશ્મીરાબેન** અને તેમના પતિ **શ્રી રજનીકાંત રતનશી નાગડા** કચ્છ તેરાવાલા જેઓ પાયધુની સ્થિત શ્રી નમિનાથ જિનાલયમાં **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાનમાં શરૂઆતથી જ આવે છે. અને ભાવપૂર્વક નવકાર જાપ અનુષ્ઠાન કરે છે. તેમની નવકાર પ્રત્યેની અખંડ શ્રદ્ધા જોઇને આશ્ચર્યચકિત થઇ જવાય છે. થોડાં સમય પહેલાં તેમના સુપુત્ર ચિંતનના લગ્ન. આ લગ્નનું રિસેપ્શન સાયન મધ્યે માનવ સેવા સંઘ હોલમાં યોજવામાં આવ્યું હતું. રિસેપ્શનના દિવસે જ શ્રી નમિનાથ જિનાલયમાં નવકાર જાપ અનુષ્ઠાન. **રજનીકાંતભાઇ**ના ઘરમાં આ પ્રસંગે અસંખ્ય મહેમાનો આવ્યા હતા. સગા-સ્નેહી-સ્વજનોથી ઘર ભરાયેલું હતું. નવકાર જાપમાં પહોંચી શકાય તેવી કોઇ શક્યતા ન હતી. પરંતુ આ તો રજનીકાંતભાઇ ! કાશ્મીરાબેનને હમણાં આવું છું કહીને તેઓ સીધા શ્રી નમિનાથ જિનાલયે પહોંચ્યા અને નવકાર જાપમાં જોડાયા. જાપને પૂર્ણ થતાં સવારના ૧૦.૩૦ થયા. સતત ત્રણ કલાક તેઓ જાપમાં બેઠા અને તેમના સુપુત્ર ચિંતનના રિસેપ્શનમાં ૧૧.૩૦ આસપાસ પહોંચ્યા. તેમના ધર્મપત્ની કાશ્મીરાબેનને ખબર હતી કે તેઓ નવકાર જાપમાં ગયા છે. રિસેપ્શન શરૂ થઇ ગયું હતું. સગા-સ્નેહીઓ રજનીકાંતભાઇની પૃચ્છા કરતાં હતા કાશ્મીરાબેન હસતાં હસતાં કહેતા હતા કે નવકાર જાપ પૂર્ણ કરીને જ તેઓ આવશે. આમ **રજનીકાંતભાઇ**ની નવકાર નિષ્ઠા સરાહનીય છે. પોતાના દીકરાના લગ્ન જેવા પ્રસંગે પણ તેઓ નવકાર જાપને પ્રથમ પસંદગી આપે તે ઘટના જ તેમના હૃદયમાં નવકાર મંત્રે કેવું અદ્‌ભૂત સ્થાન જમાવ્યું છે તેની સાક્ષી પૂરે છે.

**રજનીકાંતભાઇ** થોડાં વર્ષ પહેલા સખત બિમાર પડ્યા. માંદગી એટલી બધી વધી ગઇ કે તેઓને બચવાની કોઇ શક્યતા ન રહી. પરંતુ નવકાર મંત્રના પ્રભાવથી તેઓએ પુનઃ સ્વસ્થતા પ્રાપ્ત કરી. તેમની તબિયત પૂર્વવત થઇ. વળી તેઓના વ્યવસાયમાં પણ ભયંકર મંદી આવી. છતાં ધીરજ ન ગુમાવતાં પુરુષાર્થ ચાલુ રાખ્યો તેમજ તેમની નવકાર પ્રત્યેની શ્રદ્ધા અવિરત ચાલુ રહી. અને તેના પરિણામે તેમનો વ્યવસાય પણ પુનઃ પૂર્વવત થયો એટલું જ નહિ પોતાના વ્યવસાયને વધુ વિકસિત કરવામાં તેઓ યશસ્વી નીવડ્યા. આ બધા પાછળ નવકાર મંત્રનો જ પ્રબળ પ્રભાવ છે તેમ તેઓ દૃઢ પણે માને છે અને જીવનની કોઇપણ સ્થિતિમાં નવકારનું શરણ ન છોડવા તેઓ સૌને અનુરોધ કરે છે.

**—કાશ્મીરા રજનીકાંત નાગડા (મુંબઇ)**

## નવકાર આત્મસાત કરનારા પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ

પૂ. અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તી **પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.** નવકાર મંત્રના પરમ સાધક છે. પૂજ્યશ્રીના જીવનમાં નવકાર પ્રભાવની જે ઘટના બની છે તે અહીં પ્રસ્તુત છે.

વર્ષો પૂર્વે જ્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ નવકાર મહામંત્રનો વિધિવત્ નિયમિત જાપ શરૂ કર્યો ત્યારે થોડા દિવસો બાદ તેમને જાતજાતના ઉપદ્રવો થવા લાગ્યા. ક્યારેક આંતરિક તો ક્યારેક બાહ્ય ઉપદ્રવો લાગલાગટ ત્રણ વર્ષ સુધી ચાલ્યા. ક્યારેક તો એક-બે મહિના સુધી જાપ કરતાં બિલકુલ ભાવ ન આવે, કંટાળો આવવા માંડે, છતાં પણ દૃઢ નિશ્ચય કરી ગુરુદેવે જાપ ચાલુ જ રાખ્યો. નક્કી કરેલો

જાપ પૂર્ણ ન થાય ત્યાં સુધી મોમાં પાણી પણ ન નાંખવાનો તેમનો સંકલ્પ હતો !

ત્રણ વર્ષ બાદ એક વખત તેઓ કચ્છ-માંડવીમાં હતા. ત્યારે ત્રણ દિવસ સુધી રાતનાં સમયે જાણે બ્રહ્માંડ ફાટી જાય એવા ભયંકર અવાજો તેમને સંભળાવા લાગ્યા. ચોથી રાત્રે સૂવાની જગ્યા બદલાવી નાખી. તો પણ પહેલાં કરતાં વધારે ભયંકર અવાજો સંભળાવા લાગ્યા. અને થોડીવાર બાદ કોઇક તેમની છાતી પર ચડીને બેસી ગયો અને ધમકાવીને કહેવા લાગ્યો, 'તારો નવકાર છોડે છે કે નહિ ?'

પૂજ્ય ગુરુદેવશ્રીએ નીડરતાપૂર્વક કહ્યું 'મરી જઇશ તો પણ મારા જીવનસાથી નવકારને નહિ જ છોડું...ભવોભવનો એ મારો સાથી છે, માટે એનો ત્યાગ તો કોઇ પણ સંયોગમાં નહિ જ કરું !!!' લગભગ વીસેક મિનિટ સુધી આવી રકઝક ચાલી. પણ પૂજ્ય ગુરુદેવશ્રીની મક્કમતા જોઇ છેવટે બધું જ શાંત થઇ ગયું અને કોઇક દિવ્યપુરુષ પ્રગટ થયો. તેણે કહ્યું 'મેં આપને ઘણા જ હેરાન કર્યાં છે. કૃપા કરીને આપ મને ક્ષમા આપો.

તેમણે કહ્યું 'મારા તરફથી ક્ષમા જ છે પણ તું આવી રીતે બીજા કોઇને હેરાન ન કરીશ અને જૈન ધર્મનો સ્વીકાર કરજે.' 'તથાસ્તુ' કહીને તે અંતર્ધાન થઇ ગયો !!!

❀❀❀❀

એક વખત પૂજ્ય ગુરુદેવશ્રી પોતાના વડીલ સાધ્વીજીઓ સાથે શંખેશ્વર તીર્થે ગયા હતા. કુલ ચાર ઠાણા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીને શંખેશ્વરમાં અઠ્ઠમ કરવાની ખૂબ ભાવના હતી પણ સંયોગવશાત્ વડીલો તરફથી અઠ્ઠમ માટે અનુમતિ મળી શકે તેમ ન હતી. પૂજ્યશ્રી જ્યારે રાધનપુર પહોંચ્યા ત્યારે અઠ્ઠમની ભાવના સાથે રાત્રે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં નિદ્રાધીન થયા અને તેમણે સ્વપ્ન જોયું. 'એક મોટો નાગ આવ્યો કે જે ખૂબ જ ચમકદાર કાંતિયુક્ત હતો. પૂજ્ય ગુરુદેવશ્રીએ અન્ય સાધ્વીજીઓને પૂછ્યું, 'આવા મોટા નાગને જોઇને તમને ભય નથી લાગતો !' ત્યારે સાધ્વીજીઓએ કહ્યું કે, 'આ તો ધરણેન્દ્રદેવ છે, એટલે અમને ભય નથી લાગતો.'

ત્યાં તો એક નાનકડો બાળક રડતો રડતો ત્યાં આવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રી તેને ઉપાડવા જાય છે, ત્યાં કોઇક એમને કહે છે, 'જો તમે આ બાળકને ઉપાડશો તો આ નાગદેવ તમને ડંખ મારશે.'

પૂજ્યશ્રીએ કહ્યું 'ભલે ડંખ મારે પણ હું તો આ બાળકને રડતો જોઇ શકતો નથી.' એમ કહી એ બાળકને ઉપાડ્યો અને તેને નવકાર મહામંત્ર સંભળાવ્યો ત્યારે તે બાળક ખૂબ જ રાજી થઇ ગયો અને પેલા નાગદેવને કહ્યું, 'બાપા, બાપા, મને જે જોઇતું હતું તે મળી ગયું. તમે આમને કાંઇક વરદાન આપો !'

ત્યારે નાગરાજે પૂજ્ય ગુરુદેવશ્રીને કહ્યું, 'માંગો, માંગો, તમને જે જોઇએ તે આપું.'

પૂજ્યશ્રીએ કહ્યું, 'મને બીજું કાંઇ જ નથી જોઇતું પણ હું શંખેશ્વર જાઉં છું. ત્યાં અઠ્ઠમ કરવાની ભાવના છે. તે નિર્વિઘ્નતાએ પૂર્ણ થાય એટલું જ ઇચ્છું છું !'

'તથાસ્તુ' કહીને નાગરાજ અદ્રશ્ય થઇ ગયા.

પછી પૂજ્યશ્રી શંખેશ્વર પહોંચ્યા, વડીલોની અનુમતિ મેળવી અઠ્ઠમ તપ કર્યો. ત્રીજા ઉપવાસે રાત્રે સૂતી વખતે થોડી ચિંતા થઇ કે સવારનાં સમયસર નહિ ઉઠાશે તો રોજના સંકલ્પ પ્રમાણે જાપ કેમ થઇ શકશે ?' જાપ પૂર્ણ કર્યા વિના મુખમાં પાણી પણ નહિ નાખવાનો સંકલ્પ હતો. એ જ ચિંતામાં સૂઇ ગયા અને રાત્રે ૧૨ વાગે નિદ્રા દૂર થતાં બેસી ગયા અને નવકાર મહામંત્રનો જાપ કરવા લાગ્યા. ૧૦-૧૨ નવકાર ગણ્યા ત્યાં તો શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાન એમની સામે આવીને બેસી ગયા ને નવા-નવા રૂપ કરવા લાગ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી કહેવા લાગ્યા: 'તમે તો વીતરાગ ભગવાન છો. તો પછી નવા-નવા રુપ લઇને મને કેમ રમાડો છો ?' તો પણ એ દ્રશ્ય ચાલુ રહ્યું. ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું, 'તમે મને શ્રી સીમંધરસ્વામી ભગવાનના દર્શન કરાવો.'

અને, ખરેખર ત્યાં પૂજ્યશ્રીને અદ્‌ભૂત સમવસરણનાં દર્શન થયા. તેમાં બિરાજમાન થયેલા શ્રી સીમંધરસ્વામી ભગવાન અમૃતથી પણ સુમધુર વાણીમાં, 'પ્રમાદ ત્યાગ' વિષેની દેશના આપી રહ્યા હતા...! ભગવંતના શબ્દો પણ પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્પષ્ટ સાંભળ્યા. પૂજ્યશ્રીના આનંદનો પાર ન રહ્યો. થોડી વાર બાદ ઘંટનાદ

સંભળાયો. અને સમવસરણ અદ્રશ્ય થઇ ગયું. તેની જગ્યાએ ફરી પેલા ભીડભંજન દાદા ત્યાં આવી ગયા. અને કેટલીક વાર બાદ તે પણ અદ્રશ્ય થયા ત્યારે ઘડિયાળમાં બેના ડંકા થયા આમ બે કલાક સુધી પૂજ્યશ્રીએ કોઇ અલૌકિક દુનિયાનો આનંદ અનુભવ્યો. પછી પણ સવાર સુધી નવકાર જાપમાં જ લીન રહ્યા. સૂતા નહિ ! ને સવારે દેરાસરમાં દર્શન કરવા ગયા ત્યારે ત્યાં પણ રાત્રે દેખાયા હતા તેવા જ સ્વરુપમાં શ્રી ભીડભંજન પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન થયા અને અપૂર્વ આનંદની અનુભૂતિ થઇ.

❀❀❀❀

એક વખત કચ્છ-માંડવીમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ ખીરના ૨૦ એકાસણા તથા મૌન સહિત એક લાખ નવકાર જાપનો સંકલ્પ કર્યો હતો. રોજ ૫૦ બાધી માળાનો જાપ થતો. ત્યારે એક દિવસ પૂજ્યશ્રી જાપમાં એવા ખોવાઇ ગયા હતા કે તેમના શરીર ઉપર પુષ્કળ કીડીઓ ચડી ગઇ અને કપડામાં છિદ્ર પડી ગયા. કીડી એવા ચટકા ભરવા લાગી તો પણ ઘણીવાર સુધી પૂજ્યશ્રીને ખબર પણ ન પડી. આમ નવકાર મહામંત્રના જાપ દ્વારા પૂજ્યશ્રીએ દેહાધ્યાસ ઉપર ઠીક ઠીક વિજય મેળવ્યો છે. આવા તો બીજા ઘણા અનુભવો છે પણ પૂજ્યશ્રી બને ત્યાં સુધી કોઇને પણ જણાવતા નથી. છતાં કોઇને પણ આ અનુભવો વાંચીને નવકાર મંત્ર પ્રત્યે અટલ શ્રદ્ધા જાગે અને તેની આરાધના દ્વારા આત્મકલ્યાણ સાધી શકે એવા શુભ આશયથી અહીં આ ત્રણ પ્રસંગો રજૂ કર્યા છે.

## વગર ઓપરેશને પગની સ્થિતિ સારી થઇ

ચેમ્બુર તીર્થમાં **શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપ શરૂ થયા ત્યારથી એક દંપતિ તેમાં નિયમિત આવે. તેઓની આજ સુધીમાં એક પણ ગેરહાજરી રહી નથી. એટલું જ નહિ પોતાના સ્વજનો, મિત્રોને પણ આ નવકાર જાપમાં તેઓએ આવતા કર્યા છે. દૂર રહેતા પરિચિત લોકોને આગલા દિવસે ફોન કરીને જાપની યાદ અપાવે. એમની નવકાર નિષ્ઠાને મનોમન પ્રણામ કરવાનું મન થાય.

નવકારનિષ્ઠ આ પતિ-પત્નિમાં પતિને ડાયબિટીસ હતું. તેની સારવાર ચાલે. તેઓ નવકાર જાપમાં આવતા થયા. પછી ડાયાબિટીસ કાબુમાં આવતું ગયું. એવામાં એક વ્યાવહારિક કામે તેઓને ગુજરાતમાં પોતાના ગામ જવાનું થયું. ત્યાં પતિને કોઇ ઝેરી જંતુ કરડી ગયું કે કંઇ વાગી ગયું. શું થયું તેની ખબર પડી નહિ પણ તેમનો જમણો પગ સૂજી ગયો. મંબઇ આવી ડૉક્ટરોને બતાવ્યું. ડૉક્ટરોએ ગેગેરીન છે તેમ કહ્યું અને પગ કાપવો પડશે તેવું નિદાન કર્યું. આ દંપતિ પોતાના પર આવી પડેલી આ આફતથી ગભરાઇ ગયા. શ્રાવિકાબેનને નવકાર પ્રત્યે અનહદ શ્રદ્ધા. તેમણે કહ્યું કે હમણાં કોઇ નિર્ણય નથી લેવો. સર્વ પ્રથમ બેસતા મહિને ચેમ્બુર તીર્થમાં જઇએ. ત્યાં શ્રી આદિશ્વર દાદાના દર્શન કરીએ. અને શ્રી જયંતભાઇ 'રાહી' ના નવકાર જાપમાં બેસીએ. પછી જે સૂઝે તેમ કરીશું. બેસતો મહિનો આવ્યો. પરિવારના સર્વ સભ્યો પોતાના વડીલને ખુરશીમાં બેસાડીને ચેમ્બુર તીર્થમાં લઇ આવ્યા. અહીં શ્રી આદિશ્વર દાદાના દર્શન કરી સૌ જાપમાં બેઠાં. નવકાર જાપ પૂર્ણ થયો. જાપનો વાસક્ષેપ લઇ સૌ ઘરે આવ્યા. શ્રાવિકાબેને નક્કી કર્યું કે હમણા સાત દિવસ આ નવકાર જાપ વાસક્ષેપનો પ્રયોગ કરીએ. અને તે પછી પણ સારું ન થાય તો હોસ્પિટલનો આશરો લઇશું.

તે શ્રાવિકાબેને ઘરમાં પરમાત્માની છબી સામે અખંડ દીપકની સ્થાપના કરી. પરિવારના દરેક સભ્યોએ એ પછી વારાફરતી અખંડ નવકાર જાપ શરૂ કર્યો. અને તે શ્રાવકભાઇ ઉપર વાસક્ષેપનો પ્રયોગ પ્રારંભ્યો. આવા હળાહળ કળીયુગમાં અને પ્રવર્તતા વિજ્ઞાન યુગમાં ન માની શકાય તેવી ઘટનાનું નિર્માણ થયું. નવકાર મંત્રના પ્રભાવથી દિવસે દિવસે તે શ્રાવકના પગના સોજા ઉતરવા લાગ્યા. પગના સોજામાં થતાં પરુ વગેરેથી થતો દુખાવો ઓછો થવા લાગ્યો. ધીરે ધીરે પગ જમીન પર મૂકાવા લાગ્યો. નવકાર જાપ અખંડ ૨૭ દિવસ ચાલુ રહ્યો. જાણે અપૂર્વ ચમત્કાર થયો. શ્રાવક ભાઇના સોજા અદ્રશ્ય થઇ ગયા. વગર દવાએ, વગર ઓપરેશને પગની સ્થિતિ પૂર્વવત થઇ ગઇ. પરિવારના સર્વ સભ્યોના આનંદની તો વાત જ શી કરવી ? સૌને નવકારની શક્તિ અને પ્રભાવનો પરિચય થયો. નવકાર પરની સૌની

શ્રદ્ધા વિશેષ બળવત્તર બની. બીજો બેસતો મહિનો આવ્યો. તે શ્રાવકભાઇ સપરિવાર ચેમ્બુર તીર્થે નવકાર જાપમાં આવી પહોંચ્યા. **શ્રી જયંતભાઇ 'રાહી'**ને તેમણે આ વાત કરી. શ્રી જયંતભાઇએ આ પરિવારની નવકાર નિષ્ઠાને ધન્યવાદ આપ્યા. નવકાર મંત્ર કેવો શક્તિશાળી છે અને તેની સાધનામાં મગ્ન રહેનાર લોકોને તે અવશ્ય ફળે છે તેની પ્રતીતિ આ સત્ય બનેલી ઘટના પરથી સિદ્ધ થાય છે.

## નવકારના પ્રભાવે મારો અજબ બચાવ થયો...!

ઘાટકોપરમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ જિનાલયના પ્રાંગણમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાન યોજાય છે. છેલ્લા છ વર્ષથી અમે બંને પતિ-પત્ની આ જાપમાં નિયમિત ભાગ લઇએ છીએ. અમે બંનેએ નક્કી કર્યું છે કે ઘરની બહાર નીકળીએ ત્યારે પ્રથમ ત્રણ નવકાર ગણીને નવકાર જાપનો વાસક્ષેપ લઇને નીકળવું. અમારા ઘરમાં દીકરીનો લગ્ન પ્રસંગ આવ્યો. દીકરીના લગ્ન પ્રસંગની નિમંત્રણ પત્રિકા આપવા અમે રોજ સવારે નીકળી જતાં. તે દિવસે સોમવાર હતો. ઘાટકોપરમાં પત્રિકા આપવાનું પતાવી અમે ચેમ્બુર-મુલુન્ડ અને થાણા જવાનો કાર્યક્રમ નક્કી કર્યો હતો. તે મુજબ અમે ઘાટકોપરનું કામ પતાવી ચેમ્બુર **પૂ. જયંતભાઇ 'રાહી'**ના ઘરે પહોંચ્યા. પૂ. જયંતભાઇએ અમને આવકાર્યા અને કહ્યું કે તમે ખૂબ થાકેલા. જણાવ છો, દીકરીના લગ્નને હજુ ઘણીવાર છે. તમે હાલ ઘરે જાવ. પત્રિકા આપવાનું કામ આરામથી કરો. અમે પૂ. જયંતભાઇની વાત માની નહિ. અને થાણા-મુલુન્ડ વગેરે સ્થળોએ પત્રિકા પહોંચાડીને અમે ઘાટકોપર આવવા બસ પકડી. રાત્રી થઇ ગઇ હતી અને અમે ભૂલથી હાઇવેની બસ પકડી. અમને શંકા જતાં કંડકટરને પૃચ્છા કરી તો તેણે કહ્યું કે આ બસ ઘાટકોપર જશે નહિ. તમે હવે આગલા સ્ટોપ પર ઉતરી જાવ. બસ ધીમી ચાલતી હતી તેથી હું બસમાંથી ઝડપથી ઉતરવા ગયો પણ ઉતરવાની ગફલતને લીધે હું ચત્તોપાટ પડી ગયો. પડતા વેત જ મારા હોશકોશ ઉડી ગયા. આંખોમાં અંધારપટ છવાઇ ગયો. જે સ્થળે હું પડ્યો હતો તે હાઇવે રસ્તો હતો. અહીં પૂર ઝડપે વાહનોનું આવન-જાવન શરૂ હતું. હું ખૂબ જ ગભરાઇ ગયો હતો. મનોમન મેં નવકારનું સ્મરણ શરૂ કર્યું. એ પછી કોણ જાણે શું બન્યું તેની ખબર પડી નહિ પણ એક અજ્ઞાત શખ્શે મને ઉંચકીને રસ્તાની એક બાજુ સેફ સાઇડમાં મૂકી દીધો ! થોડીવારે મારા પત્ની મને શોધતી શોધતી અહીં આવી પહોંચી. અહીં રોડ ઉપર લાઇટ ન હતી. પરંતુ વાહનોની હેડલાઇટમાં તેણે મને પડેલો જોઇ લીધો. હું પણ થોડો સ્વસ્થ થઇ ગયો હતો. ધર્મપત્ની આવી જતાં મારામાં થોડી હિંમત આવી ગઇ. અને કોઇ ટેક્ષી મળે તો તેમાં બેસી ઘરે પહોંચવાની ધારણા રાખતા હતા. અને એક ટેક્ષી પણ મળી ગઇ. તેમાં બેસી અમે ઘરે પહોંચ્યા. આમ નવકાર મંત્રના સ્મરણથી હું મોતના મુખમાંથી બચી ગયો. નવકાર મંત્રની કેવી અજબ શક્તિ છે. તેનો સ્વાનુભવ મને તે દિવસે થયો. અને અમારા આખા પરિવારને નવકાર મંત્ર પર પૂરી પ્રીતિ અને શ્રદ્ધા થઇ.

## નવકાર મંત્રના સાક્ષાત્કારની કેટલીક ઘટનાઓ

નવકાર મંત્ર એ આપણો શ્રેષ્ઠ મહામંત્ર છે. આ મહામંત્રનું શરણ જે લે છે તે વિઘ્નોને પાર કરી શકે છે, આપત્તિઓને દૂર કરી શકે છે અને સંકટોનો સામનો કરી શકે છે. આ નવકાર મહામંત્ર માત્ર વિઘ્નહારક જ નથી ભવદુ:ખ ભંજક પણ છે. આવા મહાન મંત્રાધિરાજ વિષે અમારા કેટલાક સ્વાનુભવોનું ચિત્રણ અમે અહીં કરી રહ્યા છીએ.

અમે ત્રણ સાધુઓ વિહાર કરીને પાલી જિલ્લાના જૈતારણ પાસેના ચંડાવલ ગામમાં એક સ્થાનકમાં ઉતર્યા હતા. આ ગામમાં દેરાવાસી સમાજનું એક પણ ઘર નથી. ઉનાળાની ગરમીના દિવસો હતા. સ્થાનકના દરવાજા બંને તરફ ખૂલ્લા હતા. રાત્રીના બાર વાગ્યા આસપાસ હું સુતો હતો ત્યારે કોઇ ઝેરીલા જાનવરે મારા હાથ પર ડંખ માર્યો. હું સફાળો જાગી ગયો. મારી ઉંઘ ઉડી ગઇ. શરીરમાં એકદમ બેચેની, ગરમી અને લોહીનું પાણી થઇ રહ્યું હોય તેવો એહસાસ થવા લાગ્યો. આજની રાત્રી મારા માટે છેલ્લી રાત્રી બનશે તેમ મને લાગ્યું. હું મારી પથારી છોડીને બહાર ગેલેરીમાં આવ્યો. અહીં એક જગ્યાએ સ્થિર બેસી નવકાર

મંત્રના સ્મરણમાં એકાગ્ર ચિત્ત બન્યો. મનોમન મે પ્રાર્થના કરી કે હે નવકાર, હવે તો હું તારા જ શરણે છું. તારે જ મને ઉગારવો પડશે. સતત ત્રણ કલાક નવકાર મંત્રના જાપ મેં કર્યા. એ પછી મારા મનની બેચેની અને શારિરીક પરિતાપ ઓછા થતાં ગયા. સવાર થતાં સુધીમાં તો હું પૂર્ણ સ્વસ્થ થઇ ગયો. નવકાર મંત્રના પ્રભાવથી આમ મારો બચાવ થયો. જો કે મારા હાથ પરના સોજા એ પછી આઠ-દસ દિવસ રહ્યા પણ મને કોઇ ઉની આંચ ન આવી.

◆ ◆ ◆ ◆ ◆ ◆

પંજાબના વિહારમાં એક ભાઇએ **પૂ.આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સા.** નો પ્રસંગ મને કહ્યો તે આ પ્રમાણે છે. એક શ્રાવક **પૂ.આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સા.** પાસે આવીને કહેવા લાગ્યો કે ''નવકાર મંત્રનો આટલો અચિંત્ય મહિમા આપ દર્શાવી રહ્યા છો તો મને વિશ્વાસ બેસે એવું કંઇક કરોને ?''

**પૂ.આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.સાહેબે** પોતાના હાથમાં રહેલી મુહુપત્તિ એના હાથમાં આપીને કહ્યું કે આ મુહુપત્તિને તું તારા કાન પર લગાવ. એ ભાઇએ પોતાના કાન પર પૂજ્યશ્રીની મુહપત્તિ લગાવી તો તેને તેમાંથી નવકાર મંત્રના શબ્દો સાંભળવા મળ્યા. તે ભાઇ આશ્ચર્યચકિત બની ગયા અને કહેવા લાગ્યા કે મને નવકાર મંત્રના શબ્દ ક્યાંથી સાંભળવા મળે છે ? પૂજ્યશ્રીએ તે ભાઇને કહ્યું કે મારા મનમાં નવકાર મંત્રનો જાપ ચાલુ છે અને એ શબ્દોનું કનેકશન મુહપત્તિમાં થઇ રહ્યું છે. એથી જ તને મુહુપત્તિ દ્વારા નવકાર મંત્ર સાંભળવા મળે છે. પ્રશ્નકર્તા તે ભાઇ આ ઘટનાથી ભારે પ્રભાવિત થયા અને નવકાર મંત્રનો આ રીતનો સાક્ષાત્કાર જોવા મળતા તેની આ મહામંત્ર પ્રત્યેની શ્રદ્ધામાં વિશેષ વધારો થયો.

◆ ◆ ◆ ◆ ◆ ◆

અમે બે સાધુ સમ્મેતશિખર ગિરિરાજની યાત્રા કરી પાછા ફરી રહ્યા હતા. વિહારમાં પટણાથી સાસારામ તરફ જઇ રહ્યા હતા. માર્ગ પર વાહનોની આવન-જાવન ખૂબ જ હતી. એથી બીજા માર્ગની તપાસ કરી તો બીજો રસ્તો ગંગા નદીનો પુલ પાર કરીને વારાણસી તરફ જતો હતો. સૌથી મોટી સમસ્યા રીક્ષાની હતી. રીક્ષામાં થોડો સામાન હતો. રીક્ષા સાથે બે માણસો હતા. એક રીક્ષા ચલાવવાવાળો અને બીજા ભાઇ જૈન હતા. ગંગા નદી પુલ પરથી પસાર કર્યા પછી નજીકમાં જ એક મહાત્માના આશ્રમમાં સ્વીકૃતિ લઇને અમે વિશ્રામ કર્યો. સાથેના માણસોએ રસોઇની તૈયારી કરી. પરંતુ અહીં મહાત્માના વેશમાં અમને એક ઠગ ભટકાઇ ગયો. તેણે બીજા ૧૦-૧૫ ઠગોને લાવીને રીક્ષાને ઘેરી લીધી. રીક્ષા ચાલકને થપ્પડ મારી ભગાડી દીધો. આ શઠ ટોળકીને સમજાવવું વ્યર્થ હતું. તેઓની દાનત અમને લૂટવાની હતી. અમારી સાથેના શ્રાવક જયંતીલાલે પરિસ્થિતિ જોઇને સામાન રીક્ષામાં મૂકીને ઝડપથી તે રીક્ષા માર્ગની એક બાજુ ખસેડી લીધી. પરંતુ આ શઠ ટોળકીએ તો પૂરી ઘેરાબંધી કરી હતી. તેમાંથી હવે છટકવું અમારા માટે મુશ્કેલ હતું. આ અણચિંતવી આપત્તિથી હું વિચલિત ન થયો. મેં મનોમન સંકલ્પ કર્યો કે આ આપત્તિનું નિવારણ થશે એટલે હું સાડા બાર હજાર નવકાર જાપ કરીશ. મે મનોમન નવકાર જાપ શરૂ જ કરી દીધા હતા. એ સમયે એક એવી ઘટના બની કે અમારો સ્વયંભૂ બચાવ થઇ જવા પામ્યો. અમારા નવકાર જાપ ચાલુ હતા ત્યારે એક રૂવાબદાર વ્યક્તિની મોટર અમારી પાસે આવીને ઉભી રહી. તેમણે ગાડીમાંથી ઉતરી અમને પૂછ્યું; તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? તેમના સાથીઓએ તેમને ડોક્ટર તરીકે સંબોધન કર્યું હતું. તેથી મે ઉત્તર આપતા કહ્યું કે, ડોક્ટર સાહેબ, અમે જૈન સાધુ છીએ. બિહારની પવિત્ર ભૂમિની અમે પદ યાત્રા કરવા નીકળ્યા છીએ. આ રીક્ષા અને તેમાંનો સામાન અમારા સમાજે અમને વ્યવસ્થા માટે સોંપ્યો છે. આ લોકો અમને વિના કારણે રોકી રહ્યા છે. અમારે આગળ પ્રવાસ કરવાનો છે તેથી તમે આનો કંઇ રસ્તો કાઢી આપો. તે માણસ કોઇ નેતા જેવો લાગ્યો. તેમણે સ્થિતિ પારખી લીધી અને તે ઠગટોળીને સત્તાવાહી અવાજે કહ્યું, 'હટી જાઓ અહીંથી, આ જૈન મહાત્મા છે, તેમને તેમના રસ્તે જવા દો.' અમને પણ તેમણે ઇશારો કર્યો કે હવે તમે જલ્દી અહીંથી રવાના થાવ. જયંતીલાલ શ્રાવકે રીક્ષા આગળ ધપાવી અને અમે પણ તેમની પાછળ પાછળ ઝડપથી ચાલવા લાગ્યા. પેલી ઠગ ટોળકીની કોઇ કારી ફાવી નહિ. આમને આમ ચાર માઇલ અમે કાપી નાખ્યા.

બપોરના બે વાગવા આવ્યા હતા. અમે ખૂબ જ થાકી ગયા હતા. રસ્તામાં એક સનાતની મંદિર આવ્યું. એક જનસંઘી ભાઇની મદદથી અમે આ સંસ્થામાં સ્થિરતા કરવાનું નક્કી કર્યું. અમે સામાન ઉતારી તેની વ્યવસ્થા કરાવતાં હતા ત્યાં જ તે ડોક્ટર મહાશય અમારી પાસે આવી પહોંચ્યા. તેમણે કહ્યું, 'મહાત્માજી, સારું થયું કે આપ ઝડપથી ત્યાંથી નીકળી ગયા. મને અંદરથી પ્રેરણા મળી હતી કે આ મહાત્મા સંકટમાં છે તેથી તું તેને મદદ કર. અને હું શીઘ્ર આપની પાસે આવ્યો. અને મે જોયું કે આ તો ગુંડા ટોળકી છે અને આ મહાત્માને તેઓ પરેશાન કરી રહ્યા છે. તેથી મેં આપને જલ્દી નીકળી જવાનું કહ્યું. આસપાસના ઇલાકાના બધા જ લોકો મને ઓળખે છે તેથી આ ગુંડા ટોળકીનું કંઇ ચાલ્યું નહિ અને આપ બચી ગયા.' ખરેખર અમે બચી ગયા પણ તે બચાવ નવકાર મહામંત્રની પ્રતાપે જ થયો હતો. અમારી પાસે નવકાર જેવું અમોઘ શસ્ત્ર હોય પછી અમને કોઇ આપત્તિ હરાવી શકે ખરી ?

**—પૂ. મુનિશ્રી નરેન્દ્રવિજયજી 'નવલ'**

## હું એકલી નહોતી નવકાર મંત્ર સાથે હતો !

મારા કર્મના ઉદયે મારા પતિની કંપનીમાં મજુરોની હડતાલ થઇ. બધા ઓફિસરો કામ કરતા હતા. મારા પતિ પણ ઓફિસર હતા. તેથી તે પણ અંદર કંપનીમાં કામ કરતા હતા. બહાર ગેટ પાસે મજૂરોની ખૂબ જ ધમાલ વધતી ગઇ. પછી તો કંપનીએ બધાજ ઓફિસરોને કંપનીમાં રહેવાની સગવડ આપી. કંપનીની બહાર મજુરો સીધા છરા જ ફેંકે ને મારી નાખે.

ઘણા ઓફિસરો વહેલી સવારે પાંચ વાગે ટેક્સી કરીને ડરથી ગભરાઇને કંપની છોડી નીકળી ગયા. મારા પતિ અને બીજા ચાર જણા અંદર રહી ગયા. જો બહાર નીકળે તો મજૂરો મારી નાંખે. ઘરે અવાય નહીં ને અંદર ડર રહે.

સવારે મારા પતિનો ઘરે ફોન આવ્યો. કે 'હું શું કરું ?' કેવી રીતે બહાર આવું ?' મેં કહ્યું, 'ચિંતા નહીં કરો હું નીકળીને આવું છું.' ત્યાં તેમના મિત્રોને વાત કરી કે 'મારી સાથે કંપનીમાં ચાલો' કોઇ જ આવ્યું નહી. મારા ત્રણ બાળકો નાનાં. મોટો બાબો ૧૦ વર્ષનો, બીજો બાબો ૮ વર્ષનો અને ત્રીજો બાબો ૫ વર્ષનો. ત્રણે જણને પાડોશીને ત્યાં મૂકીને હું કંપનીમાં જવા નીકળી.

હું એકલી નહોતી. મારી સાથે મારો નવકાર મંત્ર હતો. મહામંત્ર નવકારના જાપ કરતાં કરતાં હું કંપનીમાં પહોંચી. તો ગેટની બહાર ૫૦૦ જેટલા મજૂરો તંબુ તાણીને બેઠાં હતા. કોઇ ત્યાં બીજું આવી શકતું નહીં. મને મારા મહામંત્રના પ્રતાપથી બુદ્ધિ સુઝી કે પહેલાં હું હડતાલના મજુરોને મળું. તે લોકો ૫૦૦ ને હું એકલી. નવકાર મંત્ર જપતાં જપતાં તેમના તંબુમાં ગઇ. બે હાથ જોડી, વિનંતી કરી મારા પતિનું નામ આપ્યું. અને કહ્યું મારાં ત્રણ બાળકો બહુ જ નાનાં છે. હું પાડોશીને ત્યાં મૂકીને આવી છું. હું મારા પતિને આ કંપનીમાંથી લેવા આવી છું. જો તમે તેમને કંઇ પણ ઇજા કર્યા વગર ઘરે જવા દેશો તો જ લઇ જઇશ.

તેમના નેતાએ આશ્ચર્યજનક રીતે સંમતિ આપી. અમને ઘર સુધી મૂક્યાં. કંપનીમાં મેનેજરને મળીને મારા પતિને બોલાવ્યા અને અમે બન્ને હેમ-ખેમ ઘરે આવ્યાં !

અમારા કુટુંબીજનોને ખબર પડી. બધા જ મને ઠપકો આપવા માંડ્યા, કે તું એકલી કંપની સુધી ગઇ. ત્યાં તમને બન્નેને મારી નાખ્યાં હોત તો. મેં કહ્યું 'હું એકલી નહોતી મારી સાથે મારો મહામંત્ર નવકાર હતો !' આજે પણ હું અને મારા પતિ નવકાર મંત્રની પાંચ માળા ગણીએ છીએ. અમે મહામંત્ર નવકારના પ્રતાપે સુખી છીએ.

**–ઉર્મિલા કે. દોશી (ઘાટકોપર)**

## જન્મ જન્મની પુંજી રૂપ, મહામંત્ર નવકાર !

નવકાર મંત્ર આપણું હંમેશા શ્રેય જ કરે છે. નવકાર મંત્રને હૃદયમાં સ્થાપિત કરનાર આત્માનું જીવન નિર્મળ અને પવિત્ર બને છે. તેને કદી ખોટા વિચારો આવતા નથી અને તેનાથી ખોટા કામો કદી થતાં નથી. તેના ક્રોધ, લોભ, મોહ, માન જેવા કષાયો નષ્ટ થાય છે અને તેનું જીવન ખરા અર્થમાં સાર્થક બની રહે છે.

આ જગતમાં નવકાર મંત્રનો કેવો અને કેટલો અચિંત્ય મહિમા પ્રર્વતે છે તેની પ્રેરક વાત મારા એક મિત્રે મને કરી. સુજ્ઞ વાચકોની આ સત્ય ઘટના પરથી નવકાર પરની શ્રદ્ધા

સવિશેષ દૃઢ થાય તે હેતુથી આ કિસ્સો અત્રે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવું છું.

મારા એ મિત્રના ગામનું નામ રતનપુર છે. નાનકડું ગામ એમના એ ગામમાં ધર્મદાસ કરીને જૈન વણિક રહે. ધર્મદાસમાં નામ એવા જ ગુણ. નવકાર મંત્રના તો તેઓ પરમ ઉપાસક. સુતાં, ઉઠતાં, બેસતાં તેઓ સતત નવકાર ગણતા જ રહે. ધર્મદાસ નખશીખ પ્રામાણિક માણસ. ગામમાં તેમને અનાજ-કરિયાણાની દુકાન. દુકાને નાના-મોટા કોઇપણ આવે તેમને કદી અહીં છેતરાવાનો ભય નહિ. માલ સામાનમાં કદી ઘાલમેલ કે ગોલમાલ નહિ. ન્યાયનીતિથી વ્યાપાર કરવાનો તેમનો નિયમ. ધર્મદાસની દુકાને મોટા ભાગના લોકો ઉધાર માલ લઇ જાય. કોઇની પાસે કદી ઉઘરાણી કરવાની નહિ. કોઇને માલ આપવામાં ના કહેવાની નહિ. લોકોનો પણ ધર્મદાસ પ્રત્યે એવો પ્રેમ કે સૌ સમયસર ધર્મદાસના પૈસા ચૂકવી જાય. કોઇને ધર્મદાસના પૈસા પચાવી જવાની દાનત નહિ. ધર્મદાસ પૂરા માનવતાવાદી માણસ. દીન દુઃખીઓને મદદ કરવા તેઓ સૌથી આગળ રહે. લોકોના સંકટ સમયે તેઓ સાંકળ બનીને રહે. ધર્મદાસના આવા ઉમદા ગુણને લીધે આખા પંથકમાં તેમની ભારે નામના. લોકોને પણ તેમના તરફ ભારે માન અને આદરની લાગણી.

એક વહેલી સવારની વાત છે. ધર્મદાસ નવકારનું સ્મરણ કરીને હજુ ઉઠ્યા જ હતા ત્યાં એક માણસે દોડતા આવીને સમાચાર આપ્યા કે 'કાકા, કાકા ! જલ્દી ચાલો, તમારી દુકાનમાં ચોરી થઇ છે.' ધર્મદાસ આ સાંભળીને હસવા લાગ્યા. તેમણે કહ્યું, 'અલ્યા, મારી દુકાનમાં ચોરી ? અશક્ય, મારે ત્યાં ચોરી થાય જ નહિ. હું લોકોને જોઇએ તે ઉધાર આપું છું. અને તેની ઉઘરાણી પણ કરતો નથી. પછી ચોરી કરે કોણ ?' બાતમી આપનાર માણસે કહ્યું કે 'કાકા, તમારે ત્યાં ખરેખર ચોરી થઇ છે. તમે દુકાને ચાલો. હું બતાવું.'

ધર્મદાસ દુકાને ગયા, ત્યાં જોયું તો દુકાનના બારણા ખૂલ્લા હતા. અંદર પેટી પર એક ચિઠ્ઠી પડી હતી. તેમાં લખ્યું હતું કે 'ધર્મદાસ કાકા ! ઘણી મજબૂરી આવી ગઇ છે. મારે અનાજ અને દાળ-ચોખાની જરૂર હતી. તેથી પાંચ કિલો જુવાર, બે કિલો ચોખા અને એક કિલો મગની દાળ જોખી તોળીને લીધા છે. વળી પેટીમાંથી રૂા. ૧૦૦/- પણ લીધા છે. બધા મળીને કુલ રૂા. ૨૫૦/- થાય છે. આ રકમ હું એકાદ મહિનામાં તમારી દુકાનની તિરાડમાં નાખી જઇશ. આ બાબતને ચોરી નહિ પણ ઉધારી જ ગણવા વિનંતી છે. આ ચિઠ્ઠી વાંચી ધર્મદાસની આંખમાં આંસુ આવી ગયા. બિચારો કેવો દુઃખી અને લાચાર હશે કે તેને આ રીતે વસ્તુ અને પૈસા લેવા પડ્યા ! ધર્મદાસે દુકાનમાં નજર ફેરવી લીધી. દુકાનમાં બધુ બરાબર હતું. તીજોરીમાં પડેલ પાંચ હજાર રૂપિયા પણ અકબંધ હતા. ચોરે બીજે કશે હાથ લગાડ્યો ન હતો. મહિનો પૂરો થયો અને તે ચોર દુકાનના બારણાની તિરાડમાંથી અઢીસો રૂપિયા નાખી ગયો. આખા ગામને આ વાતની ખબર પડી. લોકો બોલવા લાગ્યા કે 'ધર્મદાસ કાકા આપણા ગામના સાધુચરિત પુણ્યાત્મા છે. તેમને ત્યાં કોઇને ચોરી કરવાનું મન થાય જ નહિ. આવા દયાળું, નિષ્ઠાવંત, ધર્મપરાયણ અને ખુદાઇ ખિદમતગાર એ આપણા ગામની આન-બાન અને શાન છે.' આ બાજુ ધર્મદાસભાઇ પણ માનતા કે આ બધો પ્રભાવ અરિહંત પરમાત્માનો અને નવકાર મંત્રનો છે. આ મહામંત્રનો જેમ જેમ હું વધુ સહારો લેતો જાઉં છું, જેમ જેમ આ મહામંત્રનું વધુને વધુ સ્મરણ કરતો જાઉં છું. તેમ તેમ આ ગામના લોકોની વૃત્તિ વધુ નિર્મલ અને પવિત્ર થતી જાય છે. આ જીવન તો ક્ષણિક છે, આયુષ્યની દોર ક્યારે તૂટશે તેની કોઇને ખબર નથી. નવકાર મંત્ર સાથે છે તેથી બધુ શ્રેય જ થવાનું છે તેમાં મને કોઇ શંકા નથી.

આ ધર્મદાસ કાકા ૯૦ વર્ષની ઉંમરે અવસાન પામ્યા ત્યારે આખા ગામમાં ભારે શોકની છાયા ફરી વળી. ગામનો પ્રાણ, ગામનો આત્મા જ જાણે ચાલ્યો ગયો હોય તેવી ભારે દુઃખની લાગણી સૌએ અનુભવી. માત્ર રતનપુર જ નહિ આજુબાજુના અનેક ગામોમાંથી હજારો લોકો તેમની અંતિમ યાત્રામાં જોડાયા. અને કોઇને ન મળ્યું હોય તેવું અપૂર્વ માન લોકોએ આ પુણ્યાત્માને આપ્યું.

નવકાર મંત્રના પ્રભાવથી જીવન કેવું નિર્મલ અને પવિત્ર

બની શકે અને નવકાર સાધક લોકોના હૃદય સિંહાસન પર કંઇ રીતે બિરાજી શકે તેની આ પ્રેરક ઘટના મને-તમને સૌને વધુને વધુ નવકારમય બનાવે એ જ આ તકે મારી શુભકામના છે.

**—ડૉ. મુકેશ અમૃતલાલ વોરા (કુર્લા)**

## હવે તું નવકારનો ક્રોડપતિ થા !

હું **પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.** ના સંસારી ભત્રીજા શ્રી ચીમનલાલ ભોગીલાલનો દીકરો છું. સંવત ૧૯૬૫માં સાહેબજી જામખંભાળીઆના બાજુના ગામમાં ચોમાસું હતા. ત્યારે પર્યુષણ કરવા હું ત્યાં ગયો હતો. તે વખતે સાહેબે મને બેસાડીને પૂછ્યું, 'હસમુખ, આટલી દોડધામ કરે છે, કંઇ કમાય છે કે કેમ ?' મે કહ્યું, 'સાહેબ, સવારથી રાત સુધી નોકરી કરું છું. મુશ્કેલીથી રૂા. ૨૫૦ માંડ કમાઉં છું. સાહેબ, કંઇ વધારે કમાઉ તેવો ઉપાય બતાવો. સાહેબે ઉત્તર આપ્યો, 'જ્યાં સુધી તારા પૂર્વનાં પાપોનો ક્ષય નહિ થાય ત્યાં સુધી કંઇ મળશે નહિ. અને પાપક્ષય માટે તો નવકારમંત્ર એટમબોમ્બ સમાન છે. તેનાથી એકી સાથે મોટા પાયામાં પાપોનો નાશ થશે. જેટલાં તું નવા પાપો બાંધી નહિ શકે એટલું તારું પુણ્યનું બેલેન્સ વધવા માંડશે. અને બધી જ ચીજો તારી આજુબાજુ ઘૂમવા માંડશે.' તેમની વાત મને જચી ગઇ. મેં કહ્યું, 'સાહેબ આજથી હું શ્રી નવકારમંત્રને શરણે આવું છું. મને આશીર્વાદ આપો. અને તેમણે મને રોજ એક બાંધી નવકારવાળી ગણવાનું સૂચવી નવકારમંત્રનું દાન કર્યું. તેઓ એક એક પદ બોલાવતા ગયા, તેમ હું પદ બોલતો ગયો. નવકાર પૂરો થયા પછી વાસક્ષેપ નાખીને આશીર્વાદ આપ્યા, મને કહ્યું તું છ મહિના નિયમિત ગણજે. તું જરૂર ઉપર આવી જઇશ. 'કેટલો ઉપર આવીશ તે તું કંઇ રીતે નવકાર ગણી શકે છે તેનાં ઉપર આધારિત રહેશે.' મેં તેમના આશીર્વાદથી તે જ દિવસથી એક બાંધી માળા ગણવા માંડી. આમ તો હું મુંબઇના રૂ તથા શેરબજારમાં દલાલને ત્યાં માસિક રૂા. ૨૦૦ થી ૨૫૦ના પગારથી કામ કરતો હતો, જ્યાં સવારથી રાતના નવ સુધી કામ કરવું પડતું.

જાપ શરૂ કર્યાના ત્રણેક મહિના પછી મારા એક મામા સસરા જે વર્ષોથી જાપાન રહે છે. તેમનો અચાનક પત્ર આવ્યો કે અહીં એક ઘરના માણસની જરૂર છે. તમે જાપાન આવો તો વર્ષે પચાસ હજારનો પગાર ખાવા-પીવા સાથે આપીશ. તમારે વર્ષે ૩૦-૪૦ હજાર બચશે. ત્રણ જ મહિનામાં નવકારનો મંત્રનો પ્રભાવ દેખાયો, સાહેબજી પાસે જઇને વિગત જણાવી પૂછ્યું. જાઉં કે કેમ ? તેમણે કહ્યું, **'જહાં સુખં'** પણ ત્યાં જઇને નવકાર મંત્રને ભૂલતો નહિ. તા. ૪-૨-૧૯૬૬ના રોજ પહેલીવાર પરદેશગમન કર્યું. ત્યાં સમય વધારે મળતો હોવાથી ૧૦ નવકારવાળી ગણવાનું શરૂ કર્યું. પછી રોજ ૨૫ નવકારવાળી ગણવાનું શરૂ કર્યું. પહેલા નવ લાખ જાપ પૂરા થયા ત્યારે વાર્ષિક પગાર બે લાખ ઉપર પહોંચ્યો. ત્યાં ૧૩ વર્ષ સુધી કામ કર્યા પછી જ્યારે તેમનું કામ છોડ્યું ત્યારે મારે વાર્ષિક આવક ત્રણ લાખ રૂપિયા સુધી પહોંચી. ૧૯૭૭ની સાલમાં નોકરી છોડી મુંબઇ આવ્યો. સાહેબજીને મળ્યો. જાપની પ્રગતિ જણાવી. તેઓ ખુશ થયા. કહે, આખા ઘરમાં તને નવકાર ફળ્યો છે. હવે હું દરરોજની ૫૦ બાંધી નવકારવાળી ગણવા લાગ્યો. તેથી દર છ મહિને નવલખો નવકાર જાપ પૂરા થવા લાગ્યા. સાહેબે કહ્યું, **'હવે તું શ્રી નવકારનો કરોડપતિ થા !'** મેં તેમની આજ્ઞા માથે ચઢાવી. સાહેબજીની કૃપાથી મારી ગાડી પાટે ચઢી ગઇ છે. આજે મારો ૧૪મો નવલખો ચાલુ છે. એટલે સાહેબજીની કૃપાથી નવકારનો કરોડપતિ થયો છું. અને ભવોભવ ક્રોડો નવકાર ગણી શકું એવી શક્તિ માંગતો રહું છું.

નવકાર મંત્રના જાપના પ્રભાવે નીચે મુજબના અનુભવો થયા છે. (૧) મનમાં કોઇ પણ જાતની ઇચ્છા થાય તો તુરત પાર પડે છે. સવારે કંઇ પણ ખાવા-પીવાનું મન થયું હોય તો સાંજ સુધીમાં મળી જાય છે. (૨) કામ કરવામાં જે અગાઉ મારે સવારથી રાત્રિ સુધી રખડવું પડતું હતું, તે કામ હવે મહિનામાં એકાદ દિવસ કરવાથી થઇ જાય છે, માનસિક શાંતિ રહી છે, એકાદ કામમાં ૧૦/૨૦ હજાર રૂપિયા મળી જાય છે. (૩) પૈસા ખૂટવા આવે ત્યારે મનમાં થાય કે, હવે ઘરખર્ચમાં ખલાસ થવા આવ્યા છે...તો

ક્યાંથી પણ એકાદ ધંધો એવો થઇ જાય કે મારી જરૂરિયાત કરતાં વધારે મળી જાય છે. (૪) સ્વાભાવિક રીતે હું કોઇને પણ કંઇ કહું તો તે લગભગ સાચું પડે છે. એટલે બોલવા માટે બહુ સંભાળવું પડે છે. (૫) અઠવાડિયે, દસ દિવસે સાહેબજી સ્વપ્નમાં આવીને આશીર્વાદ આપે છે.

જાપ કરવા સવારે ઉઠીને તરત બેસું છું. પાંચ હજાર નવકાર ગણ્યા પછી દાતણ કરું છું. સવારે જાપમાં જે એકાગ્રતા આવે છે. એટલી રાત્રે નથી આવતી. સવા કલાક-દોઢ કલાકમાં જાપ પૂરો કરું છું. નવકારમંત્રનો જાપ ચાલુ કરું ત્યારે હંમેશા મને એક બગાસું આવે છે. જાણે શક્તિનો શરીરમાં પ્રવેશ ન થયો હોય ! બસ પછી જાપની ઝડપ એકદમ વધી જાય છે. અને જાપ પૂરો થાય ત્યારે પાછું બગાસું આવે છે. એટલે આવેલ કોઇ પણ શક્તિ શરીરમાંથી જતી હોય તેમ અનુભવ થાય છે. ઘણી વાર બે આંખની વચ્ચે આજ્ઞાચક્ર ફરતું હોય તેમ લાગે છે. આ મારા અનુભવો છે. દરેક માણસે સુખી થવું હોય તો નવકારની એક માળાનો જાપ તો અવશ્ય કરવો જ જોઇએ એમ મારો અનુભવ કહે છે.

**—હસમુખ ચીમનલાલ શાહ (મુંબઇ)**

## નવકાર મંત્રના પ્રભાવે એક તૂટતું કુટુંબ બચી ગયું !

નવકાર મંત્રના પ્રભાવનો આ કિસ્સો **પૂ. જયંતભાઇ 'રાહી'**ના મુખેથી સાંભળવા મળ્યો. તે અહીં સુજ્ઞ વાચકો માટે પ્રસ્તુત કરતાં અત્યંત આનંદ અનુભવું છું.

**શ્રી જયંતભાઇ 'રાહી'**ની રુચિનું ક્ષેત્ર નવકારનું સાહિત્ય છે. નવકાર અંગે પ્રાચીન અર્વાચિન સાહિત્ય મળે તે માટે તેઓ સતત તપાસમાં રહે છે. મિત્રો-સ્વજનો સાથે આ વિષય પર અવારનવાર વાતચિત પણ કરે છે. સમય મેળવી મુંબઇના પુસ્તક પ્રકાશકોની દુકાનની મૂલાકાત પણ તેઓ લે છે. એક વખત તેઓ મુંબઇના એક પુસ્તક વિક્રેતાને ત્યાં પુસ્તકો જોતાં હતાં ત્યારે એક પરિચિત ભાઇ અને તેમના ધર્મપત્ની પણ તે જ દુકાનમાં પુસ્તક ખરીદી માટે આવ્યા. તેમણે **પૂ. જયંતભાઇ**ને જોયા. તેમનું ઘર નજીક હતું. તેથી તેમણે **પૂ. જયંતભાઇ**ને પોતાના ઘરે પગલા કરવા ખાસ આગ્રહ કર્યો. **પૂ. જયંતભાઇ**એ કહ્યું કે ઘરેથી નીકળ્યાને ઘણો સમય થઇ ગયો છે માટે પછી કોઇ વાર તમારે ત્યાં આવીશું. પરંતુ પેલા દંપતિએ **પૂ. જયંતભાઇ**ની વાત માની નહિ અને કહ્યું કે તમે જે કાર્ય કરી રહ્યા છો તેને અનુલક્ષીને જ તમારું ખાસ કામ છે. અને એ અંગે જ તમારી સાથે વાતચિત કરવી છે. માટે તમે અમારા ઘરે જરૂરથી પધારો. છેવટે **શ્રી જયંતભાઇ 'રાહી'** એ દંપતિની વિનંતી સ્વીકારી તેમના ઘરે ગયા.

એ પતિ-પત્નીએ **પૂ. જયંતભાઇ**ની આગતાસ્વાગતા કર્યા બાદ તેમની આપવીતી કહી. વાત એ હતી કે તેમની એકની એક પરણાવેલી દીકરી છેલ્લા દોઢ વર્ષથી સાસરેથી પરત આવી હતી. તે દીકરીને ત્રણ નાની દીકરીઓ હતી. દીકરીને ઘણું સમજાવ્યા છતાં તે સાસરે જવાની સાફ ના પાડતી હતી. અને કહેતી હતી કે આ માટે વધુ દબાણ કરશો તો દીકરીઓને લઇને હું ગમે તે રસ્તો કરી લઇશ.

આ દીકરી લગ્ન પહેલા ખૂબ જ ધર્મનિષ્ઠ હતી. દરરોજ સવારે દેરાસરમાં પરમાત્માના દર્શન-પૂજન કર્યા પછી જ નવકારશીનું પચ્ચક્ખાણ પારતી. તેણીએ નાની ઉંમરે ઉપધાન તપ કરેલા. દર ચૈત્ર અને આસો માસની આયંબિલની ઓળી કરતી. દર તિથિએ પ્રતિક્રમણ વગેરે કરતી. આવી ધર્મનિષ્ઠ દીકરીને પરણાવ્યા પછી સાસરામાં એવી હાલત અને સ્થિતિ થઇ કે તેણીને ધર્મ ઉપર જ નફરત થઇ ગઇ. સાસરીયામાં તેણીની તમામ ધર્મકરણી પર બંધી લગાવવામાં આવી. અને અનેક પ્રકારની યાતનાઓ આપવામાં આવી. જ્યારે તેણીની સહન કરવાની અવધિ ખૂટી પડી ત્યારે રડતા હૃદયે તેણી પોતાની નાની ત્રણ પુત્રી સાથે માત-પિતાના ઘરે પાછી ફરી. અને હવે સાસરીએ ફરી પગ ન મૂકવો તેવો સંકલ્પ કર્યો. તે દીકરીના જીવનમાંથી રસ જ ઉડી ગયો હતો. આથી તેના માતા-પિતાની મુંઝવણ વધી ગઇ હતી.

**પૂ. જયંતભાઇ**એ તે દીકરીને બોલાવી સાત્વના આપી અને કહ્યું કે આ બધો કર્મનો વિપાક છે. સમયે બધુ જ સારું

થઇ જશે તેમ જણાવી શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે નવકાર જાપમાં નિયમિત આવવા કહ્યું. નવકાર જાપથી તારું ચોક્કસ શ્રેય થશે તેમ સમજાવ્યું. ઘણી સમજાવટને અંતે તે દીકરીએ નવકાર જાપમાં આવવા કબૂલ્યું. તે દીકરી પોતાના માતા-પિતા સાથે નવકાર જાપમાં આવી. જાપમાં બધા મગ્ન બન્યા. **પૂ. જયંતભાઇ**એ તેણીને કહ્યું કે ઓછામાં ઓછા હજુ બે જાપમાં તારે આવવાનું જ છે. નવકાર પર પૂરી શ્રદ્ધા રાખજે. નવકાર મંત્રના પ્રતાપે તારી બધી જ મુશ્કેલી દૂર થશે.

આ બાજુ એવી ઘટના બની કે આ દીકરીના સાસરીયા પક્ષના એક સંબંધીએ ચેમ્બુર તીર્થમાં **પૂ. જયંતભાઇ 'રાહી'** ના જાપના સૌજન્યદાતા તરીકે લાભ લીધો હતો. તેમના એ જાપમાં આ દીકરીના સાસુ-સસરા વગેરે આવ્યા. અને જાપમાં સૌ મગ્ન બન્યા. એ દિવસે **'રાહી' સાહેબે** સાસુ-વહુના સંબંધની સરસ વાત કરી. **જયંતભાઇ**ની એ વાત એ દીકરીના સાસુને એકદમ સ્પર્શી ગઇ. સાસુને પોતાની ભૂલ સમજાઇ. અને તેઓ તુરત જ તેના પુત્રને લઇને પુત્રવધૂને પોતાના ઘરે પાછી લઇ જવા આવી પહોંચ્યા. તે દીકરીના માતા-પિતા સાથે નિખાલસપૂર્ણ તેમણે વાતો કરી. દીકરીની ધર્મકરણી પર કોઇ બંધી હવે રહેશે નહિ તેમ ખાત્રીપૂર્વક કહ્યું અને અગાઉ એમનાથી જે કંઇ ખોટું વર્તન થયું તેની સાચા દિલથી તેમણે ક્ષમા માંગી. આમ પરસ્પર મિચ્છામિ દુક્કડમ્ થયા. સુખદ સમાધાન થયું. માતા-પિતાએ પ્રેમપૂર્વક દીકરીને પાછી સાસરે વળાવી ત્યારે દીકરીએ પણ નવકાર મંત્રને સદાય હૃદયસ્થ રાખવાની પ્રતિજ્ઞા કરી પતિના ઘરે જવા નીકળી. આમ જુદા પડેલ પતિ-પત્ની પુનઃ ભેગા થયા અને તેમના જીવનની નાવ સુખરૂપ આગળ ચાલવા લાગી.

આજે પણ આ પરિવારના સભ્યો **શ્રી જયંતભાઇ 'રાહી'** ના જાપમાં શ્રી નમિનાથ જિનાલય મધ્યે દર મહિને અચૂક હાજરી આપે છે. જો કે આ દીકરીના સાસુનો ગત વર્ષે જ સ્વર્ગવાસ થયો છે. પણ તેમણે તો પોતાની વહુને એ પછી એક દીકરીની જેવો પ્રેમ આપ્યો. વહુને જરા પણ દુઃખ ન થાય, વહુની ધર્મકરણી બરાબર થઇ શકે તે માટે તેઓએ જીવનના અંત સુધી કાળજી લીધી. આજે પણ સાસુના આ હૃદય પરિવર્તનનું કારણ ન શોધી શકનાર આ દીકરી સાસુની યાદ આવતા જાણે સગી મા ખોઇ હોય તેમ તેણીની આંખોમાંથી સતત શ્રાવણ ભાદરવો વરસવા માંડે છે. નવકાર મંત્રના પ્રભાવે એક તૂટતુ કુટુંબ બચી ગયું. તે આ સત્ય ઘટના પરથી જાણી શકાય છે.

**—ભૂપતભાઇ ચંપકલાલ શાહ (માનગઢ-ડોંબીવલી)**

## અને આખરે મા અને પુત્ર-પૌત્રનો મેળાપ થયો...!

લગભગ સાત વર્ષ પહેલાની એક હૃદયસ્પર્શી વાત છે. ચેમ્બુર તીર્થમાં છેલ્લા બાર વર્ષથી દર બેસતા મહિને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપની અસ્ખલિત સરવણી વહી રહી છે. આ જાપમાં સેંકડો આરાધકો ભાગ લે છે. આ જાપમાં એક સુખી-શ્રીમંત પરિવારના માતુશ્રી સાયનથી નિયમિત જાપમાં આવે. શ્રી જયંતભાઇના જાપ તેઓ કદી ચૂકે નહિ. નવકાર મંત્ર પર તેમને જબરી શ્રદ્ધા.

આ **'મા'** ના જીવનમાં એક આઘાતજનક ઘટના બનેલી. વાત એમ હતી કે આ **'મા'**ના પતિ ખૂબ જ ક્રોધી હતા. નાની અમથી બાબતમાં તેઓ ઉગ્ર સ્વરૂપ પકડી હંમેશા ઝગડો કરતાં. કોઇ કારણસર તેમના એકના એક દીકરાને અને પુત્રવધુને માટે તેમણે ઘરના બારણા બંધ કરી દીધા. પુત્ર-પુત્રવધુને બીજા સ્થાને જગ્યા લઇ આપી. પરંતુ સાયનના ઘરે આવવાની મનાઇ ફરમાવી દીધી. ફોનથી પણ સંપર્ક નહિ રાખવાની તાકીદ કરી. ઘર ખર્ચ માટેની રકમ પિતાની ઓફિસેથી લઇ જવાનું નક્કી કર્યું. તે દીકરાએ ઘરત્યાગ કર્યો ત્યારે તેની પત્ની બેજીવતી હતી એટલે કે તેને દિવસો રહ્યા હતા. સમય જતાં તે દીકરાને ત્યાં પ્રથમ પુત્રનો જન્મ થયો.

આ તરફ દીકરાના ગૃહત્યાગથી માતાએ ખૂબ વલોપાત કર્યો. પણ પતિના કડક સ્વભાવ આગળ તેનું કંઇ ચાલ્યું નહિ. માને દીકરાનો સંપર્ક રાખવો હતો પરંતુ પતિના ડરના કારણે તે શક્ય ન બન્યું. તેવામાં માને સમાચાર મળ્યા કે પોતાના દીકરાને ત્યાં પુત્ર જન્મ થયો છે. માને પૌત્રને જોવાની અને પુત્ર-પુત્રવધુને મળવાની અદમ્ય ઝંખના થઇ પણ તે સાકાર થવી ઘણી મુશ્કેલ હતી. માનો પુત્ર તરફ

અપાર પ્રેમ હોય તે સ્વાભાવિક છે. અને એટલે જ કહ્યું છે કે **'મા તે મા બીજા વગડાના વા'.** માનો પ્રેમ સ્વર્ગથી ચડિયાતો કહેવામાં આવ્યો છે અને એથી જ પુત્રની ચિંતામાં મા બિમાર પડી. તેમ છતાં તેણે ચેમ્બુરમાં **પૂ. શ્રી જયંતભાઇ**ના નવકાર જાપ તો ચાલુ જ રાખ્યા. એક બેસતા મહિને આ **'મા'** નવકાર જાપમાં ચેમ્બુર આવી. અને જાપમાં ત્રીજો સંકલ્પ સિદ્ધિનો મણકો આવ્યો. અને તેણે મનોમન પ્રાર્થના કરી કે હે પંચ પરમેષ્ઠિ ભગવંતો ! મારો એક જ મનોરથ છે કે હું મારાં પુત્ર-પુત્રવધુ અને પૌત્રનું મોઢું એકવાર જોઇ લઉં. પછી ભલે મૃત્યુ આવે તેનો મને કોઇ રંજ નથી, હું હસતા મુખે વિદાઇ લઇશ.

નવકાર જાપમાં ભાવપૂર્વક કરાયેલી માની આ પ્રાર્થનાનું સુખદ પરિણામ આવ્યું. એક દિવસ એવું બન્યું કે **'મા'** પથારીમાં હતી. શરીરે તાવ હતો. ત્યારે તેના પતિ પુત્ર-પુત્રવધુ અને પૌત્રને લઇને અચાનક તેની સમક્ષ હાજર થયો. પુત્ર-પુત્રવધુ અને પૌત્રને જોઇને માની આંખમાં હર્ષના આંસુ ઉમટી આવ્યા. આખા ઘરમાં આનંદ આનંદ થઇ ગયો. પતિએ પણ પુત્ર-પુત્રવધુને ઘરમાં સાથે રાખવા સંમતિ આપી દીધી. અને આમ ફરી આ કુટુંબ કલ્લોલ કરતું થઇ ગયું.

બીજા મહિને **'મા'** જાપના દિવસે ચેમ્બુર મધ્યે પોતાના પતિ, પુત્ર-પુત્રવધુ અને પૌત્રને લઇને આવી. સર્વ પ્રથમ આ પરિવારે ચેમ્બુર તીર્થાધિપતિ શ્રી આદીશ્વર પ્રભુના ભાવપૂર્વક દર્શન કર્યા અને પછી **પૂ. જયંતભાઇ**ના નવકાર જાપમાં જોડાયા. જાપ પૂર્ણ થયા બાદ તે **'મા'** પૂ. જયંતભાઇ પાસે આવી અને તેમના હાથમાં ૫૧ હજાર રૂપિયા ધરી દીધા. અને પોતાની આપવીતી કહી સાથે નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધાની વાત કરી. **પૂ. જયંતભાઇ**એ તે રૂપિયા તેમને પાછા આપ્યા અને કહ્યું કે-'બહેન, તમે ઘણાં જ પુણ્યશાલી છો. આ રૂપિયા તમે જ તમારા હાથે સાધર્મિક ભક્તિમાં કે અન્ય કોઇ ધર્મકાર્યમાં વાપરો. તમારી નવકાર પ્રત્યેની જે શ્રદ્ધા છે તેને કદાપિ ઓછી થવા દેશો નહિ.

આમ આ વાત્સલ્યમયી માતાનું આ ઘટના પછી છ મહિને અવસાન થયું. પરંતુ નવકાર મંત્રના પ્રભાવથી તેને પુનઃ તેના દીકરાનો મેળાપ થયો, પૌત્રનું મોઢું જોયું તે તેના જીવનનો અત્યંત સુખદ અને આનંદનો પ્રસંગ હતો. તે વાત આજે પણ તેના પરિવારના સભ્યો ભૂલી શકતા નથી. પોતાની માતાની ભાવના અનુસાર **પૂ. જયંતભાઇ**ના નવકાર જાપને જીવન સંજીવની માની તેમાં અચૂક આ પરિવાર હાજરી આપે છે. કોઇ કારણસર ચેમ્બુરનો જાપ ચૂકાય જાય તો તે પછી ઘાટકોપર મધ્યે નવકાર જાપમાં તેઓ અચૂક હાજર થઇ જાય છે.

આ પરિવાર દ્વારા સાધર્મિક ભક્તિનું સુંદર કાર્ય થઇ રહ્યું છે. આશ્રમો-હોસ્પિટલોમાં બિમાર વ્યક્તિની ભક્તિ કરાય છે. અનાથ બાળકોને વસ્ત્ર-મીઠાઇ અપાય છે. **પૂ. જયંતભાઇ**ના સાધર્મિક ભક્તિ અભિયાનમાં તેઓ અવાર નવાર નાની-મોટી રકમ મોકલે છે. તેમાંય ગરીબ અને એકલવાયા વૃદ્ધો માટે ભોજનની વ્યવસ્થાના કાર્યમાં તેઓ સહાય કરી રહ્યા છે. આમ આ પરિવાર દ્વારા પ્રજ્વલિત થયેલ માનવતાની આ જ્યોત સરાહનીય બની રહી છે. અને આ સત્કાર્યોનું શ્રેય તેઓ પોતાની માતાને અને નવકાર મંત્રને આપી રહ્યા છે.

**—ધનરાજ પોપટલાલ સંગોઇ (કોડાય-મીરાં રોડ)**

## નવકાર મંત્રે આફતમાંથી બચાવ્યા !

અમે ચાર બહેનોએ દક્ષિણ ભારતના પ્રવાસે જવાનું નક્કી કર્યું. મુંબઇથી બેંગલોર ટ્રેનમાં જવું અને ત્યાંથી ટેક્સી લઇને ફરવા જવું. એ મુજબ અમે બેંગલોર ગયા. ત્યાં અમારા જાણીતા જૈન ભાઇ મળ્યા. તેમણે અમને સારી ટેકસી અને પ્રામાણિક ડ્રાઇવર નારાયણને મેળવી આપ્યા. ફરતાં ફરતાં ત્રિવેન્દ્રમ ગયા ત્યાંથી અરવિંદ આશ્રમ જોવા પોન્ડીચેરી જવા નીકળ્યા. દસ દિવસ સુખરૂપ ફર્યા પણ કાંઇક તો વિઘ્ન નડે ને ! નહીં તો ધર્મ ભૂલાઇ જાય ! સાંજના ચારેક વાગ્યાનો સમય હતો. સાત વાગ્યે પોન્ડીચેરી પહોંચી જશું એમ ધાર્યું હતું. પણ મનુષ્યનું ધારેલું બધું પાર પડતું નથી એ અનુભવ થયો. અર્ધે રસ્તે પહોંચ્યા હશું ત્યાં ટેક્સીમાં પેટ્રોલ ખૂટી પડ્યું. રસ્તામાં પેટ્રોલ પંપ જોયો નહીં. એક નાનો એવો પેટ્રોલ પંપ જોઇને ખુશ થયા કે પેટ્રોલ મળી જશે. પેટ્રોલ ભરાવીને એકાદ માઇલ ગયા હશું ત્યાં ટેક્સી રિસાઇને ઉભી રહી ગઇ. તપાસ કરતાં ભેળસેળીયું પેટ્રોલ કેરોસીનવાળું

આપેલ. હવે ટેક્સી ચાલે નહીં. અમે મુંઝાયા. સાવ વગડો. કોઇ માણસ નહીં. ખેતર-વાડી કાંઇ દેખાઇ નહીં. જતાં-આવતાં વાહનને ઉભા રાખવા પ્રયત્ન કર્યા પણ કોઇ વાહન રોકાય નહીં. આ સંકટ સમયમાં ધર્મનું શરણું જ કામ કરશે તેમ ધારીને નવકાર મંત્રના જાપ ચાલુ કર્યા. એક ટ્રક ઊભી રાખી, તેમાં નારાયણને પેટ્રોલ લેવા મોકલ્યો. ટ્રક ચાલકના કહેવા પ્રમાણે દસેક માઇલ ઉપર પેટ્રોલ મળશે, કલાકમાં નારાયણ આવી જશે એમ ધારીને અમે ગાડીમાં બેસી નવકાર મંત્રના જાપ ચાલુ રાખ્યા. બે કલાક થઇ ગયા. અંધારુ થવા માંડ્યું. પણ ડ્રાયવર નારાયણનો પત્તો ન હતો. હવે શું થાય ? ત્યાં જાણે ગેબી મદદ મળવાની હોય તેમ એક પ્રાઇવેટ કાર નીકળી. એમાં ચાર મદ્રાસી ભાઇઓ હતા. મેં કાર રોકવા હાથ દેખાડ્યો. અમારી આપવીતી કહી. એ ભાઇઓ ઘણાં ખાનદાન અને સજ્જન હતા. તેઓ કહે તમે અમારી બહેનો છો. આ વગડામાં તમને એકલા મૂકીને અમે જશું નહીં. અમારી ટેક્સીમાંથી ભેળસેળિયું પેટ્રોલ કાઢી તેઓએ એની કારમાંથી પેટ્રોલ લઇ ટેક્સી ચાલુ કરી દીધી. પણ ડ્રાયવર વગર કેમ જવાય ? સાત વાગી ગયા, અંધારુ થઇ ગયું. હવે નારાયણને પેટ્રોલ તો મળ્યું પણ કોઇ વાહનવાળાએ તેને લીધો નહીં. કાંઇ સ્ફુરણા થઇ તે પોલીસ પાસે ગયો ને કહ્યું 'ચાર બહેનો એકલી જ છે મને કોઇ વાહનમાં બેસાડી દો તો હું ત્યાં પહોંચી જાઉં.' પોલીસે બંદોબસ્ત કરાવી આપ્યો. નારાયણને જોઇને અમારા જીવમાં જીવ આવ્યો. પેલા ભાઇઓએ ખરી માણસાઇ બતાવી. પેટ્રોલના પૈસા પણ ન લીધા. અમે તેઓનો ખૂબ ખૂબ આભાર માન્યો. નવકારમંત્રની પરમ કૃપાથી અમે પોન્ડીચેરી પહોંચી ગયા. આ છે નવકાર મંત્રનો પ્રભાવ !

**—શાંતાબેન સંઘવી (મુંબઇ)**

## સંકટ મોચક નવકાર મહામંત્ર

નાનપણથી જ જૈન ધર્મ તથા મહામંત્ર નવકારનો પ્રભાવ મારા પર રહ્યો છે. બાલ્યકાળમાં વહેલી સવારે હું જ્યારે સુતો હોઉં ત્યારે મારા પિતાશ્રી સવારે વહેલા ઊઠી અને ભાઇ બહેનો સાંભળીએ તેમ મોટેથી પહેલાં ત્રણ નવકાર મંત્ર બોલે, પછી ગૌતમસ્વામીનો છંદ, સોળ સતીઓનો છંદ, શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ બોલે. એમનો રાગ અને ગાવાની ઢબ એવી સરસ કે અમને એમ થાય કે બાપુજી આ છંદો ગાયે રાખે અને અમે સાંભળતાં જ રહીએ. ખાસ કરીને હું એમની પાસે સોળ સતીઓનો છંદ દૂરથી ગવડાવતો અને પછી એકચિત્તે સાંભળતો. પછી ઘણી વખત મનમાં સંશય થાય કે બાપુજી આ નવકારમંત્ર કે છંદો બોલે છે એ શા માટે બોલતા હશે ? એક વખત મારાથી ન રહેવાયું એટલે આ સંશય ટાળવાને પિતાશ્રીને પૂછી જ નાખ્યું કે બાપુજી તમે આમ વહેલી સવારે નવકારમંત્ર તથા છંદો બોલો છો તો એ શા માટે બોલો છો ? અને તેનાથી શો ફાયદો થાય ? ત્યારે તેમણે મને સમજાવ્યું કે નવકાર મંત્ર બોલવાથી આપણો આખો દિવસ આનંદમાં જાય અને કોઇ અશુભ વિચાર મનમાં ન આવે. અત્યારે મારા પિતાશ્રી તો હયાત નથી પણ તેમની પ્રણાલી મેં ચાલુ રાખી છે. રોજ સવારે જ્યારે હું ઊઠું ત્યારે પહેલાં ત્રણ નવકાર મંત્ર બોલું, પછી ગૌતમસ્વામીનો છંદ, સોળ સતીઓનો છંદ તથા શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ બોલું છું. અને આનાથી મારી સવાર સુધરી જાય છે. અને મનમાં સારા વિચારો આવે છે. જ્યારે પણ કોઇ વખત મુશ્કેલીમાં મૂકાઇ જાઉં છું. ત્યારે શુદ્ધ ભાવપૂર્વક, સંપૂર્ણ એકાગ્રતાથી મહામંત્ર નવકારનો જાપ કરું છું. અને મુશ્કેલીમાંથી કોઇને કોઇ સરળ માર્ગ મને નવકારમંત્રના પ્રભાવે મળી જાય છે. આટલાં પ્રારંભિક પ્રાસ્તાવિક પછી મને મહામંત્ર નવકાર અંગેનો જે જાત અનુભવ થયો છે તે જણાવું છું.

હું મારાં ધંધાનાં કામ માટે ઘાટકોપરથી મુંબઇ ટ્રેનમાં ફર્સ્ટ કલાસના ડબ્બામાં જતો હતો. બપોરના સમય હતો એટલે મને બેસવાની જગ્યા મળી ગઇ. ધીરે ધીરે એક એક સ્ટેશન પસાર થતું જતું હતું અને હું મારા વિચારમાં હતો કે મારે આજે ક્યાં ક્યાં કામો પતાવવાનાં છે. એમ કરતાં દાદર સ્ટેશન આવ્યું અને ટ્રેનમાંથી ઘણા પેસેન્જરો ઉતરી ગયા. તે દરમિયાન દાદર સ્ટેશનેથી બે જણા ટ્રેનમાં ચડી મારી સામેની સીટ પર આવીને બેઠા. તેઓ બંનેના વાળ તથા દાઢી વધેલાં હતાં. તેમાંથી એક જણ ટીકી ટીકીને મારી સામે જોવા લાગ્યો. શરૂઆતમાં મેં ખાસ ધ્યાન ન આપ્યું. પણ થોડીવાર પછી મને ચક્કર આવવા માંડ્યા અને મને

થયું કે હું થોડીવારમાં પડી જઇશ. મને મનમાં ખ્યાલ આવી ગયો કે આ માણસ તાંત્રિક લાગે છે, અને મારા ઉપર ત્રાટક કરે છે. હવે આમાંથી બચવું કેવી રીતે ? ત્યાં થોડીવારમાં ધર્મના પ્રભાવે મારા મનમાં ઝબકારો થયો કે આનો ઇલાજ તો મારી પાસેજ છે. **'અચિંત્ય ચિંતામણિ નવકાર મંત્રનો જાપ'** અને હું શુદ્ધ ભાવથી તથા અપૂર્વ શ્રદ્ધાથી નવકાર મંત્રનો જાપ કરવા લાગ્યો. મેં સાતેક વખત નવકાર મંત્રના જાપ કર્યા હશે ત્યાં તો મારાં ચક્કર એકદમ મટી ગયાં. અને હું પહેલાની જેમ જ સંપૂર્ણ સ્વસ્થ થઇ ગયો. તો પણ મેં નવકાર મંત્રના જાપ તો ચાલુ રાખ્યા. થોડીવારમાં તેઓ બંને એક સ્ટેશને ઉતરી ગયા. તેઓના ગયા પછી મને ખ્યાલ આવ્યો કે તેઓ તાંત્રિક હતા. અને મને લૂંટી લેવાના ઇરાદે મારા પર ત્રાટક કરતા હતા. બોરીબંદર સ્ટેશન આવતાં હું પણ ઉતરી ગયો પણ મને મનમાં એક માન્યતા ચોક્કસ થઇ કે નવકાર મંત્રના પ્રભાવેજ હું બચી ગયો !

**–અરૂણકુમાર નરભેરામ સંઘવી (ઘાટકોપર)**

## નવકાર મંત્રના પ્રભાવે બંધ થયેલો દરવાજો ફરીથી ખૂલ્યો !

અસમાધિ અને અશાંતિને દૂર કરવા માટે એક માત્ર ઉપાય છે નવકારનું શરણ. શારીરિક, માનસિક અને આર્થિક દુ:ખથી સંતપ્ત જીવોને પણ એક માત્ર આધાર છે નવકાર મહામંત્ર. નવકારનો આવો અચિંત્ય મહિમા સાંભળી ડોંબીવલીમાં આપના નવકાર જાપ અનુષ્ઠાનમાં અમે પતિ-પત્ની બંને જણા ઉત્સાહપૂર્વક આવતાં હતાં. મને ખ્યાલ છે કે આપના પ્રથમ જાપ વખતે દેરાસરમાં જવાનો મેઇન રોડનો રસ્તો અહીંના એક બિલ્ડરે બંધ કરાવ્યો હતો. એ વખતે જાપમાં તમે કહ્યું હતું કે છ મહિનામાં આ ગેટનો દરવાજો ખૂલી જશે અને દેરાસર આવવાનો આ રસ્તો પૂર્વવત ચાલુ થઇ જશે. જાપ બાદ માત્ર પાંચ મહિનામાં જ એ ગેટના દરવાજાના તાળા ખૂલ્યા અને કોર્ટ દ્વારા એ રસ્તો લોકો માટે કાયમ ખૂલ્લો થયો. આ ઘટના પછી નવકાર પ્રતિ અમારા પરિવારની શ્રદ્ધા વધુ બળવત્તર બની. અને અમે વધુને વધુ નવકારમય બનવા લાગ્યા.

હવે મારી મૂળ વાત પર આવું. પરભવના કોઇ કર્મને લીધે મારા પતિને કેન્સરનો જીવલેણ વ્યાધિ લાગુ પડ્યો. એમની આવી ગંભીર માંદગીમાં અમારો પરિવાર આર્થિક રીતે ભારે મુંઝવણમાં મૂકાઇ ગયો. આ સંસારમાં ક્યારે કોની પરિસ્થિતિ કેવી વળાંક લે છે તે સમજવું ખરેખર મુશ્કેલ છે. મહાનગરી મુંબઇમાં અનેક સાધર્મિકો વસે છે. તેમાં કેટલાક તો પોતાની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ હોવા છતાં પોતાનો હાથ ક્યારેય લંબાવવા ઇચ્છતા નથી. અમે પણ હિંમત હાર્યા વિના ગમે તેમ કરીને આ ગંભીર બિમારીનો ઇલાજ, ઘરખર્ચ, દીકરા-દીકરીનો અભ્યાસ વગેરે કાર્યોમાં સતત સંઘર્ષમાં રહ્યા. દીકરાને અભ્યાસ છોડાવી દાદર બજારમાં નોકરીમાં જોડવો પડ્યો. દીકરાની દાદર બજારમાં કાપડની નોકરીમાં બે હજારના પગારમાં ખર્ચ કેમ કાઢવો તે પ્રશ્ન થઇ પડ્યો. મારા પતિને સારવાર માટે ટાટા હોસ્પિટલમાં અવાર નવાર લઇ જવા પડે. અમારી મુંઝવણ વધતી ચાલી. જો કે નાની મોટી મદદ અમને મળી જતી, પણ ઘરખર્ચની તકલીફ દિવસે દિવસે વધવા લાગી.

અમે દરરોજ રાત્રે પરિવારના બધા જ સભ્યો સાથે મળીને તમે બતાવ્યા પ્રમાણે નવકાર જાપ કરતાં હતાં. આવા કપરા સમયે જ્યારે પોતાના પણ પરાયા થઇ જાય એવા સમયે તમે અમારી વહારે આવ્યા. અમારા એક સંબંધી દ્વારા તમે અમારી પરિસ્થિતિ જાણી અને તત્કાલ **કલાધર સાહેબ** સાથે જે રકમ દર મહિને મોકલાવી એનાથી અમને ઘણી રાહત થઇ. આપની સમયસરની મદદથી અમે ચિંતામુક્ત થયા. સાધર્મિકો, પ્રત્યેની આપની આવી લાગણી અને સદ્‌ભાવથી અમારું આપના પ્રત્યે માન વધી ગયું. નવકારની આરાધના કદાપિ નિષ્ફળ જતી નથી તેનો અમને ખરેખર અહેસાસ થયો.

ગત્ મહિને મારા પતિનું અવસાન થયું. તેમણે અમને એક જ શીખ આપી કે નવકારને તમે હંમેશા હૈયામાં રાખશો. નવકારના પ્રભાવે તમારું કશું જ અહિત થશે નહિ. તેમના અવસાનનું અમને ઘણું દુ:ખ છે પરંતુ તેઓ તો નવકારને સાધ્ય કરી ગયા. મૃત્યુ સમયે પણ તેમની સાથે નવકાર હતો

અને મુખ પર અનેરી પ્રસન્નતા હતી. અને અમારા માટે પણ નવકારને કાયમી સાથી બનાવવાની તેમની ભલામણ હતી.

હાલ અમારો દીકરો સારા પગારે નોકરીમાં ગોઠવાયો છે. ઘરની હાલમાં કોઇ ચિંતા નથી. પરંતુ આપે જે સદ્ભાવનાથી અમારા માટે કામ કર્યું છે તેને અમે ભૂલી શકીએ તેમ નથી. તમે અમને કોઇવાર મળ્યા નથી. કે અમને ખાસ જાણતા પણ નથી. તેમ છતાં અમારા પ્રત્યે આપની લાગણી જોઇને હૈયું ભરાઇ આવે છે. પરમ કૃપાળું પરમાત્મા આપને શાસનના આવા અનેક સત્કાર્યો કરવાનું વિશેષ બળ આપે એજ અમારી આ તકે પ્રાર્થના છે.

**—આપની એક બહેન (ડોંબીવલી)**

## વસનજીભાઇએ નવકાર જાપથી પોતાનું શ્રેય સાધ્યું....

નામ એમનું વસનજીભાઇ ગાલા. ઉંમર ૭૨ વર્ષ. મલાડમાં વર્ષોથી રહે. સાધન સંપન્ન સુખી પરિવાર. માનવ ધર્મ એજ ખરો ધર્મ એ સૂત્ર એમણે જીવનભર અપનાવ્યું હતું. એટલું જ નહિ તેને ક્ષણેક્ષણે પોતાના આચરણમાં મૂક્યું હતું. વસનજીભાઇ દેરાસર કે સ્થાનકમાં માને નહી. કદી ત્યાં જવાનું નામ નહિ. અનેક લોકોના તેઓ કામ કરે. દુઃખી-પીડિત જનોની વહારે આવે. તેમને ઉચિત સહાય કરે. બિમાર લોકો માટે બધુ કરી છૂટે. માનવતા એ જ મોટો ધર્મ તેવી તેમની દૃઢ માન્યતા. મલાડની જનતામાં તેમના માનવતાના કાર્યોની ભારે સુવાસ.

થોડાં વર્ષો પહેલા મલાડમાં **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપનો પ્રારંભ થયો. પ્રથમ જાપના દાતા તરીકે વસનજીભાઇ ગાલાના દીકરા ભરતભાઇએ લાભ લીધો. દાતા તરીકે વસનજી ગાલા પરિવારનું નામ લખાવ્યું કચ્છી ખબર પત્રિકામાં તે સમાચાર પ્રગટ થયા. વસનજીભાઇ ગાલાએ તે વાંચ્યું અને દીકરાને કહ્યું કે 'ભાઇ, હું આમાં માનતો નથી અને મારું નામ તમે પત્રિકામાં કેમ લખાવ્યું ?' ભરતભાઇએ જવાબ આપ્યો કે 'બાપુજી, નવકાર જાપ અનુષ્ઠાનનો લાભ આપણે લીધો છે અને વડીલ તમે છો તેથી આપનું નામ જ શોભે તેથી જ લખાવ્યું છે.' વસનજીભાઇએ કહ્યું 'ઠીક છે પણ હું નવકાર જાપમાં આવીશ નહિ, હું તેમાં માનતો નથી.'

બીજે દિવસે નવકાર જાપ અનુષ્ઠાન થવાના આગલા દિવસે રાત્રે જ વસનજીભાઇએ કહ્યું કે 'દીકરા, હું **જયંતભાઇ**ના નવકાર જાપમાં આવીશ અને અડધો કલાક બેસીશ.' ભરતભાઇ અને તેમનો સમગ્ર પરિવાર બાપુજીના આ નિર્ણયથી ખૂબ રાજી થયો.

બીજે દિવસે નવકાર જાપ અનુષ્ઠાન શરૂ થયા. વસનજીભાઇ ગાલા ટી શર્ટ અને પેન્ટ પહેરીને આવ્યા અને જયંતભાઇની પાસે ખુરશી પર બેઠક લીધી. અડધો કલાક તેમણે બેસવાની ઇચ્છા વ્યક્ત કરી હતી પરંતુ જયંતભાઇની નવકાર જાપની અદ્ભૂત શૈલીથી અને બોધમૂલક વાતોથી તેઓ અતિ પ્રસન્ન થયા. મલાડમાં આ જાપ સતત સાડા ત્રણ કલાક ચાલ્યો. પણ વસનજીભાઇએ તો ઉઠવાનું નામ ન લીધું. તેઓ રસપૂર્વક જયંતભાઇને સાંભળતા રહ્યાં.

નવકાર જાપ અનુષ્ઠાન પૂર્ણ થયું. વસનજીભાઇએ દીકરા ભરતભાઇને કહ્યું કે જાપમાં ખૂબ મજા આવી. નવકાર જાપ આટલો અદ્ભૂત હશે તેવી મને કલ્પના જ ન હતી. હવે તું જયંતભાઇને આપણા ઘરે પગલા કરવા તેડી લાવ. વસનજીભાઇએ પોતે પણ જયંતભાઇને વિનંતી કરી કે અમારા ઘરે પધારો. જયંતભાઇએ વસનજીભાઇનું નિમંત્રણ સ્વીકાર્યું અને તેમના ઘરે પધાર્યા. વસનજીભાઇએ જયંતભાઇને કહ્યું કે હું તો તદન નાસ્તિક છું, પરંતુ નવકાર મંત્ર તો મને આખો આવડે છે. મારા માતા-પિતાના તે સંસ્કાર છે. એમ કહી તેઓ આખો નવકાર બોલી ગયા અને કહ્યું કે નવકાર જાપ આટલો સરસ કરાવો છો તેવી મને કલ્પના જ નહિ. હવે તો હું જ્યાં જ્યાં તમારા નવકાર જાપ થશે ત્યાં ત્યાં આવીશ. દીકરા ભરતને ઉદેશીને વસનજીભાઇએ કહ્યું કે 'ભાઇ, તે મને કેમ ન કહ્યું કે નવકાર જાપમાં સફેદ કપડાં જ પહેરીને અવાય. બધા ત્યાં સફેદ કપડા પહેરીને આવ્યા હતા અને હું એક જ લાલચટાક ટી શર્ટ અને બ્લુ પેન્ટમાં બેઠો હતો. મને તો ખૂબ જ શરમ આવી'. ભરતભાઇએ કહ્યું

કે 'બાપુજી તમે જાપમાં આવવાના ન હતા. રાત્રે તમે આવવા માટે હાં પાડી. અમે સૌ રાજી થયા'. આપ જાપમાં આવી રહ્યા છો પછી બીજું અમારે શું જોઇએ ? એટલે બીજી કોઇ ચર્ચા ન કરી.

વસનજીભાઇએ ભરતને કહ્યું કે તું આજે બહાર જા ત્યારે મારા માટે બે સફેદ ઝબ્બા અને બે લેંઘા જરૂર લેતો આવજે. હવેથી હું જ્યારે જયંતભાઇના નવકારના જાપમાં જઇશ ત્યારે આ સફેદ પોષાક જ પરિધાન કરીશ.

વસનજીભાઇ જયંતભાઇ સાથે ખૂબજ નિખાલસપણે ચર્ચા કરી. નવકાર પ્રત્યેની તેમની આસ્થા હવે વધી છે તેમ પણ કહ્યું. જયંતભાઇની સમજાવવાની શૈલીથી તેઓ અત્યંત ખુશ છે તેમ પણ વારંવાર જણાવ્યું. ચા-નાસ્તો કર્યા પછી બિલ્ડીંગમાં નીચે સુધી જયંતભાઇને મૂકવા તેઓ ગયા.

વસનજીભાઇની બે દીકરીઓ અમેરિકામાં ડૉક્ટર છે. તેઓ પણ બાપુજીને મળવા મુંબઇ આવી હતી. તેમની સાથે પણ વસનજીભાઇએ જયંતભાઇ અને તેમના નવકાર જાપની સતત વાતો કરી. રાત્રે પણ સુતી વખતે જયંતભાઇ અને તેમના નવકાર જાપની વાતો ખૂબ જ હોશથી પરિવારના સભ્યો સાથે તેઓ કરતા રહ્યાં. રાત્રે બે વાગે તેઓ નિદ્રાધિન થયા. તેઓ સૂતા તે સૂતા સવારે તેમને ઉઠાડ્યા તો તેઓ ઉઠી શક્યા નહિ. રાત્રે ઉંઘમાં જ તેમને હાર્ટએકટનો હુમલો આવ્યો હતો અને ઉંઘમાં જ તેમનું અવસાન થયું હતું. જાણે નવકારના રટણ સાથેનું આ હતું સમાધિમરણ.

આમ વસનજીભાઇ ગાલા છેલ્લી ક્ષણોમાં નવકારમય બનીને સમાધિ મૃત્યુને વર્યા. તેમની સમશ્યાન યાત્રામાં સંખ્યાબંધ લોકો ઉમટ્યા. કેટકેટલા લોકોને તેમણે સહાય કરી હતી. તેમની માનવતાની સુવાસ એવી હતી કે તેમના અવસાનના સમાચાર મળતા તેમના અસંખ્ય ચાહકોને ભારે આઘાત લાગ્યો. તેમનો પરિવાર તો તેમના વડીલની આમ અચાનક વિદાયથી સ્તબ્ધ બની ગયો. તેમની અંતીમ ઇચ્છા પ્રમાણે તેમને શ્વેત ઝબ્બો-લેન્ઘો પહેરાવી તેમની અંતીમ યાત્રા કાઢવામાં આવી. તેમની અંતીમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા. આમ મલાડમાં એક પ્રખર, માનવતાવાદી મસિહા તરીકે જાણીતા થયેલા વસનજીભાઇ ગાલા છેલ્લે છેલ્લે નવકાર મંત્રના જાપ દ્વારા પોતાનું શ્રેય સાધી ગયા. આ સત્ય ઘટના જ્યારે અમે સાંભળી ત્યારે અમારું મસ્તક વસનજીભાઇની સરળતા, સહજતા, સેવાપરાયણતા અને નિખાલસવૃત્તિની સામે આપોઆપ નમી ગયું. વસનજીભાઇને અમારી ભાવભરી અંજલિ હો...!

**—ચંદ્રકાંત એમ. શાહ (મુલુન્ડ)**

## નવકાર મંત્રના પ્રભાવે ભયંકર સંકટ દૂર થયું !

નવકાર મંત્રનું સ્મરણ કરવાવાળી વ્યક્તિ આ સંસારમાં કદી દુઃખી થતી નથી. તેના જીવનમાં આવેલ વિઘ્નો, સંકટો, આફતોનું આવરણ દૂર થઇ જાય છે. અને તેનું જીવન વધુને વધુ ધર્મમય-નવકારમય થતું જાય છે. આ વિશ્વમાં નવકાર મંત્રના આવા પ્રભાવના હજારો કિસ્સાઓ બની રહ્યા છે. નવકારનું શરણ લેનાર વ્યક્તિનો કેવો ચમત્કારી બચાવ થાય છે. તેવી ઘટનાઓ આ જગતમાં નવકાર મંત્રનો કેવો અને કેટલો પ્રચંડ પ્રભાવ છે તેની પ્રતીતિ કરાવે છે. અહીં એક એવી ઘટના પ્રસ્તુત છે કે જે વાંચી લોકોને નવકાર મંત્રના પ્રભાવની વ્યાપકતાનો ખ્યાલ આવી શકે.

નવકાર મંત્ર અને શ્રી માણિભદ્ર વીરના પરમ ભક્ત એવા એક ભાઇની આ વાત છે. (એ ભાઇએ પોતાનું નામ નિર્દેશ કરવાની ના પાડતા અહીં તેમનું નામ આપેલ નથી.)

સન ૨૦૦૦ની સાલમાં તેમને શારીરિક તકલીફ થતાં ડોકટરોની સલાહ મુજબ તેઓએ એન્જોગ્રાફી કરાવી પરંતુ એ સમયે તેમણે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ને વાત કરેલી કે મારે એન્જોગ્રાફી કરાવવાની છે. કદાચ બાયપાસ સર્જરી પણ કરાવવી પડે. ત્યારે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**એ તેમને કહેલુ કે તમને કશું જ નથી, કશું થવાનું પણ નથી, તમે પૂર્વવત દોડવા માંડવાના છો. તમારી નવકાર મંત્ર પરની શ્રદ્ધા છે તેથી વિશેષ શ્રદ્ધા રાખજો અને **પૂ. જયંતભાઇ**ના એ શબ્દો તેમનો નોર્મલ રીપોર્ટ આવતા સાચા પડેલા.

આ ભાઇને હમણાં જ ફરી પાછી શારીરિક તકલીફ ઊભી થઇ હતી. શ્વાસ ચઢવાની સાથે હાથનો દુ:ખાવો પણ થવા લાગેલો. તેમણે રીપોર્ટ કઢાવ્યો તો રીપોર્ટ ઘણો ખરાબ આવ્યો. તેઓ એશિયન હાર્ટમાં તા. ૧૪-૧૦-૨૦૦૬ના રોજ એન્જોગ્રાફી કરાવવા દાખલ થયા. મનમાં સતત નવકારનું સ્મરણ અને માણિભદ્રવીરનું ધ્યાન ધરવા લાગ્યા. ડોકટરોએ તેમને કહ્યું કે સ્ક્રીન પર તમે તમારી શારીરિક સ્થિતિ જોઇ શકો છો. તેમણે કહ્યું કે કે સાહેબ, મારે કાંઇ જોવું નથી. હું તો નવકારના સ્મરણમાં છું, તમે તમારૂં કામ કરો હું મારું કામ કરું છું. થોડીવારમાં તો ડોકટરે કહી દીધું કે તમને એન્જોપ્લાસ્ટની બિલકુલ જરૂર નથી. તમે થોડો આરામ કરી આવતી કાલે ઘરે જઇ શકો છો.

આમ આ ભાઇની નવકાર મંત્ર પ્રત્યેની પરમ શ્રદ્ધા અને માણિભદ્ર વીર પ્રત્યેની ભક્તિનો પરચો મળ્યો. તેમના પર આવેલી આફતના વાદળો મહામંત્રના પ્રભાવે વિખરાઇ ગયા. નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધા કેવું અકસીર કામ કરે છે તેની પ્રતીતિ આ સત્ય ઘટના કરાવે છે. આપણે સૌ પણ નવકાર મંત્રનું શરણું લઇએ. તેનાં સતત જાપ-સ્મરણ દ્વારા આપણું અને આપણા પરિવારનું શ્રેય સાધીએ.

❁ ❁ ❁ ❁

## નવકાર મંત્રે એ યુવાનને નવજીવન આપ્યું !

જેમ ભોજનનો પ્રત્યેક કણ શરીરને પોષણ આપે છે, ઇન્દ્રિયોની શક્તિ વધારે છે તેમ નવકાર મહામંત્રના રટણ-સ્મરણ-જાપથી મનુષ્યના સર્વ દુ:ખો દૂર થાય છે. એટલું જ નહિ આ મહામંત્રના શરણથી અજ્ઞાન, કષાય અને પ્રમાદ મંદ પડે છે. મન અને બુદ્ધિ શુદ્ધ અને પવિત્ર બને છે. નવકારના શરણથી મનુષ્યનું હંમેશા શ્રેય જ થવાનું છે તે વાત નક્કી જ છે. અહીં નવકારના પ્રભાવનો એક વિરલ કિસ્સો પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

ગત્ વર્ષે ચોમાસાના સમયમાં જ **શ્રી જયંતભાઇ ‘રાહી’**ના વાપી નગરમાં નવકાર જાપનું આયોજન થયું હતું. વાપીમાં **પૂ.પં. શ્રી રવિશેખરવિજયજી મ. સાહેબ** આદિ ઠાણા રાજસ્થાન જૈન શ્વે.મૂ. સંઘ-ભૈરવધામના ઉપાશ્રયમાં ચાતુર્માસ કરી રહ્યા હતા. શેષકાળમાં પૂજ્યશ્રી ચેમ્બુરમાં **શ્રી જયંતભાઇ ‘રાહી’**ના નવકાર જાપમાં પધાર્યા હતા ત્યારે શ્રી જયંતભાઇ ‘રાહી’ને કહ્યું હતું કે તમારા જાપનું આયોજન અમારા ચાતુર્માસમાં વાપીમાં કરવાનું છે. તમે તૈયાર રહેજો. શ્રી જયંતભાઇ ‘રાહી’એ પણ પૂજ્યશ્રીને વચન આપ્યું હતું કે આપ સાહેબ જ્યારે બોલાવશો ત્યારે હું નવકાર જાપ કરાવવા વાપી જરૂર આવીશ.

**પ.પૂ. શ્રી રવિશેખરવિજયજી મ.સાહેબ**નું નિમંત્રણ આવ્યું. વાપીના નવકાર જાપ નક્કી થયા. અને એ સમયે ગુજરાતમાં વરસાદનું ભારે તોફાન ચાલતું હતું. **શ્રી જયંતભાઇ ‘રાહી’**ને પરિવારના સર્વ સભ્યોએ ત્યારે વરસાદી માહોલ હોઇ વાપીના જાપનો કાર્યક્રમ કેન્સલ કરવા આગ્રહ કર્યો. પરંતુ **શ્રી જયંતભાઇ ‘રાહી’** મક્કમ રહ્યા. તેમણે કહ્યું કે મેં પૂજ્યશ્રીને વચન આપેલું છે. અને તેઓએ આ જાપની પૂરી તૈયારી કરી છે. તેથી હવે આ જાપ કાર્યક્રમ કેન્સલ થઇ શકે નહિ. નવકારના પ્રતાપે વાપીમાં આ જાપ થશે જ અને અમને તેમાં કશી જ મુશ્કેલી પડવાની નથી.

**શ્રી જયંતભાઇ ‘રાહી’** તેમના સાથીદારો સાથે કારમાં વાપી જવા નીકળ્યા. રસ્તામાં ભારે વરસાદ પડી રહ્યો હતો. ટ્રાફિક પણ ઘણે ઠેકાણે જામ થઇ ગયો હતો. તેમ છતાં તેઓ નિર્વિઘ્ને વાપી પહોંચ્યા. બીજે દિવસે પૂજ્યશ્રીની નિશ્રામાં **શ્રી જયંતભાઇ ‘રાહી’**ના નવકાર જાપનો પ્રભાવશાલી પ્રારંભ થયો. ગત્ આખી રાત વાપીમાં ધોધમાર વરસાદ પડતો રહ્યો હતો. લોકોને પણ લાગ્યું હતું કે આવા તોફાની વરસાદમાં જાપ કેમ થઇ શકશે ? પરંતુ નવકાર જાપના સમયે વરસાદે જાણે કે તેની માયા સંકેલી લીધી. વરસાદ બિલકુલ થંભી ગયો. સવારના આઠથી એક વાગ્યા સુધી વરસાદનું એક ટીપુ પણ પડ્યું નહિ. નવકાર જાપ ખૂબ ભાવોલ્લાસથી થયા. આ જાપમાં સુરત, વલસાડ, વાપીના અનેક ગામોમાંથી અસંખ્ય ભાવિકો પધાર્યા હતા. જાપના કાર્યક્રમમાં વિશાળ જનમેદની ઉમટી હતી.

વાપીના આ નવકાર જાપમાં સુરતના એક અઢાર વર્ષના યુવાનને વ્હીલચેરમાં લાવવામાં આવ્યો હતો. આ યુવાનને કમ્મરમાં ભયંકર તકલીફ હતી. આ યુવાન ચાલી

પણ શકતો ન હતો. અને સારી રીતે બેસી પણ શકતો ન હતો. તેના ઇલાજ માટે તેમના પરિવારે અમદાવાદ-મુંબઇમાં નિષ્ણાત ડોકટરોને મળીને ઘણા પ્રયત્નો કર્યા હતા. પરંતુ આ યુવાનને જરા પણ સારું થયું ન હતું. આવા ભયંકર યાતનામય જીવન જીવતા આ યુવાનને નવકાર જાપમાં એ આશયથી લાવવામાં આવ્યો કે આ જાપના પ્રતાપે તેને કંઇક રાહત મળે. આ યુવાને વ્હીલ ચેરમાં બેસીને નવકાર જાપ ભાવપૂર્વક શરૂ કર્યા. સંકલ્પ સિદ્ધિનો ત્રીજો મણકો આવ્યો અને જયંતભાઇએ **'દરિશન દો એકવાર...'** એ ભક્તિ ગીત બુલંદ અવાજે શરૂ કર્યું અને આ યુવાનના શરીરમાં ઓચિંતો આંચકો આવ્યો અને તે સડાક કરતો વ્હીલચેરમાં ઊભો થઇ ગયો. અને નીચે ઉતરી તાળીઓ પાડતો પાડતો **શ્રી જયંતભાઇ 'રાહી'**ની પાસે આવીને ભક્તિમાં ઝુમવા લાગ્યો. તેના માતા-પિતા અને અન્ય પરિવારજનો તો તેની આ પ્રતિક્રીયા જોઇને આશ્ચર્ય ચકિત થઇ ગયા. આ યુવાન ઉભો થયો, ચાલ્યો તે દૃશ્ય નિહાળી તેના સર્વ સ્વજનો આનંદ વિભોર બની ગયા. નવકારના અચિંત્ય પ્રભાવની આ સત્ય ઘટના છે. તે યુવાન પૂર્વવત સાજો થઇ ગયો. તેને કોઇ તકલીફ ન રહી. નવકારના શરણથી કેવો ચમત્કાર સર્જાયો તે જોઇને આ યુવાનની અને તેના પરિવારજનોની નવકાર પ્રત્યેની શ્રદ્ધામાં અગણિત વધારો થયો.

વાપીના જાપ પૂર્ણ થયા. **શ્રી જયંતભાઇ 'રાહી'** અને તેમના સાથીઓ મુંબઇ પાછા આવવા કારમાં રવાના થયા. ફરી પાછો વરસાદ શરૂ થયો. રસ્તામાં ઠેર ઠેર પાણી ભરાયેલા હતા. વાહનો અટકી ગયા હતા. ટ્રાફિકની સમસ્યા વધી ગઇ હતી. વરસાદ થંભી જવાનો કોઇ અણસાર જણાતો ન હતો. **પરંતુ હજારો લોકોને નવકારમય બનાવનાર નવકારના પરમ સાધક શ્રી જયંતભાઇ 'રાહી'ને કોઇ વિઘ્નો નડે ખરાં ?** તેઓ સુખરૂપ મુંબઇ આવી પહોંચ્યા. તેઓ વાપી થી મુંબઇ પરત આવ્યા તેના બીજા જ દિવસે સુરતમાં મહા વિનાશક પુર આવ્યા. સમગ્ર સુરત તેમાં ડૂબી ગયું. જો વાપીમાં નવકાર જાપ એકાદ-બે દિવસ મોડા રખાયા હોત તો એ પછી શરૂ થયેલા વરસાદી તાંડવમાં આ જાપ કેન્સલ જ કરવા પડેત. વાપીના જાપ માટે કુદરતનો કોઇ સંકેત જ હશે અને નવકારના પ્રભાવનો પણ તેમાં હિસ્સો હશે. તેથી વિપરીત સંજોગોમાં પણ વાપીના આ નવકાર જાપ નિર્વિઘ્ને, સુખરૂપ પૂર્ણ થયા. તેમાં કોઇને કશી જ મુશ્કેલી સહેવી ન પડી.

## નવકાર મંત્રના પ્રભાવથી હાથ-પગની અશક્તિ દૂર થઇ !

નવકાર મંત્ર એ વિશ્વનો શ્રેષ્ઠ મંત્ર છે, મંત્રાધિરાજ છે. તેના શરણે આવનારના પ્રત્યેક દુ:ખો, સંકટો, આપત્તિઓ દૂર થાય છે એટલું જ નહિ નવકારના સતત સ્મરણથી મનુષ્યમાં રહેલ અજ્ઞાનરૂપી અંધકાર નષ્ટ થાય છે અને સમ્યક્‌દૃષ્ટિ લાધે છે. નવકારના પ્રભાવની એક સત્ય ઘટના અત્રે પ્રસ્તુત છે. આ વર્ષે ચેમ્બુર તીર્થમાં **પૂ. વિદ્વદ્‌વર્ય મુનિશ્રી સર્વોદયસાગરજી મ.સા.**નું ચાતુર્માસ હતું. પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અને **શ્રી જયંતભાઇ 'રાહી'**ની રાહબરી હેઠળ અહીં પાંચ દિવસના નવકાર અનુષ્ઠાનનું સુંદર આયોજન થયું હતું. મોટી સંખ્યામાં આરાધક ભાઇ-બહેનોએ આ નવકાર અનુષ્ઠાનમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં એક બહેન પણ જોડાયા હતા. આ બહેનને છેલ્લા દસેક મહિનાથી પગના અને હાથના હાડકા નબળા પડી ગયા હતા. વળી તેમાંય બે મહિનાથી તેમના બંને હાથની આંગળીયો વળી (Bend) ગઇ હતી. ઘણાં નિષ્ણાંત ડોકટરોને બતાવ્યું, ઘણી સારવાર કરી પણ તકલીફ ઓછી થતી ન હતી. ચાલવાની પણ મુશ્કેલી પડતી હતી. કુટુંબીજનોના સાથથી જ તેઓ ખાઇ.પી શકતા હતા. આ બહેનનું જીવન એકંદરે પરવશ થઇ ગયું હતું.

આ બહેનને નવકાર મંત્ર ઉપર પૂરી આસ્થા હતી. તેમણે સાંભળ્યું કે ચેમ્બુર તીર્થમાં પાંચ દિવસના નવકાર અનુષ્ઠાન છે, નવકાર જાપ સહ વિવિધ કાર્યક્રમો છે. તેમાં ભાગ લેવાથી સારું પણ થઇ જાય તેથી તેઓ આ કાર્યક્રમમાં પોતાના પરિવાર સાથે આવી પહોંચ્યા.

આ નવકાર અનુષ્ઠાનમાં એમના પરિવારે નવકાર યંત્ર પૂજાનો લાભ પણ લીધો. પરિવારના સભ્યોની સહાયથી આ બહેને ભાવપૂર્વક નવકાર યંત્રની પૂજા પણ કરી. નવકાર અનુષ્ઠાનના આ કાર્યક્રમોમાં પાંચેય દિવસ આ બહેન હાજર

રહ્યા. તેઓએ મનના ઉલ્લાસથી નવકારની આરાધના કરી. આ બહેનની નવકારની અપ્રતિમ ભક્તિએ ચમત્કાર સર્જ્યો. પાંચમા દિવસે **શ્રી જયંતભાઇ 'રાહી'**ના જાપ શરૂ થયા અને આ બહેન નવકારની આરાધનામાં મગ્ન હતા. ત્યારે તેમની હાથની આંગળીઓ વળી ગઇ હતી તે છૂટ્ટી થઇ ગઇ. તેમના હાથનું હલન-ચલન વ્યવસ્થિત ચાલવા લાગ્યું. પગની તકલીફ પણ દૂર થઇ, તેમના કુટુંબીજનો પણ આશ્ચર્ય પામ્યા. આ બહેને તો એ પછી ચાલીને ચેમ્બુર તીર્થાધિપતિ શ્રી આદિશ્વર દાદાની ભમતીની ત્રણ પ્રદક્ષિણા કરી, મીની શત્રુંજય તીર્થના પણ દર્શન કર્યા અને ત્યાં મૂકાયેલ નવકાર કુંભના પણ તેમણે દર્શન કર્યા. આમ તેમના હાથ પગની જે તકલીફ હતી તે નવકારના પ્રભાવથી દૂર થઇ ગઇ. ડૉક્ટરોએ પણ હાથ ઉંચા કરી દીધેલા એવી સ્થિતિમાં તેમની નવકાર ભક્તિ કામ કરી ગઇ. નવકારનો પ્રભાવ કેવો અચિંત્ય છે તેનું દર્શન કરાવતી આ સત્ય ઘટના ઘણા લોકોએ નજરે નિહાળી. **પૂ.જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ જ્યાં જ્યાં યોજાય છે ત્યાં ત્યાં નવકાર પ્રભાવની આવી અનેક ઘટનાઓ બની રહી છે. ન માની શકાય, ન કલ્પી શકાય એવી ઘટનાઓ બનતી રહે છે. ખરેખર આ જગતમાં નવકાર મંત્ર જેવું સચોટ ઔષધ અન્ય કોઇ નથી. નવકાર પરની આસ્થા અને શ્રદ્ધા રાખનારને તેનું ફળ અવશ્ય મળે જ છે. તે વાત આ બહેનના કિસ્સા પરથી સિદ્ધ થઇ. આપણે સૌ પણ નવકાર મહામંત્રનું શરણ લઇ વધુને વધુ નવકારમય બની આપણું કલ્યાણ સાધીએ એ જ પરમાભિલાષા....

❁ ❑ ❁ ❑ ❁ ❑

## નવકાર તારો મહિમા અપરંપાર...!

મુંબઇના કાંદિવલીમાં ચારકોપ વિસ્તારમાં એક જૈન ભાઇ રહે. કાંદિવલીમાં એ સમયે **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાનનું આયોજન થયું હતું. તેમાં તે ભાઇનો આખો પરિવાર ભાગ લેવાનો હતો. જયંતભાઇના જાપ હતા તે દિવસે જ સવારે તે ભાઇને સમાચાર મળ્યા કે તેમના સસરા ઓચિંતા બેભાન થઇ ગયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. પોતાના સસરાની આવી સ્થિતિ જાણીને તેઓ શીઘ્ર તેમની પાસે હોસ્પિટલમાં પહોંચવા માંગતા હતા પરંતુ તે ભાઇની દીકરીએ કહ્યું કે આપણે ત્યાં નવકાર જાપ છે તે અનુષ્ઠાન કરીને જ નીકળીએ. નવકારના પ્રભાવે તેમને સારું જ થઇ જશે. તે ભાઇનો પરિવાર નવકાર જાપમાં જોડાયો અને સૌએ ભાવપૂર્વક નવકાર જાપનો વાસક્ષેપ લઇ તેઓ બધા તુરંત જ હોસ્પિટલ પહોંચ્યા. હોસ્પિટલમાં તે ભાઇએ પોતાના સસરાની બેભાન અવસ્થા જોઇ. તેમનો ઉપચાર ચાલુ હતો પણ કંઇ ખાસ સુધારો જણાતો ન હતો. તે ભાઇએ મનોમન નવકાર મંત્રનું સ્મરણ કરીને નવકાર જાપનો વાસક્ષેપ તેમના સસરાના માથામાં નાખ્યો. થોડીવાર થઇ ત્યાં તો જાણે ચમત્કાર જ થયો. તેમના સસરાએ આંખો ખોલી અને હું ક્યાં છું ? આ કંઇ જગા છે ? મને અહીં કોણ લાવ્યું ? વગેરે પ્રશ્નો પૂછવા લાગ્યા. હોસ્પિટલમાં ડૉક્ટરને સમાચાર આપતા તેઓ તુરંત જ આવ્યા અને તેમને પણ આશ્ચર્ય થયું કે આ કાકાની સ્થિતિ સિરિયસ હતી અને તેમાં એકાએક સુધારો કંઇ રીતે થયો. ડૉક્ટરે ફરીથી તેમના શરીરનું ચેકઅપ કર્યું. બધુ જ નોર્મલ આવ્યું. ડૉક્ટરે તેમને ઘરે જવાની રજા આપી. આમ તે ભાઇના સસરા નવકાર મંત્રના પ્રભાવથી રોગમુક્ત, ભયમુક્ત બન્યા. સૌએ નવકાર મંત્રનો પ્રભાવ જાણ્યો અને સૌના હૃદયમાં નવકારમંત્ર પ્રતિ ઊંડી શ્રદ્ધાના બીજ રોપાયા. આમ નવકાર મંત્ર કેવો ચમત્કાર સર્જી શકે છે તે આ ઘટનાથી સિદ્ધ થયું.

❁ ❁ ❁ ❁

મુંબઇમાં ભાતબજારમાં રહેતા એક ભાઇનો આ કિસ્સો જાણવા જેવો છે. તે ભાઇનો આમતો સામાન્ય ધંધો. ઘરમાં ત્રણ યુવાન પુત્રીઓ. તેમાં મોટી પુત્રીના લગ્ન નક્કી થયા તેની ઘરમાં તૈયારી ચાલવા લાગી. તે ભાઇને ઘણા સમયથી માથાનો દુ:ખાવો રહ્યા કરે. તે માટે તેઓ સામાન્ય ઘરગથ્થુ ઉપચાર કર્યા કરે. એક દિવસ રાત્રે તે ભાઇ સુતા અને સવારે તેમને ઉઠાડતા ઉઠે જ નહિ. જોયું તો તેઓ બેભાન અવસ્થામાં હતા. તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કર્યા. હોસ્પિટલના ડોક્ટરોએ કહ્યું કે તેમના મગજને ઘણું

નુકસાન થઇ ચૂક્યું છે. હવે તેમનું તાત્કાલિક ઓપરેશન કરવું પડશે. કદાચ એવું પણ બને કે આ દર્દી કાયમ કોમામાં પણ સરી પડે !

તે ભાઇના પરિવારના સભ્યો આ વાત સાંભળીને ખૂબ જ ચિંતામાં પડ્યા. તે ભાઇના એક બહેન ઘાટકોપરમાં રહે. તેઓ તાત્કાલિક ચેમ્બુર દેરાસર આવ્યા અને શ્રી આદિશ્વર દાદાને પ્રાર્થના કરી કે મારા ભાઇને જલદી સારું થઇ જાય. તે દિવસ બેસતા મહિનાનો હતો. તેથી અહીં ચેમ્બુરતીર્થમાં **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ હતા. તે બહેન નવકાર જાપમાં બેઠાં અને જાપની પૂર્ણાહુતિ પછી નવકાર જાપનો વાસક્ષેપ લીધો અને સીધા હોસ્પિટલ પહોંચ્યા. હોસ્પિટલમાં પહોંચીને નવકાર મંત્રનું સ્મરણ કરીને પોતાના ભાઇના માથે જાપનો વાસક્ષેપ નાખ્યો. એ પછી તે ભાઇનું ઓપરેશન શરૂ થયું અને ડોકટરોની ધારણાથી વિરુદ્ધ આ ઓપરેશન પછી તે ભાઇને એક જ કલાકમાં શુદ્ધિ આવી ગઇ અને બધા સાથે સારી રીતે વાતચિત કરવા લાગ્યા. પાંચ દિવસ હોસ્પિટલમાં રહ્યા બાદ તેમને ઘરે જવાની રજા મળી. ઘરે આવ્યા પછી તેમના બધા જ કાર્યો ઉકેલાતા ગયા. વ્યવસાયમાં પણ વિશેષ સફળતા મળવા લાગી. તેમના પરિવારના સર્વ સભ્યોએ કબૂલ કર્યું કે નવકાર મંત્રનો પ્રભાવ જ આની પાછળ કામ કરી રહ્યો છે. આ દિવસથી તે ભાઇની સાથે તેમના પરિવારના સર્વ સભ્યોની નવકાર મંત્ર પ્રત્યેની આસ્થા વધી અને તેઓ સૌ વધુને વધુ નવકારમય બનતા ગયા.

ખંભાતના એક ભાઇ મુંબઇમાં કિંગ સર્કલ વિસ્તારમાં રહે. તેમના એક દીકરા નિયમિત **શ્રી જયંતભાઇ 'રાહી'**ના જાપમાં આવે. આ ભાઇની ધર્મપત્નીની સાચા હીરાથી મઢેલી સોનાની બે કિંમતી વીટીઓ કેટલાક સમયથી મળતી ન હતી. ખૂબ જ શોધખોળ કરવા છતાં તેનો ક્યાંય પત્તો મળ્યો નહિ. કબાટ, રસોડુ, આખું ઘર ત્રણ-ચાર વાર જોઇ લીધું તો પણ એ વીટીઓ મળી નહિ તેથી નિરાશ થઇને હવે આ વીટીઓ મળશે નહિ એમ સમજીને તેને શોધવાના પ્રયત્નો છોડી દીધા.

વીટીઓ ખોવાયાના થોડા દિવસ પછી તે ભાઇના સુપુત્ર નવકાર જાપમાં આવ્યા. ખંભાત નિવાસી આ પરિવારને તાજેતરમાં શ્રી ચેમ્બુર તીર્થે નવકાર જાપના સૌજન્ય દાતા તરીકે લાભ મળ્યો હતો. તેઓ ભાવપૂર્વક નવકાર જાપ પૂર્ણ કરીને પરત ઘરે આવ્યા. ઘરે આવીને કોઇ કામસર કબાટ ખોલતા કબાટની અંદર વીટીઓની ડબ્બી દેખાઇ. તેમણે શીઘ્ર તે ડબ્બી હાથમાં લઇને ખોલી તો પોતાની ખોવાઇ ગયેલી તે બન્ને કિંમતી વીટી નિહાળી. તેમને ખૂબ આશ્ચર્ય થયું. આશ્ચર્ય એટલા માટે કે આ વીટી માટે આખા ઘરની વારંવાર તપાસ કરી હતી અને કબાટમાં પણ અનેકવાર તપાસ કરી હતી પણ તે વીટી મળી ન હતી અને આજે અચાનક આ વીટીઓ કબાટમાંથી મળી આવી. આ વીટી ક્યાં હતી અને તેને કોણ મૂકી ગયું તે રહસ્ય જ રહ્યું. ઘણા વિચાર મંથન પછી તે ભાઇને ચોક્કસ થયું કે આ નવકાર મંત્રનો જ પ્રભાવ છે. જેનાથી પોતાની અને તેમના પરિવારના સભ્યોની નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધા વધુ દ્રઢ બની. આ કલિકાલમાં નવકાર મંત્ર જ આવો ચમત્કાર સર્જી શકે છે તે આ ઘટનાથી ફલિત થયું. હાલ ખંભાતનિવાસી આ પરિવાર ચેમ્બુર તીર્થમાં યોજાતા નવકાર જાપ અનુષ્ઠાનમાં નિયમિત આવે છે.

❁ ❁ ❁ ❁

**શ્રી જયંતભાઇ 'રાહી'**ના જાપમાં નિયમિત આવતા એક બહેને નવકાર મંત્ર પ્રત્યેના પોતાના સ્વાનુભાવનો એક અદ્‌ભૂત કિસ્સો અમને કહ્યો અને તે સુજ્ઞ વાચકો માટે તેમના જ શબ્દોમાં અમે અહીં પ્રસ્તુત કરીએ છીએ.

તે ધન્ય દિવસ પોષ સુદિ એકમનો, બેસતા મહિનાનો. તા. ૩૦-૧૨-૧૯૯૭નો પરમ પવિત્ર દિવસ. ચેમ્બુર તીર્થમાં હું **શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપમાં બેઠી હતી. એ સમયે નવકારનો મહિમા સમજાવતા શ્રી જયંતભાઇએ જીનીવા ખાતેની વિશ્વધર્મ પરિષદમાં એક મુસ્લીમ મૌલવીની નવકાર મંત્ર પ્રત્યેની આસ્થાની હૃદયસ્પર્શી વાત કરી હતી. હું તે વાત સાંભળતા સાંભળતા જ આંખો બંધ કરીને નવકાર મંત્રના સ્મરણમાં લયલીન બની. હું આ મહામંત્રના ધ્યાનમાં એટલી મગ્ન બની કે જાણે સારી દુનિયાને ભૂલી ગઇ. મને આ મહામંત્રના ધ્યાનમાં તે સમયે સર્વ

પ્રથમ ૐના દર્શન થયા. પરમાત્માની દેશના સભાના દર્શન થયા. પરમાત્મા ઉપર અલૌકિક પુષ્પોની વૃષ્ટિ થતી મેં જોઇ. પરમાત્માની સેવામાં ચામર વિંઝતા દેવ-દેવીઓના પણ મને દર્શન થયા. મારું મન એ સમયે ઉત્તરોત્તર પરમાત્મામય, નવકારમય બનતું ચાલ્યું. આ મારી સર્વ પ્રથમવારની અદ્‌ભૂત અનુભૂતિ.

નવકાર જાપમાં બીજી વખત પણ મને આ રીતની અનુભૂતિ થઇ. તેમાં મેં શ્રી પાર્શ્વનાથ પ્રભુ, શ્રી મહાવીરસ્વામી ભગવાન અને શ્રી ગૌતમસ્વામીના દર્શન કર્યા. પરમાત્માની આજુબાજુ પ્રચંડ તેજસ્વી સોનેરી પ્રકાશને ઝળહળતો જોયો. પરમાત્માનું મનોહર મુખારવિંદ આજે પણ ભૂલી શકાય તેમ નથી. આ મારી બીજી અનુભૂતિ થઇ.

ત્રીજી વખત પણ નવકાર જાપમાં આવી સુખદ અનુભૂતિ થઇ. તેમાં મેં શ્રી મહાવીર પરમાત્માના સમવસરણના દર્શન કર્યા. વીર પરમાત્માને માલકોશ રાગમાં દેશના આપતા નજરે નિહાળ્યા. પ્રભુની આ દેશના સભામાં દેવ-દેવીઓ, માનવ સમુદાય, પશુ-પંખીઓ વગેરેને એકચિત્તે દેશના સાંભળતા જોયા. હું પણ પરમાત્માની અમોઘ એવી આ દેશના સાંભળવામાં તલ્લીન બની. વીર પરમાત્માની તેજસ્વી પ્રતિભા અને પ્રભુજીની આસપાસ અનેક રંગોના તેજસ્વી પ્રકાશમય વર્તુળો મનને મોહી રહ્યા. અનેક સોનેરી તારલાઓ પરમાત્માની દેશના સમયે આકાશમાં આમથી તેમ ફરતા જોયા. સર્વત્ર ભક્તિમય વાતાવરણને જોઇને હું ધન્ય બની.

નવકાર મંત્રની જ્યારથી હું આરાધક બની છું અને નવકારમય, નવકારનિષ્ઠ બનવાની જે લગની મારા હૃદયમાં જન્મી છે, તેનાથી આવા સાક્ષાત્કારો મને થઇ રહ્યા છે, તે મારું મોટુ સદ્‌ભાગ્ય છે તેમ હું માનું છું. સુજ્ઞ વાંચકોને મારે એટલું જ કહેવાનું છે કે તમે સૌ નવકારનું શરણું સ્વીકારો અને પછી જુઓ તમારું જીવન કેવું પુલકીત અને ઉર્ધ્વગામી બની જાય છે કે નહિ.''

❀ ❀ ❀ ❀

## અને એ ભયંકર આપત્તિમાંથી હું ઉગરી ગઇ !

અમે ડોંબીવલીમાં રહીએ છીએ. બદલાપુરમાં અમારે લેડીઝ વેરની દુકાન છે. ગત્ વર્ષની કાળી ચૌદશની રાત્રીની આ વાત છે. મારા જીવનમાં બનેલી આ ઘટનાએ મારી નવકાર મંત્ર પ્રત્યેની શ્રદ્ધામાં વિશેષ બળ પૂરું પાડ્યું છે.

એ સમયે દિવાળીની સિઝન હતી. મારા પતિને મદદરૂપ થવા આ દિવસોમાં હું દરરોજ સાંજે ચાર વાગે ડોંબીવલીથી બદલાપુર જતી અને રાત્રે દસ વાગ્યા આસપાસ ઘરે પરત આવતી. એ દિવસે બદલાપુરમાં દુકાને સખત કામ રહ્યું. મારા પતિને ઓર્ડર પૂરા કરવા માટે રાતપાળી કરવાની હતી. હું મારું કામ પૂર્ણ કરી ત્યાંથી ડોંબીવલી આવવા નીકળી. કારણ કે બીજા દિવસે દિવાળીનો તહેવાર હતો. ઘરે પણ મારે કામ હતું. હું બરાબર રાત્રીના પોણા બાર વાગે બદલાપુર સ્ટેશન પર આવી. શરીરે થાક અને આંખોમાં ઉંઘ ભરાઇ હતી. એ જ સમયે ત્યાં મુંબઇ CSTથી એક ટ્રેન આવી. હું સમજી કે આ બદલાપુર લોકલ છે. તેથી તે હવે પાછી CST જશે. એટલે શીઘ્ર તે ટ્રેનમાં બેસી ગઇ. પરંતુ ટ્રેન તો ઉલ્ટી દિશામાં ચાલવા લાગી. હું ગભરાઇ ગઇ. આજુબાજુના પ્રવાસીઓને પૂછતા જાણવા મળ્યું કે આ ટ્રેન તો કરજતની છે. અને આ છેલ્લી ટ્રેન છે. હું જેન્ટસ્‌ના ડબામાં બેઠી હતી. મારે ડોંબીવલી જવાનું છે તે વાત સાંભળી ચાર-પાંચ વ્યક્તિએ ટ્રેનની સાંકળ ખેંચી પણ ટ્રેન ઉભી ન રહી. હું એકદમ મુંઝવણમાં મુકાઇ ગઇ. શું કરવું તેની કશી જ સમજ મને ન પડી. પરંતુ પછી સૂઝી આવતા એક ભાઇ પાસેથી મોબાઇલ લઇને મેં મારા પતિને ફોન કરીને કહ્યું કે આ રીતે ભૂલથી હું કરજત ગાડીમાં બેસી ગઇ છું. અને હવે આગળના વાંગણી સ્ટેશન પર ઉતરું છું. તો તમે મને ત્યાં બાઇક લઇને લેવા આવો.

એ સમયે રાતના સવા બાર વાગ્યા હતા. વાંગણી સ્ટેશન પર હું ઉતરી. સ્ટેશન સાવ વેરાન અને નિર્જન લાગતું હતું. દિવાળીના દિવસો હોવાથી મેં ભારે સાડી અને પંદર સત્તર તોલાના દાગીના પહેર્યા હતા. પર્સમાં પણ રોકડ કેશ હતી. અને મધ્ય રાત્રીએ આવી સુમસામ જગ્યામાં મને

ભયંકર ડર લાગવા માંડ્યો. સ્ટેશન માસ્ટરની ઓફિસ ખુલ્લી હતી. મેં અંદર ડોકિયું કરતાં તેઓ બહાર આવ્યા. તેમની સાથે બે વૃદ્ધ વ્યક્તિ પણ હતા. તેમણે મારી પૃચ્છા કરી. મેં તેમને મારી આપવિતિ કહી. અને મારા પતિ મને લેવા બાઇક પર આવી રહ્યા છે તેમ કહ્યું. તેમણે મને આશ્વાસન આપ્યું અને જરા પણ ગભરાયા વિના બાજુની બેન્ચમાં બેસવા કહ્યું. એ કાળી ચૌદશની રાત ખરેખર ડરામણી હતી. અજાણ્યું સ્ટેશન અને અજાણ્યો નિર્જન વિસ્તાર. હું એકલી અટુલી આ સુમસામ સ્ટેશન પર બેઠી હતી. ડર તો ભાગવાનું નામ લેતો ન હતો. પરંતુ મનને મજબૂત કરી, હૈયામાં હિંમત કેળવીને મેં નવકાર મહામંત્રનું સ્મરણ શરૂ કરી દીધું. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાનમાં હું અને મારા પતિ નિયમિત ભાગ લઇએ છીએ. એટલે નવકાર મંત્ર ઉપર મને અતુટ શ્રદ્ધા હતી જ. અને આવા સમયે મારો એક માત્ર સાથીદાર અને રક્ષક કોઇ હોય તો તે નવકાર મહામંત્ર જ હતો. મને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા હતી જ કે આ આપત્તિમાંથી મને નવકાર મંત્ર જરૂર ઉગારશે. મે ભાવપૂર્વક નવકાર સ્મરણ શરૂ કરી દીધું. એકાદ કલાકનો સમય થયો હશે. અને મારા પતિ બાઇક લઇને આવી પહોંચ્યા. મને તેમની હાજરીથી ઘણી રાહત થઇ. અમે સ્ટેશન માસ્તરને મળ્યા. અને તેમનો આભાર માની ત્યાંથી વિદાય લીધી. હવે વાંગણીથી બદલાપુર જતા ભયંકર જંગલ પસાર કરવું પડે. હું મારા પતિ સાથે બાઇક પર ગોઠવાઇ. અમે બાઇક પર આગળ વધ્યા. રસ્તામાં ઘોર અંધારું. લાઇટ તો ક્યાંય જોવા ન મળે. રસ્તાની બંને બાજુ મોટા મોટા તોતીંગ વૃક્ષો. રસ્તો એકદમ સુમસામ અને બિહામણો. ઘોર અંધારી રાતમાં આ રસ્તે પસાર થતાં મને સતત ગભરાટ થયો. રાત્રીના ઠંડીમાં પણ શરીરે પરસેવો વળ્યો. હિંમત રાખીને મેં નવકાર સ્મરણ ચાલુ રાખ્યું. એવામાં આ નિર્જન જંગલમાં પાવડા-કોદાળી લઇને જતાં ચાર માણસો સામે મળ્યા. મને ગભરાટ થયો. પરંતુ મારા પતિએ સ્કૂટર ઉભુ રાખીને તેમને પૂછ્યું કે આ રસ્તો બદલાપુર જ જાય છે ને ? તેમણે હા કહી અને સીધા જવાનું કહ્યું. અમે લગભગ અઢી-ત્રણ વાગે બદલાપુર અમારી દુકાને પહોંચ્યા. અમારી દુકાનના માણસો અમને જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા. એમાંય વાંગણીના એ ભયંકર જંગલના રસ્તેથી અમે આવ્યા તે જાણી તેમણે કહ્યું કે તમે ખરેખર ભાગ્યશાળી છો. તે રસ્તો ખરેખર ભયાનક છે. રાત્રે એ રસ્તે જવાનું ભાગ્યે જ કોઇ નામ લે. તમે હેમખેમ અહીં આવી પહોંચ્યા તેનો અમને બધાને ખૂબ આનંદ છે.

કાળી ચૌદશની તે રાત્રી મારા જીવનની યાદગાર રાત્રી બની ગઇ. મહામંત્ર નવકાર ન હોત તો મારું શું થાત ? ખરેખર તે રાત્રે નવકારે જ મારી રક્ષા કરી. અને મને ભયંકર આપત્તિમાંથી બચાવી. મારા પતિને પણ પ્રતીતિ થઇ કે નવકાર મંત્રે જ આપણને સહાય કરી છે. તેમાં કોઇ શંકા નથી. બીજા દિવસે દિવાળીનો સપરમો દિવસ હતો. ડોંબીવલી પહોંચીને સ્નાનાદિ કરી અમે સર્વ પ્રથમ શ્રી સુવિધિનાથ જિનાલયે દાદાની ભાવથી સેવા-પૂજા કરતાં કરતાં દાદાને વિનંતી કરી કે 'હે પરમ કૃપાળુ પરમાત્મા ! અમારી નવકાર નિષ્ઠા સદા સદૈવ અવિચલ રાખજે.' આપ સૌ પણ નવકાર મંત્રનો આવો અચિંત્ય મહિમા જાણી વિશેષ નવકારમય બનો એવી અભ્યર્થના.

**–નિલમ પ્રફુલ્લ ગાલા (કચ્છ કોટડા રોહા–ડોંબીવલી)**

❁ ❑ ❁ ❑ ❁ ❑

## મીના મૃત્યુના મુખમાંથી પાછી ફરી...

એનું નામ મીના. મુંબઇના ગર્ભ શ્રીમંત પરિવારની એ લાડકી દીકરી. માતા-પિતાનો ધર્મ સંસ્કારનો વારસો તેને બાલ્યવયથી પ્રાપ્ત થયેલો. મીના મોટી થઇ. તેના લગ્ન ખૂબ જ ધામધૂમથી એવા જ શ્રીમંત પરિવારમાં થયા. લગ્ન પછી સાત-સાત વર્ષના વહાણા વાઇ ગયા. પણ મીનાની સંતાન પ્રાપ્તિની ઝંખના પૂર્ણ થઇ નહિ. તેના પતિ સાસુ-સસરા, માતા પિતા વગેરેએ અનેક નિષ્ણાંત ડૉક્ટરો પાસે તપાસ કરાવી પણ તે નિરર્થક પૂરવાર થઇ. જ્યોતિષ આદિનો પણ આશરો લેવાયો. જૈનેતર વિધિઓ, પૂજાઓ પણ કરાવી તેમ છતાં આ બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા.

એક દિવસ મીનાના એક સ્વજને તેને કહ્યું કે ચેમ્બુર તીર્થમાં દર બેસતા મહિને **શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર

જાપ અનુષ્ઠાન યોજાય છે. તું આ જાપમાં ભાગ લે તને જરૂર ફાયદો થશે. મીનાના હૃદયમાં નવકાર જાપની વાત વસી ગઇ. તેણે ચેમ્બુરમાં બેસતા મહિનાથી નવકાર જાપમાં જવાનું શરુ કર્યું. અહીં જાપમાં તે ભાવપૂર્વક નવકારની આરાધના કરવા લાગી. આમને આમ બે વર્ષ વીતી ગયા. મીનાને લાગ્યું કે હવે હું ખરેખર હારી ગઇ છું. આંખોમાં અશ્રુ સાથે તેને મનોમન વિચાર્યું કે મારા નસીબમાં સંતાનનું સુખ જ નથી તો હવે તેની અપેક્ષા રાખવી વ્યર્થ છે. નવકાર જાપમાં તો હું નિયમિત આવીશ, આ જાપને તો હવે કોઇ કાળે છોડવા નથી. આમ સંકલ્પ કરીને મીનાએ નવકાર જાપ અનુષ્ઠાન ચાલુ રાખ્યા. એ પછી ત્રણેક મહિના પસાર થયા હશે ને મીનાને સારા દિવસો રહ્યા. મીનાના પરિવારમાં અને સગા-સંબંધીઓમાં આ વાતની જાણ થતાં આનંદની સીમા ન રહી. સૌના હોઠ પર એક જ વાત હતી કે ‘હે નવકાર ! તે તો લેખ પર મેખ મારી દીધી ! કારણ કે મીનાના કેસમાં ડૉક્ટરો, વૈદ્યો અને જ્યોતિષિઓએ પણ હાથ ખંખેરી નાખ્યા હતા ત્યારે નવકાર મંત્રે તેનો પ્રભાવ બતાવ્યો.

મીનાને સાત મહિના પસાર થઇ ગયા પરંતુ આઠમાં મહિને મીનાની તબિયત અચાનક બગડી ગઇ. એનું B.P. હાઇ થયું ગયું. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. આઠ-આઠ દિવસ સુધી મીનાનું B.P. કાબુમાં ન આવી શક્યું. પરિસ્થિતિ ગંભીર બની. ડૉક્ટરે સ્પષ્ટ કહ્યું કે ઓપરેશન કરીને બાળકને બચાવી લેવું પડશે. નહિ તો મીનાના અને બાળકના જીવને જોખમ ઉભુ થશે. જો કે બાળક બચે તેવી શક્યતા પચાસ ટકાથી પણ ઓછી છે. મીનાના પરિવારે કઠણ હૃદયે મીનાના ઓપરેશનની અનુમતિ આપી.

મીનાની આવી ગંભીર હાલત જોઇને સૌ સ્વજનો ગભરાઇ ગયા. મનોમન નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. મીનાએ પણ ઓપરેશન થિએટરમાં જતાં પહેલા ભીની આંખે કહ્યું કે હવે તો નવકાર જ મને બચાવશે. તમે સૌ નવકાર ગણવાનું શરૂ કરી દો. મીનાની આવી નવકાર નિષ્ઠા જોઇ સૌની આંખોમાં અશ્રુ ઉભરાયા.

ઓપરેશન થિયેટરમાં મીનાને લઇ જવામાં આવી. સ્થાનિક ડૉક્ટરે અન્ય બે નિષ્ણાત ડૉક્ટરોને પણ બોલાવી લીધા હતા. એટલે આ ઓપરેશન જોખમી છે તેમ જણાતું હતું. સૌ એક ચિત્તથી નવકારનું સ્મરણ કરતા મીનાનું ઓપરેશન સફળ થાય તેવી પ્રાર્થના કરતાં રહ્યા. બરાબર અઢી કલાકે ઓપરેશનના દરવાજા ખૂલ્યા. અને બાળકના રડવાનો અવાજ આવ્યો. ડૉક્ટરોએ બહાર આવી સમાચાર આપ્યા કે ઓપરેશન સફળ થયું છે. અને મીના તથા બાળક બિલકુલ સ્વસ્થ છે. હવે કોઇ ચિંતા કરવાની જરૂર નથી.

આજે પાંચ વર્ષનો થયેલ મીનાનો આ દીકરો નામે ઋષભ રૂપરૂપના અંબાર જેવો, જોતાં જ વહાલ કરવાનું મન થાય તેવો સુંદર છે. તે નવકાર મંત્ર કડકડાટ બોલી જાય છે. જાણે કે નવકારથી શું કાર્ય સિદ્ધ નથી થતું તેનો સૌને પ્રત્યક્ષ પરિચય આપી ન રહ્યો હોય ! આમ નવકાર પરની અસિમ શ્રદ્ધાથી ભયંકર આફતમાંથી પણ કેવી રીતે ઉગરી જવાય છે તેનું આ ઉદાહરણ મીનાની ઘટના ઉપરથી જોવા મળે છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

## બંધ સમય ચિત્ત ચેતીએ રે,
## ઉદયે શો સંતાપ સલૂણા...

નવકાર મંત્ર ફળે છે, જરૂર ફળે છે. જો તમારામાં નવકાર પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હોય તો નવકારમંત્ર અવશ્ય તેનો પ્રભાવ બતાવે છે. ચેમ્બુરના એક સુશ્રાવકના જીવનમાં બનેલી આ સત્યઘટના નવકારપ્રેમીઓ માટે અત્યંત પ્રેરણારૂપ છે. આ સત્ય ઘટના વાચતા જ સૌને નવકાર મંત્રની ભવ્યતા, દિવ્યતા અને સમર્થતાનો ખ્યાલ આવશે. અને અમારું પણ એ જ ધ્યેય રહ્યું છે કે નવકાર મંત્રની પ્રભાવકતાથી પ્રત્યેક માનવી સુપરિચિત થવાની સાથે પોતાની શ્રદ્ધા અને આસ્થાના બળને વધુ સુદૃઢ બનાવે.

ચેમ્બુર તીર્થમાં છેલ્લા ૧૧ વર્ષથી **શ્રી જયંતભાઇ ‘રાહી’**ના નવકાર જાપ અનુષ્ઠાન યોજાય છે. હજારો લોકો દર મહિને આ નવકાર જાપ કરવા ચેમ્બુર પધારે છે. ચેમ્બુરનું એક દંપતિ જ્યારથી ચેમ્બુરમાં નવકાર જાપ શરૂ થયા ત્યારથી

તેમાં અચૂક ભાગ લે છે. આ શ્રાવક અને શ્રાવિકાને નવકાર મંત્ર પર અતૂટ શ્રદ્ધા છે. અને એથી જ તેઓ બંને આજ સુધી આ નવકાર જાપ એકેય વખત ચૂક્યા નથી.

આ સંસારમાં કર્મની ગતિ ન્યારી છે. કર્મની લીલા કળી ન શકાય તેવી ગહન છે. જૈનધર્મના કર્મવાદની પૂરી સમજણ ધરાવતાં આ દંપતિએ **'બંધ સમય ચિત્ત ચેતીએ રે, ઉદયે શો સંતાપ સલૂણા...'**નું બ્રહ્મ વાક્ય પોતાના જીવનમાં આત્મસાત કર્યું છે. ઉઠતાં, બેસતાં, સુતાં, જાગતાં, ચાલતાં, ફરતાં તેઓ નવકાર મંત્રને કદાપિ ભૂલતા નથી. સવાર, બપોર, સાંજ અને રાત્રે તેઓના હૈયામાં સતત નવકાર મંત્રનું રટણ ચાલુ જ હોય છે. મધ્યમવર્ગી આ દંપતિ ચેમ્બુરના તીર્થપતિ શ્રી આદિશ્વરદાદાની સેવાપૂજામાં હંમેશા ઓતપ્રોત થતાં જોવામાં આવે છે. વેપાર-ધંધામાં પોતાની નીતિમત્તા ક્યારેય ચૂકી ન જવાય તેની સતત કાળજી તેઓ લે છે. આવા ધર્મનિષ્ઠ પરિવાર પર કર્મોદયે એક ઓચિંતી આફત આવી પડી. એક સવારે આ શ્રાવક પથારીમાંથી ઊભા થઇને પોતાના નિત્ય ક્રમ પ્રમાણે શુદ્ધ આસને બેસી નવકાર માળા ગણવાની તૈયારી કરતાં હતાં. ત્યાંજ તેમને ચક્કર આવતા પડી ગયા. પડતાની સાથે જ તેમને જોરદાર હાર્ટએટેક આવ્યો અને તેઓ બેભાન બની ગયા. પરિવારજનોએ તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કર્યા. અહીં ડૉક્ટરની ટ્રીટમેન્ટ ચાલુ થાય તે પહેલા તો આ શ્રાવકના મુખમાંથી **નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં...**એમ નવકાર મંત્રનો નાદ શરૂ થયો. ડૉક્ટરોએ પ્રાથમિક ઉપચાર શરૂ કર્યો અને સૌના આશ્ચર્ય વચ્ચે તેમને તદ્દન સારું જણાયું. ડૉક્ટરોએ પણ તેમને તપાસીને ઘરે જવાની રજા આપી. પરંતુ તેમણે એક વાત ખાસ કરી કે આ ભાઇને વહેલી તકે બાયપાસ કરાવી લેવું જરૂરી છે.

આ શ્રાવક તો ઘરે આવી ફરી પાછા પોતાની ધર્મારાધનામાં જોડાઇ ગયા. આમ ત્રણ માસ પસાર થઇ ગયા. અને એક દિવસે બપોરે ફરી પાછા આ શ્રાવકને ચક્કર આવ્યા અને ફર્સ પરથી પડી ગયા. તેમના સમગ્ર શરીર પર પેરેલીસીસનો હુમલો આવ્યો. વાચા બંધ પડી ગઇ. એટલું જ નહિ યાદશક્તિ ઓછી થતાં કોઇને ઓળખવાનું પણ બંધ થયું. પરિવારના સભ્યોએ તાબડતોબ ચેમ્બુરની જોય હોસ્પિટલમાં તેમને દાખલ કર્યા. તાત્કાલિક સારવાર ચાલુ થઇ. આ શ્રાવકની વાચા બંધ થઇ હોવા છતાં હૉસ્પિટલમાં દાખલ થયાને એક કલાક પછી **શ્રી જયંતભાઇ 'રાહી'** જાપમાં જે રીતે ગાય છે તે રાગમાં નવકારનું જોર જોરથી ઉચ્ચારણ કરવા લાગ્યા. એક દિવસ, બે દિવસ એમ સતત દિવસો વીતતા ગયા. સારવાર પણ ચાલુ રહી પરંતુ હજુ તેઓ પરિવારના સભ્યોને ઓળખી શક્તા ન હતા. અને નવકાર સિવાય કોઇ શબ્દ બોલી શકતા ન હતા. આમ અઠવાડીયું પસાર થઇ ગયું. હૉસ્પિટલમાં જોર જોરથી નવકાર બોલતા આ શ્રાવકની સ્થિતિ જોઇને પરિવારની સાથે ડૉક્ટર, નર્સ વગેરે પણ ચિંતામાં પડી ગયા. નવકાર સ્પષ્ટ બોલી શક્તો આ માણસ અન્ય એક શબ્દ પણ બોલી ન શકે તેનું સૌને આશ્ચર્ય થયું. નવમા દિવસનું પ્રભાત તેમના પરિવાર માટે શુભ સંદેશ લઇને આવ્યું. આ શ્રાવકે તે દિવસે પરોઢિયે આપ્તજનોને નામ દઇને બોલાવ્યા. સૌને આનંદ સાથે આશ્ચર્ય થયું. ડૉક્ટરોને પણ બોલાવવામાં આવ્યા. ડૉક્ટરોએ તપાસ કરીને કહ્યું કે તેમની તબિયત હવે નોર્મલ છે. ચિંતાનું હવે કોઇ કારણ નથી. તમે આજે જ તેમને ઘરે લઇ જઇ શકો છો.

આ શ્રાવકને ઘરે લાવવામાં આવ્યા. તેમને થોડી નબળાઇ જણાતી હતી પરંતુ પંદર દિવસમાં તો તેઓ પૂર્વવત હરતાં ફરતાં થઇ ગયા. પેરેલીસીસનું કોઇ નામોનિશાન ન રહ્યું. આ શ્રાવક છેલ્લા બે મહિનાથી દર બેસતા મહિને પોતાના પત્ની સાથે પુનઃ નવકાર જાપમાં આવવા લાગ્યા.

આ શ્રાવક પર આવી પડેલ આ આફતનું નિવારણ નવકાર મંત્રના પ્રભાવે જ થયું છે તેમ તેઓ અને તેમનો પરિવાર દૃઢ પણે માને છે. એટલું જ નહિ તેમણે તેમના સમગ્ર પરિવારજનોને, આપ્તજનોને, મિત્રોને નવકાર મંત્રની પ્રચંડ શક્તિનો પરિચય કરાવી તેમને સૌને નવકારમય બનાવ્યા છે. તેમના પ્રયાસોથી અનેક લોકો નવકાર જાપમાં જોડાયા છે.

આ શ્રાવક-શ્રાવિકા ગત્ મહિને ચેમ્બુર તીર્થે **શ્રી**

**જયંતભાઇ 'રાહી'** ને મળ્યા અને આંખમાં આંસુ સાથે પોતાની આપવિતિ કહી. તેમના જીવનમાં નવકારમંત્ર સંજીવની બનીને આવ્યો. અને તેમની શ્રદ્ધા કંઇ રીતે ફળી તેની વિસ્તૃત વાત કરી ત્યારે **શ્રી જયંતભાઇ 'રાહી'**એ નવકારનિષ્ઠ આ દંપતિને ભાવપૂર્વક પ્રણામ કર્યા. અને કહ્યું કે નવકાર મંત્ર પરની તમારી શ્રદ્ધાનો જ આ વિજય છે. તમારી નવકાર નિષ્ઠાને ખરેખર ધન્યવાદ છે. તમારા જીવનની આ ઘટના અનેકો માટે પ્રેરણા રૂપ બની રહેશે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ અનુષ્ઠાનમાં જોડાનાર અનેક આરાધકોએ નવકાર મંત્રનો પ્રત્યક્ષ પ્રભાવ અનુભવ્યો છે. **શ્રી જયંતભાઇ 'રાહી'**ના આ દિવ્ય અનુષ્ઠાને માત્ર ભારતમાં જ નહિ વિદેશોમાં પણ તેજ રેલાવી જનજનના હૈયે નવકાર મંત્રની આહલેક જગાવી છે. **શ્રી જયંતભાઇ 'રાહી'** ની નવકાર સાધનાની આજ ખરી ફલશ્રુતિ છે.

**–ભદ્રા રાજેશ છેડા (પુનડી–ઘાટકોપર)**

❊❊❊ ❊

## સગા બન્યા સૌ સ્વાર્થના...!

બે સગા ભાઇઓની આ વાત છે. આ બંને ભાઇઓને પોતાના માતા-પિતાનો પૂર્ણ પ્રેમ પ્રાપ્ત થયો હતો. તેમની છત્રછાયામાં તેમનો ઉછેર થયો હતો. આ બંને ભાઇઓ પિતાના બોક્ષપેકિંગ અને પ્લાસ્ટીકની થેલીઓના મોટા વ્યવસાયમાં પલોટાયા. બંને ભાઇઓના લગ્ન થઇ ગયા. એવામાં એકાએક પિતાશ્રીનું અવસાન થયું. વ્યવસાયની બધી જવાબદારી બંને ભાઇઓ પર આવી પડી. મોટોભાઇ એકદમ સરળ અને શાંત હતો. તેણે ધંધા માટે નાનાભાઇને વધુને વધુ સત્તા સોંપી દીધી. નાનોભાઇ પણ કુશળતાપૂર્વક વ્યવસાયને આગળ વધારી રહ્યો. દિન-પ્રતિદિન ધંધાનો વિકાસ થઇ રહ્યો છે એવી ભ્રમણામાં મોટાભાઇએ ધંધામાં ખાસ ધ્યાન આપ્યું નહિ. તેને પોતાના નાનાભાઇ ઉપર પૂર્ણ વિશ્વાસ હતો. પરંતુ એક દિવસ એવો આવ્યો કે તેના આ નાનાભાઇએ ખૂબ જ ચાલાકીથી અને સીફતથી સંપૂર્ણ ધંધો પોતાના નામ પર કરાવી લીધો. આ કામ એટલી હોશિયારીથી તેણે કર્યું કે તેનો સહેજ પણ અણસાર તેના મોટાભાઇને ન આવ્યો !

છેવટે મોટાભાઇને આ વાતની ખબર પડી. નાનાભાઇએ કરેલા વિશ્વાસઘાતથી તેમને જબરો આઘાત લાગ્યો. તેમની મતિ મુંઝાઇ ગઇ. પોતાના જ પરાયા થઇ જાય પછી રાવ કે ફરિયાદ કોને કરવી ? કેટલાક આપ્તજનોની સલાહથી મોટાભાઇએ જ્યોતિષિનો અને તાંત્રિકોનો સહારો લીધો પણ તેમાં કંઇ વળ્યું નહિ. છેવટે કોઇએ તેમને કોર્ટમાં જવાની સલાહ આપી અને મોટાભાઇએ નાનાભાઇ સામે કોર્ટમાં કેસ દાખલ કર્યો. કોર્ટનાં ચક્કરોથી અને ઘરની કથળેલી આર્થિક પરિસ્થિતિથી મોટાભાઇનું માનસિક ટેન્શન દિવસે દિવસે વધવા લાગ્યું. પરિણામે એક દિવસ અચાનક તેમને હાર્ટએટેક આવ્યો. ડૉક્ટરની સમયસરની સારવારથી તેઓ બચી તો ગયા પરંતુ 'આ સંસારમાં કોણ છે તારું ?' નો અનુભવ પણ તેમને થઇ ગયો ! એક હિતેચ્છુ મિત્રે તેમને માર્ગ બતાવ્યો કે આ બધી ઉપાધિના નિવારણ માટે તું ચેમ્બુર તીર્થમાં દર બેસતા મહિને યોજાતા **શ્રી જયંતભાઇ 'રાહી'**ના જાપમાં જા. તને તેનાથી બે લાભ થશે. એક તો મીની શત્રુંજય ગણાતાં ચેમ્બુર તીર્થના શ્રી આદિનાથ દાદાના દર્શનનો લાભ મળશે અને જાપમાં મહામંત્ર નવકાર નું ૧૦૮ વાર સ્મરણ કરવાની તક સાંપડશે. તને આખો મહિનો સુખ-શાંતિ તો રહેશે જ. પણ તારા પર આવેલ આ આફતને પણ આ મહામંત્રના સહારાથી દૂર કરી શકાશે.

એક બેસતા મહિનાના સુપ્રભાતે આ ભાઇ ચેમ્બુરમાં નવકાર જાપમાં પહોંચી ગયા. ચેમ્બુર તીર્થનાયક શ્રી આદિનાથ દાદાના દર્શન કરી જયંતભાઇના નવકાર જાપમાં બેઠા. અને જેમ જેમ જાપ આગળ વધતો ગયો તેમ તેમ તેમને અપૂર્વ શાંતિ મળતી ગઇ. નવકાર જાપમાં તેમને ખૂબ આનંદ આવ્યો. એ પછી તો તેઓ નિયમિત દર બેસતા મહિને નવકાર જાપમાં આવવા લાગ્યા. અને શ્રદ્ધાપૂર્વક નવકાર જાપ કરવા લાગ્યા. નવકાર મંત્રની આરાધનાને કારણે તેમણે પૂર્ણ માનસિક શાંતિ પ્રાપ્ત થઇ. આમને આમ બે વર્ષના વહાણા વીતી ગયા. એ દિવસ પણ બેસતા

મહિનાનો હતો. ચેમ્બુરમાં નવકાર જાપ પૂર્ણ કરી એ ભાઇ કોર્ટમાં કેસની તારીખ હોવાથી ત્યાં પહોંચ્યા. તેઓ પહોંચ્યા કે તુરત જ તેમનો કેસ નીકળ્યો. અને આ કેસ તેઓ જીતી ગયા. તેમને ઓફિસ-ગોડાઉનના કબજાનો કોર્ટનો ઓર્ડર પણ મળી ગયો. મોટાભાઇ એકદમ સરળ વૃત્તિના હતા. વળી કર્મયોગને માનનારા હતા. નવકારના આરાધક હતા. તેમણે વિચાર્યું કે આ જે કંઇ બન્યું તે મારા કર્મવિપાકને લીધે જ બન્યું છે. તેથી તેમણે નાનાભાઇને રૂબરૂ બોલાવી તેને ઉદારદિલે ક્ષમા આપી. એટલું જ નહિ નાનાભાઇને ગળે લગાડીને કહ્યું કે ભાઇ શા માટે તે આવો ઉત્પાત મચાવ્યો ? તે જો મારી પાસે આ બધુ માંગી લીધુ હોત તો હું તને રાજીખુશીથી આપી દેત. મારે કોઇ સંતાન નથી. અને આ બધુ તારું જ છે. હવે તો તુજ આ બધુ સંભાળ. મારે કંઇ જોઇતું નથી. મોટાભાઇની આવી ઉદાત્ત ભાવના અને લાગણી જોઇને નાનોભાઇ તો ધ્રુસકે, ધ્રુસકે રડી પડ્યો. અને મોટાભાઇના કરેલા ઘોર અપરાધ બદલ તેને ભારોભાર પસ્તાવો થયો. વારંવાર તે માફી માગવા લાગ્યો.

હાલ આ બંને ભાઇઓનો પ્રેમ રામ-લક્ષ્મણ જેવો છે. બંને ભાઇઓ સંપીને પ્રેમથી સાથે રહે છે. ધંધો પણ સાથે જ કરે છે. પોતાના માતા-પિતાની સ્મૃતિમાં તેમની ઋણમુક્તિ અર્થે ધર્મ અને સેવાની પ્રવૃત્તિઓમાં લક્ષ્મીનો તેઓ સારો એવો સદ્‌વ્યય કરી રહ્યા છે. બંને ભાઇઓએ પોતાના જીવનમાં નવકાર મંત્રને પ્રથમ સ્થાન આપ્યું છે. અને શ્રી જયંતભાઇના નવકાર જાપ તો તેમના માટે વરદાનરૂપ સાબિત થયા છે.

ઉપરોક્ત સત્યઘટના દર્શાવે છે કે નવકારમંત્રને શ્રદ્ધાથી સમરતા કોઇપણ આફત કે સંકટ દૂર થઇ શકે છે. એટલુ જ નહિ જીવનમાં અશાંતિ, તનાવ, અને ભયંકર રોગો પણ દૂર થઇ શકે છે. સુજ્ઞ વાચકો, નવકાર મંત્ર એ આપણો અમૂલ્ય વારસો છે. આ મહામંત્રનો નિયમિત જાપ કરવાથી અનેક લાભો થયાના અસંખ્ય ઉદાહરણો આજના આ ભયંકર કલિયુગમાં પણ જોવા મળે છે. નવકાર મંત્ર આપણો તારણહાર છે અને તેને આપણા હૈયામાં સુદ્રઢ સ્થાન આપી સદા સદૈવ આપણે નવકારમય બની રહીશું તો માત્ર આ ભવનું જ નહિ ભવોભવનું દુ:ખ દૂર થશે તેમાં લેશમાત્ર પણ શંકાને સ્થાન નથી.

**–હંસા રમેશ મહેતા (નવી મુંબઇ)**

❁ ❑ ❁ ❑ ❁ ❑

## મારો સદાયનો સાથી નવકાર...!

અમે હાલ ઘાટકોપર રહીએ છીએ. તે પહેલા વિક્રોલીમાં રહેતા હતા. મારા ઘરમાં મારા પૂ. બા-બાપુજી, મારી નાની બહેન અને હું મળીને કુલ ચાર વ્યક્તિ હતા. મારા બાપુજીને મુંબઇમાં લોખંડ બજારમાં કામકાજ હતું. અમે બંને ભાઇ-બહેનો સ્કુલમાં ભણતા હતા. મારી ઉંમર એ વખતે ૧૩ વર્ષની હતી અને મારા બહેનની ઉંમર ૧૧ વર્ષની હતી. એ સમયે મારા પિતાજીને ઓચિંતો હાર્ટએટેક આવતા તેમનો સ્વર્ગવાસ થયો. અમારા પરિવાર પર તો આભ તૂટી પડ્યું. અમારા પિતાશ્રી રૂપી શિરછત્ર અમે ખોઇ બેઠાં. અમારું તો જાણે સર્વેસર્વ લૂંટાઇ ગયું. મારા માતુશ્રી ખૂબ જ હિંમતવાળા હતા. તેમણે આ કપરા સમયે ખૂબ જ ધીરજ થી કામ લીધું. મારા પિતાશ્રીની વિમાની રકમ અને અન્ય બચતો થી અમારા દિવસો વિતતા ચાલ્યા. અમારા અંધેરીવાળા મામા અમને અવારનવાર આર્થિક સહાય કરતાં. મેં સ્કુલ-કોલેજનું શિક્ષણ પૂર્ણ કર્યું. એ પછી નોકરી શોધવાનો પ્રયાસ કર્યો પરંતુ કમનસીબે નોકરી માટે મારું કોઇ ઠેકાણું પડ્યું નહિ.

અમારા એક સંબંધીની ભલામણ થી મારા માતુશ્રી અને મારી નાની બહેન ચેમ્બુર તીર્થમાં દર બેસતા મહિને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપમાં નિયમિત જવા લાગ્યા. હું પણ તેમની સાથે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપમાં જવા લાગ્યો. નવકાર જાપમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** સ્પષ્ટ કહેતા કે **'તમે નવકારનું શરણ લો નવકાર તમારું કાર્ય અવશ્ય સિદ્ધ કરી આપશે.'** તેમાં તમે કોઇ શંકા કદાપિ રાખશો નહિ. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની વાત પર ભરોસો રાખી સતત બે વર્ષ સુધી હું નવકાર જાપમાં આવતો રહ્યો. પરંતુ આ બે વર્ષમાં મને કોઇ નોકરીનું ઠેકાણું પડ્યું નહિ આ બાજુ બહેન પણ ઉંમર લાયક

થવાથી તેના લગ્નની ફિકર પણ અમને થવા લાગી. સગા વહાલા ઉપરથી પ્રેમ દર્શાવતા પરંતુ અમારી સ્થિતિ સામે કોઇને જોવાની ફૂરસદ પણ ન હતી. અમારી મુંઝવણમાં માર્ગ બતાવનારું એ સમયે કોઇ ન હતું. તે દિવસે બેસતો મહિનો હતો. મારા માતુશ્રીએ મને કહ્યું કે 'ચાલ તૈયાર થઇ જા, આપણે ચેમ્બુર જયંતભાઇના જાપમાં જવાનું છે.' મેં કહ્યું કે- 'બા તમારે જવું હોય તો તમે જરૂર જાવ. મારે જાપમાં આવવું નથી. બે વર્ષથી મે જાપ કર્યા પણ મારું કોઇ ઠેકાણું પડ્યું નહિ. આ બે વર્ષમાં મેં કોઇ નાનુ-મોટું કામ કર્યું હોત તો પણ બે પૈસા હું કમાયો હોત. હવે નવકાર પ્રત્યે મારી શ્રદ્ધા રહી નથી. તેથી મને જાપમાં આવવા આગ્રહ કરશો નહિ. મારા માતુશ્રીએ મને સમજાવતાં કહ્યું કે-'દીકરા એમ ન બોલ. આ તો બધી કર્મની જ લીલા છે. આપણે એવા કર્મ કર્યા હશે કે આપણે ધારીએ તે કાર્ય હાલ થતું નથી. પરંતુ એટલું તું યાદ રાખજે કે પૂર્વના પુણ્યે જ આપણને આ મનુષ્ય જન્મ અને નવકાર જેવો મહામંત્ર મળ્યો છે. તેથી તારે નવકારમાં અશ્રદ્ધા રાખવાનું કોઇ કારણ નથી. આ જગતમાં કર્મો કોઇથી ડરતા નથી. એક માત્ર નવકારથી જ ડરે છે. માટે તારે હવે જાપમાં ન આવવું હોય તો કંઇ નહિ, તું આજે ઘરે રહીને પણ એક માળા ગણી લેજે. જેથી તારા નવકાર જાપનો ખાડો ન પડે. પછી તારી મરજી. બાની સમજાવટની મારા પર કોઇ અસર ન થઇ. અને મારા માતુશ્રી અને બહેન નવકાર જાપ કરવા ચેમ્બુર જવા રવાના થયા.

તેમના ગયા પછી મને મારા માતુશ્રીને દુભવવાનું ખૂબ દુ:ખ થયું. મને લાગ્યું કે મારે જાપમાં જવું જોઇતું હતું. ખૈર, જે થયું તે. હવે હું મારા મિત્રને મળવા બોરીવલી ઉપડું તેમ મેં વિચાર્યું. હજુ હું તૈયાર જ થતો હતો ત્યાં એક ચમત્કાર થયો. હું જે મિત્રને બોરીવલી મળવા જવાનો હતો તે મિત્ર જ મારા ઘરે આવી પહોંચ્યો. હું ખૂબ જ ખુશ થઇ ગયો. મારા મિત્રે મને સમાચાર આપ્યા કે તેમના માસાની મુંબઇમાં કાપડની દુકાન છે. તે ચલાવવા માટે તેને આપવા માંગે છે. તો હું આ કામમાં તેની સાથે જોડાઉ તો અમે બંને મિત્રો ભાગીદારીમાં આ કાપડનો વ્યવસાય ચલાવીએ. મારા માટે તો આ સરસ વાત હતી. તેથી ડૂબતો માણસ તરણુ પકડે તેમ મેં તત્કાલ સંમતિ આપી દીધી. અને અમે તુરત જ તેમના માસાની સાથે વાતચિત કરવા બોરીવલી પહોંચી ગયા.

આ વાત તો બહુ મોટી છે પરંતુ હું એટલું જ કહીશ કે છેલ્લા પાંચ વર્ષથી કાપડના ધંધામાં અમને ભારે સફળતા અને નામના મળી છે. અને ગત્ અક્ષયતૃતીયાના પવિત્ર દિવસે તે દુકાન જ અમે ખરીદી લીધી છે. આ કાપડની લાઇન અમારા બંને માટે જીવન સંજીવની બની ગઇ છે. હું હવે દૃઢપણે માનું છું કે આ બધુ નવકારના પ્રભાવ અને પ્રતાપથી જ થયું છે. મારા માતુશ્રી અને મારા બહેનની અને કંઇક અંશે મારી પણ નવકાર શ્રદ્ધા ફળી છે. પૈસે ટકે અમે સુખી થયા છીએ. ઘાટકોપરમાં અમે નવી જગ્યા લઇ શક્યા છીએ. મારી નાની બહેનના લગ્ન પણ અમે ધામધૂમપૂર્વક કર્યા છે. પરંતુ મને તે દિવસ અવશ્ય ખટકે છે કે મારા માતુશ્રીના અત્યંત આગ્રહ છતાં હું ચેમ્બુર નવકાર જાપમાં ગયો ન હતો. મારે આપને ખાસ કહેવાનું છે કે તે જ દિવસે મારા મિત્ર સાથે મારું કાપડનું કામકાજ નક્કી થઇ જતાં મેં તે રાત્રે નવ વાગ્યાથી બીજા દિવસના સવારના સાત વાગ્યા સુધી સતત નવકાર માળા દ્વારા ભાવપૂર્વક નવકારનું સ્મરણ કર્યું હતું. અને ત્યારે જ મને પૂરા સંતોષ થયો હતો. અને મારા માતુશ્રીને તથા બહેનને પણ આ વાતની જાણ થતાં તેઓ બેહદ ખુશ થયા હતા.

હવે હું દર બેસતા મહિને અચૂકપણે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપમાં જાઉ છું અને અહીં ભાવપૂર્વક નવકાર જાપ કરું છું **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના સાધર્મિક ભક્તિના કાર્યમાં. પણ હું અવારનવાર લાભ લઉં છું. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની નવકાર પરની પરમ શ્રદ્ધા અને જીવનમાં ધીરજ ધરવાની તેમની શીખને લીધે મારું નસીબ ચમકી ઉઠ્યું છે. નવકારે જ મારી હાલક ડોલક થતી જીવન નૈયાને સ્થિરતા બક્ષી છે અને અમારા જીવનમાં સુખ-શાંતિ ને સંતોષના દ્વાર ખોલી આપ્યા છે. નવકાર તને લાખ લાખ પ્રણામ ! જય નવકાર, ઉતારો પાર...!

**–નવીન કરમશી મહેતા (ઘાટકોપર)**

❁ ❑ ❁ ❑ ❁ ❑

## નવકાર પ્રભાવે તેનુ હૃદય પરિવર્તન થયું...!

મારો બિલ્ડીંગ લાઇનનો વ્યવસાય છે. આ લાઇનમાં મારે ઘણા બિલ્ડરો સાથે ફ્લેટ-દુકાન વગેરેના સોદાનું કામકાજ રહે. નવકાર મંત્રનો હું આરાધક છું. દર મહિનાની પુનમે હું **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપમાં ગોરેગાંવથી નિયમિત મુલુન્ડ આવી પહોચું છું. દર મહિને કરાતા આ જાપથી મારો આખો મહિનો ખૂબ સારો જાય છે. વળી **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના જાપમાં તેમના સ્વમુખે નવકારનો મહિમા જાણી તેમની પાસે મેં એક નવલખા જાપ પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે. તે મુજબ હું રોજની ત્રણ બાંધી માળા ગણું છું.

નવકારનો પ્રભાવ કેવો અચિંત્ય છે અને નવકાર આરાધક પર આવી પડેલ સંકટ નવકારના પ્રભાવથી કંઇ રીતે દૂર થાય છે. તે અંગેની મારા જીવનમાં બનેલી એક ઘટના અત્રે રજૂ કરું છું.

આજથી દસેક વર્ષ પૂર્વે મેં એક જાણીતા બિલ્ડર પાસે એક ફ્લેટ નોંધાવેલ. બિલ્ડર પોતે જૈન હોવાથી અને મારા પરિચયમાં હોવાથી મને તેની કોઇ ફિકર ચિંતા ન હતી. અને આમેય હું બીજા એક કાર્યમાં અતિ વ્યસ્ત હોવાથી તે ફ્લેટ બાબત પૂરતું ધ્યાન આપી શક્યો ન હતો. અને બિલ્ડરે મારા પાસેથી એ ફ્લેટની ૬૦ ટકા રકમ લઇ લીધી હોવા છતાં મારો એ ફ્લેટ બીજાને વેંચી નાખ્યાની મને ખબર પડી ત્યારે મને મોટો આઘાત લાગ્યો. હું તાબડતોબ તે બિલ્ડર પાસે ગયો અને મારા ફ્લેટની માગણી કરી પરંતુ એ બિલ્ડર તો સાવ નામકર ગયો, ફરી જ ગયો. આ કિસ્સામાં મારી જ ભૂલ હતી. મેં વિશ્વાસે તેમને ફ્લેટની ૬૦ ટકા રકમ ભરપાઇ કરી હતી. અને તેનું કોઇ લખાણ કે રસિદ પણ લીધી ન હતી. અને મારી આ ભૂલની સજા મને મળી ગઇ. પેલા બિલ્ડરે તો તમે ફ્લેટ નોંધાવ્યો જ નથી તેમ કહીને ફરી ગયો !

હૂં ખૂબ ચિંતામાં પડી ગયો. મારો ફ્લેટ કે તેના ભરેલ પૈસા પરત મેળવવા મારે મેં તે બિલ્ડરના પિતાજીને પણ વાત કરી અને જ્યાં જ્યાં મારી ઓળખાણ-લાગવગ હતી ત્યાં હું ફરી વળ્યો. પરંતુ મારી કોઇ કારી ફાવી નહિ. આ બાબત હું તદન નિષ્ફળ ગયો. હવે આ બાબત કોર્ટ-કચેરી કરવી પડે તેમ હતું. પરંતુ એટલો સમય મારી પાસે ન હતો અને વળી આ બિલ્ડર ખૂબ જ માથાભારે હોવાથી શું કરવું તેની વિમાસણમાં હું હતો.

આ ફ્લેટ બૂકીંગમાં મારી સારી એવી રકમ ફસાઇ ગઇ હતી. હું ભારે મુંઝવણમાં મૂકાઇ ગયો હતો. આવા સમયે મને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની એક વાત યાદ આવી. કે 'તમારા હાથમાંથી કોઇ છીનવી શકશે પરંતુ તમારા નસીબમાં હશે તો તેને કોઇ છીનવી નહિ શકે.' આ વાત મારા હૃદયમાં અંકિત થઇ ગઇ હતી. આ સૃષ્ટિમાં કર્મસત્તા બળવાન છે એમ માની હવે આ વાત વિસરી જવામાં જ મેં ડહાપણ માન્યું.

અને એ પછી થોડાં જ દિવસમાં ન માની શકય તેવી વાત બની. ગયા મહિને તે બિલ્ડર જાતે મારા ઘરે આવ્યો. અને તેણે કરેલ ભૂલ કબૂલ કરી મારી ક્ષમા માંગી અને મારા ફ્લેટના પૈસા પરત કર્યા. મને અને મારા ધર્મપત્નીને તો એ વાતનું આશ્ચર્ય થયું કે મેં ભરેલ રકમનું વ્યાજ અને તેમણે જે વ્યક્તિને જે ભાવે ફ્લેટ વેચ્યો તેના ડિફરન્સના પૈસા સુદ્ધા મને સુપ્રત કર્યા. અને પોતાની થયેલ ભૂલ બદલ પુનઃ પુનઃ ક્ષમા માંગી અમે પણ તેની ભાવના જોઇને તેને ક્ષમા આપી.

એ પછી અમને જાણવા મળ્યું કે તે બિલ્ડર ઉપર હમણાં હમણાં અનેક તકલીફો આવી હતી. આચરેલ અનીતિ કોઇને સુખેથી જીવવા દેતી નથી તે વાત અહીં સિદ્ધ થતી હતી. આનંદની વાત તો એ હતી કે આ બિલ્ડર પણ ચેમ્બુર તીર્થમાં **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપમાં આવતા હતા. નવકાર મંત્રે જ તેમને સદ્બુદ્ધિ આપી હતી એવી અમને ખાત્રી છે. કોઇનું પણ અણહકનું ન લેવું અને કોઇની થાપણ ઓળવવાનું ભયંકર પાતક કદિ ન કરવું એ **પૂ. શ્રી જયંતભાઇ**ની વાત તેના પરિવર્તનમાં ભાગ ભજવી ગઇ

**માનકુંવર લક્ષ્મીચંદ લાલકા** (કચ્છ વારાપધર-મુલુન્ડ)

હોવી જોઇએ. તેમજ તેના પરિવાર પર આવેલ તકલીફોએ પણ તેને વિચાર કરતા કરી દીધો હોય તેમ અમને સહજ રીતે લાગ્યું છે.

આમ નવકાર મંત્રની આરાધના મને ખરા અર્થમાં ફળી છે. મારી પર આવેલ સંકટ જે રીતે દૂર થયું તેમાં મને નવકાર મંત્રનો જ પ્રભાવ અને પ્રતાપ દેખાય છે. તેમાં જરા પણ શંકા જણાતી નથી. અહીં એટલું જરૂર કહી શકું કે મારા પૈસા પાછા મળશે તો તેમાંથી હું અમૂક રકમ **પૂ. જયંતભાઇ 'રાહી'**ના **સાધર્મિક ઉત્કર્ષ અભિયાન**માં અર્પણ કરીશ તેવો મેં મનોમન સંકલ્પ કર્યો હતો. અને એ મુજબ મારી મુશ્કેલી દૂર થતાં અને મારા પૈસા પાછા મળતા આપના સાધર્મિક ઉત્કર્ષ અભિયાનમાં મારા તરફથી આ રકમ મોકલી રહ્યો છું તે સ્વીકારી મને ઉપકૃત કરશોજી. આપે જ્યારથી સાધર્મિક સેવાનું કાર્ય શરૂ કર્યું છે ત્યારથી હું તેમાં મારો યત્કિંચિત ફાળો આપતો રહ્યો છું. મારી આ આફતમાં મારી સહાયે નવકાર મંત્ર તો આવ્યો જ છે પણ આપણા આવા કોઇ સાધર્મિક પરિવારને કરેલી મદદ પણ મારા માટે આશીર્વાદ રૂપ નિવડી છે તેમ મને ચોક્કસ લાગે છે.

❁ ❑ ❁ ❑ ❁ ❑

## નવકારે અમારા પારાવારિક જીવનમાં ચમત્કાર સર્જ્યો...!

છેલ્લા થોડા વર્ષથી હું ચેમ્બુર મધ્યે આપના નવકાર જાપ અનુષ્ઠાનમાં નિયમિત આવું છું. આપના જાપમાં આવ્યા પહેલાની આ વાત છે. મારા ધર્મપત્નીના ઉગ્ર સ્વભાવના કારણે મારા મોટા દીકરાની પત્ની પોતાના પિયર ચાલી ગઇ. અમે બધાએ ઘણા પ્રયત્નો કર્યા છતાં તે હવે અમારા કુટુંબ સાથે ભેગા રહેવા સહમત થતી ન હતી. અમારી આર્થિક સ્થિતિ એટલી સદ્ધર ન હતી કે મારા મોટા દીકરા માટે અલગ જગ્યા અમે લઇ શકીએ. વળી મારા દીકરાની પત્નીના પિયર જવાથી મારો નાનો દીકરો કે જે લગ્નની ઉંમરે આવી ઉભો છે તેનું સગપણ પણ જલદી થતું ન હતું. આમ અમારી કૌટુંબિક મુંઝવણ ખૂબ જ મોટી હતી. અને તેને સૂલઝાવવામાં અમારા કોઇ પ્રયત્નો સફળ થતાં ન હતા. આ સમસ્યાને લીધે બધાના મન પર એક પ્રકારનું સતત ટેન્શન રહ્યા કરતું હતું.

એ દિવસ મને બરાબર યાદ છે. ચેમ્બુર તીર્થે હું નવકાર જાપમાં આવ્યો અને આપની જાહેરાત મુજબ ચેમ્બુર તીર્થમાં નિર્માણ થનાર નવકાર પિઠિકા માટે નવકાર યંત્ર મેં મેળવ્યું. અને ચૈત્ર સુદ-૧ના આ પ્રભાવી યંત્રને હું સબહુમાન મારા ઘરે લઇ આવ્યો અને આપની સૂચના પ્રમાણે આ યંત્ર પર ૧૦૦૮ નવકાર પૂજન ચાલુ જ છે. પરંતુ કોણ જાણે કંઇ ઘડીએ, કંઇ ક્ષણે આ મહાન યંત્રનો અમારા ઘરમાં પ્રવેશ થયો અને ઘરમાંથી જાણે અશાંતિના વાદળ હટવા લાગ્યા. મેં આપની પાસે દર બે વર્ષે એક નવલખો જાપ પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો છે. તેની બાંધી નવકારવાળી ગણવાનું આજે પણ ચાલુ જ છે. મારી નવકારની આ સાધના અને મહાન નવકાર યંત્રનું અમારે ત્યાં આગમન શુભ સંદેશ લઇને જ આવ્યું. સર્વ પ્રથમ તો મારા મોટા દીકરાની પત્ની જે પિયર ચાલી ગઇ હતી તે પાછી અમારા ઘરે આવી ગઇ. મારા ધર્મપત્નીને પણ સમજદારીનો રંગ લાગ્યો હોય તેમ તેના સ્વભાવમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું. જાણે કંઇ બન્યું જ નથી તેવી સમજણ સાથે ભૂતકાળને ભૂલીને પોતાની પુત્રવધૂ સાથે પ્રેમપૂર્વક વર્તવાનું તેણે શરૂ કર્યું. ખાસ આનંદની વાત તો એ છે કે મારા નાના દીકરાની સગાઇ પણ આ સપ્તાહમાં થઇ ગઇ અને આવતા મહિને તેના લગ્ન પણ નક્કી કર્યા છે. ખાસ વિશેષ વાત તો એ છે કે મારા મોટા દીકરાનો એક મિત્ર વર્ષોથી અમેરિકામાં સ્થાયી થયો છે. તેના પિતા (માતા હયાત નથી) તેમની પુત્રી સાથે બોરીવલીમાં રહે છે. અને તેમનું કારખાનું ભાયંદરમાં છે. મારો મોટો દીકરો તેમના આ કારખાનામાં સેલ્સ મેનેજર તરીકે કામ કરે છે. હવે એ ભાઇનું પોતાની પુત્રી સાથે કાયમ માટે અમેરિકા જવાનું નક્કી થયું છે. તેથી 'કમાવ તો આપજો' એ ધોરણે આ કારખાનું મારા મોટા દીકરાને સુપ્રત કર્યું છે. તેનો લેવડ-દેવડનો હિસાબ પણ પતાવી દીધો છે. મારા બંને દીકરાઓએ

આ કારખાનાનું સંચાલન સારી રીતે સંભાળી લીધું છે.

મારા મોટા દીકરા માટે અલગ ઘર અમે નક્કી કરી લીધું છે. મારા નાના દીકરાના લગ્ન પછી તે ત્યાં રહેવા જશે. આજના કાળમાં સૌ પોતપોતાની રીતે સુખી રહે તેનાથી વિશેષ અમારે જોઇએ પણ શું ?

નવકાર મંત્રના પ્રભાવે અમારા કુટુંબ પરિવાર પર આવેલ સંકટ ટળ્યું છે એટલું જ નહિ નવકારના પ્રચંડ પ્રભાવે જ અમને શાંતિ, સંતોષ, પ્રેમ અને ધંધાકીય સ્થિરતા પ્રાપ્ત થઇ છે. નવકારના પ્રતાપે જ અમારા સૌના જીવનમાં અને વ્યવહારમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું છે. અમારા માટે આ સુખદ ઘટના છે આપના જેવા યુગપુરુષોને લીધે સકલ સંસારમાં સુખ શાંતિની સતત વર્ષા થતી રહેશે તે સ્પષ્ટ વાત છે. મને જે કોઇ મળે તેને હું એક જ વાત કહું છું કે નવકાર સિવાય આપણો કોઇ ઉદ્ધારક નથી. ગમે ત્યાં ફાલતું રખડપટ્ટી તમને દુ:ખની ગર્તામાં જ ધકેલી દેશે પરંતુ નવકારનું શરણ લેશો તો સુખના સમુદ્રમાં તમે હંમેશા મ્હાલશો તે નક્કી જ છે. !

**–કનુભાઇ એમ. વોરા (મુંબઇ)**

## નવકાર મંત્રના પ્રભાવથી સંતાન પ્રાપ્તિ થઇ...!

મારા લગ્ન જીવનના ૧૬-૧૬ વર્ષ વીતી ચૂક્યા પરંતુ અફસોસ છે કે મને સંતાન સુખ પ્રાપ્ત થયું ન હતું. છેલ્લા કેટલાક વર્ષથી અમે દવાદારુ, વૈદ્યકીય સારવાર અને અન્ય અનેક ઉપાયો કરી ચૂક્યા છીએ. તીર્થ સ્થળોની યાત્રા, પીર, દરગાહો વગેરે સ્થાનોએ પણ જઇ આવ્યા છીએ પરંતુ અમારા કોઇ પ્રયત્નો સફળ થયા ન હતા.

અમારા સંસારી પક્ષે માશીબા જેઓ દીક્ષા અંગિકાર કરીને સાધ્વીજી મહારાજ બન્યા છે. તેમણે અમને કહ્યું કે તમે નવકારનું શરણ લો. પાયધુનીના શ્રી નમિનાથ જિનાલયે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** દર મહિને નવકાર જાપ કરાવે છે તેમાં તમે નિયમિત જાવ. નવકારના પ્રતાપે કંઇ નહિ તો તમારું અશાંત મન શાંત તો થશે જ અને તમે ધર્મ તરફ સવિશેષ વળશો તો તેનો તમને આત્મિક લાભ જ છે. છેલ્લા બે વર્ષથી હું શ્રી નમિનાથ જિનાલયે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના જાપમાં નિયમિત આવું છું. મારી આજની ૩૫ વર્ષની ઉંમરે પણ મને નવકાર વિષે આટલું ઉંડુ ક્યારેય જાણવા મળ્યું ન હતું. તે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના નવકાર જાપમાં આવવાથી મને મળ્યું છે તે મારું સૌથી મોટું સદ્‌ભાગ્ય છે.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના સ્વમુખેથી નવકારનો મહિમા જાણી હું તેમાં વધુને વધુ ઉંડી ઉતરતી ગઇ. સૂતા-ઉઠતા-બેસતા-ચાલતા હું સતત નવકારનું રટણ-સ્મરણ કરવા લાગી. આપ માનશો મારી નિરાશા અને ઉદાસીનતા તો મારા જીવનમાંથી કાયમી રીતે અદ્રશ્ય બની ગઇ. મારું જીવન પ્રસન્નતાથી ધબકવા લાગ્યું. નવકારના પ્રતાપે મારા કર્મમળ ધોવાતા રહ્યા. તમે માનો કે ન માનો મારા લગ્ન જીવનના ૧૬ વર્ષ પછી મને સંતાન સુખની પ્રાપ્તિ થઇ. અને નાનકડા **દર્શન**ની માતા બનવાનું સૌભાગ્ય મને સાંપડ્યું. મારા હૈયામાં આનંદની છોળો સતત ઉભરાવા લાગી.

નવકાર અનુષ્ઠાન તો આત્માની ઉન્નતિ અર્થે જ છે તેવું ભાવપૂર્વક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** જણાવે છે. પરંતુ જીવનમાં આવતો અનેક પ્રસંગો પણ નવકાર પ્રભાવે સફળ બની રહે છે. જરૂર છે શ્રદ્ધા, વિશ્વાસ અને ધીરજની. મારી આ સમજણના રૂડા પ્રભાવે એટલું તો હું જરૂર કહી શકું કે આ તો સાંસારિક મોહ છે. પરંતુ માનવ જીવનને સાર્થક કરી માનવી તરીકેની આપણી ફરજ અદા કરવી એ પણ એક માનવ જીવનનું કર્તવ્ય સમજું છું. નવકારની આવી સમજણ આવ્યા પછી પુત્ર જન્મ ને પણ હું બહુ મહત્વ આપતી નથી. આપણી વધુને વધુ કર્મ નિર્જરા કરાવી શકનારા નવકાર મહામંત્રનું આ આલંબન મારા જીવનના અંતીમ શ્વાસ સુધી ટકી રહે એવી પરમોપકારી પંચ પરમેષ્ઠિ ભગવંતોને આ તકે મારી પ્રાર્થના છે.

**–નંદીની આર. મહેતા (ભાયખલા)**

**અને...ધરણેન્દ્રના અવતાર સમા બે દૈવી પુરુષો સહાય કરવા આવી પહોંચ્યા !**

ઇ.સ. ૧૯૬૦-૬૨ની આસપાસની આ ઘટના છે. આ ઘટના સમયે જોકે મારી ઉંમર બહુ નાની ચાર-છ વર્ષની હતી અને આ ઘટનાનો સાક્ષી હોવા છતાં આટલી નાની ઉંમરનાં પરિણામે યાદ ન હોય તે સ્વાભાવિક છે. આમ છતાં મોટા થયા બાદ મને મોટી બહેન તેમજ ઘરનાઓ પાસેથી આ ઘટના સાંભળવા-જાણવા મળી હતી.

બચપણ રાજકોટમાં વીત્યું. રાજકોટમાં પિતાજી ઇસ્ટ આફ્રિકામાં આવેલા જીબુટી નામના દેશમાં વરસો સુધી રહ્યા બાદ અત્રે રાજકોટમાં સ્થાયી થયા હતા. વરસોના પરદેશના વસવાટને પરિણામે રાજકોટમાં જીબુટીવાલા તરીકે જ અમારું કુટુંબ જાણીતું હતું. શહેરની વચ્ચે જ અમારો જીબુટીવાલા બિલ્ડીંગના નામનો બંગલો હતો અને પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચનો સારો લાભ મળતો હતો. પિતાજી કે જેઓ પોપટભાઇ જીબુટીવાલાનાં નામે રાજકોટમાં જાણીતા ઉપરાંત ત્યાંના પ્રખ્યાત માંડવી ચોક જૈન દહેરાસરમાં પ્રમુખ અને ત્યારબાદ વરસો સુધી ટ્રસ્ટી તરીકે હતા. જેને પરિણામે દરેક પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતો સારી રીતે પરિચિત હતા. પિતાશ્રીને પણ જૈન ધર્મ પરત્વે અનહદ ભક્તિ હતી અને તેમાં પણ શ્રી નવકાર મંત્રમાં અપૂર્વ શ્રદ્ધા અને ભક્તિ હતી.

બધા ભાઇ-બહેનોમાં સૌથી નાનો હું હતો અને તમામ ભાઇ-બહેનો શાળા-કોલેજમાં ભણતા. જોકે મારો અભ્યાસ હજુ શરૂ જ થયો ન હતો અને દર ઉનાળામાં અમે એ સમયે મોટી શેવરોલેટ ગાડી હતી તેમાં બેસી સૌરાષ્ટ્રના વિવિધ જૈન તીર્થોનાં દર્શન કરવા જતાં હતાં. આવા જ એક વર્ષમાં ગુજરાતમાંનાં તીર્થ સ્થાનોનાં દર્શને આ જ પ્રમાણે અમારી ગાડીમાં નીકળ્યા હતા. ઉનાળાનો સમય હોવાથી પ્રવાસ સામાન્ય રીતે રાત્રે જ કરતા હતા અને આશરે ૧૦/૧૧ આસપાસ નજીકના કોઇ ગામ પર પહોંચીએ તે રીતે સાંજના આગલા તીર્થ સ્થાનમાં ચૌવિહાર કરીને પ્રસ્થાન કરતા હતા અને રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યે આગલા સ્થળની ધર્મશાળા પર પહોંચીએ તે પ્રમાણે પ્રવાસ કરતાં હતાં.

એક સાંજે ગુજરાતનાં તીર્થ સ્થાનોની યાત્રાર્થે આગળ નીકળ્યા અને પ્રયાણ શરૂ કર્યું. રસ્તામાં જે ગામ જવાનું હતું ત્યાંનો રસ્તો ડ્રાઇવર ભૂલી ગયો કે શું કોઇક અલગ જ રસ્તે ચડી ગયો અને ઘોર અંધારું વ્યાપી ગયું અને એકાએક વરસાદનું એક જોરદાર કમોસમી ઝાપટું આવી જતાં આખો રસ્તો કે જે કાચો રસ્તો હતો તે પાણીથી તરબોળ થઇ જતા જમીન નરમ થઇ જતાં ગાડી પણ ડચકાં ખાવા લાગી અને થોડા અંતરે આગળ જઇને એક ખાડામાં કારનું વ્હિલ ફસાઇ ગયું અને ગાડી અટકી ગઇ. કારનું વ્હિલ ખાડામાંથી બહાર કાઢવા અનેક મહેનત કરવા છતાં કંઇ વળ્યું નહીં. વરસાદ જોકે અટકી ગયો હતો પરંતુ સાથોસાથ ગાડી પણ ઘોર અંધકારમાં જંગલ જેવા રસ્તામાં અટકી ગઇ હતી. ચારે તરફ ઘોર અંધારું અને માઇલો સુધી કોઇ દીવા પણ દેખાતાં ન હતા. તમામ ભાઇ-બહેનો નાના હોવાથી ગભરાઇ ગયા હતા.

પિતાજીએ અત્યંત ધીરજ અને શ્રદ્ધાપૂર્વક ગાડીમાં બેસી ગયા અને નવકાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યા. નવકાર મંત્ર પર એમની અતૂટ શ્રદ્ધા હતી અને તે જ ભાવના અને શ્રદ્ધા સાથે સ્મરણ ચાલુ હતું. કેટલોક સમય વીત્યો અને થોડીવારમાં દૂરથી કોઇ બે વ્યક્તિ કે જેમણે ચોરણી અને કડીયું પહેર્યું હતું તે દેખાઇ. એકદમ સફેદ દૂધ જેવાં ચોરણી અને કડીયું પહેરેલાં આ બન્ને વ્યક્તિનાં હાથમાં અણિયાળી ડાંગ હતી અને ખેતરેથી આવતાં હોય એમ જણાતાં હતાં. પરંતુ પિતાશ્રીએ કહેલી વાત મુજબ આ બન્ને વ્યક્તિ કોઇ સાધારણ ખેડૂત જેવી ન હતી પરંતુ જાણે દૈવી પુરુષ હોય એવા લાગતા હતા.

આ બન્ને પુરુષો કારની નજીક આવ્યા અને પૂછ્યું શું થયું છે ? અમે તેમને હકીકત જણાવી. બન્નેના શરીરનાં બાંધા કસાયેલા અને બાવડાં મજબૂત હતા. તેમણે બન્નેએ કારનાં પૈડાને ખાડામાંથી એક ઝાટકે બહાર કાઢીને ડ્રાઇવરને કાર ચાલુ કરવા કહ્યું. ડ્રાઇવરે કાર ચાલુ કરતાં તુર્ત જ સ્ટાર્ટ થઇ ગઇ. પિતાજીએ બન્નેને નજીકનાં ગામનો રસ્તો પૂછ્યો

અને તેઓ ત્યાં જવાના હોય તો તેમને ત્યાં સુધી છોડી દેવાનો આગ્રહ કર્યો. આ બન્નેએ કહ્યું કે અમો ગાડીની ઉપર કે જ્યાં કેરિયર હોય છે તેના ઉપર બેસી જઇએ છીએ અને તમે ગાડી હંકારતા રહો અને અમે તમને માર્ગ સૂચવીશું. ડ્રાઇવરે ગાડી મારી મૂકી. આ બન્ને વ્યક્તિઓ ગાડી ઉપર જ હતા. થોડીવારમાં ગામનું પાદર આવ્યું અને ગાડી ઊભી રાખી અને પિતાજી આ બન્ને વ્યક્તિનો આભાર માનવા ગાડીમાંથી નીચે ઉતર્યા અને ઉપર જોયું તો કોઇ ન હતું !! આ બન્ને કોઇ ધરણેન્દ્રનો અવતાર જ હશે કે જે અમને ખાસ સહાય કરવા જ આવ્યા હતા એમ તેમને ન જોતાં પિતાજીના મ્હોંમાંથી ઉદ્ગાર નીકળી પડ્યા હતા.

**—સુભાષ પોપટલાલ શાહ,**
**તંત્રી : મુલુન્ડ ન્યુઝ પેપર (મુલુન્ડ)**

* * *

## નવકારના પ્રતાપે કમલ પાછો મળ્યો....!

ગીરનારની છત્રછાયામાં સંયુક્ત, સંસ્કારી તથા ધાર્મિક કુટુંબમાં જન્મ થયો હોવાથી ઘણી જ નાની ઉંમરથી નવકાર એક મહામંત્ર છે તેની ખબર તથા ખાત્રી પણ થઇ ગયેલી. ઘરમાં, પાઠશાળામાં, પૂ. મહારાજ સાહેબોના વ્યાખ્યાન શ્રવણમાં, તથા ઘણીજ ધાર્મિક શિબિરો વગેરેમાં આ બાબત ઘણા જ દાખલા, દલિલો તથા ઉદાહરણો રુપે સાંભળેલ છે. તે આજ સુધી મારા જીવનમાં મારા આત્માની સાથે જ વણાઇ ગઇ છે અને આત્મા સાથે વણાયેલ બાબત મરણ બાદ પણ સાથ આપે જ છે. આત્મા અમર છે, જેનું મૃત્યું ન હોવાથી મારા આત્માની સાથે મહામંત્ર પણ સાથ આપવાનો જ છે. મારા જીવનમાં નવકાર મહામંત્રના ચમત્કારો ઘણા થયા છે. પરંતુ જે સૌથી મહત્ત્વનો પ્રસંગ બનેલ છે તે બાબતનો હું અત્રે ઉલ્લેખ કરીશ. મારા પૂજ્ય માતુશ્રીના મૃત્યુ બાદ અમારા કુંટુંબે બહુ જ ટૂંકા ગાળામાં એક લાખ નવકાર ગણવાની નેમ રાખી હતી. અને તે એક લાખ નવકારના જાપ અમારાં કુટુંબના દરેક નાના મોટા સભ્યોએ ઘણી જ શાંતિ, સમતા ને આનંદથી ટૂંકા ગાળામાં પૂરા કર્યા હતા. ધાર્યું કામ સફળ થાય તેવાં સાંસારિક કાર્યો માટે નવકાર જેવા મહામંત્રનો સહારો લેવો મને અયોગ્ય લાગે છે. છતાં પણ જ્યારે અસહાય અને નિરાધાર પરિસ્થિત ઉભી થાય ત્યારે તેનો સહારો લેવો પડ્યો છે. તે હું કબૂલ કરું છું. આ કિસ્સો મારા લગ્ન માટુંગામાં થયા હતા ત્યારબાદ પહેલાં બાળકના જન્મના ચાર વર્ષ બાદનો છે. અહીં તેનું નામ કમલ આપું છું. આ વાત લગભગ ૧૯૮૦ની સાલની છે. જ્યારે કમલની ઉંમર માત્ર ચાર વર્ષની હતી. હજુ K.G.માં ડોનબોસ્કો સ્કૂલમાં માટુંગામાં તે જ વર્ષે દાખલ કર્યો હતો. પરંતુ બુદ્ધિ ઘણી જ તેજસ્વી. પોતાનું નામ, પિતા, દાદાજીનું નામ, એડ્રેસ, સ્કૂલનું નામ, ઘરના તથા ઓફિસના ફોન નંબર વગેરે ઘણી જ બાબત તે જાણતો હતો. સ્કૂલમાં રવિવાર તથા ગુરુવાર એમ બે રજા હોય. તેથી એક ગુરુવારે અમારા સંયુક્ત પરિવારના પૂજ્ય વડીલશ્રીએ કમલને પોતાની સાથે ઓફિસે લઇ જવા માટે તૈયાર કર્યો. મતલબ કે તે તેઓની સાથે ક્યારેક ઓફિસે જતો તેથી તેને લઇ જવા કહ્યું. ઓફિસે મુખ્યત્વે તેને ટાઇપ કરવામાં તથા પંચીંગ મશીનથી કાગળમાં રમવામાં તથા ડ્રોઇંગ કામમાં વધારે રસ હતો. તેથી ત્યાં જતો અને ત્યાંથી બે ત્રણ વાર ઘરે ફોન પણ કરે.

સવારે ૧૧ વાગ્યે જમીને સાથે પોતાના માટે નાસ્તાનો ડબ્બો લઇને કમલ તેના પૂજ્ય દાદાજીની સાથે ઓફિસે જવા નીકળ્યો. તે સમયે માટુંગાથી લગભગ ૬ લિમિટેડ તથા ૮ લિમિટેડ બસ ત્યાં અમારી નાગદેવીની ઓફિસે જતી હતી. આ બે માંથી કોઇ પણ બસમાં તેઓ બન્ને ચડ્યાં. જેના નંબર ખબર નહીં. અથવા યાદ રહ્યો નહીં. બસમાં એકદમ આગળની સીટ પર જગા થતાં દાદાજીએ કમલને ત્યાં બેસાડી દીધો. પોતે પાછળની સીટ પર જગા મળતાં બેઠાં. થોડીવાર થતાં બપોરની સૂવાની આદતને લીધે કમલ તે સીટપર સૂઇ ગયો અને જ્યારે બાજુવાળો માણસ ઉતર્યો હશે ત્યારબાદ આખી સીટ પર પૂરેપૂરો લાંબો થઇને સૂઇ ગયો. પૂજ્ય દાદાજીએ એક આખી અને એક અર્ધી ટીકીટ લીધી હતી. નાગદેવીનું સ્ટોપ આવતાં પૂજ્ય સસરાજી ઉતરી ગયા. રોજના રુટીન મુજબ ઓફિસે ગયા. આ બાજુ બસ જ્યાં

ખાલી થતી હતી, (લગભગ ઇલેક્ટ્રીક હાઉસ) ત્યાં કંડક્ટર, ડ્રાયવર વગેરે દરેક બસમાં એક છેલ્લી નજર કરીને ઉતરી ગયા. કમલ તો સૂતો હતો તેથી તેનું માથું દેખાય નહીં. તે તેમાં જ સૂતો રહ્યો. મારા પૂજ્ય સસરાજીને એકાદ હાર્ટ એટેક આવી ગયો હોવાથી દવાની અસરને લીધો થોડું ભૂલી જવાની આદત હતી. તેઓ ઓફિસે પહોંચ્યા ત્યારબાદ ખીસ્સામાંથી રૂમાલ, પૈસા વગેરે કાઢીને ટેબલ પર મૂક્યાં. બાદ લંચ બોક્ષ ટેબલ પર મુક્યું. થોડીવાર બાદ ખીસ્સામાંથી બે ટીકટ નીકળતાં તેને વિચાર આવ્યો કે આમ કેમ ? ત્યારબાદ લંચબોક્ષ જોતાં જ અને અડધી ટીકીટ જોતાં તેને કમલનો ખ્યાલ આવ્યો. પણ બસમાં જ રહી ગયો હશે કે પોતાની પાછળ ઉતર્યો હશે એ વિચાર કરતાં તેઓને પરસેવો વળી ગયો. છાતીમાં જરા જરા દુ:ખાવો શરૂ થયો અને થોડીવારે સ્વસ્થ થતાં લગભગ સાડા બાર થી એક ની વચ્ચે ઘરે ફોન આવ્યો. હું સમજી ગઇ કે કમલે 'હું પહોંચી ગયો છું.' વગેરે માટે ફોન કર્યો હશે. પણ વાત કંઇક જુદી જ નીકળતાં અમો ઘરમાં ત્રણ-ચાર સ્ત્રીઓ જ હોવાથી બધાં જ ગભરાઇ ગયા. કમલના પપ્પા આમ તો ઓફિસે જતાં પહેલાં બહારનું કામ કરીને પછી જતાં હોવાથી તેમનો કોન્ટેક્ટ કરવો અશક્ય હતો.

ત્યારબાદ મારા બન્ને દિયરો જે બીજે કામ કરતા હતા તેઓને ફોન કર્યા અને પોલીસમાં કંપલેઇન નોંધાવવા વાત કરી. બે વાગી ગયા પણ કમલનો કંઇ ફોન કે મેસેજ મળ્યાં નહીં. મને એક વસ્તુ પાકી હતી કે જો કોઇ સારા માણસના હાથમાં આવશે તો તે તેનો ફોન નંબર પૂછીને પહેલાં ફોન કરાવશે જ. પણ કંઇ બાતમી મળી નહીં. તેથી મારી ચિંતા વધતી ચાલી. મને નવકાર મંત્ર ઉપર પૂરી શ્રદ્ધા તેથી ચિંતા થઇ ખરી. પણ મનના ખૂણે એક વિશ્વાસ પણ ઘરબાયો હતો કે કમલ જ્યાં હશે ત્યાંથી પાછો મળશે જ. મારી ધીરજ ખૂટી નહીં. મારી શ્રદ્ધા અતૂટ હતી. ત્રણ વાગ્યા બાદ મેં નવકારમંત્રના જાપ ચોખ્ખાઇ કરીને શરૂ કર્યા. ઘીનો દીવો કર્યો. ત્યારબાદ મારા હસબન્ડનો બહારથી ફોન આવ્યો કે કમલ ઓફિસે ગયો છે કે નહીં ? વગેરે દરેક વાતની જાણ થતાં તેઓ તથા મારા એક દિયર વગેરે બસના અંતિમ પોઇન્ટ પર પહોંચ્યાં. ત્યાં સુધી મારા પૂજ્ય સસરાને પણ એકલા રાખવાની તકલીફ હોવાથી એક દિયર ત્યાં ગયા. બસના અંતિમ સ્ટોપ પર પહોંચતા સુધીમાં તો બન્ને બસો ફરીથી પોતાના રુટીંગ ઉપર જવા નીકળી પડી હતી. ત્યાં બીજા કંડકટરો, ડ્રાયવરો તથા આજુબાજુના માણસોને પૂછ્યું કે કોઇ બાળકને નીચે એકલો જતાં કે રડતાં જોયો હતો તેઓ દરેકે ના પાડી કે અમોએ અહીં કોઇ ચારેક વર્ષના બાળકને જોયો નથી. હવે ત્યાં ગયેલા બન્ને પણ મુંઝાયા. પોલીસોએ પોતાની રીતે પોતાનું કામ ચાલુ કરી દીધું હતું. પણ રસ્તામાં ક્યાંય હોય તો મેળ ખાય. ચાર વાગી ગયા છતાં કોઇ ખબર આવી નહીં. ૧૧ થી ૪ વાગ્યા સુધીમાં જ્યારે ૪ વર્ષનું બાળક એકલું બહાર રહે ત્યારે તેના મા-બાપ તથા ઘરનાની હાલત શું થાય તે તો મને જ્યારે અનુભવ થયો ત્યારે જ સમજાયું. બાકી આ વાત ખાલી સાંભળીએ તો વધારે ગંભીર ન લાગે, અનુભવે જ સમજાય. પરંતુ મારા મનમાં નવકારના જાપ ચાલુ જ હતા તેમાં ક્ષતી કે વિટંબણા આવી ન હતી. અખંડ દીવો તથા નવકાર જાપના પ્રતાપથી કમલ જે બસમાં સૂઇ ગયો હતો તેમાં જ સૂતો રહ્યો હતો. અને તે ત્યાંથી પાછી ઉપાડી ત્યારે પણ તે તેમાં જ સૂતેલો હતો. રસ્તા પર આવ્યો ન હતો તે તેનો પ્લસ પોઇન્ટ બની ગયો. ત્યાર બાદ બસની રફતાર વધતાં પેસેંજરો ચડતાં ગયા. કમલની બાજુમાં કોઇ ભાઇ બેઠા. માન્યું કે આજુબાજુવાળાનો બાબો હશે. કંડકટરે ટીકીટ માટે પૂછતાં આજુબાજુવાળા દરેકે ના પાડી ત્યારે જ કમલ અચાનક જાગી ગયો અને બાઘો અને બેબાકળો બનીને રડવા લાગ્યો. અને દાદાજી, દાદાજી કરવા લાગ્યો. ઉભો કરીને દાદાજી છે કે નહીં તે કંડકટરે બતાવ્યું ત્યારે તેણે ના પાડતાં કંટકટરે હીંદીમાં તેને બધું પૂછ્યું. બધા જવાબ આપ્યા અને બાજુવાળો જે માણસ લગભગ સાઉથ ઇંડિયન હશે. તેણે બધી બાબત નામ, એડ્રેસ, ફોન નંબર વગેરે પોતાની ડાયરીમાં નોંધ કરી અને તને હું તારા ઘરે મૂકી જઇશ.' તેવા દિલાસા સાથે કમલને શાંત પાડ્યો. તે ભાઇએ કંડકટરને કહ્યું કે હું તેને

ઘરે પહોંચાડી દઇશ. પરંતુ નધણીયાતું બાળક થઇ જતાં તેને હવે પોલીસમાં જ સોંપવાની વાત ડ્રાઇવર-કંડકટરે કરી અને ભાયખલા પોલીસ ચોકી આવતાં ત્યાં પોલીસ ચોકીમાં કમલને છોડી આવ્યા. પેલા સાઉથ ઇંડીયન ભાઇએ ડ્રાઇવર તથા કંડકટર અને પોલીસનો પણ નંબર પોતે લખી લીધો અને ત્યાંજ ઉતરીને બહારથી કમલે આપેલા ફોન નંબર પર ફોન કર્યો. જે અમારા ઘરનો જ હતો. અને મેં ફોન ઉઠાવતાં તેણે કહ્યું કે બદામી શર્ટ અને બ્રાઉન પેન્ટ પહેરેલ બાળક છે અને તેને ભાયખલા પોલીસ ચોકીમાં લઇ ગયેલ છે. વધુ વિગત હું તમોને ઘરે આવીને આપીશ તે દરમ્યાન પાંચ વાગી ગયા હતા. ત્યાંથી ટેક્ષી પકડીને પેલા ભાઇ ઘરે આવ્યા ને બધી ઉપરની વિગત વિગતવાર કહી સંભળાવી. ફોન આવ્યાથી જે રાહત થઇ હતી, તે ઘરે આવ્યા બાદ શાંતિ અને ખુશીમાં બદલાઇ ગઇ. તે ભાઇને ચાની ઓફર કરતાં તેમણે ના પાડી અને પાણી સુદ્ધા પણ ન પીધું. ને અમો પોલીસ ચોકીથી ફોન આવવાની રાહ જોવા લાગ્યા. લગભગ સાડાપાંચે ત્યાંની બધી વિધિ પતાવી કમલને દરેક બાબત પાકી પૂછી ને કમલ પાસે જ ફોન કરાવ્યો કે હું અહીં પોલીસ ચોકીમાં છું અને મને અહીંથી લઇ જાવ. હું રડતો નથી વગેરે જેમ પોલીસ કહેતા ગયા તેમ બોલતો ગયો. અને મને નવકારમંત્ર પર જે શ્રદ્ધા હતી, વિશ્વાસ હતો તે ફળ્યો. અને આમ અમારો કમલ અમને આખરે સુખરૂપ પાછો મળ્યો...

**–લીલા પી. વસા (મુંબઇ)**

* * *

## પથારીવશ વૃદ્ધ નવકાર જાપથી બેઠા થયાં !

જે ઘરમાં અમારા પંચ પરમેષ્ઠિ મહિલા મંડળની બહેનો નવકારના જાપ દ્વારા નવકારના નાદ પ્રસારિત કરતી હોય તે ઘરમાં નાસ્તિક પણ આસ્તિક બની જાય છે. જે ઘરમાં આ દિવ્ય જાપ થતો હોય તે ઘરની સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્ય હંમેશા જળવાઇ રહે છે. **શ્રી જયંતભાઇ 'રાહી'**ની **'ઘર ઘર ગુંજે શ્રી નવકાર, એ જ અમારો છે નિર્ધાર'**ની ભાવનાને ચરિતાર્થ કરવા અમે સર્વ બહેનો થોડાં અંશે પણ સદ્‌ભાગી બની શક્યા છીએ તેનો અમને આનંદ સાથે ગૌરવ પણ છે.

અમારા મંડળ દ્વારા અમે નવકાર મંત્રનું પવિત્ર યંત્ર અને **શ્રી જયંતભાઇ 'રાહી'**ના આશીર્વાદ લઇને ઘર ઘરમાં નવકાર જાપ અનુષ્ઠાન કરાવવા જઇએ છીએ અમારા આ નવકાર જાપ અનુષ્ઠાનથી સર્વત્ર મંગલ મંગલ જ થાય છે. મુંબઇના વિક્રોલી ઉપરનગરમાં એક કચ્છી પરિવારના ઘરે અમે આ નવકાર જાપ અનુષ્ઠાન માટે ગયા હતા. ત્યાંની એક સત્ય ઘટના અહીં સુજ્ઞ વાટકો માટે પ્રસ્તુત કરતાં આનંદ થાય છે.

વિક્રોલીમાં એક કચ્છી પરિવારના નિમંત્રણથી અમે તેમના ઘરે નવકાર જાપ અનુષ્ઠાન કરાવવા ગયા હતા. આ કચ્છી પરિવારમાં એક વયોવૃદ્ધ વડીલ હતા. તેઓ છ મહિનાથી પથારીવશ હતા. પથારીમાંથી ઉભા થઇ શકવાની તેમની શક્તિ ન હતી. અંદરની રૂમમાં તેઓ પલંગ પર સુતા હતા.

અમે અહીં નવકાર જાપ અનુષ્ઠાનનો પ્રારંભ કર્યો. નવકારના પવિત્ર પદો વાતાવરણમાં સતત ગુંજવા લાગ્યા. આ જાપના પ્રથમ મણકા બાદ અમે **'લગની લાગી છે તારા નામની...'** અને બીજા મણકા બાદ **'રંગાઇ જાને રંગમાં'...** એ ભક્તિગીત ભાવવાહી સ્વરે ગાયું. પેલા વૃદ્ધજન સુતા સુતા અમને સાંભળતાં હતા. તમનામાં કાણ જાણે કેવી શક્તિ ઉદ્‌ભવી. તેઓ પથારીમાંથી એકાએક બેઠાં થયા. કોઇની મદદ વિના પલંગ પરથી નીચે ઉતર્યા. હાથમાં વોકર લીધું. અને જાપ જ્યાં ચાલતા હતા ત્યાં આવીને ઉભા રહ્યા. તેમના પૌત્રનું તેમની ઉપર ધ્યાન ગયું. દાદાને તેણે વિનયથી ખુરશી પર બેસાડ્યા. એ પછી દાદા આ જાપમાં પૂરો સમય બેઠાં. તેઓએ ભાવપૂર્વક જાપ કર્યા, ભક્તિગીતોમાં તેઓ ઝુમતા રહ્યા. તેમના પરિવારજનોમાં ભારે આશ્ચર્ય થયું. જેઓને પથારીમાંથી ઉઠી શકવાની તાકાત ન હતી તે પોતાની મેળે ઉભા થઇ આ નવકાર જાપમાં આવે તે જોઇને તેમની સૌની

આંખમાં હર્ષાશ્રુ ઉભરાયા.

નવકાર જાપ પૂર્ણ થયા. અમે તે વડીલને મળ્યા. પ્રણામ કર્યા. તેમની તબિયતની પૃચ્છા કરી. તેમણે અમને પ્રણામ કરી ધન્યવાદ આપતાં કચ્છીમાં કહ્યું કે **'મુકેતા સજ્જી જમારમેં કેડા નવકાર જાપ અંઇએ ખબર નવી અંઇ તા મૂંકે જાગતો કરે વધા'** અર્થાત્ મને તો સારી જીંદગ નવકાર જાપ શું છે એ ખબર નહોતી, તમે તો મને જાગૃત કરી દીધો !

નવકાર મંત્રના પરમ સાધક **શ્રી જયંતભાઇ 'રાહી'** કહે છે તેમ ભાવપૂર્વક કરવામાં આવતા નવકાર જાપ ચમત્કાર સર્જે છે. આ વયોવૃદ્ધ વડીલ જેઓ છ છ મહિનાથી પથારીવશ હતા. તેઓ પથારમાંથી ઉભા થઇ શકે તેવી કોઇ શક્યતા ન હતી. તેઓ ઉભા થઇ ચાલીને આવે અને નવકાર જાપમાં જોડાઇ જાય તે નવકાર મંત્રનો કેવો અચિંત્ય પ્રભાવ પ્રર્વતે છે તેની પ્રતીતિ કરાવે છે.

એ પછી પંદર દિવસ બાદ આ વૃદ્ધ વડીલનો સ્વર્ગવાસ થયો. અમે સૌ અમને પરિવારજનોને દિલસોજી આપવા તેમના ઘરે ગયા. ત્યારે તેમના પરિવારજનોએ કહ્યું કે આ નવકાર જાપ પછી અમારા વડીલ નવકારમય જ બની રહ્યા. તેઓ દિવસ-રાત સતત નવકાર ગણવામાં જ પ્રવૃત્ત રહ્યા તેમનું અવસાન પણ નવકાર ગણતાં ગણતાં સમાધિપૂર્વક થયું. ખરેખર આ વડીલે અંત સમયે નવકારનું શરણ સ્વીકાર્યું તેથી તેમનો આત્મા અવશ્ય ઉચ્ચ ગતિને પામ્યો હશે તેમાં અમને જરા પણ શંકા નથી.

વિક્રોલીના આ કચ્છી પરિવાર નવકાર જાપના ખૂબ પ્રસંશા કરી. ત્યારે અમે તેમને વિમ્રભાવે કહ્યું કે અમે આ જે નવકાર જાપ કરાવીએ છીએ તે બધાનું પ્રદાન **શ્રી જયંતભાઇ 'રાહી'**નું છે. અમે તો તેમની ઉત્કૃષ્ટ નવકાર ભાવનાની એક કડીરૂપ છીએ. આ કચ્છી પરિવારે અમારા મંડળને સારી એવ રકમ અર્પણ કરી. અમે તેમાંથી મંડળની નિયત રકમ લઇને વધેલી રકમ **શ્રી જયંતભાઇ 'રાહી'**ના સાધર્મિક ઉત્કર્ષ અભિયાનના કાર્યમાં સમર્પિત કરી.

**–જ્યોતિ દીપક દેઢિયા (ઘાટકોપર)**

# નવકાર પ્રભાવ

## આભાર-ઋણ સ્વીકાર



**શ્રી હરિશભાઇ છાડવા**



**શ્રી ચંદ્રકાંતભાઇ શાહ**



**શ્રી સુબોધભાઇ ઝવેરી**



**શ્રી રમેશભાઇ સોની**

સકલ વિશ્વમાં નવકાર જેવો શ્રેષ્ઠ મહામંત્ર અન્ય કોઇ નથી. નવકાર મંત્રના શબ્દો એ શબ્દબ્રહ્મ છે. નવકારમંત્રના અક્ષરો હૃદયસ્થ થાય, હોઠેથી બોલાય અને અંતરમાં ઉતરી જાય તો આપણા જીવનનું શ્રેય અવશ્ય થાય તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.

નવકાર મંત્રનું **રહસ્ય, સાધના, માહાત્મ્ય, ચમત્કાર** જેવી અનેકવિધ મનનીય સાહિત્ય સામગ્રીથી સજ્જ એવા આ **'નવકાર પ્રભાવ ગ્રંથ'** ને આપના કરકમલમાં પ્રસ્તુત કરતાં હું અત્યંત આનંદ સાથે ગૌરવ અનુભવું છું.

આ ગ્રંથની ખરી શોભા તો તેના પૂજ્ય આદરણીય વિદ્વાન અભ્યાસી લેખકોની છે. આ બધા લેખકોનો હું અતઃકરણપૂર્વક આભાર માનું છું. તેઓની નવકાર વિષયક મનનીય કૃતિઓ આરાધકોને નવું બળ, નવો ઉત્સાહ અને તેમની સાધના-ઉપાસનામાં વિશેષ પ્રોત્સાહન આપશે તેવી પૂર્ણ શ્રદ્ધા છે. આ નવકાર પ્રભાવ ગ્રંથ તૈયાર કરવામાં મને **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ની પ્રેરણા માર્ગદર્શન અને આશીર્વાદ મળ્યા છે તે મારું મોટું સદ્‌ભાગ્ય છે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** નવકારના પરમ સાધક છે. અને વચનસિદ્ધ પુણ્યાત્મા છે. તેમના સ્વમુખેથી આ ગ્રંથ પ્રકાશનમાં સૌને સહાયક બનવાની જે અપીલ થઇ અને લોકોએ જે ઝડપથી આ ગ્રંથ માટે સહયોગ આપ્યો તે ઘટના અભૂતપૂર્વ છે. **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**નો હું સદાસદૈવ ઋણી છું અને તેમણે મારા પ્રત્યે જે પ્રેમ, લાગણી અને સદ્‌ભાવ દર્શાવ્યો છે તેને હું કદાપિ વિસરી શકું તેમ નથી.

**નવકાર પ્રભાવ ગ્રંથ** પ્રકાશનમાં જેમનો ઉષ્માભર્યો સહયોગ અમને મળ્યો છે એવા આદરણીય મહાનુભાવો **(૧) શ્રી હરિશભાઇ ગગુભાઇ છાડવા (ચેમ્બુર) (૨) શ્રી ચંદ્રકાંતભાઇ દામજીભાઇ શાહ (ઘાટકોપર) (૩) શ્રી સુબોધભાઇ ભગવાનજી ઝવેરી (પાયધુની)** અને **(૪) શ્રી રમેશભાઇ લાલજીભાઇ સોની (ચિંચપોકલી)**નો આ તકે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેમના આવા ઉદાત્ત સાથ-સહકારથી જ આ **નવકાર પ્રભાવ ગ્રંથ**ના પ્રકાશનને અમે વધુ ગતિશીલ બનાવી શક્યા છીએ. તે માટે આ ચારેય મહાનુભાવોનો અમે પુનઃ પુનઃ આભાર વ્યક્ત કરીએ છીએ.

**શ્રી હરિશભાઇ ગગુભાઇ છાડવા** આપણા બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવારના પ્રમુખ છે. ચેમ્બુર અને અન્ય સ્થળોએ **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** ના સાથી મિત્ર તરીકે નવકાર જાપ કરાવવામાં તેમનું અનન્ય યોગદાન છે. ડિસેમ્બર મહિનામાં તેમણે ચેમ્બુર તીર્થમાં **માતુશ્રી તેજબાઇ ગગુભાઇ ટોકરશી છાડવા પરિવાર** દ્વારા **ત્રિદિવસીય અર્હદ્ મહાપૂજન**ના ભવ્યાતિભવ્ય પ્રસંગનું યશસ્વી આયોજન કર્યું હતું.

**શ્રી ચંદ્રકાંતભાઇ દામજીભાઇ શાહ** જૈન અગ્રણી છે. ઘાટકોપર કચ્છી જૈન શ્વે.મૂ. સંઘના પૂર્વ પ્રમુખ છે. તેઓશ્રી ઘાટકોપરની શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળાના મે. ટ્રસ્ટી છે. ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન (મુંબઇ)ના ૨૭ વર્ષ મેનેજિંગ ટ્રસ્ટી તરીકે તેમણે સુંદર સેવા આપી છે. અન્ય અનેક સંસ્થાઓમાં તેમનું મોટું યોગદાન છે.

**શ્રી સુબોધભાઇ ભગવાનજી ઝવેરી** એક સેવાપરાયણ પ્રતિભા છે. તેઓશ્રી નમિનાથ જિનાલય (પાયધૂની)ના ટ્રસ્ટી તરીકે સુંદર સેવા આપે છે. મુંબઇની જીવદયા મંડળીના ટ્રસ્ટી અને મંત્રી તરીકે તેમની સેવા સરાહનીય છે. **'નવકાર પ્રભાવ ગ્રંથ'** ના ચારેય કવરપેજના શ્રુત ઉપાસક દાતાઓનો ઉદાત્ત સહયોગ તેમણે મેળવી આપ્યો છે.

**શ્રી રમેશભાઇ લાલજીભાઇ સોની** બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠિ પરિવારના માનદ્ મંત્રી છે. તેઓ ક.વિ.ઓ. સ્થા. જૈન મહાજન (મુંબઇ), લાયન્સ ક્લબ ઓફ માંડવી (ઇસ્ટ), જૈન જાગૃતિ સેન્ટર (તારદેવ) જેવી અનેક સંસ્થાઓમાં સક્રિય સેવા આપી રહ્યા છે. શ્રી ધણીબાવાના તેઓ પરમ ભક્ત છે અને મુંબઇમાં પ્રતિવર્ષ તેમના નેતૃત્વ હેઠળ શ્રી ધણીબાવાની સામૂહિક પહેડીનું સુંદર આયોજન થાય છે. નવકાર મંત્રના ઉપાસક **બહેનશ્રી હંસાબેન રમેશભાઇ મહેતા (નવી મુંબઇ)** ના પણ આ તકે અમે ખાસ આભારી છીએ. **'નવકાર પ્રભાવ ગ્રંથ'**ના **પ્રથમ શ્રુત શુભેચ્છક** થવાનું માન તેમના ફાળે જાય છે. આ ગ્રંથ માટે તેમનો અત્યંત ઉદારદિલ સહયોગ મળ્યો છે તે બદલ અને તેમના અત્યંત ઋણી છીએ.

**'નવકાર પ્રભાવ ગ્રંથ'**ના સર્વ શ્રુત ઉપાસકો, શ્રુત શુભેચ્છકો, સર્વ નવકાર આરાધકો અને આ પ્રકાશન કાર્યમાં ઉપયોગી થનાર સર્વ નામી-અનામી વ્યક્તિઓના આ તકે અમે અત્યંત આભારી છીએ.

**-ચીમનલાલ કલાધર**

### શ્રુત શુભેચ્છક

**એક શ્રાવિકા બહેન તરફથી** (વાશી, નવી મુંબઇ)